પંડિત શ્રી દીપચંદજી કાસલીવાલ કૃત

# ભાવદીપિકા




: ભાષાનુવાદ :
ભરત શાંતિલાલ શાહ,
ઘાટકોપર-મુંબઈ

: પ્રકાશક :
**શ્રી કુંદકુંદ કહાન પારમાર્થિક ટ્રસ્ટ**
વિલેપાર્લા (વેસ્ટ) મુંબઈ-૪૦૦૦૫૬

ॐ

श्री वीतरागाय नमः

પંડિત શ્રી દીપચંદજી કાસલીવાલ કૃત

શ્રી

# ભાવદીપિકા

## (ગુજરાતી ભાષાંતર)

卐

: ભાષાંતરકાર :

ભરત શાંતિલાલ શાહ
ઘાટકોપર/સોનગઢ

卐

: પ્રકાશક :
શ્રી કુંદકુંદ કહાન પારમાર્થિક ટ્રસ્ટ
વિલેપાર્લા (વેસ્ટ) મુંબઈ-૪૦૦૦૫૬

# પ્રસ્તાવના

સ્વાનુભૂતિ યુગપ્રવર્તક, યુગપુરુષ પરમ પૂજ્ય કહાનગુરુદેવ તથા સ્વાનુભવ વિભૂષિત પૂજ્ય ભગવતી બહેનશ્રી ચંપાબેનના સમકાલીન એવા ભાગ્યશાળી ભક્તો સાક્ષી છે કે આ બંને જ્ઞાનીઓના મહાન પ્રભાવના યોગબળે આ પંચમકાળને જાણે ચોથાકાળમાં પરિવર્તિત કર્યો ન હોય!

શ્રી સીમંધરસ્વામીના ૐકારના ધ્વનિને શ્રી કુંદકુંદાચાર્યે સાક્ષાત્ ઝીલીને સમયસારાદિ પરમાગમોના આપેલ ભેટણાં તથા શ્રી મહાવીર ભગવાનની શાસન પરંપરાથી મળેલ દિગંબર સત્-શાસ્ત્રોમાંથી નિજ-જ્ઞાયક-શુદ્ધાત્માના ઊંડા-ગહન રહસ્યો ખોલીને વાણી દ્વારા ૪૫ વર્ષો સુધી પૂજ્ય ગુરુદેવશ્રીએ નિષ્કારણ કરુણાથી પરમ ઉપકાર કર્યો છે. જેનો ગુંજારવ આજે પણ સાધનાભૂમિ સુવર્ણપુરીમાં ગુંજી રહ્યો છે.

આમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રેરક ઉપદેશયોગે, ઘણા શાસ્ત્રોનો મૂળ સંસ્કૃત-પ્રાકૃતમાંથી હિંદીમાં તથા ગુજરાતીમાં અનુવાદ થયો અને હજી કોઈ બાકી રહી ગયા છે, તેમાંનું આ ભાવદીપિકા ગ્રંથ (કર્તા : પૂજ્ય દીપચંદજી કાસલીવાલ)નો ગુજરાતીમાં અનુવાદ રજૂ કરતાં આનંદ અનુભવીએ છીએ.

શ્રી દીપચંદજીએ ઘણા અધ્યાત્મગ્રંથોની રચના કરી છે. જેમાં ચિદ્‌વિલાસ, અનુભવપ્રકાશ, આત્મઅવલોકન, અધ્યાત્મપંચસંગ્રહ, ભાવદીપિકા વિ. છે. પૂજ્ય ગુરુદેવશ્રી સભામાં વ્યાખ્યાન સમયે શ્રીમાન દીપચંદજીનો તથા તેમના ગ્રંથોનો વારંવાર ભાવપૂર્વક આધાર આપતાં હતાં અને કહેતાં હતાં કે ''પંડિતજી એમ લખી ગયા છે કે હમણાં મારી વાત ભલે કોઈ સાંભળતું નથી, સમજતું નથી, તેથી લખીને જાઉં છું, જેની હોનહાર ભલી હશે, તે વાંચીને સમજશે.''

તેમનાં સર્વ ગ્રંથોમાં શુદ્ધાત્માનુભૂતિની સ્પષ્ટ ઝલક જણાઈ આવે છે. ટૂંકા-ટૂંકા ગ્રંથોમાં અદ્‌ભૂત રીતે આત્માનુભવની કળાના રહસ્યો ભરી દીધા છે. આ ''ભાવદીપિકા'' ગ્રંથમાં જીવનાં પાંચ અસાધારણ ભાવો સંબંધી એટલું સુંદર, ભાવવાહી, વિસ્તૃત—વિશદ્ વર્ણન છે જે અભ્યાસુને ખૂબ જ ઉપયોગી પ્રતીત થશે.

આ ગુજરાતી અનુવાદ, હિંદી ભાવદીપિકા—જે દર્શન પ્રકાશન, મલાડ તરફથી બહાર પડેલ છે તેના આધારે કરવામાં આવ્યો છે. અનુમતિ બદલ શ્રી અશ્વિનભાઈ શાહનો અત્યંત આભાર વ્યક્ત કરીએ છીએ. આ પુસ્તકમાં કરણાનુયોગનો વિષય ઘણો વર્ણવ્યો છે, તથા તે સંબંધી આ ગુજરાતી પ્રતમાં જે કાંઈ સુધારા-વધારા કરવામાં આવ્યા છે, તે સમ્યગ્જ્ઞાન ચંદ્રિકા (લબ્ધિસાર, ક્ષપણાસાર) હિંદી પુસ્તકના આધારે તથા આગમના અભ્યાસુ મુમુક્ષુઓ સાથેની તત્ત્વચર્ચાને આધારે કરવામાં આવ્યા છે.

છતાં પણ કોઈ ભાષાંતરની ક્ષતિ કે સૈદ્ધાંતિક ક્ષતિ થઈ હોય તો અધિક અભ્યાસુ વર્ગને ખાસ અનુગ્રહપૂર્વક ધ્યાન ખેંચવાની વિનંતી કરીએ છીએ.

આ ગ્રંથના અભ્યાસબળે, આત્માઓ પરમપારિણામિકભાવના આશ્રયના બળે, ઔદયિકભાવ, ઔપશમિકભાવ, ક્ષાયોપશમિકભાવનો પૂર્ણ નાશ કરી, પૂર્ણ ક્ષાયિકભાવને પ્રગટાવીને, ફળસ્વરૂપે સાદિ અનંતસ્વરૂપ એવા સિદ્ધપદને પ્રાપ્ત કરો—એ જ શુભ મંગલ અભ્યર્થના !!

**અનુવાદક**
**ભરત શાંતિલાલ શાહ**
**ઘાટકોપર, મુંબઈ**

# અનુક્રમણિકા


**૧ સામાન્ય અધિકાર ........ ૧**

**૨ પારિણામિકભાવ અધિકાર ........ ૬**

**૩ કર્માધિકાર ........ ૧૦**

**૪ ઔદયિક ભાવાધિકાર ........ ૨૨**

(૧) ગતિભાવ અંતરાધિકાર ........ ૨૨

(૨) મિથ્યાત્વભાવ અંતરાધિકાર ........ ૨૭

(૩) કષાયભાવ અંતરાધિકાર ........ ૪૬

(૪) લેશ્યાભાવ અંતરાધિકાર ........ ૬૫

(૫) વેદભાવ અંતરાધિકાર ........ ૮૨

(૬) અસંયમભાવ અન્તરાધિકાર ........ ૮૪

(૭) અજ્ઞાનભાવ અન્તરાધિકાર ........ ૮૬

(૮) અસિદ્ધભાવ અન્તરાધિકાર ........ ૮૭

**૫ ક્ષાયોપશમિક ભાવાધિકાર ........ ૮૮**

(૧) કુજ્ઞાન અન્તરાધિકાર ........ ૯૦

(૨) સુજ્ઞાન અન્તરાધિકાર ........ ૯૩

(૩) ક્ષાયોપશમિક દર્શનભાવ અન્તરાધિકાર ........ ૧૧૧

(૪) પાંચ ક્ષાયોપશમિક લબ્ધિભાવ અન્તરાધિકાર ........ ૧૧૩

(૫) ક્ષાયોપશમિક સમ્યક્ત્વભાવ અન્તરાધિકાર ........ ૧૧૫

(૬) દેશવિરત સંયમાસંયમ ભાવ અન્તરાધિકાર ........ ૧૨૯

(૭) ક્ષાયોપશમિક ચારિત્ર ભાવાન્તરાધિકાર ........ ૧૩૯

**૬ ઔપશમિક ભાવાધિકાર ........ ૧૬૭**

(૧) ઔપશમિક સમ્યક્ત્વ ભાવાન્તરાધિકાર ........ ૧૬૭

(૨) ઔપશમિક ચારિત્ર ભાવાન્તરાધિકાર ........ ૧૭૬

**૭ ક્ષાયિક ભાવાધિકાર ........ ૧૮૦**

(૧) ક્ષાયિક સમ્યક્ત્વભાવ અંતરાધિકાર ........ ૧૮૦

(૨) ક્ષાયિક ચારિત્રભાવ અંતરાધિકાર ........ ૧૮૪

**૮ ચૂલિકા અધિકાર ........ ૨૦૦**

ૐ

॥ નમઃ સિદ્ધેભ્યઃ ॥

પંડિત દીપચંદજી કાસલીવાલની કૃતિ

# ભાવ-દીપિકા

## ૧

## સામાન્ય અધિકાર

મંગલાચરણ

(દોહા)

સ્વ-પર ભાવ[1] વિભાવ કા, જ્ઞાતા સમ્યક્‌જ્ઞાન।
ઐસે સમ્યક્‌જ્ઞાન કો, નમૂઁ ચિત્ત ધરિ ધ્યાન ॥૧॥

ઉસકે ધારક પંચ ગુરુ, અરહંત સિદ્ધ અરુ સૂર।
ઉપાધ્યાય સબ સાધુ પદ, નમત હોય અઘ ચૂર ॥૨॥

નમૂં વીર જિન જગતગુરુ, ગણધર ગૌતમ ધીર।
જિન દરસાયે તત્ત્વ સબ, સ્વપરભાવ યુત વીર ॥૩॥

સપ્ત તત્ત્વ મેં જીવ હી, સુખ, દુઃખ વેદનહાર।
બાકી તત્ત્વ જડ ભાવ છે, જ્ઞાન સહિત જિયસાર ॥૪॥

જીવ ભાવ ત્રેપન કહે, પાંચ ભાવ સામાન્ય।
ઉનકા વર્ણન કરત યે, ભાવદીપ શ્રુત જાન ॥૫॥

૧. સ્વભાવ-પરભાવ

સમસ્ત તત્ત્વોના જ્ઞાતા સર્વજ્ઞ અને સર્વદર્શી એવા શ્રી વર્ધમાન અંતિમ તીર્થંકર, તેમના દ્વારા દર્શાવવામાં આવેલ અને તેમના જ અનુસાર કથન કરવાવાળાં, ચાર જ્ઞાનના ધારક, સાત ઋદ્ધિઓ યુક્ત એવા શ્રી ગૌતમ ગણધર દ્વારા કહેવામાં આવેલ, જીવના સામાન્ય અપેક્ષા પાંચ ભાવ અને વિશેષ અપેક્ષા ત્રેપન ભાવ

તથા તેમના પણ વિશેષ અનેક ભાવ છે. તે ભાવોનું હું શ્રી તીર્થંકર દેવ, તેમજ શ્રી ગણધર દેવના ચરણોમાં નમસ્કાર કરીને, તેમણે કહ્યા અનુસાર સંક્ષેપમાં થોડું વર્ણન કરીશ, જેનાથી જીવને પોતાના ભાવોની તેમજ પરભાવોની ઓળખાણ થાય અને પોતાને પરભાવોથી ભિન્ન જાણીને છોડાવે.

નિજભાવ બે પ્રકારના છે—એક સ્વભાવભાવ, બીજો વિભાવભાવ. જ્યારે તેમની પરખ થશે, ત્યારે જ જીવ વિભાવ-ભાવને છોડીને સ્વભાવ-ભાવને પ્રાપ્ત કરશે. ત્યારે જ પૂર્વકલ્યાણરૂપ મોક્ષની સિદ્ધિ થશે. સંસારરૂપી દુઃખ સમુદ્રથી નીકળવાનો ઉપાય સ્વભાવ વિભાવ અને પરભાવોને જાણવા તે જ છે.

ભગવાન દ્વારા પ્રરૂપિત જે સાત તત્ત્વ (જીવતત્ત્વ અજીવતત્ત્વ, આસ્રવતત્ત્વ, બંધતત્ત્વ, સંવરતત્ત્વ, નિર્જરાતત્ત્વ તથા મોક્ષતત્ત્વ) છે. જેમાં ચેતનાસ્વરૂપ **જીવતત્ત્વ** છે, તેને સ્વ જાણીને "આ જીવતત્ત્વ જ હું છું," તેમ માનવું તથા ચેતના રહિત **અજીવતત્ત્વ** છે, તેને જાણીને શરીરાદિને પોતાથી ભિન્ન તથા પર માનવા.

**આસ્રવતત્ત્વ** બે પ્રકારનાં છે. એક ભાવાસ્રવ, બીજું દ્રવ્યાસ્રવ. તેમાં મિથ્યાત્વ અને કષાયરૂપ ભાવ, જો કે જીવના પરિણામ છે. તેમને ભાવાસ્રવ જાણવા તથા એ દર્શનમોહ તથા ચારિત્રમોહના ઉદયથી થાય છે; એટલે વિભાવભાવ છે. તથા જીવના રાગાદિ કષાયભાવોનું નિમિત્ત પામીને પૌદ્ગલિક કર્મવર્ગણાઓનું કર્મરૂપ શક્તિને ધારણ કરીને યોગના માધ્યમથી આવવું, તે દ્રવ્યાસ્રવ છે. બંનેને હેય જાણીને, તેનો અભાવ કરવો.

**બંધતત્ત્વ** પણ બે પ્રકારનું છે—એક ભાવબંધ, બીજો દ્રવ્ય-બંધ. તેમાં ભાવબંધ તો આત્માના રાગાદિરૂપ સચિક્કણભાવ, તેને તો વિભાવભાવ જાણવો અને જે યોગના માધ્યમથી આવેલ કર્મવર્ગણાઓ, તેમનો પ્રકૃતિ-પ્રદેશ-સ્થિતિ-અનુભાગરૂપ ચાર પ્રકારના બંધભાવને ધારણ કરીને આત્માનાં પ્રદેશોથી એકક્ષેત્રાવગાહરૂપ સંબંધ થવો, તેને દ્રવ્ય-બંધ કહે છે. તેઓને પૌદ્ગલિક પરભાવ જાણવો. આ બંને બંધને અહિતરૂપ જાણીને અભાવ કરવો.

**સંવરતત્ત્વ** પણ બે પ્રકારનું છે. એક ભાવસંવર, બીજું દ્રવ્યસંવર. તેમાં પણ પ્રથમ રાગાદિભાવોનો નિરોધ-અટકાવ તે ભાવસંવર છે અને રાગાદિનો નિરોધ થવાથી કર્માસ્રવનો નિરોધ થવો-અટકી જવું તે દ્રવ્યસંવર છે. જેટલા સમય સુધી ભાવસંવર થાય છે, તેટલા જ

સમય સુધી દ્રવ્યસંવર થાય છે. ભાવસંવર સ્વભાવભાવ છે અને દ્રવ્યસંવર પરભાવ છે.

**નિર્જરાતત્ત્વ**નાં પણ બે પ્રકાર છે. એક ભાવનિર્જરા–બીજી દ્રવ્યનિર્જરા. તેમાં પણ પ્રથમ તો, રાગાદિકના અવિભાગ પ્રતિચ્છેદ ક્ષીણ થવાં તે ભાવનિર્જરા છે અને જ્ઞાનાવરણાદિ કર્મોનું પ્રતિસમય કર્મરૂપ શક્તિને છોડીને જીવનાં પ્રદેશોથી પૃથક્ થતાં જવું તે દ્રવ્યનિર્જરા છે–જેનાં બે ભેદ છે. એક સવિપાક નિર્જરા, બીજી અવિપાક નિર્જરા. પોતાની સ્થિતિ પૂરી કરીને કર્મોનું પ્રતિસમય ઉદયમાં આવીને, ફળ આપીને કર્મરૂપ શક્તિને ઘટાડીને જીવના પ્રદેશોથી છૂટા પડવું તે સવિપાક નિર્જરા છે. સમ્યક્ત્વ, ચારિત્ર તથા તપનાં બળથી પ્રતિસમય અસંખ્યાત સમયપ્રબદ્ધની ફળ દીધાં વિનાં જ જે ગુણશ્રેણી નિર્જરા થાય છે તે અવિપાક નિર્જરા કહેવાય છે. સવિપાક નિર્જરા તો સર્વ સંસારી જીવોને હોય છે અને અવિપાક નિર્જરા સમ્યગ્દર્શનાદિકને કારણે સમ્યગ્દષ્ટિ જીવોને જ હોય છે. માટે સંવર અને નિર્જરાને હિતના કારણ જાણીને, ગ્રહણ (પ્રાપ્ત) કરવા.

**મોક્ષ**નાં પણ બે પ્રકાર છે–એક ભાવમોક્ષ, બીજો દ્રવ્ય મોક્ષ. તેમાં પ્રથમ તો જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય, અંતરાય—આ ચાર ઘાતિ કર્મોનો અભાવ થવાથી અનંત ચતુષ્ટય પ્રગટ થતાં, અરહંતપદની પ્રાપ્તિ થાય છે–તે ભાવમોક્ષ છે તથા સર્વકર્મોથી મુક્ત થઈને સર્વ પરદ્રવ્યોથી રહિત થઈ જવું અને આત્માનું સિદ્ધક્ષેત્રમાં બિરાજમાન થવું, તે દ્રવ્યમોક્ષ છે. આથી મોક્ષતત્ત્વને પોતાનું પરમ હિતકારી જાણવું.

આ પ્રમાણે આ સાત તત્ત્વો કહ્યાં, તેમાં જીવતત્ત્વ તો સ્વયં છે–એમ જાણવું અને અજીવતત્ત્વ પર છે–એમ જાણવું, શેષ પાંચ તત્ત્વ સ્વભાવ, પરભાવ અને વિભાવભાવ જાણવા માટે કહ્યાં છે; આમ જાણીને સ્વભાવને ગ્રહણ કરવો અને પરભાવ તેમજ વિભાવભાવોને છોડવા. જો જીવ-અજીવ આ બે સામાન્ય તત્ત્વોને જાણીને સ્વ અને પરનું જ્ઞાન કરીને સંતુષ્ટ થઈ જાય, પરંતુ જીવ-અજીવના જે આસ્રવાદિ પાંચ વિશેષભાવ–તત્ત્વોને ન જાણે, તેમના ત્યાગ–ગ્રહણ ન કરે તો માત્ર સામાન્ય તત્ત્વને જાણી લેવાથી કાંઈપણ કાર્યસિદ્ધિ થતી નથી. માટે તેમના ભાવોને જાણવા જ કાર્યકારી છે. આ ગ્રંથ ભાવોનો પ્રકાશક છે, એટલે તેનું નામ ભાવદીપિકા સાર્થક છે. આગળ તે ભાવોનું કથન કરીએ છીએ.

### પાંચભાવોનું નિરૂપણ :

જીવનાં સામાન્ય ભાવ તો પાંચ છે–(૧) પારિણામિક (૨) ઔદયિક, (૩) ક્ષાયોપશમિક, (૪) ઔપશમિક (૫) ક્ષાયિક.

જેમાં કર્મોની કોઈપણ અપેક્ષા નથી, એવા સ્વકીય અન્વયી પરમભાવ અનાદિ-અનંત જીવનું જે નિજસ્વરૂપ છે, તેને **પારિણામિક ભાવ** કહે છે.

તથા કર્મોનો ઉદય જ છે કારણ જેમાં, તેનાથી ઉત્પન્ન જે જીવનો ભાવ, તેને **ઔદયિકભાવ** કહે છે. જીવના ગુણોના ઘાતક-પ્રતિપક્ષી કર્મોનો ક્ષયોપશમ થતાં, આત્મામાં જે એક દેશગુણોનું પ્રગટવું થાય છે તેને **ક્ષાયોપશમિક ભાવ** કહે છે.

જ્યાં ગુણોના પ્રતિપક્ષી કર્મનો સર્વઘાતી સ્પર્દ્ધકોના ઉદયનો તો અભાવ થાય છે અને તેના જે ભવિષ્યમાં ઉદયમાં આવવાયોગ્ય જે કર્મ સત્તામાં છે, તે કર્મોનું ઉપશમકરણ થાય છે; જેની ઉદીરણા તો થાય છે પણ જે ઉદયમાં નથી આવતા તથા ગુણોના પ્રતિપક્ષી કર્મના દેશઘાતી સ્પર્ધકોનો ઉદય હોય છે. આમ થતાં જે ગુણ પ્રગટ થાય છે, તેને **ક્ષાયોપશમિક ભાવ** કહે છે.

જીવના ગુણોના ઘાતક પ્રતિપક્ષી કર્મોના ઉદયનો અભાવ થવાથી જીવમાં જે ગુણ પ્રગટ થાય છે, તેને **ઔપશમિકભાવ** કહે છે.

જીવના ગુણોના ઘાતક પ્રતિપક્ષી કર્મોનો ક્ષય થતાં, જીવમાં જે ગુણ પ્રગટ થાય છે, તેને **ક્ષાયિકભાવ** કહે છે.

—આ પ્રમાણે આ પાંચ સામાન્યભાવ જાણવા.

હવે આ પાંચ ભાવોના વિશેષ ત્રેપન ભાવ કહીએ છીએ.

**પારિણામિકભાવના ત્રણ ભેદ** — જીવત્વ, ભવ્યત્વ, અભવ્યત્વ

**ઔદયિકભાવના ૨૧ ભેદ** — ૪ ગતિ, ૪ કષાય, ૩ વેદ, ૬ લેશ્યા, મિથ્યાત્વ, અજ્ઞાન, અસંયમ અને અસિદ્ધત્વ—આ રીતે ૨૧ ભેદ થયા.

**ક્ષાયોપશમિકભાવના ૧૮ ભેદ** — ૧૦ ઉપયોગ (કુમતિજ્ઞાન, કુશ્રુતજ્ઞાન, કુઅવધિજ્ઞાન—ત્રણ કુજ્ઞાન અને ચાર સુજ્ઞાન–મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અને ત્રણ દર્શન–ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન), પાંચ ક્ષાયોપશમિક લબ્ધિ–દાન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્ય, ક્ષાયોપશમિક સમ્યક્ત્વ, ક્ષાયોપશમિક ચારિત્ર, દેશસંયમ—આમ આ અઢાર ભેદ થયા.

**ઔપશમિકભાવના ૨ ભેદ** —ઔપશમિક સમ્યક્ત્વ અને ઔપશમિક ચારિત્ર.

**ક્ષાયિકભાવના નવ ભેદ** – કેવલદર્શન, કેવલજ્ઞાન, ક્ષાયિક સમ્યક્ત્વ, ક્ષાયિક ચારિત્ર, પાંચ ક્ષાયિક લબ્ધિઓ – દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય, આ નવ ભેદ થયાં. આ પ્રમાણે ૫૩ (ત્રેપન) વિશેષભાવ થાય છે.

તથા તેમના પણ વિશેષ અનેક ભાવ છે. જે અસંખ્યાત લોકપ્રમાણ છે અને તે જીવના સ્વભાવ છે. તેમનાં સિવાય અન્ય બધા પરભાવ છે.

પરભાવ કેવા છે? તે કહીએ છીએ–

તેમાં પ્રથમ પુદ્‌ગલના ભાવ કહીએ છીએ–સ્પર્શ, રસ, ગંધ, વર્ણ–આ ચાર તો પુદ્‌ગલનાં મૂળ ગુણ છે. તેના ઉત્તરભેદ વીસ છે. સ્પર્શના ૮, રસનાં ૫, ગંધના ૨, વર્ણના ૫. આ બધા પુદ્‌ગલનાં શક્તિરૂપ ગુણ છે. ગુણોનું જે પરિણમન અર્થાત્‌ અવસ્થારૂપ થવું તે પર્યાય છે. સ્પર્શગુણને કારણે પુદ્‌ગલ દ્રવ્ય આઠ પ્રકારથી પરિણમન કરે છે. (૧) શીતળ, (૨) ઉષ્ણ, (૩) સ્નિગ્ધ (૪) રુક્ષ (૫) કોમળ (૬) કઠોર (૭) હલકો (૮) ભારે. રસગુણના કારણે પુદ્‌ગલ દ્રવ્ય પાંચ પ્રકારથી પરિણમે છે (૧) કડવો (૨) મીઠો (૩) તીખો (૪) તૂરો (૫) ખાટો. વીર્યગુણને કારણ પુદ્‌ગલ દ્રવ્ય પાંચ પ્રકારથી પરિણમે છે. (૧) શુક્લ (૨) કૃષ્ણ (૩) પીળો (૪) લાલ (૫) લીલો. ગંધ ગુણને કારણ પુદ્‌ગલ દ્રવ્ય બે પ્રકારથી પરિણમે છે. (૧) સુગંધ (૨) દુર્ગંધ. આ વીસ પ્રકારનાં તો સ્વભાવ પર્યાયરૂપ ભાવ છે અને (૧) શબ્દ (૨) બંધ (૩) સૂક્ષ્મ (૪) સ્થૂળ (૫) સંસ્થાન (૬) ભેદ (૭) અંધકાર (૮) છાયા (૯) તાપ (૧૦) પ્રકાશ—આ દસ તેમનાં વિશેષ છે. તેઓ વિભાવભાવ છે. કારણ કે શબ્દાદિ દસ પર્યાયો સ્કન્ધમાં જ જોવામાં આવે છે, એકલા પરમાણુમાં નથી હોતી.

ધર્મદ્રવ્યનો ગતિહેતુત્વાદિ, અધર્મદ્રવ્યનો સ્થિતિ હેતુત્વાદિ, કાળદ્રવ્યનો વર્તનાહેતુત્વાદિ, આકાશદ્રવ્યનો અવગાહનહેતુત્વાદિ ઇત્યાદિ—આ બધા પરભાવ છે. તેઓને પોતાના સ્વભાવ ન જાણવા તથા જે જીવનાં ત્રેપન ભાવ કહ્યાં છે, તેમને નિજભાવ જાણવા. તેઓમાંના વિભાવ-ભાવોને તો હેય જાણવા. કારણ કે તેઓ સંસારના કારણ છે.

વિભાવ-ભાવને (હેય જાણીને) ત્યાગ કરવો અને સ્વભાવભાવને ઉપાદેય જાણીને તેમને ગ્રહણ કરવા, તેઓ વડે શુદ્ધભાવોની સિદ્ધિ કરવી જોઈએ. હવે સ્વભાવ-ભાવ, વિભાવ-ભાવ અને શુદ્ધભાવ–તેમનું સ્વરૂપ, તેમની પ્રવૃત્તિ, તેમના સ્વામી, તેમના ફળ ઇત્યાદિનું વર્ણન કરીએ છીએ.

આમ શ્રી ભાવદીપિકા ગ્રંથમાં પ્રથમ સામાન્ય અધિકાર સમાપ્ત થયો.

# ૨ પારિણામિકભાવ અધિકાર

મંગલાચરણ

(દોહા)

વંદુ વીર જિનેન્દ્ર કો, સકલ સિદ્ધિ દાતાર।
ભાવ-પારિણામિક કહૂઁ, રચના ભેદ પ્રકાર॥

પ્રથમ પારિણામિકભાવનું નિરૂપણ કરીએ છીએ. વસ્તુનો કર્માદિની અપેક્ષા રહિત જે નિજભાવ છે, તે પારિણામિકભાવ કહેવાય છે. તેના ત્રણ ભેદ છે—જીવત્વ, ભવ્યત્વ, અભવ્યત્વ.

**જીવત્વભાવ :—**

અહીં પ્રથમ જીવત્વભાવનું નિરૂપણ કરીએ છીએ. જીવત્વભાવ અર્થાત્ ચેતનાભાવ. જ્ઞાનભાવ અર્થાત્ જાણનરૂપ ભાવ. સામાન્યથી જાણવું, જાણવું તે જીવનું સ્વરૂપ છે, અન્વયી (સાથે રહેવાવાળો) ભાવ છે. ચેતના વિના ત્રણ કાળમાં પણ જીવ નથી હોતો અને જીવ વિના ચેતના નથી હોતી. વળી, તે કર્મજન્ય પણ નથી, વસ્તુનો સ્વભાવ છે. વળી કેવો છે ચેતનાભાવ? સ્વ-પર પ્રકાશક છે, પોતાને પણ જાણે છે અને પરને પણ જાણે છે. વળી કેવો છે ચેતનાભાવ? શાશ્વત (સદા રહેવાવાળો) છે, તેનો કોઈપણ કાળે અભાવ નથી થતો. વળી કેવો છે જ્ઞાનભાવ? જીવનું સ્વરૂપ છે, જીવની ઓળખાણ કરાવનાર છે. તે અન્ય દ્રવ્યોમાં નથી જોવામાં આવતો, આવો અસમાન અર્થાત્ અસાધારણ ગુણ છે. જે બધા દ્રવ્યોમાં જોવામાં આવે તેને સાધારણ કહે છે. આ જ્ઞાનભાવ અન્ય કોઈપણ દ્રવ્યમાં નથી. વળી કેવો છે જ્ઞાનભાવ? જીવનો પ્રાણ છે; એટલે જ જીવને પ્રાણી કહે છે. વળી કેવો છે ચેતનાભાવ? બધી અવસ્થાઓમાં વ્યાપક છે, સંસારદશા તથા સિદ્ધદશા, બધી જ દશાઓમાં જોવામાં આવે છે.

તે ચેતનાભાવ બે પ્રકારનો છે. સામાન્ય ચેતના અને વિશેષ ચેતના. સામાન્ય વસ્તુને જાણે, તે સામાન્ય ચેતના અને વસ્તુને વિશેષો સહિત જાણે, તે વિશેષ ચેતના છે. તેમાં જે સ્વ-

પરનું સામાન્ય-વિશેષરૂપ જાણવું માત્ર છે, તે શુદ્ધ ચેતના કહેવાય છે અને પર નિમિત્તને મેળવીને જે રાગ-દ્વેષાદિ સહિત જાણવું, તે અશુદ્ધ ચેતના છે. કર્મનું નિમિત્ત પામીને રાગાદિરૂપ પરિણમેલી તે ચેતના પણ ચેતનાભાવની પોતાની ઉપાદાન શક્તિ છે, કર્મજન્ય નહીં. જો તેનામાં રાગાદિરૂપ પરિણમનની ઉપાદાન શક્તિ ન હોત તો, કર્મોના નિમિત્તથી પણ રાગાદિરૂપ ન પરિણમત.

જેમકે, સ્ફટિકમણિનો શુદ્ધ સ્વભાવ શુક્લ છે, તે પારિણામિકભાવ છે, કોઈ કર્મજન્મ ભાવ નથી. તે બંને પ્રકારની શક્તિયુક્ત છે, શુદ્ધભાવરૂપે પણ પરિણમે છે અને લીલા, પીળા, કાળાદિ ડંકનું નિમિત્ત પામીને લીલા, પીળાદિ (અશુદ્ધભાવ)રૂપે પણ પરિણમે છે. જો તેનામાં પરિણમનરૂપ ઉપાદાન શક્તિ ન હોત તો ડંકનું નિમિત્ત પામીને લીલા, પીળાદિરૂપ પણ ન પરિણમત, અન્ય પાષાણાદિની જેમ. અન્ય પાષાણાદિમાં ઉપાદાન શક્તિ નથી. એટલે એઓ ડંકનું નિમિત્ત મળવા છતાં પણ લીલા-પીળાદિરૂપ નથી પરિણમતાં. આમ, બાહ્ય નિમિત્ત કારણ તો પરિણમતા થકાને પરિણમનમાં અને નહીં પરિણમતા થકાને, નહીં પરિણમનમાં નિમિત્તમાત્ર છે. આ પ્રમાણે જીવમાં કર્મનું નિમિત્ત મળતાં રાગાદિરૂપ પરિણમન કરવાની સ્વયં શક્તિ છે. એટલે પરિણમે છે.

તે શક્તિના માહાત્મ્યથી કર્મના નિમિત્તે આ જીવ રાગી-દ્વેષી થઈ અશુદ્ધ ચેતનાભાવને પ્રાપ્ત થયો છે. શુદ્ધ ચેતનાભાવ જે જ્ઞાતા-દૃષ્ટાભાવ, તેને ન સંભાળી શકવાથી તેને ભૂલી રહ્યો છે. આ કારણે સંસારી છે, સંસારમાં ભ્રમણ કરતો અનાદિકાળથી દુઃખી છે, કોઈ શરણ નથી. આ ઘોર સંસારમાં પોતાના સ્વરૂપથી સર્વજીવ ચ્યુત થયા છે, તેમનામાંથી કોઈ મહાભાગ્યવાન જીવને કાળલબ્ધિવશ, જિનધર્મના ધારક જે અરહંતાદિનું શરણ મળે તો તેઓ તેના (અનાદિથી) છૂટી ગયેલ પરમશુદ્ધ જીવત્વભાવ અર્થાત્ ચેતનાભાવ, તે શુદ્ધભાવમાં તેને સ્થાપિત કરે છે. પોતાના સ્વરૂપમાં લાવે છે. (તાત્પર્ય એ છે કે તે (જીવ) એઓનાં સદુપદેશથી પોતાના સ્વરૂપથી ચ્યુત ચેતનાભાવને સ્વરૂપમાં સ્થાપિત કરે છે.) ત્યારે આ સંસારથી છૂટીને સુખી થાય છે. માટે જૈનધર્મનું શરણ ગ્રહણ કરી પોતાના જીવત્વભાવને જાણવો, શ્રધ્ધા કરવી અને તે જ ગ્રહણ કરવા યોગ્ય છે. જીવત્વ પારિણામિકભાવ બતાવવાનું આ જ તાત્પર્ય છે. આ જીવત્વભાવનું નિરૂપણ થયું.

**આવા જીવત્વભાવને ધારણ કરવાથી જ તેનું નામ જીવ કહેવામાં આવ્યું છે.**

અશુદ્ધ જીવત્વ પારિણામિકભાવ તો ચતુર્ગતિરૂપ સંસારનું કારણ છે તથા વર્તમાન સાંસારિક સુખ-દુઃખનું કારણ છે. શુદ્ધ જીવત્વ પારિણામિકભાવ વર્તમાનમાં સુખનું કારણ છે અને આગામીકાળમાં મોક્ષનું કારણ છે.

# ભવ્યત્વ-અભવ્યત્વ ભાવ

હવે ભવ્યત્વ-અભવ્યત્વ પારિણામિકભાવ કહીએ છીએ—જે ભાવ ભવ્યત્વરૂપ પરિણમનની યોગ્યતાવાળો છે, તેને ભવ્યત્વ ભાવ કહે છે અને જે ભાવ ભવ્યત્વરૂપ પરિણમનની યોગ્યતા રહિત છે, તેને અભવ્યત્વ ભાવ કહે છે (અથવા) ભવિષ્યકાળમાં જે ભાવ (ભવ્યત્વભાવ)ના પરિણમનનું બાહ્ય નિમિત્ત મળશે, તે ભાવરૂપ પરિણમશે, તેને ભવ્યત્વભાવ કહે છે અને જે ભાવના પરિણમનનું બાહ્ય નિમિત્ત મળવાં છતાં પણ તે ભાવરૂપે નહીં પરિણમે, તેને અભવ્યત્વભાવ કહે છે. આવું તેમનું સ્વરૂપ જાણવું.

જે જડરૂપ વર્ણાદિક પરભાવ છે તે રૂપે તો નિશ્ચયથી બધા જીવ, ન ભૂતકાળમાં પરિણમ્યા હતા, ન ભવિષ્યકાળે પરિણમશે અને ન વર્તમાનકાળે પરિણમે છે. માટે પરભાવરૂપે તો પરિણમવાની બધા જ જીવોમાં અયોગ્યતા છે, એટલે અભવ્યત્વ[1]ભાવ છે. અને જીવના જે ત્રેપન સ્વભાવ છે, તે ભાવોરૂપે ભવિષ્યકાળમાં નિમિત્ત મળતાં પરિણમશે, ભૂતકાળમાં પરિણમ્યો હતો અને વર્તમાનકાળે પરિણમી રહ્યો છે. તે તો તે જીવના ભવ્યત્વ[2]ભાવ છે અને ત્રેપનભાવોરૂપે ન પરિણમ્યો, નહીં પરિણમે અને નથી પરિણમી રહ્યો, તે જીવના અભવ્યત્વભાવ છે.

માટે ત્રેપનભાવોમાંથી અભવ્યત્વભાવ સિવાય બાકીના બાવન ભાવોના બાહ્ય નિમિત્ત કારણ મળવાથી પરિણમશે, તેઓને ભવ્યજીવ કહે છે અને ત્રેપનભાવોમાં એક ભવ્યત્વ પારિણામિકભાવ અને ક્ષાયોપશમિક ભાવોમાં મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અને અવધિદર્શન, ક્ષાયોપશમિક સમ્યક્ત્વ, ક્ષાયોપશમિક ચારિત્ર, દેશસંયમ—આ આઠ ભાવ અને બે ઔપશમિક (ઔપશમિક સમ્યક્ત્વ, ઔપશમિક ચારિત્ર) તેમજ નવ ક્ષાયિકભાવ—આ મોક્ષના કારણરૂપ વીસભાવોરૂપ બાહ્ય નિમિત્ત મળવા છતાં પણ નથી પરિણમતાં, તેઓને અભવ્યજીવ કહે છે. જેમકે કોરડાં મગનો દાણો સ્વભાવથી જ એવી શક્તિવાળો છે કે પાકવાના કારણ પાણી-અગ્નિ વિ. બાહ્ય નિમિત્ત મળવા છતાં પણ નથી પાકતા. તે જ રીતે અભવ્ય જીવ સ્વભાવથી જ એવી શક્તિવાળો છે કે મોક્ષના કારણ સમ્યક્ત્વાદિ વીસ ભાવ છે, તેમના કારણ દેવ, ગુરુ, ધર્માદિક મળવા છતાં પણ તે રૂપ કોઈ ક્ષેત્ર-કાળમાં ક્યારેય નહીં પરિણમે. આ અભવ્યજીવ છે.

માટે શાસ્ત્રોમાં એમ કહ્યું છે કે જે જીવ ભવિષ્યમાં સમ્યગ્દર્શનાદિરૂપ પરિણમશે તેઓ

---

૧. આલાપપદ્ધતિ, પત્ર ૨૭ (સૂત્ર-૧૦) દ્રવ્ય પૂર્વ પર્યાયરૂપથી અથવા પરદ્રવ્ય પર્યાયરૂપ કદાપિ નહીં પરિણમવાને યોગ્ય અભવ્ય સ્વભાવ

૨. (સૂત્ર ૯) દ્રવ્ય આગામી પર્યાયરૂપ પરિણમવાને યોગ્ય ભવ્ય સ્વભાવ છે.

ભવ્યજીવ છે અને જે ભવિષ્યમાં સમ્યગ્દર્શનાદિરૂપ ક્યારેય પણ નહીં પરિણમે તેઓને અભવ્ય કહે છે. એમનામાં જે ભવ્યત્વભાવ છે તે ચતુર્ગતિ સંસારનું કારણ છે અને મોક્ષનું પણ કારણ છે અને અભવ્યભાવ સંસારનું જ કારણ છે. સમ્યક્ત્વરૂપે પરિણમન કરીને જે સંસારથી પાર થશે તેઓ ભવ્યજીવ કહેવાય છે. એટલે અભવ્યને ક્યારેય પણ મોક્ષ પ્રાપ્ત નહીં થાય.

હવે આ ત્રણે પારિણામિકભાવ જે-જે ગુણસ્થાન અને માર્ગણાસ્થાનોમાં હોય છે તે બતાવીએ છીએ.

જીવત્વભાવ તો બધા ગુણસ્થાનોમાં, બધી માર્ગણાઓમાં તેમજ સિદ્ધભગવાન પર્યંત હોય છે. ભવ્યત્વભાવ પણ બધાયે ગુણસ્થાનો તેમજ બધી જ માર્ગણાઓમાં હોય છે અને અભવ્યત્વભાવ પ્રથમ ગુણસ્થાનમાં જ જોવા મળે છે તથા માર્ગણાઓમાં, **યોગમાર્ગણા**માં આહારકદ્વિક, **જ્ઞાનમાર્ગણા**માં મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવલજ્ઞાન આ પાંચ **સંયમ માર્ગણા**માં અસંયમ વિના છ સંયમ, **દર્શનમાર્ગણા**માં અવધિ અને કેવળ આ બે દર્શન, ભવ્ય અને સમ્યક્ત્વ માર્ગણામાં મિથ્યાત્વ વિના પાંચ સમ્યક્ત્વ—આ એકવીસ સ્થાનમાં (અભવ્યત્વભાવ) નથી જોવામાં આવતો, બાકીની બધી માર્ગણાઓમાં અભવ્યત્વભાવ હોય છે.

॥ આમ શ્રી ભાવદીપિકા ગ્રંથમાં દ્વિતીય પારિણામિક ભાવાધિકાર પૂર્ણ થયો. ॥

**3**

# કર્માધિકાર

મંગલાચરણ

(દોહા)

**કર્મ ભાવ સર્વ નાશકર, પ્રગટ કિયા નિજભાવ।**
**ઉનકે પદ નમિ વિધિ-કથન, કરૂઁ ચિત્ત ધર ચાવ॥**

હવે અહીં કર્માધિકાર લખીએ છીએ. હવે આ કહીશું કે જે પચાસ ભાવ છે, તે કર્મોની સાપેક્ષતાથી ઉત્પન્ન થયા છે, માટે થોડું વર્ણન કર્મોનું કરીએ છીએ.

સામાન્ય રીતે કર્મના મૂળભેદ આઠ છે અને ઉત્તરભેદ ૧૬૮ અથવા અસંખ્યાત લોકપ્રમાણ છે, તેમને કહીએ છીએ.

(૧) જીવનો વિશેષરૂપથી જાણવાવાળો જે જ્ઞાનભાવ, તેના પર આવરણ કરે, તેનો ઘાત કરે, અભાવ કરે **તે જ્ઞાનાવરણ કર્મ** છે. (૨) જીવનો સામાન્ય રીતે અવલોકવાવાળો જે દર્શનભાવ તેનો ઘાત કરે **તે દર્શનાવરણ કર્મ** છે. (૩) જીવના શ્રદ્ધા અને ચારિત્રગુણોનો ઘાત કરે **તે મોહનીય કર્મ** છે. (૪) જીવના ઉત્સાહ-વીર્ય-પરાક્રમનો ઘાત કરે **તે અંતરાયકર્મ** છે. આ ચાર કર્મ તો જીવનાં ગુણોને ઘાતે છે માટે તેને ઘાતિયા કર્મ કહે છે. બાકીના ચાર કર્મ જીવના ગુણોને ઘાતતા નથી માટે તેને અઘાતિયા કર્મ કહે છે. (૫) સુખ-દુઃખના કારણભૂત બાહ્ય સામગ્રી મેળવી આપે છે **તે વેદનીયકર્મ** છે. (૬) પ્રાપ્ત થયેલ ગતિમાં રોકી રાખે છે **તે આયુકર્મ** છે. (૭) ગતિ-જાતિ-શરીરાદિ બને છે **તે નામકર્મ** છે, તેમજ (૮) ઉચ્ચ-નીચકુળને પ્રાપ્ત કરાવે **તે ગોત્રકર્મ** છે. આ પ્રમાણે કર્મોની મૂળ આઠ પ્રકૃતિઓ-ભેદ છે.

**હવે ૧૪૮ ઉત્તર પ્રકૃતિઓમાંથી પ્રથમ જ્ઞાનાવરણની પાંચ પ્રકૃતિઓ કહીએ છીએ.** (૧) જે જીવના મતિજ્ઞાન પર આવરણ નાંખે, તેને મતિજ્ઞાનાવરણ કહે છે. (૨) જે શ્રુતજ્ઞાન પર આવરણ નાંખે, તેને શ્રુતજ્ઞાનાવરણ કહે છે. (૩) જે અવધિજ્ઞાન પર આવરણ નાંખે, તેને અવધિજ્ઞાનાવરણ કહે છે. (૪) જે મનઃપર્યયજ્ઞાન પર આવરણ નાંખે, તેને

મનઃપર્યયજ્ઞાનાવરણ કહે છે. (૫) તથા જેના ઉદયથી કેવળજ્ઞાનનો અભાવ રહે છે, તેને કેવળજ્ઞાનાવરણ કહે છે.

**હવે દર્શનાવરણની નવ પ્રકૃતિઓ કહીએ છીએ**—પાંચ તો નિદ્રાકર્મ છે. જેમાં (૧) સ્ત્યાનગૃદ્ધિ કર્મના ઉદયથી જીવને સ્ત્યાનગૃદ્ધિ નિદ્રા આવે છે, જેથી જીવ સુતેલો હોવા છતાં જાગૃત સમાન કાર્ય કરે છે, વીર્ય વિશેષ હોય છે; નિદ્રા પૂર્ણ થવા છતાં પણ કરેલા કાર્યોનું સ્મરણ નથી રહેતું. (૨) નિદ્રા નિદ્રા કર્મનો ઉદય થતાં, જીવને નિદ્રા જ નિદ્રા આવ્યા કરે છે. આ નિદ્રાવાળો જીવ જાગૃત થવાના અનેક ઉપાયો કરે છે, પરંતુ આ નિદ્રાને જીતી શકતો નથી. કર્મના ઉદયનો અભાવ થવાથી જ જાગૃત થાય છે. (૩) પ્રચલા-પ્રચલા કર્મનો ઉદય થતાં જીવને પ્રચલા-પ્રચલા નિદ્રા આવે છે, તેનાથી જીવ દુઃખી થઈને હાથ-પગાદિ અંગો પછાડે છે, પુરું શરીર ધ્રુજે છે, મુખથી લાળ વહે છે વિ. તેના ચિહ્ન હોય છે અને આ નિદ્રા શોક, સંતાપાદિને ઉત્પન્ન કરે છે. (૪) નિદ્રા કર્મના ઉદયથી જીવ ચાલતા પણ સુઈ જાય છે, ઊભા-ઊભા પણ સૂઈ જાય છે, બેઠા-બેઠા પણ સૂઈ જાય છે, જોર જોરથી ઉચ્છ્વાસ લે છે વિ. ચિહ્ન હોય છે. (૫) પ્રચલા નામક કર્મના ઉદયથી જીવ સુતેલા જેવો રહે છે અને કામ પણ કરે જાય છે અને ફરી સૂઈ જાય છે, પાછો જાગૃત થઈને વાતચીત કરે છે અને ફરી સૂઈ જાય છે. વિ ચેષ્ટા કરે છે. (૬) ચક્ષુ દર્શનાવરણ કર્મના ઉદયથી ચક્ષુદર્શનનો અભાવ થાય છે, નેત્રેન્દ્રિય દ્વારા સામાન્યજ્ઞાનનો અભાવ થઈ જાય છે. (૭) અચક્ષુ દર્શનાવરણકર્મના ઉદયથી અચક્ષુદર્શનનો અભાવ થાય છે—સ્પર્શ, રસના, ઘ્રાણ, શ્રોત આ ચાર ઈન્દ્રિયો દ્વારા થતાં સામાન્યજ્ઞાનનો અભાવ થઈ જાય છે. (૮) અવધિદર્શનાવરણકર્મના ઉદયથી અવધિદર્શનનો અભાવ થાય છે. (૯) કેવળદર્શનાવરણ કર્મના ઉદયથી કેવળદર્શનનો અભાવ થાય છે.

**મોહનીયકર્મના બે પ્રકાર છે**—(૧) દર્શનમોહનીય, (૨) ચારિત્ર મોહનીય. તેમાં દર્શનમોહનીયકર્મના ત્રણ પ્રકાર છે.—(૧) મિથ્યાત્વ (૨) સમ્યક્ મિથ્યાત્વ, (૩) સમ્યક્ પ્રકૃતિ મિથ્યાત્વ. મિથ્યાત્વકર્મના ઉદયથી જીવને વિપરીત અભિપ્રાય (મિથ્યાશ્રદ્ધાન) થાય છે. જીવાદિ તત્ત્વોના સ્વરૂપનું અન્યથા શ્રદ્ધાન કરે છે. સાચા સ્વરૂપનું શ્રદ્ધાન નથી કરતો. સમ્યક્ મિથ્યાત્વકર્મનો ઉદય થતાં જીવને યથાર્થ શ્રદ્ધાન અને મિથ્યાશ્રદ્ધાન બંને મિશ્રરૂપે હોય છે અને સમ્યક્ પ્રકૃતિ મિથ્યાત્વનો ઉદય થતાં જીવનું શ્રદ્ધાન તો યથાર્થ હોય છે, પરંતુ શ્રદ્ધાનમાં ચલ-મલ-અગાઢ દોષોની ઉત્પત્તિ થયા કરે છે અને નષ્ટ થયાં કરે છે, શ્રદ્ધાન નિર્મળ નથી રહેતું.

**ચારિત્રમોહનીય કર્મના પચ્ચીસ ભેદ કહીએ છીએ**—(૧) અનંતાનુબંધી ક્રોધ કર્મનો ઉદય થતાં જીવને અન્યથારૂપ અન્યાય—ક્રોધ થાય છે. (૨) અનંતાનુબંધી માનકર્મનો ઉદય થતાં, જીવને અન્યથારૂપ અન્યાય-માન થાય છે. (૩) અનંતાનુબંધી માયાકર્મનો ઉદય

થતાં જીવને અન્યથારૂપ અન્યાય—માયા થાય છે. (૪) અનંતાનુબંધી લોભકર્મનો ઉદય થતાં જીવને અન્યથારૂપ—લોભ થાય છે.

આ બધા અનંતાનુબંધી કર્મોનો ઉદય થતાં, જીવાદિ તત્ત્વોનું સાચું સ્વરૂપાચરણ પ્રગટ નથી થતું. પોતાના હિત-અહિતને નથી સમજતો. વિષય-કષાયરૂપ કાર્યોની અમર્યાદિત વાંછા રહે છે. વિષય-કષાયના કાર્યોમાં સ્વછંદ પ્રવર્તે છે. ધાર્મિક પ્રવૃત્તિની વાંછા નથી થતી. કદાચ હોય તો પણ અન્યથારૂપ ધર્મ પ્રવૃત્તિ કરે છે.

**અપ્રત્યાખ્યાનાવરણ કર્મ**નો ઉદય થતાં ચારેય (ક્રોધ-માન-માયા-લોભ) અવ્રત કષાયોભાવોરૂપ પ્રવર્તે છે; પરંતુ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના વિચાર સહિત ન્યાયપૂર્વક પ્રવર્તે છે. (૧) અપ્રત્યાખ્યાનાવરણ ક્રોધ કર્મનો ઉદય થતાં જીવને ન્યાયરૂપ મર્યાદિત ક્રોધ હોય છે. (૨) અપ્રત્યાખ્યાનાવરણ માનકર્મનો ઉદય થતાં જીવને ન્યાયરૂપ મર્યાદિત માન હોય છે. (૩) અપ્રત્યાખ્યાનાવરણ માયાકર્મનો ઉદય થતાં જીવને ન્યાયરૂપ મર્યાદિત માયા હોય છે. (૪) અપ્રત્યાખ્યાનાવરણ લોભ કર્મનો ઉદય થતાં, જીવને ન્યાયરૂપ મર્યાદિત લોભ હોય છે.

**આ અપ્રત્યાખ્યાનાવરણ કર્મ**નો ઉદય થતાં, (જીવ) દેશસંયમ ધારણ નથી કરી શકતો; પરંતુ ધર્મમાં રુચિ હોય છે. ધર્મ તથા ધર્મધારકો પ્રત્યે ભક્તિ હોય છે, પ્રીતિ હોય છે; સાચું સ્વરૂપાચરણ હોય છે.

**પ્રત્યાખ્યાનાવરણ કર્મ** :—(૧) પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ કર્મનો ઉદય થતાં, જીવને ન્યાયરૂપ અલ્પક્રોધ હોય છે. (૨) પ્રત્યાખ્યાનાવરણ માનકર્મનો ઉદય થતાં જીવને ન્યાયરૂપ અલ્પ માન હોય છે. (૩) પ્રત્યાખ્યાનાવરણ માયા કર્મનો ઉદય થતાં, જીવને અલ્પ માયા હોય છે. (૪) પ્રત્યાખ્યાનાવરણ લોભકર્મનો ઉદય થતાં જીવને અલ્પ લોભ હોય છે.

આ બધા **પ્રત્યાખ્યાનાવરણકર્મો**નો ઉદય થતાં, સકલ ચારિત્ર તો ધારણ નથી કરી સકતો; પરંતુ દેશ સંયમના સંપૂર્ણ ભેદોને પ્રાપ્ત કરી સકે છે.

**સંજ્વલન કર્મ** :—(૧) સંજ્વલન ક્રોધકર્મનો ઉદય થતાં જીવને અબુદ્ધિપૂર્વક કાર્યરહિત મંદતર ક્રોધ થાય છે. (૨) સંજ્વલન માનકર્મનો ઉદય થતાં, જીવને અબુદ્ધિપૂર્વક, કાર્યરહિત, મંદતર માન થાય છે. (૩) સંજ્વલન માયાકર્મનો ઉદય થતાં જીવને અબુદ્ધિપૂર્વક કાર્યરહિત મંદતર માયા થાય છે. (૪) સંજ્વલન લોભકર્મનો ઉદય થતાં, જીવને અબુદ્ધિપૂર્વક, કાર્યરહિત, મંદતર લોભ થાય છે. તથા સંજ્વલન મોહકર્મના ઉદયથી સકલ ચારિત્ર તો ધારણ કરી લે છે; પરંતુ ઉત્તરગુણોમાં દોષ લાગ્યા કરે છે. યથાખ્યાત ચારિત્રનો અભાવ રહે છે.

તથા હાસ્યકર્મનો ઉદય થતાં, જીવ પ્રફુલ્લિત તેમજ હાસ્ય સહિત હોય છે. રતિ કર્મનો ઉદય થતાં, જીવ ઈષ્ટ પદાર્થોમાં રાગ કરે છે, આસકત્ત થાય છે. અરતિ કર્મનો ઉદય થતાં

જીવ અન્ય અનિષ્ટ પદાર્થોમાં અરુચિ કરે છે. (તેમને) છોડવા ચાહે છે. શોક કર્મનો ઉદય થતાં જીવ નિરુદ્યમી થઈને ચિંતા કરે છે, શોક કરે છે. ભયકર્મનો ઉદય થતાં જીવ ઈષ્ટવસ્તુને છુપાવે છે; પ્રાણ કાંપી ઉઠે છે. જુગુપ્સાકર્મનો ઉદય થતાં, જીવ પદાર્થોમાં ગ્લાનિ કરે છે, સ્મરણ થતાં જ ઘૃણા કરે છે. પુરુષવેદ કર્મનો ઉદય થતાં જીવ સ્ત્રિયો સાથે રમણ કરવાની વાંછા કરે છે. સ્ત્રીવેદકર્મનો ઉદય થતાં જીવ પુરુષ સાથે રમણ કરવાનો ભાવ કરે છે અને નપુંસકવેદ કર્મનો ઉદય થતાં જીવ સ્ત્રી-પુરુષ બંને સાથે રમણ કરવાનો ભાવ કરે છે.

**અંતરાયકર્મનાં પાંચ પ્રકાર છે :** (૧) દાનાંતરાય કર્મનો ઉદય થતાં, જીવ દાન ધર્મ નથી કરી શકતો. (૨) લાભાન્તરાય કર્મનો ઉદય થતાં, જીવનાં અનેક લાભો માટેનાં અનેક ઉપાય નિરર્થક થઈ જાય છે. (૩) ભોગાન્તારય કર્મનો ઉદય થતાં જીવ ખાન-પાનાદિ ભોગ નથી કરી શકતો. (૪) ઉપભોગાન્તરાય કર્મનો ઉદય થતાં જીવ વસ્ત્ર, આભૂષણ, સ્ત્રી, મંદિર વિ. ઉપભોગ સામગ્રીનો ભોગ નથી કરી શકતો. (૫) વીર્યાન્તરાય કર્મનો ઉદય થતાં, જીવના બળ/વીર્યની હાનિ થાય છે.

**વેદનીયકર્મના બે પ્રકાર છે :** (૧) (જે) સુખના કારણ(ભૂત) બાહ્ય પદાર્થોનો જીવને અનુભવ (વેદન) કરાવે છે, તે સાતાવેદનીય કર્મ છે. (૨) (જે) દુઃખના કારણ(ભૂત) બાહ્ય પદાર્થોનો જીવને અનુભવ કરાવે છે, તે અસાતાવેદનીય કર્મ છે.

**આયુકર્મ ચાર પ્રકારનું છે :** (૧) જે નરકગતિમાં જીવનું અવસ્થાન[૧] રાખે છે, તે નરક નામનું આયુકર્મ છે. (૨) જે તિર્યંચગતિમાં જીવનું અવસ્થાન રાખે છે, તે તિર્યંચ નામનું આયુકર્મ છે. (૩) જે મનુષ્યગતિમાં જીવનું અવસ્થાન રાખે છે, તે મનુષ્ય નામનું આયુકર્મ છે. (૪) જે દેવગતિમાં જીવનું અવસ્થાન રાખે છે, તે દેવાયુ નામનું આયુકર્મ છે.

**નામકર્મની એકસો તેર પ્રકૃતિઓ છે—**તેમાં ગતિનામકર્મના ચાર ભેદ—નરક ગતિ નામકર્મના ઉદયથી જીવ નરકમાં ઉત્પન્ન થાય છે અને નરકગતિ સંબંધી સર્વ (નરક) વ્યવહારને યોગ્ય ભાવ થાય છે. પ્રથમ નરકનાં પ્રથમ પટલથી લઈને સાતમી નરકના અંતિમ પટલ સુધી ઓગણપચાસ પટલોમાં જ્યાં જ્યાં ઉત્પન્ન થાય છે તેને યોગ્ય જ વ્યવહારભાવોને કરે છે.

તિર્યંચગતિ નામકર્મના ઉદયથી જીવ તિર્યંચગતિમાં ઉત્પન્ન થાય છે. એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચાર ઇન્દ્રિય, પંચેન્દ્રિય સંબંધી વૃક્ષ, કીડા, ભમરો, શ્વાન, બિલ્લી વિ. અનેક પ્રકારની તિર્યંચ યોનિયો છે, તેમાંથી જે યોનિમાં ઉપજે છે, જ્યાં અનેક પ્રકારના તે

---

૧. રોકી રાખવું અર્થાત્ જે જે ગતિમાં જીવ જાય છે, ત્યાં જેટલો સમય સુધી રહે છે, તેમાં આયુકર્મ નિમિત્ત હોય છે.

સંબંધી સર્વ યોગ્ય વ્યવહારભાવોને પ્રાપ્ત થાય છે.

મનુષ્યગતિ નામકર્મના ઉદયથી જીવ મનુષ્યગતિમાં ઉત્પન્ન થાય છે. જ્યાં અનેક પ્રકારની મનુષ્યગતિ સંબંધી કર્મભૂમિઓ, આર્ય, મ્લેચ્છ, વિદ્યાધરાદિ તેમજ ભોગભૂમિઓ, કુભોગભૂમિઓ તેમજ લબ્ધ્યઅપર્યાપ્તાદિ અનેક ભેદોમાં જે-જે વ્યવહાર છે, તેને યોગ્યભાવોને પ્રાપ્ત થાય છે.

દેવગતિ નામકર્મના ઉદયથી જીવ દેવગતિમાં ઉત્પન્ન થાય છે. તેમાં પણ ભવનવાસી, વ્યંતર, જ્યોતિષ, કલ્પવાસી આ ચાર પ્રકારના દેવો સંબંધી અનેક ભેદ છે. તેના જે ભેદમાં ઉત્પન્ન થાય છે, તે ભેદ સંબંધી જે જે વ્યવહાર છે, તેને જ યોગ્યભાવોને પ્રાપ્ત થાય છે.

**જાતિ નામકર્મ પાંચ પ્રકારનું છે—**તેમાંથી એકેન્દ્રિય જાતિ નામકર્મના ઉદયથી જીવ એકેન્દ્રિય થાય છે. દ્વિઇન્દ્રિય જાતિ નામકર્મના ઉદયથી જીવ બે ઇન્દ્રિય થાય છે. ત્રિઇન્દ્રિય જાતિ નામકર્મના ઉદયથી જીવ ત્રણ ઇન્દ્રિય થાય છે. ચતુરિન્દ્રિય જાતિ નામકર્મના ઉદયથી જીવ ચારઇન્દ્રિય થાય છે. પંચેન્દ્રિય જાતિ નામકર્મના ઉદયથી જીવ પંચેન્દ્રિય થાય છે.

**શરીર નામકર્મ પાંચ પ્રકારનું છે—**ઔદારિક શરીર નામકર્મના ઉદયથી જીવને મનુષ્ય-તિર્યંચગતિમાં ઔદારિક શરીર મળે છે. વૈક્રિયક શરીર નામકર્મના ઉદયથી જીવને દેવ-નરકગતિમાં વૈક્રિયક શરીર મળે છે. આહારક શરીર નામકર્મના ઉદયથી જીવને છઠ્ઠે ગુણસ્થાનવર્તી મહામુનિનું આહારક શરીર બને છે. તૈજસ શરીર નામકર્મના ઉદયથી સર્વ જીવોનું તૈજસ શરીર બને છે અને કાર્માણ શરીર નામકર્મના ઉદયથી સર્વજીવોનું જ્ઞાનાવરણાદિ કર્મોના પિંડરૂપ કાર્માણ શરીર બને છે.

**અંગોપાંગ નામકર્મના ત્રણ પ્રકાર છે** : ઔદારિક અંગોપાંગ નામકર્મના ઉદયથી દ્વિઇન્દ્રિય, ત્રિઇન્દ્રિય, ચતુરિન્દ્રિય, પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યને પોત-પોતાના યોગ્ય ઔદારિક અંગોપાંગ હોય છે. વૈક્રિયક અંગોપાંગ નામકર્મના ઉદયથી દેવ-નારકીઓને પોત-પોતાના યોગ્ય વૈક્રિયક અંગોપાંગ હોય છે. આહારક અંગોપાંગ નામકર્મના ઉદયથી આહારક શરીરને યોગ્ય આહારક અંગોપાંગ હોય છે.

**સંસ્થાન નામકર્મના છ પ્રકાર છે—**સંસ્થાનનો અર્થ આકાર થાય છે. જેવો સંસ્થાન નામકર્મનો ઉદય થાય છે, તેવો જ શરીરનો આકાર હોય છે. સમચતુઃસ્ર સંસ્થાન નામકર્મના ઉદયથી પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્ય, દેવના શરીરનો આકાર સમચતુઃસ્ર સંસ્થાન(રૂપ) શોભાયમાન થાય છે.

ન્યગ્રોધપરિમંડળ સંસ્થાન નામકર્મના ઉદયથી પંચેન્દ્રિય કર્મભૂમિના તિર્યંચ, મનુષ્યના શરીરના આકાર ન્યગ્રોધપરિમંડળાકાર થાય છે. ન્યગ્રોધપરિમંડળ નામ વડવૃક્ષનું છે. જેમ

વડવૃક્ષ નીચેથી પાતળું અને ઉપરથી જાડું હોય છે, તે જ રીતે શરીરનો આકાર, નીચે પાતળો અને ઉપર જાડો હોય છે, તેને ન્યગ્રોધપરિમંડળ કહેવાય છે.

સ્વાતિક (સ્વાતિ) સંસ્થાન નામકર્મના ઉદયથી કર્મભૂમિના મનુષ્ય તથા પંચેન્દ્રિય તિર્યંચના શરીરનો આકાર સાંતક હોય છે. સાંતક વાંસને કહે છે. જેમ વાંસ નીચેથી જાડો અને ઉપરથી પાતળો હોય છે, તે જ રીતે શરીરનો નીચેનો ભાગ જાડો અને ઉપરનો ભાગ પાતળો હોય છે, આવો સાંતક આકાર હોય છે.

કુબ્જક સંસ્થાન નામકર્મના ઉદયથી કર્મભૂમિના પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્યના શરીર કુબ્જક આકારના હોય છે. આ પાછળથી ઉંચા અને આગળથી નીચા હોય છે.

વામન સંસ્થાન નામકર્મના ઉદયથી કર્મભૂમિના પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્યના શરીરનો વામન આકાર હોય છે. પોત-પોતાના સજાતીય શરીરોથી ઠીંગણું શરીર હોય છે, તેને વામન આકાર જાણવો જોઈએ.

હુંડક સંસ્થાન નામકર્મના ઉદયથી એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય, ચતુરેન્દ્રિય, પંચેન્દ્રિય કર્મભૂમિના તિર્યંચ, મનુષ્ય કે નારકીના શરીરનો આકાર હુંડક હોય છે. પહેલાં કહેવામાં આવેલ જે શરીરના પાંચ આકાર, તેનાથી રહિત અન્ય સકલ શરીરના આકાર હુંડક સંસ્થાન જાણવા. સંસ્થાનના મૂળભેદ તો આ પ્રકારે છ કહ્યા છે, પરંતુ તેના વિશેષ ભેદ અસંખ્યાત છે. જેવો કર્મનો ઉદય હોય છે, તેવો જ શરીરનો આકાર થાય છે.

**સંહનન નામકર્મ છ પ્રકારનું છે**—સંહનન નામ હાડકા (અસ્થિ)નું છે. વજ્રવૃષભ નારાચ સંહનન નામકર્મના ઉદયથી ભોગભૂમિના મનુષ્ય, તિર્યંચ કે કર્મભૂમિના સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્યના શરીરમાં વજ્રના હાડકાં હોય છે, વજ્રથી જ વેષ્ટિત હોય છે, જેનાથી હાડકાઓનો બાંધો થાય છે અને વજ્રની ખીલીઓથી જોડાયેલ હોય છે. આવું વજ્રવૃષભનારાચ સંહનન હોય છે.

વજ્રનારાચ સંહનન નામકર્મના ઉદયથી કર્મભૂમિના સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ-મનુષ્યના શરીરમાં વજ્રના હાડકા હોય છે. હાડકાઓનું બંધન સાદું હોય છે, તેનાથી હાડકાં બંધાઈને રહે છે અને વજ્રની ખીલીઓથી જોડાયેલ હોય છે. આવું વજ્રનારાચસંહનન હોય છે.

નારાચ સંહનન નામકર્મના ઉદયથી કર્મભૂમિનાં સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્યના શરીરમાં હાડકાં તો વજ્રના હોય છે અને સામાન્ય ખીલીઓથી જોડાયેલ હોય છે. આવું નારાચ સંહનન હોય છે.

અર્દ્ધ-નારાચ-સંહનન નામકર્મના ઉદયથી કર્મભૂમિના સંજ્ઞી પંચેન્દ્રિય, તિર્યંચ,

મનુષ્યના શરીરમાં વજ્રના હાડકાં હોય છે અને સામાન્ય ખીલીઓથી અર્ધું જોડાયેલ હોય છે અને અર્ધું ખીલીથી જોડાયેલ નથી હોતું, આવું અર્દ્ધ-નારાચ સંહનન હોય છે.

કીલિત સંહનન નામકર્મના ઉદયથી કર્મભૂમિના સંજ્ઞી પંચેન્દ્રિય, તિર્યંચ, મનુષ્યના શરીરમાં સામાન્ય હાડકાં હોય છે અને ખીલીઓથી જોડાયેલ હોય છે, આવું કીલિત સંહનન હોય છે.

અસંપ્રાપ્તસૃપાટિકા સંહનન નામકર્મના ઉદયથી કર્મભૂમિમાં બેઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય, ચારઇન્દ્રિય, પંચેન્દ્રિય સંજ્ઞી-અસંજ્ઞી તિર્યંચના અને મનુષ્યના, સર્પના શરીરની જેમ જુદા જુદા હાડકાં હોય છે અને નસોથી બંધાય રહે છે. ખીલીઓ રહિત હોય છે. આવું સંપ્રાપ્તસૃપાટિકા સંહનન હોય છે. આ છયે કર્મોના વિશેષભેદ પણ અસંખ્યાત છે. માટે સંહનનના ભેદ પણ અસંખ્યાત જાણવા જોઈએ.

**બંધન નામકર્મનાં પાંચ પ્રકાર છે.** :—પાંચ પ્રકારના શરીર, નામકર્મના ઉદયથી થાય છે. પાંચેય શરીરોને યોગ્ય પુદ્ગલ કર્મવર્ગણા, તેમનું પરસ્પર બંધન થાય છે, તેને બંધન નામકર્મ જાણવું. ઔદારિક બંધન નામકર્મના ઉદયથી ઔદારિક શરીરને યોગ્ય કર્મ પરમાણુઓનું; વૈક્રિયક બંધન નામકર્મના ઉદયથી વૈક્રિયક શરીરને યોગ્ય કર્મ પરમાણુઓનું, આહારક બંધન નામકર્મના ઉદયથી આહારક શરીરને યોગ્ય કર્મ પરમાણુઓનું, તૈજસ બંધન નામકર્મના ઉદયથી તૈજસ શરીરને યોગ્ય કર્મપરમાણુઓનું અને કાર્માણ બંધન નામકર્મના ઉદયથી કાર્માણ શરીરને યોગ્ય કર્મ પરમાણુઓનું પરસ્પર બંધન થાય છે, તે પાંચ પ્રકારનું બંધન નામકર્મ છે.

**સંઘાત નામકર્મ પાંચ પ્રકારનું છે.** : બંધરૂપ થયેલ જે પાંચ પ્રકારનાં શરીર તેમને યોગ્ય કર્મ પરમાણુઓને પરસ્પર ઘન-છિદ્ર રહિત કરે છે, આ પ્રમાણે સંઘાત નામકર્મનાં પાંચ પ્રકાર જાણવા જોઈએ—ઔદારિક સંઘાત નામકર્મ, વૈક્રિયક સંઘાત નામકર્મ, આહારક સંઘાત નામકર્મ, તૈજસ સંઘાત નામકર્મ, કાર્માણ સંઘાત નામકર્મ.

**સ્પર્શ નામકર્મ આઠ પ્રકારનું છે** : (હલકા) હળવા સ્પર્શ નામકર્મના ઉદયથી હળવું (હલકું) શરીર મળે છે. ભારે (વજનદાર) સ્પર્શનામકર્મના ઉદયથી ભારે શરીર મળે છે. કોમળ સ્પર્શ નામકર્મના ઉદયથી કોમળ શરીર મળે છે. કઠોર સ્પર્શ નામકર્મના ઉદયથી કઠોર શરીર મળે છે. સ્નિગ્ધ સ્પર્શ નામકર્મના ઉદયથી ચીકાશવાળું શરીર મળે છે. રુક્ષ સ્પર્શ નામકર્મના ઉદયથી રુક્ષ શરીર મળે છે. શીત સ્પર્શ નામકર્મના ઉદયથી શીતળ શરીર મળે છે અને ઉષ્ણસ્પર્શ નામકર્મના ઉદયથી ઉષ્ણ શરીર મળે છે.

**રસનામકર્મ પાંચ પ્રકારનું છે**—મીઠો રસ એ નામકર્મના ઉદયથી શરીરમાં મીઠો

રસ હોય છે. આમ્લ રસ નામકર્મના ઉદયથી શરીરમાં ખટાશ હોય છે. કડવા રસનામકર્મના ઉદયથી શરીરમાં કડવાશ હોય છે. કષાયેલા રસ નામકર્મના ઉદયથી શરીરમાં તુરાશ હોય છે, તીક્તરસ નામકર્મના ઉદયથી શરીરમાં તીખાશ હોય છે.

**ગંધનામકર્મ બે પ્રકારનું છે :** સુગંધનામકર્મના ઉદયથી શરીરમાં સુગંધ હોય છે. દુર્ગન્ધ નામકર્મના ઉદયથી શરીરમાં દુર્ગંધ હોય છે.

**વર્ણ નામકર્મ પાંચ પ્રકારનું છે :** શુક્લ(સફેદ) નામકર્મના ઉદયથી શરીર શુક્લ હોય છે. કૃષ્ણ નામકર્મના ઉદયથી શરીર કૃષ્ણ હોય છે. રક્ત નામકર્મના ઉદયથી શરીર લાલ હોય છે. હરિતવર્ણ નામકર્મના ઉદયથી શરીર લીલું હોય છે. પીતવર્ણ નામકર્મના ઉદયથી શરીર પીળું હોય છે.

પૂર્વોક્ત કહેલાં જે સ્પર્શ (૮), રસ (૫), ગંધ (૨), વર્ણ (૫) એ વીસ નામકર્મ, શુભ-અશુભના ભેદથી ચાલીસ પ્રકારનાં છે. શુભ સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, નામકર્મના ઉદયથી શરીરમાં શુભ સ્પર્શાદિ હોય છે અને અશુભ સ્પર્શ, રસ, ગંધ, વર્ણ નામકર્મના ઉદયથી શરીરમાં શુભ સ્પર્શાદિ હોય છે.

**વિહાયોગતિ નામકર્મ બે પ્રકારનું છે :** પ્રશસ્ત વિહાયોગતિ નામકર્મના ઉદયથી જીવની પ્રશસ્ત—સોહામણી-મનોજ્ઞ ચાલ હોય છે, તે પ્રશસ્ત વિહાયોગતિ નામકર્મનો ઉદય સંજ્ઞી પંચેન્દ્રિય ભોગભૂમિઓને, કર્મભૂમિઓના તિર્યંચો—મનુષ્યોને તથા બધા દેવોને હોય છે અને અપ્રશસ્ત વિહાયોગતિ નામકર્મનો ઉદય બેઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય, ચારઇન્દ્રિય અસંજ્ઞી પંચેન્દ્રિય બધાને હોય છે અને કર્મભૂમિના સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ-નારકી-મનુષ્યને પણ હોય છે, તેથી (જીવની) અશુભ-અસુહાવની ચાલ હોય છે.

**આનુપૂર્વી નામકર્મ ચાર પ્રકારનું છે. :** કાર્મણ કાયયોગમાં આનુપૂર્વી કર્મનો ઉદય થાય છે. નવીન પર્યાય પ્રાપ્ત કરવામાં થતો સમય વિગ્રહગતિમાં કાર્માણ (કાયયોગ)નો કાળ એક સમય, બે સમય અથવા તો ત્રણ સમય છે. તે વખતે પૂર્વ પર્યાયનો આકાર જેવોને તેવો જ રહે છે જે ક્ષેત્રસંબંધી આનુપૂર્વી કર્મનો બંધ કર્યો હતો, તે જ ક્ષેત્રમાં તેના ઉદય સમયમાં જીવ ઉત્પન્ન થાય છે.—આવું આ કર્મનું કાર્ય છે. આ કારણે તેને ક્ષેત્રવિપાકી કર્મ કહે છે. તેના નરકગત્યાનુપૂર્વી, તિર્યંચગત્યાનુપૂર્વી, મનુષ્યગત્યાનુપૂર્વી અને દેવગત્યાનુપૂર્વી આમ ચાર પ્રકાર છે.

**અગુરુલઘુ નામકર્મ**ના ઉદયથી જીવને જે શરીર મળે છે તે અતિ હલકું અને અતિ ભારે નથી હોતું. **ઉપઘાત નામકર્મ**ના ઉદયથી પોતાના જ શરીરમાં પોતાના જ ઘાતના કારણભૂત શીંગડા, નખ, દાંત, વિ. અવયવ હોય છે. **પરઘાત નામકર્મ**ના ઉદયથી બીજાના

ઘાતનાં કારણભૂત પોતાના શરીરમાં અવયવ હોય છે. **શ્વાસોચ્છવાસ નામકર્મ**ના ઉદયથી શરીરમાં શ્વાસોચ્છ્વાસની શક્તિ હોય છે. **આતપ નામકર્મ**ના ઉદયથી સૂર્ય વિમાનમાં આવા પર્યાપ્ત પૃથ્વીકાય જીવ ઉત્પન્ન થાય છે. તેમનાં જ શરીરમાં આતપરૂપ પ્રકાશ હોય છે. અન્ય કોઈપણ જીવોને આ પ્રકૃતિનો ઉદય નથી હોતો, જે સ્વયં તો શીતળ છે અને બીજાને આતાપિત કરે છે. **ઉદ્યોત નામકર્મ**ના ઉદયથી એકેન્દ્રિય પૃથ્વીકાય, અપકાય, વનસ્પતિકાય અને બેઈન્દ્રિય, ત્રણઈન્દ્રિય, ચૌઈન્દ્રિય, અસંજ્ઞી–સંજ્ઞી પંચેન્દ્રિય ભોગભૂમિનાં તથા કર્મભૂમિનાં પર્યાપ્ત તિર્યંચોના શરીર શીતલ પ્રકાશ સહિત હોય છે. **તીર્થંકર નામકર્મ**ના ઉદયથી સર્વ જીવો દ્વારા પૂજ્ય એવા તીર્થંકર પદની પ્રાપ્તિ થાય છે. **નિર્માણ નામકર્મના બે પ્રકાર છે**–સ્થાન અને પ્રમાણ. **સ્થાન નામકર્મ**ના ઉદયથી બધા અંગોપાંગ શરીરમાં યથાસ્થાને હોય છે અને **પ્રમાણ નામકર્મ**ના ઉદયથી અંગોપાંગ યથાયોગ્ય જેટલા પ્રમાણના હોવા જોઈએ, તેટલા જ પ્રમાણમાં હોય છે. **ત્રસ નામકર્મ**ના ઉદયથી જીવ બેઈન્દ્રિય, ત્રણઈન્દ્રિય, ચારઈન્દ્રિય, પંચેન્દ્રિય–આ ચાર પ્રકારના ત્રસકાયમાં ઉત્પન્ન થાય છે. શરીર હલન-ચલનાદિની શક્તિ સહિત હોય છે. **સ્થાવર નામકર્મ**ના ઉદયથી જીવ એકેન્દ્રિય સ્થાવરકાયમાં ઉત્પન્ન થાય છે, શરીર હલનચલનાદિની શક્તિ રહિત હોય છે.

**બાદર નામકર્મ**ના ઉદયથી જીવ બાદર શરીરને પ્રાપ્ત કરે છે. બાદર શરીર સ્વયં બીજાનાં બાદર શરીરને આધારે રહે છે અને બીજા બાદર શરીરોને પોતે આધાર થાય છે. **સૂક્ષ્મ નામકર્મ**ના ઉદયથી જીવ સૂક્ષ્મ શરીરયુક્ત હોય છે, આકાશમાં નિરાધાર રહે છે, કોઈના આધારે રહેતા નથી; બીજાને આધાર દેતા નથી. વજ્ર, પર્વત, મેરુ વિ.ને કારણે અટકતા નથી. કોઈપણ પ્રકારથી અગ્નિ, શસ્ત્રાદિથી કદલીઘાત મરણ નથી થતું. પોતાનું આયુ પૂર્ણ કરીને જ મરે છે. સ્વયં કોઈને મારતા નથી તેમજ બીજાથી મારવા છતાં મરતા નથી.

**પર્યાપ્ત નામકર્મ**ના ઉદયથી જીવ પોતાને યોગ્ય ચાર કે પાંચ કે છ પર્યાપ્તિઓ પૂર્ણ કરે છે; અપૂર્ણ કાળમાં મરતો નથી. **અપર્યાપ્ત નામકર્મના** ઉદયથી જીવ પોતાને યોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ નથી કરતો. શરીર પર્યાપ્તિ (બીજી) પૂર્ણ ન કરી શકે. વચમાં જ મરણને પ્રાપ્ત થઈ જાય, તેને લબ્ધિ–અપર્યાપ્તક જીવ કહે છે.

**સુસ્વર નામકર્મના** ઉદયથી સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તક જીવોના સોહામણા શબ્દ હોય છે, વચન પરિણતી મનોજ્ઞ હોય છે. **દુસ્વર નામકર્મના** ઉદયથી દ્વિઈન્દ્રિય, ત્રિઈન્દ્રિય, ચતુરીન્દ્રિય, પંચેન્દ્રિય–આ ચાર પ્રકારના ત્રસ જીવોના અસોહામણા શબ્દ હોય છે; વચન પરિણતી અમનોજ્ઞ હોય છે.

**પ્રત્યેક શરીર નામકર્મના** ઉદયથી જીવને પ્રત્યેક શરીર મળે છે. એક શરીરનો એક જ જીવ સ્વામી હોય છે, તેને પ્રત્યેક શરીર કહે છે. **સાધારણ શરીર નામકર્મ**ના ઉદયથી જીવ

સાધારણ શરીર મેળવે છે; અનંતજીવોનું જે એક શરીર હોય છે, તેને સાધારણ શરીર કહે છે. આવું સાધારણ શરીર વનસ્પતિકાય નિગોદિયા જીવોને હોય છે. સાધારણ શરીર નામકર્મનો ઉદય આ જીવોને હોય છે. બીજાને નહીં.

**સ્થિર નામકર્મ**ના ઉદયથી શરીરમાં રસ, લોહી, માંસ, મેદ, મજ્જા, અસ્થિ, શુક્ર આ સપ્તધાતુ અને વાત, પિત, કફ, શિરા, સ્નાયુ, ચર્મ અને ઉદરાગ્નિ આ સપ્ત ઉપધાતુ યથાસ્થાને સ્થિર રહે છે. માટે જીવ સુખી રહે છે. **અસ્થિર નામકર્મ**ના ઉદયથી ધાતુ-ઉપધાતુ યથાસ્થાન સ્થિર નથી રહેતી, ત્યારે જીવ દુઃખી થાય છે.

**શુભ નામકર્મ**ના ઉદયથી મસ્તક, મુખ, પેટ, નેત્ર, નાક, કાન, હાથ, પગ, હૃદય, ગુદા, પીઠ વિ. સર્વ અંગોપાંગ શરીરના સુંદર હોય છે. **અશુભ નામકર્મ**ના ઉદયથી શરીરના સર્વ અંગોપાંગ અસુંદર હોય છે.

**સુભગ નામકર્મ**ના ઉદયથી જીવ સૌને સુંદર લાગે છે. અસુંદર શરીર કે પાપનો ઉદય હોવા છતાં પણ સર્વજન પ્રીતિ રાખે છે. દુર્ભગ નામકર્મનો ઉદય થતાં જીવ બધાને અસુંદર લાગે છે. સુંદર શરીર કે પુણ્યનો ઉદય હોવા છતાં પણ બધા અપ્રીતિ કરે છે.

**આદેય નામકર્મ**ના ઉદયથી શરીર પ્રભાવાન હોય છે; સૌ આનંદિત થાય છે, આદર કરે છે, સત્કાર કરે છે. **અનાદેય નામકર્મ**ના ઉદયથી શરીર પ્રભા રહિત થાય છે; કોઈ આનંદિત થતું નથી, આદર સન્માન નથી કરતું.

**યશકીર્તિ નામકર્મ**ના ઉદયથી જગતમાં યશ ફેલાય છે અને **અયશકીર્તિ નામકર્મ**ના ઉદયથી જગતમાં, પુણ્યનો ઉદય હોવા છતાં અપયશ મળે છે.

**ગોત્રકર્મ બે પ્રકારનું છે** : ઉચ્ચગોત્રકર્મના ઉદયથી જગતમાં જીવ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, કર્મભૂમિના મનુષ્ય વા ભોગભૂમિના મનુષ્ય વા સમસ્ત દેવ તરીકે ઉચ્ચકુળમાં ઉત્પન્ન થાય છે. નીચગોત્રના ઉદયથી જીવ ત્રણકુળ રહિત કર્મભૂમિના મનુષ્ય વા તિર્યંચ વા સર્વ નારકી પર્યાયોમાં ઉત્પન્ન થાય છે. આવું કર્મનું વિધાન જાણવું જોઈએ.

કર્મની જે કુલ ૧૬૮ પ્રકૃતિઓ કહેલ છે, હવે તેમાંથી ચાર ઘાતિકર્મની ૪૭ પ્રકૃતિઓ કહીએ છીએ. જ્ઞાનાવરણની ૫, દર્શનાવરણની ૯, મોહનીયની ૨૮, અંતરાયની ૫, બધી થઈને ૪૭ થઈ.

તેમાં **સર્વઘાતિ પ્રકૃતિઓ ૨૧** છે—કેવલજ્ઞાનાવરણ, કેવલદર્શનાવરણ, નિદ્રા ૫, મોહનીયની ૧૪ (મિથ્યાત્વ, સમ્યક્ મિથ્યાત્વ, અનંતાનુબંધી ૪, અપ્રત્યાખ્યાનાવરણ ૪, પ્રત્યાખ્યાનાવરણ ૪) **દેશઘાતિ પ્રકૃતિઓ ૨૬ છે**—મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ,

અવધિજ્ઞાનાવરણ, મનઃપર્યયજ્ઞાનાવરણ, ચક્ષુદર્શનાવરણ, અચક્ષુદર્શનાવરણ, અવધિદર્શનાવરણ અને દર્શન મોહનીયની સમ્યક્ત્વ મોહનીય, સંજ્વલન ૪, હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, પુરુષવેદ, સ્રીવેદ, નપુંસકવેદ, અંતરાયની ૫, દાનાન્તરાય, લાભાન્તરાય, ભોગાન્તરાય, ઉપભોગાન્તરાય, વીર્યાન્તરાય—આ પ્રકારે સર્વઘાતિની ૨૧ અને દેશઘાતિની ૨૬ પ્રકૃતિઓ જાણવી.

**આ એકસો અડસઠ (૧૬૮) પ્રકૃતિમાં પાપ પ્રકૃતિઓ ૧૦૦ છે.**

ઘાતિયાની ૪૭, અસાતાવેદનીય, નીચગોત્ર, નરકાયુ, નામકર્મની ૫૦, નરકગતિ, તિર્યંચગતિ, જાતિ ૪ (એકેન્દ્રિય, દ્વિઇન્દ્રિય, ત્રિઇન્દ્રિય, ચૌઇન્દ્રિય) સંસ્થાન ૫ (ન્યગ્રોધપરિમંડળ, સાંતક—સ્વાતિક, કુબ્જક, વામન, હુંડક) સંહનન ૫ (વજનારાચ સંહનન, અર્ધનારાચસંહનન, કીલક સંહનન, અસંપ્રાપ્તસૃપાટિકા) અશુભ સ્પર્શાદિ ૨૦ (સ્પર્શ-૮, રસ-૫, ગંધ-૨, વર્ણ-૫) અપ્રશસ્ત વિહાયોગતિ, નરકગત્યાનુપૂર્વી, તિર્યંચગત્યાનુપૂર્વી, ઉપઘાત, સ્થાવર, સૂક્ષ્મ, અપ્પર્યાપ્ત, દુઃસ્વર, સાધારણ, અશુભ, અસ્થિર, દુર્ભગ, અનાદેય, અયશસ્કીર્તિ.

**પુણ્ય પ્રકૃતિઓ ૬૮ છે**—સાતા વેદનીય, ઉચ્ચ ગોત્ર, દેવાયુ, મનુષ્યાયુ, તિર્યંચાયુ, નામકર્મની ૬૩—દેવગતિ, મનુષ્યગતિ, પંચેન્દ્રિય જાતિ, ૫-શરીર, ૫-બંધન, ૫-સંઘાત, ૩-અંગોપાંગ, સમચતુરસ્ર સંસ્થાન, વજ્રવૃષભનારાચસંહનન, શુભ સ્પર્શાદિ ૨૦ (૮ સ્પર્શ, ૫ રસ, ગંધ-૨, વર્ણ-૫) પ્રશસ્ત વિહાયોગતિ, દેવગત્યાનુપૂર્વી, મનુષ્યગત્યાનુપૂર્વી, અગુરુલઘુ, પરઘાત, ઉચ્છ્વાસ, આતપ, ઉદ્યોત, તીર્થંકર, નિર્માણ, ત્રસ, બાદર,પર્યાપ્ત, સુસ્વર, પ્રત્યેક, શુભ, સ્થિર, સુભગ, આદેય, યશસ્કીર્તિ.

**આમાં ૧૨૨ પ્રકૃતિઓમાંથી બંધયોગ્ય પ્રકૃતિઓ એકસો વીસ છે**—મિશ્ર મોહનીય, સમ્યક્ત્વ મોહનીય પ્રકૃતિઓનો બંધ નથી પડતો.

બંધ યોગ્ય જે ૧૨૦ પ્રકૃતિઓ છે—તેમાં અપ્રતિપક્ષી પ્રકૃતિ ૫૮ છે. ૫—જ્ઞાનાવરણ, ૯—દર્શનાવરણ, ૫—અંતરાય, ૧૯—મોહનીય (મિથ્યાત્વ, ૧૬ કષાય, ભય, જુગુપ્સા) નામકર્મની ૧૬ (અગુરુલઘુ, નિર્માણ, તૈજસ, કાર્મણ, સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, ઉપઘાત, પરઘાત, ઉચ્છ્વાસ, આતપ, ઉદ્યોત, તીર્થંકર, આહારકદ્વિક) ૪—આયુ. તેમનો એક સાથે જ બંધ થાય પણ છે અને એક સાથે બંધ નથી પણ થતો, કોઈ નિયમ નથી.

**પ્રતિપક્ષી પ્રકૃતિઓ ૬૨ છે**—વેદનીય-૨, ગોત્ર-૨, મોહનીય ૭ (હાસ્ય, રતિ, અરતિ, શોક, ૩ વેદ). નામકર્મની ૫૧ (ગતિ-૪, જાતિ-૫, શરીર-૨, અંગોપાંગ-૨, સંસ્થાન-૬, સંહનન-૬, વિહાયોગતિ-૨, આનુપૂર્વી-૪, બાદર, સૂક્ષ્મ, ત્રસ, સ્થાવર, પર્યાપ્ત,

અપર્યાપ્ત, સુસ્વર, દુઃસ્વર, પ્રત્યેક સાધારણ, શુભ, અશુભ, સ્થિર, અસ્થિર, સુભગ, દુર્ભગ, આદેય, અનાદેય, યશસ્કીર્તિ, અયશસ્કીર્તિ.) તેમાં વેદનીય, ગોત્ર, રતિ, અરતિ, હાસ્ય, શોક, ત્રણ વેદ, ગતિ, જાતિ, શરીર, અંગોપાંગ, સંસ્થાન, સંહનન, વિહાયોગતિ, આનુપૂર્વી અને દસ યુગલ તેમાંથી એક-એકનો જ બંધ થાય છે. એટલે પ્રતિપક્ષી કહેવાય છે.

૧૬૮ પ્રકૃતિઓમાં જીવ વિપાકી અને પુદ્‌ગલ વિપાકી બે પ્રકારની છે. તેમાં **જીવ વિપાકી પ્રકૃતિઓ** ૭૮ છે. તેમાં ઘાતિયાકર્મની તો બધી ૪૭, વેદનીય-૨, ગોત્રની-૨, નામકર્મની-૨૭ (ગતિ-૪, જાતિ-૫, વિહાયોગતિ-૨, શ્વાસોચ્છ્‌વાસ, તીર્થંકર, ત્રસ, સ્થાવર, બાદર, સૂક્ષ્મ, પર્યાપ્ત, અપર્યાપ્ત સુસ્વર, દુઃસ્વર, સુભગ, દુર્ભગ, આદેય, અનાદેય, યશસ્કીર્તિ, અયશસ્કીર્તિ) એમનો ઉદય જીવની અવસ્થામાં નિમિત્ત હોય છે. માટે તેને જીવ વિપાકી કહે છે.

**પુદ્‌ગલ વિપાકી પ્રકૃતિઓ ૮૨ છે.** ૫—શરીર, ૩—અંગોપાંગ, ૫—બંધન, ૫—સંઘાત, ૬—સંસ્થાન, ૬—સંહનન, ૪૦ શુભાશુભ વર્ણાદિ, અગુરુલઘુ, ઉપઘાત, પરઘાત, આતપ, ઉદ્યોત, નિર્માણ, પ્રત્યેક, સાધારણ, સ્થિર, અસ્થિર, શુભ, અશુભ. આના ઉદયમાં જીવ સંબંધી પુદ્‌ગલ જ પરિણમે છે. માટે તેને પુદ્‌ગલ વિપાકી કહે છે. આ કર્મોના ઉદયથી શરીરાદિક પરભાવ ઉત્પન્ન થાય છે, એમ જાણવું જોઈએ.

**આયુકર્મ ચાર પ્રકારનાં છે. તે ભવવિપાકી છે**—તેનો ઉદય ભવમાં જ આવે છે. **આનુપૂર્વી ચાર પ્રકારની છે, તે ક્ષેત્ર વિપાકી છે**—તેનો ઉદય ક્ષેત્રમાં (વિગ્રહગતિમાં) થાય છે.

આ રીતે, કર્મોનો જીવ-પુદ્‌ગલમાં ભાવ ઉત્પન્ન કરાવવામાં નિયમ જાણવો જોઈએ.

॥ આમ ભાવદીપિકા ગ્રંથમાં ત્રીજો કર્માધિકાર પૂર્ણ થયો. ॥

૪

# ઔદયિક ભાવાધિકાર

## (૧) ગતિભાવ અંતરાધિકાર

મંગલાચરણ

(દોહા)

કર્મોદય-યુત ભાવ કા, કર અભાવ બડભાગ।
નિજસ્વભાવ પ્રગટ કિયા, નમોં ઉન્હેં ધર રાગ॥

કર્મના ઉદયથી, આત્મામાં જે ભાવ ઉત્પન્ન થાય છે, તેને ઔદયિક ભાવ કહે છે. તે **ઔદયિક ભાવ ૨૧ પ્રકારનો છે**—ગતિ-૪, કષાય-૪, વેદ-૩, મિથ્યાત્વ, અજ્ઞાન, અસંયમ, અસિદ્ધત્વ અને લેશ્યા–૬.

તે માંહેથી **પ્રથમ ચાર ગતિ ભાવાધિકાર લખીએ છીએ.** ગતિભાવ ચાર પ્રકારનો છે. મનુષ્યગતિભાવ, તિર્યંચગતિભાવ, દેવગતિભાવ, નરકગતિભાવ. ગતિનામકર્મના ઉદયથી આત્મામાં જે ભાવ ઉત્પન્ન થાય છે, તેને ગતિ ભાવ કહે છે. જે જીવ જેવી ગતિ પામે છે, તે સંબંધી બધા જ ભાવ તે ગતિના અનુસાર થાય છે.

**મનુષ્યગતિનાં ભાવ**—મનુષ્યગતિ નામકર્મના ઉદયથી જીવ મનુષ્યગતિ પામે છે. ત્યાં બધા ભાવ મનુષ્ય જેવા જ થાય છે. દૃઢ ઉપયોગવાળો હોય છે, ધારણાજ્ઞાન બહુ હોય છે. પોતાને સ્વ-પરની પ્રવૃત્તિનું જ્ઞાન ઘણા કાળ સુધી યાદ રહે છે. હેય–ઉપાદેયનું જ્ઞાન હોય છે. સમ્યક્ત્વ, વ્રત, તપ, ચારિત્ર, ધારણ કરવાની શક્તિ હોય છે. પુણ્યાધિકારી ક્રિયામાં દૃઢ હોય છે. મૈથુનાદિ ક્રિયા ગુપ્ત હોય છે. જેને અન્નપાન, મેવા, મિષ્ટાન, દુગ્ધાદિક અનેક પ્રકારના સ્વાદપૂર્વક ખાવું–પીવું હોય છે. હાથ વડે મુખથી કવળાહાર કરે છે. અગ્નિથી પકવેલ અને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની મર્યાદા સહિત ભોજનાદિ ગ્રહણ કરે છે. સુવું, બેસવું, ઊભા થવું, ચાલવું, ભય થતાં છુપાઈ જવું, ભાગી જવું, વિ. સર્વ શારીરિક ક્રિયાઓ મનુષ્યના સમાન હોય છે અને જેના અક્ષર સહિત વાચન હોય છે. ગુણ-દોષનો વિચાર ભૂતકાળને યાદ કરવો,

ભવિષ્યકાળમાં યાદ રાખવું વિ. મનની ક્રિયા સહિત હોય છે. ભયાદિક આવતાં, છુપાઈ જવું, ભાગી જવું, ભય મટાડવો વિ. અનેક ઉપાય પણ કરે છે. પરિગ્રહસંગ્રહની ઈચ્છાવાળો હોય છે. વસ્ત્રાભૂષણ, શ્રૃંગારાદિથી અલંકૃત થવાની ઈચ્છાવાળો હોય છે. પાંચ ઈન્દ્રિયોના વિષય સેવનની ઈચ્છા સહિત હોય છે. ઘર, મંડપ, મંદિરાદિમાં રહેવા ઈચ્છે છે, માતા, પિતા, ભાઈ, સ્ત્રી, પુત્રાદિની સાથે રહેવા ઈચ્છે છે, તેમને હંમેશા સ્નેહ—મોહ ધારણ કરે છે. શાસ્ત્રાદિ વાંચવા, સાંભળવા તથા ધારણ કરવાની શક્તિવાળો હોય છે. શિલ્પાદિ અનેક કળાની શક્તિ સહ હોય છે. માતા-પિતાથી તેનો જન્મ થાય છે. સર્વ કષાયોના સ્થાનરૂપ થવાની શક્તિ સહ હોય છે. જીવોને મારવા, ન મારવા તથા પાપ-પુણ્ય જાણવા વિ. વિચાર સહ હોય છે. ઉપશમ શ્રેણી, ક્ષપક શ્રેણીમાં આરૂઢ થાય છે. કર્મનો નાશ કરીને મુક્ત થવાની શક્તિયુક્ત હોય છે. વિ. ભાવ જીવના મનુષ્યગતિ સંબંધી મનુષ્યગતિનામકર્મના ઉદયથી હોય છે. આ મનુષ્યગતિ ભાવ ચારે ગતિનું કારણ છે. તથા પંચમગતિ જે મોક્ષગતિ, તેનું પણ કારણ છે. વર્તમાન સુખ-દુઃખ બંનેનું કારણ છે.

**તિર્યંચગતિના ભાવ** :—તિર્યંચગતિ નામકર્મના ઉદયથી જીવ તિર્યંચગતિને પામે છે. ત્યાં (જીવના) બધા ભાવ તિર્યંચ જેવા હોય છે. શિથિલ ઉપયોગી હોય છે, ધારણા જ્ઞાન હીન પ્રકારનું હોય છે. સ્વ-પરના મન-વચન-કાયાની પ્રવૃત્તિ લાંબા સમય સુધી સ્પષ્ટ યાદ નથી રહેતી. થોડો સમય અને કિંચિત્ અસ્પષ્ટ યાદ રહે છે. હેય-ઉપાદેય, ગુણ-દોષનું જ્ઞાન નથી હોતું, શાસ્ત્ર વાંચવું તથા અક્ષર સહ શબ્દ બોલવાની શક્તિ રહિત તથા વિવેક શક્તિ રહિત હોય છે. મૈથુનાદિ સંજ્ઞા જાહેરમાં હોય છે. ઘાસ, લાકડું, ભુસું, પત્રાદિ વા માંસ—મળ—મૂત્રાદિ ખાવાની યથાયોગ્ય ઈચ્છા હોય છે. મુખથી કવલાહાર કરે છે.

કિંચિત્ શાસ્ત્ર સાંભળવાની, અર્થ ધારવાની, કિંચિત્ વિશેષ સહિત જીવાદિ તત્ત્વોના શ્રદ્ધાનરૂપ સમ્યક્ત્વ તેમજ દેશ સંયમ ધારણ કરવાની શક્તિ હોય છે. તેમજ [1]એકેન્દ્રિયાદિકને લેપાહાર પણ હોય છે. મર્યાદારહિત આહાર હોય છે. પ્રભા-કાંતિ તથા પાંચે ઈન્દ્રિયના સુખથી રહિત હોય છે. ભય ઉત્પન્ન થતાં, ભયાદિ મટાડવાના ઉપાય રહિત હોય છે. સુવું, બેસવું, ચાલવું, શબ્દ બોલવો, કામસેવન વિ. સર્વ શરીરની ક્રિયા યથાયોગ્ય તિર્યંચ જેવી હોય છે.

મનનો વિકલ્પ, શ્રવણ, વિચાર, ધારણા બધું જ હોય છે. પરિગ્રહ-સંગ્રહ, તથા વસ્ત્રાભૂષણ શ્રૃંગારીદિની ઈચ્છા-વિચારથી રહિત હોય છે. ઘર, મંડપાદિમાં રહેવાની ઈચ્છાથી રહિત હોય છે. માતાપિતાદિથી વા માતાપિતા વિના સમ્મૂર્છન જીવોની ઉત્પત્તિ થાય છે અને

---

૧. મુખ્યપણે લેપાહાર એકલા એકેન્દ્રિયને જ હોય છે, પરંતુ લેપક્રિયાના માધ્યમથી લેવામાં આવે તો પંચેન્દ્રિય સુધી લીધો છે.

યથાયોગ્ય કષાયો થાય છે. જીવોને મારવા, ન મારવા આવા વિચારોથી રહિત હોય છે. પર્યાયને વશ, જીવોને મારવા, ન મારવાનું બને છે.

જેવી પર્યાય પામે છે, તેવા જ ભાવ હોય છે. સ્થાવર કાયમાં ચાલવા—બોલવા—સાંભળવાની (ચાર) ઈન્દ્રિયો વિના ચાર ઈન્દ્રિયો સંબંધી જ્ઞાનની શક્તિથી રહિત હોય છે.....વિ. ભાવ જીવના તિર્યંચગતિ સંબંધી તિર્યંચગતિ નામકર્મના ઉદયથી થાય છે. આવા તિર્યંચગતિના ભાવ વર્તમાનમાં તો કંઈક સુખ અને મહાદુઃખના કારણ છે અને આગામી ચારે ગતિઓનું કારણ છે.

**નરકગતિનાં ભાવ** :—નરકગતિ નામકર્મના ઉદયથી જીવોને નરકગતિની પ્રાપ્તિ થાય છે. ત્યાં બધા ભાવ નારકી જેવા થાય છે.

દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના સંબંધમાં અરતિભાવ થાય છે.

દ્રવ્ય તો અતિ ઘૃણાસ્પદ, દુર્ગંધ, મહાકુવર્ણ, કર્કશ, શીત, ઉષ્ણ, વિ. ખરાબ સ્પર્શવાળું હોય છે. મહાકટુરસથી યુક્ત સર્વ રોગોથી ભરેલું શરીર હોય છે. તેમાં અરતિભાવ થાય છે. તથા નારકીઓને ખાવાની માટી મહાદુર્ગન્ધ ખરાબ રસવાળી, કુરુપ તથા ક્ષાર દુર્ગંધ જળ વિ. નરકના દ્રવ્યોમાં અરતિભાવ કરે છે. તથા નરકની ભૂમિ મહાદુર્ગંધ, મહા ઉષ્ણ, મહાશીત તથા કર્કશ સ્પર્શવાળું પૃથ્વીનું ક્ષેત્ર—તેમાં અરતિભાવ કરે છે.

તથા જેટલા સાગરાદિ પ્રમાણ પોતાનો આયુષ્યકાળ હોય છે, તેમાં અરતિભાવ હોય છે અને અતિ પ્રચંડ કષાયયુક્ત સ્વ-પરના દુઃખના કારણ એવા ભાવમાં અરતિભાવ હોય છે.

ચિત્ત મહા કઠોર હોય છે, દુર્જન દયારહિત થઈને વારંવાર મારે છે અને અનેક પ્રકારના દુઃખ દેવાવાળા, સજ્જનતા રહિત, આવા નારકીઓથી સંબંધ, તેમનામાં અરતિભાવ—આમ પાંચ સ્થાનોમાં અરતિભાવ હોય છે.

સદા પરસ્પર લડવા, મારવાનો ભાવ કે પ્રવૃત્તિ હોય છે. નિરંતર દુઃખી હોય છે. ક્ષણમાત્ર પણ તેમને સુખની પ્રાપ્તિ નથી હોતી. માતા-પિતા વિના જ જેનો ઉત્પાદ (ઉપપાદ) જન્મ છે, સર્વ કુટુંબ, વસ્ત્રાભૂષણ રહિત, ઉત્કૃષ્ટ હુંડક સંસ્થાનનો ધારક, શરીરનો અસુંદર આકાર, પાંચે ઈન્દ્રિયોના બધા વિષયોના સુખથી રહિત અને બધા કષાયભાવ, જ્ઞાનભાવ, પાંચ ઈન્દ્રિયોના વિષય, અવધિજ્ઞાન વિ. ભાવ નરકગતિને યોગ્ય થાય છે. ઉપરોક્ત ભાવ જીવને નરકગતિ નામકર્મના ઉદયથી થાય છે. આ નરકગતિના ભાવ વર્તમાનમાં મહાદુઃખના કારણ છે અને આગામી મનુષ્ય, તિર્યંચ બંને ગતિના કારણ છે.

**દેવગતિનાં ભાવ** :—દેવગતિ નામના નામકર્મના ઉદયથી જીવ દેવગતિને પામે છે.

ત્યાં બધા જ ભાવ દેવ જેવા હોય છે. સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ રતિના કારણ બને છે, તેમનામાં રતિભાવ કરે છે. ત્યાં દ્રવ્ય તો સપ્તધાતુ રહિત, સમચતુરસ્ર સંસ્થાન આકારનું ધારક છે, જેની કાંતિ અને રંગ સુંદર છે, પ્રભા સહિત, સુગંધિત, સુંવાળા સ્પર્શનો ધારક છે; આનંદથી ભરપૂર, સુંદર, દૈદીપ્યમાન, સુભગ, મનોજ્ઞ શરીરમાં રતિભાવ ધારણ કરે છે. વસ્ત્રાભૂષણ, શય્યા, આસન, મંદિર, વન, વિ. બધી જ મનોજ્ઞ સામગ્રીમાં રતિભાવ કરે છે.

સ્વર્ગાદિ ક્ષેત્ર વા દ્વીપ-સમુદ્રાદિ રમણ કરવાના ઉત્તમ ક્ષેત્ર, તેમાં રાગભાવ તથા પોતાની આયુ જે સાગરો પ્રમાણ છે, તેમાં સુખપૂર્વક કાળ વ્યતીત કરે છે, તેમાં રતિભાવ કરે છે. તથા દ્વીપ-સમુદ્રાદિમાં ક્રીડા કરવી, હર્ષ કરવો, મદ કરવો, કામમાં લીન રહેવું...વિ. ભાવોમાં રાગ કરે છે. મહાસુંદરરૂપની ધારક દેવાંગના વા દેવ, તેમની સાથે સંબંધ થવાથી, તેમાં રાગ કરે છે. અવધિજ્ઞાન દ્વારા ઈન્દ્રિયજ્ઞાનનો વિષય ઘણો છે. મહાચતુરાઈયુક્ત છે, જેમની મૈથુન સંજ્ઞા યોગ્ય, મનોજ્ઞ સ્થાનમાં ગુપ્ત છે, જેમની માનસિક આહાર સંજ્ઞા છે, ક્યારેક થોડી જેને ભય સંજ્ઞા છે.

જેમનું સર્વ વસ્ત્રાભૂષણાદિ પરિગ્રહ દિવ્ય અને પવિત્ર છે; વિવેકી, હેય, ઉપાદેયના જ્ઞાન સહિત છે તથા સમ્યક્ત્વગુણને ધારણ કરવામાં સમર્થ છે. નિદ્રા, રોગ, અનિષ્ટ સંયોગ, ઈષ્ટ વિયોગથી ઉત્પન્ન ભાવોથી રહિત છે. શ્રૃંગારરસથી ભરેલ પાંચ ઈન્દ્રિયોના સંપૂર્ણ વિષય સુખોને ભોગવવાવાળા છે. જેનામાં શાસ્ત્ર વાંચવાની, સાંભળવાની, ધારણ કરવાની, વિચારવાની શક્તિ ઘણી છે. વચન બોલવા, ચાલવું, શય્યા, આસન, બધી ક્રિયાઓ દેવો જેવી હોય છે. વિ. ભાવ જીવના દેવગતિ સંબંધિ દેવગતિ નામકર્મના ઉદયથી હોય છે. આ દેવગતિના ભાવ વર્તમાનમાં તો સુખના કારણ છે અને ભવિષ્યમાં મનુષ્ય, તિર્યંચ આ બે ગતિઓના કારણ છે.

જે આ ચાર ગતિના ભાવ કહ્યાં (વર્ણવ્યાં) તેઓ (તેમનો ઉદય) જે–જે ગુણસ્થાન અને માર્ગણાસ્થાનમાં જોવામાં આવે છે. તેઓ આ પ્રકારે છે.

**મનુષ્યગતિનાં ભાવ –** સંપૂર્ણ ગુણસ્થાનોમાં જોવામાં આવે છે અને માર્ગણા સ્થાનમાં તો **ગતિ–**મનુષ્ય, **જાતિ–**પંચેન્દ્રિય, **કાય–**ત્રસ, **યોગ–**મનનાં-૪, વચનમાં-૪, ઔદારિક કાય, ઔદારિક મિશ્ર, આહારક કાય, આહારક મિશ્ર, કાર્માણ—આ ૧૩ યોગ. **વેદ–**ત્રણ, **કષાય–**પચ્ચીસ, **જ્ઞાન–**આઠ, **સંયમ–**સાત, **દર્શન–**ચાર, **લેશ્યા–**છ, **ભવ્ય–**ભવ્યત્વ ને

નોંધ : (આ ગ્રંથમાં અહીંથી લઈને અંત સુધીના અધિકારોમાં પાંચ ભાવોને ગુણસ્થાનો અને માર્ગણાસ્થાનોમાં ઘટિત કરવામાં આવ્યા છે અથવા તેમાં જે પણ સુધારો કરવામાં આવ્યો છે, તે ધવલા પુસ્તક–૨ના આધારથી કરવામાં આવ્યો છે.–આધુનિક હિન્દી ભાષાકાર)

અભવ્યત્વ, **સમ્યક્ત્વ**—છ, **સંજ્ઞી**—સંજ્ઞી, **આહાર**—આહારક—અનાહારક—આ માર્ગણાસ્થાનોમાં મનુષ્યભાવ હોય છે.

**તિર્યંચગતિના ભાવ**—મિથ્યાત્વથી લઈને દેશ સંયમ સુધી પાંચ ગુણસ્થાન, માર્ગણાસ્થાનમાં **ગતિ**—તિર્યંચ, **જાતિ**—પાંચ, **કાય**—છ, **યોગ**—મનના-૪, વચનના-૪, ઔદારિક કાય, ઔદારિક મિશ્ર, કાર્માણ=૧૧, **વેદ**—ત્રણ, **કષાય**—૨૫, **જ્ઞાન**—કુજ્ઞાન ત્રણ, સુજ્ઞાન ત્રણ (મતિ-શ્રુત-અવધિ), **સંયમ**—અસંયમ, દેશ સંયમ—૨, **દર્શન**—ચક્ષુ, અચક્ષુ, અવધિ—૩, **લેશ્યા**—છ, **ભવ્ય**—ભવ્યત્વ-અભવ્યત્વ—૨, **સમ્યક્ત્વ**—છ, **સંજ્ઞી**—સંજ્ઞી-અસંજ્ઞી, **આહાર**—આહારક અનાહારક—આ બધા માર્ગણાસ્થાનોમાં તિર્યંચ ભાવ હોય છે.

**દેવગતિના ભાવ**—મિથ્યાત્વ ગુણસ્થાનથી લઈને અસંયત સમ્યગ્દષ્ટિપર્યંત ચાર ગુણસ્થાન. હવે માર્ગણાસ્થાનોમાં—**ગતિ**-દેવ, **જાતિ**-પંચેન્દ્રિય, **કાય**—ત્રસ, **યોગ**—મનના-૪, વચનના-૪, વૈક્રિયક—વૈક્રિયક મિશ્ર—૨ અને કાર્માણ—૧=૧૧. **વેદ**—પુરુષ-સ્ત્રી—૨, **કષાય**—નપુંસકને છોડીને ૨૪, **જ્ઞાન**—કુજ્ઞાન-૩, સુજ્ઞાન-૩, **સંયમ**—અસંયમ, **દર્શન**—ચક્ષુ, અચક્ષુ, અવધિ, **લેશ્યા**—છ, **ભવ્ય**—ભવ્યત્વ-અભવ્યત્વ-૨, **સમ્યક્ત્વ**—૬, **સંજ્ઞી**—સંજ્ઞી, **આહાર**—આહારક-અનાહારક—આ બધા માર્ગણાસ્થાનોમાં દેવગતિના ભાવ હોય છે.

**નરકગતિનાં ભાવ**—મિથ્યાત્વથી લઈને અસંયત સમ્યગ્દષ્ટિ પર્યંત ચાર ગુણસ્થાન. હવે માર્ગણાસ્થાનોમાં **ગતિ**—નરક, **જાતિ**—પંચેન્દ્રિય, **કાય**—ત્રસ, **યોગ**—મનના ૪, વચનના-૪, વૈક્રિયક, વૈક્રિયકમિશ્ર, કાર્માણ=૧૧, **વેદ**—નપુંસક, **કષાય**—બે વેદને છોડીને ૨૩. **જ્ઞાન**—કુજ્ઞાન-૩, સુજ્ઞાન-૩, **સંયમ**—અસંયમ, **દર્શન**—ચક્ષુ, અચક્ષુ, અવધિ, **લેશ્યા**—કૃષ્ણ, નીલ, કાપોત-૩, **ભવ્ય**—ભવ્યત્વ-અભવ્યત્વ—૨, **સમ્યક્ત્વ**—છ, **સંજ્ઞી**—સંજ્ઞી, **આહાર**—આહારક, અનાહારક—આ માર્ગણાસ્થાનોમાં નરકગતિના ભાવ હોય છે.

આમ શ્રી ભાવદીપિકા ગ્રંથના ઔદયિક ભાવાધિકારમાં પ્રથમ ગતિભાવ અંતરાધિકાર પૂર્ણ થયો. ૪

૪

# (૨) મિથ્યાત્વભાવ અંતરાધિકાર

મંગલાચરણ

(દોહા)

દર્શનમોહ વિધ્વંસ કરી, ગ્રહ્યો નિજ સમ્યક્ ભાવ।
જીત્યા ઘાતિયા ચાર વિધિ, નમૂં મહાન જિનરાવ॥

**હવે મિથ્યાત્વાધિકાર કહીએ છીએ.** દર્શનમોહ કર્મના ઉદયથી જીવના મિથ્યાત્વભાવ થાય છે, માટે તેને ઔદયિક મિથ્યાત્વભાવ કહે છે. વિપરીતાભિનિવેશને મિથ્યાત્વ ભાવ કહે છે. વિપરિતાભિનિવેશ અર્થાત્ અન્યથા અભિપ્રાય, અતત્ત્વ શ્રદ્ધાનરૂપ ભાવ "તસ્ય ભાવસ્તત્વં" જેનો જે ભાવ તે જ તેનું તત્ત્વ અને જેનો જે ભાવ નથી, અન્યથા ભાવ છે, તેને માનવો તેને અતત્ત્વ શ્રદ્ધાન કહે છે. તે જ તત્ત્વને કારણે જીવાદિ પદાર્થ પોત-પોતાના જે જે ભાવરૂપ છે, તે જ ભાવ અર્થાત્ સ્વરૂપ સહિત માનવા, તે તત્ત્વાર્થ શ્રધ્ધાનરૂપ સમ્યગ્દર્શનભાવ છે અને જે ભાવરૂપ નથી તે ભાવરૂપ માનવાથી અતત્ત્વ શ્રદ્ધાનરૂપ મિથ્યાત્વભાવ થાય છે. તે મિથ્યાત્વ ભાવ બે પ્રકારનો છે એક અગૃહિત, બીજો ગૃહિત.

**અગૃહિત મિથ્યાત્વનું સ્વરૂપ કહીએ છીએ.**—ત્યાં પરદ્રવ્ય, પરગુણ, પર પર્યાયોમાં અહંકાર-મમકારબુદ્ધિ વા દષ્ટિગોચર પુદ્‌ગલ પર્યાયોમાં દ્રવ્ય-બુદ્ધિ, અદષ્ટિગોચર દ્રવ્ય-ગુણ-પર્યાયોમાં અભાવબુદ્ધિ–તે અગૃહિત મિથ્યાત્વ ભાવ છે. પરદ્રવ્ય જે શરીર, પુદ્‌ગલ પિંડ, તેમાં જે એવી અહંબુદ્ધિ છે કે "આ હું છું" આ પરદ્રવ્યમાં અહંબુદ્ધિ મિથ્યાત્વ ભાવ છે.

જેમ કે પુદ્‌ગલના સ્પર્શાદિભાવ, તેમાં અહંબુદ્ધિ, તે હું છું–હું ગરમ, હું ઠંડો, હું કોમળ, હું કર્કશ, હું ચીકણો, હું લુખ્ખો, હું સૂક્ષ્મ, હું હલકો, હું ભારી, હું ગોરો, હું કાળો, હું લાલ, હું લીલો, હું પીળો, હું સુગંધ, હું દુર્ગંધ, હું મીઠો, હું ખારો, હું કડવો, હું કષાયેલો, હું તીખો, વિ. પરગુણોમાં જે અહંબુદ્ધિ, તે મિથ્યાત્વ ભાવ છે.

હું દેવ, હું નારકી, હું મનુષ્ય, હું તિર્યંચ.....વિ. અનેક વિશેષ છે. તેમાં અહંબુદ્ધિ તે પર પર્યાયોમાં અહંબુદ્ધિ મિથ્યાત્વ ભાવ છે. આ પ્રકારે, પરદ્રવ્યાદિમાં અહંભાવ મિથ્યાત્વરૂપ જાણવો.

આ મારું ધન, આ મારું મંદિર, આ મારા આભૂષણ, આ મારાં વસ્ત્ર, આ મારાં ધાન્યાદિ પદાર્થ વિ. વસ્તુઓમાં મમકાર, તે પરદ્રવ્યોમાં મમત્વબુદ્ધિરૂપ અગૃહિત મિથ્યાત્વ ભાવ છે. શરીરનું બળ-વીર્યમાં એમ માનવું, આ મારું બળ છે, અનેક પ્રકારનું પરાક્રમ કરીને અનેક સુભટોને જીતી લઉં, અનેક કાર્ય કરું. આ મારો શિષ્ય, આ મારા શબ્દ, આ મારી ચાલ...આ અનેક શરીરોમાં મારી પ્રવૃત્તિ છે. વિ. પરગુણોમાં મમત્વબુદ્ધિરૂપ અગૃહિત મિથ્યાત્વ ભાવ છે.

આ મારાં પુત્રો, આ મારી સ્ત્રી, આ મારી માતા, આ મારાં પિતા, આ મારો ભાઈ વિ. અથવા આ મારો સામંત, આ મારી સેના, આ મારી પ્રજા, આ મારાં હાથી, આ મારાં ઘોડાં, રથ, પાલખી, ગાય વિ.માં મમકારબુદ્ધિ, આ પર પર્યાયોમાં મમકાર બુદ્ધિરૂપ અગૃહિત મિથ્યાત્વ ભાવ છે.

દૃષ્ટિમાં જેટલી ઘટ-પટાદિ પુદ્ગલની પર્યાયો આવે છે, તેને ભિન્ન ભિન્ન દ્રવ્ય માને છે. આ ઘટ છે, પટ છે, આ સુવર્ણ છે, આ પાષાણ છે, આ પર્વત છે, આ વૃક્ષ છે, આ મનુષ્ય છે, આ હાથી છે, આ ઘોડો છે, આ કાગ છે, આ ચકલી છે, આ શિયાળ છે, આ સિંહ છે, આ સૂર્ય છે, આ ચંદ્રમા છે. વિ. પર્યાયોને દ્રવ્ય માને છે. તેને જ સત્ય માને છે અને જે દૃષ્ટિગોચર નથી, એવા જે દૂર ક્ષેત્રવર્તી, વા જે હતું ને નષ્ટ થઈ ગયું છે વા અનંતકાળમાં થશે વા ઇન્દ્રિયો અગોચર સત્ત્વ હશે વા વર્તમાનમાં નથી—આમ માને છે વિ. ભાવ તે અગૃહિત મિથ્યાત્વરૂપ જાણવા. આ અગૃહિત મિથ્યાત્વ ભાવ તો જીવના અનાદિના છે અને યથાયોગ્ય સર્વ (મિથ્યાદૃષ્ટિ) જીવોને સર્વ પર્યાયોમાં, સદાકાળ, સર્વક્ષેત્રમાં હોય છે. ક્યારેય કોઈના ઉપદેશથી નથી થયો. માટે નૈસર્ગિક કહેવામાં આવે છે.

**ગૃહિત મિથ્યાત્વનું સ્વરૂપ કહે છે**—મિથ્યાત્વ સ્વરૂપને ધારણ કરવાવાળો એવો આ ઘોર સંસાર, જીવને સદાકાળ અહિતનું કારણ છે; તેમાં જીવનું હિત જે મોક્ષ—સર્વકર્મોનો અભાવ અર્થાત્ સંસારથી છૂટી જવું, તેના કારણભૂત છ પદાર્થ છે—દેવ, ગુરુ, ધર્મ, આપ્ત, આગમ, પદાર્થ—આ મોક્ષમાર્ગના કારણ છ તત્ત્વ છે.

**પ્રથમ દેવનું સ્વરૂપ કહે છે.** "નિર્દોષો દેવઃ" સંપૂર્ણ દોષોથી રહિત જે જીવ હોય, તેને (જ) દેવ કહે છે. દોષ થાય છે અજ્ઞાન અને કષાયથી. કર્મના આવરણ સહિત જે જ્ઞાન છે, તેને અજ્ઞાન કહે છે અને રાગ-દ્વેષ ભાવોને કષાય કહે છે. આથી જે અજ્ઞાની અને કષાયી

જીવ છે તે સ્વ-પરનું હિત નથી કરી શકતા તો પછી તેને પૂજ્યપદ કેવી રીતે પ્રાપ્ત થાય? અને જગતના જીવ પૂજે છે, તેઓ પોતાના હિતને માટે પૂજે છે. જે જીવથી હિત ન થાય તેને શા માટે પૂજશે? આથી જે હિતનું કારણ નથી, તે પૂજ્ય પણ નથી અને જે પૂજ્ય નથી તે દેવ પણ નથી.

માટે સમસ્ત જ્ઞાનાવરણ, દર્શનાવરણ કર્મના નાશથી અનંતજ્ઞાન, અનંતદર્શન પ્રગટ થયાં છે અને દર્શનમોહનીય તથા ચારિત્ર મોહનીયનો અભાવ હોવાથી મિથ્યાત્વ અને કષાયભાવ નષ્ટ થઈ ગયા છે, તેથી પોતાનો સહજ સ્વભાવ જે અનંતસુખ તે પ્રગટ થયો છે અને અંતરાય કર્મના અભાવથી અનંતવીર્ય પ્રગટ થયું છે—આવા અનંતચતુષ્ટયના ધારક પરમદેવ છે. આથી જેઓની પોતાના હિતની સિદ્ધિ થઈ ગઈ છે અને પરજીવોના હિત કરવા માટે પરમ શક્તિના ધારક છે. આથી પૂજ્યપદમાં બિરાજમાન હોવાથી દેવ છે. જે સર્વ કર્મોનો અભાવ કરીને પરદ્રવ્યોનો બધા જ પ્રકારથી સંબંધ છૂટી જવાથી લોકના શિખર પર બિરાજમાન છે તેમજ જેઓને સર્વ પ્રકારથી, પોતાના સ્વરૂપની સિદ્ધિ પ્રાપ્ત થઈ ગઈ છે. સમ્યક્ત્વાદિ અષ્ટગુણ સહિત એવા પરમદેવ સિદ્ધ ભગવાન, તેઓ દેવ છે, પૂજ્ય છે, તેમના સ્વરૂપના ચિંતનમાત્રથી જ જીવોનું હિત થાય છે અને સુખની પ્રાપ્તિ થાય છે. આવું પરમદેવનું સ્વરૂપ છે.

**ગુરુનું સ્વરૂપ કહે છે**—ગુરુ નામ મોટાઓનું છે. જે જીવોને અહિતથી બચાવીને હિતમાં પ્રવર્તમાન કરાવે છે, આ કારણે મોટા કહેવાય છે અને તેઓ જ ગુરુ છે. ગુરુ બે પ્રકારના હોય છે—એક ધર્મગુરુ, બીજા ઉપકારી ગુરુ. જેઓ ૨૮ મૂળગુણ સહિત, બાહ્યાભ્યંતર પરિગ્રહના ત્યાગી, નગ્ન મુદ્રાના ધારક છે. શુદ્ધ રત્નત્રયરૂપ જેમની પ્રવૃત્તિ છે, પરમ દશલક્ષણરૂપ ધર્મની જે મૂર્તિ છે, બાહ્યાભ્યન્તર બાર પ્રકારના તપમાં જેઓ આરૂઢ છે, પરમ દિગંબર છે, તેઓને ધર્મગુરુ જાણવા.

**ઉપકારી ગુરુ બે પ્રકારનાં છે :** એક ધર્મના ઉપકારી ગુરુ અને બીજા લૌકિક ઉપકારી ગુરુ. તેમાં પણ ધર્મ ઉપકારી ગુરુ ત્રણ પ્રકારના છે—દીક્ષાગુરુ, શિક્ષાગુરુ, વિદ્યાગુરુ. અણુવ્રત, અને મહાવ્રતનું આચરણ કરાવવાવાળા, ગ્રહણ કરાવવાવાળા, આવા જે ચતુર્વિધ સંઘમાં વડા મહામુનિ. તેઓ **દીક્ષાગુરુ** છે. તથા જિનપ્રણીત માર્ગનો ઉપદેશ દેવાવાળા તેઓ **શિક્ષાગુરુ** છે અને જિનપ્રણીત શાસ્ત્રને શીખવવાવાળા તેઓ **વિદ્યાગુરુ** છે.

**લૌકિક ગુરુ પાંચ પ્રકારનાં છે : કુળગુરુ**—માતા, પિતા, પિતામહ, દાદી, મોટાભાઈ, ભાભી, મોટાભાઈ, ભાભી, કાકા, કાકી, મોટી બહેન, બનેવી, નાના, નાની, મામા, મામી, ફૈબા, માસી, માસા...વિ. કુળગુરુ છે. જે જ્યાં વસવાટ કરે છે, ત્યાંના રાજાદિ **રક્ષાગુરુ** છે.

લૌકિક વિદ્યા, જેનાથી આજીવિકા મળી રહે છે તેવી શસ્ત્ર વિદ્યા, શાસ્ત્રવિદ્યા તથા અન્ય અનેક પ્રકારની સમસ્ત વિદ્યાઓ શીખવાડનાર **શિક્ષાગુરુ** છે. આ જે ગુરુ કહેવામાં આવ્યા, તેમને યથાયોગ્ય વિનય, પૂજન, નમસ્કારાદિ કરવાં. તેમના સિવાય અન્યને ગુરુ માનીને વિનય કરવો તે મિથ્યાત્વ ભાવ છે અને લૌકિક પ્રયોજન જાણીને યથાયોગ્ય વિનય કરવો, તે મિથ્યાત્વ નથી.

**ધર્મગુરુ**ની અષ્ટદ્રવ્યથી પૂજા કરવી, હાથ જોડીને અષ્ટાંગ નમસ્કાર કરવા વા પંચાગ નમસ્કાર કરવા. મહાભક્તિપૂર્વક ચાર પ્રકારનું (યથાયોગ્ય) દાન કરવું, સર્વોપરિ સત્કાર કરવો, વિનય કરવો. **લૌકિક ગુરુ**ને યથાયોગ્ય ભેંટ આપવી, વિનયપૂર્વક હાથ જોડીને વા મસ્તક પર હાથ ધરીને પંચાંગ નમસ્કાર કરવા, પછી હાથ જોડીને સત્કાર કરવો, યથાયોગ્ય વિનય કરવો.

**હવે ધર્મતત્ત્વ કહે છે**—ધર્મ બે પ્રકારનો છે—એક નિશ્ચય ધર્મ, બીજો વ્યવહાર ધર્મ. **નિશ્ચય ધર્મ** તો વસ્તુનો સ્વભાવ છે. રાગ-દ્વેષ રહિત પોતાનો જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવ તેમાં સ્થિર થવું નિશ્ચય ધર્મ છે. તેનું નામ ચારિત્ર છે. **વ્યવહાર ધર્મ બે પ્રકારનાં છે**—તે નિશ્ચયધર્મનો જ વ્યવહાર કરીશું તો ધર્મના બે પ્રકાર થઈ જશે—દેશ સંયમ અને સકલ સંયમ. જેમાં મિથ્યાત્વ છોડીને, કષાય, વિષય અને પાંચ પાપોરૂપ અંતરંગ પરિણામોનો એકદેશ ત્યાગ કરે છે તે દેશ સંયમ છે અથવા આ ધર્મના બાહ્ય કારણ ૫—અણુવ્રત, ૩—ગુણવ્રત, ૪—શિક્ષાવ્રત આ ૧૨ વ્રતોને ગ્રહણ કરવા તેને પણ દેશસંયમ કહે છે. અહીં કારણમાં કાર્યનો ઉપચાર કરીને તેને સંયમ કહે છે.

જેમાં સર્વ પ્રકારથી બુદ્ધિપૂર્વક મિથ્યાત્વ, કષાય, વિષય અને પાંચ પાપોનો ત્યાગ હોય, તે સકળ સંયમ છે અથવા સકળ સંયમના બાહ્ય કારણ ૨૮-મૂળગુણ વા ૮૪ લાખ ઉત્તરગુણો તેમનું ગ્રહણ તે પણ વ્યવહારથી સકલ સંયમ છે.

**આપ્ત તત્ત્વને કહે છે**—જીવનું પરમહિત મોક્ષ છે. તેના ઉપદેશક તેઓ આપ્ત કહેવાય છે. તેઓ બે પ્રકારનાં છે—એક મૂળ આપ્ત, બીજા ઉત્તર આપ્ત. જે સમસ્ત પદાર્થોને પ્રત્યક્ષ જાણે છે અને જેમના ચાર ઘાતિયા કર્મ નાશ થયા છે, તે કારણે અનંત ચતુષ્ટયને પ્રાપ્ત થયા છે. એવા શ્રી અરહંત દેવાધિદેવ બાર સભામાં વચ્ચે બેસીને મોક્ષમાર્ગનો ઉપદેશ આપે છે, તેઓ મૂળ આપ્ત છે.

તથા તેમના અનુસાર કથન કરવાવાળા, સમ્યગ્દર્શનાદિના ધારક ગણધરાદિ તેઓ બધા ઉત્તર આપ્ત કહેવાય છે. સમ્યગ્દર્શનાદિના ધારક જિનપ્રણીત શાસ્ત્રના જ્ઞાતા, કષાય રહિત વક્તા એવા ગૃહસ્થ તે બધા ઉત્તરોત્તર આપ્ત જાણવા.

જેઓ કુલિંગરૂપ મિથ્યાદર્શનના ધારક છે અને યથાર્થ જિનપ્રણીત શાસ્ત્રના અર્થને કહે છે તોપણ તેઓ આપ્ત નથી. આ કારણે તેમના દ્વારા કહેવાયેલ અર્થ, પ્રમાણ-નયાદિથી અને આમ્નાયથી મેળવીને સિદ્ધ કર્યા બાદ ગ્રહણ કરવો. જો એટલી શક્તિ ન હોય તો તેમના દ્વારા કહેવામાં આવેલ શાસ્ત્રનો ઉપદેશ ન સાંભળવો. તેઓ દ્વારા પ્રતિપાદિત અર્થને સમજ્યા વિના, એમ જ પ્રતીતિ ન કરવી જોઈએ.

હવે **આગમ તત્ત્વને કહે છે.** આપ્તનું જે વચન, તેને આગમ કહે છે. તે આગમ કેવા છે? પ્રમાણ—નયાદિથી અબાધિત છે; કોઈપણ અપેક્ષાથી જેમાં બાધા સંભવ નથી તે જિનાગમ છે. તેને આગમ માનવા, જે પ્રમાણ-નયાદિથી બાધિત હોય તે આગમ નથી, કારણ કે આગમ કેવળીનાં વચન છે, એટલા માટે તેઓ બાધા સહિત નથી હોતાં.

આગમમાં ત્રણ પ્રકારના પદાર્થ કહ્યાં છે. જ્ઞેય, હેય તથા ઉપાદેય. આ ત્રણ પ્રકારના પદાર્થોમાં જે પ્રત્યક્ષ પ્રમાણ ગોચર હોય, તે અર્થને પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ કરવા અને જે અનુમાન પ્રમાણથી સિદ્ધ થાય છે, તેને અનુમાન પ્રમાણથી સિદ્ધ કરવા તેમજ જે આગમપ્રમાણથી જ સિદ્ધ હોય, તેને સાંભળીને, સુનિશ્ચિત સ્વાનુભવ અબાધક પ્રમાણથી સિદ્ધ કરવા. તેમાં જે અબાધિત હોય, તેને જિનાગમ જાણવા અને જે બાધિત હોય, તેને જિનાગમ ન જાણવા.

એવું માનીને કે આ પ્રાકૃતમય છે, સંસ્કૃતમય છે વા મોટા આચાર્યના નામથી કહેવામાં આવ્યા છે; એવી પ્રતીતિ કરીને અર્થનું શ્રદ્ધાન ન કરવું. કારણ કે આ કળિકાળના દોષથી પાખંડી, કષાયી પંડિતો દ્વારા શાસ્ત્રોમાં અન્યથા અર્થ ભેળવી દીધો છે. આ કારણે જૈન ન્યાયના શાસ્ત્રોની એવી આજ્ઞા છે કે **આગમનું સેવન, યુક્તિનું અવલંબન, પરંપરા ગુરુનો ઉપદેશ તથા સ્વાનુભવ**—આ ચાર વિશેષોનો આશ્રય લઈને અર્થની સિદ્ધિ કરીને ગ્રહણ કરવો. વિપરીત અર્થને ગ્રહણ કરવાથી જીવનું અકલ્યાણ થાય છે.

**હવે પદાર્થ તત્ત્વને કહે છે**—પદનો અર્થ પ્રયોજન છે, તેને પદાર્થ કહે છે. તે પદાર્થ નવ પ્રકારના છે—જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ, પુણ્ય, પાપ. તેમનું સ્વરૂપ જિનાગમમાં જેવું કહ્યું છે, તેવા જ સ્વરૂપ સહિત ગ્રહણ કરવા; તે મોક્ષના કારણ છે. તેમનું જેવું સ્વરૂપ છે, તે જ સ્વરૂપથી ગ્રહણ કરવાથી તેઓ મોક્ષના કારણ બને છે. વિપરીત સ્વરૂપ ગ્રહણ કરવાથી તેઓ સંસારના કારણ બને છે.

હવે **જીવ તત્ત્વ કહે છે**—જીવ પદાર્થ બે પ્રકારે છે—એક તો મોક્ષના કારણરૂપ જીવ, બીજા સંસારી જીવ. મોક્ષના કારણ જીવ પદાર્થ નવ પ્રકારના છે—અર્હન્ત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, મુનિ, અર્જિકા, શ્રાવક, શ્રાવિકા. આનાથી ભિન્ન બધા સંસારીજીવ પદાર્થ જાણવા.

**હવે આસ્રવ તત્ત્વનાં પાંચ પ્રકાર કહે છે**—દ્રવ્યકર્મ અને નોકર્મરૂપ પરિણમનના કારણ(ભૂત) પુદ્‌ગલ કર્મવર્ગણા, તેમનું યોગ દ્વારા આગમન થવું, તેને મૂળ આસ્રવ કહે છે. તેના આગમનના કારણ મન, વચન, કાયરૂપ યોગ છે, એ કારણે યોગોને પણ આસ્રવ કહે છે. કર્મોમાં સ્થિતિ-અનુભાગબંધનું કારણ **મિથ્યાત્વ** અને **કષાય** છે. વિશેષમાં અવ્રતને કરવાવાળા રાગ-દ્વેષભાવ, તેને પણ આસ્રવ કહે છે. આથી મૂળ આસ્રવના ભેદ ૧૩ છે. જેમકે–જ્ઞાનાવરણાદિ આઠ કર્માસ્રવ, ઔદારિક, વૈક્રિયક, આહારક, તૈજસ, કાર્માણ—આ પાંચ નોકર્માસ્રવ છે. તેમને કારણે સત્તાવન ભાવ આસ્રવ છે જે આ પ્રકારે છે–યોગ-૧૫, કષાય-૨૫, અવ્રત-૧૨, મિથ્યાત્વ-૫.

**બંધ તત્ત્વ ચાર પ્રકારે છે** : પ્રકૃતિબંધ, પ્રદેશબંધ, સ્થિતિબંધ, અનુભાગબંધ.

**સંવર પદાર્થ બે પ્રકારે છે** : એક મૂળ સંવર, તેને જ ભાવસંવર કહે છે. બીજો ઉત્તર સંવર, તેને દ્રવ્ય સંવર કહે છે. તેમાં મૂળ સંવર ચાર પ્રકારનો છે–મિથ્યાત્વ સંવર, અવ્રત સંવર, કષાય સંવર અને યોગ સંવર. તેના ઉત્તરભેદ ૫૭ છે. મિથ્યાત્વ સંવરના ૫, અવ્રત સંવરના ૧૨, કષાય સંવરના ૨૫ અને યોગ સંવરના ૧૫ ભેદ છે. આ ૫૭ ભેદોને ભાવ સંવર કહે છે. આ ભાવોનો સંવર અર્થાત્ રોકવા તેને ભાવસંવર કહે છે અને એઓનો સંવર થતાં જ જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલ કર્મોના આસ્રવનો અભાવ થવો/રોકાઈ જવું તે દ્રવ્ય સંવર છે. જેટલો સમય ભાવસંવર થાય છે તેટલો જ સમય દ્રવ્યસંવર થાય છે–આમ જાણવું.

**નિર્જરા તત્ત્વ બે પ્રકારે છે.** એક મૂળ નિર્જરા, તેને ભાવનિર્જરા કહે છે. બીજી ઉત્તર નિર્જરા છે. જ્યાં મિથ્યાત્વ અને કષાયભાવોની અનુભાગ શક્તિ પ્રતિ સમય ક્ષીણ થાય છે તે મૂળ નિર્જરા છે અને જ્ઞાનાવરણાદિ કર્મોનું પ્રતિસમય સ્થિતિ–અનુભાગનું ક્ષીણ થવું/ખરવું તે ઉત્તર નિર્જરા છે.

**મોક્ષતત્ત્વ પણ બે પ્રકારે છે** એક ભાવ મોક્ષ, બીજો દ્રવ્ય-મોક્ષ. જ્ઞાનાવરણાદિ ચાર ઘાતિયા કર્મોનો અભાવ કરીને અનંત ચતુષ્ટયને પ્રાપ્ત કરવા તે ભાવ મોક્ષ છે અને સર્વ કર્મોનો અભાવ કરીને પરદ્રવ્યોથી પૃથક્ થઈ જવું તે દ્રવ્ય-મોક્ષ છે.

**પુણ્ય પદાર્થ બે પ્રકારે છે**—તેમાં પુણ્ય કર્મોનો ઉદય થતાં સાંસારિક સુખ-સાતા પ્રાપ્ત થવા, ઈષ્ટ સામગ્રીનો સમાગમ થવો, તે ઉદયરૂપ પુણ્ય પદાર્થ છે અને મંદકષાયરૂપ ભાવ થવો, તે બંધરૂપ પુણ્ય પદાર્થ છે. આમ પુણ્ય પદાર્થ (ઉદય તથા બંધ) બે પ્રકારે છે.

**પાપ પદાર્થ બે પ્રકારે છે**–પાપ કર્મોનો ઉદય થતા સંસારમાં દુઃખની સામગ્રીનો સમાગમ થાય છે. તેથી જીવ દુઃખી થાય છે. તે ઉદયરૂપ પાપ પદાર્થ છે. સંક્લેશભાવોથી અનેક પાપકર્મ કરવા, તે બંધરૂપ પાપ પદાર્થ છે. આમ પાપ પદાર્થ (ઉદય તથા બંધરૂપ) જાણવો.

આ પ્રમાણે નવ પદાર્થ કહ્યાં, તેમનું યથાર્થ સ્વરૂપ ગ્રહણ કરવું.

મોક્ષના કારણ આ છ તત્ત્વ છે. દેવ, ગુરુ, ધર્મ, આપ્ત, આગમ અને પદાર્થ. તેમનું યથાર્થ સ્વરૂપ સહિત જેવું છે તેવું જ શ્રદ્ધાન કરવું, તે સમ્યગ્દર્શન છે. તેમનું સ્વરૂપ જાણવું તે સમ્યગ્જ્ઞાન છે. તેઓમાં યથાયોગ્ય પ્રવૃત્તિ કરવી તે સમ્યક્ ચારિત્ર છે. આ ત્રણ સ્વરૂપ મોક્ષમાર્ગ જાણવો જોઈએ. આ છ તત્ત્વોમાંથી એક પણ ન હોય તો મોક્ષમાર્ગ ન થઈ શકે. જો દેવ તત્ત્વ ન હોય તો ધર્મનું પ્રવર્તન કોના આશ્રયથી થશે? ગુરુ તત્ત્વ ન હોય તો ધર્મને કોણ ગ્રહણ કરાવશે? ધર્મ ગ્રહણ કર્યા વિના મોક્ષની સિદ્ધિ કોના દ્વારા કરશે? જો આપ્તને ન માને તો સત્યધર્મનો ઉપદેશ કોણ આપશે? આગમને ન માને તો મોક્ષમાર્ગમાં આલંબન કોનું કરશે? પદાર્થનું જ્ઞાન ન કરવામાં આવે તો સ્વ-પરનું, પોતાના તથા પરભાવોનું હેય-ઉપાદેયભાવોનું, અહિતનું અને પોતાના પરમહિતનું ભાન/જ્ઞાન કેવી રીતે થશે? આ કારણે મોક્ષમાર્ગમાં આ છયે તત્ત્વોનું ગ્રહણ આવશ્યક છે.

દર્શન મોહનીય કર્મના ઉદયથી આ છયે તત્ત્વોને વિપરીત માનવા, તેને ગૃહિત મિથ્યાત્વ કહે છે. તે ગૃહિત મિથ્યાત્વ ભાવ પાંચ પ્રકારે છે—એકાંત, વિનય, સંશય, વિપરીત અને અજ્ઞાન. આથી ગૃહિત મિથ્યાત્વ મૂળ પાંચ પ્રકારે છે; ઉત્તર ભેદ અસંખ્યાત લોક પ્રમાણ છે.

પ્રથમ **એકાંત મિથ્યાત્વ ભાવ**ને કહે છે—અનેક વિશેષોથી યુક્ત આ છ તત્ત્વોમાંથી કોઈ એક વિશેષનો આશ્રય લઈને કોઈ તત્ત્વને ધારણ કરવું, સેવન કરવું, સર્વ વિશેષણોં સહિત સર્વ તત્ત્વોને ન સેવવા/માનવા, તે એકાંત મિથ્યાત્વ ભાવ છે. જેમ કે—બધા પ્રકારની સિદ્ધિ કરવાવાળા દેવ જ છે, તેમને જાણવા/માનવા, અન્ય પાંચ તત્ત્વોને ન જાણવા/માનવા, વા ગુરુને જ જાણવા/માનવા, વા ધર્મને જ જાણવો/માનવો વા આપ્તને જ જાણવા/માનવા વા આગમને જ જાણવા/માનવા વા પદાર્થોનું જ જ્ઞાન કરવું, જાણવા/માનવા તેમનામાંથી કોઈ બે ને વા ત્રણને જ વા ચારને જ વા પાંચને જાણવા/માનવા, તે એકાંત મિથ્યાત્વ છે. આથી છયે છ ને માનવાથી/જાણવાથી જ સર્વ સિદ્ધિ થાય છે.

અનેક વિશેષોમાંથી દેવને કોઈ એક વિશેષનો આશ્રય કરીને (એક વિશેષણવાળા માનીને) સેવવા/આ મહંત છે, આ સર્વના ઈશ્વર છે, આ કેવળજ્ઞાની છે, આ બધા દ્વારા પૂજ્ય છે, સમવશરણ લક્ષ્મીના સ્વામી છે, સ્વર્ગ-મોક્ષના દાતા છે, તેમને પૂજવાથી લક્ષ્મી અને પુત્ર-કલત્રાદિ અનેક ઈષ્ટ વસ્તુઓ મળે છે/ઉત્પન્ન થાય છે, અનેક રોગાદિ કષ્ટ અનેક રાજાદિ ઉત્પન્ન વિઘ્ન અને ભયનો નાશ થાય છે. આ લોક-પરલોકમાં તેઓ જ સહાયક થાય છે, વિ-વિશેષોમાંથી કોઈ એક વિશેષનો આશ્રય લઈને સેવે છે—વિ. ભાવ, તે દેવના આશ્રયથી થવાવાળું એકાંત મિથ્યાત્વ છે.

તેમાં પણ શ્રી ઋષભદેવને જ વા ચંદ્રપ્રભને જ વા શાંતિનાથને જ વા નેમિનાથને જ, વા પાર્શ્વનાથને જ વા મહાવીરને જ અધિક માનવા અને ભાવદેવને માનવા જ નહીં તથા કોઈ એક ઢૂંઢ્યાદિ મતવાળા ભાવદેવને જ માને છે, સ્થાપના કરીને બિરાજમાન કરેલા દેવને નથી માનતા. શ્વેતામ્બરાદિ ગર્ભ, જન્મ, રાજ્ય, તપ અવસ્થામાં જ રહે છે એને જ દેવ માને છે, દ્રવ્યદેવની જ સ્થાપના કરે છે. કોઈ સ્થાપના દેવ અર્થાત્ પ્રતિમાને જ દેવ માને છે તથા કોઈ નામદેવને જ માને છે. આથી તેમનું નામ જ જપવું (તે સિવાય કાંઈ) જ્ઞાન તો છે નહીં.

(વળી કોઈ તો) ગુરુની જ સેવા કરવી, ગુરુ દ્વારા દેવામાં આવેલ અણુવ્રત-મહાવ્રત, તેને જ ગુરુની આજ્ઞા પ્રમાણે પાળે છે. ગુરુને જ પોતાની સર્વ સિદ્ધિનું કારણ માને છે. સાંસારિક પ્રયોજનનું કારણ પણ ગુરુને જ માનવા, અન્ય પાંચ તત્ત્વોને ગૌણ કરી દેવા તથા આ ભવ, પરભવ સંબંધી જે અનેક પ્રકારના સાંસારિક પ્રયોજન, તેમાંથી કોઈ એક પ્રયોજન માટે ગુરુની સેવા વિ. ગુરુના આશ્રયથી મિથ્યાત્વ ભાવ જાણવો.

અનેક પ્રકારનો જે પૂજા, દાન, શીલ, તપ, સંયમ, અણુવ્રત, મહાવ્રત વા વ્યવહાર સમ્યક્ત્વ વિ. રૂપ જે વ્યવહાર ધર્મ કે જીવાદિ સાત તત્ત્વોનું સ્વરૂપ જાણવું અથવા માત્ર આત્માનું સ્વરૂપ જાણવું તે નિશ્ચયધર્મ—આવો નિશ્ચય-વ્યવહારરૂપ જે સામાન્ય ધર્મ, તેનાથી આ ભાવ—પરભવ સંબંધી વા મોક્ષમાર્ગ સંબંધી સર્વસિદ્ધિ માને છે, અન્ય પાંચ તત્ત્વોને ગૌણ માને છે.

વ્યવહારાભાસી જીવ નિશ્ચયનું આલંબન છોડીને વ્યવહાર ધર્મથી જ સિદ્ધિ માને છે. તે વ્યવહાર ધર્મમાં પણ પૂજાને, તેમાં પણ પૂજા કરવાથી જ વા પૂજા દેખવાથી જ, વા દાનથી જ તેમાં પણ આહારદાનથી જ વા ઔષધદાનથી જ, વા શાસ્ત્રદાનથી જ, વા અભયદાનથી જ, વા શીલથી જ વા વ્રતથી જ, વા તેમાં પણ દયાથી જ, વા સત્યથી જ, વા ચોરીના ત્યાગથી જ, વા બ્રહ્મચર્યથી જ, વા પરિગ્રહ પરિમાણ કરવાથી જ, વા તપ કરવાથી જ, વા તપમાં પણ ઉપવાસ કરવાથી જ, વા અલ્પાહાર લેવાથી જ, નિત્ય નિયમરૂપ ત્યાગ—ગ્રહણાદિરૂપ વ્રત પરિસંખ્યાનથી જ, વા રસ છોડવાથી જ, વા સર્વસંગ, વસ્તી વિ.ને છોડીને નિર્જન વનાદિ એકાંત સ્થાનમાં શય્યાસન કરવાથી જ, વા ઠંડી, ગરમી, ભૂખ, તરસ વિ. સહેવામાં જ, વા અનેક દઢ આસનાદિ કરીને જ વિ. કાયા ક્લેશાદિ કરવામાં જ, વા સંયમ પાળવાથી જ, તેમાં પણ ઈન્દ્રિયોના વિષય છોડવામાં જ, મનના જે વિકલ્પ કષાય, તેની મંદતાથી જ, વા ક્રોધ મંદ કરવાથી જ, વા માન મંદ કરવાથી જ, વા માયા મંદ કરવાથી જ, વા લોભ મંદ કરવાથી જ, વિ. કષાયોને વિશેષ ઘટાડવાથી જ વા ત્રસ-સ્થાવરની દયા પાળવાથી, વા તેમાં પણ ત્રસની દયા પાળવાથી જ, વા સ્થાવરની દયા પાળવાથી જ, વા

અણુવ્રતને ધારણ કરવાથી જ, વા મહાવ્રતને ધારણ કરવાથી જ વા શાસ્ત્ર વાંચવાથી જ વા સ્વાધ્યાય કરવાથી જ, તેમાં પણ શાસ્ત્ર વાંચવાથી જ, વા સાંભળવાથી, વા ઉપદેશ દેવાથી જ, સ્તવનાદિ કરવાથી જ, દર્શન કરવાથી જ, વા વાજિંત્રાદિ વગાડવાથી જ, વા નૃત્ય–ગાનાદિ કરવાથી જ, ચૈત્યાલયાદિ બનાવવાથી જ, પ્રતિષ્ઠાદિ કરવાથી જ, તીર્થયાત્રા વિ. કરવાથી જ, વા અનેક અંગોમાં ધન ખર્ચવાથી જ, વા વ્યવહાર સમ્યક્ત્વ ધારવાથી જ, તેમાં પણ કુદેવાદિ ન પૂજવા કે ન માનવાથી જ, વા સાત વ્યસનાદિનો ત્યાગ કરવાથી જ, આ અભક્ષ્ય છોડવાથી જ, હરિત વસ્તુ ન ખાવાથી જ, રાત્રિમાં અન્નપાનાદિ છોડવાથી જ, ક્રિયા સહિત શુદ્ધ ભોજન ખાવાથી જ, જલ સ્નાનાદિ કરીને શરીર વસ્ત્રાદિ શુદ્ધ રાખવાથી જ ઈત્યાદિ વ્યવહાર ધર્મના અંગોમાંથી કોઈ એક વા બે વિ. ધર્મના અંગોને ગ્રહણ કરીને વા અંગોના કોઈ એક–બે વિશેષોને ગ્રહણ કરીને સંતુષ્ટ થાય છે, પોતાને ધર્માત્મા માને છે, તે **વ્યવહારાભાષી** એકાંત મિથ્યાત્વ ભાવ સહિત જાણવાં.

(જ્યારે) નિશ્ચયાભાસી વ્યવહાર ધર્મને હેય માનીને નિશ્ચય ધર્મનો સર્વથા પક્ષ કરવાથી નિશ્ચય ધર્મની જ સર્વથા સિદ્ધિ માને છે. તેમાં પણ જીવાદિ સાત તત્ત્વોના નામ જાણવા માત્રથી જ, વા સાત તત્ત્વોને લક્ષણાદિ સહિત જાણી લેવા માત્રથી જ, હું તો ચેતનસ્વરૂપ આત્મા છું અને આ જડાદિ સ્વરૂપ સર્વ મારાથી ભિન્ન છે, વા આત્મસ્વરૂપ જાણવાથી જ હું ચેતનસ્વરૂપ છું, વા જીવાદિ તત્ત્વોની, વા સ્વ-પરની, વા આત્માની ચર્ચા કરવાથી જ વા બીજાને સમજાવવાથી જ, વા સાંભળવાથી જ વા મનમાં વિચારવાથી જ, વા મન દ્વારા ધ્યાનથી જ વા પોતાના અનેક પ્રકારના આસનાદિથી, વા પવન સાધવાથી જ વા, પ્રાણાયામ વિ. કરવાથી જ સિદ્ધિ માને છે, સ્વયંને જ્ઞાની માને છે. તેઓ નિશ્ચયાભાસી એકાંત મિથ્યાત્વ ભાવ સહિત જાણવા.

માટે આ બધા જ વ્યવહાર ધર્મના અંગ છે, તે બધા કરવા અને નિશ્ચય ધર્મ ને જાણવો વા શ્રદ્ધાન કરવું વા જે વ્યવહાર ધર્મની પ્રવૃત્તિના કારણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ પોતાને મળે, તે રૂપ પ્રવર્તવું અને જે ધર્મના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ ન મળે, તે રૂપ ન પ્રવર્તવું. વ્યવહાર ધર્મને કારણ માનવા, કાર્યરૂપ નિશ્ચય ધર્મ તેને પુષ્ટ કરવો. બંનેની સાપેક્ષતા ન છોડવી. આવું સમ્યક્ત્વ ભાવ છોડીને, મિથ્યાત્વના ઉદયથી ધર્મના કોઈ એક અંગને સર્વથા ધર્મનું સ્વરૂપ જાણીને, તેને સર્વથા ગ્રહણ કરીને સિદ્ધિ માનવી, તે ધર્માશ્રય એકાંત મિથ્યાત્વ ભાવ છે.

આપ્તને જ મુખ્ય માનવા, આપ્તથી જ સર્વ સિદ્ધિ માનવી, અન્ય પાંચ તત્ત્વોને ગૌણ માનવા, આપ્ત અર્થાત્ ધર્મના વક્તા, તેઓ સર્વ સિદ્ધિના કરનાર છે, તે ઈશ્વર છે, માટે હિત-અહિત, હેય-ઉપાદેય વક્તાની કૃપાથી જ જાણે છે, તે જ જીવનું કલ્યાણ છે, તેમાં પણ

મૂળ આપ્તને જ આપ્ત માનવા, ગણધરને જ આપ્ત માનવા, મુનિને જ આપ્ત માનવા, ગૃહસ્થોમાં વધુ ભણેલાને જ આપ્ત માનવા, તપ-ચારિત્રના ધારકને જ આપ્ત માનવા, સંસ્કૃત-પ્રાકૃત શબ્દ દ્વારા લલિત વચનથી શાસ્ત્રનું કથન કરવાવાળાને જ આપ્ત માનવા, પોતાના કુળના નેતા યતિ હોય વા પોતાના કુળને માનતા આવ્યા હોય એવી પરિપાટીના સત્ય વક્તા વા પોતે ધનવાન હોય, વૈભવવાન હોય, અધિક ધીમંત હોય, પુણ્યવાન હોય, એવા વક્તા વિ.માં પણ કોઈ એકને જ વા બે ને જ મુખ્ય માનવા, અને બીજાને ગૌણ કરવા. જેમને મુખ્ય વક્તા માને, તેમની પાસે કથા સાંભળવી વા સાંભળવાની અભિલાષા રાખવી અને બીજાને ન સાંભળવા (અને) સાંભળે તો પણ ગૌણપણાથી સાંભળે. તેમની પ્રત્યક્ષ-પરોક્ષમાં પોતાને માન્ય (વધુ ગમતા) વક્તાની પ્રશંસા કરવી, બીજાની પ્રશંસા ન કરવી, જો કરે તો પણ ગૌણરૂપથી કરવી–વિ. આપ્તાશ્રય એકાંત મિથ્યાત્વ ભાવ છે.

માટે અન્ય પાંચ તત્ત્વો સહિત વક્તાને જ માનવા અને બધા જ જિનપ્રણીત સત્ય અર્થના વક્તા કષાયભાવોથી રહિત તેના કલ્યાણના કારણ છે. તે અપેક્ષાથી બધા વક્તાઓને સમાન માનવા. મુખ્ય ગૌણ ભેદ વક્તામાં ન કરવો/ન માનવો. ઉપદેશ સાંભળવાના પ્રસંગમાં તે વક્તાઓમાં મહંત હોય, તેને સાંભળવા (તેમજ) ગૌણ વક્તાને પણ સાંભળવા—આ સમ્યક્ભાવ છે.

આગમને જ મુખ્ય માનવા, અન્ય પાંચ તત્ત્વોને ગૌણ માનવા. તેમાં પણ પ્રથમાનુયોગને જ, વા કરણાનુયોગને જ, વા ચરણાનુયોગને જ, વા દ્રવ્યાનુયોગને જ મુખ્ય માનવો, બીજાને ગૌણ માનવો. વળી એક-એક અનુયોગમાં અનેક શાસ્ત્ર છે, તેમાં પણ કોઈને મુખ્ય માનવા, કોઈને ગૌણ માનવા વિ. આગમાશ્રય એકાંત મિથ્યાત્વ ભાવ છે. સર્વે શાસ્ત્ર, સમાન આગમના અંગ છે તથા બધા આગમ, તેનાં કલ્યાણનાં કારણ થાય છે. આગમનાં એક-બે અંશ જ કલ્યાણના કારણ નથી, આ કારણે બધા આગમ વાંચવા, સાંભળવા, ધારવા—આ સમ્યક્ભાવ છે.

જીવાદિ નવ પદાર્થોના જ્ઞાનને જ મુખ્ય જાણવું, અન્ય પાંચ તત્ત્વોને ગૌણ માનવા. તેમાં પણ જીવને જ માનવો વા અજીવને જ માનવો, વા આસ્રવને જ માનવો, વા બંધને જ માનવો, વા સંવરને જ માનવો, વા નિર્જરાને જ માનવી, વા મોક્ષને જ માનવો, વા પુણ્યને જ માનવું વા પાપને જ માનવું, વા આ પદાર્થોને અસ્તિરૂપ જ માનવા, વા નાસ્તિરૂપ જ માનવા, વા નિત્ય જ માનવા, વા અનિત્ય જ માનવા, વા એકરૂપ જ માનવા, વા અનેકરૂપ જ માનવા, વા ભેદરૂપ જ માનવા, વા અભેદરૂપ જ માનવા, વા કર્તા જ માનવા, વા અકર્તા જ માનવા, વા ભોક્તા જ માનવા, વા અભોક્તા જ માનવા, વા જ્ઞાતા જ માનવા, વા અજ્ઞાતા જ માનવા, વા ગુણ સહિત જ માનવા, વા નિર્ગુણ જ માનવા, વિ.

ભાવરૂપ જ સર્વથા માનવા. જ્યારે પદાર્થોમાં જીવ વિ. એકને જ વા બેને જ, વા ત્રણ વિ. આઠ સુધી માનવા, નવ ન માનવા. વા અનેક વિશેષો સહિત વા અનેક ધર્મોવાળા આ નવ પદાર્થ, તેમાંથી કોઈ ધર્મ સહિત સર્વથા માનવા, તે પદાર્થાશ્રય એકાંત મિથ્યાત્વભાવ જાણવો, વિ. એકાંત મિથ્યાત્વ ભાવ જાણવો.

**વિનય મિથ્યાત્વ ભાવ બતાવે છે—**જ્યાં યોગ્ય-અયોગ્યના વિચાર રહિત દેવ, ગુરુ, ધર્માદિનો વિનય કરીને જ સિદ્ધિ માનવી અને ધર્મોના બધા અંગોને ગૌણ માનવા. મનથી, વચનથી, કાયાથી વા દાનથી, પૂજા કરીને વિનયમાં જ સંતુષ્ટ થવું, (પોતે) પોતાને કૃતાર્થ માનવો, તેને વિનય મિથ્યાત્વ ભાવ જાણવો. જો કે વિનય પણ ધર્મનું મોટું અંગ છે. તેમ છતાં બીજા ધર્મને ગૌણ કરીને આનાથી જ સિદ્ધિ માનવી, તે વિનય મિથ્યાત્વ ભાવ છે.

**સંશય મિથ્યાત્વ ભાવ લખે છે—**દેવમાં સંશય કરવો, જિનમતમાં દેવનું સ્વરૂપ સર્વજ્ઞ, સર્વદર્શી, સર્વ આવરણ રહિત, સર્વ મોહભાવ તથા કષાયભાવથી રહિત જ્ઞાતા-દૃષ્ટા, પોતાના સ્વાભાવિક સુખના ભોક્તા, આનંદકંદ, નિત્ય અર્થાત્ સદાકાળ અંત રહિત વિ. વિશેષણ સહિત કહ્યું છે.

જ્યારે અન્યમતમાં દેવનું સ્વરૂપ અનેક પ્રકારથી અન્યરૂપથી જ કહ્યું છે. કોઈ તો એવું સ્વરૂપ કહે છે કે જે એક બ્રહ્મ જ છે બીજા કોઈ પદાર્થ જ નથી, જે આ અનેક પ્રકારના પદાર્થ દેખાય છે તે સર્વ ભ્રાંતિ છે. વળી કોઈ એમ કહે છે કે આ અનેક પ્રકારના પદાર્થોરૂપ સ્વયં બ્રહ્મ જ પરિણમે છે. કોઈ કહે છે કે સૃષ્ટિ ન્યારી છે અને ઈશ્વર ન્યારા છે. આ સૃષ્ટિ ઈશ્વરે રચી છે. કોઈ કહે છે કે ઈશ્વર પરમબ્રહ્મ, પરમાત્મા સર્વના જ્ઞાતા-દૃષ્ટા અનાદિ તત્ત્વ છે અને સૃષ્ટિ પણ અનાદિ છે.

આ બધા સંસારી જીવ જેવા-જેવાં કાર્યો કરે છે, તે અનુસાર સ્વર્ગ-નરકાદિમાં સુખ-દુઃખ ભોગવે છે. કોઈ કહે છે કે જીવોને કર્તવ્ય અનુસાર ઈશ્વર સ્વર્ગ-નરકાદિમાં સુખ-દુઃખ આપે છે. કોઈ કહે છે કે જીવનું કાંઈ પણ કર્તૃત્વ નથી જે કાંઈ પણ સારી-ખરાબ પ્રવૃત્તિ કરે છે તે ઈશ્વર જ કરાવે છે. સ્વર્ગ—નરકાદિમાં ઈશ્વર જ મોકલે છે. ઈશ્વરેચ્છા વિના વૃક્ષનું પાંદડું પણ હલી સકતું નથી, માટે સર્વસૃષ્ટિના કર્તા-હર્તા તથા સર્વ શુભાશુભ પ્રવૃત્તિના કર્તા ઈશ્વર જ છે. કેટલાક તો અકર્તા માને છે અને કેટલાક તો ઈશ્વરને જ કામ-ક્રોધાદિ પ્રવૃત્તિ સહિત માને છે, સાંસારિક સુખના ભોક્તા માને છે અને કેટલાક તો કહે છે કે સંસારી જીવોને ઈશ્વર જ શુભ-અશુભરૂપ પ્રવર્તાવીને તે અનુસાર સુખ-દુઃખ આપે છે. એથી સંસારી જીવ જ સંસારના સુખ-દુઃખના ભોક્તા છે, સ્વયં ઈશ્વર તો અભોક્તા છે. વિ. અનેક પ્રકારે ઈશ્વર મતો દ્વારા રચિત અનેક પ્રકારની પ્રવૃત્તિ જોવામાં આવે છે, અનેક પ્રકારનાં શાસ્ત્ર જોવામાં આવે છે.

શ્વેતામ્બરાદિ મતમાં કેવળીને કવલાહાર માને છે અને અગિયાર પરિષહ માને છે. સ્ત્રીને દેવ માને છે. દેવની સ્થાપના અનેક પ્રકાર કુંડળ, કટક, કટિ-મેખલાદિ આભરણ સહ સ્થાપિત કરે છે. વિ. જિનમતથી વિપરીત પ્રવૃત્તિ જોવામાં આવે છે, તેમના અનેક શાસ્ત્રોની રચના છે.

કોઈ અનિશ્વરવાદી છે, ઈશ્વરને માનતા જ નથી, તેમની અનેક પ્રકારની પ્રવૃત્તિ અને અનેક પ્રકારના શાસ્ત્ર જોવામાં આવે છે તથા નાસ્તિકવાદી સર્વ પ્રકાર "નાસ્તિ" સ્થાપે છે. ન કોઈ ઈશ્વર, ન કોઈ જીવ, ન બંધ, ન મોક્ષ, ન પુણ્ય, ન પાપ, ન સ્વર્ગ, ન નરક, ન પરલોક કાંઈ જ નથી. તેમની અનેક પ્રકારની પ્રવૃત્તિ જોવામાં આવે છે. અનેક પ્રકારે શાસ્ત્ર રચના દેખાય છે. વિ. અનેક પ્રકારના મતમાં અનેક પ્રકારથી દેવનું સ્વરૂપ કહ્યું છે.

કોઈ મતવાદી દેવની સ્થાપના જ નથી કરતા, (વા કરે છે તો અન્યથા કરે છે) માટે જિનમતમાં કહ્યું જે દેવનું સ્વરૂપ, તેવું જ છે કે અન્યમતમાં કહ્યું તેવું છે? કાંઈ નિર્ણય કરતા નથી, આમ નિર્ણયની બુદ્ધિ રહિત જે ભાવ, તે દેવાશ્રય સંશય મિથ્યાત્વ ભાવ છે.

જિનમતમાં ગુરુનું સ્વરૂપ બાહ્યાભ્યંતર પરિગ્રહ રહિત, પરમ દિગમ્બર નગ્ન મુદ્રા સહિત અને સર્વ કામ—ક્રોધાદિ ભાવ રહિત કહ્યું છે તથા અન્યમતમાં વા શ્વેતામ્બરાદિ મતમાં વા જિનમતમાં જ અનેક પ્રકારના વેષને ધારવાવાળા ઘણાં છે. જેમને પરિગ્રહ સંગ્રહ છે, જે કામ-ક્રોધાદિ સહિત ગુરુ દેખાય છે. તેઓ કેવા છે? જિનમતમાં કહેલ જે ગુરુનું સ્વરૂપ તે આ કાળે જોવામાં આવતું નથી; માટે કાંઈ નિશ્ચય થતો નથી, આ પ્રકારે ગુરુના નિર્ણયની બુદ્ધિ રહિત ભાવ, તે ગુરુ—આશ્રય સંશયરૂપ મિથ્યાત્વ ભાવ જાણવો.

જિનમતમાં તો ધર્મનું સ્વરૂપ બાહ્યાભ્યંતર હિંસા રહિત કહ્યું છે. બહારમાં તો ત્રસ-સ્થાવર બધા જીવોની દયા અને અભ્યંતર સર્વ ધર્મની પ્રવૃત્તિ ભાવમાં રાગાદિ કષાયોનો અભાવ આવું સ્વરૂપ કહ્યું છે અને અન્ય મતમાં વા શ્વેતામ્બર મતમાં વા હમણાં દિગમ્બર મતમાં પણ જે ધર્મની પ્રવૃત્તિ દેખાય છે, તે સર્વ બાહ્યાભ્યંતર હિંસા સહિત દેખાય છે. તે જૈન શાસ્ત્રોમાં લખી છે તે પ્રમાણે છે કે જેમ હાલ પ્રવર્તે છે તેવી છે? તે કાંઈ ખબર પડતી નથી—આવો ભ્રમરૂપ જે ભાવ તે ધર્માશ્રય સંશય મિથ્યાત્વ ભાવ જાણવો જોઈએ.

**જિનમતમાં તો મૂળ વક્તાનું સ્વરૂપ સર્વજ્ઞ અને વીતરાગ કહ્યું છે** અને ઉત્તર વક્તાનું સ્વરૂપ પણ જ્ઞાન-વૈરાગ્ય સહિત કહ્યું છે અને હમણાં વર્તમાનમાં અન્યમતમાં પણ મોટા-મોટા પંડિત સંસ્કૃત, પ્રાકૃત વિદ્યાના ધારક વા ન્યાયવિદ્યાના ધારક, છંદ—અલંકારાદિ અનેક વિદ્યાના પારગામી, બૃહસ્પતિની જેમ કથન કરવાવાળા, પોતાના લલિત શબ્દોની ગંભીરતાથી સર્વ સભાને મોહિત કરી લે છે. ઘણા સહસ્ર શ્લોકોનું જેને કંઠાગ્રે જ્ઞાન છે,

તેમની સામે અનેક વાદી હારી જઈ, મદ છોડીને બેસી જાય છે. મોટા વૈભવવાન, મોટા-મોટા રાજાદિ તેમને માને છે. ઘણી સંપત્તિના ધણી, અનેક વસ્ત્રાભૂષણ મંડિત એવા વક્તાઓ જોવામાં આવે છે. પરંતુ જ્ઞાન-વૈરાગ્ય સહિત (જોવામાં) નથી (આવતા), ઘણા કામ-ક્રોધાદિ સહિત દેખાય છે.

શ્વેતામ્બર મતમાં કે દિગમ્બરાદિ મતમાં પણ આવા જ વક્તા જોવામાં આવે છે. જ્ઞાની-વૈરાગી તો કોઈ દૃષ્ટિગોચર થતાં નથી. માટે જિનમતમાં જે કહ્યા છે તે જ આપ્ત છે અને આ નથી અથવા આ જ આપ્ત છે અને જે જિનમતમાં કહ્યા ગયા છે તેઓ નથી, આવો નિશ્ચય તો અમને નથી થયો, આ પ્રમાણે જે આપ્ત માટે સંદેહભાવ છે, તેને આપ્તાશ્રય સંશય મિથ્યાત્વ ભાવ જાણવો જોઈએ.

**જિનમતમાં આગમનું સ્વરૂપ તો** એવું કહ્યું છે કે જે સર્વ પ્રમાણ—નયાદિથી અબાધિત હોય, સમ્યગ્જ્ઞાન, વીતરાગ—ભાવનું પોષક હોય છે; જેમાં મિથ્યાત્વ, કષાય, વિષય, અવ્રત-ભાવ હેય કહ્યા છે. આવા જિનાગમ હોય છે. તથા અન્યમત, શ્વેતામ્બરાદિના જે શાસ્ત્રો છે, તેઓ પ્રમાણ-નયાદિથી અબાધિત નથી તેમજ સમ્યગ્જ્ઞાન તથા વીતરાગભાવના પોષક પણ નથી. પરંતુ મિથ્યાત્વ, વિષય, કષાયના જ પોષક છે, પરંતુ તે સંસ્કૃત-પ્રાકૃતમાં રચેલા છે, જેમાં ગંભીર શબ્દ છે, જેમાં હજારો શ્લોકો છે, તેના કર્તા મોટા-મોટા આચાર્યોને દર્શાવ્યા છે, અનેક મોટા-મોટા રાજાદિ મનુષ્યો દ્વારા જે માન્ય છે, એવા શાસ્ત્રોને અસત્ય કેવી રીતે માને? માટે અમારાથી તો કોઈ નિશ્ચય નથી થતો કે ક્યા શાસ્ત્ર સાચાં છે કે જૂઠાં? આવો આગમમાં સંદેહરૂપ જે ભાવ, તે આગમાશ્રય સંશય મિથ્યાત્વ ભાવ જાણવો.

**જિનમતમાં નવતત્ત્વ કહ્યાં છે**—અન્યમતોમાં, કોઈમાં પચીસ તત્ત્વો કહ્યા છે. કોઈ ૧૬ તત્ત્વ કહે છે. કોઈ મતમાં એક જ તત્ત્વ કહે છે અને કોઈમાં ચાર તત્ત્વ વિ. કહ્યા છે. ઈત્યાદિ મતોમાં અનેક પ્રકારે તત્ત્વરચના છે. તો પછી ક્યા મતના તત્ત્વ સત્ય માનવાં અને ક્યા મતના તત્ત્વ અસત્ય માનવા,—આ અમને પ્રતિભાસતું નથી. પોત-પોતાનાં મતોના શાસ્ત્રોમાં પોત-પોતાનાં તત્ત્વોની સહસ્ર શ્લોકોમાં પ્રરૂપણા કરીને પોતે કહેલ તત્ત્વોની સિદ્ધિ કરી છે. માટે 'અમને સંદેહ થાય છે'—આવો જે પદાર્થોમાં સંશયભાવ, તેને પદાર્થાશ્રય સંશય મિથ્યાત્વ ભાવ જાણવો. આ પ્રમાણે સંશય મિથ્યાત્વ ભાવનું કથન કર્યું છે.

**વિપરીત મિથ્યાત્વ ભાવ પ્રરૂપિત કરે છે.** જ્યાં તત્ત્વોનું સ્વરૂપ તો બીજા (અન્ય) પ્રકારે છે અને તેને વિપરીત જાણવું અને શ્રદ્ધાન કરવું, અન્યથા પ્રવર્તવું, તે વિપરીત મિથ્યાત્વ ભાવ જાણવો જોઈએ. યથાર્થ દેવને કુદેવ માનવા અને જેઓમાં દેવનું સ્વરૂપ નથી

તેમને દેવ જાણવા, તેવી જ શ્રદ્ધા કરવી પ્રવર્તવું, તે અનુસાર સ્થાપના કરવી, સ્વરૂપ રચના કરીને તેઓની સેવા કરવી, તે દેવાશ્રય વિપરીત મિથ્યાત્વભાવ જાણવો.

યથાર્થગુરુને કુગુરુ જાણવા અને જેમાં ગુરુપણું નથી તેને ગુરુ માનવા તેવું શ્રદ્ધાન કરવું, તેમના પ્રત્યે તેવી પ્રવૃત્તિ કરવી. (સાચા ગુરુ પ્રત્યેની પ્રવૃત્તિ જેવી જ તેમની સાથે કરવી.) તે ગુરુ આશ્રય વિપરીત મિથ્યાત્વ ભાવ જાણવો જોઈએ.

સમ્યગ્જ્ઞાન વીતરાગરૂપ ધર્મનું સ્વરૂપ છે. તેને તો કુધર્મ જાણવો અને સમ્યગ્જ્ઞાન અર્થાત્ શાસ્ત્રોક્ત ધર્મની પ્રવૃત્તિ અને વીતરાગતા અર્થાત્ નિઃકષાયભાવ/કામ, ક્રોધ, લોભાદિ કોઈપણ કષાયને ધર્મના નામથી પોષણ ન કરવું, તે જ ધર્મ જીવને કલ્યાણકારી છે. તેને તો કરતો નથી અને કાં તો મિથ્યા/જૂઠા શાસ્ત્રોમાં કહેલ જે ધર્મ, જેમાં સ્પષ્ટ હિંસાદિ પાંચ પાપ, ક્રોધાદિ ૧૩ કષાય (અનંતાનુબંધી ૪ તથા ૯ નોકષાય), પાંચે ઈન્દ્રિયોના વિષયોમાં પ્રવર્તન કરવું અથવા પોતાની મનમાની ક્રિયા કરવી વા પાખંડી ગુરુઓ દ્વારા કરાવાતા ધર્મનું સેવન કરવું, તેનાથી અનેક પ્રકારના વિષય-કષાય પોષવા, હિંસાદિ પાંચે પાપોનું પોષણ કરવું— આવા ધર્મને કલ્યાણકારી જાણવો, શ્રદ્ધાન કરવું વા જિનોક્ત શાસ્ત્રોથી વિરુદ્ધ જૈનમતમાં પ્રવૃત્તિ કરવી, જિનોક્ત જૈનામ્નાય રહિત જૂઠી પ્રવૃત્તિ કરવી, પૂજા કરવી, પ્રતિષ્ઠા કરવી, તીર્થયાત્રા કરવી, પ્રતિમા સ્થાપિત કરવી, દાન દેવું, તપ કરવું, સંયમ ધારણ કરવો, અનેક પ્રકારના યમ, નિયમ ધારણ કરવા, પરિગ્રહાદિકનું પ્રમાણ કરવું, અનેક પ્રકારના ખોટાં વેષ ધારણ કરવા, જૂઠા શાસ્ત્રો રચવા તથા સાચા શાસ્ત્રોમાં જૂઠા શ્લોક-કાવ્ય બનાવીને પોતાના અભિપ્રાયને પોષવા માટે (સાચા શાસ્ત્રોમાં) લખી નાંખવા વા શાસ્ત્રોના જૂઠા અર્થ કરવા, કુપક્ષ વા પક્ષપાતી થવું, પદનું ઉલ્લંઘન કરીને ધર્મ પ્રવૃત્તિ જે પૂજા, દાન, તપ, વ્રત, સંયમાદિ અધિક વા હીન અંગીકાર કરવા અનેક પ્રકારની પ્રતિજ્ઞા કરવી વિ. જૂઠી પ્રવૃત્તિ કરવી; આ બધા જ ધર્માશ્રય વિપરીત મિથ્યાત્વ ભાવ જાણવા જોઈએ.

જે સત્ય સમીચીન મોક્ષમાર્ગના ઉપદેશદેવાવાળા એવા વક્તા, આપ્ત કહેવાય છે, તેને તો કુઆપ્ત માનવા, તેમણે કહેલા (તત્ત્વ)નું શ્રદ્ધાન ન કરવું અને જે વિપરીત માર્ગના પોષક જૈનધર્મથી પરાંગમુખ, વિષય-કષાય, મિથ્યાત્વ અને પાંચ પાપો સહિત કુધર્મના પોષક કુશાસ્ત્રના રચવાવાળા વા ઉપદેશ આપવાવાળા, તેમને આપ્ત માનવા, તેમના દ્વારા કહેલાં માર્ગનું પ્રવર્તન કરવું, તે આપ્તાશ્રય વિપરીત મિથ્યાત્વભાવ જાણવો જોઈએ.

તથા જિનોક્ત આગમને તો કુઆગમ માનવા/જાણવા તથા જેમાં પ્રમાણ-નયાદિથી અનેક પ્રકારે બાધાઓ આવે છે, વિષય-કષાયના ધારક મનુષ્યો દ્વારા રચિત અને મિથ્યાત્વ, વિષય-કષાય, પાંચ પાપોના પોષણનું જ પ્રયોજન છે જેમાં એવા કુશાસ્ત્ર, તેમને શાસ્ત્ર

માનવા, સત્ય અર્થને અસત્ય માનવા, અસત્ય અર્થને સત્ય માનવા, જૂઠા અર્થનો પક્ષ કરવો અને સાચા અર્થને જૂઠા ઠરાવવા અને જૂઠા અર્થને સાચા ઠરાવવા, સંપ્રદાયનો વિચ્છેદ ન જોવો—વિ. આગમાશ્રય વિપરીત મિથ્યાત્વ ભાવ જાણવા જોઈએ. જિનોક્ત જે ષટ્ દ્રવ્ય, જીવાદિ સાત તત્ત્વ, નવ પદાર્થ, પંચાસ્તિકાય વિ.ને તો કુતત્ત્વ માનવા તેમજ અન્યમતો દ્વારા કહેવામાં આવેલ અનેક પ્રકારનાં ભેદોને ધરવાવાળું તથા અનેક સ્વરૂપ સહિત જે તત્ત્વ, તેને સ્વતત્ત્વ માનવું તથા જિનમતમાં કહેવામાં આવેલ તત્ત્વોને ન માનવા, તેમને અન્યથા સ્વરૂપે ધારવા ઈત્યાદિ પદાર્થાશ્રય વિપરીતભાવ જાણવો. આવું વિપરીત મિથ્યાત્વનું સ્વરૂપ જાણવું જોઈએ.

**અનધ્યવસાય (અજ્ઞાન) મિથ્યાત્વ ભાવ લખે છે**—જેમને જૈન શાસ્ત્ર સાંભળતા ઘણો સમય થઈ ગયો હોય, તોપણ હેય-ઉપાદેય, યોગ્ય-અયોગ્ય, યથાર્થ-અયથાર્થનું જ્ઞાન પણ નથી થયું, દેવ-કુદેવ, ગુરુ-કુગુરુ, ધર્મ-અધર્મ, વક્તા-કુવક્તા, શાસ્ત્ર-કુશાસ્ત્ર, તત્ત્વ-કુતત્ત્વ જેમને બધું સમાન છે, જિનમત-અન્યમત, જિનમંદિર-અન્યમંદિર, જિનપ્રતિમા-અન્ય પ્રતિમા, જિનલિંગ–કુલિંગ, પૂજા-કુપૂજા, દાન-કુદાન, પાત્ર-કુપાત્ર-અપાત્ર, ક્રિયા-અક્રિયા-કુક્રિયા, તીર્થ-કુતીર્થ, વ્રત-કુવ્રત, તપ-કુતપ, વિનય-અવિનય, મિથ્યાચાર-હીનાચાર, અધિકાચાર-શિથિલાચાર. સદાચાર-અસદાચાર, સર્વ જ જેમને સમાન છે અને સરખા માને છે જેઓ યથાર્થ-અયથાર્થ શાસ્ત્ર અને સરખી છે જેમને શ્વેતામ્બર આમ્નાય અને દિગંબર આમ્નાય અને તેમને અનેક પ્રકારે ગુરુઓની આમ્નાય હોય છે તો પણ પાઠ તથા તેનો અર્થ અશુદ્ધ જ કરે છે અને માને છે. સત્ય પાઠ અને સત્ય અર્થને પણ (અશુદ્ધની) સમાન માને છે. જેમની યથાર્થ-અયથાર્થ વ્રત-તપ સંયમાદિમાં (સમાન) પ્રવૃત્તિ છે–આવા વિવેક રહિત ધર્મમાં પ્રવર્તવાવાળા જીવોને અનધ્યવસાય મિથ્યાત્વ ભાવ સહિત જાણવા જોઈએ.

આ પ્રમાણે ગૃહિત મિથ્યાત્વ ભાવનાં પાંચ ભેદ સંક્ષેપમાં કહ્યાં, આ સંક્ષેપરૂપ ભાવ દષ્ટિથી સર્વ મિથ્યાત્વ ભાવોની ઉત્પત્તિનું મૂળ કારણ તો દર્શનમોહ છે. આ કારણે ભાવ અસંખ્યાત છે, તેમની દષ્ટિથી જોવામાં આવે તો અનેક ભાવ દશ્યમાન થાય છે, આ મિથ્યાત્વ નામનું કર્મ છે, તેના ઉદયસ્થાન અસંખ્યાત લોકપ્રમાણ છે. તેના અનુસાર મિથ્યાત્વ ભાવ પણ અસંખ્યાત લોક પ્રમાણ છે અને દર્શનમોહના અનંત સ્પર્ધક છે.

સ્પર્ધક કોને કહે છે? રસ દેવાની શક્તિના અવિભાગ પ્રતિચ્છેદ/અંશ, તેને ધરવાવાળા જે મિથ્યાત્વ કર્મરૂપ પરિણમેલા પુદ્ગલ પરમાણુ તેઓ વર્ગ કહેવાય છે, તે એક–એક પરમાણુરૂપ વર્ગમાં શક્તિના અંશ અનંતાનંત છે તથા સમાન અવિભાગ પ્રતિચ્છેદોના ધારક આવા અનંતાનંત વર્ગ, તેમના સમૂહનું નામ વર્ગણા છે. તેમાં બધાથી ઓછા અવિભાગ પ્રતિચ્છેદના ધારક વર્ગ, તેને જઘન્ય વર્ગ કહે છે અને જઘન્ય વર્ગોના

સમૂહને જઘન્ય વર્ગણા કહે છે તથા જઘન્યવર્ગમાં જે અવિભાગ પ્રતિચ્છેદ છે, તેમાં એક અવિભાગ પ્રતિચ્છેદની વૃદ્ધિને ધારણ કરવાવાળો વર્ગ, તેના સમૂહનું નામ બીજી (વર્ગણા). આમ એક-એક અવિભાગ પ્રતિચ્છેદ વધતાં-વધતાં જે જે વર્ગોમાં જોવામાં આવે છે, તેના સમૂહનું નામ અન્ય-અન્ય (તે-તે) વર્ગણા છે. તે અનંતાનંત વર્ગણાઓ છે. આવી અનંતાનંત વર્ગણાઓના સમૂહનું નામ સ્પર્ધક છે.

જઘન્ય વર્ગણામાં જેટલા અવિભાગ પ્રતિચ્છેદોવાળા વર્ગ છે, તેમાંથી એક-એક અવિભાગ પ્રતિચ્છેદ વધતાં-વધતાં વૃદ્ધિના ધારક દ્વિતિયાદિ વર્ગણાઓમાં વર્ગ છે. આમ જ્યાં સુધી બમણાં અવિભાગ પ્રતિચ્છેદના ધારક જે વર્ગણામાં વર્ગ હોય, તે વર્ગણા વડે બીજો સ્પર્ધક (પ્રારંભ) થાય છે. આ પહેલાં સર્વ અનંત વર્ગણાઓ પ્રથમ સ્પર્ધકની જાણવી. તે જ રીતે જઘન્ય વર્ગણાથી ત્રણગણી અવિભાગ પ્રતિચ્છેદની ધારક વર્ગણાઓ છે, તે ત્રીજા સ્પર્ધકની જાણવી.

આ રીતે ચારગણા, પાંચગણાં વિ. અવિભાગ પ્રતિચ્છેદોની ધારક વર્ગણાઓ છે, તેમને ચોથા, પાંચમા વિ. સ્પર્ધકની જાણવી. પ્રથમ સ્પર્ધકનું નામ જઘન્ય સ્પર્ધક છે, માટે જેમાં સર્વ સ્પર્ધકોથી હીન શક્તિના અંશ છે, એ જ રીતે પૂર્વ સ્પર્ધકથી ઉત્તર સ્પર્ધકમાં શક્તિના અવિભાગ પ્રતિચ્છેદ અનંતાનંત અધિક છે. આમ દર્શનમોહના સ્પર્ધક જઘન્યથી લઈને ઉત્કૃષ્ટ પર્યન્ત અનંત (અનંત-અનંત અધિક) છે.

તે અનંત સ્પર્ધકોને અનંત વડે ભાગાકાર કરવો અને જે પ્રમાણ આવે તેમાંથી એક ભાગ જુદો રાખી, બાકીનો બહુભાગ પ્રમાણ તો શૈલરૂપ છે. શૈલનું બીજું નામ પથ્થર છે, તેમાં શક્તિના અંશ ઘણા જોવામાં આવે છે. પ્રદેશ રસ (ફળ) આપવામાં ખૂબ કઠોર છે. માટે તેને શૈલ(પાષાણ) સાદૃશ્ય કહે છે.

અને જે જુદો રાખ્યો હતો એક અનંતમો ભાગ પ્રમાણ, તેને ફરી અનંત વડે ભાગાકાર કરવો અને જે પ્રમાણ આવે તેમાંથી પણ એક ભાગ પ્રમાણ જુદું રાખીને મોટાભાગ પ્રમાણ સ્પર્ધક અસ્થિરૂપ છે. અસ્થિ નામ હાડકાનું છે, આથી આ સ્પર્ધકોમાં શક્તિના અવિભાગ પ્રતિચ્છેદ પાષાણરૂપ સ્પર્ધકોથી અનંતમા ભાગ પ્રમાણ છે. માટે કઠોરતા (તેનાથી) હીન છે, એટલે તેને અસ્થિરૂપ કહ્યાં છે.

અને જે જુદો રાખ્યો હતો એક અનંતમો ભાગ, તેમાં અનંત વડે ભાગાકાર કરવો, તેમાં બહુભાગ પ્રમાણ સ્પર્ધક દારુરૂપ છે. દારુ અર્થાત્ કાષ્ટ(દારુ=સુકું લાકડું), આ સ્પર્ધકોમાં શક્તિના અંશ અસ્થિરૂપ સ્પર્ધકોથી અનંતમે ભાગે છે, માટે તેનામાં કઠોરતા તેનાથી પણ હીન છે, માટે તેને દારુ સમાન કહે છે.

તથા બાકી રહ્યો જે એક ભાગ, તેનું પ્રમાણ અનંતાનંત સ્પર્ધક લતારૂપ છે. લતા નામ વેલાનું છે. તેમાં કાષ્ટરૂપ સ્પર્ધકોની શક્તિના અવિભાગ પ્રતિચ્છેદ અનંતમાં ભાગે છે, માટે કઠોરતા (તેનાથી પણ) હીન છે, માટે તેને લતા સમાન કહે છે. આમ બધા અનંત સ્પર્ધકના ચાર ભેદ છે—શૈલરૂપ, અસ્થિરૂપ, દારુરૂપ, લતારૂપ.

તેમાં બધા શૈલરૂપ, બધા અસ્થિરૂપ, દારુરૂપ, સ્પર્ધકોના અનંત ભાગોમાં એક ભાગ વિના બહુભાગ તો મિથ્યાત્વરૂપ છે. મિથ્યાત્વ ભાવોને ઉત્પન્ન કરવાના કારણ છે અને દારુભાગના એક ભાગને અનંતથી ભાગાકાર કરતાં, તેનો બહુ ભાગ સમ્યક્ત્વ અને મિથ્યાત્વ બંને સાથે મળીને એક મિશ્રભાવરૂપ થાય છે તથા દારુના એકભાગ અને લતાભાગના સર્વ સ્પર્ધક સમ્યક્ પ્રકૃતિ મિથ્યાત્વ ભાવરૂપ છે તે દેશઘાતી છે. તેઓ જીવના સમ્યક્ત્વભાવને મૂળથી (પૂર્ણરૂપથી) ઘાત નથી કરી સકતા, પરંતુ તેમાં ચળ-મળ-અગાઢાદિ દોષ ઉત્પન્ન કરે છે. આ રીતે મિથ્યાત્વ ત્રણ પ્રકારનું છે.

જે જીવોને શૈલરૂપ, અસ્થિરૂપ, દારુરૂપ ભાગના અનંતભાગમાં એક ભાગ સિવાય બહુ ભાગ મિથ્યાત્વરૂપ છે, તેના અનંત ભાગમાં એક ભાગ વિના બહુભાગ સ્પર્ધકોનો ઉદય થાય છે, તે જીવ તો ધર્મ-કુધર્મમાં કાંઈ સમજતો જ નથી. ધર્મ અર્થાત્ સમ્યક્ધર્મ અને કુધર્મ અર્થાત્ મિથ્યાધર્મ, જેમને સમજવાની યોગ્યતા જ નથી એવા એકેન્દ્રિય, બેઈન્દ્રિય, ત્રણઈન્દ્રિય, ચારઈન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય, અનંત જીવ, કિંચિત્ ન્યુન (ઓછા), સંસાર રાશિપ્રમાણ અને સમજવાની યોગ્યતાવાળા સંજ્ઞી પંચેન્દ્રિય અસંખ્યાત જીવ છે, તેમાં પણ અસંખ્યાત ભાગમાંથી એક ભાગ સિવાય બહુભાગ પ્રમાણ તેઓ તો સમજવામાં બુદ્ધિ જ લગાવતા નથી, પોત-પોતાના વિષય-કષાયાદિરૂપ સાંસારિક કાર્યોમાં જ સંતુષ્ટ રહે છે, ધર્મનું કથન જ અપ્રિય લાગે છે. પરલોકની તો વાત જ કરતા નથી. નિંદ્ય અમનોજ્ઞ પર્યાય મળી, તેમાં જ મગ્ન રહે છે. આ કિંચિત્ ન્યુન (કિંચિત્ ઉણા) સર્વ સંસારી અનંતાનંત જીવોને તો અગૃહિત મિથ્યાત્વ ભાવ જ છે, એઓ તો ઉપદેશને યોગ્ય જ નથી.

બાકી રહ્યા સંજ્ઞી પંચેન્દ્રિય જીવોમાં અસંખ્યાતમાં ભાગ સંજ્ઞી પંચેન્દ્રિય જીવ અસંખ્યાત પ્રમાણ છે, તેને યથાયોગ્ય અસંખ્યાતથી ભાગતા જે પ્રમાણ આવે, તેમાંથી એક ભાગ રાખીને બહુભાગ પ્રમાણ અસંખ્યાત સંજ્ઞી પંચેન્દ્રિય જીવોને દારુભાગના અનંતમાં ભાગમાં બહુભાગ સિવાય એકભાગ પ્રમાણ અનંત સ્પર્ધક છે તેને અનંતથી ભાગતાં જે પ્રમાણ આવે, તેમાંથી એક ભાગ છોડીને બહુભાગ પ્રમાણ સ્પર્ધકોનો ઉદય છે. તેના પ્રભાવથી સમ્યક્ ધર્મ તો અપ્રિય લાગે છે અને મિથ્યા ધર્મ પ્રિય લાગે છે. એટલે તેઓ મિથ્યાધર્મનું સેવન કરે છે. યથાર્થ/સાચા ધર્મનું સેવન નથી કરી શકતા. આ ગૃહિત મિથ્યાત્વ ભાવના કારણ મિથ્યાત્વના સ્પર્ધક છે. તેના સ્થાન પણ અસંખ્યાત લોકપ્રમાણ છે. તેમાંથી

કોઈ ઉપરનાં સ્થાન એવા છે કે તેનો ઉદય હોય છે તો સત્યધર્મથી દ્વેષ કરે છે અને મિથ્યાધર્મમાં આસક્ત થઈને સેવન કરે છે. માટે તેઓ પણ ઉપદેશને લાયક નથી. તે જીવોને મિથ્યાત્વ ભાવ છૂટવાનો કોઈ ઉપાય નથી.

અને તેમાંથી નીચેના કેટલાક સ્થાન એવા છે કે તેના ઉદય સહિત (જીવ) મિથ્યાત્વ ધર્મમાં જ મગ્ન રહે છે. (પરંતુ) સત્યધર્મથી દ્વેષ નથી કરતા. તથા તેમનાથી પણ નીચેના કેટલાયે સ્થાન એવા છે કે તેમના ઉદયથી ગૃહિત મિથ્યાત્વ–ધર્મ મંદભાવથી સેવે છે/માને છે. આસક્ત થઈને સેવન નથી કરતાં.

તથા તેમનાથી પણ નીચેના કેટલાયે સ્થાન એવા છે કે તેમના ઉદયથી જીવ મિથ્યાધર્મને તો છોડી નથી સકતો; પરંતુ યથાર્થ ધર્મની પ્રશંસા–અનુમોદના કરે છે. વિ. અસંખ્યાત જીવ ગૃહિત મિથ્યાત્વી જાણવા. તેઓ એવા મિથ્યાત્વના ઉદય સહ જીવ છે તેઓ ઉપદેશાદિનો ઉપાય (કરી સકવાને) યોગ્ય છે. આ જીવોને ઉપદેશાદિના બાહ્ય કારણ મળે તો કોઈ જીવ યથાર્થ ધર્મને પ્રાપ્ત કરી શકે છે.

બાકી રહ્યા સંજ્ઞી પંચેન્દ્રિય જીવ, તેમના અસંખ્યાતમાં ભાગ પ્રમાણ સંજ્ઞી પંચેન્દ્રિય જીવ, તેમને દારુ ભાગના અનંતમા ભાગ પ્રમાણ નીચેના સ્પર્ધકોનો ઉદય છે, તેમનામાંથી કોઈ જીવ તો સત્યધર્મનો ઉપદેશ સાંભળે છે, સત્યધર્મના સ્વરૂપને પૂછે છે, જૂઠાધર્મને છોડે છે અને યથાર્થ વ્યવહાર ધર્મને બુદ્ધિપૂર્વક અંગીકાર કરે છે. દ્રવ્યાદિ એકદેશ અણુવ્રતરૂપ ધર્મના અનેક ભેદોને ગ્રહણ કરે છે અને કેટલાક જીવ ધર્મબુદ્ધિપૂર્વક યથાવત્ મહાવ્રતને ધારણ કરે છે.

અને કેટલાક અતિ મંદ મિથ્યાત્વના ઉદયરૂપ નીચેનાં સ્થાનોનો ઉદય હોય, ત્યારે સમ્યક્ત્વ સન્મુખ થાય છે. પાંચ લબ્ધિરૂપ ભાવોને પ્રાપ્ત થાય છે. ત્રણ કરણરૂપ ભાવ કરીને અનિવૃત્તિકરણના અંતપર્યંત ગુણશ્રેણિ નિર્જરા વિગેરે અનેક આવશ્યક કરતાં કરતાં દર્શનમોહને ઉપશમાવે છે અર્થાત્ ઉદયનો અભાવ કરીને અનિવૃત્તિકરણના અનન્તરવર્તી સમયમાં ઉપશમ સમ્યક્ત્વને પ્રાપ્ત થાય છે. તેઓ બધાના નીચેનાં સ્થાનોમાં ઉદય સહિત જીવ સત્યધર્મને પોતાની મેળે જ અથવા કુળામ્નાયથી પણ વા ઉપદેશ દ્વારા પણ, વા ધર્મના મોટા પ્રભાવનાદિ અંગ, તેમને જોઈને પણ વા કોઈ વૈભવવાન પુરુષ જે રાજાદિ તેઓને ધર્મમાં તત્પર જોઈને તેમનાથી અણુવ્રતધારી વા મહાવ્રતધારી મહાપુરુષ તેમના દર્શનથી પણ વા બીજાં પણ અનેક પ્રકારનાં બાહ્ય કારણોનું નિમિત્ત પામીને (ધર્મ) અંગીકાર કરે છે.

જેમને તીવ્ર કે તીવ્રતમ મિથ્યાત્વનો ઉદય છે, તેમને ઉપદેશ દેવો યોગ્ય નથી કારણ મિથ્યાત્વના તીવ્ર ઉદયમાં યથાર્થ ઉપદેશને ગ્રહણ નથી કરતા, ઉલટા ઉપદેશ આપવાવાળાના

ધર્મમાં વિઘ્નનું કારણ થાય છે. આ મિથ્યાત્વ ભાવ જીવને સર્વ પ્રકારથી અકલ્યાણનું કારણ છે. માટે તેનો મંદ ઉદય હોય, ત્યારે તેને છોડવા યોગ્ય છે અને તેનો તીવ્રતર કે તીવ્ર ઉદય હોય તે સમય છોડવું અસાધ્ય છે. આ મિથ્યાત્વ ચતુર્ગતિ સંસારનું કારણ છે અને મોક્ષના અભાવનું કારણ છે માટે મહાપાપરૂપ જ છે, હેય છે.

આ મિથ્યાત્વ ભાવ, ગુણસ્થાન તો પ્રથમમાં જ છે, માર્ગણાસ્થાનોમાં **ગતિ**—૪, **ઇન્દ્રિય**-૫, **જાતિ**-૫, **કાય**-૬, **યોગ**—આહારકદ્વિક વિના ૧૩, **વેદ**-૩, **કષાય**-૨૫, **જ્ઞાન**-કુજ્ઞાન-૩, **સંયમ**-અસંયમ-૧, **દર્શન**-ચક્ષુ-અચક્ષુ-૨, **લેશ્યા**-૬, **ભવ્ય**-૨, **સમ્યક્ત્વ**-મિથ્યાત્વ-૧, **સંજ્ઞી**-સંજ્ઞી-અસંજ્ઞી-૨, **આહાર**—આહારક-અનાહારક-૨, આ માર્ગણાસ્થાનોમાં મિથ્યાત્વ ભાવ હોય છે.

॥ આમ શ્રી ભાવદીપિકા ગ્રંથના ઔદયિક ભાવાધિકારમાં બીજો મિથ્યાત્વભાવ અંતરાધિકાર પૂર્ણ થયો. ॥

૪

# (૩) કષાયભાવ અંતરાધિકાર

મંગલાચરણ

(દોહા)

ચતુ કષાય સે જગ ભ્રમે, તિન્હેં જીત જિનરાય।
ઉન કષાય કે નાશવે, વન્દુ શીષ નવાય॥

**હવે કષાયભાવાધિકાર પ્રરૂપિત કરે છે.** ચારિત્રમોહ કર્મના ઉદયથી ઉત્પન્ન થયેલ સહેજ પરમ નિરાકુળ સુખના વિધ્વંસક અને મહા-આકુળતારૂપ દુઃખનું કારણ જીવના પરદ્રવ્યોમાં રાગ-દ્વેષરૂપ ભાવ થવા, તેને કષાય કહે છે. માટે કષાયના મૂળ તો બે ભેદ છે—એક રાગ, બીજો દ્વેષ. પરદ્રવ્યોમાં રંજિતભાવ તેને રાગ કહે છે અને પરદ્રવ્યોમાં અણરંજિત/અણગમો ભાવ તેને દ્વેષ કહે છે. દ્વેષના બે ભેદ—ક્રોધ અને માન અને રાગના બે ભેદ—માયા, લોભ. આ પ્રમાણે કષાયભાવ ચાર પ્રકારના છે, જેમના ઉદયસ્થાન તીવ્રતર-તીવ્ર, મંદ-મંદતર એવા ચાર પ્રકાર થાય છે. તે એક-એક પ્રકારમાં પણ એક-એક કષાયના ઉદયસ્થાન અસંખ્યાત લોક પ્રમાણ છે. બધા મળીને પણ ચારે કષાયોના સ્થાન અસંખ્યાત લોક પ્રમાણ છે. કારણ કે અસંખ્યાતના ભેદ ઘણાં છે. તેમાં તીવ્રતર સ્થાન અસંખ્યાત લોક પ્રમાણ છે. તેમના અસંખ્યાતમાં ભાગે, અસંખ્યાત લોકપ્રમાણ તીવ્ર સ્થાન છે. તેમના પણ અસંખ્યાતમાં ભાગે અસંખ્યાત લોકપ્રમાણ મંદસ્થાન છે અને તેમના પણ અસંખ્યાતમાં ભાગ પ્રમાણ અસંખ્યાત લોકપ્રમાણ મંદતરસ્થાન છે. આ રીતે અસંખ્યાત લોકપ્રમાણ કષાયભાવ છે. તેમનું કારણ ચારિત્રમોહ કર્મ છે, તેમના પણ ઉદયસ્થાન અસંખ્યાત લોકપ્રમાણ છે.

તથા ગુણ (સ્વભાવ)ના વર્ણનની અપેક્ષા ક્રોધ, માન, માયા, લોભ—ચારેય કષાયોના ચાર-ચાર પ્રકાર છે. અનંતાનુબંધી ક્રોધ, માન, માયા લોભ. અપ્રત્યાખ્યાનાવરણ ક્રોધ, માન, માયા લોભ. પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ, માન, માયા લોભ. સંજ્વલન ક્રોધ, માન, માયા,

લોભ—આ પ્રમાણે સોળ ભેદ કષાયભાવના છે. જે રીતે એક-એક અનંતાનુબંધી વિ.ના ભેદ ક્રોધ, માન, માયા, લોભ—આ ચાર-ચાર કષાયરૂપે હોય છે તે જ રીતે એક-એક નોકષાયભાવના ભેદ હોય છે.

તે નોકષાયના ભેદ નવ છે–હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, પુરુષવેદ, સ્ત્રીવેદ, નપુંસકવેદ. એ જ રીતે અનંતાનુબંધી આદિ એક-એકના (૧૩-૧૩) ભેદ થયા. આમ ચાર ભેદોના બાવન(૫૨) ભેદ થયા.

તેમાં તીવ્રતર અને તીવ્ર સ્થાનોમાં એક ભાગ રહિત બહુભાગમાં તો અનંતાનુબંધી વિ. ચારે ભેદ હોય છે અને તીવ્ર સ્થાનોના અસંખ્યાતમાં ભાગ પ્રમાણ સ્થાન અને મંદ સ્થાનોમાં અસંખ્યાત બહુભાગ સ્થાનોમાં અપ્રત્યાખ્યાનાદિ તીવ્ર કષાયભાવ હોય છે. અને મંદસ્થાનોમાં અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થાનોનાં, તે પણ અસંખ્યાત લોક પ્રમાણ છે. તેને અસંખ્યાતથી ભાગતાં જે પ્રમાણ આવે તેના એક ભાગ સિવાય બહુભાગમાં પ્રત્યાખ્યાનાદિ બે કષાય હોય છે. અને બાકીના એક ભાગ અને સર્વ મંદતર સ્થાનોમાં એક સંજ્વલન કષાયભાવ થાય છે.

તેમાં અનંતાનુબંધી તો જીવના સમ્યક્ત્વગુણને ઢાંકે છે. અનંતાનુબંધી કષાયની જ્યાં સુધી પ્રવૃત્તિ હોય છે, ત્યાં સુધી જીવ સમ્યક્ત્વને પ્રાપ્ત કરી શકતો નથી અને જો સમ્યક્ત્વ પ્રાપ્ત થઈ ગયું હોય અને અનંતાનુબંધી કષાયભાવનો ઉદય આવી ગયો તો તે સમયે સમ્યક્ત્વ ભાવ નાશ પામે છે. આમ જાણવું.

તથા અપ્રત્યાખ્યાન કષાયભાવ દેશસંયમગુણને ઢાંકે છે અને પ્રત્યાખ્યાન કષાય ભાવ જીવના સકળ સંયમને ઢાંકે છે તથા સંજ્વલન કષાયભાવ જીવના યથાખ્યાત ચારિત્રને ઢાંકે છે. આ રીતે જીવના ચાર ગુણ (પર્યાય)ના ચાર પ્રતિપક્ષી કષાયભાવ છે.

જે અનંતાનુબંધી વિ. ના ચાર ભેદ કહ્યા હતા, તેના બાવન ભેદ, તેમનું સ્વરૂપ, તેમની પ્રવૃત્તિ, તેમનું કાર્ય, તેમની પ્રવૃત્તિરૂપ કાર્યનો કાળ વિ. બતાવીએ છીએ.

પોતાનું જે સ્વરૂપ જ્ઞાતા-દૃષ્ટાપણું, તેનાથી છોડાવીને (વિમુખ કરીને) પર સ્વરૂપ જે રાગ-દ્વેષ ભાવ તે રૂપ કરે છે, તેને કષાય કહે છે. જ્યારે તે કષાયને વશ થઈને જીવ પરદ્રવ્યોમાં કોઈમાં ઈષ્ટની કલ્પના અને કોઈમાં અનિષ્ટની કલ્પના કરે છે. જેને ઈષ્ટ કલ્પે છે તેના સાધનોમાં રાગ કરે છે અને જેને અનિષ્ટ કલ્પે છે, તેના સાધનોમાં દ્વેષ કરે છે. આ જ રીતે ઉત્તરોત્તર રાગ-દ્વેષ કરતાં-કરતાં ઉત્પન્ન થાય છે, જે આકુળતારૂપ ભાવોથી યુક્ત મહાઈચ્છા, તેનાથી દુઃખી થાય છે. આવું તો સામાન્ય ઈચ્છાનું સ્વરૂપ છે.

તે રાગ-દ્વેષ યુક્ત ઈચ્છા ચાર પ્રકારથી પ્રવર્તે છે–અનંતાનુબંધીરૂપ અપ્રત્યાખ્યાનાવરણરૂપ, પ્રત્યાખ્યાનાવરણરૂપ અને સંજ્વલનરૂપ.

## અનંતાનુબંધી કષાયનું સામાન્ય સ્વરૂપ :

તેમાં રાજ્ય વિરુદ્ધ, લોક વિરુદ્ધ, ધર્મ વિરુદ્ધ—આમ ત્રણ પ્રકારે અન્યથારૂપ પ્રવૃત્તિ કરે છે. તેને અનંતાનુબંધી કષાય જાણવો. જે પ્રવૃત્તિ રાજા દ્વારા દંડ યોગ્ય હોય, તે તો રાજ્ય વિરુદ્ધ કહે છે અને જેનાથી લોકમાં અપયશ થાય, પંચ દ્વારા દંડનીય હોય, તેને લોક વિરુદ્ધ કહે છે. અને જે ધર્મ પ્રવૃત્તિ વા લોક પ્રવૃત્તિ રાજ્ય વિરુદ્ધ વા લોક વિરુદ્ધ ન હોય; પરંતુ ધર્મ વિરુદ્ધ હોય, તેને ધર્મ વિરુદ્ધ કહે છે. આથી જે પ્રવૃત્તિ રાજ્યવિરુદ્ધ છે, તે લોક વિરુદ્ધ પણ છે અને ધર્મ વિરુદ્ધ પણ છે. અને જે રાજ્ય વિરુદ્ધ નથી અને લોક વિરુદ્ધ જ છે તે પણ ધર્મ વિરુદ્ધ તો છે જ અને જે પ્રવૃત્તિ ધર્મ વિરુદ્ધ જ છે, પણ રાજ્યવિરુદ્ધ તથા લોક વિરુદ્ધ નથી, તે ધર્મ વિરુદ્ધ જ છે, જ્યાં ત્રણેય પ્રકાર વિરુદ્ધ હોય, જેમકે રાજ્યદ્રોહ, સ્વામી દ્રોહ, મિત્રદ્રોહ, વિશ્વાસઘાત કરવો વા પહેલાના ઉપકારને ભૂલીને કૃતઘ્ની થવું, વિ. —આ અનંતાનુબંધીના મહાપાપરૂપ કાર્ય છે, તેને કરવા તેને અનંતાનુબંધી કહે છે.

તથા ધાડ પાડવી, રસ્તામાં લૂંટી લેવું, મનુષ્યોને મારવા, ગામાવાળાઓને મારવા વા કોઈના ગામ પર કબજો જમાવવો. રાજ્યનું કાર્ય બગાડવું, સાત વ્યસન સેવવા, બીજાની ચાડી કરવી વિ. જે રાજદંડ યોગ્ય છે, તે સઘળાયે અનંતાનુબંધીના, રાજ્યવિરુદ્ધ કાર્યો જાણવા.

કુળ, જાતિ, રીતિથી પોતે ઉંધા ચાલવું, પિતાદિનું અપમાન કરવું, પોતાની બડાશ મારવી, પરની નિંદા કરવી, પોતાના વા બીજાના વિવાહ વિ. કાર્ય બગાડવા, પોતાના કુટુમ્બમાં વા પાડોશી, મોહલ્લા, ગામ વિ.થી વિરોધ કરવો. કડવા વેણ કહેવા–ઈત્યાદિ લોક વિરુદ્ધ અનંતાનુબંધી જાણવા.

મિથ્યાદેવ, ગુરુ, ધર્મ, આપ્ત, આગમ, પદાર્થોને સાચા જાણવા, તેમનું સાચું શ્રદ્ધાન કરવું, તેમને દાન દેવું, પૂજન, નમસ્કારાદિ વિનય કરવો, અને સાચાં દેવ, ગુરુ, ધર્માદિને વા આપ્ત, આગમ, પદાર્થોને ખોટા જાણવાં, ખોટું શ્રદ્ધાન કરવું, તેમના પ્રતિ અયથાર્થ પ્રવૃત્તિ કરવી, અયથાર્થ પૂજા કરવી, અયોગ્ય દ્રવ્ય ચડાવવું, અયોગ્ય અશુદ્ધક્ષેત્રમાં, રાત્રિ આદિ અયોગ્યકાળમાં પૂજા કરવી, અશુદ્ધ શરીર, અશુદ્ધ વસ્ત્ર, વિ. બાહ્ય ભાવની અશુદ્ધતા સહિત પૂજા કરવી અને અંતરંગમાં ભાવ ક્રોધ, માન, માયા, લોભના કે યશ, બડાશ વિ.ના અભિનિવેશ સહિત અશુદ્ધભાવોથી પૂજા કરવી વા પ્રમાદ સહિત પૂજા કરવી. પ્રમાદ અર્થાત્ પૂજાના સમયે–સ્ત્રી કથા, ભોજનકથા, રાજ્ય કથા, ચોરકથા–આ ચાર વિકથા કરવી વા પૂજાના સમયે ક્રોધ કરવો, માન કરવું, માયા કરવી, લોભ કરવો વા પૂજાના સમયે સ્પર્શ વિ. પાંચ ઈન્દ્રિયોના વિષય પોષવા વા પૂજાના સમયે સ્ત્રી પુત્રાદિથી સ્નેહ/મોહ કરવો અને મનમાં પૂજાનો અનાદર ભાવ ધરવો વા ઉંઘ આવી જવી. વા મન, વચન, કાયથી અવિનયરૂપ

પ્રવર્તવું, પૂજા કરવી, બોજો લાગે, પૂજાનો સમય પસાર કરવો કઠણ લાગે. પૂજામાં ધન ખર્ચ કરવો ભારે લાગે વા પૂજનાદિ ક્રિયામાં તો મન નથી લાગતું, અન્ય વિષય-કષાયના કાર્યોમાં મનને બુદ્ધિપૂર્વક ભમાવે છે. ઈત્યાદિ મનથી અવિનય કરવો અને તે સમયે કાંઈના કાંઈ વચન બોલવા.

પોતાના લૌકિક વિષય-કષાય, મોહના પ્રયોજનથી વચનાલાપ કરવો વા પોતાની પ્રશંસાના વચનો બોલવા વા અનાદરભાવથી સ્તવનાદિ પાઠ વાંચવા વા સ્તવનાદિના યોગ્ય પાઠ તો ન વાંચવા, કરણાનુયોગનો ઉપદેશ વા ચરણાનુયોગનો વા દ્રવ્યાનુયોગનો વા પ્રથમાનુયોગનો ઉપદેશ કરવો વા પોતે પોતાને સંબોધનરૂપ અધ્યાત્મપાઠ ઈત્યાદિ પાઠ વાંચવો.

અથવા દેવના સામે ગુરુના સ્તવનો વા શ્રુતસ્તવનનો વા ધર્મના સ્તવનનો પાઠ વાંચવો, વા શાસ્ત્રની સામે/બાજુમાં દેવ, ગુરુ, ધર્મના સ્તવનનો પાઠ વાંચવો વા તીર્થંકરની પાસે બીજા તીર્થંકરનો પાઠ વાંચવો વા પ્રત્યક્ષ પૂજ્યની સામે પરોક્ષના સ્તવન-પાઠ વાંચવા વા અશુદ્ધ પાઠ વાંચવા વા વાંચતા-વાંચતા ભૂલી જવું વા આગળ-પાછળ વાંચવું વા પાછળનું આગળ વાંચવું વા પહેલાનો પાઠ અપૂર્ણ છોડીને આગળનો પ્રારંભ કરવો વા ધીરે-ધીરે વચનોથી સ્તવન કરવાં વા જોર-જોરથી બોલીને પાઠ વાંચવો—ઈત્યાદિ વચન દ્વારા અવિનય કરવો.

અથવા કાયથી પૂજ્યની અતિ નિકટ ઊભા રહેવું વા ઘણે દૂર ઊભા રહેવું વા પૂજ્યની નજીક બેસી જવું, સૂઈ જવું વા દીવાલને ટેકે બેસી જવું, નમસ્કારાદિ કરવા, વા નમસ્કારાદિ કરતી વખતે મસ્તક, પીઠાદિ ન નમાવવું/ઝુકાવવું, વા ઉદ્દંડતા સહ ઊભા રહેવું વા શરીર ચંચળ રાખવું વા સ્થિર ન રાખવું વા દૃષ્ટિ ચંચળ રાખવી વા ચાલે તો પીઠ દઈને ચાલે, વા પ્રદક્ષિણા ફરતાં ખૂબ જલ્દી ચાલવું—ઈત્યાદિ કાયકૃત અવિનય કરવો.

તેમજ પૂજનક્રિયામાં ખૂબ હિંસા થવી, ગળ્યાં વિનાનું પાણી, વા એકપડવાળા પાતળા કપડાં દ્વારા પાણી ગાળીને કામમાં લેવું વા પાણી ઘણું બધુ ઢોળવું, ક્રિયાથી વધુ પાણી ઢોળવું, અગ્નિ વધુ પેટાવવો વા ઘણાં દીવા જલાવવા, તેલાદિના દીવા જલાવવા વા પૂજનમાં અધિક ફૂલો નો સંગ્રહ કરવો, જોયાં વિના સડેલી સામગ્રી/સદોષ સામગ્રી ચડાવવી ઈત્યાદિ.....હિંસા કરવી વા પ્રતિમા પર કેશર-ચંદનાદિ લગાવવા વા ફૂલોની માળા પહેરવી વા પ્રતિમા પર રાખવી, જે ચડાવેલું દ્રવ્ય છે, તેને ફરીથી ચડાવવું વા ચડાવેલી સામગ્રી વેંચીને લાવવામાં આવેલ સામગ્રી વડે પૂજા કરવી વા ચૈત્યાલયના દ્રવ્યોથી પૂજા કરવી, બીજાના દ્રવ્યોથી પૂજા કરવી વા અન્યાયથી ઉપાર્જન કરેલ દ્રવ્યથી પૂજા કરવી ઈત્યાદિ અક્રિયા સહિત દેવ-ગુરુ-

ધર્માદિની પૂજા કરવી, તે અનંતાનુબંધી (કષાયરૂપ) ધર્મ વિરુદ્ધ કાર્ય છે.

તથા દેવ-ગુરુ-ધર્માદિકની સમીપ ચૌરાસી આસાદના દોષ લગાડવા વા તેમના અન્યગ્રહ—વ્યંતરાદિના દેવી આદિની પૂજા કરવી, સ્થાપના કરવી, તેમની કથા કરવી, સ્તવન કરવા, જપ કરવાં, તે ઉત્કૃષ્ટ અનંતાનુબંધીનું ધર્મ વિરુદ્ધ કાર્ય છે, વિ. દેવાશ્રિત અનંતાનુબંધીનું ધર્મ વિરુદ્ધ કાર્ય જાણવું. મિથ્યાજ્ઞાન, મિથ્યા શ્રદ્ધાન, મિથ્યા પ્રવૃત્તિ થતી હોવા છતાં પણ પોતાને વા બીજાને સમ્યગદૃષ્ટિ જાણવા, વા પોતાને વા બીજાને અન્યજીવો દ્વારા સમ્યગ્દૃષ્ટિ મનાવવા તથા નથી જેઓનું શાસ્ત્રોક્ત બાહ્યાભ્યંતર અણુવ્રતરૂપ ક્રિયાનું વિધાન તોપણ જિનમતથી વિરુદ્ધ શ્વેતામ્બર, રક્તામ્બર, પીતામ્બરાદિનો આશ્રય લઈને અનેક પ્રકારના વેશ સહિત પોતાને વા પરને અણુવ્રતી, મહાવ્રતી માનવા વા અન્યથી મનાવવા, પૂજવા, પૂજાવવા, દાન લેવું વા દાન દેવું, જે નથી માનતા, નથી પૂજતા, તેનાથી વિરોધ કરવો—ઇત્યાદિ ગુરુ આશ્રિત અનંતાનુબંધી કષાયનું ધર્મ વિરુદ્ધ કાર્ય જાણવું.

પૂર્વોક્ત અન્યથા પૂજા કરવી, ચતુર્વિધ સંઘ વિના જે અન્ય અનેક પ્રકારે કુલિંગના ધારક કુપાત્ર, તેમને ચાર પ્રકારે વા દસ પ્રકારે દાન દેવું વા શાસ્ત્રોક્ત રહિત વિષય-કષાય પોષવાને માટે જૂઠાં અણુવ્રત, મહાવ્રત ગ્રહણ કરવાં, જૂઠાં તપ કરવાં, વ્રત કરવાં, કરાવવાં, તેમને માટે દાન દેવું વા લેવું. વિષય પોષવા વા પહેલા ત્યાગ કરવો પાછળથી ગ્રહણ કરવું, બાહ્ય પ્રવૃત્તિ સાચી દેખાડવી અને અંતરંગમાં જૂઠી પ્રવૃત્તિ ધરવી. પહેલા શાસ્ત્રોથી અધિકાચાર ગ્રહણ કરવા, પાછળથી છોડી દેવા, જે ધર્મ અંગીકાર કરવો, તે શાસ્ત્રના અનુસાર ન કરવો, મનોક્ત લોક રુઢિ સહિત કરવો. પૂજા-પ્રતિષ્ઠા, તીર્થયાત્રાદિ સર્વ કાર્ય અન્યથા કરવા—ઇત્યાદિ ધર્મને આશ્રિત અનંતાનુબંધી કષાયનું ધર્મ વિરુદ્ધ કાર્ય જાણવું.

જૂઠાં (જે આપ્ત નથી) તેમને આપ્ત બનાવી લેવા, મિથ્યા/અસત્ય ઉપદેશ દેવો, પોતાના વિષય-કષાયના પોષક શાસ્ત્ર લખવા, જૂઠા મત ચલાવવા અને પોતાના વિષય-કષાય પોષવા, પોતે—પોતાને મહંત/મહાન જાણવા વા એવા જૂઠા વક્તાનાં મુખથી ઉપદેશ સાંભળવો, તેમના કહેલ શાસ્ત્રો વાંચવા, તે મતોની શ્રદ્ધા કરવી. તેમને જ મહાન જાણવા, તેમના મન માન્યાં વિષય-કષાય પોષવા, સાચા આપ્ત દ્વારા અપાયેલ ઉપદેશની શ્રદ્ધા ન કરવી—ઇત્યાદિ આપ્તના આશ્રયથી અનંતાનુબંધી કષાયનું ધર્મ વિરુદ્ધ કાર્ય જાણવું.

મિથ્યા શાસ્ત્રોને માનવા, વાંચવા, વંચાવવા, શ્રદ્ધાન કરવું, વા સત્ શાસ્ત્રોનો જૂઠો અર્થ કરવો, જૂઠો અર્થ ધારવો, બીજાને મિથ્યા અર્થનું શ્રદ્ધાન કરાવવું, કુપક્ષોને ગ્રહણ કરવા, સત્પક્ષોને છોડી દેવો—ઇત્યાદિ આગમ આશ્રિત અનંતાનુબંધી કષાયનું ધર્મ વિરુદ્ધ કાર્ય જાણવું.

જિનેશ્વર દેવ દ્વારા ભાસિત જે મોક્ષમાર્ગના કારણ જીવાદિ નવ પદાર્થ, તેમનું શ્રદ્ધાન ન કરવું, અન્ય કુદષ્ટિઓ દ્વારા ભાષિત અનેક પ્રકારનાં ભેદયુક્ત અનેક પ્રકારનાં સ્વરૂપ સહિત જે તત્ત્વ, તેનું શ્રદ્ધાન કરવું વા જિનભાસિત તત્ત્વોની શ્રદ્ધા ન કરવી, તેમનું સ્વરૂપ અન્યથા ધારણ કરવું, તેનાથી વિપરીત પ્રવૃત્તિ કરવી વા તેનામાં આસ્તિક્યભાવ ન ધારવો, નાસ્તિકભાવને ન છોડવો, સીખવું હોય તો સીખી લેવું, જાણવું હોય તો માત્ર જાણી લેવું, તેમાંથી શ્રદ્ધાપૂર્વક આત્મજ્ઞાન ન કરવું વિગેરે પદાર્થોના આશ્રિત અનંતાનુબંધી કષાય સંબંધી ધર્મવિરુદ્ધ કાર્ય જાણવું—આ પ્રકારે રાજ્યવિરુદ્ધ, લોકવિરુદ્ધ, ધર્મવિરુદ્ધ કાર્ય અનંતાનુબંધીના તેર કષાય દ્વારા પ્રવર્તે છે, તે કહીએ છીએ.

**તેમાં પ્રથમ જ અનંતાનુબંધીનો ક્રોધ ભાવ કહે છે.** પોતાથી બળવાન પર ક્રોધ કરવો વા રાજાદિથી ક્રોધ કરવો વા પરાયા ધન, પરાઈ સ્ત્રી આદિ વસ્તુઓ લેવા જતાં, કોઈ તેને નહીં લેવા દે—આમ જાણીને તેના પર ચિડાઈને ક્રોધ કરી, તેનો ઘાત કરવો વા પોતાનો કોઈ પ્રકારથી કોઈ અન્યાય જાહેર થતાં કોઈ માનભંગ/અપમાન કરે તેના પર ક્રોધિત થઈને તેનો ઘાત કરવો વા અનેક પ્રકારથી વ્યવહારમાં માન-લોભાદિને લીધે ક્રોધ કરવો વા ધર્મમાં પરસ્પર ઈર્ષ્યા/અરુચિના ભાવ કરીને મનુષ્ય તિર્યંચાદિનો ઘાત કરવો વા ગામની વ્યક્તિઓને મારવી, ખેતરાદિ સળગાવી દેવા—ઈત્યાદિ અનંતાનુબંધી કષાયનો **રાજ્ય વિરુદ્ધ ક્રોધ જાણવો.**

પોતાના કુટુંબાદિમાં વા અનેક પ્રકારથી લૌકિક વ્યવહાર કાર્યોના સંબંધિઓમાં વા વિવાહાદિ કાર્યોમાં, જાતિ આદિના મનુષ્યો આદિમાં વ્યર્થ જ ક્રોધ કરવો, જે પણ કાર્ય કરવું તે ક્રોધના અભિનિવેશ સહિત કરવું. પ્રયોજનને આવીને (કોઈ) જીવ પોતાથી વાતચિત કરે તો તેને ક્રોધ સહિત ઉત્તર દેવો, તેનું કાર્ય તો કરી દેવું, પરંતુ ક્રોધ સહિત કરવું વા પોતાનું ન્યાયયુક્ત પણ બગાડવું, તે પછી તેના પર વિના પ્રયોજન ક્રોધ કરવો વા પોતાના ન્યાયયુક્ત કાર્યનું વા કોઈને દીધેલું ધનાદિ પાછું નથી આવતું જાણીને તેનાથી નિરર્થક ક્રોધ કરવો વા પોતાને આશ્રિત વ્યક્તિનો પાપનો ઉદય આવવાથી વા પોતે કુવ્યસનાદિ અન્યાય કાર્યોમાં પ્રવર્તે છે વા પ્રયોજનભૂત કાર્યોમાં અજ્ઞાનતાવશ પ્રવર્તે છે વા પ્રવર્તન ન પણ કરે તેનો કોઈ બોધ આપે તો તેની પર ક્રોધ કરવો પોતાને પાપનો ઉદય આવતાં રોગાદિ દ્વારા વા વૃદ્ધ અવસ્થાને કારણે નબળાઈ આવી જતાં, જો સ્ત્રી-પુત્રાદિ સેવા-ચાકરી ન કરી શકે, મનવાંછિત ભોજનાદિ ન આપે વા કહેલું ન માને, તેઓ પર ક્રોધ કરવો ઈત્યાદિ અનંતાનુબંધી કષાયનો લોકવિરુદ્ધ ક્રોધ જાણવો.

ક્રોધ સહિત ધર્મની શિક્ષા આપવી તથા ક્રોધથી ધર્મકાર્ય કરાવવું વા શાસ્ત્રના જૂઠાં શ્રદ્ધાન-જ્ઞાન-પ્રવૃત્તિ કરાવવાં, ઉપદેશ દેવો અને જો કોઈ ન માને તો તેની પર ક્રોધ કરવો,

વા પોતાને કોઈ યથાર્થ માર્ગનો ઉપદેશ આપે, તેના પર ક્રોધ કરવો વા ધાર્મિક કાર્યમાં અજ્ઞાનતાથી પ્રવર્તવું, જે શાસ્ત્રનો જૂઠો અર્થ કહે છે વા જૂઠો અર્થ ધારણ કરે છે વા ધર્મકાર્યોમાં નથી પ્રવર્તતા, તેને માટે કોઈ સારી સલાહ આપે છે વા ધર્મ(ના કાર્યો)માં માન-અપમાન કરે તો તેના પ્રતિ ક્રોધ કરવો. વા સાધર્મી સાથે ક્રોધ સહિત ચર્ચા કરવી વા ક્રોધ સહિત પ્રવૃત્તિ કરવી અથવા સ્વયં ધાર્મિક કાર્યોમાં પ્રવર્તન કરે છે, ધનાદિ ખર્ચ કરે છે અને બીજા કોઈ સાધર્મી ઓછું પ્રવર્તે છે, ઓછું ધન ખર્ચે છે વા નથી પ્રવર્તતા, નથી ધન ખર્ચ કરતાં, તેમના પ્રતિ ક્રોધ કરવો વા ક્રોધ કરીને ધનાદિ ખર્ચ કરાવવો વા બીજાને નીચા દેખાડવા માટે ક્રોધ કરીને પૂજનાદિ કાર્ય કરવું, તેમની પાસે ઘણું ધન ખર્ચ કરાવવું વા તપ વ્રતાદિમાં ભોજનાદિનો અંતરાય થઈ જતાં વા પારણા કરતી વખતે ભોજનાદિ કાળમાં મોડું થવાથી, ઉતાવળ થવાથી સ્ત્રી વા નોકરાદિથી રોષ કરવો—ઈત્યાદિ અનંતાનુબંધી કષાયનો ધર્મવિરુદ્ધ ક્રોધભાવ જાણવો.

**હવે અનંતાનુબંધી માન કષાયભાવને કહે છે**—જ્યારે પોતે પોતાને બીજાઓથી મોટા (મહાન) મનાવવાની બુદ્ધિ હોય વા બીજાને નીચા દેખાડવાની બુદ્ધિ હોય તેનું નામ માન કષાય છે. પોતાથી બળવાન પ્રત્યે આઠ પ્રકારનો મદ કરવો વા રાજાદિની સામે આઠ પ્રકારનો મદ કરવો, તે રાજ્ય વિરુદ્ધ અનંતાનુબંધી માનકષાય ભાવ છે.

**કુળમદ**— મારા પિતા રાજા વિ. છે. **જાતિ મદ**–મારી માતા, રાજા વિ.ની પુત્રી છે.

**લાભમદ**–અમને તો ધનાદિ સામગ્રી વિના ખેદ, વિના પરિશ્રમ આપોઆપ પ્રાપ્ત થઈ જાય છે. **ઐશ્વર્યમદ**–જે રાજ સામગ્રી વા ધનાદિ પ્રાપ્ત થયા છે તે સામગ્રી (ઐશ્વર્ય) મદ છે. **બળમદ**–જે સાત પ્રકારની સામગ્રી–ધનનું બળ, કુટુંબનું બળ, સામગ્રીનું બળ, સ્થળનું બળ, બુદ્ધિનું બળ, મંત્રનું બળ, શરીરનું બળ–આ બધા બળના મદ છે. **રૂપમદ**–જેવું અમારું રૂપ છે તેવું બીજા કોઈનું નથી. **વિદ્યામદ**–અમારા જેવો કોઈ પંડિત નથી. **તપમદ**–અમે ખૂબ ઊંચા તપ કરીએ છીએ–આમ આ આઠ પ્રકારના મદ જાણવા. આ તથા માતા-પિતાદિથી મદ કરવો વા લૌકિક શાસ્ત્રકળા, શાસ્ત્રવિદ્યા સિખવાડવાવાળાંથી મદ કરવો વા આજીવિકા આપવાવાળાથી મદ કરવો વા જેનાથી લૌકિક વિદ્યા મળે છે એવા ચતુર પુરુષોથી મદ કરવો વા વિવાહાદિ કાર્યોમાં જાતિમદ કરવો વા પોતાના પદથી પણ અધિક માનરૂપ પ્રવૃત્તિ કરવી વા અન્યાયરૂપ કાર્ય કરીને માન કરવું વા સાત વ્યસનાદિમાં અધિકતાને પ્રાપ્ત થઈને પણ મદ કરવો વિ. અનંતાનુબંધી કષાયનો લોકવિરુદ્ધ માનભાવ જાણવો.

અને દેવ-ગુરુ-ધર્માદિની પાસે મદ કરવો વા સાધર્મિઓથી મદ કરવો વા પૂજનાદિ ધર્મકાર્યોમાં ધનાદિ ખર્ચ કરીને મદ કરવો તેમજ અનેક પ્રકારે ધર્મના અંગોમાં માનના

અભિપ્રાય સહિત ધનાદિ ખર્ચવા, પોતાને મહાન અને અન્ય સાધર્મિઓને પોતાથી તુચ્છ સમજવા વા સાધર્મિઓનું અપમાન કરવું, અનેક પ્રકારનાં વસ્ત્રાભૂષણાદિ પહેરીને સાધર્મીઓથી મદ કરવો—વિ. અનંતાનુબંધીકષાયનો ધર્મ વિરુદ્ધ કાર્ય માનભાવરૂપ જાણવો.

હવે **અનંતાનુબંધીના માયા કષાયભાવ કહે છે**—મનમાં તો અન્ય વિચાર કરવો અને વચનથી કાંઈ અન્ય કહેવું તથા કાયાથી કાંઈ અન્ય કરવું—તેનું નામ માયાકષાય છે. ત્યાં પોતાથી બળવાનથી માયાચાર કરવો વા બીજાનું રાજ, બીજાનું ધન, બીજાનું સ્ત્રી-ધન વિ. વસ્તુઓને ઠગવા માટે માયા કરવી વા વિશ્વાસ આપી પછી ઘાત કરવો વા પોતાનું માન વધારવા રાજ્ય વિરુદ્ધ માયાચારી કરવી—વિ. રાજ્ય વિરુદ્ધ અનંતાનુબંધી માયા-કષાયભાવ જાણવા.

માતા-પિતા વિગેરેથી માયાચારી કરવી વા સેઠ, ભાગીદાર, રાજાદિથી માયાચારી કરવી વા નિરર્થક માયાચારીના વચન કહેવા, વિ. અનંતાનુબંધી માયાકષાયના ભાવ જાણવા.

દેવ-ગુરુ-ધર્માદિમાં માયાચારી કરવી, તેને ધર્મ વિરુદ્ધ માયા કહે છે. બહારમાં તો જૈન રહેવું અને અરહંતાદિને દેવ માનવા અને અંતરંગમાં ગ્રહ, વ્યંતરાદિ-દેવતા, શીતલાદિને દેવ માનવા, તેમને માટે તન, મન, ધન ખૂબ ઉત્સાહપૂર્વક ખર્ચ કરવો, સાચાં અરહન્ત દેવાદિ માટે ખર્ચ ન કરવો વા ઉલ્લાસ રહિત થોડું ખર્ચવું અને દેખાવ મોટો કરવો વા બીજાના દેખતાં ખૂબ ભક્તિ કરવી અને ન દેખે તો ન કરવી—ઇત્યાદિ દેવ-સંબંધી માયા જાણવી.

તથા ઉપાસક તો નિર્ગ્રંથ ગુરુના રહેવું અને બહારમાં કુલિંગ પાખંડિયોની સેવા કરવી વા ગુરુની પાસે નિંદા-ગર્હા માયાચારીથી કરવા—ઇત્યાદિ ગુરુ સંબંધી માયા છે.

તથા વ્રત, તપ, સંયમ, પ્રતિજ્ઞા, અનેક પ્રકારના યમ—નિયમ બહારમાં તો યથાયોગ્ય દેખાડવા અને અંતરંગમાં યથાયોગ્ય ધારવા નહીં—ઇત્યાદિ ધર્મસંબંધી માયા જાણવી.

તેમજ સત્ય કથાવક્તાના મુખથી ધર્મનું તત્ત્વ સંબંધી કથન સાંભળીએ શ્રદ્ધાન કરવું, આરંભ કરવો, પ્રશંસા કરવી અને પછી કોઈ અસત્ય વક્તા દ્વારા કહેલા તત્ત્વોનું શ્રદ્ધાન કરી તેને વખાણવા અને સત્ય વક્તા તથા સત્ય કથનની નિંદા કરવી—ઇત્યાદિ આપ્તના સંબંધમાં માયા જાણવી.

તથા આગમમાં નિરુપણ જે પ્રકારે છે, તેનું કથન બીજા પ્રકારે કરવું. શાસ્ત્રના અર્થ જૂઠા કરવા. પોતાના અભિપ્રાયનું પોષણ થાય એવા શાસ્ત્ર રચવાં અને શાસ્ત્રમાં નામ મોટા આચાર્યનું લખવું વા કપોળ-કલ્પિત મિથ્યા શ્લોક, કાવ્ય બનાવીને શાસ્ત્રમાં લખવા વા લોકોને સંભળાવવા અને નામ શાસ્ત્રોનું લેવું—આ અમુક આચાર્યે લખેલ આગમના શાસ્ત્રનું વચન

છે, શ્લોક છે, કાવ્ય છે—ઈત્યાદિ આગમ સંબંધી માયા જાણવી.

અને તત્ત્વોનું સ્વરૂપ જે પ્રકારે છે તેનાથી લોકોને બીજા પ્રકારે કહેવું, હેયને ઉપાદેય કહેવાં અને ઉપાદેયને હેય કહેવાં—ઈત્યાદિ પદાર્થોમાં માયા જાણવી.

હવે **અનંતાનુબંધી લોભ કષાય કહે છે**—અતિતીવ્ર અનંતાનુબંધી લોભ કષાય કર્મના ઉદયને વશીભૂત થતો આત્મા તીવ્ર લોભને વધારે છે, ફેલાવે છે. તે આ ભવ અને પરભવ સંબંધી પોતાનું અકલ્યાણ નથી દેખતો અને ધનાદિની વાંછા કરતો અનંતાનુબંધીના અનેક વિષમ કાર્ય કરે છે, ચોરી કરે છે, ધાડ પાડે છે, ગામ તથા રસ્તામાં લોકોને લૂંટે છે, મનુષ્યોને મારે છે, રાજદરબારની ચોરી કરે છે, બીજાના ઘરમાં ઘુસી જાય છે; પોતાને જીવવાની આશા પણ નથી કરતો અને રાજાદિની ચાકરી કરે છે. સ્વામીના ઘરની ચોરી કરવી, સ્વામી (શેઠ)નું બગાડવાના હેતુથી લાંચ લેવી વા જૂઠનો પક્ષ લઈને લાંચ લેવી, જૂઠો દોષ લગાવીને, ભય દેખાડીને ધન આંચકી લેવું, વા થોડું જમા હોય તેનાથી અધિક લેવાના ઈરાદે પ્રજાને લૂંટવી વા રાજ હિસ્સાનો જબરદસ્તી ટેક્સ લેવો, પ્રજાનું ધનાદિ છીનવી લેવું, લોભને વશીભૂત થઈને રાજા-પ્રજાનો વિધ્વંસ કરવો વા રાજ્યના કરની ચોરી કરવી, વા ચોરથી ભાગ લેવો, ચોરી કરવી, રસ્તો લૂંટવો, ધમકી દેવી, ગામને મરાવવું, મનુષ્યને મરાવવા વા લોભ કષાય વશ આંધળો બનીને રાજદ્રોહી, સ્વામીદ્રોહી, ધર્મદ્રોહી, કૃતઘ્ની થવું—આવા મહાપાપ કરવા વા અનંતાનુબંધી લોભને વશ ગમ્યાગમ્ય અર્થાત્ એવા કાર્યો કરવા જે કોઈની દૃષ્ટિમાં-દેખવામાં ન આવ્યા હોય—ઈત્યાદિ રાજ્યવિરુદ્ધ અનંતાનુબંધી લોભ ભાવ જાણવો.

લૌકિક વ્યવહારમાં અન્યાયરૂપ લોભ કરવો, જૂઠા લેખ લખવા, રકમ ચોરવી, જેટલું ચોપડામાં લખ્યું હોય તેનાથી પણ અધિક ધન વસૂલ કરવું વા ધનનો સંગ્રહ કરવો વા લૌકિક વ્યવહારાદિમાં ધન ન ખર્ચવું. પોતાના કામ માટે પણ ધન ન ખર્ચવું, કંજૂસ રહેવું. પોતાની આજીવિકાના વધુ સાધન હોવા છતાં પણ વિષમ-કલહપ્રિય વ્યવહાર કરવો, ઘરનું સુખ છોડીને પરદેશ જવું, સમુદ્રમાં પ્રવેશ કરવો, વિષમ/કઠિનતાથી પ્રાપ્ત સ્થળમાં જવું તેમજ બીજા પણ મહાપાપના વ્યવહાર કરવા. પોતાના પદનું ઉલ્લંઘન કરી નિંદ્ય વ્યવહાર કાર્ય કરવું—પોતાની પાસે હોવા છતાં બીજાને જે કાંઈ દેવાલાયક, તેને ન આપવું, પચાવી પાડવું, હડપ કરી લેવાની બુદ્ધિથી બીજાથી કરજ લેવું. ગપચાવી જવું (જૂઠું બોલવું કે મને, આપ્યું જ નથી) વા લોભને વશ અનેક વિવાહાદિ કાર્ય બગાડવું. લોભને વશ પોતાના કુટુંબાદિને દુઃખ દેવું, ઘણું ખર્ચવાનો પ્રસંગ હોય તોપણ થોડું પણ ધન ન ખર્ચવું. ધનાદિને માટે પોતાનું ખૂબ અપમાન થતું હોય તો થવા દેવું—ઈત્યાદિ લોકવિરુદ્ધ અનંતાનુબંધી લોભકષાય ભાવ જાણવા.

તેમજ પરલોકને માટે ધર્મમાં ધનાદિ ખર્ચ ન કરવો વા પોતાના પદને યોગ્ય ધન ખર્ચ ન કરવો વા થોડો કરવો. કરેલું જે ધર્મકાર્ય તેને પણ લોભને વશ બગાડી દેવું. તેમાં મલીનતા દેખાડવી. પૂજનાદિ ધાર્મિક કાર્યોમાં કંજૂસાઈથી ધન ખર્ચવું. લોભને વશ થઈને પંચોથી કંજૂસ કહેવડાવવું વા ધર્મને આશ્રિત લોભ કરવો—ઈત્યાદિ ધર્મવિરુદ્ધ અનંતાનુબંધી લોભ કષાય જાણવા.

હવે હાસ્યાદિ નોકષાયોમાં અનંતાનુબંધી કષાયભાવ બતાવે છે તથા રાજાદિ મહંત પુરુષોની હાંસી કરવી વા માતા-પિતા વિ. લૌકિક ગુરુજનની હાંસી કરવી વા પરસ્પર મર્મછેદક વચન કહીને હાંસી કરવી અને કરાવવી. વિના ઉપાય અન્યાયના વિષય-કષાય કાર્યોની પોતાને પ્રાપ્તિ થાય તેનાથી પ્રસન્ન થવું. મુનિરાજોની હાંસી કરવી વા સાધર્મિઓની હાંસી કરવી, ધર્મસ્થાનોમાં વા ધર્મના અંગોમાં હાસ્ય-ક્રીડા કરવી–વિ. અનંતાનુબંધી **હાસ્ય કષાયભાવ** જાણવા.

તથા સાત વ્યસનોને અતિ આસક્ત થઈને સેવન કરવું, પાંચ ઈન્દ્રિયોના વિષયોમાં ખૂબ આસક્ત રહેવું, પાંચ ઈન્દ્રિયોના ન્યાયમાર્ગમાં પણ ધર્મ, અર્થ, પુરુષાર્થ બગાડીને અતિ આસક્ત થઈને સેવન કરવું. ધર્મમાં પણ વિષય-કષાય પોષવા વિ. અનંતાનુબંધી **રતિકષાય**ના ભાવ જાણવા.

તથા માતા-પિતાદિની રોગાદિ અવસ્થા થવા પર વા વૃદ્ધ અવસ્થા થવા પર અરુચિ કરવી. પાપનો ઉદય આવતાં બંધુજન વિગેરેથી, મિત્રથી વા સાધર્મિઓથી વા બીજા કોઈ મહંત પુરુષોમાં અરુચિ કરવી, ધર્મના અંગોમાં અરુચિ કરવી એટલે છોડી દેવા, અલગ થઈ જવું, તેમને ઉપકાર ન માનવો વિ. અનંતાનુબંધી **અરતિ કષાયભાવ** જાણવા.

અને વ્યસનાદિના સાધનોનો વિયોગ થતાં શોક કરવો, અન્યાય કાર્ય જે પહેલાં કહેવામાં આવ્યા છે, તેનો બગાડ થતાં શોક કરવો વિ. અનંતાનુબંધીના શોક કષાય જાણવાં.

તથા સાત વ્યસનાદિનાં નિમિત્તે ભયના કારણ ઉત્પન્ન થતાં વા અન્યાય કાર્યરૂપ પ્રવૃત્તિના નિમિત્તે ભય ઉપજતાં, ભયથી કાંપવું વા દુષ્ટોના ભયથી કાંપી જવું અને પોતાના ન્યાયધર્મને વા ક્રિયા ધર્મને વા પ્રતિજ્ઞાધર્મને વા અણુવ્રત, મહાવ્રત ધર્મને છોડી દેવા. પદની યોગ્ય શક્તિ અનુસાર સમ્યક્ત્વાદિ ધર્મ અંગીકાર ન કરવા. પોતાના શરણમાં આવેલને પાછા સોંપી દેવા—વિ. અનંતાનુબંધીના ભયકષાયભાવ જાણવા.

અને રોગાદિ અવસ્થા થતાં મુનિજનાદિ ચતુર્વિધ સંઘની પ્રત્યે વા સાધર્મિયોની પ્રતિ ગ્લાનિ કરવી વા માતા-પિતાદિ લૌકિક ગુરુજનથી ગ્લાનિ કરવી, તેમની સેવા-ચાકરી ન કરવી. જેમનો બહુ જ પાપનો ઉદય છે, તેમને ભોજન પાન–વસ્ત્રાદિ પણ નથી મળતા અને

રોગથી ગ્રસ્ત છે શરીર જેમનું—એવા તિર્યંચ, મનુષ્યોથી ગ્લાનિ કરવી, તેમની પર દયા ન કરવી, ઉપકાર ન કરવો વા સાધર્મિયોથી વા ધર્માવલંબીજનોથી ગ્લાનિભાવ કરવો—વિ. અનંતાનુબંધીનો **જુગુપ્સા કષાય** જાણવો.

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની અયોગ્યતા સહિત સ્ત્રિઓથી રમણ કરવાની ઈચ્છા કરવી અથવા રમવું, તે અનંતાનુબંધીનો **પુરુષવેદ** કષાય છે. પરસ્ત્રિયોથી રમવું વા રમવાની ઈચ્છા વા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અયોગ્યતા સહિત સ્વસ્ત્રિઓથી રમવું વા રમવાની ઈચ્છા કરવી. પૂર્ણ ગર્ભવતી સ્ત્રી, પ્રસુતા સ્ત્રી વા રજસ્વલા સ્ત્રી વા રોગી સ્ત્રી, બાળસ્ત્રી, કુમારી સ્ત્રી, વિ. સ્ત્રિઓથી રમણ કરવું તે **દ્રવ્ય**ની અયોગ્યતા જાણવી.

ચૈત્યાલયાદિ વા તીર્થક્ષેત્રમાં વા અશુદ્ધ ક્ષેત્રમાં રમણ કરવું તે **ક્ષેત્ર**ની અયોગ્યતા છે. તથા અષ્ટમી, ચતુર્દશી આ ચાર પર્વોમાં વા અષ્ટાહ્નિકા પર્વમાં, ભાદરવામાં, સોળકારણ દશલક્ષણ ધર્મમાં વા તીર્થંકરોના પંચકલ્યાણક કાળ જે દશ્યમાન હોય, પ્રવૃત્તિમાન હોય તે કાળમાં સ્ત્રીથી રમવું તે **કાળ**ની અયોગ્યતા છે.

અને તપના કાળમાં, વ્રતના કાળ/દિવસોમાં શીલ-સંયમ-પ્રતિજ્ઞાના કાળમાં વા રાજાદિ મોટા પુરુષોના મરણ સમયમાં વા સાધર્મીના મરણકાળમાં વા ઈષ્ટના મરણકાળમાં, અતિવૃદ્ધ અવસ્થામાં વિ. ભાવમાં રમવું તે **ભાવ**ની અયોગ્યતા કહેવાય છે. ઈત્યાદિ સ્થાનોમાં જે રમવાની ઈચ્છા, તે અનંતાનુબંધીનો **પુરુષવેદ** કષાયભાવ જાણવો.

આ જ પ્રમાણે પરપુરુષોથી રમવાની ઈચ્છા કરવી વા રમવું વા બળવાન પુરુષથી રમવાની ઈચ્છા કરવી વા રમવું વા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની અયોગ્યતા સહિત રમવાની ઈચ્છા કરવી વા રમવું તે અનંતાનુબંધીનો **સ્ત્રીવેદ** કષાયભાવ જાણવો.

અને સ્ત્રી-પુરુષ બંને સાથે રમવાની ઈચ્છા કરવી વા રમવું તે **નપુંસક વેદ** કષાયભાવ છે. આ ભાવ સર્વ પ્રકારે વ્યક્તરૂપ બુદ્ધિપૂર્વક કાર્યરૂપ થયો હોવાથી અનંતાનુબંધી નપુંસકવેદ કષાયભાવ છે. માટે આ ભાવ અપ્રત્યાખ્યાન વિ. ત્રણ કષાયોમાં વ્યક્તરૂપ બુદ્ધિપૂર્વક કાર્યરૂપ નથી થતાં, આ ભાવનો અવ્યક્ત ઉદય થાય છે. આ અનંતાનુબંધીનો નપુંસકવેદ કષાયભાવ જાણવો.

આવા આ કહ્યા ગયા જે ભાવો અનંતાનુબંધી સ્વરૂપ બુદ્ધિપૂર્વક પ્રગટ કાર્યરૂપ છે. તેઓ અનંતાનુબંધી ચારિત્રમોહના તીવ્ર ઉદયમાં થાય છે, તેમાં કૃષ્ણ, નીલ, કાપોત લેશ્યાઓ જ હોય છે. આ ભાવો નરક-નિગોદના કારણ છે, માટે તે પ્રગટ ન થવા દેવા અને તેના નાશ માટે પુરુષાર્થ કરવો; કારણ કે આ મનુષ્ય પર્યાય મળી છે, એટલે અહીં તેમના નાશ કરવાના સર્વ ઉપાય મળ્યા છે.

આ મનુષ્ય પર્યાય વીજળીના ચમકારાવત ક્ષણભંગુર છે; કારણ કે આ પર્યાય છૂટ્યા બાદ તેના નાશનો ઉપાય નથી થઈ શકતો અને અનંતાનુબંધીના ઉત્કૃષ્ટ કષાયભાવ આ ભવ અને પરભવમાં સર્વત્ર અકલ્યાણના કારણ છે. આ ભવમાં તો રાજાદિ દ્વારા દંડ પામે છે. ધન-સંપદા, કુટુંબાદિનો વિયોગ થાય છે. પોતાના ઘર, નગરથી નિકળવું પડે છે અને લોકમાં નિંદાને પાત્ર થાય છે. દુઃખી થાય છે અને આગામી કાળમાં નરકગતિ અને નિગોદાદિ તિર્યંચગતિના કારણ છે, માટે તેના નાશનો ઉપાય કરવો.

આ અનંતાનુબંધીનો વાસનાકાળ સંખ્યાત, અસંખ્યાત, અનંતભવપર્યંત ચાલ્યા કરે છે. એકવાર કોઈ જીવ પર કરવામાં આવેલ જે ક્રોધાદિભાવ તે અનંતકાળ સુધી દુઃખદાયી છે, માટે તેમના ઉત્પન્ન થવાના કારણોને ઘટાડવાં, તેમના નાશ થવાના ઉપાયોને મેળવવા, સત્સંગમાં રહેવું, કુસંગમાં ન રહેવું તેમના નાશનો પ્રથમ ઉપાય તો આ છે; પછી જેમ બને તેમ તેમને છોડવાનો ઉપાય કરવો.

તેમજ અનંતાનુબંધીના મંદ ઉદયમાં કાર્યરહિત પોતાના જ્ઞાનગોચર ખ્યાલમાં આવે તેવા ભાવ થાય છે. ત્યાં છએ લેશ્યાઓ હોય છે. આ ભાવો ચારે ગતિના કારણ છે અને અનંતાનુબંધીના મંદતર ઉદયમાં પોતાને ખ્યાલમાં ન આવે તેવા ભાવ થાય છે. ત્યાં પીત પદ્મ અને શુક્લ—આ ત્રણ લેશ્યાઓ હોય છે. માટે મંદતર ઉદયમાં દ્રવ્ય સમ્યક્ત્વ અને દ્રવ્ય અણુવ્રત મહાવ્રતને યોગ્ય ભાવ થાય છે, માટે આ ભાવો મનુષ્ય-દેવ બે ગતિના જ કારણ છે અને વર્તમાનમાં બધા જ કષાયભાવ દુઃખના જ કારણ છે.

અનંતાનુબંધી કષાય તો મિથ્યાત્વ અને સાસાદન આ બે ગુણસ્થાનોમાં જ હોય છે અને માર્ગણાસ્થાનમાં **ગતિ**-૪, **જાતિ**-૫, **કાય**-૬, **યોગ**-આહારકાદ્વિક સિવાય ૧૩, **વેદ**-૩, **કષાય**-૨૫, **કુજ્ઞાન**-૩, **અસંયમ**-૧, **દર્શન**-ચક્ષુ-અચક્ષુ-૨, **લેશ્યા**-૬, **ભવ્ય**-ભવ્ય-અભવ્ય બંને, **સમ્યક્ત્વ**-મિથ્યાત્વ-સાસાદન-૨, **સંજ્ઞી**-સંજ્ઞી-અસંજ્ઞી-૨, **આહાર**-આહારક-અનાહારક-૨માં હોય છે. આમ અનંતાનુબંધી કષાયભાવ જાણવા.

## અપ્રત્યાખ્યાન કષાયનું સામાન્ય સ્વરૂપ

અપ્રત્યાખ્યાન કષાયભાવનું નિરુપણ કરીએ છીએ—અનંતાનુબંધી રહિત અપ્રત્યાખ્યાનાદિ ત્રણ કષાયોનો ઉદય થતાં આ જીવ મહાપાપના કારણ અન્યાયરૂપ જે ચંચળભાવ, તેને છોડીને નિર્મળ પરિણામવાળા થાય છે. ન્યાયપૂર્વક દૃઢભાવમાં રહે છે. ત્યારે આ જીવ સમ્યગ્દષ્ટિ થાય છે. ત્યાં સમ્યક્ભાવનું ગ્રહણ છે/પ્રગટ થઈ ગયો છે. બધા જ ૨૧ પ્રકારના કષાયભાવ ન્યાયપૂર્વક થાય છે. ચારેય કષાયોનું કાર્ય તો થાય છે, પરંતુ ન્યાયરૂપ થાય છે. પાંચે ઇન્દ્રિયોનાં વિષય સેવન કરે છે, પરંતુ ન્યાયપૂર્વક સેવે છે. તે પણ દ્રવ્ય-ક્ષેત્ર-

કાળ-ભાવની યોગ્યતા સહિત કાર્ય થાય છે. કષાય કાર્યોમાં અને વિષયકાર્યોમાં અતિ આસક્ત થઈને મૂર્છા ભાવને પામતા નથી. અયોગ્ય કાર્યોને કદાપિ નથી કરતા. રાજ્ય વિરુદ્ધ, લોક વિરુદ્ધ, ધર્મ વિરુદ્ધ, એવા જે કષાયોના કાર્ય, વિષયોના કાર્ય, સાત વ્યસનાદિ ક્યારેય તેમને નથી હોતાં, આ કષાયોના હોવા છતાં આટલા જાગૃત રહે છે, અર્થાત્ (તેઓ હોવા છતાં પોતામાં સાવધાન રહે છે.)

પ્રથમ **અપ્રત્યાખ્યાન ક્રોધ** ભાવને કહે છે—પોતાના રાજ્યાદિ સંબંધી ન્યાયકાર્યોમાં ક્રોધ કરે છે. પોતાની આજ્ઞા માનવી યોગ્ય છે અને આજ્ઞાને માનતા નથી, તેની પર ક્રોધ કરે છે. પોતાના રાજ્યાદિ ન્યાય કાર્યના બાધક વા પોતાના ધન, પ્રાણ, સંપદા વા વસ્ત્રાદિના બાધક છે વા પોતાનું માન ભંગ કરવાવાળા છે વા પ્રજાના બાધક છે વા કુટુમ્બાદિના બાધક છે વા ગરીબ, દુઃખી, ભૂખ્યાં મનુષ્યોને વા તિર્યંચાદિ જીવોને સતાવવાવાળા છે, તેમના પર ક્રોધ કરે છે.

ધર્મના બાધક, ચતુર્વિધ સંઘને દુઃખ દેવાવાળા વા મિથ્યાધર્મના પોષક વા સત્ય ધર્મના ઉત્થાપકો પર ક્રોધ કરે છે.–વિ. યોગ્ય સ્થાનો પર ક્રોધભાવ કરે છે, તે પણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની યોગ્યતા સહિત કરે છે. ક્રોધને વશીભૂત નથી થતાં. કાર્યના પૂરાં થવા બાદ શાંત થાય છે. આનો વાસનાકાળ ઉત્કૃષ્ટ છ માસ પર્યન્ત છે, પછીથી ઉપશાંત થઈ જાય છે.

હવે **અપ્રત્યાખ્યાન માન કષાયભાવને** કહે છે—પોતાના પદને યોગ્ય માન કરે છે. રાજ, લોક, ધર્મ વિરુદ્ધ માન નથી કરતો. તે પણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની યોગ્યતા સહિત કરે છે અને દેવ, ગુરુ, ધર્માદિની સમીપ (સામે) આઠ પ્રકારનાં મદ નથી કરતો. ચતુર્વિધ સંઘથી મદ નથી કરતો, ત્યાં નિર્મદ રહે છે તેમજ પોતાનું પદ ટકાવી રાખવા માટે માન કરે છે, ત્યાં પ્રાણ જાય તોપણ માન નથી છોડતો. વિના પ્રયોજન કોઈનું માનભંગ નથી કરતો. વિના પ્રયોજન કોઈથી ઈર્ષ્યાભાવ નથી રાખતો વિ. અપ્રત્યાખ્યાન માનકષાયભાવ જાણવો.

હવે **અપ્રત્યાખ્યાન માયા કષાયભાવને** કહે છે—પોતાના રાજ્યાદિ ન્યાય કાર્યની સિદ્ધિને માટે માયા કરે છે, બીજાને ઠગવા માટે માયા નથી કરતો. પોતાના ધન, સંપદા, પ્રાણાદિની રક્ષા કરવા માટે માયા કરે છે વા પોતાનો ધર્મ રાખવા માટે માયા કરે છે. તે પણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની યોગ્યતા સહિત કરે છે. બીજાનાં ધન, પ્રાણ, સ્ત્રી, સંપદાદિનું હરણ કરવા માટે નથી કરતો–વિ. માયા કરે છે, તે અપ્રત્યાખ્યાન માયા કષાયભાવ જાણવો.

હવે **અપ્રત્યાખ્યાન લોભકષાયભાવ** કહે છે–પોતાના રાજ્યાદિ ન્યાયકાર્યોમાં લોભ કરે છે. ત્યાં પણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની યોગ્યતા સહિત કરે છે. અન્યાયપૂર્વ લોભ નથી કરતો અને જે કાર્યોમાં મહાપાપ લાગે છે એવો લોભ ન્યાયપૂર્વક પણ નથી કરતો. પોતાને યશ થાય

તેનો, પોતાના ધર્મ વા ધનનો લોભ કરે છે. વિ. લોભ કરે છે, તે અપ્રત્યાખ્યાન લોભકષાયભાવ જાણવો.

જે મુખ્ય કાર્યકર્તા છે, તેમનાથી અર્થાત્ મંત્રી-સેનાપતિ વિ.થી હાસ્ય કરે છે, વા પોતાની સ્ત્રી વિ. પરિવારજનોથી હાસ્યકષાય કરે છે વા પોતાને હાસ્ય કરવાયોગ્ય પુરુષોથી હાસ્ય કરે છે. તે પણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની યોગ્યતા/મર્યાદા જોઈને કરે છે. વિ. **અપ્રત્યાખ્યાન હાસ્યકષાય** જાણવો.

તથા પોતાના સ્ત્રી-પુત્રાદિકોમાં વા પોતાને યોગ્ય પાંચ ઇન્દ્રિયોના વિષયો, તેમાં વા પોતાને યોગ્ય વિષય સામગ્રી વા રાજ્યાદિ સામગ્રી તેમાં રતિ કરે છે વા દાન-પૂજનાદિ ધર્મ અંગોમાં રતિભાવ કરે છે. તે પણ અતિ આસક્ત થઈને નથી કરતા, પરંતુ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની યોગ્યતા સહિત રતિ કરે છે—વિ. **અપ્રત્યાખ્યાન રતિ કષાય** જાણવો.

તથા દુર્જન પાપી પુરુષોમાં, રાજ્યના બાધક, પ્રજાના બાધક, ધર્મના બાધક, બીજાની ચાડી કરવાવાળા, બીજાની નિંદા વા પોતાની પ્રશંસા કરવાવાળા મિથ્યામાર્ગના પોષક, અન્યાયના પ્રવર્તક વિ. જીવોમાં અરતિ કરે છે. અન્યાયનાવિષયમાં વા અન્યાય કષાય-સામગ્રી વા વિષય સામગ્રી, તેઓમાં વા સાત વ્યસનાદિમાં વાસદોષ વા અક્રિયા દ્વારા ઉત્પન્ન ભોજનાદિ, ખાન-પાન સામગ્રી, તેમનામાં વા મિથ્યામાર્ગમાં-વિ.માં અરતિભાવ કરે છે. આવો **અપ્રત્યાખ્યાન અરતિ કષાયભાવ** જાણવો.

અને પોતાના માનખંડન વિ.ના ન્યાયમાર્ગથી ઉલ્લંઘન થઈ ગયું હોય વા ધર્મનું ઉલ્લંઘન થઈ ગયું હોય, તેમાં શોક કરે છે. ઇષ્ટ પુત્ર, મિત્ર, સ્ત્રી વિ.ના વિયોગમાં પણ મિથ્યાત્વ ભાવ રહિત કિંચિત્/થોડો સમય શોક કરે છે. સાધર્મી ગુરુજનના મરણમાં વા વિયોગમાં શોક કરે છે. પોતાના ધન સંપદાદિ, રાજ્યાદિ વિભૂતિ વા પોતાના પ્રાણ જાય તો પણ શોકાકુળ નથી થતો—વિ. અપ્રત્યાખ્યાન શોકકષાયભાવ જાણવો.

તથા જેમને ન્યાય અને ધર્મના ઉલ્લંઘનનો ભય છે વા જેને પાપકાર્યમાં પ્રવર્તન કરવાનો વા ચતુર્ગતિ સંસારમાં ભ્રમણનો ભય છે અને જે સાત ભય રહિત છે, જેને આ ભવનો ભય નથી, જેને પરભવ સંબંધી પણ ભય નથી અને મરણનો પણ ભય નથી, રોગનો પણ ભય નથી, અમારો કોઈ રક્ષક નથી, તેનો પણ ભય નથી અને ધન, સંપદાની ચોરી કરવાવાળાનો ભય નથી અને અકસ્માતનો પણ ભય નથી—આવો **અપ્રત્યાખ્યાન ભય કષાય**ભાવ જાણવો.

જેમને પરધન, પરસ્ત્રી વા અન્યાયનાં કષાયમાં વા અન્યાયના વિષય કાર્યોમાં ગ્લાનિનો ભાવ છે અને પાપકર્યોથી વા પાપી પુરુષોથી, મિથ્યાત્વનું પોષણ કરવાવાળાઓમાં

ગ્લાનિ વા પાપ પ્રવૃત્તિઓમાં વા પાપપ્રવૃત્તિનું પ્રવર્તન કરવાવાળાઓમાં વા ચતુર્ગતિ સંસારમાં ગ્લાનિ ભાવ રાખે છે અને સદોષ આહાર યા અયોગ્ય ક્રિયા દ્વારા ઉત્પન્ન જે ભોજન, તેમાં પણ ગ્લાનિ કરે છે. વિ.માં પણ ગ્લાનિ કરે છે, એવો **અપ્રત્યાખ્યાનરૂપ જુગુપ્સા કષાયભાવ** જાણવો.

જેને પોતાની સ્ત્રીથી રમવાની વાંછા છે વા પોતાની સ્ત્રીથી રમણ-ક્રીડા કરે છે તે પણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની યોગ્યતા સહિત રમણ કરે છે, અતિ આસક્ત થઈને મૂર્છાભાવને નથી રાખતો—આવો **અપ્રત્યાખ્યાન પુરુષવેદ કષાયભાવ** જાણવો.

જેને પોતાના પતિથી જ રમણની વાંછા છે, તે પણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની યોગ્યતા સહિત રમણ કરે છે—આવો **અપ્રત્યાખ્યાન સ્ત્રીવેદ કષાયભાવ** જાણવો.

જેમને સ્ત્રી-પુરુષથી કાર્યરૂપ રમણની વાંછા ઉત્પન્ન થતી નથી—આવો અપ્રત્યાખ્યાન નપુંસકવેદ કષાયભાવ જાણવો.

આ અપ્રત્યાખ્યાન કષાયનું કથન સમ્યક્ત્વભાવનું કારણ એવા અપ્રત્યાખ્યાન કષાયના સ્થાન, તેમના ઉત્કૃષ્ટ સ્થાનોની અપેક્ષા કર્યું છે; માટે આ કષાયના મંદ અને મંદતર સ્થાનોમાં ઉદાસીન ભાવને પામે છે, તેમાં તો ખૂબ આરંભ અને ખૂબ પરિગ્રહમાં ઉદાસીનભાવથી પ્રવર્તે છે અને જેઓને દેશસંયમ અને સકલસંયમની અભિલાષા છે, તેઓ તો ધીરે-ધીરે પરિગ્રહ ઘટાડતા જાય છે, ત્યાં રાજ્યાદિ બહુ આરંભ, બહુ પરિગ્રહ નથી જોવામાં આવતો.

આ અપ્રત્યાખ્યાન કષાયભાવ વર્તમાનમાં જ દુઃખના કારણ છે અને આગામી ચારે ગતિઓમાં ભ્રમણના કારણ છે.

અપ્રત્યાખ્યાન કષાયભાવ, મિશ્ર તથા અસંયત બે ગુણસ્થાનોમાં જ હોય છે અને માર્ગણાસ્થાન—**ગતિ**-ચાર-૪, **જાતિ**-પંચેન્દ્રિય-૧, **કાય**-ત્રસ-૧, **યોગ**-આહારકદ્વિક વિના-૧૩, **વેદ**-૩, **કષાય**-૨૧, **જ્ઞાન**-મિશ્રજ્ઞાન-૩, સુજ્ઞાન-૩(મતિ-શ્રુત-અવધિ), **સુજ્ઞાન**-૩, **સંયમ**-અસંયમ, **દર્શન**-૩, ચક્ષુ, અચક્ષુ, અવધિ, **લેશ્યા**-૬, **ભવ્ય**-૧, **સમ્યક્ત્વ**—ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક ૩, **સંજ્ઞી**-૧, **આહાર**-આહારક-અનાહારક ૨, આમાં હોય છે.

## પ્રત્યાખ્યાન કષાયનું સામાન્ય સ્વરૂપ

હવે પ્રત્યાખ્યાન કષાયભાવનું પ્રરૂપણ કરીએ છીએ. જેને અનંતનુબંધી અને અપ્રત્યાખ્યાન આ બે કષાયોનો તો અભાવ થઈ ગયો છે અને જેને પ્રત્યાખ્યાન સહિત બે કષાયનો ઉદય છે, તે જીવ સર્વ સાંસારિક વિષય-કષાયના કાર્યોથી ઉદાસ થઈ જાય છે, પરંતુ

પ્રત્યાખ્યાનના તીવ્ર ઉદયથી સકળસંયમને તો ગ્રહણ નથી કરી સકતા. એ કારણે બહુ આરંભ અને બહુ પરિગ્રહનો ત્યાગ કરીને અલ્પ આરંભ અને અલ્પ પરિગ્રહ પ્રમાણ સહિત અંગીકાર કરે છે તે અલ્પારંભ અને અલ્પ પરિગ્રહ પણ ક્ષુધાદિ અને શીત-ઉષ્ણાદિ રોગની નિવૃત્તિને માટે રાખે છે, વિષય-સેવનને માટે નહીં. ત્યાં ૧૭ પ્રકારની કષાય અવસ્થામાં પ્રવર્તે છે, તે હવે કહીએ છીએ.

પ્રથમ **પ્રત્યાખ્યાન ક્રોધ કષાયભાવ** કહીએ છીએ—પ્રયત્નપૂર્વક ત્રસ-સ્થાવર જીવોની હિંસાને માટે ક્રોધ નથી કરતો. પોતાના ધન, પ્રાણોની રક્ષાને માટે ક્રોધ નથી કરતો. કોઈ પોતાનું લૌકિક કાર્ય બગાડી દે છે, તેના પર પણ ક્રોધ નથી કરતો તો તેને ક્યાં ક્રોધ ઉત્પન્ન થાય છે? ધર્મના બાધકોમાં, મિથ્યાત્વના પોષકોમાં, ચતુર્વિધ સંઘને કષ્ટ દેવાવાળામાં વિ. ધર્મના પક્ષમાં તો ક્રોધ ઉત્પન્ન થાય પણ છે, અન્ય લૌકિક કાર્યોમાં પ્રત્યાખ્યાન ક્રોધની ઉત્પત્તિ નથી થતી, માટે આ કષાયના ઉદયમાં એકદેશવ્રતની શક્તિ જીવને પ્રગટ થાય છે.

**પ્રત્યાખ્યાન માનકષાયભાવ** કહીએ છીએ—જેને આઠેય પ્રકારના મદ નષ્ટ થઈ ગયાં છે અને જેને બીજાથી ઈર્ષ્યાભાવ નષ્ટ થઈ ગયો છે અને અનેક પ્રકારના માન પણ નષ્ટ થઈ ગયું છે, કોઈ અલ્પ અંશમાં માન રહી ગયું છે, તેનાથી પોતાના દેશસંયમભાવની રક્ષા કરે છે. અનેક પ્રકારના કષ્ટ, મુશ્કેલી આવવા છતાં પણ કોઈપણ કષ્ટ નિવારણની સામગ્રી કોઈ અન્યથી માંગતા નથી અને પોતાની હીનતા કોઈપણ પ્રકારથી પ્રગટ નથી કરતાં. બીજા પોતામેળે આવીને ઉપકાર કરે જ છે. કોઈ રાજા કે રંકથી પણ પોતાને મોટો-નાનો નથી માનતો. પોતાના પદને કોઈ પ્રકારથી નીચું નથી દેખાડતો આવો પ્રત્યાખ્યાન માન-કષાયભાવ જાણવો.

**પ્રત્યાખ્યાન માયા કષાયભાવ** કહીએ છીએ—કોઈપણ પ્રકારથી બીજાને ઠગવા માટે માયા નથી કરતો, ક્યારેક પોતાના ધન વા પ્રાણની રક્ષાને માટે કોઈ અવસર આવી પડે તો માયા કરે છે અને નથી પણ કરતો વા પોતાના ધર્મ રાખવા માટે વા ધર્મની રક્ષાને માટે વા ચતુર્વિધ સંઘની રક્ષાને માટે વા પરજીવોની રક્ષાને માટે—વિ. કાર્યોને માટે માયા કષાયભાવનો સદ્ભાવ છે, અન્ય પ્રકારથી નથી.

**પ્રત્યાખ્યાન લોભ-કષાયભાવ** કહીએ છીએ—જે ન્યાયપૂર્વક આજીવિકા(નું સાધન) પ્રમાણ સહિત રાખે છે. તેમાં પણ ન્યાયરૂપ લોભ છે. તે મર્યાદાનું ઉલ્લંઘન કરીને લોભ નથી કરતો તેમજ અન્યાયરૂપ લોભ નથી કરતો. ન બને તો પોતાના ધન, પ્રાણ, કુટુંબાદિની રક્ષા માટે પણ લોભ કરે છે. પોતાનો અને પરનો ધર્મ વધારવાનો લોભ છે. પોતાને અપૂર્વ શાસ્ત્રોની સિદ્ધિ (જ્ઞાન પ્રાપ્તિ)નો પણ લોભ છે. વિ. યોગ્ય લોભભાવ હોય છે.

તથા પોતાના ભાવોની વિશુદ્ધતા થતા વા શ્રીગુરુ સાધર્મીનો સંગ થવાથી વા જિનધર્મની વૃદ્ધિ થવા પર વા શાસ્ત્રના નવીન અર્થનું જ્ઞાન થવાથી વિ. કાર્યોમાં પ્રસન્નતા થાય છે, અન્ય કાર્યોમાં પ્રસન્નતા નથી થતી—આવો **પ્રત્યાખ્યાન હાસ્ય કષાયભાવ** જાણવો.

ધર્મસંબંધી કાર્યોમાં રતિભાવ છે વા ધર્મના ધારકોમાં રતિભાવ છે. વા શાસ્ત્રના અર્થોમાં રતિભાવ છે, બીજે રતિભાવનો અભાવ છે—આવો **પ્રત્યાખ્યાન રતિ કષાયભાવ** જાણવો.

સર્વ સાંસારિક કાર્યોમાં અરુચિ રહે છે વા ધર્મના વિધ્વંસકોમાં વા મિથ્યા ધર્મના પોષકોમાં, વિ.માં અરતિભાવ રહે છે—આવો **પ્રત્યાખ્યાન અરતિ કષાયભાવ** જાણવો.

તથા ધર્મનો વિધ્વંસ થવા પર વા સાધર્મી પર કે ચતુર્વિધ સંઘ પર ઉપદ્રવ થવાથી વા ગુરુજન સાધર્મીનું મરણાદિ-વિયોગ થવા પર વા પોતાના ધર્મમાં દોષ લાગવાથી શોક થાય છે, બીજે શોક નથી થતો—આવો **પ્રત્યાખ્યાન શોક કષાયભાવ** જાણવો.

જેને પોતાના સંયમમાં દોષ લાગવાનો ભય છે, બીજે પ્રકારે ભય નથી થતો—આવો **પ્રત્યાખ્યાન ભય કષાયભાવ** જાણવો.

જેને સાંસારિક સુખમાં ગ્લાનિ છે વા મિથ્યાધર્મથી વા મિથ્યાધર્મના ધારકોથી વા મિથ્યાધર્મના પોષકોથી જેને ઈર્ષ્યાભાવ છે—વિ. **પ્રત્યાખ્યાન જુગુપ્સા કષાયભાવ** પ્રવર્તે છે.

જેને સર્વ કામવિકાર ભાવ મટી ગયાં છે, બુદ્ધિપૂર્વક વારંવાર કામચેષ્ટા નથી કરતો. પુરુષવેદ નામક મોહકર્મનો તીવ્ર ઉદય હોય ત્યારે સ્વ-સ્ત્રીનો સંબંધ છે, તો વિષય સેવન ક્યારેક ઉદાસીનભાવથી કરે છે અને જેને સ્વસ્ત્રીનો સંબંધ ન હોય તો પોતાના સમ્યગ્જ્ઞાનભાવથી કામને જીતીને મંદ કરે છે, તેને પછી તીવ્ર ઉદય નથી હોતો. આવો **પ્રત્યાખ્યાન પુરુષવેદ કષાયભાવ** જાણવો.

જે દેશસંયમને ધારણ કરેલ છે—એવી કોઈ મહાભાગ્યવાન સ્ત્રી, તેને સ્ત્રીવેદ નામના મોહ કષાયનો (જ્યારે) તીવ્ર ઉદય થાય છે અને સ્વ-પતિનો સંબંધ હોય તો પતિની ઈચ્છાપૂર્વક વિષય સેવન થાય છે અને પતિનો સંબંધ નથી તેને સ્ત્રીવેદનો તીવ્ર ઉદય નથી હોતો, માટે તેના પરિણામ અતિ વિશુદ્ધ છે, તે જ છે વેદને જીતવાનું કારણ જેને—આવો **પ્રત્યાખ્યાન સ્ત્રીવેદ કષાયભાવ** જાણવો.

જેને નપુંસકવેદનો ઉદય છે—એવા પ્રત્યાખ્યાન કષાયભાવ સહિત પાંચમા ગુણસ્થાનવર્તી દેશસંયમી જીવ, તેને ભાવોની અતિ વિશુદ્ધતાને કારણે બુદ્ધિપૂર્વક નપુંસકવેદના ઉદયનો અભાવ છે. આવો **પ્રત્યાખ્યાન નપુંસકવેદ કષાયભાવ** જાણવો.

—આ પ્રમાણે આ દેશસંયમના યોગસ્થાનોનું કથન કર્યું, પ્રત્યાખ્યાન કષાયના અસંખ્યાત લોકપ્રમાણ સ્થાન છે. તેમાં ઉત્કૃષ્ટ અનુભાગ સહિત સ્થાનોનું ઉદયની અપેક્ષા આ કથન કર્યું છે. માટે દેશસંયમના ઘાતક સર્વઘાતી પ્રત્યાખ્યાન કષાયના અસંખ્યાત લોકપ્રમાણ સ્થાનોમાંથી તો અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાન કષાયની સાથે જ ઉદયના અભાવને પ્રાપ્ત થઈ ગયા છે, તેમનો તો અહીં ઉદય છે જ નહીં અને મંદ અનુભાગ સહિત ઉદયસ્થાનોના ઉદય થવા છતાં કાર્યનો સદ્ભાવ નથી થતો અને મંદતર સ્થાનોના ઉદયમાં બુદ્ધિપૂર્વક પણ પ્રત્યાખ્યાનનો ભાવ નથી હોતો, કેવળીગમ્યભાવ જ થાય છે. આમ કાર્યરૂપ ભાવ તો તીવ્ર અનુભાગ સહિત ઉદય સ્થાનોમાં જ થાય છે. માટે બીજી વ્રત પ્રતિમામાં દેશસંયમને યોગ્ય તીવ્ર સ્થાનોનો ઉદય છે.

ત્રીજી સામાયિક પ્રતિમાથી લઈને આઠમી આરંભત્યાગ પ્રતિમાપર્યંત મંદ અનુભાગ સહિત સ્થાનોનો ઉદય છે અને પરિગ્રહત્યાગ નવમી પ્રતિમાથી લઈને દસમી, અગ્યારમી પ્રતિમામાં મંદતર અનુભાગ સહિત સ્થાનોનો ઉદય જાણવો. આ પ્રત્યાખ્યાન કષાયભાવ વર્તમાનમાં તો દુઃખના જ કારણ છે અને આગામી દેવગતિના કારણ છે.

અને પ્રત્યાખ્યાન કષાયનું ગુણસ્થાન તો એકદેશ સંયમ જ છે. પાંચમા ગુણસ્થાનમાં જ પ્રત્યાખ્યાન કષાયભાવ વર્તે છે. અને માર્ગણા સ્થાનોમાં **ગતિ—**મનુષ્ય-તિર્યંચ, **જાતિ—**પંચેન્દ્રિય, **કાય—**ત્રસ, **યોગ—**૯(મનોયોગ-૪+વચનયોગ-૪+ઔદારિક કાયયોગ-૧) **વેદ**-૩, **કષાય—**અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાન-૮ વિના ૧૭, **જ્ઞાન**-સુજ્ઞાન-૩, **સંયમ**-દેશસંયમ, **દર્શન**-ચક્ષુ, અચક્ષુ, અવધિ-૩, **લેશ્યા—**શુભ-૩, **ભવ્ય**-૧, **સમ્યક્ત્વ**-૩, **સંજ્ઞી**-૧, **આહારક**-૧ વિગેરેમાં આ હોય છે.

## સંજ્વલન કષાયનું સામાન્ય સ્વરૂપ

હવે સંજ્વલન કષાયભાવ પ્રારંભ કરે છે—ત્યાં સકળ સંયમના ઘાતક સંજ્વલન કષાયના સર્વઘાતી સ્થાનોના તો અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાન કષાયોની સાથે જ ઉદયનો અભાવ થઈ ગયો અને જ્યાં મંદ અને મંદતર અનુભાગને ધરવાવાળા આવા સ્થાનોના કે જે જીવોને ઉદય હોય, તે જીવો સકલ સંયમને અંગીકાર કરે છે તે સ્થાનોમાં ઉત્કૃષ્ટ સ્થાનોનો તો પ્રમત્ત/છઠ્ઠા ગુણસ્થાનમાં જ ઉદય છે ત્યાં થોડો પ્રમાદ ઉપજે છે, ત્યાં આહાર-વિહારાદિ કાર્યરૂપ પ્રવર્તે છે. ત્યાં ચારિત્રનું કારણ જે શરીર, તેની રક્ષાને માટે તો આહારાદિરૂપ પ્રવૃત્તિ કરે છે અને મોહના અભાવને માટે વા તીર્થયાત્રા વા ગુરુ-પૂજનાદિને માટે વિહારાદિ પ્રવૃત્તિ કરે છે. જિનમતના પ્રવર્તનને માટે વા જીવોના ઉપકાર નિમિત્ત ઉપદેશાદિ પ્રવૃત્તિ કરે છે અને તે પ્રવૃત્તિઓમાં પંચાચાર વા ૨૮-મૂળગુણાદિરૂપ પ્રવર્તે છે. આ

૧૩ પ્રકારનાં સંજ્વલન કષાયમાંથી કોઈ કષાયનું કાર્યરૂપ પણ પ્રવર્તન થાય છે.

તથા સાતમા ગુણસ્થાનથી લઈને સૂક્ષ્મ સામ્પરાય દશમા ગુણસ્થાનપર્યંત ૧૩ કષાયોનો યથા સંભવ મંદ તથા મંદતર સ્થાનોનો ઉદય રહે છે. ત્યાં કાર્યરૂપ વા બુદ્ધિપૂર્વક આ કષાયોનો ઉદય જ નથી હોતો. પ્રમાદ ઉત્પન્ન કરવાની શક્તિ રહિત મંદ અબુદ્ધિપૂર્વક ઉદય હોય છે. આમ આ સંજ્વલન કષાયોનું સંક્ષેપમાં કથન કર્યું.

આ સંજ્વલન કષાયભાવ વર્તમાનમાં તો દુઃખનું જ કારણ છે અને આગામી દેવગતિનું કારણ છે.

સંજ્વલન કષાયભાવ પ્રમત્ત, અપ્રમત્ત, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ, સૂક્ષ્મ સામ્પરાય—આ પાંચ ગુણસ્થાનોમાં પ્રવર્તે છે અને માર્ગણાઓમાં **ગતિ**-મનુષ્ય, **જાતિ**-પંચેન્દ્રિય, **કાય**-ત્રસ, **યોગ**-મનોયોગ-૪, વચનયોગ-૪, ઔદારિક કાયયોગ-૧, આહારક-૧, આહારકમિશ્ર-૧, **વેદ**-૩, અપગત, **કષાય**-૧૩, **જ્ઞાન**-૪, **સંયમ**-સામાયિક, છેદોપસ્થાપના, પરિહાર વિશુદ્ધિ, સૂક્ષ્મ સામ્પરાય-૪, **દર્શન**-ચક્ષુ, અચક્ષુ, અવધિ-૩, **લેશ્યા**-૩, શુભ, **ભવ્ય**-૧, **સમ્યક્ત્વ**-૩, **સંજ્ઞી**-૧ અને **આહારક**-૧૧ આ માર્ગણાઓમાં પ્રવર્તે છે.

આ રીતે, આ ચારે કષાયભાવોનું નિરૂપણ કર્યું. આ બધા ભાવો પણ હેય જાણીને ત્યાગ કરવા.

॥ આમ શ્રી ભાવદીપિકા ગ્રંથના ઔદયિક ભાવમાં ત્રીજો કષાયભાવ અંતરાધિકાર પૂર્ણ થયો. ॥

# ૪

# (૪) લેશ્યાભાવ અંતરાધિકાર

મંગલાચરણ

(દોહા)

**લેશ્યા અશુભ મિટાય કે, શુભ લેશ્યામય હોય।**
**કર્મ નાશ શિવપદ લિયો, નમૂઁ તાસ પદ દોય॥**

હવે **લેશ્યા ભાવાધિકાર પ્રારંભ કરીએ છીએ.** : કષાયથી અનુરંજિત યોગોની પ્રવૃત્તિનું નામ લેશ્યા છે, માટે જેઓ આત્માને કર્મો સાથે બંધ કરે—એવા યોગ અને કષાય, તેમનું નામ લેશ્યા છે. નામકર્મના ઉદયથી દ્રવ્યમન, દ્રવ્યવચન, દ્રવ્યકાય બને છે/ઉત્પન્ન થાય છે. તેમની ચેષ્ટા અર્થાત્ પ્રવૃત્તિ થવાથી આત્માના પ્રદેશ ચંચળ થાય છે અને પ્રદેશ ચંચળ થવાથી કર્મગ્રહણની શક્તિ ઉત્પન્ન થાય છે. તે વડે કર્મ વર્ગણાઓનું ગ્રહણ થાય છે અને આત્માના પ્રદેશોથી એકક્ષેત્રાવગાહ સંયોગ થાય છે. આ કારણે તેમનું નામયોગ છે. આ યોગોની કષાય સહિત પ્રવૃત્તિ તેને લેશ્યા કહે છે. આવું લેશ્યાનું સ્વરૂપ છે, જે શાસ્ત્રોમાં કહ્યું છે.

તથા યોગ અને કષાયોની પ્રવૃત્તિ તીવ્ર, મધ્ય, મન્દ, મન્દતર આવા ચાર પ્રકારની હોય છે. તેઓનુસારે આત્મા પાંચ પાપરૂપ કાર્યોમાં પ્રવર્તે છે. હિંસા, ચોરી, અસત્ય, અબ્રહ્મ, પરિગ્રહ-વિષય-તૃષ્ણા—આ પાંચ પાપરૂપ જે તીવ્ર, મધ્ય, મંદ, મંદતર કાર્ય તેના અનુસાર કૃષ્ણ, નીલ, કાપોત, પીત, પદમ, શુકલ—તેમના દૃષ્ટાંતપૂર્વક લેશ્યાના છ નામ કહે છે.

તથા કષાયના ચાર પ્રકાર છે—ક્રોધ, માન, માયા અને લોભ.

જ્યારે આ ક્રોધાદિ કષાયોનો ઉત્કૃષ્ટ અનુભાગ સહિત ઉદય થાય છે, ત્યારે આત્મા મન, વચન, કાયા દ્વારા તીવ્ર પાંચ પાપ કરે છે. ત્યારે તે ભાવનું નામ **કૃષ્ણ લેશ્યા** કહેવાય છે; આ કષાયભાવ મહાપાપરૂપ છે, માટે તેને કૃષ્ણ લેશ્યા કહે છે.

જ્યારે ક્રોધાદિ-કષાયોનો મધ્યમ અનુભાગ સહિત ઉદય થાય છે, ત્યારે આત્મા મન, વચન, કાયા દ્વારા કાંઈક હીન પાંચ મહાપાપ કરે છે તે ભાવનું નામ નીલ લેશ્યા છે. આ કારણે આ કષાયભાવ કૃષ્ણ લેશ્યાથી કંઈક હીન મહાપાપરૂપ છે, માટે તેને **નીલ લેશ્યા** કહે છે.

અને જ્યાં ક્રોધાદિ કષાયોનો તેનાથી પણ ઓછો, મધ્યસ્થાનોમાં મધ્ય અનુભાગ સહિત ઉદય થાય છે, ત્યારે આત્મા મન, વચન, કાયા દ્વારા જઘન્ય પાંચ પાપ કરે છે. ત્યાં આત્માનું કાંઈક જ્ઞાન ચમકે છે. જેમકે—કાપોત્ અર્થાત્ કબૂતર, તેની પાંખ કાળી હોય છે, તોપણ તેમાં સફેદ અંશની ઝલક છે. તે જ રીતે જ્ઞાન પાંચ પાપરૂપ કાલિમા સહિત છે, તેમાં આત્માનો જ્ઞાન અંશ ચમકે છે, તેમ છતાં પાંચ પાપરૂપ કાલિમા સહિત હોવાથી કાંઈ કાર્યકારી નથી, તેને **કાપોત લેશ્યા** કહે છે.

અને જ્યાં ક્રોધાદિ કષાયનો મંદ અનુભાગ સહિત ઉદય થાય છે, ત્યારે આત્મા મન, વચન, કાયા દ્વારા પાંચ પાપ મંદ કરે છે. ત્યાં કાંઈક ધર્માનુરાગ સહિત હોય છે, તે ભાવને **પીત લેશ્યા** કહે છે.

તથા જ્યાં ક્રોધાદિ કષાયોનો અતિ મંદ અનુભાગ સહિત ઉદય થાય છે, ત્યારે આત્મા મન, વચન, કાયા દ્વારા પાંચ પાપોને અતિ મંદ કરે છે. ત્યાં કાંઈક વધુ હીન ત્યાગભાવ થાય છે, તે ભાવને **પદ્મ લેશ્યા** કહે છે.

અને જ્યાં ક્રોધાદિ કષાયોનો મંદતર અનુભાગ સહિત ઉદય થાય છે, ત્યારે આત્મા બુદ્ધિપૂર્વક પાંચ પાપોને કરતો નથી. સર્વ લૌકિક કાર્યોમાં ઉદાસીનવૃત્તિ થાય છે. આત્માના આ ભાવને **શુક્લ લેશ્યા** કહે છે.

અને ક્રોધાદિ ચાર કષાયોનું ચાર પ્રકારથી પ્રવર્તન થાય છે—અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ, અપ્રત્યાખ્યાન ક્રોધ, માન, માયા, લોભ, પ્રત્યાખ્યાન ક્રોધ, માન, માયા, લોભ અને સંજ્વલન ક્રોધ, માન, માયા, લોભ આમ સોળ ભેદ કષાયભાવના થયાં.

જ્યાં અનંતાનુબંધી સહિત પ્રત્યાખ્યાન, અપ્રત્યાખ્યાન, સંજ્વલન કષાય પ્રવર્તે છે, ત્યાં કૃષ્ણાદિ છયે લેશ્યાઓ હોય છે. તે અનંતાનુબંધી લેશ્યા કહેવાય છે. ત્યાં કૃષ્ણાદિ એક લેશ્યા ક્રોધયુક્ત કૃષ્ણ લેશ્યા, માનયુક્ત કૃષ્ણલેશ્યા, માયાયુક્ત કૃષ્ણલેશ્યા, લોભયુક્ત કૃષ્ણલેશ્યા—આ રીતે એક-એક ચાર-ચાર પ્રકારથી છે—આમ અનંતાનુબંધી સંબંધી ૨૪ ભેદ થયા. (૪×૬=૨૪)

આ જ પ્રમાણે અપ્રત્યાખ્યાન કષાયોમાં કૃષ્ણાદિ છયે લેશ્યાઓ હોય છે, માટે અપ્રત્યાખ્યાન સંબંધી પણ ૨૪ ભેદ છે. પ્રત્યાખ્યાન અને સંજ્વલન કષાયોમાં પીત, પદ્મ,

શુક્લ આ ત્રણ લેશ્યાઓ જ હોય છે. એટલા માટે તેમના ક્રોધ, માન, માયા, લોભ સંબંધી ૧૨-૧૨ ભેદ છે. આમ લેશ્યાભાવના ૭૨ ભેદ થયા.

અને લેશ્યાના અસંખ્યાત લોકપ્રમાણ ભેદ છે, માટે કષાયોના ઉદયસ્થાન અસંખ્યાત લોકપ્રમાણ છે; તે જ લેશ્યાના સ્થાનો જાણવા.

### લેશ્યાનું સ્વરૂપ, લક્ષણ અને કાર્ય :—

ઉપર કહેવામાં આવેલ જે લેશ્યાના ૭૨ ભેદ તેમનું સ્વરૂપ, લક્ષણ, કાર્ય, ફળ વિ.નું નિરૂપણ કરે છે. પ્રથમ અનંતાનુબંધીના ૨૪ ભેદ કહે છે.

### (૧) અનંતાનુબંધી કષાય અપેક્ષા લેશ્યા :—

તેમાં પણ અનંતાનુબંધીની કૃષ્ણ લેશ્યા કહે છે—કૃષ્ણ લેશ્યાવાળો જીવ અતિ પ્રચંડ ક્રોધી હોય છે, વેરને છોડતો નથી. ઘેરવું તથા લડવું જેનો સહજ સ્વભાવ હોય છે, જુઠું વચન બોલે છે અને દયાધર્મથી રહિત હોય છે. ઈર્ષ્યાનો ભાવ બહુ જ હોય છે, બીજાનો પુણ્યોદય તથા પુણ્યથી મળેલ સામગ્રીને સહી (દેખી) નથી સકતો, બહુ જ છળ-બળ સહિત હોય છે, તેથી તે કોઈને વશ થતો નથી, નિઃશંક હોય છે, સ્વછંદી હોય છે, કોઈનું કહ્યું માનતો નથી, તેમજ જ્ઞાન-ચાતુર્યથી રહિત હોય છે. ક્રિયા રહિત, દયા રહિત અશુદ્ધ જેનું ખાવું-પીવું હોય છે, સાત વ્યસનોમાં આસક્ત હોય છે.

સ્પર્શાદિ પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં અતિ લંપટ હોય છે, બહુ માની હોય છે, બીજાનું અપમાન કરે છે, પોતાનું માન પોષે છે, બહુ માયાવી હોય છે, બહુ લોભી હોય છે. બીજાના ધન-સંપદા હરી લેવાની જેને કાયમી વાંછા રહે છે, બહુ કામી હોય છે, પારકી સ્ત્રીથી વિષય સેવનની તથા તેનું હરણ કરવાની હંમેશા વાસના હોય છે, પૂર્વા પર વિચાર રહિત હોય છે, મૂર્ખ હોય છે, ક્રિયાથી ભ્રષ્ટ હોય છે, તેના અભિપ્રાયને બીજા જાણી શકતા નથી.

પાંચ પાપ જે હિંસા, જૂઠ, ચોરી, કુશીલ, પરિગ્રહ—આને સેવન કરવાની સદા વાંછા પ્રવર્તે છે. વિ. લક્ષણ સહિત હોય છે અને પાંચ પાપના મોટા આરંભમાં પ્રવર્તે છે, લોભને માટે, માનને માટે, વિષયસેવનને માટે અથવા વિના પ્રયોજને હિંસા કરવી, મનુષ્યને મારવાં, તિર્યંચોનો નાશ કરવો, લૂંટ-ફાટ કરવી, સંગ્રામ કરવો, મરવું, મારવું, આપઘાત કરવો, પરઘાત કરવો, અનેક પ્રકારથી જીવોને દુઃખો દેવા, સતાવવા તેમજ અનેક પ્રકારથી અન્યાયરૂપ હિંસાના કારણ આરંભ કરવા વિ. રૂપે હિંસાનું મહાપાપ કરવું.

અનેક પ્રકારે જૂઠ બોલવું અને ચોરી કરવી, ઘેરો ઘાલવો, રસ્તામાં લૂંટવું, બીજાના ઘરમાંથી વસ્તુ ચોરવી, રકમ ચોરવી, પરસ્ત્રી તથા પરપુત્રાદિનું હરણ કરવું, જબરદસ્તીથી

છિનવી લેવું, પરાયુ ધન છિનવવું–વિ. ચોરી કરવી. પરસ્ત્રીથી વિષય સેવન કરવું અને હિંસા, જૂઠ, ચોરી કરવી અને અનેક પ્રકારે અન્યાય કરી પાપ કરી પરિગ્રહ સંગ્રહ કરવો વિ. પાંચ પાપ ક્રોધ સહિત નિઃશંકતાથી કરવા વા માયાચારી કરવી, ત્યાં અન્યાયરૂપ પાંચ પાપ નિઃશંક થઈને કરવા વા બીજાથી કરાવવા વા પાંચ પાપ કરવાવાળાની પ્રશંસા કરવી, પ્રસન્ન થવું–વિ. મહાપાપરૂપ અનંતાનુબંધીની કૃષ્ણ લેશ્યા જાણવી.

અન્ય ધર્મબુદ્ધિ પંડિતથી ઈર્ષ્યા કરીને તેનું અપમાન કરવા માટે વા પોતાનું માન પોષવા માટે વા લોભાદિને માટે, શાસ્ત્રનો ખોટો અર્થ કરવો, જૂઠો ઉપદેશ દેવો, મિથ્યા/જૂઠા શાસ્ત્ર બનાવવા, અન્યકૃત શાસ્ત્રમાં પોતાનો અભિપ્રાય પોષવો, શ્લોક-કાવ્યાદિ ઉમેરવા વિ. કાર્ય કરીને ભવ ભવમાં જીવોનો ઘાત કરવો, પોતાનો ઘાત કરવો, પોતાના-પરના પાંચ પાપોની હારમાળા ખડી કરવી, તે પણ મહાપાપનું મૂળ અનંતાનુબંધીની કૃષ્ણ લેશ્યા જાણવી.

જિનમંદિરમાં રહેવું, સ્ત્રી વિ. થી વિષયની ચર્ચા (સેવન) કરવાં, શયન, ભોજનાદિ કરવું, પાચ ઈન્દ્રિયોના વિષય સેવન કરવા, સાત વ્યસન સેવન કરવા, ઝગડા કરવા, , સંગ્રામ કરવો, વિવાહાદિ કાર્ય કરવા, પોતાના પશુઓને મંદિરમાં બાંધવા, પોતાના ધન-ધન્યાદિ સામગ્રી મંદિરમાં ધરવા, અને દેવ-ગુરુ, ધર્માદિનો અવિનય કરવો, અર્ધ્ય ચડાવેલ દ્રવ્ય ખાવું, જિનમંદિરનું દ્રવ્ય ચોરી લેવું, તે પણ અનંતાનુબંધી કૃષ્ણ લેશ્યા જાણવી—વિ. અનંતાનુબંધીની કૃષ્ણ-લેશ્યાના પાંચ પાપરૂપ કાર્ય જાણવું. આ રીતે પાંચ પાપોરૂપ મન, વચન, કાયાની પ્રવૃત્તિ ક્રોધની વાસના સહ વા ક્રોધ સહિત પ્રવર્તે, તે અનંતાનુબંધી ક્રોધયુક્ત કૃષ્ણલેશ્યા કહેવાય છે.

જે પ્રવૃત્તિ માનની વાસના સહિત વા માન સહિત પ્રવર્તે છે, તે અનંતાનુબંધી માનયુક્ત કૃષ્ણલેશ્યા કહેવાય છે.

જે પ્રવૃત્તિ માયાની વાસના સહિત વા માયા સહિત પ્રવર્તે છે, તે અનંતાનુબંધી માયાયુક્ત કૃષ્ણલેશ્યા કહેવાય છે.

જે પ્રવૃત્તિ લોભની વાસના સહિત વા લોભ સહિત પ્રવર્તે છે, તે અનંતાનુબંધી લોભયુક્ત કૃષ્ણલેશ્યા કહેવાય છે.

**હવે અનંતાનુબંધની નીલ લેશ્યા કહે છે :**—નીલ લેશ્યાવાળાના સર્વ લક્ષણ કૃષ્ણલેશ્યાવાળાના લક્ષણવત્ સમાન જાણવા. વિશેષ એટલું કે નીલ લેશ્યાવાળો આળસુ હોય છે, તેને નિદ્રા ખૂબ આવે છે. તેને બીજાને ઠગવાનો ભાવ ખૂબ હોય છે, કુટુંબીઓ પ્રતિ તેને સ્નેહ ખૂબ હોય છે. પાંચ ઈન્દ્રિયોના વિષયોમાં અતિ આસક્ત હોય છે અને ધન-ધાન્યાદિમાં અતિ આસક્ત હોય છે, તેની રક્ષામાં તત્પર રહે છે, ભય સહિત હોય છે અને પચ્ચીસ વિકથામાં આરૂઢ હોય છે.

**૨૫—વિકથાના નામ :—**૧. સ્ત્રીકથા, ૨ અર્થકથા—ધનાદિની કથા, ૩—ભોજનકથા, ૪. રાજકથા, ૫. ચોરકથા. ૬. વેર કરવાવાળી વેર કથા, ૭. પારકા ખંડનરૂપ પારકી ખંડ કથા, ૮. દેશકથા, ૯. ભાષા-કહાની આદિ કથા. ૧૦. બીજાના ગુણો પ્રગટ ન થાય એવી ગુણબંધ કથા. ૧૧. દેવી કથા-દહાડી, શીતળા, ચંડી, મુંડી વિ. ની કથા, ૧૨. કઠોર વચનરૂપ નિષ્ઠુર કથા, ૧૩. દુષ્ટતારૂપ પર પૈશૂન્ય કથા, ૧૪. કામાદિરૂપ કન્દર્પ કથા, ૧૫. દેશકાલાનુચિત કથા—દેશ-કાળથી વિપરીત કથા. ૧૬. નિર્લજ્જતારૂપ ગાળ-કથા, ૧૭. મૂર્ખતારૂપ મૂર્ખ કથા, ૧૮. સ્વ-બડાઈરૂપ આત્મપ્રશંસા કથા, ૧૯. બીજાની નિંદારૂપ પરપરિવાદક કથા. ૨૦. બીજાની ઘૃણારૂપ પરજુગુપ્સા કથા, ૨૧. પરની પીડા દેવાવાળી પરપીડા કથા, ૨૨. લડવારૂપ કલહ કથા, ૨૩, પરિગ્રહ કાર્યરૂપ પરિગ્રહ કથા, ૨૪. ખેતીના આરંભરૂપ કૃષિ-આરંભ કથા, ૨૫-નૃત્ય-સંગીત-વાજિંત્રાદિરૂપ સંગીત-વાજિંત્રાદિ કથા.

વિ. વિશેષ નીલલેશ્યાવાળાઓમાં બીજી પણ હોય છે, એટલે કૃષ્ણલેશ્યાવાળાઓની અપેક્ષા આને પાંચ પાપોમાં કષાય પણ થોડો હોય છે. આ કારણે પાંચ પાપરૂપ કાર્ય પણ તેને કાંઈક હીન હોય છે; માટે આને નીલલેશ્યા કહે છે.

તથા આજીવિકાના નિમિત્તે અનેક પ્રકારના ખોટા વેશ ધરવા, ત્યાં પાંચ ઈન્દ્રિયોના વિષય પોષવા, ધન-સંચય કરવો, દશ પ્રકારનો પરિગ્રહ રાખવો, પોતાને પૂજ્ય માનવો, જબરદસ્તી પૂજાવું, જે ભક્તિ કરે છે તેનાથી ખુશ રહેવું, ન કરે તેનાથી દ્વેષ કરવો વા લોભના અભિનિવેષ સહિત ધર્મ પ્રવૃત્તિ કરવી. વિ. કાર્ય કરવા તે પણ નીલલેશ્યા જાણવી.

વિ. કાર્ય અન્યાય વા પાંચ પાપ સહિત જ્યાં મન, વચન, કાયા વા કરવું, કરાવવું, અનુમોદના દ્વારા ક્રોધની વાસના સહિત વર્તે છે વા ક્રોધ સહિત વર્તે છે, તેને અનંતાનુબંધીની ક્રોધયુક્ત નીલ લેશ્યા કહે છે.

જ્યાં માનના અભિનિવેશ(અભિપ્રાય) સહિત વા માન સહિત પ્રવર્તે છે, તેને અનંતાનુબંધી માનયુક્ત નીલલેશ્યા કહે છે.

જ્યાં માયાના અભિનિવેશ(અભિપ્રાય) સહિત વા માયા સહિત પ્રવર્તે છે, તેને અનંતાનુબંધી માયાયુક્ત નીલલેશ્યા કહે છે.

જ્યાં લોભની વાસના સહિત પ્રવર્તે છે વા લોભ સહિત પ્રવર્તે છે, તેને અનંતાનુબંધી લોભયુક્ત નીલલેશ્યા કહે છે.

**હવે અનંતાનુબંધીની કાપોત લેશ્યા કહીએ છીએ—**વિના કારણ, બીજાઓ પર ક્રોધ કરતા રહેવું, બીજાની અનેક પ્રકારે નિંદા કરવી, બીજાને અનેક પ્રકારે દુઃખી કરવા, જેને શોક

પ્રબળ હોય છે, જેને ભય બહુ હોય છે, ઈર્ષ્યાનો ઘણો ભાવ જેને હોય છે, બીજાની પુણ્ય સામગ્રી વા બીજાનો પુણ્યોદય જોઈ ન શકે, બીજાનું અપમાન કરવું, પોતાની બડાઈ હાંકવી, કોઈના પર વિશ્વાસ ન કરવો અને પોતાની કોઈ યોગ્ય નિંદા કરે તો પણ સહન ન થાય, કોઈ પોતાને માન આપે તેની પર પ્રસન્ન થવું, પોતાની અને બીજાની હાનિ-વૃદ્ધિને નથી સમજતો.

યુદ્ધમાં મરવા ચાહે છે. પોતાની પ્રશંસા કરે તેને ખૂબ ધન દેવું, યશ/બડાઈને માટે ધન ખર્ચવું, વિવાહાદિ કાર્યોમાં ધન ખર્ચવું, શરીરાદિની રક્ષા માટે વા બળપરાક્રમાદિ માટે ધન ખર્ચવું. યશ પ્રાપ્તિ માટે યુદ્ધ કરવું, મરવું, મારવું, માનાદિ માટે આપઘાત કરવો, યશ-માનાદિ માટે દાન દેવું, પૂજા કરવી, પ્રતિષ્ઠા કરવી, જિનમંદિર બનાવવું, તીર્થયાત્રા કરવી, શીલ પાળવું, સંયમ-તપ ધરવા, શાસ્ત્રાભ્યાસ કરવો—વિ. ધર્મકાર્ય કરવા.

કાર્ય–અકાર્યને નથી જાણતો, હેય-ઉપાદેયને નથી જાણતો, ન્યાય-અન્યાય તથા પાંચે ઈન્દ્રિયોના વિષયોમાં અતિ આસક્ત રહે છે, તે માટે ખૂબ ધન ખર્ચે છે. સાત વ્યસન સેવે છે. ત્યાં ખૂબ ધન ખર્ચે છે અને અનેક પ્રકારના નૃત્યાદિ કૌતૂહલ કરે છે-કરાવે છે, તેમાં આસક્ત રહે છે, પોતાના પુણ્યોદયમાં મગ્ન રહેવું વા પોતાની આજીવિકાના કાર્યોમાં મગ્ન રહેવું, આસક્ત રહેવું, પરલોકને માટે ધર્મની વાસના (ભાવના) જ નથી ધરતો.

ધનાદિ ઉત્પન્ન કરવા માટે, આજીવિકાદિ ઉત્પન્ન કરવા માટે વા વિવાહાદિ કાર્ય વા વિષયાદિ કાર્યોને માટે અધિક વાંછા સહિત રાત-દિન નિઃશંક સંકલ્પ-વિકલ્પ કર્યા કરે છે. (પોતાના) લૌકિક કાર્યો(ની સિદ્ધિ)ને માટે બીજા(ની પ્રશંસા કરવી)નો યશ કરવો, મોટાઈ કરવી, સ્ત્રી-પુત્રાદિ કુટુમ્બથી અધિક સ્નેહ કરવો, પુત્રાદિકોને શણગારવા, સ્ત્રીને સજાવી-ધજાવીને રાખવી, પોતે પણ સજી-ધજીને રહેવું, હવેલી-મોટા મકાન બનાવવા, બાગ બનાવવા, કુવા-તળાવ-કુંડ બનાવવા–વિ. કાર્યોમાં ક્રોધાદિ કષાય સહિત જઘન્યરૂપે પ્રવર્તવું, તેને માટે પાંચ પાપનું અયોગ્ય રીતથી સેવન કરવું, તેને કાપોત લેશ્યા કહે છે.

ત્યાં આ (પૂર્વોક્ત) કાર્ય વા તેમના માટે પાંચ પાપ ક્રોધ સહિત હોય છે, તેને અનંતાનુબંધીની ક્રોધયુક્ત કાપોત લેશ્યા કહે છે.

જ્યાં માનસહિત હોય, માયા સહિત હોય છે, લોભ સહિત હોય છે, તેને અનુક્રમે અનંતાનુબંધી માનયુક્ત કાપોત લેશ્યા, અનંતાનુબંધી માયાયુક્ત કાપોત લેશ્યા, અનંતાનુબંધી લોભયુક્ત કાપોત લેશ્યા કહે છે.

**હવે અનંતાનુબંધીની પીત-લેશ્યા**

જેને મંદ થઈ ગયા છે ક્રોધાદિ કષાયભાવ અને પાંચ પાપોને કરવાનો જેને ઉદ્યમ તેમજ વાંછા નથી અને જેને પરભવ સંબંધી નરકાદિના દુઃખોનો ભય ઉત્પન્ન થયો છે અને

જેને પરભવ સંબંધી સ્વર્ગાદિના વિષયોની ચાહ ઉત્પન્ન થઈ છે, આ પ્રયોજન માટે જે કાર્ય-અકાર્યોને વિચારે છે, હેય-ઉપાદેયને વિચારે છે, સેવ્ય તથા અસેવ્યનું જ્ઞાન કરે છે. જેને પુણ્યરૂપ સુકાર્ય જાણે છે તેને તો કરે છે અને જેને પાપરૂપ અકાર્ય જાણે છે તેને નથી કરતો. ત્યાગ યોગ્યને ત્યાગે છે અને ઉપાદેય યોગ્યને ગ્રહણ કરે છે અને સેવનયોગ્યને સેવે છે, અસેવનયોગ્યને સેવતો નથી. બધામાં સર્વદર્શી રહે છે, કોઈથી દ્વેષભાવ વા ઈર્ષ્યાભાવ નથી કરતો, સર્વજીવ પર દયાભાવ રાખે છે અને કષાયરહિત પરલોકના સુખના પ્રયોજનથી દુઃખી, ભૂખ્યા જીવોની રક્ષા કરે છે.

જેને પૂજ્ય માને છે તેમને દાન આપે છે, જેના મદ રહિત મન-વચન-કાય સરળ હોય છે; જેનું મન પાપ વિચારોથી રહિત હોય છે, વચન મીઠાં હોય છે, કાયા વિનયવંત હોય છે, નરકાદિ દુઃખોથી ડરીને પાંચ પાપો અને સાત વ્યસનો જેણે છોડી દીધા છે અને જે સ્વર્ગાદિના સુખને માટે જિનભાષિત દાન, પૂજાદિ ષટ્ આવશ્યક કરે છે અને જેના ચારે કષાય મંદ થઈ ગયા છે અને પોતાને પ્રાપ્ત જે પાંચ ઈન્દ્રિયોના ભોગ, તેમને પાપરહિત વા હઠરહિત થઈને સેવન કરે છે, આસક્તિપૂર્વક મગ્ન થઈને તેમનું સેવન નથી કરતો. કૌતૂહલાદિ કરીને પ્રસન્ન રહે છે, બીજાની ધનાદિ ભોગ-સામગ્રી જોઈએ ઈર્ષ્યાનો ભાવ નથી કરતો, ઇચ્છા નથી કરતો, કૌતુહલાદિના નિમિત્તે, દુઃખી જીવોના નિમિત્તે વા સમ્યક્ત્વ સંયમાદિના ધારક જીવોના દુઃખ નિવારણને માટે દુષ્ટોને દુઃખ પણ આપે છે, સંગ્રામ પણ કરે છે—વિ. ભાવ પીત લેશ્યાવાળા જીવનાં છે.

તે કાર્ય જ્યાં દુઃખથી ભયભીત થઈને સાંસારિક સુખને માટે ધર્મકાર્ય કરે છે, તે ક્રોધના અભિનિવેશ સહિત હોય વા ક્રોધ સહિત હોય, તેને અનંતાનુબંધીની ક્રોધયુક્ત પીતલેશ્યા કહે છે.

જ્યાં માનના અભિનિવેશ સહિત હોય વા માન સહિત હોય તેને અનંતાનુબંધીની માનયુક્ત પીત લેશ્યા કહે છે. અહીં સ્વર્ગાદિમાં પોતાનું માન વધારવાનો અભિપ્રાય જાણવો.

જ્યાં માયા સહિત હોય તેને માયા કહે છે. એક તો સ્વજન-પરજનના ભયથી દાનાદિ ધર્મકાર્યોને ગુપ્તરૂપથી કરે છે અને તેમની સામે અન્ય પ્રકારે વર્તે છે. માયાથી ગ્રસિત જીવ અંતરંગમાં સ્વર્ગની ઈચ્છાનો અભિપ્રાય રાખે છે અને મુખથી કહે છે કે મોક્ષને માટે કરું છું, તેને અનંતાનુબંધીની માયાયુક્ત પીતલેશ્યા કહે છે. (ત્યાં) સ્વર્ગાદિમાં પોતાને વિષયસેવનનો અભિપ્રાય જાણવો.

જ્યાં લોભના અભિનિવેશ સહિત હોય વા લોભ સહિત હોય, તેને અનંતાનુબંધીની લોભયુક્ત પીતલેશ્યા કહે છે, અહીં સ્વર્ગાદિના સુખનો લોભ જાણવો.

**અનંતાનુબંધીની પદ્મ લેશ્યા કહીએ છીએ**—પરભવમાં નરકાદિ સંબંધી દુઃખ નિવારણ માટે અને સ્વર્ગાદિ સુખને માટે જેણે ત્યાગ કર્યો છે—એકદેશ, સર્વદેશ વિષયસુખ અને જેણે ત્યાગ્યા છે એકદેશ, સર્વદેશ, સાંસારિક કષાયના કાર્ય અને જેને ક્રોધ, માન, માયા, લોભ, છ હાસ્યાદિ વા ત્રણ વેદ આ તેર કષાયોનો ઉપશમ થઈ ગયો છે અને જેના પરિણામ ભલે—પુણ્ય કાર્ય કરવાનાં જ છે અને જેને શુભકાર્યો કરવાનો જ ઉદ્યમ છે. જેણે અણુવ્રત, મહાવ્રત ગ્રહણ કર્યા છે, પોતાને પ્રાપ્ત અત્યંત કષ્ટરૂપ જે પરિષહ, તેમને સમભાવથી સહે છે અને જે મુનિવરો તથા ગુરુજનોની સેવા કરવામાં પ્રીતિવંત હોય છે—વિ. ભાવ પદ્મ લેશ્યાના જાણવા.

પ્રાપ્ત ભોગોને ભોગવે છે, આસક્તિ નથી રાખતો. કોઈને દુઃખ નથી દેતો, કોઈને સતાવતો નથી, જેનું મન ચંચળતા રહિત ધીર છે તથા જેનું ચિત્ત કૃપણતા રહિત ઉદાર છે, જે અલભ્ય/અપ્રાપ્ય સામગ્રીની વાંછા નથી કરતો, પરોપકાર કરવામાં તત્પર છે, જે ગુણ જ ગ્રહણ કરે છે, કોઈના દોષ ગ્રહણ ખરીને પારકી નિંદા નથી કરતો. કોઈની પાસે હીનતા/દીનતા વ્યક્ત નથી કરતો—વિ. ભાવ પદ્મલેશ્યાના છે.

જ્યાં ક્રોધ સહિત કષાય અતિમંદ થઈને પ્રવર્તે છે, તેને પદ્મ લેશ્યા કહે છે, કારણ કે આવા ભાવ તો જ્યાં સાંસારિક દુઃખોનો ભય રહે છે, ત્યાં પેદા થાય છે. જ્યાં ક્રોધ સહિત પ્રવર્તે છે, ત્યાં અનંતાનુબંધીની ક્રોધયુક્ત પદ્મલેશ્યા છે.

જ્યાં સ્વર્ગાદિકમાં માન વધારવા માટે હોય અથવા આ ભાવોમાં જે સમયે માન વર્તે છે, તેને અનંતાનુબંધી માનયુક્ત પદ્મ લેશ્યા કહે છે.

જ્યાં આ ભાવ તો હોય છે, પરંતુ અંતરંગમાં સ્વર્ગાદિક સુખને માટે કરવું અને બાહ્યમાં મુખથી મોક્ષને માટે કહેવું/કરવું/માનવું. અથવા જે સમયે માયાકષાય સહિત પ્રવર્તે છે, તેને અનંતાનુબંધીની માયાયુક્ત પદ્મલેશ્યા કહે છે.

જ્યાં સ્વર્ગાદિકના લોભની વાસના યુક્તહોય છે અથવા તે સમય લોભકષાય સહિત હોય, તેને અનંતાનુબંધીની લોભયુક્ત પદ્મલેશ્યા કહે છે.

**અનંતાનુબંધીની શુક્લ લેશ્યા** કહીએ છીએ. :—જેને આ ભવ સંબંધી સુખ-દુઃખમાં હર્ષ-વિષાદ નથી અને ન જેને પરભવ સંબંધી દુઃખનો ભય છે અને ન સુખની વાંછા છે, જેને સમભાવની પ્રાપ્તિ થઈ છે; જેને ૧૩ પ્રકારના કષાયભાવ અને સ્ત્રી, પુત્રાદિ-કલત્ર વિ.થી સ્નેહભાવ નષ્ટ થયો છે અને જે કોઈથી પક્ષપાત નથી કરતો જે પરની નિંદા વા પ્રશંસા નથી કરતો, જેને વેરી-મિત્ર, સુખ-દુઃખ, રાજા-રંક, રત્ન અને કાંકરો, જીવન-મરણ વિ. જેને બધું સમાન છે. જેને ઈષ્ટ-અનિષ્ટ પદાર્થોમાં રાગ-દ્વેષ નથી, જેણે બુદ્ધિપૂર્વક શીલ, વ્રત, તપ, સંયમ, અણુવ્રત, મહાવ્રતાદિ ધારણ કર્યા છે, તેઓનું પૂર્ણ રીતે નિઃશંકતા સહિત સમભાવપૂર્વક

પાલન કરે છે; તથા તેઓમાં દોષ નથી લગાડતા. જેને આ ભવ-પરભવ સંબંધી ઈષ્ટ-અનિષ્ટ પદાર્થોથી રાગ-દ્વેષ નથી. વિ. ભાવ અનંતાનુબંધી શુક્લ લેશ્યાના છે.

જ્યાં સુંદર ભોગોમાં અતિ મંદ રાગ પ્રવર્તે છે, ભોગોના ઉપાર્જનના ઉપાયની જેને વાંછા નથી અને જેના મન, વચન, કાયાની ચેષ્ટા અતિ નિશ્ચલ છે, જેને આઠ મદમાંથી કોઈપણ મદ નથી હોતો, જેને કોઈપણ હીનતા નથી હોતી, જેનું ચિત્ત સાત ભયથી રહિત છે, જેને ગુણોમાં રાગ છે અને ગ્રહણ છે—વિ. ભાવ શુક્લ લેશ્યાના છે. જ્યાં ક્રોધાદિભાવ અતિમંદ થઈને પ્રવર્તે છે, તેને શુક્લ લેશ્યા કહે છે.

જ્યાં આ ભાવોમાં જે સમયે ક્રોધકષાય પ્રવર્તે છે, તે અનંતાનુબંધીની શુક્લ લેશ્યાનો ક્રોધ ભાવ છે.

જે સમય આ ભાવોમાં માન કષાય કે માયા કષાય કે લોભ કષાય પ્રવર્તે છે, ત્યારે તે સમયનો અનુક્રમે અનંતાનુબંધી શુક્લ લેશ્યાનો માન ભાવ કે માયા ભાવ કે લોભ ભાવ છે.

અનંતાનુબંધીની પીત, પદ્મ, શુક્લ લેશ્યામાં અનંતાનુબંધી અતિમંદ રહે છે, ત્યાં તત્ત્વ શ્રદ્ધાનરૂપ દ્રવ્ય સમ્યક્ત્વ પ્રગટે છે, તેના માહાત્મ્યથી મોક્ષને માટે અણુવ્રત, મહાવ્રત બુદ્ધિપૂર્વક ધારણ કરે છે અને વિધિપૂર્વક અંતરંગ-બહિરંગ બંનેને દોષ રહિત નિર્મળ પાળે છે. તથાપિ અનંતાનુબંધીના મંદ ઉદયના માહાત્મ્યથી અથવા મિથ્યાત્વના મંદ ઉદયથી અંતરંગ અભિપ્રાયમાં અબુદ્ધિપૂર્વક કોઈ અંશ અન્યથા અભિપ્રાયરૂપ વા અન્યથા પ્રવૃત્તિરૂપ ચાલતો રહે છે, તેનાથી મોક્ષમાર્ગનો અભાવ જ છે.

## અપ્રત્યાખ્યાન કષાય અપેક્ષા લેશ્યા

હવે અપ્રત્યાખ્યાનની લેશ્યાના ૨૪ ભેદ કહીએ છીએ—જ્યાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ જાય, અને ન્યાયરૂપ વિષયકાર્ય વા કષાયકાર્ય વા ધર્મકાર્ય વા પાંચે પાપ પ્રવર્તે છે. માટે અહીં સમ્યક્ત્વનો ઘાતક અનંતાનુબંધી ચારિત્રમોહના ઉદયનો અભાવ છે અને અપ્રત્યાખ્યાન ક્રોધાદિ ભાવોને પ્રાપ્ત થઈને પ્રવર્તે છે, ત્યાં અપ્રત્યાખ્યાનનો લેશ્યાભાવ જાણવો. જેના કાર્યના અંતમાં ક્રોધાદિ કષાયભાવ શાંત હોય, દયા ધર્મથી સહિત હોય, સત્યવાદી હોય બીજાના પુણ્યના ઉદયમાં ઈર્ષ્યાભાવ નથી કરતો, સુજ્ઞાન અને ચાતુર્યતાથી શોભિત છે, ક્રિયાવાન, શુદ્ધ ભોજનને ગ્રહે છે, સાત વ્યસનાદિનો ત્યાગી હોય, આઠમદથી રહિત હોય, સરળ હોય, અન્યાય, લોભથી રહિત હોય, દેવ-ગુરુ-ધર્માદિનો ભક્ત હોય, શરણાગત પ્રતિપાલક હોય, ઉદાર હોય—વિ. ભાવો સહિત અપ્રત્યાખ્યાન કષાયો પ્રવર્તે છે.

**પ્રથમ અપ્રત્યાખ્યાનની કૃષ્ણ લેશ્યા કહીએ છીએ :**—જ્યાં ન્યાયપૂર્વક થવાવાળાં

કષાય(સંબંધી) કાર્યોને માટે વા વિષયકાર્યોને માટે, મરવું-મારવું, સંગ્રામ કરવો, અતિપ્રચંડ ક્રોધાદિ કષાય કરવો, પોતાનો ઘાત કરવો, બીજાનો ઘાત કરવો, જૂઠું બોલવું, ચોરી કરવી, ચોરીથી માંગવું, સ્વ-સ્ત્રીમાં આસક્ત થઈને ભોગ કરવો, અનેક સ્વસ્ત્રિઓથી ભોગ કરવાની ઈચ્છા કરવી, એ માટે અનેક સ્ત્રિઓથી વિવાહ કરવા, પોતાને પ્રાપ્ત ભોગોથી અતૃપ્ત રહેવું, ન્યાયપૂર્વક અધિક પરિગ્રહ વધારવો, પોતાના ન્યાયરૂપ કાર્યોના બાધકોને વા પ્રજાના બાધકોને અનેક દંડ દેવો, રાજાઓથી લડવું, મરવું-મારવું, દેશનિકાલ કરી દેવાં, જ્યાં સુધી વશમાં નથી આવતા ત્યાં સુધી ઈર્ષ્યાભાવ રાખવો, પાંચ ઈન્દ્રિયોના ન્યાયપ્રાપ્ત વિષયોને આસક્તિપૂર્વક સેવન કરવા, કૌતૂહલ કરવું—વિ. ન્યાયપૂર્વક કષાય કાર્યોમાં વા વિષય કાર્યોમાં વા તે માટે પાંચ પાપોમાં નિઃશંક થઈને પ્રવર્તવું, તેને અપ્રત્યાખ્યાન કષાયની કૃષ્ણલેશ્યા કહે છે.

ઉક્ત કાર્યોમાં ક્રોધકષાય, માનકષાય, માયાકષાય, લોભકષાય સહિત પ્રવૃત્તિ હોય, તે અનુક્રમે અપ્રત્યાખ્યાન કષાયની ક્રોધરૂપ કૃષ્ણલેશ્યા, માનરૂપ કૃષ્ણલેશ્યા, માયારૂપ કૃષ્ણલેશ્યા, લોભરૂપ કૃષ્ણલેશ્યા કહેવાય છે.

**અપ્રત્યાખ્યાનની નીલલેશ્યા કહીએ છીએ.** : જે કૃષ્ણલેશ્યાના કાર્ય કહ્યા, તેમાં કોઈમાં મંદ કષાયરૂપ આળસ સહિત પ્રવર્તે છે, કોઈમાં પૂર્વાપર વિચાર સહિત પણ પ્રવર્તે છે. તે નીલલેશ્યા કહેવાય છે.

જ્યાં ક્રોધ સહિત પ્રવર્તે છે, તે અપ્રત્યાખ્યાનની ક્રોધરૂપ નીલલેશ્યા છે. જ્યાં માન, માયા કે લોભ સહિત પ્રવર્તે છે, તેને અનુક્રમે અપ્રત્યાખ્યાનની માન, માયા કે લોભરૂપ નીલલેશ્યા કહે છે.

**અપ્રત્યાખ્યાનની કાપોત લેશ્યા કહીએ છીએ**—જે પોતાના ધર્મનો બગાડ કરે, તેની પર ક્રોધ કરે છે. દોષ સહિત હોય, તેની નિંદા કરે છે. જે મહા દોષવાન પુરુષ છે, તેનો નાશ કરે છે. ઈષ્ટના વિયોગમાં શોક કરે છે. જ્યાં પોતાનો નાશ થતો દેખે ત્યાં ભયભીત થાય છે. પાંચ પાપોમાં મંદ ભાવોરૂપ પ્રવર્તે છે. પોતાના ન્યાયકાર્યમાં બાધકોથી ઈર્ષ્યાભાવ રાખે છે. પોતાના ન્યાયકાર્યોમાં મર્યાદારૂપ ક્રોધ, માન, માયા, લોભરૂપ પણ પ્રવર્તે છે. પોતાની ન્યાયરૂપ આજીવિકાને માટે અસિ, મસિ, કૃષિ, વાણિજ્ય, શિલ્પાદિમાં તથા સર્વ પ્રકારનાં દાસ કર્મમાં, પશુપાલનાદિ છ કર્મોમાં પ્રવર્તે છે. ન્યાયરૂપ આજીવિકાનું કાર્ય કરે છે. ન્યાયરૂપ પોતાના પાંચ ઈન્દ્રિયોના વિષય સેવન કરે છે. વિવાહાદિ કષાય કાર્ય પણ કરે છે—વિ. પ્રવૃત્તિમાં પ્રવર્તવું તેને કાપોત લેશ્યા જાણવી.

જ્યાં આ કાર્યોમાં ક્રોધસહિત પ્રવર્તે છે, તે અપ્રત્યાખ્યાન ક્રોધયુક્ત કાપોતલેશ્યા કહેવાય છે. જ્યાં માન સહિત પ્રવર્તે છે, તેને અપ્રત્યાખ્યાન માનયુક્ત કાપોત લેશ્યા કહે છે.

જ્યાં માયા સહિત પ્રવર્તે છે, તેને અપ્રત્યાખ્યાનયુક્ત માયાયુક્ત કાપોતલેશ્યા કહે છે. જ્યાં લોભ સહિત પ્રવર્તે છે. તેને અપ્રત્યાખ્યાન લોભયુક્ત કાપોતલેશ્યા કહે છે.

**અપ્રત્યાખ્યાનની પીતલેશ્યા** કહીએ છીએ—જ્યાં ક્રોધાદિ કષાયો મંદરૂપ પ્રવર્તે છે, રાજ્યાદિ જે આજીવિકાના કાર્ય, અથવા સંગ્રામ-વિવાહાદિ કષાયરૂપ કાર્ય, અથવા વિષયરૂપ કાર્ય, તેમનાથી ઉદાસભાવ હોય અને પૂજા, પ્રભાવના, તીર્થયાત્રા, તપ, સંયમાદિમાં રુચિ હોય, ત્યાં હર્ષરૂપ પ્રવર્તે છે. અણુવ્રત-મહાવ્રત ગ્રહણ કરવાની અને સંસારત્યાગની વાંછા પ્રવર્તે છે. જ્યાં અસત્ય, ચોરી, કામસેવન મંદરૂપ હોય છે. પરિગ્રહના ભારને છોડવા ચાહે છે, પાત્રોમાં ચાર પ્રકારના દાન દેવાની નિરંતર પ્રવૃત્તિ હોય છે—વિ. ભાવ પીતલેશ્યામાં હોય છે.

જ્યાં આ ભાવોમાં પ્રવર્તન ક્રોધ કષાય સહિત હોય, તે અપ્રત્યાખ્યાનની ક્રોધયુક્ત પીતલેશ્યા કહેવાય છે.

જ્યાં આ ભાવોમાં માન કષાય સહિત પ્રવૃત્તિ હોય, તે અપ્રત્યાખ્યાનની માનયુક્ત પીતલેશ્યા કહેવાય છે.

જ્યાં આ ભાવોમાં માયા કષાય સહિત પ્રવર્તે છે, તેને અપ્રત્યાખ્યાનની માયાયુક્ત પીતલેશ્યા કહે છે.

જ્યાં આ ભાવોમાં લોભ કષાય સહિત પ્રવર્તે છે, તેને અપ્રત્યાખ્યાન કષાયની લોભ સહિત પીતલેશ્યા કહે છે.

**અપ્રત્યાખ્યાનની પદ્મલેશ્યા** કહીએ છીએ :—ક્રોધાદિ કષાય જ્યાં અતિ મંદ થઈ ગયાં છે અને આજીવિકાના કાર્ય વા કષાયના કાર્ય વા ઇન્દ્રિયોના વિષય ત્યાગી દીધા છે તથા દેશસંયમ અને સકલ સંયમને ગ્રહણ કરવાની નિરંતર વાંછા રહે છે અને મુનિજન તથા ગુરુજન અથવા ચતુર્વિધ સંઘની વૈયાવચ્ચ કરવામાં તત્પર રહે છે, અને જ્યાં સમભાવ ઉત્પન્ન થઈ ગયો છે—ઇત્યાદિ ભાવ પદ્મલેશ્યાના છે.

જ્યાં આ ભાવોમાં ક્રોધ કષાય હોય છે, તે અપ્રત્યાખ્યાનની ક્રોધયુક્ત પદ્મલેશ્યા કહેવાય છે.

જ્યાં આ ભાવોમાં માન કષાય હોય છે, તેને અપ્રત્યાખ્યાનની માનયુક્ત પદ્મલેશ્યા કહે છે.

જ્યાં આ ભાવોમાં માયા કષાય હોય છે, તેને અપ્રત્યાખ્યાનની માયાયુક્ત પદ્મલેશ્યા કહે છે.

જ્યાં આ ભાવોમાં લોભ કષાય હોય છે, તેને અપ્રત્યાખ્યાનની લોભયુક્ત પદ્મલેશ્યા કહે છે.

**અપ્રત્યાખ્યાનની શુક્લ-લેશ્યા** કહીએ છીએ–જ્યાં ક્રોધાદિ કષાય ખૂબ મંદ હોય છે, સર્વ કુટુંબાદિથી સ્નેહભાવનો અભાવ થઈ ગયો છે, સર્વ સામગ્રીમાં અરુચિ છે, મન-વચન-કાયા અતિ નિશ્ચલ છે, વિષય-વાસનાનો જ્યાં અભાવ છે, સપ્તભય રહિત છે, આ ભવ અને પરભવમાં ભોગ ભોગવવાની વાંછા રહિત છે, અને સર્વ પદાર્થોમાં રાગ-દ્વેષ રહિત સમભાવ રાખે છે—ઈત્યાદિ ભાવ શુક્લ લેશ્યાના છે.

જ્યાં ક્રોધ સહિત પ્રવર્તે છે, તેને અપ્રત્યાખ્યાનની ક્રોધયુક્ત શુક્લલેશ્યા કહે છે.

જ્યાં માન સહિત પ્રવર્તે છે, તેને અપ્રત્યાખ્યાનની માનયુક્ત શુક્લલેશ્યા કહે છે.

જ્યાં માયા સહિત પ્રવર્તે છે, તેને અપ્રત્યાખ્યાનની માયાયુક્ત શુક્લલેશ્યા કહે છે.

જ્યાં લોભ સહિત પ્રવર્તે છે, તેને અપ્રત્યાખ્યાનની લોભયુક્ત શુક્લલેશ્યા કહે છે.

**પ્રત્યાખ્યાન કષાય અપેક્ષા લેશ્યા** કહીએ છીએ :–પ્રત્યાખ્યાનમાં કષાયોની અપેક્ષા લેશ્યાના ૧૨-ભેદ કહીએ છીએ. પ્રત્યાખ્યાન કષાયભાવોમાં કૃષ્ણ, નીલ, કાપોત, આ ત્રણ લેશ્યાઓનો અભાવ છે અને પીત, પદ્મ, શુક્લ—આ લેશ્યાઓનો સદ્‌ભાવ છે, આ કારણે બાર ભેદ છે. સંજ્વલન કષાય સહિત પ્રત્યાખ્યાન કષાય અતિ મંદ કષાયોના સ્થાનોમાં રહે છે. પ્રત્યાખ્યાન કષાય સહિત જીવ સંસાર, શરીર, ભોગોથી વિરક્ત હોય છે અને બહુ આરંભ, પરિગ્રહ છોડીને અલ્પ આરંભ અને અલ્પ પરિગ્રહ સહિત રહે છે. અગિયાર પ્રતિમાના ગ્રહણરૂપ જે દેશસંયમ તેને ગ્રહણ કરે છે. તે કારણે અહીં દેશસંયમની ઘાતક અપ્રત્યાખ્યાન ચારિત્રમોહના ઉદયનો અભાવ છે.

**પ્રત્યાખ્યાન પીતલેશ્યા** કહીએ છીએ–જેની સકલ સંયમ લેવાની ઈચ્છા હોય છે અને ચાર પ્રકારની હિંસામાં–ઉદ્યમી/ઉદ્યોગી હિંસા, સંકલ્પી હિંસા, વિરોધી હિંસા–આ ત્રણ હિંસાઓનો તો તેને અભાવ હોય છે અને આરંભી હિંસા પણ ભોજનાદિ ક્રિયામાં, અલ્પારંભ ને માટે અલ્પવિહારાદિ કાર્યોમાં (વ્યવહાર) ધર્મકાર્યોમાં અલ્પ પ્રવૃત્તિ હોય છે, ત્યાં પણ યત્નાચારપૂર્વક હોય છે. લૌકિક કાર્યોમાં અરુચિ છે. ધાર્મિક કાર્ય પ્રીતિ સહિત હોય છે. પાંચ ઈન્દ્રિયોની પ્રવૃત્તિ રાગ મટાડવા માટે અથવા ધર્મને માટે હોય છે, વિષયને માટે નહીં. ઈત્યાદિ લક્ષણો સહિત પ્રત્યાખ્યાન કષાય હોય છે. જ્યાં આ કાર્યોમાં પ્રવૃત્તિ હોય છે તેને પીતલેશ્યા કહે છે.

જ્યાં પીતલેશ્યા ક્રોધસહિત હોય, તેને પ્રત્યાખ્યાનની ક્રોધયુક્ત પીતલેશ્યા કહે છે.

જ્યાં માન સહિત હોય, તેને પ્રત્યાખ્યાનની માનયુક્ત પીતલેશ્યા કહે છે.

જ્યાં માયા સહિત હોય, તેને પ્રત્યાખ્યાનની માયાયુક્ત પીતલેશ્યા કહે છે.

જ્યાં લોભ સહિત હોય, તેને પ્રત્યાખ્યાનની લોભયુક્ત પીતલેશ્યા કહે છે.

**પ્રત્યાખ્યાનની પદ્મલેશ્યા** કહીએ છીએ—જ્યાં પૂર્વોક્ત કાર્યોમાં ત્યાગભાવ હોય છે, તેને પદ્મલેશ્યા કહે છે.

ત્યાં જો લેશ્યા ક્રોધ સહિત પ્રવર્તે છે, તો તેને પ્રત્યાખ્યાનની ક્રોધયુક્ત પદ્મલેશ્યા કહે છે.

જ્યાં માન સહિત પ્રવર્તે છે, તો તેને પ્રત્યાખ્યાનની માનયુક્ત પદ્મલેશ્યા કહે છે.

જ્યાં માયા સહિત પ્રવર્તે છે, તો તેને પ્રત્યાખ્યાનની માયાયુક્ત પદ્મલેશ્યા કહે છે.

જ્યાં લોભ સહિત પ્રવર્તે છે, તો તેને પ્રત્યાખ્યાનની લોભયુક્ત પદ્મલેશ્યા કહે છે.

**પ્રત્યાખ્યાનની શુક્લ-લેશ્યા** કહીએ છીએ. : પૂર્વોક્ત કાર્યોમાં જ્યાં સમભાવ હોય, રાગ-દ્વેષ રહિત નિશ્ચલ ભાવ હોય, તે શુક્લલેશ્યા કહેવાય છે.

તે શુક્લ લેશ્યા જ્યાં ક્રોધ કષાય સહિત હોય, તેને પ્રત્યાખ્યાનની ક્રોધયુક્ત શુક્લ લેશ્યા કહે છે. જ્યાં માન કષાય સહિત હોય, તેને પ્રત્યાખ્યાનની માનયુક્ત શુક્લ લેશ્યા કહે છે. જ્યાં માયા કષાય સહિત હોય, તેને પ્રત્યાખ્યાનની માયાયુક્ત શુક્લલેશ્યા કહે છે. જ્યાં લોભ કષાય સહિત હોય, તેને પ્રત્યાખ્યાનની લોભયુક્ત શુક્લ લેશ્યા કહે છે.

## સંજ્વલન કષાય અપેક્ષા લેશ્યા

હવે કેવળ સંજ્વલન કષાય સહિત લેશ્યાના બાર ભેદ કહે છે :—

**સંજ્વલન કષાયની પીતલેશ્યા** કહે છે—અહીં ક્રોધાદિ કષાય અતિમંદ અથવા મંદતર સ્થાનોમાં રહે છે, સંજ્વલન (ક્રોધાદિ) કષાય સકળ સંયમના ઘાતક નથી. યથાખ્યાત ચારિત્રના ઘાતક છે, માટે સકલ સંયમનું ગ્રહણ થાય છે. તેનાથી સકળ સંયમના ઘાતક પ્રત્યાખ્યાન કષાયનો ઉદય નથી. ૨૮ મૂળગુણ અથવા પંચાચારાદિરૂપ પ્રવૃત્તિ હોય છે. છઠ્ઠા ગુણસ્થાનથી લઈને દશમા ગુણસ્થાન સુધી રહે છે. સામાયિક, છેદોપસ્થાપના, પરિહાર વિશુદ્ધિ, સૂક્ષ્મ સામ્પરાય—આ ચાર સંયમ હોય છે. ૮૪ લાખ [1]ઉત્તરગુણોથી યુક્ત હોય છે. ૨૨-પરિષહમાં

૧. ભાવપાહુડની ગાથા ૧૨૦ પૃ. ૨૩૬, અયોગી કેવળી...... ચૌરાસી લાખ ઉત્તરગુણોની પૂર્ણતા કહી છે. ક્ષપણાસાર ગા. ૬૪૭-૪૮, જ.ધ.પુ. ૧૬, પૃ. ૧૮૩ થી ૧૮૫

સહનશીલ હોય છે—ઈત્યાદિ ભાવયુક્ત મુનિ હોય છે. જ્યાં આ ભાવ પ્રવૃત્તિરૂપ છે, તે પીત લેશ્યા કહેવાય છે.

જ્યાં ક્રોધ કષાય સહિત હોય છે, તે સંજ્વલનની ક્રોધયુક્ત પીત લેશ્યા કહેવાય છે.

જ્યાં માન કષાય સહિત હોય છે, તે સંજ્વલનની માનયુક્ત પીત લેશ્યા કહેવાય છે.

જ્યાં માયા કષાય સહિત હોય છે, તે સંજ્વલનની માયાયુક્ત પીત લેશ્યા કહેવાય છે.

જ્યાં લોભ કષાય સહિત હોય છે, તે સંજ્વલનની લોભયુક્ત પીત લેશ્યા કહેવાય છે.

**સંજ્વલનની પદ્મ-લેશ્યા કહે છે**—જ્યાં પૂર્વોક્તભાવ ત્યાગરૂપ હોય છે, તેને પદ્મ લેશ્યા કહે છે.

જ્યાં ક્રોધ કષાય સહિત હોય છે, તેને સંજ્વલનની ક્રોધયુક્ત પદ્મલેશ્યા કહે છે.

જ્યાં માન કષાય સહિત હોય છે, તેને સંજ્વલનની માનયુક્ત પદ્મલેશ્યા કહે છે.

જ્યાં માયા કષાય સહિત હોય છે, તેને સંજ્વલનની માયાયુક્ત પદ્મલેશ્યા કહે છે.

જ્યાં લોભ કષાય સહિત હોય છે, તેને સંજ્વલનની લોભયુક્ત પદ્મલેશ્યા કહે છે.

**સંજ્વલન કષાયની શુક્લ લેશ્યા કહે છે**—જ્યાં પૂર્વોક્ત પ્રવૃત્તિનો અભાવ હોય, ઉપયોગની પણ રાગ-દ્વેષ રહિત પ્રવૃત્તિ હોય, ત્યાં મન-વચન-કાયની નિશ્ચલતા હોય છે—ઈત્યાદિ ભાવ તેને શુક્લ લેશ્યા કહે છે.

જ્યાં ક્રોધ કષાય સહિત હોય છે, તેને સંજ્વલનની ક્રોધયુક્ત શુક્લ લેશ્યા કહે છે.

જ્યાં માન કષાય સહિત હોય છે, તેને સંજ્વલનની માનયુક્ત શુક્લ લેશ્યા કહે છે.

જ્યાં માયા કષાય સહિત હોય છે, તેને સંજ્વલનની માયાયુક્ત શુક્લ લેશ્યા કહે છે.

જ્યાં લોભ કષાય સહિત હોય છે, તેને સંજ્વલનની લોભયુક્ત શુક્લ લેશ્યા કહેવાય છે.

કષાયરહિત ગુણસ્થાન ઉપશાંત કષાય અગ્યારમું, ક્ષીણ કષાય બારમું, અને સયોગકેવળી તેરમું—આ ત્રણે ગુણસ્થાનોમાં જે શુક્લ લેશ્યા હોય છે, તે યોગોની અપેક્ષા ઉપચાર કરીને કહી છે. આવા આ બોંતેર ભેદ કહેવામાં આવ્યા છે. હવે તેના ઉત્તરભેદ અનેક પ્રકારના છે તેઓને કહે છે. તેઓ સર્વ લેશ્યાઓના ભાવ જાણવા.

**લેશ્યાભાવનું ફળ**

હવે આ લેશ્યાભાવોનું ફળ કહે છે—

અનંતાનુબંધીની ઉત્કૃષ્ટ કૃષ્ણ લેશ્યાના ભાવને કારણે આત્મા ઉત્કૃષ્ટ સ્થિતિ અને ઉત્કૃષ્ટ અનુભાગ સહિત નરકાયુનું બંધન કરે છે અને આ લેશ્યા સહિત જ જીવ મરણ કરીને સાતમી નરકમાં ઉત્પન્ન થાય છે અને અનુત્કૃષ્ટ કૃષ્ણ લેશ્યાના ભાવ વડે આત્મા અનુત્કૃષ્ટ સ્થિતિ—અનુભાગ સહિત નરકગતિ તથા નરકાયુનું બંધન કરે છે અને આ જ લેશ્યામાં મરણ કરે તો પાંચમી નરકના છેલ્લા પટલથી લઈને છઠ્ઠી નરકના છેલ્લા પટલ પર્યંત ઉત્પન્ન થાય છે અને આ જઘન્ય કૃષ્ણ લેશ્યાના ભાવથી આત્મા મનુષ્ય-તિર્યંચ આયુનો બંધ કરીને મનુષ્ય-તિર્યંચ આ બે ગતિઓમાં(થી કોઈ એકમાં) ઉત્પન્ન થાય છે અને જઘન્ય કૃષ્ણ લેશ્યાના ભાવથી દેવાયુનું બંધન કરીને ભવનત્રિક દેવગતિમાં ઉપજે છે.

અનંતાનુબંધીની નીલ લેશ્યાના ઉત્કૃષ્ટભાવથી જીવ મધ્યમ સ્થિતિ અનુભાગ સહિત નરકાયુનું બંધન કરે છે. આ લેશ્યામાં મરણ થાય તો પાંચમી નરકમાં ઉપજે છે અને અનુત્કૃષ્ટ નીલ લેશ્યાના ભાવથી આત્મા મધ્યમ સ્થિતિ અનુભાગ સહિત નરકાયુનો બંધ કરે છે અને આ જ લેશ્યામાં મરણ કરે તો ત્રીજી નરકના અંતિમ પટલથી લઈને ચોથી નરકના અંતિમ પટલપર્યંત ઉપજે છે. જઘન્ય નીલ લેશ્યાના ભાવવડે જીવ મનુષ્ય-તિર્યંચ આયુનો બંધ કરે છે અને મરણબાદ મનુષ્ય કે તિર્યંચ ગતિમાં જ ઉપજે છે તથા જઘન્ય નીલ લેશ્યાના ભાવથી જીવ દેવાયુનો બંધ કરીને ભવનત્રિક દેવોમાં ઉપજે છે.

અનંતાનુબંધી કાપોત લેશ્યાના ઉત્કૃષ્ટ ભાવથી જીવ મધ્યમ સ્થિતિ અનુભાગ સહિત નરકાયુ બાંધીને મરણ કરીને ત્રીજી નરકમાં ઉત્પન્ન થાય છે અને અનુત્કૃષ્ટ કાપોત લેશ્યાના ભાવથી આત્મા અતિમાન (પરિવર્તમાન) જઘન્ય સ્થિતિ અનુભાગ સહિત નરકાયુનું બંધન કરીને મરણને પ્રાપ્ત થાય તો પ્રથમ નરકથી લઈને બીજી નરકપર્યંત ઉત્પન્ન થાય છે અને કાપોત લેશ્યાના અજઘન્ય ભાવથી જીવ મનુષ્ય કે તિર્યંચ આયુ બાંધીને મનુષ્ય કે તિર્યંચ ગતિમાં ઉત્પન્ન થાય છે અને કાપોત લેશ્યાના જઘન્ય ભાવથી દેવાયુનો બંધકરીને ભવનત્રિક દેવોમાં ઉત્પન્ન થાય છે.

અનંતાનુબંધીની પીત લેશ્યાના ભાવોથી મનુષ્ય અને તિર્યંચ તો દેવાયુ બાંધીને મરણ કરીને કલ્પવાસી દેવ થાય છે અને દેવ આ લેશ્યાભાવમાં મનુષ્ય-તિર્યંચ આયુ બાંધીને મરણ કરીને મનુષ્ય-તિર્યંચ, બંને ગતિમાં ઉત્પન્ન થાય છે.

અનંતાનુબંધીની પદ્મ લેશ્યાના ભાવોથી મનુષ્ય-તિર્યંચ તો દેવાયુ બાંધીને મરણ કરીને કલ્પવાસી દેવ થાય છે અને દેવ આ લેશ્યાના ભાવથી મનુષ્ય કે તિર્યંચનું આયુ બાંધીને મરણ કરીને મનુષ્ય કે તિર્યંચમાં ઉપજે છે.

અનંતાનુબંધીની શુક્લ લેશ્યાના ભાવથી મનુષ્ય-તિર્યંચ તો દેવાયુ બાંધીને મરણ કરીને

કલ્પવાસી દેવ થાય છે અને દેવ આ લેશ્યાના ભાવથી મનુષ્યગતિ, મનુષ્ય આયુ બાંધીને મનુષ્યગતિમાં ઉત્પન્ન થાય છે.

અપ્રત્યાખ્યાન સંબંધી છયે લેશ્યાઓના ભાવથી મનુષ્ય-તિર્યંચને તો દેવગતિ, દેવાયુનો જ બંધ થાય છે; પરંતુ મરણમાં વિશેષતા છે. કૃષ્ણ, નીલ લેશ્યાના ભાવોમાં તો મરણ જ નથી થતું અને કાપોત લેશ્યાના ઉત્કૃષ્ટાદિ ભાવો સહિત જીવ પ્રથમ નરકમાં ઉત્પન્ન થાય છે અને મધ્યમભાવોથી મરણ કરીને જીવ ભોગભૂમિમાં તિર્યંચ થાય છે અને જઘન્યાદિ ભાવો સહિત મરણ કરીને જીવ ભોગભૂમિમાં મનુષ્ય થાય છે. પીત, પદ્મ, શુક્લ લેશ્યાના ભાવોથી મરણ કરીને જીવ કલ્પવાસી દેવ જ થાય છે.

અને નારકી કૃષ્ણ, નીલ, કાપોત લેશ્યાના ભાવોથી મનુષ્યાયુ બાંધીને મનુષ્યગતિમાં જ ઉત્પન્ન થાય છે અને દેવ પીત, પદ્મ, શુક્લ લેશ્યાના ભાવોથી મનુષ્યાયુ જ બાંધે છે અને મરણ કરીને મનુષ્યગતિમાં જ ઉત્પન્ન થાય છે.

પ્રત્યાખ્યાનની પીત, પદ્મ, શુક્લ આ ત્રણ લેશ્યાના ભાવોથી મનુષ્ય, તિર્યંચ અથવા દેવાયુ જ બાંધે છે અને મરણ કરીને ઉત્તમ કલ્પવાસી દેવોમાં ઉત્પન્ન થાય છે.

સંજ્વલનની પીત, પદ્મ લેશ્યાવાળા મનુષ્ય મુનિપદમાં રહેતા થકા દેવ આયુ જ બાંધે છે અને મરણ કરીને કલ્પવાસી ઉત્તમ દેવ, ઈન્દ્રાદિક થાય છે અને શુક્લ લેશ્યાવાળા ઉત્તમ દેવ આયુ બાંધીને મરણ કરીને કલ્પાતીત અર્થાત્ નવ ગ્રૈવેયક અથવા નવ અનુદિશ વિમાન અથવા સર્વાર્થસિદ્ધિ સહિત પાંચ અનુત્તર વિમાન, તેમાં ઉત્પન્ન થાય છે.

વર્તમાનમાં કૃષ્ણ, નીલ, કાપોત ત્રણ લેશ્યાઓ તો દુઃખના જ કારણ છે અને પીત, પદ્મ, શુક્લ ત્રણ લેશ્યાઓ સુખનાં જ કારણ છે.

કૃષ્ણ, નીલ, કાપોત આ ત્રણ લેશ્યાઓના ભાવ અસંયત ગુણસ્થાનપર્યંત સુધી જ છે. માર્ગણાસ્થાનોમાં **ગતિ**-૪, **જાતિ**-૫, **કાય**-૬, **યોગ**—આહારકદ્વિક વિના ૧૩, **વેદ**-૩, **કષાય**-૨૫, **જ્ઞાન**-૬ (કુજ્ઞાન-૩, સુજ્ઞાન-૩), **સંયમ**-અસંયમ-૧, **દર્શન**-કેવળદર્શન સિવાય ૩, **લેશ્યા**—સ્વકીય, **ભવ્ય**-ભવ્ય-અભવ્ય-૨, **સમ્યક્ત્વ**-૬, **સંજ્ઞી**-અસંજ્ઞી-સંજ્ઞી૨, **આહાર**-આહારક-અનાહારક-૨ વગેરેમાં કૃષ્ણ-નીલ-કાપોતના ભાવ હોય છે.

પીત-પદ્મ બે લેશ્યાના ભાવ સપ્તમ ગુણસ્થાન પર્યંત અને માર્ગણામાં **ગતિ**—નરકગતિ વિના ૩, **જાતિ**-પંચેન્દ્રિય-૧, **કાય**-ત્રસ ૧, **યોગ**-૧૫, **વેદ**-૩, **કષાય**-૨૫, **જ્ઞાન**-૭ (૩ કુજ્ઞાન, ૪ **સુજ્ઞાન**-કેવળજ્ઞાન સિવાયનાં) **સંયમ**—સૂક્ષ્મ સાંપરાય, યથાખ્યાત સિવાય ૫, **દર્શન**-કેવળદર્શન સિવાય ૩, **લેશ્યા**-સ્વકીય ૧, **ભવ્ય**—ભવ્ય-અભવ્ય-૨, **સમ્યક્ત્વ**—૬,

**સંજ્ઞી**-૧ અને **આહાર**-આહારક-અનાહારક-૨ વિ.માં પીત-પદ્મ લેશ્યાના ભાવ હોય છે.

શુક્લ લેશ્યાના ભાવમાં સયોગ કેવળી પર્યંત ૧૩ ગુણસ્થાન અને માર્ગણાસ્થાનોમાં **ગતિ**-નરકગતિ વિના ૩, **જાતિ** પંચેન્દ્રિય-૧, **કાય**-ત્રસ-૧, **યોગ**-૧૫, **વેદ**-૩, અપગત, **કષાય**-૨૫, અકષાય, **જ્ઞાન**-૮, **સંયમ**-૭, **દર્શન**-૪, **લેશ્યા**-સ્વકીય-૧, **ભવ્ય**-ભવ્ય-અભવ્ય-૨, **સમ્યક્ત્વ**-૬, **સંજ્ઞી**-૧, અનુસંજ્ઞી અને **આહાર**—આહારક—અનાહારક-૨, વિ.માં શુક્લ લેશ્યાના ભાવ હોય છે.

આમ શ્રી ભાવદીપિકા ગ્રંથના ઔદયિક ભાવાધિકારમાં ચોથો લેશ્યાભાવ અંતરાધિકાર સમાપ્ત થયો.

# ૪

# (૫) વેદભાવ અંતરાધિકાર

મંગલાચરણ

(દોહા)

વેદભાવ સબ નાશ કરિ, ભાવ અવેદ લહાય।
ક્ષીણ કિયે સબ કર્મ-રિપૂ, નમૂઁ તાસ પાદ ભાય॥

**વેદ ભાવ અધિકાર કહે છે**—વેદ નામના મોહકર્મના ઉદયથી જીવને વેદભાવ થાય છે. તેના નિમિત્તે જીવ કામવિકારને પ્રાપ્ત થાય છે. કામના પાંચ બાણોથી વિંધાયેલ જીવ દુઃખી થાય છે, તો પણ રતિ નામના મોહકર્મના ઉદયથી કામને વધારવાવાળી જે સ્ત્રી આદિ સામગ્રી છે, તેનાથી સુખ માને છે.

**કામના પાંચ બાણોના નામ**—

(૧) **શોષણ** – અર્થાત્ શરીરનું કૃષ થવું.

(૨) **સંતાપન** – અર્થાત્ શરીરના પરિણામ સંતાપયુક્ત થવા.

(૩) **ઉચ્ચાટન** – અર્થાત્ ભોજનાદિમાં અરુચિ થવી.

(૪) **મોહન** – અર્થાત્ વિજ્ઞાન ચાતુર્યતાથી રહિત થવું.

(૫) **વશીકરણ** – અર્થાત્ પરવશ થવું—પોતાની સુધ-બુધથી રહિત થવું.

**કામના દશ વેગોના નામ**–

૧. ચિંતા, ૨. દર્શનની ઈચ્છા, ૩. દીર્ઘોચ્છ્વાસ, ૪. અરતિ. ૫. શરીર દાહ, ૬. મંદાગ્નિ, ૭. મદોન્મત્તતા, ૮. શુક્રમોચન, ૮. મૂર્ચ્છા, ૧૦. મરણ.

આ સિવાય અનેક પ્રકારના શ્રૃંગાર-હાસ્યાદિ ચેષ્ટા કરવી ઈત્યાદિ વેદભાવના લક્ષણ છે.

તે વેદભાવ ત્રણ પ્રકારનો છે—પુરુષવેદ, સ્ત્રીવેદ, નપુંસકવેદ. પુરુષવેદ નામના મોહકર્મના ઉદયથી પુરુષ વેદભાવ થાય છે, તેનાથી સ્ત્રી સાથે રમવાની ઈચ્છા થાય છે. સ્ત્રીવેદ નામના મોહકર્મના ઉદયથી સ્ત્રીવેદભાવ થાય છે, તેનાથી પુરુષ સાથે રમવાની વાંછા થાય છે. નપુંસક વેદ નામના મોહકર્મના ઉદયથી નપુંસકવેદ થાય છે, તેનાથી સ્ત્રી-પુરુષ બંને સાથે રમવાની વાંછા થાય છે—આ ત્રણેય વેદ વર્તમાનમાં દુઃખના કારણ છે અને આગામી નરક-નિગોદનાં કારણ છે.

આ ત્રણે વેદના ભાવો નવમા અનિવૃત્તિકરણ ગુણસ્થાન પર્યન્ત હોય છે. માર્ગણાઓમાં જોવામાં આવે તો **ગતિ**—પુરુષવેદ અને સ્ત્રીવેદ નરકગતિ વિના ત્રણે ગતિઓમાં હોય છે અને નપુંસકવેદ, દેવગતિ વિના ત્રણે ગતિઓમાં હોય છે.

**જાતિ**—ચતુરિન્દ્રિય સુધી ચારે જાતિઓમાં નપુંસકવેદનો ભાવ હોય છે અને પંચેન્દ્રિય જાતિમાં ત્રણેય વેદનો ભાવ હોય છે.

**કાય**—પાંચ પ્રકારની સ્થાવર કાયાઓમાં માત્ર નપુંસકવેદનો ભાવ હોય છે અને ત્રસ કાયમાં દ્વિન્દ્રિય, ત્રિન્દ્રિય, ચતુરિન્દ્રિય સિવાય માત્ર પંચેન્દ્રિય ત્રસકાયમાં ત્રણેય વેદનો ભાવ જોવામાં આવે છે.

**યોગ**—સામાન્યરૂપથી યોગોમાં તો ત્રણેય ભાવવેદોની અપેક્ષા છે. દ્રવ્યવેદની અપેક્ષા નથી. **કષાય**-૨૫, **જ્ઞાન**-પુરુષવેદમાં કેવળજ્ઞાન સિવાય ૭ જ્ઞાન જોવામાં આવે છે અને સ્ત્રી-નપુંસક વેદમાં મનઃપર્યયજ્ઞાનના સિવાય ૭-જ્ઞાન જ જોવામાં આવે છે.

**સંયમ**—સૂક્ષ્મ સાંપરાય અને યથાખ્યાતના સિવાય-૫, **દર્શન**-કેવળ દર્શન વિના-૩, **લેશ્યા**-૬, **ભવ્ય**-ભવ્ય-અભવ્ય-૨, **સમ્યક્ત્વ**-૬, **સંજ્ઞી**-સંજ્ઞી-અસંજ્ઞી ૨, **આહાર**-આહારક-અનાહારક ૨, આમાં જોવામાં આવે છે.

(આમ ભાવદીપિકા ગ્રંથના ઔદયિક ભાવાધિકારનો પાંચમો વેદભાવ અન્તરાધિકાર પૂર્ણ થયો.)

૪

# (૬) અસંયમભાવ અન્તરાધિકાર

મંગલાચરણ

(દોહા)

मेटी असंयमभावको, जो है नित परभाव।
मुक्तिरायने नमन कर, प्रगटे संयम-भाव॥

**અસંયમભાવ અધિકાર** શરૂ કરે છે.

અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણ નામના ચારિત્ર મોહનીય કર્મના ઉદયથી જીવને અસંયમભાવ થાય છે. ત્યાં પાંચ ઇન્દ્રિયો અને છઠ્ઠામનની સ્વચ્છંદ પ્રવૃત્તિ હોય છે. માટે તે પાંચ ઇન્દ્રિયો અને છઠ્ઠા મનના વિષયો સ્વચ્છંદી થઈને સેવન કરે છે. તેને ન હેય-ઉપાદેયનો વિચાર છે, ન ત્યાગ-ગ્રહણની પ્રવૃત્તિનો વિચાર છે, ન તેને છ-કાયના જીવોની દયા છે, આવી નિઃશંક (સ્વચ્છંદ) પ્રવૃત્તિ જ્યાં હોય છે. તેને અસંયમભાવકહે છે.

તે અસંયમભાવ બે પ્રકારના છે એક તે (છે) જે અનંતાનુબંધી ચારિત્રમોહના ઉદયથી થાય છે. ત્યાં તો યોગ્ય-અયોગ્ય, ન્યાય, અન્યાય, હેય-ઉપાદેયના વિવેક રહિત વિષયરૂપ કાર્યોમાં અને કષાયરૂપ કાર્યોમાં પ્રવર્તે છે. સ્વચ્છંદી, દયાહીન થઈને ત્રસ-સ્થાવર જીવોની હિંસા કરે છે. આવો આ અસંયમભાવ છે.

બીજા પ્રકારનો અસંયમભાવ અપ્રત્યાખ્યાનાવરણ ચારિત્રમોહકર્મના ઉદયથી થાય છે. ત્યાં વિષયરૂપ કાર્યો અને કષાયરૂપ કાર્યો અને ત્રસ-સ્થાવર જીવોની હિંસા, ન્યાય-અન્યાય, યોગ્ય-અયોગ્યના વિચાર સહિત હોય છે. તે ત્યાગ-ગ્રહણની પ્રતિજ્ઞા તો નથી લઈ સકતો, પરંતુ હેય-ઉપાદેયના વિચાર સહિત હોય છે. માટે પોતાના પદને યોગ્ય ન્યાયકાર્યોમાં તો પ્રવર્તે છે, કિંતુ પદના અયોગ્ય, અન્યાયના કાર્યોમાં નથી પ્રવર્તતો. આવો અસંયમભાવ તો અપ્રત્યાખ્યાનના ઉપરનાં સ્થાનોમાં હોય છે અને અપ્રત્યાખ્યાનના મંદ ઉદયમાં કિંચિત્ ત્યાગ-

ગ્રહણરૂપ પ્રતિજ્ઞા, વ્યસનાદિનો ત્યાગ, અભક્ષ્ય ઉદંબરાદિના ત્યાગરૂપ પ્રતિજ્ઞા પણ હોય છે, પરંતુ પાંચ પાપોનો એકદેશ કે સર્વદેશ ત્યાગ નથી કરી શકતો, માટે અસંયમ જ કહેવામાં આવે છે.

આ અસંયમભાવ વર્તમાનમાં પણ દુઃખરૂપ છે અને આગામી ચતુર્ગતિ સંસારનું કારણ છે.

જે અનંતાનુબંધી ચારિત્રમોહના ઉદયજન્ય અસંયમભાવ છે, તે તો મિથ્યાભાવ અને સાસાદન બે ગુણસ્થાનોમાં હોય છે અને બીજો અસંયમભાવ જે અપ્રત્યાખ્યાનાવરણ મોહકર્મથી ઉદયજન્ય છે, તે મિશ્ર[1] અને અસંયત, આ બે ગુણસ્થાનોમાં હોય છે, એટલા માટે સામાન્ય અસંયમભાવ આરંભના ચાર ગુણસ્થાનોમાં હોય છે.

**માર્ગણાઓમાં—ગતિ**-૪, **જાતિ**-૫, **કાય**-૬, **યોગ**-આહારકદ્વિક સિવાય ૧૩, **વેદ**-૩, **કષાય**-૨૫, **જ્ઞાન**-૬, (કુજ્ઞાન-૩, સુજ્ઞાન-૩) **અસંયમ**-૧, **દર્શન**-૩, (ચક્ષુ, અચક્ષુ, અવધિ) **લેશ્યા**-૬, **ભવ્ય**-ભવ્ય-અભવ્ય ૨, **સમ્યક્ત્વ**-૬, **સંજ્ઞી**-સંજ્ઞી-અસંજ્ઞી ૨, **આહાર**-આહારક-અનાહારક ૨, એમાં હોય છે.

(આમ શ્રી ભાવદીપિકા ગ્રંથના ઔદયિક ભાવાધિકારમાં છઠ્ઠો અસંયમભાવ અન્તરાધિકાર પૂર્ણ થયો.)

---

(૧) અપ્રત્યાખ્યાનઆવરણ મોહકર્મનું ઉદયજન્ય મિશ્ર ગુણસ્થાન નથી હોતું—ગોમટ્ટસાર—જીવકાંડ, ગાથા—૨૧, પૃ—૧૮, સમ્યક્ત્વ-મિથ્યાત્વ પ્રકૃતિના ઉદયથી મિશ્ર ગુણસ્થાન હોય છે.

# ૪
# (૭) અજ્ઞાનભાવ અન્તરાધિકાર

મંગલાચરણ

(દોહા)

અનાદિ અજ્ઞાન વિભાવ કા, મૂલ નાશ કર દેવ।
કેવલજ્ઞાન સ્વભાવ કો પ્રગટ કિયા સ્વયમેવ॥

**અજ્ઞાનભાવાધિકાર લખે છે—**જ્ઞાનાવરણ, દર્શનાવરણ કર્મના ક્ષયોપશમથી જીવને જે જ્ઞાનભાવ પ્રગટ થાય છે, તેને ક્ષાયોપશમિક ભાવ કહે છે અને જ્ઞાનાવરણ, દર્શનાવરણના ઉદયથી જે જ્ઞાન અભાવરૂપ છે, તેને અજ્ઞાનભાવ કહે છે. માટે જીવનો સંપૂર્ણ જ્ઞાનભાવ તો કેવળજ્ઞાન છે, તેમાં જે જ્ઞાનના ઉપર જ્ઞાનાવરણ, દર્શનાવરણ કર્મના સર્વઘાતિ સ્પર્ધકોનો ઉદય છે, તેનો તો અભાવ છે, જેટલા જ્ઞાનના ઉપર જ્ઞાનાવરણ, દર્શનાવરણ કર્મના દેશઘાતિ સ્પર્ધકોનો ઉદય છે, તે જ્ઞાન વિકાસરૂપ છે, તેને ક્ષાયોપશમિક ભાવ કહે છે.

તે અજ્ઞાનભાવ ક્ષીણકષાય બારમાં ગુણસ્થાનના અંત સુધી જાણવો. ત્યાં સંપૂર્ણ જ્ઞાનાવરણ, દર્શનાવરણ કર્મનો ક્ષય થવાથી સંપૂર્ણ જ્ઞાનભાવ/કેવળજ્ઞાન જીવને પ્રગટ થાય છે. ત્યાં સયોગકેવલી ૧૩મા ગુણસ્થાનમાં અજ્ઞાનભાવનો અભાવ છે. માટે અજ્ઞાનભાવ ૧૨મા ક્ષીણકષાય ગુણસ્થાન પર્યંત જ હોય છે.

માર્ગણાઓમાં—**ગતિ**-૪, **જાતિ**-૫, **કાય**-૬, **યોગ**-૧૫, **વેદ**-૩, **કષાય**[૧]-૨૫, **જ્ઞાન**-કેવલજ્ઞાન વિના ૭, **સંયમ**-સર્વે, **દર્શન**-કેવલ વિના૩, **લેશ્યા**-૬, **ભવ્ય**-ભવ્ય-અભવ્ય-૨, **સમ્યક્ત્વ**-૬, **સંજ્ઞી**-સંજ્ઞી-અસંજ્ઞી ૨, **આહાર**-આહારક-અનાહારક ૨, એમાં હોય છે.

આ અજ્ઞાનભાવ વર્તમાનમાં પણ દુઃખરૂપ છે અને ભવિષ્યમાં પણ ચતુર્ગતિ સંસારનું કારણ છે

(આમ ભાવદીપિકા ગ્રંથના ઔદયિક ભાવાધિકારમાં સાતમો અજ્ઞાનભાવ અન્તરાધિકાર પૂર્ણ થયો.)

---

૧. યથાયોગ્ય સમજવું, ૨૫ થી લઈને ૧ તેમજ અકષાય પણ હોય છે.

४

# (૮) અસિદ્ધભાવ અન્તરાધિકાર

મંગલાચરણ

(દોહા)

સબ કર્મોં કા નાશકર, અસિદ્ધિભાવ ક્ષય કીન।
સ્વભાવ ભાવ કી સિદ્ધિ સે, નમૂઁ સિદ્ધ ગુણ લીન॥

**હવે અસિદ્ધભાવાધિકાર લખે છે –**

જ્યાં સુધી સર્વ કર્મનો ક્ષય નથી થતો ત્યાં સુધી સંપૂર્ણ સ્વભાવભાવની અસિદ્ધિ છે; માટે તેને અસિદ્ધભાવ કહે છે. જ્યાં સુધી અસિદ્ધભાવ રહે છે. ત્યાં સુધી જીવ સંસારમાં રહે છે અને જે સમયે અસિદ્ધ ભાવનો અભાવ થઈ જાય છે, તે સમયે જીવ સંપૂર્ણ સ્વભાવ ભાવમય થઈને મુક્ત થઈ જાય છે.

તે અસિદ્ધભાવના અભાવનું કારણ જિનધર્મ છે; માટે સત્ય જિનધર્મને જ કારણરૂપ જાણીને, ગ્રહણ કરીને અસિદ્ધભાવનો અભાવ કરવો યોગ્ય છે. જે જીવોને અસિદ્ધભાવનો અભાવ થયો છે, તેઓને જિનધર્મના પ્રસાદથી જ થયો છે, અન્ય ધર્મ અસિદ્ધભાવના અભાવના કારણ નથી. માટે સારી રીતે સત્યધર્મ/જિનધર્મ જ સેવન કરવા યોગ્ય છે.

અસિદ્ધભાવનો નાશ કરવો જ સર્વગ્રંથોનું તાત્પર્ય છે. આ અસિદ્ધભાવ વર્તમાનમાં દુ:ખનું કારણ છે અને આગામી ચતુર્ગતિરૂપ સંસારનું કારણ છે.

આ અસિદ્ધભાવ સર્વે ગુણસ્થાનો અર્થાત્ સયોગકેવળી ગુણસ્થાન પર્યન્ત રહે છે અને બધી માર્ગણાઓમાં હોય છે.

આ આઠ-અધિકાર ઔદયિક ભાવાધિકારના અન્તર્ગત કહ્યાં છે.

(આમ ભાવદીપિકા ગ્રંથના ઔદયિક ભાવાધિકારમાં અંતિમ આઠમો અસિદ્ધભાવ અન્તરાધિકાર પૂર્ણ થયો.)

# ૫
# ક્ષાયોપશમિક ભાવાધિકાર

મંગલાચરણ

(દોહા)

અષ્ટદશ ભાવોં સહિત, વર્તે જીવ વિભાવ।
નામ ક્ષયોપશમ નાશ કર, બંદૂ ચિતધર ચાવ॥

**ક્ષાયોપશમિક ભાવાધિકાર લખે છે—**

પ્રથમ **સામાન્ય-ક્ષાયોપશમિક ભાવનું** સ્વરૂપ કહે છે—જીવના સ્વભાવભાવના અભાવનું કારણ જે પ્રતિપક્ષી કર્મ છે, તેનો જ્યાં સર્વઘાતિ સ્પર્દ્ધકોનો ઉદય છે, ત્યાં તો પ્રતિપક્ષી ગુણ (પર્યાય)ના પ્રતિપક્ષી કર્મના સર્વઘાતિ સ્પર્ધકોનો ઉદય છે, ત્યાં તો પ્રતિપક્ષી ગુણ(પર્યાય)નો સંપૂર્ણ અભાવ રહે છે અને જ્યાં સ્વભાવગુણ(પર્યાય)ના પ્રતિપક્ષી કર્મના સર્વ ઘાતિ સ્પર્ધકોના ઉદયનો અભાવ થાય છે. (ત્યાં) આ કારણે ઉદયને પ્રાપ્ત જે સર્વઘાતિ સ્પર્ધક છે તેઓ રસ દીધાં વિના જ પ્રદેશ—ઉદય થઈને ખરી જાય છે અને સત્તામાં જે સર્વઘાતિ સ્પર્ધક રહેલાં છે તેઓ ઉપશમકરણરૂપ રહે છે, તેનાથી તેમની ઉદીરણા થાય છે (તેઓ) ઉદયમાં નથી આવી શકતા, અને દેશઘાતિ સ્પર્ધકોનો ઉદય હોય છે, તે કારણે કિંચિત્ શક્તિને ધરે છે, કિંચિત્ ગુણ (પર્યાય) પ્રગટરૂપ થાય છે, તેનું નામ ક્ષાયોપશમિકભાવ છે—આવું સામાન્ય ક્ષાયોપશમિકભાવનું સ્વરૂપ જાણવું.

**ક્ષાયોપશમિક ભાવના અઢાર ભેદ છે—**

તેમાં સાત પ્રકારનાં જ્ઞાન—કુમતિજ્ઞાન, કુશ્રુતજ્ઞાન, કુઅવધિજ્ઞાન, સુમતિજ્ઞાન, સુશ્રુતજ્ઞાન, સુઅવધિજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાન-૭. ક્ષાયોપશમિક લબ્ધિના-૫ પ્રકાર છે—દાનલબ્ધિ, લાભલબ્ધિ, ભોગલબ્ધિ, ઉપભોગલબ્ધિ, વીર્યલબ્ધિ—૫, ક્ષાયોપશમિક સમ્યક્ત્વ-૧, દેશસંયમ, ક્ષાયોપશમિક ચારિત્ર-૨, દર્શન—ચક્ષુ-અચક્ષુ-અવધિ-૩—આમ આ અઢાર ભાવ છે. તેમનું પૃથક્-પૃથક્ વર્ણન કરે છે.

**ક્ષાયોપશમિક જ્ઞાન ભાવાધિકારનું પ્રરૂપણ કરે છે**—જીવનો માત્ર જાણવારૂપ જ્ઞાનભાવ તે સામાન્ય જ્ઞાન છે, તે પારિણામિક ભાવ છે, પાંચ પ્રકારના કર્મોની અપેક્ષા તેની પાંચ અવસ્થાઓ થાય છે. (હવે) મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન તો પોત-પોતાના પ્રતિપક્ષી કર્મના ક્ષયોપશમથી થાય છે, (જ્યારે) કેવળજ્ઞાન પ્રતિપક્ષી કર્મના ક્ષયથી પ્રગટે છે, હવે તેઓનું વર્ણન કરે છે.

# ૫
# (૧) કુજ્ઞાન અન્તરાધિકાર

મંગલાચરણ

(દોહા)

જિસ મિથ્યા પરિણામ સે, નિજ જ્ઞાન હુઆ દુ:ખદાઈ।
ઉસકે નાશક પ્રભુ આપકે, નમું ચરણ ચિતલાઈ॥

**કુજ્ઞાન અધિકાર** કહે છે—તેમાં પ્રથમ મિથ્યાત્વના નિમિત્તથી ઉત્પન્ન થયેલા એવા કુમતિ, કુશ્રુત અને કુઅવધિ આ ત્રણ કુજ્ઞાન છે.

**પ્રથમ કુમતિજ્ઞાનનું વર્ણન કરે છે–**

પ્રથમ જ મતિજ્ઞાનનું વર્ણન કરે છે. જે પાંચ દ્રવ્યેન્દ્રિય અને અનિન્દ્રિય અર્થાત્ દ્રવ્યમનના દ્વારા આત્માના જ્ઞાનની પ્રવૃત્તિ થાય છે, તે જ્ઞાનભાવનું નામ મતિજ્ઞાન છે. તે મતિજ્ઞાનના ૩૩૬ ભેદ છે, તેમને કહે છે.

જ્ઞેય-સન્મુખજીવની મતિજ્ઞાનની પ્રવૃત્તિ એવી છે કે પહેલા તો **અવગ્રહ** થાય છે. અવગ્રહ અર્થાત્ પદાર્થને કંઈક વિશેષ સહિત જાણવો. જેમ દૂર આકાશમાં રહેલા પદાર્થને એવો જોયો કે આ કોઈ શ્વેત વસ્તુ છે. (આ અવગ્રહ થયો.) પછી સંશય થયો કે આ બગલાની પંક્તિ જ છે કે ધ્વજા જ છે—આ જ્ઞાનનું નામ **ઇહા** છે. પછી નિશ્ચય થયો કે આ બગલાંની પંક્તિ જ છે અથવા ધ્વજા જ છે—આ જ્ઞાનનું નામ **અવાય** છે અને નિશ્ચિત થયેલ પદાર્થને અમુક સમય સુધી ન ભૂલવો—આ જ્ઞાનનું નામ **ધારણા** છે. આ પ્રમાણે **અવગ્રહ, ઈહા, અવાય, ધારણા**—આ મતિજ્ઞાનના ચાર ભેદ થયા.

**અવગ્રહ મતિજ્ઞાનના મૂળભેદ બે છે–**

૧-અર્થાવગ્રહ તથા ૨-વ્યંજનાવગ્રહ. તેમાં ઈન્દ્રિય અને મનના દ્વારા જીવને પદાર્થનું જે વ્યક્તરૂપ (જ્ઞાન) થાય છે, પ્રગટરૂપ(જ્ઞાન) થાય છે, બુદ્ધિપૂર્વક તેને જાણે કે"મને સ્પર્શ થયો, મેં સ્વાદ લીધો, મને ગંધ આવી, મેં જોયું, મેં સાંભળ્યું, મેં મનથી જાણ્યું"—આ જ્ઞાનનું નામ અર્થાવગ્રહ છે અને જે ઈન્દ્રિય અને મનથી પદાર્થનું અબુદ્ધિપૂર્વક જ્ઞાન થયું, પદાર્થનું

અવ્યક્ત જોડાણ થયું એવું સૂક્ષ્મ જ્ઞાન, જે પોતાને બુદ્ધિગોચર ન થયું, તૃણ સ્પર્શવત્ રહ્યું છે, જેમકે– કોમળ તૃણસ્પર્શ તો થયો; પરંતુ પોતાને ખ્યાલમાં ન આવ્યું, આમ સૂક્ષ્મ શબ્દાદિના સમૂહ સંબંધી અવ્યક્તજ્ઞાન, તેને વ્યંજનાવગ્રહ કહે છે.

**પ્રથમ અર્થાવગ્રહજ્ઞાનના બસ્સો અઠ્યાસી (૨૮૮) ભેદ કહે છે—**

અર્થાવગ્રહને અવગ્રહ, ઈહા, અવાય, ધારણા—આ ચારથી ગુણવામાં આવે તો ચાર જ થાય. તેને પાંચ ઈન્દ્રિય અને મન—આ છથી ગુણવાથી (૪×૬=૨૪) ચોવીસ ભેદ થયાં અને મતિજ્ઞાનના વિષયભૂત જ્ઞેય બાર(૧૨) છે. બહુ, અલ્પ(એક), બહુવિધ-એકવિધ, નિસૃત-અનિસૃત, ક્ષિપ્ર-અક્ષિપ્ર, ઉક્ત-અનુક્ત, ધ્રુવ-અધ્રુવ—આ બારને ચોવીસથી ગુણતાં (૨૪×૧૨=૨૮૮) બસ્સો અઠ્યાસી ભેદ અર્થાવગ્રહના થયા.

અને વ્યંજનાવગ્રહ જ્ઞાનનો અવગ્રહ જ થાય છે, ઈહાદિ ત્રણ નથી થતાં કારણ કે અવગ્રહને સ્પર્શ, રસ, ઘ્રાણ, શ્રોત—આ ચાર ઈન્દ્રિયો વડે ગુણવાથી ચાર જ ભેદ થયા; કારણ કે નેત્ર ઈન્દ્રિય અને મનથી અર્થાવગ્રહ જ થાય છે, વ્યંજનાવગ્રહ નહીં. આથી તેઓ પોતાથી દૂર રહેલ વિષયને પ્રગટરૂપથી ગ્રહણ કરે છે. આથી તેમનો વિષય અબદ્ધ સ્પર્શ છે. અબદ્ધસ્પર્શ અર્થાત્ વિષય અને વિષયીનો સન્નિકર્ષ ન થવો. (સમીપવર્તી ન હોવું) અને આ ચાર ઈન્દ્રિયના વિષય બદ્ધસ્પર્શ અર્થાત્ વિષય અને વિષયીના જોડાણપૂર્વક પોતાના વિષયનું જ્ઞાન હોય છે; માટે પહેલાં તો વિષયનું સૂક્ષ્મજ્ઞાન (અસ્પષ્ટ) હોય છે, પછીથી સ્થૂળ (સ્પષ્ટ) થાય છે, બાદમાં બુદ્ધિપૂર્વક પ્રગટ થાય છે. એટલા માટે ત્યાં સુધી સૂક્ષ્મ રહે છે, વ્યક્ત નથી થતું. જ્ઞાન સૂક્ષ્મ ભલે હોય, પરંતુ જ્ઞાન-જ્ઞેયનો સંબંધ છૂટી જાય તો તેને વ્યંજનાવગ્રહ કહે છે. એટલા માટે ચાર ઈન્દ્રિયોના બહુ વિગેરે બાર પ્રકારનાં જ્ઞેયોથી ગુણતા (૪×૧૨=૪૮) અડતાલીસ ભેદ વ્યંજનાવગ્રહના થયાં.

આ રીતે મતિજ્ઞાનના (અર્થાવગ્રહના ૨૮૮ + વ્યંજનાવગ્રહના ૪૮=૩૩૬) ત્રણસો છત્રીસ ભેદ થયાં તથા આ બાર પ્રકારનાં જ્ઞેય અનેક ભેદરૂપ છે, માટે મતિજ્ઞાનના વિષયભૂત જેટલા પણ જ્ઞેય છે, તેટલા (બધાય) મતિજ્ઞાનના ભેદ જાણવાં.

**હવે કુશ્રુતજ્ઞાન કહે છે—**

"श्रुतं मतिपूर्वम्" પ્રથમ મતિજ્ઞાન થાય છે. બાદમાં શ્રુતજ્ઞાન થાય છે, એવું સિદ્ધાંતનું વચન છે. તે શ્રુતજ્ઞાન બે પ્રકારનું છે—એક અક્ષરાત્મક, બીજું અનક્ષરાત્મક. માટે વર્ણથી વર્ણાન્તરનું, શબ્દથી શબ્દાન્તરનું, પદથી પદાન્તરનું, અર્થથી અર્થાન્તરનું જ્ઞાન થાય છે, તેને શ્રુતજ્ઞાન કહે છે. જેમકે—"ક" વર્ણ જોયો તે તો મતિજ્ઞાન થયું અને તેનાથી "ક" વર્ણનું જ્ઞાન થયું છે, તેણે "ક" વર્ણ લખ્યો, તેને શ્રુતજ્ઞાન કહે છે.

"જીવ"—આ પદ જોયું—સાંભળ્યું, તેને મતિજ્ઞાન કહે છે તેનાથી જીવદ્રવ્યને જાણે છે, તે શ્રુતજ્ઞાન કહેવાય છે, તેને અક્ષરાત્મક શ્રુતજ્ઞાન કહે છે અને અર્થથી અર્થાન્તરનું જ્ઞાન થાય છે, તેને અનક્ષરાત્મક શ્રુતજ્ઞાન કહે છે જેમકે ભયના કારણ વા દુઃખદાયક પદાર્થ જે સિંહાદિ અથવા શત્રુ વિ. તેઓને જોયા, તેને મતિજ્ઞાન કહે છે. આ મને સુખદાયક નથી; માટે આની પાસેથી ભાગી જવું, છુપાઈ જવું તેને શ્રુતજ્ઞાન કહે છે. અથવા ઉષ્ણ-શીતનો સ્પર્શ થયો, તેને મતિજ્ઞાન કહે છે આ સુખદાયી નથી, માટે તેનાથી દૂર રહેવું, ભાગવું તેને શ્રુતજ્ઞાન કહે છે. આ અનક્ષરામત્મક શ્રુતજ્ઞાન જાણવું, આમ શ્રુતજ્ઞાનના બે પ્રકાર જાણવાં.

**હવે કુઅવધિજ્ઞાન કહે છે**—જે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની મયાદાપૂર્વક રૂપી પુદ્‌ગલદ્રવ્યને અથવા પુદ્‌ગલદ્રવ્યના સંબંધ સહિત સંસારી જીવદ્રવ્યને પ્રત્યક્ષ જાણે છે તેને અવધિજ્ઞાન કહે છે. જેટલી-જેટલી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની મર્યાદા સહિત અવધિજ્ઞાનની શક્તિ ઉત્પન્ન થાય, તેટલી-તેટલી પોતાના વિષયયોગ્ય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની મર્યાદા સહિત જાણે—આવું અવધિજ્ઞાનનું સ્વરૂપ છે.

આ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન ક્ષાયોપશમિક ભાવરૂપ છે. પોત-પોતાના પ્રતિપક્ષી કર્મનો જેટલો જેટલો ક્ષાયોપશમ થાય છે, તે અનુસાર તે-તે જ્ઞાન તેટલું-તેટલું પ્રગટ થાય છે. જેટલો મતિજ્ઞાનાવરણ અને વીર્યાન્તરાય કર્મનો ક્ષાયોપશમ થાય છે તેટલું મતિજ્ઞાન પ્રગટ થાય છે. જેટલો શ્રુતજ્ઞાનાવરણ અને વીર્યાન્તરાય કર્મનો ક્ષાયોપશમ થાય છે, તેટલું શ્રુતજ્ઞાન પ્રગટ થાય છે. જેટલો અવધિજ્ઞાનાવરણ અને વીર્યાન્તરાય કર્મનો ક્ષાયોપશમ થાય છે, તેટલું અવધિજ્ઞાન પ્રગટ થાય છે.

દર્શનમોહના ઉદયથી ઉત્પન્ન થયેલ જે જીવનો તત્ત્વજ્ઞાન રહિત અતત્ત્વ શ્રદ્ધાનરૂપ મિથ્યાત્વભાવ, જ્યારે આ ત્રણેય જ્ઞાન આ મિથ્યાત્વભાવ સહિત હોય છે, ત્યારે તેમને કુમતિજ્ઞાન, કુશ્રુતજ્ઞાન, કુઅવધિજ્ઞાન કહે છે અને જ્યારે આ બધાયે જ્ઞાન મિથ્યાત્વભાવ રહિત અને સમ્યક્‌ત્વભાવ તથા તત્ત્વજ્ઞાન સહિત હોય છે, ત્યારે તેઓને સુજ્ઞાન કહે છે. આ ત્રણેય કુજ્ઞાન ભાવ વર્તમાનમાં પણ દુઃખના કારણ છે અને આગામી ચતુર્ગતિરૂપ સંસારનું કારણ છે.

આ ત્રણેય કુજ્ઞાનભાવ મિથ્યાત્વ અને સાસાદન આ બે ગુણસ્થાનોમાં હોય છે અને માર્ગણાઓમાં **ગતિ**-૪, **જાતિ**-૫, **કાય**-૬, **યોગ**-આહારક આહારકદ્વિકના વિના ૧૩, **વેદ**-૩, **કષાય**-૨૫, **જ્ઞાન**-સ્વકીય, કુજ્ઞાન-૩, **અસંયમ**-૧, **દર્શન**-ચક્ષુ, અચક્ષુ-૨, **લેશ્યા**-૬, **ભવ્ય**-ભવ્ય, અભવ્ય-૨, **સમ્યક્‌ત્વ**—મિથ્યાત્વ, સાસાદન-૨, **સંજ્ઞી**-સંજ્ઞી, અસંજ્ઞી-૨, **આહાર**-આહારક અનાહારક-૨

આમ શ્રી ભાવદીપિકા ગ્રંથના ક્ષાયોપશમિક ભાવાધિકારમાં પ્રથમ કુજ્ઞાન અંતરાધિકાર પૂર્ણ થયો.

५

# (૨) સુજ્ઞાન અન્તરાધિકાર

મંગલાચરણ (દોહા)

સમ્યગ્સહિત પ્રમાણ જો, જ્ઞાન બતાયે ચાર।
નષ્ટ કિયે હૈં ઘાતિ જિન, ઉન ચરણન ચિત્ત ધાર॥

હવે **સુજ્ઞાનાધિકાર કહે છે–**

**મતિજ્ઞાન–**ત્રણસો છત્રીસ(૩૩૬) ભેદ સહિત મતિજ્ઞાન પોતાના સમ્યક્ સ્વભાવ ભાવ સહિત થઈને સુજ્ઞાનરૂપ પ્રમાણતાને પ્રાપ્ત થાય છે. જીવને સુખદાયી થાય છે, મોક્ષનું કારણ થાય છે.

**શ્રુતજ્ઞાન–**મતિજ્ઞાનપૂર્વક ઉત્પન્ન થયેલ તે શ્રુતજ્ઞાન પણ પ્રમાણતાને પ્રાપ્ત થાય છે. તે શ્રુતજ્ઞાન પ્રમાણનાં બે ભેદ છે–(૧) અંગપ્રવિષ્ટ, (૨) અંગબાહ્ય.

**(૧) અંગપ્રવિષ્ટના બાર (૧૨) ભેદ છે—**આચારાંગ, સૂત્રકૃતાંગ, સ્થાનાંગ, સમવાયાંગ, વ્યાખ્યાપ્રજ્ઞપ્ત્યંગ, જ્ઞાતૃધર્મકથાંગ, ઉપાસકાધ્યયનાંગ, અંતઃકૃતદશાંગ, અનુત્તરઉપવાદદશાંગ, પ્રશ્ન વ્યાકરણાંગ, વિપાકસૂત્રાંગ, દૃષ્ટિવાદાંગ.

**(૨) અંગબાહ્ય પ્રકીર્ણકના ૧૪ ભેદ છે–**સામાયિક, સ્તવન, વંદના, પ્રતિક્રમણ, વૈનયિક, કૃતકર્મ, દશવૈકાલિક, ઉત્તરાધ્યયન, કલ્પ્યવ્યવહાર, કલ્પાકલ્પ્ય, મહાકલ્પ્ય, પુંડરિક, મહાપુંડરિક, નિષધિક.

આ બંને (અંગ પ્રવિષ્ટનાં ૧૨ ભેદ તેમજ અંગબાહ્યનાં ૧૪ ભેદ) મળીને સંપૂર્ણ શ્રુતજ્ઞાનનાં ભેદ થાય છે. સંપૂર્ણ શ્રુતજ્ઞાનના અપુનરુક્ત અક્ષર ઈકટ્ઠીમાંથી એક બાદ, જેટલું પ્રમાણ છે.

ઈકટ્ઠી કોને કહે છે? પાંસઠ હજાર પાંચસો છત્રીસ (૬૫,૫૩૬)ને પણટ્ઠી કહે છે, અને પણટ્ઠી પ્રમાણને પણટ્ઠી પ્રમાણથી ગુણવાથી બાદાલ થાય છે.

(૬૫,૫૩૬×૬૫,૫૩૬=૪,૨૯,૪૯,૬૭,૨૯૬) આ બંને સમ/સમાન પ્રમાણને ગુણવાથી ચારસો ઓગણત્રીસ કરોડ ઓગણપચાસ લાખ સડસઠ હજાર બસો છન્નું થાય છે. આ બાદાલ પ્રમાણને બાદાલ પ્રમાણથી ગુણવાથી ઈકટ્ટી થાય છે. આ ઈકટ્ટી પ્રમાણમાંથી એક અક્ષર બાદ કરવો, ત્યારે આટલા અક્ષર પ્રમાણ થાય છે— (૧,૮૪,૪૬,૭૪,૪૦,૭૩,૭૦,૯૫,૫૧,૬૧૫) આટલા અક્ષર પ્રમાણ સર્વશ્રુતના જાણવા.

એક પદના અક્ષર સોળસો ચોત્રીસ કરોડ ત્ર્યાંસી લાખ સાત હજાર આઠસો અઠ્યાસી હોય છે. (૧૬૩૪,૮૩,૦૭,૮૮૮) છે. તેનો ભાગાકાર સર્વ શ્રુતના અક્ષરો સાથે કરવાથી એકસો બાર કરોડ ત્ર્યાંસી લાખ અઠ્ઠાવન હજાર પાંચ (૧૧૨,૮૩,૫૮૦૦૫) પદ થયાં. બાકી અક્ષર રહ્યાં જે આઠ કરોડ એક લાખ આઠ હજાર એકસો પંચોતેર (૮,૦૧,૦૮,૧૭૫) છે, આ અક્ષરોને બત્રીસથી ભાગાકાર કરતા પચ્ચીસ લાખ ત્રણ હજાર ત્રણસો એંસી (૨૫,૦૩,૩૮૦) શ્લોક થયાં અને પંદર અક્ષર વધ્યા, આટલા શ્લોકો પ્રમાણ ચૌદ પ્રકીર્ણક જાણવાં.

એક પદના શ્લોક એકાવન કરોડ આઠ લાખ ચોરાસી હજાર છસ્સો સાડા એકવીસ(૫૧,૦૮,૮૪,૬૨૧.૫) છે.

**(૧) પ્રથમ આચારાંગ સૂત્રના** અઢાર હજાર પદ (૧૮,૦૦૦) છે, તેમાં મુનિઓનાં આચારનું વર્ણન છે. કેવી રીતે ચાલવું, કેવી રીતે ઊભા રહેવું, કેવી રીતે બેસવું, કેવી રીતે સુવું, કેવા વચન બોલવાં, કેવી રીતે ભોજન કરવું, કેવી રીતે મળમૂત્ર વિસર્જન કરવા?—આ સાત પ્રકારથી મુનિપદમાં પ્રવૃત્તિ થાય છે, તેનું વર્ણન (પ્રથમ આચારાંગસૂત્રમાં) છે.

**(૨) સૂત્રકૃતાંગ બીજું અંગ છે** :—તેના છત્રીસ હજારપદ (૩૬,૦૦૦) છે. તેમાં સંક્ષેપ અર્થને સૂચિત કરવાવાળા એવા જે પરમાગમ, તેની નિર્વિઘ્ન અધ્યયનની સિદ્ધિને માટે એવી જે કારણભૂત વૈનયિક ક્રિયાવિશેષ, તેવું વર્ણન છે.

**(૩) સ્થાનાંગ ત્રીજું અંગ છે** :—તેના બેંતાલીસ હજાર (૪૨,૦૦૦) પદ છે, તેમાં જીવ-પુદ્ગલનાં એક-એક વધતાં જતાં સ્થાનોનું વર્ણન છે. જેમકે સંગ્રહનયથી જીવ એક છે અને વ્યવહારનયની અપેક્ષાથી જીવ સંસારી અને સિદ્ધ એવા બે સ્થાનરૂપ છે. ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય—એવા ત્રણ ભેદ છે અને ગતિ અપેક્ષા ચારરૂપ છે. ઉપશમાદિની અપેક્ષાથી પાંચભાવયુક્ત છે. આ રીતે પાંચરૂપ છે. છ દિશાઓમાં શ્રેણીબદ્ધ ગમન કરવાવાળો છે—આ રીતે છરૂપ છે, અને વાણી દ્વારા સાત ભંગો અને વાણી દ્વારા સાત ભંગોથી ઉપયુક્ત છે. આવા સાતરૂપ છે. આઠ કર્મની અપેક્ષાએ કહેવામાં આવે તો આઠરૂપ છે. નવ પદાર્થ જેટલો વિષય છે, આ અપેક્ષાથી નવરૂપ છે અને પુદ્ગલના પણ આ જ રીતે, સામાન્યપણે એક છે

અને વિશેષપણાની અપેક્ષાએ અણુ-સ્કંધ બે ભેદરૂપ છે—ઈત્યાદિ એક-એક સ્થાન વધતા-વધતા જતાં (તેમના) અનેક ભેદોનું વર્ણન છે.

**(૪) સમવાયાંગ ચોથું અંગ** છે—તેમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની સમાનતાનું વર્ણન છે તેના પદોની સંખ્યા એક લાખ ચોસઠ હજાર (૧,૬૪,૦૦૦) છે.

**દ્રવ્યના વર્ણન**માં ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય, સંસારી એક જીવ, વા મુક્ત એક જીવ, વા લોકાકાશ,—પ્રદેશોની અપેક્ષા, આ બધાં સમાન છે.

**ક્ષેત્ર અપેક્ષા**—પ્રથમ નરકના પ્રથમ પટલમાં સીમન્તક નામનું ઈન્દ્રક બિલ, અઢી દ્વીપ, પ્રથમ સ્વર્ગના પ્રથમ પટલનું ઋજુ નામનું ઈન્દ્રક વિમાન, સિદ્ધશિલા, સિદ્ધક્ષેત્ર—આ પાંચે ક્ષેત્રો, પિસ્તાલીસ લાખ યોજન પ્રમાણ સમાન છે. અને સાતમી નરકનું ઈન્દ્રક બિલ, જંબુદ્વીપ, સર્વાર્થસિદ્ધિ—આ ત્રણે સ્થાનો એક લાખ યોજનના સમાન પ્રમાણવાળાં છે.

**કાળ અપેક્ષા**—સમય-સમય સમાન છે, આવલી-આવલી સમાન છે, પ્રથમ નરક, ભવનવાસી, વ્યંતરદેવ—એમની દશ-દશ હજાર વર્ષની જઘન્ય આયુ સમાન છે. સાતમી નરકમાં અને સર્વાર્થસિદ્ધિમાં તેત્રીસ સાગરની ઉત્કૃષ્ટ આયુષ્ય સમાન છે. વગેરે.

**ભાવ-અપેક્ષા**થી કેવળજ્ઞાન-કેવળદર્શન સમાન છે. વગેરે સમાનતાના અનેક ભેદોનું વર્ણન છે.

**(૫) વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ નામનું પાંચમું અંગ છે**—તેના પદ બે લાખ અઠ્યાવીસ હજાર (૨,૨૮,૦૦૦) છે તેમાં ગણધરદેવે ભગવાનને સાઈઠ હજાર (૬૦,૦૦૦) પ્રશ્ન કર્યા—જીવાદિ દ્રવ્ય અસ્તિરૂપ છે અથવા નાસ્તિરૂપ છે? નિત્ય છે કે અનિત્ય? એક છે કે અનેક છે? વ્યક્ત છે કે અવ્યક્ત? વગેરે અનેક પ્રશ્ન કર્યા, તેના ઉત્તર ભગવાનની દિવ્યધ્વનિમાં આવ્યા, તેમનું વર્ણન છે.

**(૬) જ્ઞાતૃધર્મકથા નામનું છઠ્ઠું અંગ છે**—તેના પાંચ લાખ છપ્પન હજાર (૫,૫૬,૦૦૦) પદ છે. તેમાં નાથ અર્થાત્ પરમ યથાર્થ ભટ્ટારક શ્રી તીર્થંકરદેવ, તેમનો ધર્મ તથા જીવાદિ પદાર્થોના સ્વભાવનું વર્ણન છે. વળી, રત્નત્રય તથા દશલક્ષણ વિ. ધર્મ, તેમનું વર્ણન છે તેમજ તીર્થંકર, ચક્રવર્તી વિ. શલાકા પુરુષોની ધર્મસંબંધી કથાનું વર્ણન છે, વગેરે કથન છે.

**(૭) ઉપાસકાધ્યયન નામનું સાતમું અંગ છે**—તેના પદ અગિયાર લાખ સિત્તેર હજાર (૧૧,૭૦,૦૦૦) છે. તેમાં ઉપાસક અર્થાત્ શ્રાવક, ચતુર્વિધ સંઘની દાનપૂજાદિ દ્વારા સેવા કરે છે. તેમના કથનનું વર્ણન છે. તેમાં દર્શન પ્રતિમાધારીથી લઈને અગિયાર પ્રતિમારૂપ શ્રાવકના આચારનું વર્ણન છે.

**(૮) અંતઃકૃતદશાંગ નામનું આઠમું અંગ છે**—તેના પદ ત્રેવીસ લાખ અઠ્યાવીસ હજાર (૨૩,૨૮,૦૦૦)સંખ્યા પ્રમાણ છે. તેમાં એક-એક તીર્થંકરના કાળમાં દશ-દશ અંતઃકૃતકેવળી થયા, તેમના જ્ઞાનકલ્યાણક અને નિર્વાણકલ્યાણક સાથે જ થયાં, તેનું વર્ણન છે.

**(૯) અનુત્તર ઉપપાદ દશાંગ નામનું નવમું અંગ છે**—તેના પદ બાણું લાખ ચુંમાલીસ હજાર (૯૨,૪૪,૦૦૦) છે. તેમાં એક-એક તીર્થંકરના સમયમાં દશ-દશ મુનિ ઘોર ઉપસર્ગ જીતીને અનુત્તર વિમાનોમાં ઉત્પન્ન થયાં, તેમનું વર્ણન છે.

**(૧૦) પ્રશ્ન-વ્યાકરણ નામનું દશમું અંગ છે**—તેના પદની સંખ્યા ત્રાણું લાખ સોળ હજાર છે. તેમાં કોઈ લૌકિક જીવ આવીને પ્રશ્ન પૂછે—આગામી શુભાશુભ શું છે? કે ગઈ વસ્તુ ક્યાં છે? કે મુઠ્ઠીની અંદર પ્રચ્છન્ન વસ્તુ કઈ છે? તેના ઉત્તર દેવાના વિધાનનું વર્ણન છે. તેમજ **આક્ષેપણી**—ધર્મની સ્થાપક, **વિક્ષેપણી**—ધર્મની ઉત્થાપક, સંવેગણી—ધર્મનું ફળ તથા ધર્માત્માથી પ્રીતિ કે રુચિને વધારવાવાળી, **નિર્વેદની**—સંસાર-શરીર-ભોગોથી વૈરાગ્ય કરાવવાવાળી—આવી ચાર સુકથાઓનું વર્ણન છે.

**(૧૧) વિપાકસૂત્ર નામનું અગિયારમું અંગ છે**—તેના પદની સંખ્યા એક કરોડ ચોરાસી લાખ (૧,૮૪,૦૦૦૦૦) છે. તેમાં કર્મના વિપાક તીવ્ર, મંદ, જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ તેનું વર્ણન વિસ્તાર સહ છે.

આ રીતે ચાર કરોડ પંદર લાખ બે હજાર (૪,૧૫,૦૨,૦૦૦) પદ તો અગિયાર અંગના છે.

**હવે દૃષ્ટિવાદ નામના બારમા અંગનું કથન કરે છે—**

બાકી રહેલા એકસો આઠ કરોડ, અડસઠ લાખ છપ્પન હજાર પાંચ(૧૦૮,૬૮,૫૬,૦૦૫) પદ દ્રષ્ટિવાદ નામનાં બારમાં અંગના છે. આમાં મિથ્યાદર્શનનું નિરાકરણ કર્યું છે.

તે દ્રષ્ટિવાદ નામના બારમાં અંગના પાંચ ભેદ છે. પરિકર્મ, સૂત્ર, પ્રથમાનુયોગ, પૂર્વગત, ચૂલિકા.

**(૧) પહેલો ભેદ પરિકર્મ છે :** પરિકર્મના પદોની સંખ્યા એક કરોડ, એક્યાસી લાખ, પાંચ હજાર છે. પ્રથમ તો તેમાં ગુણકાર, ભાગાકાર, વર્ગ, વર્ગમૂળ, ઘન, ઘનમૂળ, સંકલન, વ્યકલનરૂપ ગણિતજ્ઞાનના કારણરૂપ એવા કરણસૂત્રોનું વર્ણન છે.

**પરિકર્મના પાંચ ભેદ છે.** ચંદ્ર પ્રજ્ઞપ્તિ, સૂર્યપ્રજ્ઞપ્તિ, જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ, દ્વીપ-સમુદ્ર પ્રજ્ઞપ્તિ, વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ તેમાં—

(૧) **પ્રથમ ચંદ્ર પ્રજ્ઞપ્તિ**ના છત્રીસ લાખ પાંચ હજાર પ્રમાણ (૩૬,૦૫,૦૦૦) પદ છે, તેમાં ચંદ્રમાના વૈભવ વિ.નું વર્ણન છે.

(૨) **સૂર્ય પ્રજ્ઞપ્તિ** છે : તેના પાંચ લાખ ત્રણ હજાર પ્રમાણ (૫,૦૩,૦૦૦) પદ છે, તેમાં સૂર્યના વૈભવાદિનું વર્ણન છે.

(૩) **ત્રીજું જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ** છે. તેના પદ ત્રણ લાખ પચ્ચીસ હજાર (૩,૨૫,૦૦૦) છે, તેમાં જંબૂદ્વીપનું વર્ણન છે.

(૪) **ચોથું દ્વીપ-સમુદ્ર પ્રજ્ઞપ્તિ** છે. તેમા બાવનલાખ છત્રીસ હજાર (૫૨,૩૬,૦૦૦) પદ છે. તેમાં અસંખ્યાત દ્વીપ-સમુદ્રોનું વર્ણન છે.

(૫) **પાંચમું વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ** છે. તેના ચોરાસી લાખ છત્રીસ હજાર (૮૪,૩૬,૦૦૦) પદ છે. તેમાં જીવ-અજીવાદિરૂપી-અરૂપી પદાર્થોનું વર્ણન છે અને ભવ્ય-અભવ્યજીવોના પ્રમાણનું વર્ણન છે.

**(૨) બીજો ભેદ સૂત્ર છે** : તેના પદ અઠ્યાસી લાખ (૮૮,૦૦,૦૦૦) છે. તેમાં મિથ્યાદષ્ટિ કુવાદિઓના ત્રણસો ત્રેસઠ (૩૬૩) ભેદોનું વર્ણન છે. કુવાદિ અર્થાત્ સર્વથા એકાંતવાદી, સર્વથાવાદથી કહેછે—જીવ અસ્તિ જ છે, જીવ નાસ્તિ જ છે, જીવ નિત્ય જ છે, અનિત્ય જ છે, એક જ છે, અનેક જ છે, વ્યક્ત જ છે, અવ્યક્ત જ છે, જ્ઞાત જ છે, અજ્ઞાત જ છે, પરપ્રકાશક જ છે, સ્વ-પ્રકાશક જ છે. અબંધ જ છે કર્તા જ છે અકર્તા જ છે, ભોક્તા જ છે, અભોક્તા જ છે, ગુણસહિત જ છે, નિર્ગુણ જ છે—વિ. એકાંતવાદનું તેમજ તેમના નિરાકરણનું કથન છે.

(૩) **ત્રીજો ભેદ પ્રથમાનુયોગ છે** : તેના પદોની સંખ્યા પાંચ હજાર (૫૦૦૦) છે. તેમાં ત્રેસઠ શલાકા પુરુષોના ચરિત્રનું વર્ણન છે.

(૪) **ચોથો ભેદ પૂર્વગત છે** : તેના સાડા પંચાણું કરોડ ને પાંચ (૯૫,૫૦,૦૦૦૦૫) પદ છે, પૂર્વગતના ૧૪ ભેદ છે. ૧. ઉત્પાદપૂર્વ, ૨. આગ્રાયણી, ૩. વીર્યાનુવાદ, ૪. અસ્તિ-નાસ્તિપ્રવાદ. ૫. જ્ઞાનપ્રવાદ, ૬. સત્યપ્રવાદ, ૭. આત્મપ્રવાદ, ૮. કર્મપ્રવાદ, ૯. પ્રત્યાખ્યાન, ૧૦. વિદ્યાનુવાદ, ૧૧. કલ્યાણવાદ, ૧૨. પ્રાણવાદ, ૧૩. ક્રિયાવિશાલવાદ, ૧૪. લોકબિંદુસાર—આમ ચૌદ(૧૪) પૂર્વ જાણવા.

આ ૧૪ પૂર્વોમાં એકસો પંચાણુ વસ્તુ છે અને પ્રથમ પૂર્વમાં ૧૦ વસ્તુ છે, બીજામાં ૧૪, ત્રીજામાં ૮, ચોથામાં ૧૮, પાંચમામાં ૧૨, છઠ્ઠામાં ૧૨, સાતમામાં ૧૬, આઠમામાં ૨૦, નવમામાં ૩૦, દશામામાં ૧૫, અગ્યારમામાં ૧૦, બારમામાં ૧૦, તેરમામાં ૧૦,

ચૌદમામાં ૧૦—આ રીતે ચૌદ પૂર્વમાં એકસૌ પંચાણુ (૧૯૫) વસ્તુ છે.

એક-એક વસ્તુમાં વીસ-વીસ પ્રાભૃત છે. ૧૯૫×૨૦=૩,૯૦૦ પ્રાભૃત થયા. એક-એક પ્રાભૃતમાં ૨૪-૨૪ પ્રાભૃત-પ્રાભૃત છે. ત્રણ હજાર નવસોને ૨૪ થી ગુણતા ત્રાણુ હજાર છસો (૩૯૦૦×૨૪=૯૩,૬૦૦) પ્રાભૃત-પ્રાભૃત ૧૪ પૂર્વોમાં જાણવાં.

(૧) **પ્રથમ ઉત્પાદપૂર્વના એક કરોડ પદ છે.** તેમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય વિ. અનેક ધર્મનું કથન છે. તેમાં જીવાદિ વસ્તુઓના અનેક પ્રકાર નય વિવક્ષા દ્વારા ક્રમવર્તી, યુગપત અનેક ધર્મ, એમના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય ત્રણેકાળની અપેક્ષા નવ ધર્મ થયાં. આ ધર્મરૂપ પરિણત વસ્તુ, તેના પણ નવ પ્રકાર થાય છે. ઉત્પન્ન થવું, ઉત્પન્ન થઈ રહ્યું છે, ઉત્પન્ન થશે, નષ્ટ થયું, નષ્ટ થઈ રહ્યું છે, નષ્ટ થશે, સ્થિર હતું, સ્થિર થઈ રહ્યું છે, સ્થિર થશે. આમ નવ પ્રકારે દ્રવ્ય થયું. આ એક-એક દ્રવ્યનાં ઉત્પન્નાદિ નવ-નવ ધર્મ, આવા ૯×૯ કરવાથી ૮૧ ભેદયુક્ત દ્રવ્ય છે, તેનું વર્ણન છે.

(૨) **બીજું આગ્રાયણી પૂર્વ**—તેનાં પદોની સંખ્યા છન્નુલાખ (૯૬,૦૦,૦૦૦) છે. તેનાથી દ્વાદશાંગમાં પ્રધાનભૂત વસ્તુ, તેનું જ્ઞાન થાય છે. માટે આવા ૭૦૦ સુનય અને દુર્નય અને સપ્તતત્ત્વ, નવ પદાર્થ, ષટ્દ્રવ્ય વિ.નું વર્ણન છે.

(૩) **ત્રીજું વીર્યાનુવાદ પૂર્વ**—તેના પદ સિત્તેર લાખ છે. તેમાં જીવાદિ વસ્તુઓની શક્તિ / સામર્થ્ય, તેનું વર્ણન છે. તેમાં આત્માનું વીર્ય, પરનું વીર્ય, ક્ષેત્રવીર્ય, કાળવીર્ય, ભાવ-વીર્ય, તપવીર્ય, વિ. દ્રવ્ય-ગુણ-પર્યાયોની શક્તિરૂપ વીર્યનું વર્ણન છે.

(૪) **ચોથું અસ્તિ-નાસ્તિપ્રવાદ પૂર્વ** : તેના પદ સાઠ લાખ (૬૦,૦૦,૦૦૦) છે તેમાં અનંતગુણાત્મક જે જીવાદિ વસ્તુ, તેમના અસ્તિ-નાસ્તિ, નિત્ય-અનિત્ય વિ. અનેક સ્વભાવ તેના દ્વારા વસ્તુને સપ્તભંગથી સાધીને સિદ્ધ કરવામાં આવી છે. ત્યાં સાત ભંગોના નામ ભાવની અપેક્ષા અસ્તિ, નાસ્તિ, અસ્તિ-નાસ્તિ, અવક્તવ્ય, અસ્તિ-અવક્તવ્ય, નાસ્તિ-અવક્તવ્ય, અસ્તિ-નાસ્તિ અવક્તવ્ય—આ પ્રમાણે વસ્તુ સાત ભંગ સ્વરૂપ છે. અહીં પ્રત્યેક ભંગની આદિમાં "સ્યાત્" પદ લગાડવું અને જે (કોઈ જીવ), વસ્તુને સર્વથા અસ્તિ જ છે કે નાસ્તિ જ છે કે અસ્તિ-નાસ્તિ જ છે કે અવક્તવ્ય જ છે કે અસ્તિ અવક્તવ્ય જ છે કે નાસ્તિ અવક્તવ્ય જ છે કે અસ્તિ-નાસ્તિ અવક્તવ્ય જ છે—આ રીતે એક-એક નયને જ એકાંતરૂપ માને છે, તે મિથ્યાત્વભાવ છે.

અનેકાંતના આશ્રયથી સ્યાત્ અસ્તિ, સ્યાત્નાસ્તિ, સ્યાદસ્તિનાસ્તિ, સ્યાદવક્તવ્ય, સ્યાદસ્તિ અવ્યક્તવ્ય, સ્યાન્નાસ્તિ અવક્તવ્ય, સ્યાદસ્તિ-નાસ્તિ અવક્તવ્ય, અર્થાત્ કોઈ અપેક્ષા અસ્તિ છે, કોઈ અપેક્ષા નાસ્તિ છે, કોઈ અપેક્ષા અસ્તિ-નાસ્તિ છે, કોઈ અપેક્ષા

અવક્તવ્ય છે આ પ્રમાણે નિત્ય-અનિત્ય ભાવો દ્વારા (વસ્તુને) સાધવી. આ પ્રમાણે સ્યાદ્વાદ સમ્યક્‌વાદ છે—આવું કથન આ પૂર્વમાં છે.

**(૫) પાંચમું જ્ઞાનપ્રવાદ પૂર્વ**—તેના પદ એક કરોડમાં એક ઓછું (૯૯,૯૯,૯૯૯) છે. તેમાં આઠેય પ્રકારનાં જ્ઞાનનાં સ્વરૂપ, તેમના ભેદ, સ્વામી, વિષય, ફળ, પ્રમાણ, અપ્રમાણ વિ. જ્ઞાનનાં વર્ણન છે.

**(૬) છઠ્ઠું સત્યપ્રવાદ પૂર્વ** :—તેના પદ એક કરોડ છ (૧,૦૦,૦૦૦,૦૬) પ્રમાણ છે. તેમાં વિશેષ સત્ય વચનની મુખ્યતા સહિત વર્ણન છે. તેનો અર્થ વચનગુપ્તિ, વચન સંસ્કારના કારણ, વચનના પ્રયોગ, બાર પ્રકારે ભાષા, દશ પ્રકારે સત્ય વચન, બહુ પ્રકારે મિથ્યાવચન, બાર પ્રકારે ભાષા વચન બોલવાવાળા જીવોના ભેદ વિ. કથન છે. સત્ય બોલવું વા મૌન ધારવું, તેને વચનગુપ્તિ કહે છે.

વચન સંસ્કારના કારણ બે છે—સ્થાન અને પ્રયત્ન. તેમાં સ્થાનના આઠ પ્રકાર છે—હૃદય, કંઠ, મસ્તક, જિહ્વામૂળ, દાંત, નાસિકા, તાળવું, હોઠ.

પ્રયત્નનાં ચાર પ્રકાર છે. અંગથી અંગનું સ્પર્શ થવાથી, બોલવું તે સ્પૃષ્ટતા, કિંચિત્ સ્પર્શ થતાં બોલવું તે (કિંચિત્) ઈષત્ સ્પૃશતા, અંગને ઉઘાડીને બોલવું તે વિવૃતતા છે. અંગને અંગથી ઢાંકીને બોલવું તે ઈષત્ વિવૃતતા છે.

વચન પ્રયોગનાં બે પ્રકાર છે—શિષ્ટરૂપ ભલુ વચન છે, દુષ્ટરૂપ બુરું વચન છે.

**બાર પ્રકારની ભાષા** – "તેણે આમ કર્યું છે" આવું અનિષ્ટ વચન, તેને અભ્યાખ્યાન કહે છે. તેનાથી વિરુદ્ધ હોય, તે ક્લેશ (કારક) વચન છે. પરનો દોષ પ્રગટ કરવાવાળા વચન, તે પૈશૂન્યવચન છે. ધર્મ-અર્થ-કામ-મોક્ષ—આ ચારે પ્રકારના પુરુષાર્થ રહિત વચન, તે પરતાપ વચન છે. ઈન્દ્રિયોના વિષયોમાં રતિ ઉત્પન્ન કરવાવાળા તે રતિવચન છે. ઈન્દ્રિયોનાં વિષયોમાં અરતિ ઉત્પન્ન કરવાવાળા તે અરતિ વચન છે. વ્યવહારમાં ઠગવારૂપ વચન તે નિષ્ઠુર વચન છે, તપ-જ્ઞાનાદિમાં અવિનયનું કારણરૂપ વચન, તે અપ્રણતિ વચન છે. ચોરીનું કારણ તે મોષ વચન છે. સારા માર્ગના ઉપદેશરૂપ વચન, તે સમ્યગ્દર્શન વચન છે. મિથ્યામાર્ગના ઉપદેશરૂપ વચન તે મિથ્યાદર્શન વચન છે અને પરિગ્રહને ઉપજાવવાની વા રાખવાની વા રક્ષા કરવાની આસક્તિનું કારણ હોય, તેને ઉપાધિ વચન કહે છે.

**દસ પ્રકારના સત્ય વચન—**

પ્રત્યેક દેશમાં વસ્તુઓના ભિન્ન-ભિન્ન નામ છે, તેને જ કહેવું; તેને **જનપદ સત્ય** કહે છે.

ઘણા જીવો દ્વારા તેવું જ માનવું, સર્વ દેશોમાં સમાન રુઢિનાં નામ, તેને **સંવૃત્તિ સત્ય** કહે છે અથવા તેને જ સમ્મતિ-સત્ય કહે છે.

એકની બીજામાં સ્થાપના કરીને, તે મુખ્ય વસ્તુનું નામ કહેવું, તેને **સ્થાપના સત્ય** કહે છે.

રત્નાદિથી નિર્મિત ચંદ્રપ્રભ તીર્થંકરની પ્રતિમાને ચંદ્રપ્રભ કહે છે જ્યાં અન્ય અપેક્ષા રહિત કેવળ વ્યવહાર નિમિત્ત (નામમાત્ર કથન કરવું) જેનું જે નામ હોય તે કહેવું, તેને **નામસત્ય** કહે છે. પુદ્‌ગલમાં અનેક ગુણ હોવા છતાં પણ જ્યાં રૂપની મુખ્યતાથી વચન કહે છે તેને **રૂપસત્ય** કહે છે. જેમ કે કોઈ પુરુષને ગોરો કહે છે જોકે તેના કેશાદિ શ્યામ છે તથા અન્ય રસાદિ ગુણ પણ જોવામાં આવે છે. તેની મુખ્યતા ન કરી.

વિવક્ષિત વસ્તુને અન્ય વસ્તુની અપેક્ષાથી હીન, અધિક, લઘુ, દીર્ઘ, સૂક્ષ્મ, સ્થૂળ વિ. કહે છે. તે **પ્રતીતિ સત્ય** છે. આનું નામ **આપેક્ષિક સત્ય** કહે છે. માટે જેને લઘુ દીર્ઘાદિરૂપ કહે છે, તેનાથી અન્ય દ્રવ્ય લઘુ-દીર્ઘાદિ જોવામાં આવે છે; પરંતુ (ત્યાં) તેની વિવક્ષા નથી લીધી. જે નૈગમાદિની પ્રધાનતાથી એમ કહેવું કે ''ભાત પાકી રહ્યા છે'' તો ભાત પછીથી પાકશે, હમણાં તો ચોખા જ છે, તથાપિ થોડા જ સમયમાં ભાત બનવાના છે. માટે નૈગમનયની વિવક્ષાથી ભાતપર્યાયરૂપ થવા યોગ્યને દ્રવ્ય **અપેક્ષા સત્ય** કહે છે. નયના વ્યવહારની અપેક્ષા સત્વ-અસત્વરૂપ વિ. વચન કહે છે, તેને **વ્યવહાર સત્ય** કહે છે.

જે વસ્તુમાં શક્તિ તો હોય છે અને ક્રિયા નથી કરતી તો પણ (તેને) શક્તિની અપેક્ષા તે ક્રિયાનો કર્તા કહે છે, તેને **સંભાવના સત્ય** કહે છે. જેમ કે ઇન્દ્રમાં જંબૂદ્વીપને પલટાવાની શક્તિ છે, આમ કરવું (થવું) અસંભવ છે, તથાપિ તેની શક્તિની અપેક્ષા કરીને વસ્તુ સ્વભાવના વિધાનરૂપ જે સંભવ છે, તેને **સંભાવના સત્ય** કહે છે.

અતીન્દ્રિય પદાર્થોમાં સિદ્ધાંતના અનુસાર વિધિ-નિષેધના સંકલ્પરૂપ જે પરિણામ તે ભાવને સત્ય કહે છે જેમકે સુકી, પકાવેલી, પીસેલી, યંત્રથી પીસેલી, વા ખટાશ નમકથી મિશ્રિત કરેલ જે વસ્તુ, તેને પ્રાસુક કહે છે. જોકે તેમનામાં ઇન્દ્રિય અગોચર સૂક્ષ્મ જીવ જોવામાં આવે છે; તથાપિ આગમથી પ્રાસુક-અપ્રાસુકના સંકલ્પરૂપ ભાવના આશ્રિત આ વચન છે, તેને **ભાવસત્ય** કહે છે.

કોઈ પ્રસિદ્ધ પદાર્થની (અન્ય) કોઈમાં સમાનતા કહે છે, તેને **ઉપમા સત્ય** કહે છે. અને જે દ્વિઇન્દ્રિય વિ. વક્તા—વચન બોલવાવાળા (જીવ) છે. તેમના ભેદ વિ. નું કથન છઠ્ઠા-સત્યપ્રવાદપૂર્વમાં છે.

**(૭) સાતમું આત્મપ્રવાદ પૂર્વ છે** :—તેના પદોની સંખ્યા છવ્વીસ કરોડ છે.

(૨૬,૦૦,૦૦,૦૦૦) પ્રમાણ છે. તેમાં આત્માની પ્રરૂપણા છે. આત્મા જીવ છે, તે જીવ વ્યવહાર અપેક્ષા દશપ્રાણથી અને નિશ્ચયનય અપેક્ષા ચેતનાપ્રાણથી પૂર્વમાં જીવતો હતો, વર્તમાનમાં જીવે છે, આગળ પણ જીવશે, માટે તેને જીવ કહે છે. વ્યવહારનયથી શુભાશુભ કર્મને કરે છે અને નિશ્ચયનયથી ચૈતન્ય પર્યાયોને કરે છે. માટે તેને કર્તા કહે છે અને વ્યવહાર અપેક્ષા સત્ય-અસત્ય વચન બોલે છે. માટે વક્તા કહે છે, નિશ્ચયનયથી આત્મા વક્તા નથી.

નિશ્ચય-વ્યવહારથી તેના પ્રાણ જોવામાં આવે છે, માટે પ્રાણી કહે છે અને વ્યવહારથી શુભાશુભ કર્મફળને ભોગવે છે, નિશ્ચયનયથી નિજસ્વરૂપને ભોગવે છે, માટે ભોક્તા કહે છે અને વ્યવહારથી કર્મ-નોકર્મ પુદ્‌ગલને પૂરે છે, ગાળે છે; માટે પુદ્‌ગલ કહે છે, નિશ્ચયનયથી આત્મા પુદ્‌ગલ નથી અને નિશ્ચય-વ્યવહાર બંને નયોથી લોકાલોક સંબંધી ત્રિકાળવર્તી બધાને જાણે છે. માટે વેદક કહે છે.

તથા વ્યવહારનયથી પોતાના દેહમાં, કેવળી સમુદ્ઘાતના સમયે સર્વલોકમાં અને નિશ્ચયનયથી જ્ઞાન સર્વલોક-અલોકમાં વ્યાપે છે, માટે વિષ્ણુ કહે છે અને વ્યવહારનયથી કર્મને વશ જો કે સંસારમાં પરિણમે છે તથાપિ નિશ્ચયનયથી આત્મા સ્વયં જ પોતાના જ્ઞાન-દર્શનરૂપ જ પરિણમે છે, માટે **સ્વયંભૂ** કહે છે. વિ. પ્રકારે આત્માનું વર્ણન સાતમાં આત્મપ્રવાદ પૂર્વમાં છે.

**આઠમો કર્મપ્રવાદ પૂર્વ છે**—તેના પદ એક કરોડ એંશી લાખ (૧,૮૦,૦૦,૦૦૦) છે. તેમાં કર્મોની મૂળ પ્રકૃતિ, ઉત્તર પ્રકૃતિ અને બંધ, ઉદય, સત્વાદિનું વર્ણન છે.

**નવમું પ્રત્યાખ્યાન પૂર્વ છે**—તેના પદ ચોરાસી લાખ (૮૪,૦૦,૦૦૦) છે. તેમાં પ્રત્યાખ્યાનનું વર્ણન છે. પ્રત્યાખ્યાન અર્થાત્‌ જેમાં પાપોનો નિષેધ થાય છે, તેને પ્રત્યાખ્યાન કહે છે. તેમાં નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની અપેક્ષા જીવોના સંહનન, વીર્ય, બળ— વિ. અનુસાર કાળ મર્યાદા સહિત જીવનપર્યન્ત પ્રત્યાખ્યાનનો ઉપદેશ છે.

**દસમું વિદ્યાનુવાદ પૂર્વ છે**—તેના પદ એક કરોડ દસ લાખ (૧,૧૦,૦૦,૦૦૦) છે. તેમાં પાંચસો રોહિણી આદિ મહાવિદ્યા અને સાતસો ક્ષુદ્ર વિદ્યા, તેનું સ્વરૂપ, સામર્થ્ય, સાધનભૂત મંત્ર, યંત્ર વા પૂજા વિધાન તેમજ સિદ્ધ થયા બાદ તે વિદ્યાનોનું ફળ વિ. નું વર્ણન છે અને અષ્ટ પ્રકારનાં મહાનિમિત્તજ્ઞાનનું કથન છે.

**અગિયારમું કલ્યાણવાદ પૂર્વ છે**—તેના પદ છવ્વીસ કરોડ (૨૬,૦૦,૦૦,૦૦૦) છે. તેમાં ત્રેસઠ શલાકા પુરુષોનાં ગર્ભકલ્યાણકાદિ મહાઉત્સવોનું વર્ણન છે. તેના કારણભૂત સોળ ભાવના અને તપશ્ચરણાદિ ક્રિયા, તેમનું વર્ણન તથા ગ્રહાદિનું ગમન, શુકનફળ વિ.નું કથન છે.

**બારમું પ્રાણવાદ પૂર્વ છે**—તેના પદ તેર કરોડ (૧૩,૦૦,૦૦,૦૦૦) છે. તેમાં ચિકિત્સા વિ. આઠ પ્રકારના વૈદ્યકનું અને ભૂતાદિ વ્યાધિને દૂર કરવાના કારણ, મંત્રાદિ વા વિષ દૂર કરવાવાળા મંત્ર, ઔષધાદિનું અને ઈલા(ઈંગલા), પિંગલા, સુષુમ્ના—ત્રણ પ્રકારના પવન સાધવાનાં વિધાનનું અને સ્વરોદયરૂપ ઘણા પ્રકારે શ્વાસોચ્છ્‌વાસના ભેદ વિ.નું વર્ણન છે.

**તેરમું ક્રિયાવિશાલપૂર્વ છે**—તેના પદ નવ કરોડ (૯,૦૦,૦૦,૦૦૦) છે. તેમાં સંગીત શાસ્ત્ર, છંદ, અલંકારાદિ શાસ્ત્રનું, પુરુષોની બોંતેર કલાનું, સ્ત્રીના ચોસઠ ગુણોનું, અનેક પ્રકારની શિલ્પાદિ ચતુરાઈનું, ગર્ભાધાનાદિ ચોરાસી ક્રિયાનું, સમ્યગ્દર્શનાદિ એકસો આઠ ક્રિયાનું, દેવવંદનાદિ પચ્ચીસક્રિયાનું તથા નિમિત્ત-નૈમિત્તિક ક્રિયા વિ.નું નિરુપણ છે.

**ચૌદમું લોકબિંદુસારપૂર્વ છે**—તેના પદ સાડાબાર કરોડ (૧૨,૫૦,૦૦,૦૦૦) છે, તેમાં ત્રણ લોકનું સ્વરૂપ છે તથા છવ્વીસ પરિકર્મ, આઠ વ્યવહાર, ચાર બીજ વિ. ગણિત અને મોક્ષનું સ્વરૂપ, મોક્ષની કારણભૂત ક્રિયા, મોક્ષનું સુખ વિ.નું વર્ણન છે.

(દૃષ્ટિવાદ નામધેય નામના બારમા અંગના પરિકર્મ વિ. પાંચ ભેદોમાંથી ચોથા પૂર્વગત નામના ભેદના અંતર્ગત આવેલ ૧૪ પૂર્વોનું વર્ણન અહીં પૂર્ણ થયું.)

**(૫) હવે બારમા અંગનાં પાંચમા ચૂલિકા નામના ભેદનું વર્ણન** કરે છે—

**ચૂલિકા**ના દસ કરોડ ઓગણપચાસ લાખ છેંતાલીસ હજાર (૧૦,૪૯,૪૬૦૦૦) પદ છે. તેનાં પાંચ ભેદ છે. જલગતા, સ્થળગતા, માયાગતા, રૂપગતા અને આકાશગતા. આના પ્રત્યેક ભેદના બે કરોડ નવ લાખ નેવ્યાસી હજાર બસો (૨,૦૯,૮૯,૨૦૦) પદ છે.

(અ) **જલગતામાં**—જળના સ્તંભનનું, જળમાં પ્રવેશ કરવાનું, જળમાં ગમન કરવાનું, જળ વરસાવવાનું વા અગ્નિ-પ્રવેશ કરવાનું, અગ્નિ ગળવાનું, અગ્નિ પ્રજાળવાનું, અગ્નિ બુઝાવવાનું, અગ્નિ બાંધવાનું વિ.ના કારણભૂત મંત્ર, યંત્ર, તંત્ર, ઓષધિક્રિયા તપઃશ્ચરણાદિનું વર્ણન છે.

(બ) **સ્થળગતા**માં મેરુ વિ.ના પર્વતોમાં પ્રવેશ કરવાનું, શીઘ્ર ગમન કરવાનું, પૃથ્વીમાં પ્રવેશ કરવાનું, વિ.ના કારણભૂત મંત્ર, યંત્ર, તંત્ર, ઔષધિ, તપશ્ચરણાદિનું વર્ણન છે.

(ક) **માયાગતામાં**—અનેક વિક્રિયા કરવાનું, ઈન્દ્રજાલાદિ વિદ્યાના સાધનભૂત મંત્ર-યંત્ર-તંત્ર, ઔષધિ, ક્રિયાદિનું વર્ણન છે.

(ડ) **રૂપગતામાં**—અનેક હસ્તી, ઘોટક(ઘોડા), સિંહ, મૃગાદિના રૂપ બદલવાનું, વા ધાતુ રસાદિના મારણનું, બનાવવાનું વિ.ના સાધનભૂત મંત્ર-યંત્ર-તંત્ર-ઔષધિ, તપશ્ચરણાદિનાં વિધાનનું વર્ણન છે.

(ગ) **આકાશગતામાં**—આકાશમાં ગમન કરવાના ઉપાયનું, મંત્ર-યંત્ર-તંત્ર, ક્રિયા, તપશ્ચરણાદિના વિધાનનું વર્ણન છે.

“આ પ્રમાણે દ્વાદશાંગનું નિરુપણ પુરું થયું.”

**હવે અંગ-બાહ્યના ૧૪ પ્રકીર્ણકોનું સ્વરૂપ કહે છે—**

(૧) **સામાયિક પ્રકીર્ણકમાં**—છ પ્રકારે સામાયિકનું નિરુપણ-નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ—આ છ પ્રકારના પદાર્થોમાં સમભાવ કહ્યો છે. તેમને રાગ-દ્વેષ રહિત દેખવું-જાણવું, તેનું નામ સામાયિક છે, તેનું વર્ણન છે અને તેના સાધનભૂત દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ સંબંધી ક્રિયા આલંબન વિ.નું વર્ણન છે.

(૨) **સ્તવન પ્રકીર્ણકમાં**—ચોવીસ તીર્થંકરના સ્તવન કરવાના વિધાનનું વર્ણન છે.

(૩) **વંદના પ્રકીર્ણકમાં**—એક-એક તીર્થંકરની, પ્રતિમાજીની, ચૈત્યાલયની સ્તુતિ કરવાના વિધાનનું વર્ણન છે.

(૪) **પ્રતિક્રમણ પ્રકીર્ણકમાં**—સાત પ્રકારે પ્રતિક્રમણ કરવાના વિધાનનું વર્ણન છે. દૈવસિક, રાત્રિક, પાક્ષિક, ચાતુર્માસિક, સાંવત્સરિક, ઈર્યાપથિક તેમજ ઉત્તમાર્થક અર્થાત્ સર્વ પર્યાયો સંબંધી પાપોનો મરણના સમયે ત્યાગ કરે છે વિ.નું વર્ણન છે.

(૫) **વૈનયિક પ્રકીર્ણકમાં**—પાંચ પ્રકારના વિનયનું વિધાન છે. દર્શન વિનય, જ્ઞાન વિનય, ચારિત્ર વિનય, તપ વિનય, ઉપચાર વિનય અર્થાત્ દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપનાં ધારક પંચપરમેષ્ઠિ તેમનો વિનય વિ.નું વર્ણન છે.

(૬) **કૃતકર્મ પ્રકીર્ણકમાં**—શ્રાવકની ક્રિયાનું વિધાન વા પંચપરમેષ્ઠિની પ્રદક્ષિણા, નમસ્કાર, આવર્તન વિ.નું વર્ણન છે.

(૭) **દશવૈકાલિક પ્રકીર્ણકમાં**—મુનિના આચાર, આહારની શુદ્ધતાનું લક્ષણ વિ.નું વર્ણન છે.

(૮) **ઉત્તરાધ્યયન પ્રકીર્ણકમાં**—ચાર પ્રકારનાં ઉપસર્ગનું વર્ણન છે. દેવકૃત, મનુષ્યકૃત, તિર્યંચકૃત, અકસ્માત્, પુદ્ગલકૃત—આના ૨૨-પરિષહના વિધાનનું વર્ણન છે.

(૯) **કલ્પ્ય વ્યવહાર પ્રકીર્ણકમાં**—યોગ્ય-અયોગ્ય આચરણના વિધાનનું વા અયોગ્ય આચરણ થવા બાદના પ્રાયશ્ચિત્તનું પ્રરૂપણ ઈત્યાદિનું વર્ણન છે.

(૧૦) **કલ્પાકલ્પ્ય પ્રકીર્ણકમાં**—દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષા યોગ્ય-અયોગ્ય આચરણના વિધાનનું વર્ણન છે.

(૧૧) **મહાકલ્પ પ્રકીર્ણકમાં–**મહાન પુરુષોના યોગ્ય આચરણનું કથન છે.

(૧૨) **પુંડરિક પ્રકીર્ણકમાં–**દાન, પૂજા, તપશ્ચરણ, અકામનિર્જરા, સમ્યક્ત્વ, સંયમાદિરૂપ દેવપર્યાયના કારણભૂત પુણ્યનું વર્ણન છે.

(૧૩) **મહાપુંડરિક પ્રકીર્ણકમાં–**અહમિન્દ્રાદિ મોટા પદ પામવાના કારણભૂત પુણ્યનું વર્ણન છે.

(૧૪) **નિષદ્ધિ પ્રકીર્ણકમાં—**પ્રમાદથી કરવામાં આવેલ દોષના નિવારણને માટે પ્રાયશ્ચિત્તના વિધાનનું વર્ણન છે.

આ પ્રમાણભૂત સુશ્રુતજ્ઞાન કહ્યું. આમાં જ્યાં જેવો-જેવો શ્રુતજ્ઞાનાવરણનો ક્ષયોપશમ થાય છે, તેવું-તેવું જીવને શાસ્ત્રનું જ્ઞાન થાય છે. ત્યાં તેવો-તેવો જ ક્ષાયોપશમિક ભાવ કહેવાય છે.

**અવધિજ્ઞાન :–**

ક્ષાયોપશમિક ભાવરૂપ અવધિજ્ઞાનના ભેદ કહે છે–અવધિજ્ઞાનના ત્રણ ભેદ છે. **(૧) દેશાવધિ, (૨) પરમાવધિ (૩) સર્વાવધિ.** દેશાવધિનાં બે ભેદ છે–**(૧) ભવપ્રત્યય, (૨) ગુણપ્રત્યય.**

**(૧) દેશાવધિ–**૧. ભવ-પ્રત્યય : ભવ જ છે કારણ જેમાં, તેને ભવ પ્રત્યય કહે છે. તે દેવ, નારકિઓ તેમજ ગૃહસ્થ અવસ્થામાં તીર્થંકરને હોય છે. માટે જે જીવ દેવ અને નારકીની પર્યાય પામે છે, તેને અવધિજ્ઞાન થાય જ છે તથા તીર્થંકરપદના ધારક જીવને પણ થાય જ છે. આ ભવ-પ્રત્યય અવધિજ્ઞાનનો વિષય સર્વાત્મ પ્રદેશોંથી હોય છે. બધા આત્મ પ્રદેશોથી પોત-પોતાના વિષયને યોગ્ય પદાર્થોને જાણે છે.

**(૨) ગુણ પ્રત્યય** : જે સમ્યક્ત્વ તેમજ સંયમાદિના પ્રભાવથી થાય છે, તે ગુણ પ્રત્યય અવધિજ્ઞાન મનુષ્ય અને પંચેન્દ્રિય તિર્યંચોને થાય છે. તે નાભિની ઉપર શંખાદિના આકારવાળા કેટલાક આત્મપ્રદેશોથી પોતાને યોગ્ય વિષયને જાણે છે, સર્વાત્મ પ્રદેશોથી નથી જાણતા. તેના છ-ભેદ છે. ૧. વર્ધમાન, ૨- હીયમાન, ૩. અવસ્થિત, ૪. અનવસ્થિત, ૫. અનુગામી અને ૬. અનનુગામી.

**૧. વર્દ્ધમાન–**જે અવધિજ્ઞાન ઉત્પન્ન થવાના સમયથી લઈને સર્વાવધિપર્યંત વધતુ જાય છે, તેને વર્ધમાન કહે છે.

**૨. હીયમાન–**જે ઉત્પન્ન થવાના સમયથી લઈને તેના નષ્ટ થવા સુધી ઘટતું જાય છે, તેને હીયમાન કહે છે.

૩. **અવસ્થિત**—જે જેવું ઉત્પન્ન થયું તેવું જ રહે, તેને અવસ્થિત કહે છે.

૪. **અનુગામી**—તેના બે ભેદ છે, જે સંપૂર્ણ ક્ષેત્રમાં સાથે જાય/રહે છે તેને ક્ષેત્રાનુગામી કહે છે અને જે પરભાવમાં પણ સાથે જાય છે, તેને ભવાનુગામી કહે છે.

૫. **અનનુગામીના** પણ બે ભેદ છે—જે ક્ષેત્રમાં ઉત્પન્ન થાય છે અને તે ક્ષેત્રમાં રહે છે, અન્ય ક્ષેત્રમાં અભાવ થઈ જાય છે, તેને ક્ષેત્ર-અનનુગામી કહે છે. અને જે જે પર્યાયમાં ઉત્પન્ન થાય છે અને તે પર્યાયમાં રહે છે, અન્ય પર્યાયમાં સાથે નથી જતું, તેને ભવ-અનનુગામી કહે છે.

દેશાવધિના (જાણવાની અપેક્ષા) અસંખ્યાત લોક-પ્રમાણ ભેદ છે—તેમાં જઘન્ય દેશાવધિવાળા જીવ દ્રવ્યની અપેક્ષા તો દ્વયર્ધગુણહાનિગુણિત સમય પ્રબદ્ધ પ્રમાણ ઔદારિક શરીરની સત્તાને, દ્રવ્યવિશ્રસોપચય પ્રમાણ સહિત, તેમાં લોકમાત્ર અસંખ્યાતનો ભાગાકાર કરતાં જે પ્રમાણ આવે, તેટલા સ્કંધને જાણે છે. તેથી એક પરમાણુ (કમ) ઓછાને પણ નથી જાણતો. પરંતુ તેનાથી અધિકનો સ્કંધ હોય, તો તેને અવશ્ય જાણે છે. (અર્થાત્ આટલી મોટી વસ્તુને જ જાણે છે, તેનાથી નાનીને નથી જાણતું)

**ક્ષેત્રની અપેક્ષા** ઘનાવલીના અસંખ્યાતમાં ભાગપ્રમાણ જે સૂક્ષ્મનિગોદિયા લબ્ધિ અપર્યાપ્તક જીવના શરીરની અવગાહના જેટલું ક્ષેત્ર છે, તેટલા ક્ષેત્રને જાણે છે. અધિક ક્ષેત્રને નથી જાણતું.

**કાળની અપેક્ષા**—આવલીનાં અસંખ્યાતમાં ભાગને જાણે છે.

**ભાવની અપેક્ષા**—આવલીના અસંખ્યાતમાં ભાગપ્રમાણ ભાવોને જાણે છે. આ રીતે જઘન્ય દેશાવધિના ભેદ છે.

તથા સિદ્ધ રાશિના અનંતમા ભાગ અને અભવ્યરાશિથી અનંતગણાં આવા પ્રમાણવાળા જે અનંત છે, તેમાં જઘન્ય દેશાવધિના દ્રવ્યનાં જે ભેદ છે તેનો ભાગાકાર કરતાં જે પ્રમાણ આવે છે, તેટલા દ્રવ્યની અપેક્ષાથી બીજા ભેદવાળા જાણે છે.

આ જ રીતે તે ભાગનો ભાગાકાર બીજા ભેદના દ્રવ્યને કરતાં જે પ્રમાણ આવે છે, તેટલા સ્કંધને ત્રીજા ભેદવાળા જાણે છે. આ પ્રમાણે પહેલાં-પહેલાંના સ્થાનોને આ ધ્રુવ ભાગાકારનો ભાગ દેતાં જે-જે પ્રમાણ આવે, તેટલાં-તેટલાં સ્કંધને ઉત્તર-ઉત્તર ભેદવાળા જાણે છે. તેઓ અસંખ્યાત સ્થાન દ્રવ્ય અપેક્ષા હોય છે.

ત્યાં સુધી તેટલા જ ક્ષેત્ર-કાળને જાણે છે.

પછી એક પ્રદેશ અધિક ક્ષેત્રને જાણે છે અને ત્યાર પછી દ્રવ્યની અપેક્ષા અસંખ્યાત

સ્થાન હોય છે, ત્યાં સુધી તેટલા જ ક્ષેત્રને જાણે છે. ત્યારબાદ એક પ્રદેશ અને અધિકક્ષેત્રને જાણે છે. આવા ક્ષેત્રની અપેક્ષા અસંખ્યાત સ્થાન થાય છે. ત્યાં સુધી તો તેટલા જ કાળને જાણે છે. ત્યારબાદ એક સમયાધિક કાળને જાણે છે. આ રીતે ફરી ક્ષેત્રની અપેક્ષા અસંખ્યાત સ્થાન થયા, ત્યારે એક-એક સમય વધુ અધિકકાળને જાણે છે. આમ ક્ષેત્ર અપેક્ષા અસંખ્યાત સ્થાન થઈને નિકળી જાય છે, ત્યારે જ્યાં એકહાથ ક્ષેત્ર પ્રમાણને જાણે, ત્યાં અસંખ્યાત ઘનાવલી પ્રમાણ કાળને જાણે છે અને જ્યાં એક કોસ ક્ષેત્રને જાણે છે ત્યાં અન્તર્મુહૂર્તનો કાળ ને જાણે છે અને જ્યાં એક યોજનને જાણે છે, ત્યાં બે ઘડીથી એક સમય ઓછા પ્રમાણ અભ્યંતર મુહૂર્ત, તેટલા પ્રમાણ કાળને જાણે છે.

જે પચ્ચીસ યોજન ક્ષેત્ર પ્રમાણને જાણે છે, તે કાંઈક કમ એક દિવસ (જેટલાં) કાળને જાણે છે. જે ભરતક્ષેત્રને જાણે છે, તે એક પક્ષકાળને જાણે છે. ક્ષેત્ર અપેક્ષા જે જમ્બૂદ્વીપને જાણે છે તે એક માસ કાળને જાણે છે. જે અઢાઈદ્વીપને જાણે છે તે એક વરસના કાળને જાણે છે. જે તેરમાં રુચિકદ્વીપ સુધી જાણે છે, તે સાત-આઠ વર્ષ કાળને જાણે છે. જે સંખ્યાત દ્વીપ-સમુદ્રો ને જાણે છે, તે સંખ્યાત વર્ષકાળને જાણે છે અને જે અસંખ્યાત દ્વીપ-સમુદ્રોને જાણે છે, તે અસંખ્યાત વર્ષકાળને જાણે છે.

જે દ્રવ્ય અપેક્ષા તૈજસ શરીરને જાણે છે, તે અસંખ્યાત કરોડ યોજનને જાણે છે. તે અસંખ્યાત હજાર વર્ષ કાળને જાણે છે. આ રીતે, અસંખ્યાત લોક પ્રમાણ સ્થાન થઈ જાય, ત્યારે ઉત્કૃષ્ટ દેશાવધિવાળા દ્રવ્ય અપેક્ષા તો કાર્માણ વર્ગણાને એક વાર ધ્રુવ ભાગાકારનો ભાગ દેતાં જે પ્રમાણ આવે, તેટલા દ્રવ્ય સ્કંધને જાણે છે. ક્ષેત્ર અપેક્ષા લોકપ્રમાણ ક્ષેત્રને જાણે છે તે કાળ અપેક્ષા પલ્યથી એક સમય ઓછા કાળને જાણે છે. અને ભાવ અપેક્ષા અસંખ્યાત લોક પ્રમાણ ભાવોને જાણે છે, તે પ્રથમ જઘન્યસ્થાનમાં આવલીના અસંખ્યાતમાં ભાગપ્રમાણ ભાવોને જાણે છે અને પોતાના વિષયક્ષેત્રમાં રહેવાવાળા પોતાના વિષય યોગ્ય પુદ્‌ગલ સ્કંધ, તેટલી અર્થપર્યાય વા વ્યંજનપર્યાયને જાણે છે. પછીથી સ્થાન-સ્થાન પ્રતિ અસંખ્યાતગણાં ભાવોને જાણે છે.

### ચારેગતિના જીવોનાં અવધિજ્ઞાનનું પ્રમાણ કહે છે—

નરકગતિમાં—સાતમી નરકના નારકી એક કોસ પ્રમાણ ક્ષેત્રને જાણે છે અને છઠ્ઠી નરકવાળા દોઢ કોસને, પાંચમી નરકવાળા બે કોસને, ચોથી નરકવાળા અઢી કોસને, ત્રીજી નરકવાળા ત્રણ કોસને, બીજી નરકવાળા સાડાત્રણ કોસને અને પહેલી નરકવાળા એક યોજનને જાણે છે.

અને તિર્યંચના જઘન્ય ભેદથી લઈને મધ્યમ ભેદોમાં જ્યાં દ્રવ્ય અપેક્ષા તેજસ શરીર

પ્રમાણ જાણે છે, તે ક્ષેત્ર અપેક્ષા અસંખ્યાત દ્વીપ-સમુદ્રોને જાણે છે, અને કાળ અપેક્ષા અસંખ્યાત વર્ષને જાણે છે.

મનુષ્યગતિમાં જઘન્ય દેશાવધિ ભેદથી લઈને સર્વાવધિ પર્યંત બધા જ ભેદ થાય છે.

દેવગતિમાં ભવનવાસી અને વ્યંતર ક્ષેત્ર અપેક્ષા જઘન્ય તો પચ્ચીસ યોજનને જાણે છે અને કાળ અપેક્ષા કાંઈક કમ એક દિનને જાણે છે, જ્યોતિષ દેવ ક્ષેત્ર અપેક્ષા જઘન્ય તો ભવનવાસી વ્યંતર દેવોથી સંખ્યાતગણા ક્ષેત્રને જાણે છે અને કાળ અપેક્ષાએ કાંઈક અધિકકાળને જાણે છે. અસુરકુમાર જાતિના દેવ ઉત્કૃષ્ટપણે ક્ષેત્ર અપેક્ષા તો અસંખ્યાત કરોડ યોજનને જાણે છે અને ઉર્ધ્વ મેરુના શિખર પર્યંતને જાણે છે અને નીચે ઘણું ઓછું જાણે છે અને કાળ અપેક્ષા અસંખ્યાત વર્ષને જાણે છે.

નવ જાતિના ભવનવાસી દેવ અને આઠ પ્રકારના વ્યંતર અને પાંચ પ્રકારના જ્યોતિષી દેવ, ક્ષેત્ર અપેક્ષા તો અસંખ્યાત હજાર યોજનને જાણે છે અને અસુરકુમાર સંખ્યાતમાં ભાગે કાળને જાણે છે.

કલ્પવાસી દેવ, સૌધર્મ-ઈશાન પ્રથમ યુગલના દેવ પ્રથમ નરકપર્યંત અવધિજ્ઞાનથી જાણે છે અને સાનત્કુમાર-માહેન્દ્ર યુગલના દેવ બીજા નરકપર્યંત સુધી જાણે છે. બ્રહ્મ-બ્રહ્મોત્તર અને લાંતવ-કાપિષ્ટ બે યુગલોના દેવ પોતાના અવધિજ્ઞાનથી ત્રીજી નરકપર્યન્ત જાણે છે. શુક્ર-મહાશુક્ર અને સતાર-સહસ્રાર બે યુગલોના દેવ પોતાના અવધિજ્ઞાન વડે ચોથી નરકપર્યન્ત જાણે છે. આનત-પ્રાણત, આરણ-અચ્યુત આ બે યુગલોના દેવ પાંચમી નરકપર્યંતનું જાણે છે. નવ ગ્રૈવેયકના દેવ છટ્ઠી નરક પર્યન્તનું જાણે છે અને અનુદિશ વિમાનવાળા દેવ સાતમી નરક પર્યન્તનું જાણે છે અને પાંચ અનુત્તર વિમાનવાળા દેવ લોકના અંત સુધીનું જાણે છે.

અને દ્રવ્ય અપેક્ષા પોત-પોતાના અવધિજ્ઞાનાવરણ કર્મના દ્રવ્ય વિશ્રસોપચય રહિત, તેને પોત-પોતાના જેટલા અવધિ-ક્ષેત્રના પ્રદેશ હોય તેટલી વાર ધ્રુવ ભાગાકારનો ભાગ કરવાથી જે પ્રમાણ આવે, તેટલા-તેટલા દ્રવ્ય સ્કંધને જાણે છે.

**પરમાવધિને કહે છે**—દેશાવધિનો જે ઉત્કૃષ્ટ ભેદ, તે પરમાવધિનો જઘન્ય ભેદ છે, આવા પરમાવધિના જઘન્ય ભેદવાળો જીવ દ્રવ્ય અપેક્ષા તો દેશાવધિના ઉત્કૃષ્ટ દ્રવ્યને ધ્રુવ ભાગાકારથી ભાગ દેતાં, જે પ્રમાણ આવે તેટલા દ્રવ્યને જાણે છે અને ક્ષેત્ર અપેક્ષા અસંખ્યાતગણા ક્ષેત્રને જાણે છે અને કાળ અપેક્ષા અસંખ્યાતગણા કાળને જાણે છે અને ભાવ અપેક્ષા અસંખ્યાતગણા ભાવોને જાણે છે. ત્યારબાદ અનુક્રમથી સ્થાન-સ્થાનમાં અસંખ્યાત-અસંખ્યાતગણા ક્ષેત્ર, કાળ, ભાવને અધિક-અધિક જાણે છે. ધ્રુવ ભાગાકારથી ભાજિત દ્રવ્યને જાણે છે. આ પ્રમાણે પરમાવધિના સ્થાન અસંખ્યાત લોકપ્રમાણ છે.

તથા ઉત્કૃષ્ટ પરમાવધિવાળો જીવ દ્રવ્ય અપેક્ષા તો ધ્રુવ ભાગાકાર પ્રમાણ દ્રવ્યને જાણે છે. અને ક્ષેત્ર અપેક્ષા દેશાવધિના ઉત્કૃષ્ટ લોકપ્રમાણ ક્ષેત્રને ત્રણવાર અસંખ્યાત લોકનો ગુણાકાર કરતાં તે પ્રમાણ જેટલું તે છે અસંખ્યાત લોકપ્રમાણ ક્ષેત્રને જાણે છે અને કાળ અપેક્ષા એક સમય કમ આવલી પ્રમાણકાળને ત્રણવાર અસંખ્યાત લોકગુણ્યા અસંખ્યાત લોકપ્રમાણ કાળને જાણે છે. અને ભાવ અપેક્ષા અસંખ્યાત લોકને ત્રણવાર અસંખ્યાત લોકગણાં ભાવોને જાણે છે.

**સર્વાવધિને કહે છે** :—સર્વાવધિવાળો જીવ દ્રવ્ય અપેક્ષા તો અવિભાગી પુદ્‌ગલ પરમાણુને જાણે છે અને ક્ષેત્ર અપેક્ષા પરમાવધિના ઉત્કૃષ્ટ ક્ષેત્ર, તેનાથી અસંખ્યાત લોકગણા ક્ષેત્રને જાણે છે અને કાળ અપેક્ષા અસંખ્યાત લોકગણા કાળને જાણે છે અને ભાવ અપેક્ષા અસંખ્યાત લોકગણા ભાવોને જાણે છે.

**મનઃપર્યયજ્ઞાન** :—આગળ ક્ષાયોપશમિક ભાવરૂપ મનઃપર્યયજ્ઞાનનું નિરુપણ કરે છે. મનઃપર્યયજ્ઞાનાવરણ કર્મનો જેવો ક્ષાયોપશમ ભાવ થાય છે તેવા જ ભેદવાળું મનઃપર્યયજ્ઞાન જીવને થાય છે. તેના ભેદ અસંખ્યાત છે અને મૂળ ભેદ બે છે એક ૠજુમતિ, બીજું વિપુલમતિ.

બીજા જીવના મનમાં ચિંતવનરૂપ પ્રાપ્ત અર્થ અર્થાત્ રૂપી પુદ્‌ગલ દ્રવ્ય વા પુદ્‌ગલથી સંબંધિત સંસારી જીવ દ્રવ્ય, તેને જાણે છે, તે જ્ઞાનને મનઃપર્યયજ્ઞાન કહે છે.

જ્યારે ત્રિકાળ સંબંધી પુદ્‌ગલ દ્રવ્યનું કોઈ જીવ વર્તમાનકાળમાં ચિંતવન કરે છે, તેને જાણે છે, તેને ૠજુમતિ મનઃપર્યયજ્ઞાન કહે છે. અને ત્રિકાળ સંબંધી પુદ્‌ગલ દ્રવ્યનું કોઈ જીવે અતીતકાળમાં ચિંતવન કર્યું હતું, વર્તમાનમાં કરે છે વા અધૂરું ચિંતવન કર્યું છે, વા આગામી કાળમાં ચિંતવન કરશે—આમ વિના ચિંતવન કરેલ વિષયને જાણે છે તેને વિપુલમતિ મનઃપર્યયજ્ઞાન કહે છે.

જેમકે કોઈ જીવે ત્રિકાળ સંબંધી પુદ્‌ગલ દ્રવ્યોને મનમાં ચિંતવન કર્યું હતું વા વચનથી કહ્યું હતું વા કાયાથી કર્યું હતું, તેને કાળાંતરે ભૂલી ગયો, યાદ કરવામાં પણ સમર્થ ન રહ્યો, ત્યારે કોઈ ૠજુમતિ મનઃપર્યયજ્ઞાની પાસે જઈને પૂછ્યું વા પૂછવાની ઈચ્છાથી મૌન ઊભો રહ્યો; તેના સર્વ ચિંતવનને ૠજુમતિ મનઃપર્યયજ્ઞાની જાણે છે, તે પ્રથમ જ ઈહા નામના મતિજ્ઞાનથી એમ વિચાર કરે છે કે તેના મનમાં શું છે? પછીથી બધાને જાણે છે. માટે મનમાં જ ઈહાદિ મતિજ્ઞાન થાય છે અને મનમાં જ મનઃપર્યયજ્ઞાન થાય છે.

કોઈ જીવને ત્રિકાળ સંબંધી પુદ્‌ગલ દ્રવ્યોનું મનમાં ચિંતવન કર્યું હતું વા વચનથી કહ્યાં હતાં વા કાયાથી કર્યા હતાં, તેને કાળાન્તરમાં ભૂલી ગયો, સ્મરણમાં પણ નથી આવતું.

તેણે કોઈ વિપુલમતિ મનઃપર્યયજ્ઞાનીની પાસે જઈને પૂછ્યું અથવા પૂછવાના અભિપ્રાયથી મૌનપૂર્વક ઊભો રહ્યો, તે જીવના સર્વ ચિંતવનને ઇહા મતિજ્ઞાન વિના જ, વિપુલમતિ મનઃપર્યયજ્ઞાની જાણે છે.

આ બંનેય ભેદોના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષા અસંખ્યાત ભેદો છે, તેને કહે છે. ઋજુમતિવાળા જઘન્યથી દ્રવ્ય અપેક્ષા તો નિર્જરા યોગ્ય ઔદારિકના સમયપ્રબદ્ધ તેટલા સ્કંધના ચિંતવનને જાણે છે અને ક્ષેત્ર અપેક્ષા બે-ત્રણ કોસ સુધી અને કાળ-અપેક્ષાએ બે-ત્રણ ભવ સુધીનું, ભાવ અપેક્ષા આવલીના અસંખ્યાતમા ભાગ પ્રમાણ ભાવોના ચિંતવનને જાણે છે.

અને ઉત્કૃષ્ટથી દ્રવ્ય અપેક્ષા તો નિર્જરાયોગ્ય ચક્ષુ ઇન્દ્રિયને સમયપ્રબદ્ધ જે અંગુલના અસંખ્યાતમાં ભાગપ્રમાણ સ્કંધોના ચિંતવનને જાણે છે. અને લોક અપેક્ષા સાત-આઠ યોજનને જાણે છે અને કાળ અપેક્ષા સાત-આઠ ભાવોને જાણે છે અને ભાવ અપેક્ષા ઉત્કૃષ્ટથી અસંખ્યાતગણાં ભાવોના ચિંતવનને જાણે છે.

વિપુલમતિવાળા જઘન્યથી દ્રવ્ય અપેક્ષા, ઋજુમતિના ઉત્કૃષ્ટ દ્રવ્યને ધ્રુવ ભાગાકાર જે મનોવર્ગણાના અનંત ભેદ છે, તેના અનંતમા ભાગના પ્રમાણનો ભાગ દેતાં જે પ્રમાણ આવે છે તેટલા સ્કંધોના ચિંતવનને જાણે છે અને ક્ષેત્ર અપેક્ષા આઠ-નવ યોજનને જાણે છે અને કાળ અપેક્ષા આઠ, નવ ભવને જાણે છે, અને ભાવ અપેક્ષા ઉત્કૃષ્ટ ઋજુમતીવાળા જેટલાં ભાવોના ચિંતવનને જાણે છે, તેનાથી અસંખ્યાતગણા ભાવોના ચિંતવનને જાણે છે.

અને બીજા ભેદવાળા દ્રવ્ય અપેક્ષાથી જ્ઞાનાવરણાદિ આઠ કર્મના સમય પ્રબદ્ધ, તેમાં ધ્રુવ ભાગાકારનો ભાગ દેતાં જે પ્રમાણ આવે છે, તેટલા દ્રવ્યના ચિંતવનને જાણે છે. આ પ્રમાણે ધ્રુવ ભાગાકારનો ભાગ બીજા સ્થાનના વિષયભૂત દ્રવ્યને દેતાં જે પ્રમાણ આવે છે, તેટલા સ્કંધને ત્રીજા ભેદવાળા જાણે છે—આ પ્રમાણે સ્થાન-સ્થાનને ધ્રુવ ભાગાકારથી ભાગ કરતાં કરતાં વીસ કોડાકોડી સાગરપ્રમાણ કલ્પકાળના જેટલા સમય થાય, તેટલીવાર ધ્રુવ ભાગાકારનો ભાગ દેતાં જે પ્રમાણ આવે, તેટલા દ્રવ્ય સ્કંધના ચિંતવનને ઉત્કૃષ્ટ વિપુલમતિ મનઃપર્યયજ્ઞાની જાણે છે.

ક્ષેત્ર અપેક્ષા પિસ્તાલીસ લાખ યોજન પ્રમાણ ચતુરસ્ર ક્ષેત્રને જાણે છે. તે અઢી દ્વીપમાં પિસ્તાલીસ લાખ યોજન ગોળ ક્ષેત્ર છે. તેમાં રહેવાવાળા સંજ્ઞી પંચેન્દ્રિયના મનને જાણે છે વા અઢીદ્વીપની બહાર ચારે ખૂણાઓમાં સ્થિત દેવ-તિર્યંચ તેમના પણ મનનાં ચિંતવનને જાણે છે. અને કાળ અપેક્ષા પલ્યના અસંખ્યાતમાં ભાગ પ્રમાણ કાળને જાણે છે. ભાવ અપેક્ષા અસંખ્યાત લોકપ્રમાણ ભાવોને જાણે છે. આ મનઃપર્યયજ્ઞાન પરમ સંયમના ધારક ઋદ્ધિધારી મુનિને હોય છે.

ઋજુમતિ વિશુદ્ધ છે અને વિપુલમતિ વિશુદ્ધતર છે. તથા ઋજુમતિ પ્રતિપાતિ છે અને વિપુલમતિ અપ્રતિપાતિ છે. માટે ઋજુમતિવાળા ચ્યુત ન થાય તો તે ભવે જ મોક્ષ પ્રાપ્ત કરી શકે છે અને જો ચ્યુત થાય તો એક ભવ મનુષ્યનો વધુ ધારણ કરે. જ્યારે વિપુલમતિવાળા તદ્ભવ મોક્ષગામી હોય છે.

આ ચારેય સુજ્ઞાન—મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય ક્ષાયોપશમિકભાવરૂપ છે. તેઓ વર્તમાનમાં પણ સુખના કારણ છે તથા આગામી સંસારસુખના તથા મોક્ષ સુખના કારણ છે.

મતિ, શ્રુત, અવધિ આ ત્રણ જ્ઞાન તો ચોથા અસંયમ ગુણસ્થાનથી લઈને ૧૨માં ગુણસ્થાન ક્ષીણકષાય પર્યન્ત હોય છે અને માર્ગણામાં **ગતિ**—૪, **જાતિ**—પંચેન્દ્રિય, **કાય**—ત્રસ, **યોગ**—૧૫, **વેદ**—૩, અપગત્ **કષાય**—અનંતાનુબંધી ચાર સિવાય ૨૧, અકષાય. **જ્ઞાન**—સ્વકીય, **સંયમ**—૭, **દર્શન**—કેવલ વિના ૩, **લેશ્યા**—૬, **ભવ્ય**—૧, **સમ્યક્ત્વ**—ક્ષાયોપશમિક, ક્ષાયિક, ઔપશમિક ૩, **સંજ્ઞી**—૧, **આહાર**—અહારાક-અનાહારક-૨ આમાં હોય છે.

અને મનઃપર્યયજ્ઞાન છઠ્ઠા પ્રમત્ત ગુણસ્થાનથી લઈને બારમાં ક્ષીણ કષાય સુધી સાત ગુણસ્થાનો સુધી હોય છે. અને માર્ગણામાં **ગતિ**—મનુષ્ય, **જાતિ**—પંચેન્દ્રિય, **કાય**—ત્રસ, **યોગ**—૯(ચાર મનોયોગ, ચાર વચનયોગ, ઔદારિક કાયયોગ), **વેદ**—પુરુષ, **કષાય**—સંજ્વલન ચતુષ્ક અને હાસ્યાદિ સાત[1] **જ્ઞાન**—સ્વકીય, **સંયમ**—સામાયિક, છેદોપસ્થાપના, સૂક્ષ્મ સાંપરાય, યથાખ્યાત, **દર્શન**—કેવલ દર્શન વિના—૩, **લેશ્યા**—પીત, શુક્લ-૩, **ભવ્ય**—૧, **સમ્યક્ત્વ**—ક્ષાયોપશમિક, ક્ષાયિક-૨, **સંજ્ઞી**—૧, **આહાર**—અહારક-૧ આમાં હોય છે.

આમ ભાવદીપિકા ગ્રંથના ક્ષાયોપશમિકભાવ અધિકારમાં બીજા ચાર સુજ્ઞાન ક્ષાયોપશમિક ભાવાન્તકારાધિકાર પૂર્ણ થયો.

---

૧. આઠમા ગુણસ્થાનથી દશમા ગુણસ્થાન સુધી યથાયોગ્ય સમજવું.

# ૫

# (૩) ક્ષાયોપશમિક દર્શનભાવ અન્તરાધિકાર

મંગલાચરણ

(દોહા)

दर्शनावरण अति दुष्ट है, सर्व कर्म में वीर।
ढके ज्ञान सामान्य को, ताहि निन्दूँ धरी धीर॥

ક્ષાયોપશમિક દર્શનભાવ અધિકાર લખે છે—દર્શનાવરણ નામના કર્મના ક્ષયોપશમની અનુસાર જીવને ક્ષાયોપશમિક દર્શનભાવ હોય છે. તેના ત્રણ ભેદ છે. ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન.

પદાર્થના સામાન્ય અવલોકનનું નામ દર્શનોપયોગ છે. ચક્ષુદર્શનાવરણ કર્મના સર્વઘાતિસ્પર્ધકોનાં ઉદયથી ચક્ષુદર્શનનો અભાવ થાય છે અને ક્ષયોપશમના અનુસાર ચક્ષુદર્શન ગુણ (પર્યાય) પ્રગટ થાય છે.

આ પ્રમાણે અચક્ષુદર્શનાવરણ કર્મના ઉદયથી અચક્ષુદર્શનનો અભાવ થાય છે અને ક્ષયોપશમના અનુસાર અચક્ષુદર્શનગુણ (પર્યાય) પ્રગટ થાય છે.

તે જ પ્રમાણે અવધિદર્શનાવરણ કર્મના સર્વઘાતિસ્પર્ધકોના ઉદયથી અવધિદર્શનનો અભાવ થાય છે અને ક્ષયોપશમ અનુસાર અવધિદર્શન ગુણ(પર્યાય) પ્રગટ થાય છે. જેટલો-જેટલો પોતાના પ્રતિપક્ષી કર્મનો ક્ષયોપશમ થાય છે, તેટલો તેટલો ગુણ (પર્યાય) પ્રગટ થાય છે. ચક્ષુદર્શનાવરણ કર્મનો એકેન્દ્રિય, બેન્દ્રિય, ત્રણન્દ્રિય જીવોને તો સર્વઘાતિનો સંપૂર્ણ ઉદય હોય છે, માટે તેમને સંપૂર્ણ ચક્ષુદર્શનનો અભાવ છે અને ચૌઇન્દ્રિય, પંચેન્દ્રિય જીવોને ક્ષયોપશમ છે; માટે જેટલો-જેટલો ક્ષયોપશમ છે, તેટલો તેટલો ચક્ષુદર્શનગુણ (પર્યાય) પ્રગટ થાય છે.

અચક્ષુદર્શનાવરણ કર્મનો બધા છદ્મસ્થ જીવોને ક્ષયોપશમ છે અને જેટલો-જેટલો

ક્ષયોપશમ છે તેટલો-તેટલો અચક્ષુદર્શન પર્યાય પ્રગટ છે. માટે અચક્ષુદર્શનાવરણ કર્મના સર્વઘાતિસ્પર્ધકોનો ઉદય નથી હોતો, જો ઉદય હોય તો વસ્તુનો અભાવ થઈ જાય.

એ જ પ્રમાણે અવધિદર્શનાવરણ કર્મનો જેટલો-જેટલો ઉદય છે, તેટલો-તેટલો અવધિદર્શનનો અભાવ છે અને જેટલો-જેટલો ક્ષયોપશમ હોય છે તેટલો-તેટલો અવધિદર્શન પર્યાય પ્રગટ થાય છે. તથા એકેન્દ્રિય વિ. અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યન્ત જીવોને ઉદય જ રહે છે, ક્ષયોપશમ નથી થતો. માટે તેમને અવધિદર્શનનો અભાવ જ છે અને સંજ્ઞી પંચેન્દ્રિય જીવોમાં જેમને (અવધિદર્શનાવરણનો) સંપૂર્ણ ઉદય છે, તેમને અવધિદર્શનનો અભાવ છે અને જેમને ક્ષયોપશમ છે, તેમને ક્ષયોપશમના અનુસાર અવધિદર્શન(નો ઉઘાડ) જોવામાં આવે છે.

હવે આ ત્રણે દર્શનભાવનું સ્વરૂપ અને પ્રવૃત્તિ કહે છે—નેત્ર ઈન્દ્રિય દ્વારા પદાર્થનું સામાન્ય અવલોકન થાય છે, તે ચક્ષુદર્શન કહેવાય છે. જે નેત્ર ઈન્દ્રિય વિના ચાર ઈન્દ્રિયો દ્વારા પદાર્થોનું સમાન્ય અવલોકન થાય છે, તે અચક્ષુદર્શન કહેવાય છે. જે અવધિદર્શન દ્વારા પદાર્થોનું સામાન્ય અવલોકન થાય છે, તે અવધિદર્શન કહેવાય છે—આ પ્રમાણે ત્રણ ભાવ કહ્યાં.

ચક્ષુ-અચક્ષુ બે દર્શન તો—મિથ્યાદષ્ટિ (થી લઈને) ક્ષીણ કષાય બારમાં ગુણસ્થાન સુધી હોય છે અને માર્ગણામાં **ગતિ**—૪, **જાતિમાં**—ચક્ષુદર્શન તો ચારઈન્દ્રિય અને પંચેન્દ્રિય—બે જ જાતિમાં હોય છે અને અચક્ષુદર્શન પાંચેય જાતિમાં હોય છે. **કાયમાં**—ચક્ષુદર્શન ત્રસ કાયમાં જ હોય છે અને અચક્ષુદર્શન છયે કાયમાં હોય છે. **યોગ**—૧૫, **વેદ**—૩, **કષાય**—૨૫, ૨૩, અકષાય **જ્ઞાન**—કેવળજ્ઞાન સિવાય ૭, **સંયમ**—૭, **દર્શન**—સ્વકીય-૧, **લેશ્યા**—૬, **ભવ્ય**—ભવ્ય-અભવ્ય-૨, **સમ્યક્ત્વ**—૬, **સંજ્ઞી**—સંજ્ઞી-અસંજ્ઞી-૨, **આહાર**—આહારક-અનાહારક-૨

અવધિદર્શન ચોથા અસંયત[૧] ગુણસ્થાનથી લઈને બારમાં ગુણસ્થાનપર્યંત નવ ગુણસ્થાનોમાં હોય છે. માર્ગણામાં **ગતિ**—૪, **જાતિ**—પંચેન્દ્રિય, **કાય**—ત્રસ-૧, **યોગ**—૧૫, **વેદ**—૩, અપગત, **કષાય**—૨૫, અકષાય, **જ્ઞાન**—કેવળજ્ઞાન સિવાય ૪, **સંયમ**—૭, **દર્શન**—અવધિદર્શન, **લેશ્યા**—૬ **ભવ્ય**—ભવ્ય-૧, **સમ્યક્ત્વ**—૩, **સંજ્ઞી**—૧, **આહાર**—આહારક-અનાહારક-૨

આમ ભાવદીપિકા ગ્રંથના ક્ષાયોપશમિક ભાવાધિકારમાં ત્રીજો ક્ષાયોપશમિક દર્શનભાવ અન્તરાધિકાર પૂર્ણ થયો.

---

૧. ધવલા પુસ્તક-૨, પૃષ્ઠ-૭૪૯ પર ચોથા થી બારમા ગુણસ્થાન સુધી હોય છે. ગો.ક.કા. પૃષ્ઠ-૨૬૨ થી ૨૬૪ ગા. ૮૨૨માં મિશ્ર ગુણસ્થાન, અવધિદર્શન લીધું છે અને ગા. ૮૨૭મા અવધિદર્શનથી રહિત મિશ્ર.....નું સ્થાન.

૫

# (૪) પાંચ ક્ષાયોપશમિક લબ્ધિભાવ અન્તરાધિકાર

મંગલાચરણ

(દોહા)

લબ્ધિ અપૂરણ પંચ યે, અન્તરાય વશ હોય।
અન્તરાય કો નાશ, પ્રભુ પૂરણ ઋદ્ધિ હોય॥

હવે **પાંચ ક્ષાયોપશમિક લબ્ધિભાવ** લખીએ છીએ–

અંતરાય કર્મ પાંચ પ્રકારનું છે, તેના ક્ષયોપશમ અનુસાર જીવને પાંચ લબ્ધિ હોય છે. પાંચ લબ્ધિ અર્થાત્ પાંચ ભાવોની ઈચ્છા અનુસાર સામગ્રીની પ્રાપ્તિ થાય છે.

પાંચ ભાવો (લબ્ધિઓ)ના નામ કહે છે–દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય.

આ પાંચ ભાવોમાં જીવને ઉત્સાહ અર્થાત્ ઈચ્છા ઉત્પન્ન થાય છે. તેમાં ઉત્સાહ અનુસાર પાંચ પ્રકારથી અન્તરાયકર્મનો ક્ષયોપશમ હોય તો ઉત્સાહને અનુસાર જ (સામગ્રીની) પ્રાપ્તિ થાય છે. (જ્યારે) ઉત્સાહભાવથી અન્તરાય કર્મનો ક્ષયોપશમ ઓછો હોય, તો ઓછી (સામગ્રીની) પ્રાપ્તિ થાય છે અને ઉત્સાહથી અન્તરાયકર્મનો ક્ષયોપશમ ઘણો હોય તો પ્રાપ્તિ વધુ થાય છે અને ઉત્સાહ ભાવ અનુસાર અંતરાયકર્મનો ઉદય સામગ્રી પર હોય તો સામગ્રી (મળવામાં) વિઘ્ન થાય અથવા સામગ્રીની પ્રાપ્તિ ન થાય. ઉત્સાહભાવમાં વિઘ્ન થાય છે, માટે ઉત્સાહભાવનો સાધક અથવા બાધક અંતરંગમાં અંતરાયકર્મનો ક્ષયોપશમભાવ વા ઉદય છે અને બહારમાં આપણાં મન-વચન-કાય વા યોગ્ય સામગ્રી વા અન્ય દ્રવ્ય, ચેતન, અચેતન પદાર્થ વા ક્ષેત્ર, કાળ, ભાવ છે.

જેમ કે સિત્તેર રૂપિયા દાન કરવાનો આ જીવને મનમાં ઉત્સાહ આવ્યો, તે સમયે તેવો જ દાનાન્તરાય કર્મનો ક્ષયોપશમ હોય, તો સિત્તેર રૂપિયાનું જ દાન કરે અને દાનાન્તરાય કર્મનો ક્ષયોપશમ અધિક હોય તો અભિપ્રાય તો સિત્તેર રૂપિયા દેવાનો હતો અને બસ્સો

આપી દીધા. જો કર્મનો ક્ષયોપશમ હીન હોય તો અભિપ્રાય તો સિત્તેર રૂપિયા દેવાનો હતો અને દીધાં ઓછા અને સિત્તેર રૂપિયા દાન દેવાનો ઉત્સાહ કર્યો અને (દાન) અન્તરાયકર્મનો તે સમયે ઉદય હોય તો કાંઈપણ ન આપી શકે. તે જ રીતે દાનાન્તરાય કર્મના ક્ષયોપશમ વા ઉદય અનુસાર જ વા આપનું મન બદલી જાય તેવા વચન નીકળે, તેવા જ કાર્યમાં પ્રવર્તે, તેને અનુસાર બાહ્ય સામગ્રી જોવામાં આવે, તેની અનુસાર અન્ય ચેતન-અચેતન દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની પરિણતી થાય.

આ પ્રમાણે કોઈ જીવે હજાર ધન ઉપાર્જનનો ઉત્સાહ (ભાવ કે પ્રયત્ન) કર્યો હતો, તેની અનુસાર લાભાન્તરાય કર્મનો ક્ષયોપશમ ઉત્સાહની સમાન હોય તો સહસ્ર ધનની પ્રાપ્તિ થાય અને ક્ષયોપશમ વધારે હોય તો ઉત્સાહથી પણ વધુ પ્રાપ્ત થઈ જાય અને ક્ષયોપશમ હીન હોય તો ઓછું પ્રાપ્ત થાય અને તે જ સમયે લાભાન્તરાય કર્મનો ઉદય હોય તો કાંઈપણ પ્રાપ્ત ન થાય. તેની અનુસાર બાહ્યમાં પોતાના મન, વચન, કાયાનું પ્રવર્તન હોય, તેવી જ સામગ્રી હોય, તેવી જ અન્ય દ્રવ્ય ચેતન-અચેતન પદાર્થ વા ક્ષેત્ર, કાળ, ભાવની પરિણતિ થાય.

તે જ રીતે ભોગ, ઉપભોગ, વીર્યભાવનાં ઉત્સાહની પ્રાપ્તિ—અપ્રાપ્તિ જાણવી અને દાનાદિની ઈચ્છા છે, તે મોહજન્ય છે. મોહકર્મને વશીભૂત થઈને સંસારી જીવ દાનાદિની ઈચ્છા કરે છે. તે ઈચ્છાનુસાર દાનાદિ કાર્ય બની જાય તો સુખ માને છે અને ઈચ્છાનુસાર દાનાદિ કાર્ય ન બને તો દુઃખ માને છે અને કાર્યનું બનવું, ન બનવું અંતરાયકર્મના ક્ષયોપશમના અનુસાર છે. આ પ્રમાણે સંસારી જીવ મોહને વશીભૂત થઈને વ્યર્થ જ દાનાદિની ઈચ્છા કરીને સુખી-દુઃખી થાય છે. એટલા માટે જ જે સમ્યગ્જ્ઞાની છે, તેઓ પાંચ ક્ષયોપશમની લબ્ધિઓની પ્રાપ્તિ-અપ્રાપ્તિમાં હર્ષ-વિષાદ નથી કરતા અને જે મિથ્યાદૃષ્ટિ છે, તેઓ આ પાંચ લબ્ધિઓનો ઉત્સાહ/પ્રયત્ન કરી-કરીને તેમની પ્રાપ્તિ-અપ્રાપ્તિમાં હર્ષ-વિષાદ કરીને સુખ-દુઃખને પ્રાપ્ત થાય છે.

આ પાંચેય ક્ષયોપશમ લબ્ધિઓનાં અંતરાય કર્મના ક્ષયોપશમના અનુસાર અસંખ્યાત લોકપ્રમાણ ભેદ છે. આ પાંચેય ક્ષયોપશમ લબ્ધિભાવ પોત-પોતાના પાંચ અંતરાયકર્મના અનુસાર બધા જીવોને ક્ષીણકષાય બારમા ગુણસ્થાનપર્યંત બધી અવસ્થાઓમાં પ્રાપ્ત હોય છે. અને બધા, કેવલજ્ઞાન-કેવલદર્શન વિના માર્ગણાસ્થાનોમાં (જોવા મળે છે) પ્રાપ્ત હોય છે.

આમ શ્રી ભાવદીપિકા ગ્રંથના ક્ષાયોપશમિક ભાવાધિકારમાં ચોથો પાંચ-લબ્ધિ ભાવાન્તરાધિકાર પૂર્ણ થયો.

# ૫

# (૫) ક્ષાયોપશમિક સમ્યક્ત્વભાવ અન્તરાધિકાર

મંગલાચરણ

(દોહા)

વેદક સમ્યક્ ભાવ સે, ધરિ મુનિવ્રત શુદ્ધ ભાવ।
જીત લિયે સર્વ કર્મ અરિ, ઉન્હેં નમું શિવરાવ॥

હવે **ક્ષાયોપશમિક સમ્યક્ત્વભાવ અધિકાર લખે છે—**

મિથ્યાત્વ અને સમ્યક્-મિથ્યાત્વ કર્મના નિષેકનો પ્રદેશ ઉદય થઈને ખરી જવું, તેને જ ક્ષય કહે છે અને સત્તામાં સ્થિત જે મિથ્યાત્વ-મોહનીય અને મિશ્ર મોહનીયનું દ્રવ્ય (નિષેક) તે ઉપશાંત રહે છે. ઉપશાંત અર્થાત્ ઉદીરણા થઈને ઉદયમાં નથી આવતું અને દેશઘાતી સમ્યક્ત્વ પ્રકૃતિ મિથ્યાત્વનો ઉદય થાય છે, ત્યારે ક્ષાયોપશમિક સમ્યક્ત્વ ભાવ જીવને ઉત્પન્ન થાય છે. તે ભાવથી જિનેન્દ્રકથિત જે જીવાદિ તત્ત્વ, તેમનામાં રુચિ/શ્રદ્ધા થાય છે, પ્રતીતિ થાય છે.

જેમ સર્વજ્ઞભાષિત જીવાદિ દ્રવ્યોના છ પ્રકાર કહ્યા અને અસ્તિકાયના ભેદથી પાંચ પ્રકાર, તત્ત્વોના ભેદથી સાત પ્રકાર વા અર્થ/પદાર્થના ભેદથી નવ પ્રકાર છે. તેમજ તેમના દ્રવ્ય-ગુણ-પર્યાયનું જેવું સ્વરૂપ કહ્યું, તેવું શ્રદ્ધાન કરે છે. તેવું જ જાણે છે અને તે રૂપે તેમનામાં પ્રવૃત્તિ કરે છે. અહીં દર્શનમોહની સમ્યક્ત્વ મોહનીય પ્રકૃતિનો ઉદય છે. તેનાથી મૂળ તત્ત્વ શ્રદ્ધાનનો અભાવ તો નથી થઈ શકતો; પરંતુ શ્રદ્ધાનમાં ચલ-મલ-અગાઢ આવા ત્રણ દોષ લાગે છે. તે દોષોની તારતમ્યતા કેવલજ્ઞાનગમ્ય છે; પરંતુ તેમની દશા છદ્મસ્થને દેખાડવા માટે દૃષ્ટાંત દ્વારા સિદ્ધાન્ત શાસ્ત્રોમાં જે કહેવામાં આવ્યું છે, તે જ કહે છે.

જેમ કે પોતા દ્વારા બનાવેલ જિનમંદિર, જિનપ્રતિમા વા શાસ્ત્ર વા પોતાના સગા–સંબંધી–પિતા વિ. મુનિ થયા હોય, તેમના પ્રત્યે ભક્ત્યાદિ સારી રીતે કરે છે અને મનમાં

એમ જાણે છે કે આ મારાં છે અને બીજા દ્વારા બનાવેલ જિનમંદિર, જિનપ્રતિમા, શાસ્ત્ર વા બીજા મુનિઓમાં પ્રીતિભાવ ભક્ત્યાદિ ઓછી હોય, તેમને એવા માને છે કે આ અન્ય છે. આ પ્રમાણે ભ્રાંતિનો ભાવ ઉત્પન્ન થાય છે અને મટે છે. જેમ પાણીમાં ઉત્પન્ન કલ્લોલો પાણીમાં જ રહે છે, બીજે નથી જતાં, તે જ રીતે સમ્યકૃત્વના સાધક ધર્મ પદાર્થોમાં જ વિકલ્પ ઉત્પન્ન થાય છે અને નષ્ટ થઈ જાય છે અને મિથ્યાત્વના સાધક પદાર્થોમાં ભ્રાંતિ ઉત્પન્ન નથી થતી, જો થાય છે તો અનાચાર થાય છે, સમ્યકૃત્વ નષ્ટ થઈ જાય છે. આવો ચલ દોષ જાણવો.

મળદોષ પચ્ચીસ પ્રકારના છે—**આઠ મળ દોષ**—શંકા, કાંક્ષા, વિચિકિત્સા, મૂઢદષ્ટિ, અનુપગૂહન, અસ્થિતિકરણ, અવાત્સલ્ય, અપ્રભાવના, **આઠ મદ દોષ**—કુળમદ, જાતિમદ, રૂપમદ, ઐશ્વર્યમદ, લાભમદ, બળમદ, તપ મદ, વિદ્યામદ. **છ—અનાયતન**—કુદેવની સરાહના, કુદેવના ધારકોની સરાહના, કુગુરુઓની સરાહના કરવી. કુધર્મની સરાહના, કુધર્મના ધારકોની સરાહના કરવી. ત્રણ મૂઢતા—દેવમૂઢતા, ગુરુમૂઢતા, લોક(સમય)મૂઢતા—આ પચ્ચીસ દોષો છે. આ દોષો ધર્મ પ્રકરણમાં ઉત્પન્ન થાય છે.આ જ સમ્યકૃત્વના અતિચાર છે, તેને કહે છે—જ્યાં જીવાદિ તત્ત્વોમાં સંશય ઉત્પન્ન થાય, તેમનું સ્વરૂપ, તેમની પ્રવૃત્તિ વા તેમાં હેય-ઉપાદેય—ત્યાગ/ગ્રહણ ફળ વિ. કહે છે. "તેઓ આવા જ છે, અન્ય સ્વરૂપે નથી". આવો સંદેહ ઉત્પન્ન થઈને પછી નષ્ટ થઈ જાય છે, તેને **શંકા નામનો દોષ** કહે છે.

અને જ્યાં એવો ભાવ ઉત્પન્ન થાય કે આ ધર્મના પ્રસાદથી મને લક્ષ્મી વા સુંદર સ્ત્રી વા પુત્રાદિ પણ પ્રાપ્ત થાવો. મારા શરીરનો રોગ મટી જાય, વા મારા શત્રુનો નાશ થઈ જાય વિ. આ ભવ સંબંધી વાંછા વા પરભવમાં હું દેવ થાઉં વા ઈન્દ્રપદનું સિંહાસન મેળવું, ભોગભૂમિમાં જન્મું, વા ચક્રવર્તી, નારાયણ, બળભદ્ર, કામદેવ, વિદ્યાધર વિ. પદ પામું—એવી આ ભવ—પરભવ સંબંધી સાંસારિક વાંછા, તેને **કાંક્ષાદોષ** કહે છે.

અને જે પ્રતિજ્ઞા, વ્રત, શીલ, અનશનાદિ તપ વા અણુવ્રત, મહાવ્રતના નિયમરૂપ વા સંયમરૂપ ગ્રહણ કરી હતી, તેમાં અરુચિભાવ થવો કે આ નિયમનો સમય ક્યારે પૂરો થશે? અથવા તે નિયમ, જપ, ગ્રહણ તો કરી લીધાં, હવે તેનો નિર્વાહ (પાલન) કેવી રીતે થશે? ભાર/બોજારૂપ લાગે છે. મંદિરાદિ વા પૂજા-પ્રતિષ્ઠાદિનું કે તીર્થયાત્રાનું વિ. ધર્મસંબંધી કાર્ય પ્રારંભ તો કરી લીધું અને પછીથી તે કાર્ય બોજારૂપ લાગવા માંડ્યું; અરુચિભાવથી કૃપણતા સહિત ધનાદિ ખર્ચ કરવો. જેમ-તેમ (કાર્ય) પતાવી દેવું; ચતુર્વિધ સંઘમાં રોગ, દારિદ્રાદિ થવાથી તેમની ગ્લાનિ કરવી વિ. ભાવરૂપ પ્રવર્તન કરવું, તેને **વિચિકિત્સા દોષ** કહે છે.

અને જ્યાં ધર્મકાર્ય, યથાર્થ-અયથાર્થ, યોગ્ય-અયોગ્ય, વિનય-અવિનય આ બધા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના વિવેક રહિત કરવા, તેને **મૂઢ-દષ્ટિ** કહે છે.

અને જ્યાં ચતુર્વિધ સંઘ-મુનિ, અર્જિકા, શ્રાવક, શ્રાવિકામાં કર્મ ઉદયજન્ય ઉપજેલ દોષોને જાહેર કરવા, તેને **અનૂપગૂહન દોષ** કહે છે.

મુનિ, આચાર્ય, આર્યિકા, શ્રાવક, શ્રાવિકા આમનામાં કોઈને કોઈ પ્રકારથી પણ જો ધર્મમાં શિથિલતા હોય તો તેનું કારણ જાણીને, તન-મન-વચનથી ઉપદેશાદિથી પોતાનું સામર્થ્ય હોવા છતાં પણ સ્થિર ન કરવા વા પોતાનું સામર્થ્યહીન હોય તો અન્યદ્વારા (સ્થિર) ન કરાવવા, તેને **અસ્થિતિકરણ દોષ** કહે છે.

તથા ધર્મ અને ધર્માત્મામાં પ્રીતિભાવ ન કરવો, તે **અવાત્સલ્ય દોષ** છે.

તન, મન, ધન, કષાય, વચન, જ્ઞાન, શ્રદ્ધાનથી વા તપ, સંયમાદિ પ્રવૃત્તિ સમ્યક્રૂપ કરીને પોતાને વા જિનમતને ઊંચા ન દેખાડવા વા તન, મન, વચન, ધન, કષાય, જ્ઞાન, શ્રદ્ધાન, તપ, સંયમાદિની મિથ્યા—પ્રતીતિ દ્વારા પોતાને વા જિનમાર્ગને હીન દેખાડવા, તેને **અપ્રભાવના દોષ** કહે છે.

**આઠ મદ દોષ કહે છે**—પોતે તો રાજાદિનો પુત્ર છે અને અન્ય ધર્માત્મા કોઈ અન્ય મનુષ્યના પુત્ર છે વા શુદ્રકુળનાં છે; પરંતુ શ્રદ્ધાન, જ્ઞાન, તપ, સંયમાદિમાં પોતનાથી શ્રેષ્ઠ છે, કુળ-મદના જોરને કારણે તેનો વિનય-સત્કાર વિ. ન કરવો, તેને **કુળમદ** કહે છે.

આ પ્રમાણે પોતે મોટા રાજાઓનો દોહિત્ર (સંબંધી) છે, આ કારણે પોતાથી અધિક ગુણવાન (વ્યક્તિ)ને સામાન્ય જાતિ વા શુદ્રકુળના જાણીને તેમનો વિનય-સત્કાર ન કરવો, તેને **જાતિમદ** કહે છે.

આ પ્રમાણે પોતે રૂપવાન છે અને અન્ય પોતાથી અધિક ગુણવાન છે, પરંતુ રૂપહીન છે, તેમને હીન જાણવા, પોતાને મોટો માનવો, તેને **રૂપમદ** કહે છે.

તથા સ્વયં ઐશ્વર્યવાન છે, રાજ્ય લક્ષ્મીયુક્ત છે, જ્યારે અન્ય પોતાથી અધિક ગુણવાન છે, પણ ઐશ્વર્યહીન છે વા ધનાદિથી રહિત છે, તેમનો વિનય-સત્કારાદિ ન કરવો, તેએ **ઐશ્વર્યમદ** કહે છે.

અને સ્વયં પૂર્વપુણ્યના ઉદયથી અનેક પ્રકારનો અલભ્યનો લાભ પ્રાપ્ત થાય છે અને અન્ય પોતાથી અધિક ગુણવાનને પૂર્વપાપનાં ઉદયથી અનેક પ્રકારના અલભ્યનો લાભ નથી થતો તેમને દુર્ભાગી જાણે છે અને પોતાને ભાગ્યવાન જાણે છે. તેને કટુવચન કહેવા તે **લાભમદ** છે.

તેમજ પોતાના શારીરિક બળ, રાજ્યબળ, કુટુંબબળ, લક્ષ્મીબળ વિ. સાત પ્રકારના બળ હોય છે, તેના મદથી ગુણવાન ધર્માત્માનો પરાભવ કરવો તેને **બળમદ** કહે છે.

તથા સ્વયં અનેક તપોમાં પ્રવર્તે છે, પરંતુ અન્ય ધર્માત્મામાં તપ વિ. ઓછા જોવામાં આવે વા ન જોવામાં આવે તે કારણે તેમને હીન માનવા અને પોતાને અધિક માનવા, તેને **તપ-મદ** કહે છે.

પોતે અનેક શાસ્ત્રોના પાઠી છે અને અન્ય ધર્માત્માનું શાસ્ત્રજ્ઞાન સામાન્ય મામુલી છે, ત્યાં પોતાને મહંત માનવા અને તેમને હીન માનવા, તેને **વિદ્યામદ** કહે છે.

**હવે છ અનાયતનનું સ્વરૂપ કહે છે** : દેવભાવથી રહિત વિપરીત સ્વરૂપના ધારક એવા જે કુદેવ, તેમની પ્રશંસા કરવી "કેવા રૂપ શ્રૃંગારાદિ કર્યા છે, કેવી લક્ષ્મીથી યુક્ત છે, કેવા અંગોપાંગ છે, કેવા મુગટ-કુંડલ-હાર-ભૂજાબંધ પહેર્યા છે અને પૂજવાવાળાઓની બધી ઈચ્છા પૂર્ણ કરે છે. ઘણા રાજાદિ દ્વારા સેવિત છે" વિ. પ્રશંસા કરવી, તેને દેવ-અનાયતન દોષ જાણવો.

કુદેવના સેવકોને પ્રશંસવા. "જુઓ તેમને બહુ ભક્તિ છે; તન, મન, ધન, વચન, ઘર, કુટુંબાદિ ન્યોછાવર કર્યા છે, હંમેશા ભજનમાં જ નિમગ્ન રહે છે, તેમના જેવા કોઈ બીજા પુરુષ નથી."—વિ. રીતે પ્રશંસા કરવી, તેને **કુદેવઆરાધક—અનાયતન દોષ** જાણવો.

તથા અનેક પ્રકારના વેશધારી એવા કુલિંગી પોતાને ગુરુ તરીકેની મોટાઈ ધરીને બેઠા છે, જગતથી પૂજાય છે, જગત(ના જીવોને) ધન-વૈભવાદિ વા ધર્મને ઠગવાવાળા, માનરૂપી પર્વતના શિખર પર આરૂઢ, પર્વતના અનેક પ્રકારે માયા કરવાવાળા, ક્રોધરૂપી અગ્નિના પૂંજ, તેમને પ્રશંસે છે—"એઓ બહુ વિદ્યાવાન છે, તપસ્વી-ત્યાગી છે, નિર્મોહી છે, શીલવાન છે, હિંસા રહિત છે, અયાચક છે, અનેક પ્રકારના ચમત્કારનાં ધારક છે, લક્ષ્મીવાન છે, મહંત છે" વિ. ગુણોમાં કોઈ એક, બે, ગુણ બાહ્યદૃષ્ટિએ જોઈને, તેના માધ્યમથી પ્રશંસા કરે છે, તેને **કુગુરુ અનાયતન દોષ** કહે છે.

અને તેમના સેવકોને પ્રશંસવા—"એઓ તેમની ખૂબ ભક્તિ કરે છે, તેમના માટે ધનાદિ ખર્ચે છે, ઘણા ફળને (લાભને) પામશે"—વિ. રૂપે પ્રશંસા કરવી, તેને **કુગુરુ ધારક—અનાયતન દોષ** કહે છે.

તેમજ કુધર્મને પ્રશંસવો "બધા જ ધર્મનું સેવન કરવાથી તે સારાં ફળને આપે છે વા ધર્મમાં તે સારો માર્ગ છે વા ધર્મમાં તે સદાયે પ્રવર્તે છે, શ્વેતામ્બરાદિના પણ સંવત્સરી વિ. ધર્મ છે, ઢૂંઢિયા મતમાં, ધન નથી રાખતા, શીલ પાળે છે, જીવોની દયા પાળે છે, ભિક્ષા માંગીને ભોજન કરે છે, તેમાં (પોતાનું) માન-અપમાન નથી માનતા—વિ. કુધર્મની પ્રશંસા કરવી; તેને **કુધર્મરૂપ અનાયતન દોષ** કહે છે.

પૂર્વે કહેલ અનેક પ્રકારના ધર્મને સેવવાવાળા પુરુષ તેની પ્રશંસા કરવી, તેને **કુધર્મધારક અનાયતન દોષ** કહે છે.

હવે **ત્રણમૂઢતા દોષ કહે છે**—દોષી-નિર્દોષી બધા દેવ સમાન જાણવા, કાંઈ વિચાર નહીં, જેમકે દિગંબર આમ્નાયના પ્રતિબિંબ અને શ્વેતામ્બર આમ્નાયના પ્રતિબિંબ વા મંદિર સમાન જાણવા, બધાને વંદન કરવા. વિ. વિવેક રહિત દેવમાં પ્રવૃત્તિ કરવી, તે **દેવમૂઢતા નામનો દોષ** કહેવાય છે.

અને અઠ્યાવીસ મૂળગુણોના ધારક પરમ દિગંબર મુનિ અને કુલિંગના ધારક પાખંડી, તેમને સમાન જાણવા. વિનય-સત્કારાદિ કરવો, તે **ગુરુમૂઢતા નામનો દોષ** કહેવાય છે.

તથા બધા શાસ્ત્રોને સમાન માનવા, યથાર્થ, અયથાર્થનો વિવેક ન કરવો, આમ્નાય-કુઆમ્નાયનો વિવેક ન કરવો, ધર્મ-કુધર્મનો વિવેક ન કરવો, તત્ત્વ-કુતત્ત્વનો વિવેક ન કરવો, જે શાસ્ત્રને સંસ્કૃત વા પ્રાકૃત ભાષા દ્વારા રચિત જોયાં વા મોટા પૃષ્ઠોમાં સુંદર અક્ષરો દ્વારા લખેલાં જોયાં, સુંદર રીતે સજાવેલ જોયાં—વિ. અતિશય જોઈને (તેમને મહાન માનવા—તે શાસ્ત્રમૂઢતા છે.) તથા વક્તાને મોટા પંડિત સમજીને, સંસ્કૃત-પ્રાકૃતના-ન્યાયના જ્ઞાતા સમજીને, મોટી ગાદી કે સિંહાસનપર બેઠેલા જોઈને, ખૂબ શબ્દાડમ્બર, લલિત વાણી સહિત જોઈને—વિ. અતિશય સહિત જોઈને (તેને મહાન માનવા તે વક્તામૂઢતા છે.)

જે આમ્નાયમાં ખૂબ ધન ખર્ચવામાં આવે છે, બહુ પંડિતો જોવામાં આવે છે, પરસ્પરમાં બહુ ચર્ચા પણ જોવામાં આવે છે, બહુ તપ-સંયમાદિ જોવામાં આવે છે, બહુ ગાન-નૃત્ય-વાજિંત્રાદિથી ભક્તિ કરતાં જોવામાં છે વા બહુ મનુષ્યોની ભીડ જોવામાં આવે છે વિ. અતિશયસહિત જોઈને (તેને મહાન માનવામાં આવે છે, તેને મૂઢતા કહે છે) અને અનેક પ્રકારની વિષય-કષાયની પોષક ધાર્મિક પ્રવૃત્તિ જોઈને, જે ધાર્મિક પ્રવૃત્તિમાં પાંચ ઇન્દ્રિયોના વિષય સેવન કરવા અને તેને ધર્મ કહેવો, આવો વિષયપોષક ધર્મ અને તે ધાર્મિક પ્રવૃત્તિમાં ક્રોધ-માન-માયા-લોભનું પોષણ કરવું, છ હાસ્યાદિ કષાયના કાર્ય પ્રગટ થાય છે, ત્રણે વેદોની મુખ્યતા હોય, કોઈ કુશીલનું સેવન હોય, આવી કષાય-પોષક ધાર્મિક પ્રવૃત્તિ અને કોઈ પચીસ તત્ત્વના સાધક, કોઈ સોળ તત્ત્વનાં, કોઈ છ તત્ત્વ કે કોઈ ચાર ત્રણ, બે, એક તત્ત્વના સાધક એવા મતોને જોઈને વા તેમને ઘણા રાજાદિ મનુષ્યોમાં સન્માનિત જોઈને વા પોતાના કુળામ્નાયમાં માને છે વા કોઈ ચમત્કારાદિ જોઈને વા લજ્જા (શરમ), ભયાદિ કષાય, યશ, બઢતી વિ. દ્વારા તેમને અને જેવા જૈનશાસ્ત્ર વા જેવા જૈન વક્તા વા જેવા જૈનામ્નાય વા જેવો જૈનધર્મ વા જૈન (સર્વજ્ઞ) ભાષિત જીવાદિ તત્ત્વ વિ. સમાન જાણવા તેને **સમયમૂઢતા** કહે છે.

**અગાઢ નામક દોષ કહે છે**—બધા તીર્થંકર અનંત શક્તિના ધારક છે, તેમને

હીનાધિક જાણવા; જેમ કે—"શાંતિનાથ શાંતિના કર્તા છે. વિઘ્ન હરવામાં પાર્શ્વનાથ સમર્થ છે"—આવું શિથિલતાયુક્ત શ્રદ્ધાન હોય છે. જેમકે—વૃદ્ધ મનુષ્યના હાથની લાકડી કંપે છે, પરંતુ છૂટતી નથી. તેવી રીતે સમ્યક્ત્વ મોહનીય કર્મના ઉદયથી શ્રદ્ધાન શિથિલ થાય છે, પરંતુ છૂટતું નથી. તેને **અગાઢ દોષ** કહે છે.

આ પ્રમાણે કહેવામાં આવેલ જે ચળ, મળ, અગાઢ દોષ તેઓ સમ્યક્ત્વ મોહનીય કર્મના ઉદયથી ઉત્પન્ન થાય છે. તેમને તત્ત્વજ્ઞાનના બળથી અભાવ કરી દે છે અને સત્ય પ્રતીતિરૂપ પર્યાય પ્રગટ થાય છે. દેવ-ગુરુ-શાસ્ત્ર, ધર્મ, આપ્ત, પદાર્થ આદિ મોક્ષના મૂળ કારણભૂત પદાર્થોમાં સંદેહ થાય છે, તેમને દેવ-શાસ્ત્ર-ગુરુના પ્રસાદથી નિવારણ કરે છે અને દિન-પ્રતિદિન જેને સમતાભાવ વધતો જાય છે તથા સ્વ-પરના વિચારમાં કોઈ પ્રકારનો ભ્રમ નથી થતો અને નષ્ટ થઈ ગયો છે જેમને સમસ્ત પ્રપંચભાવ તથા એવી સરળતા પ્રાપ્ત થઈ ગઈ છે. એવો સમ્યક્ત્વભાવ (સમ્યગ્દર્શનરૂપભાવ) અષ્ટ અંગો સહિત હોય છે તે આઠ અંગોને કહે છે—નિઃશંકિત, નિઃકાંક્ષિત, નિર્વિચિકિત્સા, અમૂઢદૃષ્ટિ, ઉપબૃહણ અથવા ઉપગૂહન, સ્થિતિકરણ, વાત્સલ્ય, પ્રભાવના.

**હવે સમ્યક્ત્વના આઠ અંગોનું સ્વરૂપ કહે છે**—સર્વજ્ઞ દેવ દ્વારા ભાષિત જે જીવ વિ. તત્ત્વ, તેમનું સ્વરૂપ વા અનેક પ્રકારથી દ્રવ્ય-ગુણ-પર્યાયો દ્વારા વસ્તુઓનું સ્વરૂપ, તેમાં પણ સૂક્ષ્મ-અન્તરિત-દૂરવર્તી—આ ત્રણ પ્રકારના પદાર્થોમાં જે છદ્મસ્થોની ઇન્દ્રિયોને અગોચર છે, તેને સૂક્ષ્મ કહે છે અને જે ભૂતકાળમાં થઈ ગયા કે ભવિષ્યમાં થશે, તેમને અન્તરિત કહે છે અને જે દૂર ક્ષેત્રવર્તી વર્તમાનમાં છે અને પોતાને જોવામાં નથી આવતા, એવા મેરૂ વિ.ને દૂરવર્તી કહે છે. હેય અર્થાત્ ત્યાગવામાં ઉપાદેય અર્થાત્ ગ્રહણ કરવામાં વા સુખ-દુઃખના કારણોમાં વા સંસાર-મોક્ષના કારણોમાં વિ. પદાર્થોમાં સંશય નથી કરતા, જે સર્વજ્ઞે કહ્યું છે તે સત્ય છે; કારણ કે સર્વજ્ઞ બધાને જાણતા હોવાથી અને વીતરાગ હોવાથી અસત્ય નથી કહેતા, તેને **નિઃશંકિત અંગ** કહે છે.

તથા ધર્મસેવનનાં દ્વારા આભવ, પરભવ સંબંધી સાંસારિક સુખાદિની વાંછા જેને નથી, પરંતુ (જે) માત્ર મોક્ષને માટે જ (ધર્મ) સેવન કરે છે, તેને **નિઃકાંક્ષિત અંગ** કહે છે અને ધર્મના જે અંગનું સેવન કરે છે, તેનું ઉત્સાહિત ભાવોથી સેવન કરે અને ધર્માત્માઓનો જે ચતુર્વિધ સંઘ, તેમાં અનેક પ્રકારના દારિદ્ર-રોગાદિને જોઈને ગ્લાનિ નથી કરતા, બલ્કે તેમની ભક્તિ કરે છે, તેને **નિર્વિચિકિત્સા અંગ** કહે છે. તેમજ જે ધર્મની પ્રવૃત્તિ કરે છે, તેને વિવેકપૂર્વક શાસ્ત્ર અનુસાર કરે છે, તેને **અમૂઢદૃષ્ટિ અંગ** કહે છે.

પોતાના આત્મધર્મને વધારે તેને ઉપબૃહણ અંગ કહે છે વા બીજાના દોષો ઢાંકવા, તેને **ઉપગૂહન અંગ** કહે છે.

સ્થિતિકરણના બે ભેદ છે—જો પોતાના પરિણામ ધર્મથી ડગતા હોય તો તેમને શાસ્ત્રોક્ત જ્ઞાન દ્વારા અનુપ્રેક્ષાદિનું ચિંતવન કરીને પોતાને ધર્મથી ન ડગવા દે, તે **સ્વ-સ્થિતિકરણ** છે અને અન્યજીવોને ધર્મથી ડગતા જોઈને તેમને જે પ્રકારે બને તે પ્રકારથી તેમના ચિત્તમાં સમાધાન કરાવી, (તેમને) ધર્મમાં સ્થિર કરવા, તેને **પર-સ્થિતિકરણ અંગ** કહે છે.

અને ધર્મ-ધર્માત્માઓથી અતિ પ્રીતિ રાખવી, તેને **વાત્સલ્ય અંગ** કહે છે.

પ્રભાવનાના બે પ્રકાર છે—જ્યાં પોતાને સર્વપ્રકારથી ઉંચા દેખાડે, કોઈપણ પ્રકારથી નીચા ન દેખાડે, તેને આત્મપ્રભાવના કહે છે અને જિનમાર્ગને ઉંચો દેખાડે, તેને માર્ગ **પ્રભાવના અંગ** કહે છે.

આ રીતે આઠ અંગોથી સહિત છે અને ધનને વિનાશિક જાણીને, સાત ક્ષેત્રોમાં નિરંતર ખર્ચ કરે છે, અન્ય દેવોથી પૂજ્ય, સર્વ દેવોના દેવ એવા જિનેન્દ્રદેવ તેમને છ પ્રકારથી અષ્ટ દ્રવ્યો દ્વારા ભક્તિ સહિત પૂજે છે. તે છ પ્રકાર છે—નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ.

તેમને નામથી પૂજે છે, નામનું ઉચ્ચારણ કરીને પુષ્પાંજલિ ક્ષેપણ કરે છે, નમસ્કાર કરે છે, તેમના નામનો જાપ કરે છે, ધ્યાન કરે છે—વિ. નામથી પૂજે છે.

જે કૃત્રિમ-અકૃત્રિમ પ્રતિમાઓ છે, તેને અષ્ટ દ્રવ્યોથી પૂજે છે, નમસ્કાર કરે છે, વંદના કરે છે, સ્તવન કરે છે, જપ કરે છે, ચિંતવન કરે છે—વિ. દ્વારા તેમની સ્થાપના કરેલ પ્રતિમાને પૂજે છે. તથા ગૃહસ્થાવસ્થામાં રહેવાવાળા તીર્થંકર, તેમના દ્રવ્યને પૂજ્ય કહે છે. તેમને યથાવિધિથી પૂજે છે, તેમની નજીક જાય છે, (તેમને) નમસ્કાર કરે છે, તેમના સેવક થાય છે, તેમના ગુણોના અનુરાગી થાય છે.

અને જે ક્ષેત્રમાં તેમના ગર્ભાદિ પંચકલ્યાણક થયાં છે, તે ક્ષેત્રને અષ્ટ દ્રવ્યોથી પૂજે છે અથવા તે ક્ષેત્રમાં તેમને પૂજે છે તથા જે કાળમાં તેમના ગર્ભાદિ પંચકલ્યાણક થયા છે, તે કાળને અષ્ટદ્રવ્યોથી પૂજે છે વા તે સમયમાં તેમને પૂજે છે.

તેમ જ જે કાળમાં જ્ઞાનાવરણાદિ ચાર ઘાતિયા કર્મોનો નાશ કરીને અનંત ચતુષ્ટયરૂપ શક્તિના ધારક છે, સમવસરણ લક્ષ્મી સહ છે, ગંધકુટીની મધ્ય સિંહાસન પર કમળ પર અંતરિક્ષમાં બિરાજમાન છે, કલ્યાણરૂપ મોક્ષ તેના માર્ગનો ઉપદેશ આપે છે, તેઓ ભાવપૂજ્ય છે, તેમને અષ્ટદ્રવ્યોથી પૂજે છે, નમસ્કાર કરે છે, વંદના કરે છે, સ્તવન કરે છે, જાપ કરે છે, ધ્યાન કરે છે—આ છ પ્રકારથી જિનેન્દ્રદેવની ભક્તિ કરીને પૂજે છે.

તથા તીર્થંકરના જે-જે ક્ષેત્રોમાં ગર્ભાદિ પંચકલ્યાણક થયાં છે, તે ક્ષેત્રોમાં ચતુર્વિધ સંઘ સહિત જઈને પૂજન કરે છે, તેમાં પૂજનાદિમાં, દાનાદિમાં બહુ ધન ખર્ચે છે, હર્ષ સહિત સંપૂર્ણ વિધિ સહિત જિનમંદિર બનાવે છે અને યથોક્ત જિનબિંબ બિરાજમાન કરે છે તેમજ યથાવિધિથી પ્રતિષ્ઠા કરે છે, ચતુર્વિધ સંઘને બોલાવીને તેમની સાક્ષી સહિત જે ભગવાનની પ્રતિમામાં સ્થાપના કરવી હોય, તેમના નામ સહિત સ્થાપિત કરે છે. તે દિવસથી પ્રતિબિંબમાં સ્વ-પણું ધારે છે આ અમારા પ્રતિબિંબ છે. જ્યારે ઈચ્છા થાય તો તે પ્રતિબિંબને ભાવ-તીર્થંકરતુલ્ય જાણીને ભક્ત્યાદિ બધી ક્રિયા ભાવપૂજાની જેમ કરે છે, તેમાં ખૂબ ધન ખર્ચે છે.

## ચાર પ્રકારની દત્તિ (દાન)

ચાર પ્રકારની દત્તિને દર્શાવે છે–પાત્રદત્તિ, સમદત્તિ, દયાદત્તિ, સર્વદત્તિ–આ ચાર દત્તિના માધ્યમથી ધન ખર્ચવું, આ રીતે પૂજા, પ્રતિષ્ઠા, તીર્થયાત્રા અને ચાર પ્રકારની દત્તિ, આ સાત સ્થાનોમાં ધન ખર્ચવાનું કહ્યું છે.

**પ્રથમ પાત્રદત્તિ** કહે છે—જગતમાં પાત્ર ત્રણ પ્રકારના છે–સુપાત્ર, કુપાત્ર અને અપાત્ર. જે સમ્યક્ત્વ અને સંયમાદિ સહિત હોય, તેને સુપાત્ર કહે છે. તેમનાં ત્રણ ભેદ છે–ઉત્તમ, મધ્યમ, જઘન્ય. તેમાં ઉત્તમ પાત્ર તો અઠ્યાવીસ મૂળગુણોના ધારક વનવાસી મુનિરાજ છે અને મધ્યમ પાત્ર દેશવ્રતી પ્રથમ પ્રતિમાથી લઈને અગ્યારમી પ્રતિમાના ધારક સુધી અને જઘન્ય પાત્ર વ્રતથી રહિત સમ્યગ્દૃષ્ટિ શ્રદ્ધાની સમ્યગ્જ્ઞાની છે.

ઉત્તમ પાત્રના ત્રણ ભેદ છે–ઉત્કૃષ્ટ, મધ્યમ, જઘન્ય. તેમાં ઉત્કૃષ્ટ પાત્ર તો શ્રી તીર્થંકર દેવ, મધ્યમ પાત્ર શ્રી ગણધરદેવ વા સંઘનાયક આચાર્યદેવ અને જઘન્ય પાત્ર સર્વ મુનિરાજ.

મધ્યમ પાત્રના ત્રણ ભેદ છે–ઉકૃષ્ટ, મધ્યમ, જઘન્ય. તેમાં ઉત્કૃષ્ટ મધ્યમ પાત્ર તો દશમી, અગ્યારમી પ્રતિમાના ધારક વા આર્યિકાજી અને મધ્યમમાં મધ્યમ પાત્ર આઠમી, નવમી પ્રતિમાના ધારક, જઘન્ય મધ્યમ પાત્ર પ્રથમ પ્રતિમાથી સાતમી પ્રતિમાના ધારક સુધીના જાણવા.

તથા જઘન્ય પાત્ર પણ ત્રણ પ્રકારના છે. ઉત્કૃષ્ટ, મધ્યમ, જઘન્ય. તેમાં ઉત્કૃષ્ટ, જઘન્ય પાત્ર તો ઉદાસીન શ્રાવક; મધ્યમ જઘન્ય પાત્ર અલ્પ આરંભી અને અલ્પ પરિગ્રહી શ્રાવક અને જઘન્ય જઘન્ય પાત્ર બહુ આરંભી અને બહુ પરિગ્રહી શ્રાવક.

આ પ્રમાણે પાત્રના નવ ભેદ થયાં. તેમને આહારદાન, ઔષધિદાન, અભયદાન, અને શાસ્ત્રદાન/જ્ઞાનદાન—આ ચાર પ્રકારના દાનાદિ સહિત યથાવિધિ યથાયોગ્ય દેવાં.

તેમાં પણ મુનિ આર્યિકા અને આઠમી પ્રતિમાથી લઈને અગિયારમી પ્રતિમાના ધારક

મધ્યમ પાત્ર પર્યંત ચારેય પ્રકારના દાન દેવા, કારણ કે અહીં સુધીના તો ત્યાગી છે અને બીજાથી કાંઈ ચાહતા નથી, તેમને ભક્તિપૂર્વક યોગ્ય શુદ્ધ આહાર દેવો. રોગના નિવારણાર્થ યથાવિધિ યોગ્ય ઔષધિ દેવી. તેઓ પર ઉપસર્ગ પરિષહ આવી જાય તો તે પરિષહનું નિવારણ, જે પ્રકારે થઈ શકે તે પ્રકારે કરવું અને કમંડળ તથા પિચ્છિ આપવા અને આર્યિકા વિ. મધ્યમ પાત્રોને યોગ્ય વસ્ત્ર આપવા. તેમને સ્વાધ્યાય હેતુ શાસ્ત્ર આપવા.

અને અલ્પ આરંભી અને અલ્પ પરિગ્રહીથી લઈને સાતમી પ્રતિમાના ધારકોપર્યંતના શ્રાવકોને ચાર પ્રકારે દાન આપવું. વસ્ત્રદાન-ધનદાન, આજીવિકાદાન, ગૃહ-મંદિરાદિ દાન, સમીપમાં રાખવા, ભક્તિ તથા યથાયોગ્ય સમ્માન કરવાં—વિ. પોષણ કરવું.

બહુ આરંભી અને બહુ પરિગ્રહી શ્રાવકોને ચાર પ્રકારના દાન દેવા—વસ્ત્રાભરણ દેવા, લક્ષ્મી દેવી, ગૃહ-મંદિરાદિ દેવા, હાથી, ઘોડા, રથ, પાલખી વિ. અનેક સામગ્રી દેવી, બેટી દેવી, પાસે રાખવા, તેમને માટે તન, મન, ધન, વચન, જ્ઞાન, શ્રદ્ધાન, કષાય—આ સાત ભાવ પોતાના પદ અને પાત્ર યોગ્ય હોય તો બધા લગાવવા, ભક્તિ (યથાયોગ્ય સન્માન) કરવા; સાધર્મી માટે પ્રાણ આપવાનો અવસર આવી જાય તો ત્યાં પ્રાણ આપી દેવા. આ નવ પ્રકારનાં પાત્રોને યથાયોગ્ય ભક્તિપૂર્વક દાન-સત્કારાદિ કરવા.

ભક્તિ બે પ્રકારની છે—બહુમાન અને વિનય. પાત્રનો યથાયોગ્ય આદર-સત્કારાદિ કરવો, તેમને ઉંચા દેખાડવા તેને બહુમાન કહે છે અને પોતે તેમની સમીપ આઠ મદોને છોડીને નમ્ર વૃત્તિ રાખવી, તેને વિનય કહે છે. આ નવ પ્રકારનાં પાત્રોને દાન, સાંસારિક સુખની વાંછા રહિત કેવળ મોક્ષને માટે દેવામાં આવે છે. આ પાત્રોને ભક્તિપૂર્વક આપવામાં આવેલું દાન સ્વર્ગ-મોક્ષના સુખને પ્રાપ્ત કરાવે છે.

તથા જે સમ્યગ્દર્શન, જ્ઞાન, વ્રત, સંયમથી તો રહિત છે અને મુનિ, આર્યિકા, ઉત્કૃષ્ટ શ્રાવક, આ લિંગ અને અનેક પ્રકારના વેશ બનાવીને ખોટા તપ સંયમાદિને ધારણ કરે છે પોતાને પૂજ્ય માને છે અને દાન લેવાની ઈચ્છા નિરંતર રાખે છે, તેઓ કુપાત્ર છે. તેમને સમ્યગ્દષ્ટિ ભક્તિપૂર્વક દાન નથી આપતા, તેઓનો સત્કારાદિ મન, વચન, કાયા દ્વારા નથી કરતા. તેમનું પાલન-પોષણ પણ નથી કરતા અને જે કુપાત્રોનું કોઈપણ પ્રકારથી પાલન-પોષણ કરે છે તો તે પોતાના ધર્મ/વીતરાગી ધર્મને જલાંજલિ આપે છે. જે કુપાત્રોને ભક્તિથી દાન આપે છે, તેઓ નર્ક નિગોદમાં ડૂબી જાય છે. તેમને ધર્મની અભિલાષાથી ધર્મ જાણીને (તેમને દેવામાં ધર્મ થશે) દે છે; તે આપવામાં આવેલ દાન પાપભાવને જ ભજે છે/આપે છે.

જે સમ્યક્ત્વ—સંયમાદિ રહિત જીવ છે, તે અપાત્ર છે. તેઓમાં જે યાચકોને દાન આપે છે તે યશને માટે આપે છે. તેઓમાં ધાર્મિક બુદ્ધિ નથી રાખતા; કારણ કે જૈની કૃપણ(કંજૂસ)

નથી હોતો અને જે કૃપણ છે તે જૈની નથી; માટે જૈની બધા તત્ત્વોને જાણતો થકો પોતાના પદને યોગ્ય યથાયોગ્ય બધા પ્રકારનું દાન કરે છે. આ જ પદ્મનંદી પંચવિંશતિકા ગ્રંથમાં કહ્યું છે.

उत्कृष्ट पात्रमनगारमणुव्रताढ्यम्, मध्यं व्रतेन रहितं सुदृशं जघन्यम् ।
निर्दर्शनं व्रतनिकाययुतं कुपात्रम्, युग्मोज्झितं नरमपात्रमिदञ्च विद्धि ॥

(અ-૨/શ્લોક નં. ૪૮)

અર્થ :—જે પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિરૂપ તેર પ્રકારના ચારિત્રના ધારક, અઠ્યાવીસ મૂળગુણ, યથાયોગ્ય ચોરાસી લાખ ઉત્તરગુણ, તેનાથી સહિત ત્રિકાળ યોગના સાધક બાહ્ય-અભ્યન્તર ચોવીસ પ્રકારનાં પરિગ્રહથી રહિત, ગૃહવાસના ત્યાગી, સુખ-દુઃખ, જીવન-મરણ, શત્રુ-મિત્રાદિમાં રાગ-દ્વેષથી રહિત જેમને સમાન પ્રવૃત્તિ છે—એવા નિર્ગ્રન્થ, વીતરાગ, મહાવ્રતી, મુનિરાજ સર્વ જીવોના દયાળુ, માતા સમાન હિતકારક, તેઓ ઉત્કૃષ્ટ પાત્ર છે, તેમને આપેલ દાન સ્વર્ગ-મોક્ષાદિ ઉત્તમ ફળનું દાતા છે. જેમ કે—સુક્ષેત્રમાં વાવેલ એક જ બીજ ઘણાં ફળને આપે છે.

અણુવ્રતી સમ્યગ્દષ્ટિ શ્રાવક પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત, ચાર શિક્ષાવ્રત આ બાર વ્રતો સહિત, તે મધ્યમ પાત્ર છે. તેમને આપેલ દાન, મધ્યમ ભોગભૂમિ વિ. શુભતરફળને આપે છે. અને જે વ્રતથી રહિત છે, યથોક્ત જિનમાર્ગના શ્રદ્ધાની ઉપશમાદિ સમ્યગ્દષ્ટિ તેમને જઘન્ય જાણવા. તેમને આપેલ દાન જઘન્ય ભોગભૂમિ વિ. શુભફળોને પ્રાપ્ત કરાવે છે. જે મહાવ્રતાદિ વા અણુવ્રતાદિથી સહિત છે અને તેમને જિનભાષિત તત્ત્વોનું શ્રદ્ધાન નથી, તે જીવોને દ્રવ્યલિંગી મુનિ વા શ્રાવક કુપાત્ર જાણવા.

જેમને તત્ત્વોનું શ્રદ્ધાન નથી અને વ્રત પણ નથી, તે જીવોને અપાત્ર જાણવા. તેમને માટે આપેલ દાન કાંઈપણ ફળદાયક નથી, ઉલ્ટું સંસારવૃદ્ધિનું કારણ છે; જેમ કે ખારી (નિર્જીવ) ભૂમિમાં વાવેલ બી નિષ્ફળ જાય છે.

ભાવાર્થ :—સમ્યગ્દર્શન સહિત મહાવ્રતોના ધારક જિનકલ્પી, સ્થવિરકલ્પી મુનિરાજ તેઓ ઉત્તમ પાત્ર છે. જેમના બળ-વીર્ય જ્ઞાનસંપદાદિ સામર્થ્ય વિશેષ છે, એવા એકલવિહારી મુનિ જિનકલ્પી છે અને જેમનું બળ-વીર્ય જ્ઞાન સંપદાદિ સામર્થ્ય ઓછું છે—એવા સંઘમાં વસવાવાળા મુનિ તેઓ સ્થવિરકલ્પી છે. જિનકલ્પી અને સ્થવિરકલ્પીમાં એટલો જ ભેદ છે કે જિનકલ્પી એકલવિહારી છે અને સ્થવિરકલ્પી સંઘવાસી. શેષ ચારિત્ર, શ્રદ્ધાન, જ્ઞાન, વૈરાગ્યાદિનો ભેદ નથી.

તેમના માટે મિથ્યાદષ્ટિ શ્રાવક પણ દાન આપે છે. તેઓ ઉત્તમ ભોગભૂમિમાં દશ પ્રકારના કલ્પવૃક્ષોથી ઉત્પન્ન ઉત્તમ સુખને પામે છે. ત્યાંથી મરીને દેવગતિમાં જાય છે. જે

સમ્યગ્દૃષ્ટિ શ્રાવક ભક્તિપૂર્વક દાન આપે છે. તેઓ સ્વર્ગાદિની સંપદાને પ્રાપ્ત કરે છે. સમ્યગ્દૃષ્ટિ જીવ ભોગભૂમિમાં નથી ઉપજતાં, જે જીવોએ પહેલાં મિથ્યાત્વ અવસ્થામાં દાનના પ્રભાવથી ભોગભૂમિનો બંધ પડી ગયો હોય અને પછી સમ્યગ્દર્શનનો લાભ થયો હોય, તે જીવો તો ભોગભૂમિમાં જાય છે; પરંતુ તે જીવ ભોગભૂમિમાં મરણ કરીને કલ્પવાસી દેવ થાય છે અને મિથ્યાદૃષ્ટિ મરીને ભવનત્રિકમાં ઉપજે છે—આમ જાણવું.

અને જે અણુવ્રતી સમ્યગ્દૃષ્ટિ શ્રાવક તેમને મધ્યમ પાત્ર જાણવા તથા સાંસારિક સુખથી અંતરંગમાં ઉદાસ છે; પરંતુ ચારિત્રમોહના ઉદયથી પરિગ્રહને છોડી શકતા નથી—એવા અવ્રતી સમ્યગ્દૃષ્ટિ જીવ તેઓ જઘન્ય જાણવા અને જેમણે વ્રત તો ગ્રહણ કર્યા છે, પરંતુ (સમ્યક્ત્વ) શ્રદ્ધાનથી રહિત છે, તે દ્રવ્યલિંગી મુનિ વા શ્રાવક તેમને કુપાત્ર જાણવા. જેમકે અભવ્યસેન મુનિ અગિયાર અંગ, નવ પૂર્વના પાઠી હોવા છતાં પણ શ્રદ્ધાનથી રહિત હતા, તે સમ્યગ્દૃષ્ટિ જીવો દ્વારા વંદનને યોગ્ય નથી. એ જ રીતે બીજા પણ કુપાત્ર જાણવા અને જે શ્રદ્ધાન તેમજ વ્રત આ બંનેથી રહિત છે, તેમને અપાત્ર જાણવા.

જે જિન-સૂત્રોક્ત વિના સ્વકલ્પિતવેશના ધારક એવા રક્તામ્બરાદિ, પીતાંબરાદિ, કાથામ્બરાદિ, શ્વેતામ્બરાદિ વા અન્યમતના વેશી તેમને અપાત્ર જાણવા.

અહીં કોઈ પ્રશ્ન કરે કે જે જિનસૂત્રનો અભ્યાસ કરે છે, ઉપદેશ આપે છે, પૂજનાદિ કરે છે, તે રક્તામ્બરાદિ અપાત્ર કેમ? તેનું સમાધાન —જે આપે કહ્યું કે જિનપૂજા, શાસ્ત્રાભ્યાસાદિ કરે છે, તે તો લૌકિકમાં ખ્યાતિ, લાભ, પૂજા, માનને માટે કરે છે; પરમાર્થને માટે નથી કરતા. લૌકિક કામના માટે કરવું, તે તો મિથ્યાકાર્ય છે, માટે તેઓ મિથ્યાત્વી છે.

જિનસૂત્રમાં ત્રણ જ લિંગ કહ્યાં છે—મુનિ, અર્જિકા, તેમજ શ્રાવક. આ સિવાય કોઈ ચોથો વેષ તો કહ્યો નથી અને જે જિનસૂત્રની આજ્ઞાનો લોપ કરીને, લાલવસ્ત્ર ધારણ કર્યાઅને પોતાનો નવો વેષ ચલાવ્યો, તે વિષય-કષાય સહિત ભ્રષ્ટ રક્તામ્બરાદિ શ્રદ્ધાની કેમ હોય? અને તમે કહેશો એકવાર ભોજન કરે છે; અને કાંઈક વ્રત પણ પાળે છે.

**તેનું સમાધાન**—શ્રદ્ધાન વિના તપ-વ્રત પણ અનર્થકારી હોય છે. મહામિથ્યાત્વની સાક્ષાત મૂર્તિ છે. તેનું દૃષ્ટાંત—જેમ કે દ્વીપાયન મુનિ, બાર વર્ષ સુધી તપ કર્યું; પરંતુ શ્રધ્ધાન વિના ક્રોધને વશ થઈ નરકે[૧] ગયા. માટે મિથ્યાત્વીના વ્રત પણ કાર્યકારી નથી; તેનાથી તે

૧. (અ) — હ.પુ. સર્ગ-૬૧, ગાથા-૬૯, પૃ. ૭૫૯નો અર્થ—ક્રોધરૂપી અગ્નિ દ્વારા જેમનું તપરૂપી શ્રેષ્ઠ ધન ભસ્મ થઈ ગયું હતું એવા દ્વીપાયન મુનિ મરીને અગ્નિકુમાર નામના મિથ્યાદૃષ્ટિદેવ થયા. (બ) ધ.પુ. પૃ. ૨૧ ઉત્કૃષ્ટ અનુભાગને બાંધવાથી.....કારણ કે એમ માનવાથી એક તો ઉત્કૃષ્ટ આયુને બાંધીને પછી તેનો ઘાત કરીને મિથ્યાત્વને પ્રાપ્ત થઈને અગ્નિકુમાર દેવોમાં ઉત્પન્ન થયેલા. દ્વીપાયન મુનિની સાથે વ્યભિચાર આવે છે. ૪-૨-૭-૨૦ (ક) ગો.ક.કા. ગાથા ૩૩૪ થી ૩૩૬ને જુઓ.

અપાત્ર છે. તેમની જે લૌકિક ભયથી પૂજા, સત્કાર, વંદના, નમન વિ. કરે છે, તેઓ તો મહામિથ્યાત્વી છે. જેવા ગુરુ હશે, તેવા શિષ્ય થશે. માટે ઉત્કૃષ્ટ, મધ્યમ, જઘન્ય પાત્ર વિના અન્યને દાન-પૂજા-સત્કારાદિ ન કરવા—આવો ઉપદેશ છે, આવું પાત્રદત્તિનું સ્વરૂપ કહ્યું.

**સમદત્તિને કહે છે—**જે બરાબર બહુ આરંભી, બહુ પરિગ્રહી વા અલ્પારંભી, અલ્પપરિગ્રહી સાધર્મી છે, તેમને ચાર પ્રકારે દાન દેવું. અનેક પ્રકારથી તેમના પ્રતિ હિતના (ભાવ) રાખવા, ખાવું, પીવું, સુવું, આસનાદિથી સંબંધ રાખવો, તેમની સાથે અનેક પ્રકારથી લૌકિક વ્યવહાર રાખવો. પોતાના સંબંધી-કુટુંબીજનથી પણ અધિક માનવા, તેને સમદત્તિ કહે છે.

**દયાદત્તિને કહે છે—**તથા દુઃખી, ભૂખ્યા જીવોને ચાર પ્રકારનું દાન કરવું, ભાવથી દેવું, તેને દયાદત્તિ કહે છે. જૈનીના ઘરમાં દુઃખી, ભૂખ્યા જીવોને માટે ચાર પ્રકારનું દાન પોતાના પદને યોગ્ય નિરંતર કરવામાં આવે છે.

**સર્વદત્તિને કહે છે—**જે પોતાનો સર્વ પરિગ્રહ છે, તેને એક જ સાથે ત્યાગ કરી દે અને મુનિવ્રત ધારણ કરી લે, તેને સર્વદત્તિ કહે છે વા મરણના સમયે સર્વ ધન, કુટુમ્બ-મંદિરાદિથી પોતાનું મમત્વ છોડીને સમાધિમરણ કરવું, તેને સર્વદત્તિ કહે છે. આ સર્વોત્કૃષ્ટ દત્તિ છે. આ પ્રકારના ધનને વિનાશીક જાણીને આ ધન ધર્મને માટે છે, તેને આ સાત ક્ષેત્રોમાં ધન ખરચવું. આમાં ખર્ચેલ ધન ખૂબ ફળને આપે છે. સ્વર્ગ-મોક્ષ સુખને પ્રાપ્ત કરાવે છે. જેમકે સારી જમીનમાં વાવેલ બી અધિક ફળને આપે છે અને કુપાત્ર દાનને માટે ત્યાગેલ ધન નિષ્ફળ જાય છે. જેમ કે—ખારી ભૂમિમાં વાવેલ બી નિષ્ફળ જાય છે.

**હવે સ્વાધ્યાયના પાંચ અંગ કહે છે—**મુનિજનો, ગુરુજનોની મન, વચન, કાયાથી ભક્તિ કરે છે, સેવા કરે છે અને તેમના ચરણાવિંદોનો હંમેશા અનુરાગી રહે છે તથા પાંચ અંગો સહિત અનેક શાસ્ત્રોનો અભ્યાસ કરે છે.

પાંચ અંગ : (૧) શ્રવણ અર્થાત્ રુચિપૂર્વક શાસ્ત્ર સાંભળવું, (૨) ધારણ અર્થાત્ સારી રીતે સંભાળેલ જે અર્થ તેને યાદ રાખે છે, ભૂલતો નથી. (૩) વિચાર કરે છે, (૪) શુદ્ધ પાઠ કરે, આમ્નાયથી મેળવે. (૫) વારંવાર ચિંતવન કરે આ પાંચે અંગો સહિત શાસ્ત્રાભ્યાસ કર્યા કરે.

જેણે કરુણા, વાત્સલ્ય, સજ્જનતા, આત્મનિંદા, સમતા, ભક્તિ, વિરાગતા (વૈરાગ્ય) અને ધર્માનુરાગ આ આઠ ગુણ પ્રગટ કર્યા છે તથા ત્યાગ-ગ્રહણમાં ઉત્સાહવાન છે અને ગર્વ વા આળસભાવથી રહિત છે, ધીરજવાન છે, સદા હર્ષિત રહે છે, ચતુર છે, બધા સાથે મધુર વચનભાષી છે, ધર્મ કાર્યના ઉપકાર-કાર્ય કરીને પોતાના મુખથી પોતાની વડાઈના વા

કર્તવ્યના વચન નથી બોલતો તેમજ ક્રોધ ગૌણ/ઓછો છે, ઈર્ષ્યાભાવ ઓછો છે, લોક-લાજથી વા અનેક પ્રકારના ભયથી વા ભોગોની વાંછાથી ધર્મમાં શિથિલ નથી થતો. પાંચ ઈન્દ્રિયના વિષય ન્યાયપૂર્વક સેવન કરે છે. તથા બધા લૌકિક કાર્યો ન્યાયથી કરે છે. રાજ્યવિરુદ્ધ, ધર્મવિરુદ્ધ, લોકવિરુદ્ધ વિષય-કષાયોના કામ નથી કરતો. સાત વ્યસનનું સેવન નથી કરતો અને અભક્ષ્ય ભક્ષણ નથી કરતો, તથા જેને સાત ધાતુ વા મળ-મૂત્રાદિના સંબંધથી રહિત ખાવું-પીવું વિ. છે અને દ્રવ્યશુદ્ધિ, ક્ષેત્રશુદ્ધિ, કાળશુદ્ધિ, ભાવશુદ્ધિ, સંબંધશુદ્ધિ—આ પાંચ પ્રકારની શુદ્ધતાથી સહિત છે, જેની ભોજનાદિ ક્રિયાઓ વિ. ગુણ (સદાચાર) સમ્યક્ત્વભાવની સાથે જ પ્રગટ થઈ જાય છે. આ બધાને ક્ષાયોપશમિક ભાવ કહે છે. અહીં સુધી તો પાક્ષિક (શ્રાવક)નું પદ છે. જ્યાં સુધી ત્યાગના પ્રતિજ્ઞાવાક્ય (કોઈના દ્વારા કહેવા પર)થી રહિત છે, ત્યાં સુધી શ્રદ્ધાન-જ્ઞાનની શક્તિ દ્વારા જ જે ગુણ પ્રગટ થયો છે, તે પાક્ષિકપદ છે.

**હવે દર્શનપ્રતિમાનું સ્વરૂપ કહે છે—**સમ્યક્ત્વના જ માહાત્મ્યથી પ્રથમ પ્રતિમા ગ્રહણ કરે છે. તે સાત વ્યસનનો મન, વચન, કાયા-૩, કૃત-કારિત-અનુમોદના-૩, આ પ્રમાણે (૩૩) તેત્રીસ ભંગોથી અતિચાર સહિત ત્યાગ કરે છે. **સાત વ્યસન—**જુગાર રમવું, ચોરી કરવી, પરસ્ત્રી સેવન, વેશ્યાગમન, માંસભક્ષણ, મદિરાપાન, શિકાર—તેમને તો આસક્તિ સહિત ત્યાગે છે અર્થાત્ સાત વ્યસનના ભોગોની ક્રિયા તો કરતો જ નથી, તેને ભોગવવાના પરિણામ પણ નથી થતાં અને આઠ મૂળગુણ—માંસ, મદિરા, મધ, પીપરફળ, પાકરફળ, ઉમરફળ, કઠુમરફળ, વડફળ (પાંચ ઉદંબર ફળ) તેના ભક્ષણનો ત્યાગ કરે છે. અને અતિચારમાં તેના સજાતીય ત્રસ આશ્રિત દ્રવ્ય તેનો પણ ત્યાગ કરે છે.

પ્રથમ દર્શન પ્રતિમામાં પરિગ્રહ પ્રમાણ પણ સંભવે છે. તે અનેકરૂપ છે. પ્રથમ તો પોતાના પુણ્યોદયના પ્રમાણમાં મળી જે રાજ્યાદિ સામગ્રી તેમાં સંતોષ ધરીને તે સિવાય વધુ સામગ્રીનો ત્યાગ કરવો. આ તો પરિગ્રહ પ્રમાણનો જઘન્યભેદ છે. અને મધ્યમભેદોમાં પ્રાપ્ત સામગ્રીમાં વા તેમાંથી પણ પ્રારંભમાં પોણો ભાગ રાખવો, ચોથો ભાગ ત્યાગવો, અડધો ભાગ, ચોથો ભાગ, આઠમો ભાગ વિ. પ્રમાણ (રાખવું) વિશેષનો ત્યાગ કરી દેવો, આ પ્રમાણે મધ્યમના અનેક ભેદ છે. તથા તેનાથી આગળ ઉદાસીન શ્રાવકના અનેક પ્રકારના પ્રમાણ છે. જેટલો-જેટલો કષાય ઘટતો જાય, તેટલો-તેટલો ઈન્દ્રિયોના વિષય-કષાય કાર્ય વા પરિગ્રહ ઘટતો જાય છે. આ પ્રમાણે પ્રથમ પ્રતિમાના ઉત્કૃષ્ટ પદમાં સર્વ આરંભ, પરિગ્રહ, કુટુંબાદિ છોડીને એકાકી/એકલો જ રહે; અહીં સુધી (પ્રમાણ) છે.

એવું કોઈ પ્રમાણ શાસ્ત્રોક્ત નથી કે જેટલી સામગ્રી મળી તેનાથી પણ વધુ રાખવું. આવું પ્રમાણ તો ઉલટું તૃષ્ણાના કારણભૂત છે અને ધર્મનું લક્ષણ તો સંતોષ છે. માટે પ્રાપ્ત સામગ્રીમાંથી ઘટાડવું અને સંતોષ રાખવો તેનું નામ ધર્મ છે. આવું દેશવિરતિમાં દાર્શનિક

શ્રાવકનું સ્વરૂપ જાણવું. નામ ના એકદેશમાં સર્વનામને ગ્રહણ કરવા. આ ન્યાયથી ઉપચારથી દર્શન પ્રતિમાને દેશવિરત પણ કહે છે. વિ. ક્ષાયોપશમિક સમ્યક્ત્વ ભાવના જાણવી.

આ ક્ષાયોપશમિક સમ્યક્ત્વ—**ગુણસ્થાન**—અસંયત, દેશસંયત, પ્રમત-વિરત, અપ્રમત્ત-વિરત, આ ચારમાં પ્રાપ્ત હોય છે અને **માર્ગણા—ગતિ**—૪, **જાતિ**—પંચેન્દ્રિય-૧, **કાય**—ત્રસ-૧, **યોગ**—૧૫, **વેદ**—૩, **કષાય**—અનંતાનુબંધી ચાર વિના ૨૧, ૧૭, ૧૩, **જ્ઞાન**—મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય-૪, **સંયમ**—સામાયિક, છેદોપસ્થાપના, પરિહાર વિશુદ્ધિ, સંયમાસંયમ, અસંયમ-૫, **દર્શન**—કેવળદર્શન વિના-૩, **લેશ્યા**—૬, ૩. **ભવ્ય**—૧, **સમ્યક્ત્વ**—સ્વકીય-૧, **સંજ્ઞી**—૧, **આહાર**—આહારક-અનાહારક-૨ ઈત્યાદિમાં હોય છે.

ક્ષાયોપશમિક ભાવ વર્તમાનમાં પણ સુખનું કારણ છે અને સ્વર્ગ-મોક્ષનું કારણ છે.

આમ શ્રી ભાવદીપિકા ગ્રંથમાં ક્ષાયોપશમિક ભાવાધિકારમાં પાંચમો ક્ષાયોપશમિક સમ્યક્ત્વ ભાવાન્તરાધિકાર પૂર્ણ થયો.

૫

# (૬) દેશવિરત સંયમાસંયમ ભાવ અન્તરાધિકાર

મંગલાચરણ (દોહા)

દેશવિરત કો ગ્રહણ કર, તોડ મોહ કા જોર।
પાય સકલ સંયમ નમૂઁ, કરૂઁ મોહ ચકચૂર॥

**હવે દેશવિરત સંયમાસંયમ ભાવાધિકાર લખે છે.** ત્યાં અપ્રત્યાખ્યાનાવરણ ચારિત્રમોહ ચોકડીનો તો અભાવ થાય છે અને પ્રત્યાખ્યાનાવરણ ચારિત્ર મોહકર્મના સર્વઘાતી સ્પર્ધકોના ઉદયનો પણ અભાવ થાય છે. તેમજ ઉદયને પ્રાપ્ત થયેલ સર્વઘાતિ સ્પર્ધકોના નિષેક પ્રદેશ ઉદયમાં આવીને ખરી જાય છે; તેને જ ક્ષય કહે છે. તથા ઉદયમાં નથી આવ્યા એવા સત્તામાં પડેલ દ્રવ્ય તેનું ઉપશાંતકરણ/ઉદીરણા થાય છે, તેઓ ઉદયમાં નથી આવતા અને દેશઘાતિ સ્પર્ધકોનો ઉદય થાય છે, ત્યાં દેશવિરત/સંયમાસંયમ હોય છે.

જ્યાં બહુ આરંભ, બહુ પરિગ્રહનો ત્યાગ કરીને અલ્પારંભ, અલ્પપરિગ્રહનું ગ્રહણ થાય છે, ત્યાં દેશવિરત/સંયમાસંયમ થાય છે. માટે પાંચ સ્થાવર અને એક ત્રસ—આ છ કાયના જીવોની હિંસાના ત્યાગ અને પાંચ ઇન્દ્રિયો અને એક મન–તેમના વિષયોમાં રાગ-દ્વેષનો ત્યાગ હોય ત્યાં સંયમ હોય છે. માટે જ્યાં ત્રસ હિંસાનો તો મન, વચન, કાયા અને કૃત, કારિત, અનુમોદના દ્વારા તેત્રીસ[1] ભંગોમાં સર્વથા ત્યાગ હોય છે. બાકી અસંયમનો એકદેશ ત્યાગ હોય ત્યાં દેશસંયમ હોય છે. માટે બહુ આરંભ-પરિગ્રહ હોય તેને દેશસંયમ નથી હોતો; કારણ કે બહુ આરંભ-પરિગ્રહ હોવાથી ત્રસ જીવોની રક્ષા નથી થઈ શકતી અને સ્થાવર જીવોની હિંસા તો મોટે પાયે થાય છે. તથા (જ્યાં સુધી) પાંચ ઇન્દ્રિયોની વિષયવાસના મંદ ન પડે અને ન મનમાં વિકલ્પ છૂટે ત્યારે દેશસંયમ કેવી રીતે હોય? માટે અલ્પ આરંભ અને અલ્પ પરિગ્રહપણું જ દેશસંયમનું કારણ છે. ત્યાં જ પાંચ અણુવ્રતોનું ગ્રહણ થાય છે. હિંસા, અનૃત, સ્તેય, અબ્રહ્મ, પરિગ્રહ આ પાંચ પાપોનો એકદેશ ત્યાગ હોય તેને અણુવ્રત કહે છે. હવે તેમના એકદેશ ત્યાગનું સ્વરૂપ કહે છે.

૧. મન, વચન, કાયા, ૩. કૃત, કારિત, અનુમોદના-૩=૩૩ ભંગ આગળ પણ આ જ પ્રકારે લેવું.

**હવે બીજી વ્રત પ્રતિમાનું સ્વરૂપ કહે છે—**

પ્રથમ હિંસાના ત્યાગને કહે છે "प्रमत्तयोगात्प्राणव्यपरोपणं हिंसा" જ્યાં પ્રમાદયોગથી પ્રાણોનું વ્યપરોપણ/ઘાત હોય, પીડા હોય, તેને હિંસા કહે છે. પ્રમાદયોગ અર્થાત્ કષાય વિશેષાત્—જે કષાય વિશેષના દ્વારા પ્રાણોને પીડવા, તેને હિંસા કહે છે—આવું શાસ્ત્રનું વચન છે.

તે હિંસાના બે પ્રકાર છે—એક દ્રવ્યહિંસા, બીજી ભાવહિંસા.

**પાંચ ઈન્દ્રિય**—સ્પર્શના, રસના, ઘ્રાણ, ચક્ષુ, શ્રોત-૫, **ત્રણબળ**—મન, વચન, કાય-૩, **શ્વાસોચ્છ્વાસ-૧ આયુ**—૧આ દશ પ્રાણોનો ઘાત કરવો તે દ્રવ્યહિંસા છે. તથા ભાવપ્રાણ જે **ચેતનાપ્રાણ—દર્શન-જ્ઞાન-પ્રાણ**, તેમાં કષાય ઉત્પન્ન કરવો—તેમનું હનન કરવું, તે ભાવહિંસા છે.

દ્રવ્યહિંસા બે પ્રકારની છે—પોતાના દ્રવ્યપ્રાણોનો ઘાત કરવો/ક્રોધ દ્વારા શરીરાદિ દશ પ્રાણોનો ઘાત કરવો/કૃશ કરવા, આપઘાત કરવો, માન કષાય દ્વારા કૃશ કરવા, આપઘાત કરવો, માયા કષાય દ્વારા કૃશ કરવા આપઘાત કરવો, લોભકષાય દ્વારા કૃશ કરવા, આપઘાત કરવો, તે સ્વદ્રવ્યહિંસા છે અને તીવ્ર કષાયથી સંક્લેશ પરિણામ કરવા, તે સ્વ-ભાવહિંસા છે.

તથા અન્ય જીવોના દ્રવ્યપ્રાણોનો ઘાત કરવો, મારવા, બાંધવા, છેદવા વિ. પર-દ્રવ્યહિંસા છે અને બીજાને કષાય કરાવવો, દુઃખી કરવા વિ. પરભાવહિંસા છે.

આ હિંસાના ચાર ભેદ છે—સંકલ્પી, આરંભી, ઉદ્યોગી, વિરોધી, આ પ્રમાણે હિંસાના સોળ ભેદ છે.

જ્યાં સ્વ-પર અને દ્રવ્ય-ભાવ—આ ચાર પ્રકારથી હિંસા કરવાનો મનમાં વિચાર કરવો, તે ચાર પ્રકારની સંકલ્પી હિંસા છે. જ્યાં ચાર પ્રકારની હિંસા આરંભના આશ્રયથી થાય છે તે આરંભી હિંસા ચાર પ્રકારની જાણવી. આ હિંસાઓમાં અલ્પ આરંભ અને અલ્પ પરિગ્રહના આશ્રયથી જે શાસ્ત્રોક્ત આજીવિકાનો વ્યવહાર, વિવાહાદિ, ખાવું-પીવું વિ. વ્યવહારના આરંભમાં જે આરંભી હિંસા છે, તે તો થાય છે. તેનો વિસ્તાર બહુ છે. બાકી સર્વ હિંસાનો ત્યાગ કરે છે, તેને **અહિંસા અણુવ્રત** કહે છે. જ્યાં ઉદ્યમ કરીને સ્વ-પર, દ્રવ્ય-ભાવ હિંસા કરવી, તે ઉદ્યોગી હિંસા છે. તે ચાર પ્રકારની છે અને જ્યાં અનેક પ્રકારથી સ્વ-પરને દુઃખ દેવું, તે વિરોધી હિંસા છે, તે પણ ચાર પ્રકારની છે.

અસત્ય વચનના ચાર પ્રકાર છે—સદ્‌ભાવને અસદ્‌ભાવરૂપ કહેવું, અભાવને સદ્‌ભાવરૂપ કહેવું, સ્વરૂપથી વિપરીત કહેવું અને પાપ સહિત વચન કહેવું.

પાપસહિત વચનના ભેદ ત્રણ છે—ગર્હિત વચન, સાવદ્ય વચન, અપ્રિય વચન, પરનો દોષ પ્રગટ કરવો, વા દોષને જાણીને હાંસી કરવી, ચાડી કરવી, કર્કશ વચન કહેવા, મર્મચ્છેદક વચન કહેવા વિ. તેને ગર્હિત અસત્ય વચન કહે છે અને જે વચનના દ્વારા હિંસાદિ પાંચ પાપોરૂપ પ્રવૃત્તિ હોય, તેને સાવદ્ય અસત્ય વચન કહે છે અને શોક, ભય, આતાપાદિ ઉત્પન્ન કરવાના કારણરૂપ વચન તેને અપ્રિય, અસત્ય વચન કહે છે.

આમાં પોતાના ધન, પ્રાણ રાખવા માટે વા પોતાનો ધર્મ રાખવા માટે વા પર-ઉપકારને માટે અસત્ય બોલવાની છૂટ છે, અન્ય કોઈ કારણથી જૂઠ બોલવાની—તેત્રીસ ભંગોથી ત્યાગ છે, તેને **સત્યાણુવ્રત** કહે છે.

બીજાની ધનાદિ બધી વસ્તુઓ દીધા વિના કોઈપણ પ્રકારથી ગ્રહણ કરવી, તેને ચોરી કહે છે. ''अदत्तादानं स्तेयं'' એવું આગમ વચન છે. તેમાં જંગલની માટી અને કુવાનું પાણી, આ રાજાની વસ્તુઓ છે. તેમને તો આપ્યા વિના પણ ગ્રહણ કરી સકે છે અને (બાકી) બધા પ્રકારનાં અદત્તગ્રહણનાં તેત્રીસ ભંગોથી ત્યાગ છે, તેને **અચૌર્યાણુવ્રત** કહે છે.

સ્વસ્ત્રીનું સેવન તો રોગ માત્ર (રોગ નિવારણાર્થ ઔષધિ સેવનની જેમ) વિષયરહિત થઈને કરવું, બાકી સર્વ પ્રકારનાં અબ્રહ્મના તેત્રીસ ભંગોથી ત્યાગ કરવો, તેને **બ્રહ્મચર્યાણુવ્રત** કહે છે.

પરિગ્રહના ભેદ દસ પ્રકારના છે—ક્ષેત્ર, વાસ્તુ, હિરણ્ય, સ્વર્ણ, ધન, ધાન્ય, દાસી, દાસ, કુપ્ય, અને ભાંડ—આ દસ પ્રકારના પરિગ્રહમાં પોતાને વિચરણ કરવામાત્રની ભૂમિ વિ. તો ક્ષેત્ર છે અને રહેવા માત્રને માટે મંદિર-ઘર અને આજીવિકા માત્ર હિરણ્ય, સુવર્ણ રાખવા અને જો આજીવિકા કરવી પડે તો ત્રસ-હિંસા રહિત આજીવિકા કરવી અને જે રાજાદિ મોટા પદના ધારક હોય તો પાલખી, ચોપાલ માત્ર વાહન રાખવા, પરંતુ તિર્યંચાશ્રિત વાહન/ જે વાહન તિર્યંચોથી ચલાવવામાં આવે છે, તેને ન રાખવા. તેને ત્રસહિંસાના તેત્રીસ ભંગોથી ત્યાગ છે.

તિર્યંચ રાખવામાં તેમને મારવા, બાંધવા, છેદવા, ભેદવા, સતાવવા, નાક છેદવા તથા તેના ખાન-પાનાદિ મળમૂત્ર વિ.માં ત્રસ હિંસા થાય છે; ત્યારે તેને ત્રસ હિંસાનો સદ્‌ભાવ થાય છે અને પાંચ-સાત દિવસને માટે ધાન્યાદિ ખાવાની સામગ્રી અને સેવાને માટે માત્ર એક-બે દાસ-દાસી રાખવા અને માત્ર પહેરવાને માટે પોતાના પદને યોગ્ય અલ્પમૂલ્યના કપડાં અને ખાન-પાન તથા શૌચાદિ માત્રને માટે ઉપકરણ રાખવું, આ પ્રકારે પરિગ્રહનું પ્રમાણ કરીને છૂટ રાખવી અને શેષ સમસ્ત પરિગ્રહ છોડીને અર્થાત્ પુત્રાદિને સોંપીને સ્વયં નિસ્પૃહ થઈને રહેવું તેને **પરિગ્રહ પરિમાણાણુવ્રત** કહે છે.

તથા આ પાંચ અણુવ્રતની સાધનભૂત વાડ/સીમા બાંધે, ત્યારે અણુવ્રતથી ખેતી ઉત્પન્ન થાય છે. તે ત્રણ ગુણવ્રતોને ધારણ કરે–દિગ્વ્રત, દેશવ્રત, અનર્થદંડ ત્યાગવ્રત.

આમાં કાર્યના નિમિત્ત પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ-ઉત્તર આ ચાર દિશાઓ અને ઈશાન, વાયવ્ય, નૈઋત્ય, અગ્નિ, આ ચાર વિદિશાઓ (ખૂણાઓ) એક ઉર્ધ્વ અને એક અધો—આ દશે દિશાઓમાં ગમન કરવાનું પ્રમાણ કરવું, જે દિશામાં જેટલું દૂર સુધી પોતાના લૌકિક કાર્યનો પ્રસંગ હોય, પોતાનું કાર્ય અટકે નહીં, તેટલું પ્રમાણ રાખવું; વ્યર્થ વધુ પ્રમાણ ન રાખવું. જેટલું પ્રમાણ રાખ્યું હોય કામ પડે તો ત્યાં સુધી જ જવું, વસ્તુ માંગવી, મોકલવી, લેખ-પત્ર લખવો, વાંચવો, સમાચાર મોકલવા, મંગાવવા, વિક્રિયારૂપ પ્રવર્તવું. પ્રમાણથી અધિક તે દિશાની બધી ક્રિયા–પ્રવૃત્તિનો ત્યાગ કરવો, તેને **દિગ્વ્રત** કહે છે.

દિશાઓનું જેટલા નિયમરૂપ પ્રમાણ કર્યું હોય, તેમાંથી પણ (ક્ષેત્ર-કાળ) ઘટાડી ઘટાડી નિયમરૂપ પ્રમાણ કરવું, તેને દેશવ્રત કહે છે.

વિના પ્રયોજન મન, વચન, કાયાની પ્રવૃત્તિનો ત્યાગ કરવો (તે અનર્થદંડત્યાગવ્રત છે.) વા વિના પ્રયોજનની વિષય સામગ્રી, કષાયોના કાર્યની સામગ્રી, પાંચ પાપોના કારણભૂત સામગ્રી લેવી-દેવી, સંગ્રહી રાખવી, વેચાતી લેવી–વિ.નો ત્યાગ કરવો, તેને **અનર્થદંડ ત્યાગવ્રત** કહે છે. તેના પાંચ ભેદ છે. અપધ્યાન, હિંસાપ્રદાન, પ્રમાદચર્યા, પાપોપદેશ, દુઃશ્રુતિશ્રવણ.

ધર્મ, અર્થ, કામ, મોક્ષ—આ ચાર પ્રકારના પુરુષાર્થ રહિત મનના વિકલ્પ નિરર્થક કરવા, તેને અપધ્યાન કહે છે અને પાંચ પ્રકારનાં સ્થાવર કે ત્રસહિંસાના કારણરૂપ ઉપકરણ મંગાવતા આપી દેવા, તેને હિંસા પ્રદાન કહે છે. અન્ય જીવોને પાંચ પાપરૂપ પ્રવૃત્તિનો ઉપદેશ દેવો, તેને પાપોપદેશ કહે છે અને વિષય, કષાય, મિથ્યાત્વપોષક જૂઠા શાસ્ત્ર કહેવા, કથા સાંભળવી, તેને દુઃશ્રુતિશ્રવણ કહે છે તથા જોયા વિના, વિચાર્યા વિના, પ્રયોજનવિના કાર્ય કરવું વા પ્રયોજન વિના ગમનાગમન કરવું વા કાર્યથી વધુ અગ્નિ વિ. પ્રજ્વલિત કરવો, જળ ઢોળવું, વનસ્પતિ તોડવી, ઘાત કરવો, પૃથ્વી પર્વતાદિ ખોદવા, કાર્યથી અધિક વસ્તુ ઉત્પન્ન કરવી વિ.ને પ્રમાદચર્યા કહે છે. આ પાંચ પ્રકારની નિરર્થક ક્રિયાનો ત્યાગ કરવો, તેને **અનર્થદંડનો ત્યાગ** કહે છે.

હવે સામાયિક, પ્રોષધોપવાસ, ભોગોપભોગ પરિમાણ, અતિથિ સંવિભાગ–આ ચાર પ્રકારનાં શિક્ષાવ્રતોને ધારણ કરે છે.

ત્રણેકાળ સામાયિક કરવી–પૌર્વાહ્નિક, માધ્યહ્નિક, અપરાહ્નિક, જઘન્ય એક મુહૂર્ત, મધ્યમ બે મુહૂર્ત, ઉત્કૃષ્ટ ત્રણ મુહૂર્ત પ્રમાણ. નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ–આ છ

પ્રકારના પદાર્થોમાં સમભાવ કરવો, તે **સામાયિક શિક્ષાવ્રત** કહે છે તથા બે આઠમ, બે ચૌદશ—આ ચાર પર્વ તિથિમાં માસ-માસના પ્રોષધ સહિત ઉપવાસ કરવા. તેમજ આહારનો ત્યાગ કરીને ઉત્કૃષ્ટ સોલહ પ્રહરની, મધ્યમ બાર પ્રહરની, જઘન્ય આઠ પ્રહરની મર્યાદા કરીએ ધર્મધ્યાનમાં રહેવું તે **પ્રોષધોપવાસ શિક્ષાવ્રત** કહેવાય છે.

રોજેરોજ ભોગ-ઉપભોગનું પ્રમાણ કરવું, તેને **ભોગપભોગ પરિમાણ શિક્ષાવ્રત** કહે છે.

તથા અતિથિ જે મુનિ, તેમના માટે ભોજનમા સમ/સમાન વિભાગ કરવો, દ્વારા પ્રેક્ષણ કરવું, મુનિવરના આવવાના સમયે પોતાના દ્વાર પર ઊભા રહેવું, અને હાથમાં પ્રાસુક જળ લઈને મુનિરાજની પધરામણીની રાહ જોવી. જો મહાભાગ્યથી મહામુનિવરનો સંયોગ મળી જાય તો તેમને નવધાભક્તિપૂર્વક આહારદાન દેવું. પ્રથમ તો મુનિવર દ્વાર પર આવે ત્યારે તેમને આ પ્રમાણે શબ્દ કહીને પડગાહન કરવું, “હે પ્રભો ! હે પ્રભો ! પધારો, પધારો (તિષ્ઠો, તિષ્ઠો), આહાર-જળ શુદ્ધ છે” પછી સ્વયં આગળ ચાલે, પાછળ મુનિરાજ ચાલે અને ચૌકાની બહાર આંગણામાં શુદ્ધક્ષેત્ર/ભૂમિમાં,તેમને ઉચ્ચ આસન આપવું, તેના પર સાધુને ઊભા રાખવા, પછી તેમનાં ચરણનો પ્રક્ષાલ કરવો. શુદ્ધવચનોથી પૂજા કરવી, નમસ્કાર કરવા, મન-શુદ્ધિ, કાય-શુદ્ધિ, આહાર-શુદ્ધિ—આ પ્રમાણે નવધા ભક્તિ કરવી.

**દાતા સાત ગુણો સહિત હોય**—શ્રદ્ધા, ભક્તિ, નિર્લોભતા, દયા, ક્ષમા, અનસૂયા/અરૂચિ રહિત, અવિષાદ/ખેદ-ખિન્ન રહિત હોય.

તેમના માટે/મુનિરાજને માટે ભક્તિપૂર્વક આપવામાં આવેલું દાન કલ્યાણને જ કરે છે. તે શ્રદ્ધા કહેવાય છે. શક્તિથી ઓછું-અધિક ભક્તિપૂર્વક ભોજન ન દેવું, આ ભવ અને પરભવ સંબંધી લૌકિકફળની વાંછા ન રાખવી. બધા જીવો પ્રતિ કરુણાભાવ સહ રહેવું, ક્રોધથી રહિત થવું, ઈર્ષાના ભાવથી રહિત થવું, હર્ષ સહિત ખૂબ આદરથી ઉદાર ચિત્ત થવું અને જો સાધુ ન આવે, વા લાભાન્તરાયકર્મના ઉદયથી પોતાના હાથોથી આહાર આપવાનું ન બને તો તે દિવસ ઉપવાસ કરવો વા કોઈ રસનો ત્યાગ કરવો, તેનું નામ **અતિથિ સંવિભાગ શિક્ષાવ્રત** છે. આ બાર વ્રતોને ગ્રહણ કરવા.

અંતમાં સંલેખના મરણ કરે, જો પોતાનું મરણ દેખાવા લાગે/જાણી લે તો, સર્વ વિષય-કષાય કાર્યોનો ત્યાગ કરી દે. ચેતન પદાર્થ જે સ્ત્રી, પુત્ર, કુટુંબ વિ. અને અચેતન પદાર્થ ધન, સંપદા, મંદિરાદિ એમનું મમત્વ છોડીને તેમજ સર્વ પરદ્રવ્યોથી પોતાપણું છોડીને પોતાના ચૈતન્ય અમૂર્તિક પદાર્થને ધ્યાવે અને ત્યારે પંચ-પરમેષ્ઠિનું સ્મરણ તથા અનુપ્રેક્ષાઓનું ચિંતવન કરતાં-કરતાં (મનુષ્ય) પર્યાયને છોડે છે અને જેટલા સમય સુધીનો સંન્યાસ લીધો હતો, તેના

પછી જો જીવન હોય તો તેટલાકાળ સુધી જીવન-મરણ, વેરી-મિત્ર, સુખ-દુઃખને સમાન જાણવા, તેમાં રાગ-દ્વેષ ન કરવા, તેને અંત સંલેખના કહે છે. સ્પૃશ્ય શુદ્ર ને બીજી પ્રતિમાથી વધુ ગ્રહણ કરવાની આજ્ઞા નથી. આ **બીજી વ્રત પ્રતિમા** દેશવિરતનો બીજો[1] ભેદ તથા દેશવિરત સંયમાસંયમનો પ્રથમ[2] ભેદ થયો.

**ત્રીજી સામાયિક પ્રતિમાનું સ્વરૂપ** કહે છે—તેના ઉત્કૃષ્ટ, મધ્યમ, જઘન્યકાળનો નિયમ ધારણ કરીને, ત્રણેકાળની સામાયિકનું વિધાન શાસ્ત્રોમાં કહ્યું છે, તે વિધાન સહિત છ પ્રકારે નામ-સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવરૂપ પદાર્થોમાં સમભાવરૂપ લક્ષણ છે જેનું—એવા સામાયિકને કરે છે.

અનેક પ્રકારના વેરી-મિત્ર વા ઈષ્ટ-અનિષ્ટ નામમાં રાગ-દ્વેષ ન કરવો, તેને નામ સામાયિક કહે છે.

તેમજ ઈષ્ટ સ્થાપના વા અનિષ્ટ સ્થાપના વા વેરીની સ્થાપના કે મિત્રની સ્થાપના હોય, તેમાં રાગ-દ્વેષ ન કરવાં, તેને સ્થાપના સામાયિક કહે છે. અને જયાં ઈષ્ટ-અનિષ્ટ, ચેતન-અચેતન દ્રવ્ય વા મિત્ર-શત્રુ તેમનામાં રાગ-દ્વેષ ન કરવા, તેને દ્રવ્ય સામાયિક કહે છે.

તથા ઈષ્ટ, અનિષ્ટ ક્ષેત્રમાં રાગ-દ્વેષ ન કરવા, તેને ક્ષેત્ર સામાયિક કહે છે. ઈષ્ટ-અનિષ્ટકાળમાં રાગ-દ્વેષ ન કરવા, તેને કાળ-સામાયિક કહે છે.

તથા જીવ-પુદ્‌ગલની મિશ્રદશારૂપ દેવ, મનુષ્ય, તિર્યંચ, નરક વિ. ઈષ્ટ-અનિષ્ટ પર્યાયરૂપ તેઓમાં વા ન્યાય કે ક્રોધ, માન, માયા, લોભરૂપ જે કષાયભાવ વા મન, વચન, કાયાની પ્રવૃત્તિ ઈષ્ટ-અનિષ્ટ હોય વિ. તો ચેતનના ભાવ તથા શીત-ઉષ્ણાદિ વા મિષ્ટ-કટુકાદિ વા સુગંધ-દુર્ગંધ વા શુક્લ-કૃષ્ણાદિ વા શબ્દ-બંધ, સૂક્ષ્મ, સ્થૂળ, સંસ્થાન, ભેદ, તમ, છાયા, ઉદ્યોત, આતપ વિ. અચેતન પુદ્‌ગલના ઈષ્ટ-અનિષ્ટભાવ, તેમાં રાગ-દ્વેષ ન કરવા, તેને ભાવ સામાયિક કહે છે.

આ છ પદાર્થોમાં સમભાવ રાખવો અને જેટલા સમયનો નિયમ હોય તેટલા સમયપર્યંત એકાંત સ્થાનમાં મુનિવત્ નિશ્ચલ આસન રહેવું. જો પરિષહ આવી જાય તો મરણપર્યંત તેને મનની દઢતાપૂર્વક રાગ-દ્વેષ રહિત થઈને સહન કરવો. તે સમયે પોતાનું સ્વરૂપ

---

૧-૨. આ ગ્રંથના ''ક્ષાયોપશમિક સમ્યક્ત્વભાવ અંતરાધિકાર''માં પાનું નં, ૧૩૧ પર સમ્યક્‌દષ્ટિના જ પાક્ષિક અને દાર્શનિક બે ભેદ કરેલાં છે. ત્યાં દાર્શનિકને દર્શન પ્રતિમાવાળા બતાવીને ''દર્શનપ્રતિમાને જ દેશવિરત' કહેવામાં આવ્યા છે. તથા આ ''દેશવિરત સંયમાસંયમ ભાવ અંતરાધિકાર' નામના આ અધ્યાયમાં બીજી વ્રત પ્રતિમાથી ૧૧મી ઉદ્દિષ્ટત્યાગ પ્રતિમા સુધી વ્રતી શ્રાવકને 'દેશવિરત સંયમાસંયમ' કહેવામાં આવે છે. આ અપેક્ષાથી અહીં બીજી વ્રત પ્રતિમાને દેશવિરતનો બીજો ભેદ એવં દેશવિરત સંયમાસંયમનો પ્રથમ ભેદ કહ્યો છે. તથા આ પદ્ધતિથી ૧૧મી ઉદ્દિષ્ટ ત્યાગ પ્રતિમા સુધી કથન કર્યું છે.

વિચારવું વા પંચપરમેષ્ઠિના ગુણોનું સ્મરણ કરવું વા દ્વાદશ(બાર) અનુપ્રેક્ષાનું ચિંતવન અને સર્વવિધાન સામાયિકનાં જે શાસ્ત્રમાં કહ્યા છે તે બધા કરવા. તેને **ત્રીજી સામાયિક પ્રતિમા** કહે છે. સામાયિક, દેશવિરતનો ત્રીજો ભેદ કહેવાય છે અને દેશસંયમભાવનો બીજો ભેદ છે.

**ચોથી પ્રોષધ પ્રતિમાનું સ્વરૂપ નિરુપણ કરે છે**—પ્રોષધ પ્રતિમાનાં ધારક માસમાં બે આઠમ, બે ચૌદશ આ ચાર તિથિઓમાં પ્રોષધ કરે છે. કાળની મર્યાદા ઉત્કૃષ્ટ સોળ પ્રહર, મધ્યમ બાર પ્રહર, જઘન્ય આઠ પ્રહરનો નિયમ ધારણ કરીને ચાર પ્રકારનાં આહારનો, મન, વચન, કાય, કૃત, કારિત, અનુમોદના—આ પ્રકારે તેત્રીસ ભંગોથી ત્યાગ કરીને સર્વ લૌકિક કાર્ય, વિષયનું કાર્ય, કષાયનું કાર્ય, આજીવિકાનું કાર્ય, વિષયવાસનાનો ત્યાગ કરીને સર્વ કુટુંબાદિથી વા ગૃહ મંદિરાદિથી મોહવાસનાભાવ છોડીને એકાંત સ્થાનમાં શય્યા વા આસન કરે છે.

ત્યાં પોતાના સ્વરૂપનું ચિંતવન કરે છે. એક તીર્થંકર વા(એક) પ્રતિમાજીની વંદના કરે છે. ચોવીસ તીર્થંકરોનું સ્તવન કરે છે. પંચ પરમેષ્ઠિના સ્વરૂપનું ચિંતવન કરે છે. જાપ કરે છે, ત્રણ લોકના સ્વરૂપનું ચિંતવન કરે છે. શાસ્ત્રનો આ પાંચ પ્રકારથી સ્વાધ્યાય કરે છે—વાંચન, પ્રશ્નોત્તરી, આમ્નાય, અનુપ્રેક્ષા, ધર્મોપદેશ બાર ભાવનાઓનું ચિંતવન કરે છે. અનેક પ્રકારના પરિષહ આવી જાય તો તેમને સામ્યભાવોથી સહન કરે છે. વિ. ધાર્મિક પ્રવૃત્તિ સહિત થતાં મુનિ સમાન થાય છે. જેટલા સમયનો નિયમ લીધો હોય, તેને પૂર્ણ કરે છે અને પ્રોષધ પ્રતિમાના સર્વ વિધાન જેમ શાસ્ત્રમાં કહ્યા છે તેમ કરે છે. તેને ચોથી પ્રોષધ પ્રતિમા કહે છે. આ પ્રોષધોપવાસ દેશવિરતનો ચોથો ભેદ છે અને દેશસંયમનો ત્રીજો ભેદ છે.

**પાંચમી સચિત્ત ત્યાગ પ્રતિમાના સ્વરૂપનું પ્રરૂપણ કરે છે.** કાચું પાણી અને લીલોતરીની મન, વચન, કાયા, કૃત, કારિત, અનુમોદનાથી મુખ્ય આ તેત્રીસ ભંગો દ્વારા વિરાધના કરવાનો ત્યાગ કરે છે. સ્થૂળપણે કાયા દ્વારા પણ વિરાધના નથી કરતો. આઠ પ્રહરની મર્યાદા સહિત ઉષ્ણજળ અને હરિતકાય રહિત પ્રાસુક વસ્તુનો આહાર કરે છે, સચિત્ત સંબંધાદિ અતિચાર રહિત થઈને સચિત્તનો ત્યાગ કરે છે, તેને સચિત્તત્યાગ પાંચમી પ્રતિમા કહે છે. આ સચિત્ત વિરત દેશવિરતનો પાંચમો ભેદ છે અને દેશસંયમનો ચોથો ભેદ છે.

**છઠ્ઠી રાત્રિ-ભોજન ત્યાગ પ્રતિમાનું સ્વરૂપ કહે છે**—તે મન, વચન, કાય, કૃત, કારિત, અનુમોદના આ તેત્રીસ ભંગોથી રાત્રિ ભોજનનો ત્યાગ કરે છે. સ્વયં રાત્રિ ભોજન કરે નહી, (રાત્રિમાં)મનથી ભોજન વિષે ચિંતવે નહી, (રાત્રિમાં) ભોજન કર્યું વા કરીશ એમ વચનથી કહે નહીં, (રાત્રિમાં) કાયા દ્વારા ભોજન કરે નહીં અને પુત્રાદિકોને ભોજન કરાવવાનું ચિંતવન/વિચાર કરે નહીં. (રાત્રિમાં) વચનથી કહે નહીં કે આપ ભોજન કરી લ્યો, કાયા દ્વારા પોતાના હાથોથી ભોજન કરાવે/પીરસે નહીં, (રાત્રિમાં) કરાવે નહીં અને કરવાવાળાની મનથી

અનુમોદના કરતો નથી, વચનથી અનુમોદના કરતો નથી, કાયાથી અનુમોદના કરતો નથી, તેને **રાત્રિ-ભોજન-ત્યાગ છઠ્ઠી પ્રતિમા કહે છે.** આ રાત્રિ-ભોજન દેશવિરતનો છઠ્ઠો ભેદ છે. અને દેશસંયમનો પાંચમો ભેદ છે.

**સાતમી બ્રહ્મચર્ય પ્રતિમાનું સ્વરૂપ કહે છે—**જ્યારે સર્વ પ્રકારની ચેતન-અચેતન સ્ત્રિઓથી મૈથુન સેવન કરવાનો ત્યાગ કરે છે, મન, વચન, કાયા, કૃત, કારિત, અનુમોદના આ તેત્રીસ ભંગોથી અતિચાર રહિત થઈને ત્યાગ કરે છે અને નવવાડ (નવ કોટિથી) સહિત રહે છે. સ્ત્રિઓના સંગમાં નથી રહેતો, સ્ત્રિઓના સુંદર અંગોને જોઈ પ્રેમ/રુચિપૂર્વક નિરખતો નથી, સ્ત્રિઓથી પ્રેમ/રુચિપૂર્વક બોલતો નથી અને પૂર્વે પોતે કરેલ રસપૂર્વક ભોગ તેનું ચિંતવન કરતો નથી. તથા કામોત્પાદક ગરિષ્ટ આહાર કરતો નથી, શરીરને શણગારતો નથી, સ્ત્રિઓની બેઠક/પલંગ પર શયન/કરતો નથી, કામ-કથા કરતો નથી.

પેટ ભરીને ખાતો નથી, અલ્પ ભોજન (ઉણોદરી) કરે છે, મનમાં કામવિકારના ભાવ કરતો નથી. સ્ત્રિઓના મુખથી કામોત્પાદક ગીતાદિ રાગપૂર્વક સાંભળતો નથી તથા વચનથી કામ-વિકારનાં વચન બોલતો નથી, ગાળ આપતો નથી, મજાક વિ. કરતો નથી. કાયા દ્વારા કામ-ચેષ્ટા કરતો નથી–(જે) ઈત્યાદિ (ઉપરોક્ત) ત્યાગસહિત હોય છે; તેણે **બ્રહ્મચર્ય (પ્રતિમા નામના) દેશવ્રતનો સાતમો ભેદ** છે. અને દેશસંયમનો છઠ્ઠો ભેદ છે.

**આઠમી આરંભત્યાગ પ્રતિમાનું સ્વરૂપ કહે છે—**જ્યારે સર્વ ખાવા-પીવા સંબંધી સગડી, ઘંટી, પાણીયારું, વિ. ના આરંભનો મન, વચન, કાયકૃત, કારિત, અનુમોદના–આ તેત્રીસ ભંગોથી ત્યાગ કરીને નિરારંભી થઈને રહે છે, પોતાના ઘરે વા બીજાના ઘરે, નિમંત્રણથી જઈને વિષય રહિત યોગ્ય અલ્પ ભોજન કરે છે. પુત્રાદિ દ્વારા આપવામાં આવેલ સાદા વસ્ત્રાદિ પહેરે છે, ઓઢે છે. પોતે સર્વ ધન સામગ્રીનો ત્યાગ કરી દે છે–વિ. ક્રિયા આરંભનો ત્યાગ તેને આઠમી પ્રતિમા કહે છે. આરંભ ત્યાગ દેશવિરતનો આઠમો ભેદ છે. અને દેશસંયમનો સાતમો ભેદ છે.

**નવમી પરિગ્રહત્યાગ પ્રતિમાનું સ્વરૂપ કહે છે—**એક ટૂંકી ધોતી, માથું ઢાંકવા માટે માત્ર એક નાનકડી પાઘડી અને દુપટ્ટો—વિ. આ ત્રણ વસ્ત્ર માત્રનું ગ્રહણ કરે છે, બાકી સર્વ પરિગ્રહનો મન, વચન, કાયા, કૃત, કારિત, અનુમોદના—આ તેત્રીસ ભંગોથી ત્યાગ કરે છે. સ્વ-પરના ઘરે આમંત્રણથી જાય છે અને અલ્પ ભોજન કરે છે. બીજા દ્વારા દીધેલ યોગ્ય વસ્ત્ર પહેરે છે. નિરવાંછક થઈને, વસ્તીની બહાર વસતિકા વિ.માં રહે છે. ગૃહવાસનો પરિત્યાગ કરે છે. જિનમંદિરની સમીપ સાધર્મીએ ધર્મધ્યાન માટે બનાવેલ વસતિકામાં રહે છે. **તેને પરિગ્રહત્યાગ પ્રતિમા કહે છે.** આ પરિગ્રહત્યાગ પ્રતિમા દેશવિરતનો નવમો ભેદ છે અને દેશસંયમનો આઠમો ભેદ છે.

**દશમી અનુમતિત્યાગ પ્રતિમાનું સ્વરૂપ કહે છે**—લૌકિક ગૃહ વ્યાપાર આદિ વિવાહકાર્ય, તેની પોતે અનુમોદના નથી કરતો કે "તમે લોકોએ પુત્રના વિવાહ ખૂબ સારી રીતે કર્યા" તમે લોકોએ અમને ખૂબ સરસ ભોજન કરાવ્યું. તમે તો મોટા ભક્ત દાતા છો, તમને ભક્તિ ખૂબ જ છે" (આવા ઔપચારિક કથન પણ નથી કરતા) આ બધામાં સહજ રહે છે) જ્યાં લૌકિક પાપકાર્યોનો ઉપદેશ દેવામાં મન, વચન, કાયા, કૃત, કારિત, અનુમોદના—આ તેત્રીસ ભંગોથી ત્યાગ કરે છે; તેને **અનુમતિ ત્યાગ દશમી પ્રતિમા કહે છે.** આ અનુમતિત્યાગ દેશવિરતનો દશમો ભેદ છે અને દેશસંયમનો નવમો ભેદ છે.

**અગિયારમી ઉદ્દિષ્ટ ત્યાગ-પ્રતિમાનું સ્વરૂપ કહે છે**—જ્યારે ઉદ્દિષ્ટ આહારનો ત્યાગ કરી દે છે, ત્યારે અનુદિષ્ટ આહાર કરે છે. મુનિની જેમ ગૃહસ્થના ઘરે જાય છે. વિધિ મળતાં ગૃહસ્થ ખૂબ આદર-સત્કારથી ભક્તિપૂર્વક પડગાહન કરે છે. "હે મહાભાગ્ય! અમારાં અન્ન-જળ શુદ્ધ છે આપ આહાર ગ્રહો." ત્યાં તેનો ઉત્સાહ, ભક્તિભાવ જોઈને, યોગ્યકાળમાં યોગ્ય અલ્પ ભોજન કરે છે. તે શ્રાવક ખૂબ આદર સહિત ઉંચું આસન આપીને "ગ્રહણ કરો" (એમ કહીને) અતિવિનયપૂર્વક ભક્તિ કરે છે. હર્ષપૂર્વક આહારદાન આપે છે. ત્યાં વિષય-કષાયથી રહિત, બેસીને આહાર કરે છે; તેને ઉદ્દિષ્ટત્યાગ પ્રતિમા કહે છે.

**આ પ્રતિમાના બે-ભેદ છે—ક્ષુલક અને ઐલક.** ક્ષુલ્લક તો એક લંગોટ અને એક ઓઢવાને માટે ખંડ વસ્ત્ર રાખે છે. આહાર કરવાને માટે એક સાદું પાત્ર, શૌચાદિ ક્રિયાને માટે કમંડલ અને દયાને માટે પીંછી રાખે છે અને પાંચ ઘરોમાં આહારને માટે ભ્રમણ કરે છે. જ્યાં પોતાના ઉદર પૂર્ણ થવા યોગ્ય આહાર દેખાય (મળે), ત્યાં જ પાત્રમાં લઈને બેસીને ભોજન કરે પછી પાત્રને શુદ્ધ જળથી ધોઈને વનમાં વિહાર કરે અને જો આ સાંભળવામાં આવી જાય કે "અહીંયા વ્રતી, શ્રાવક વા મુનિ આવશે, તેમના માટે આ આહાર બનાવ્યો છે" ત્યાં ભોજનનો પરિત્યાગ કરે તથા સ્પૃશ્ય શુદ્ર તો ક્ષુલ્લકપર્યંતના જ દેશવ્રત ધારણ કરી શકે છે.

અને ઐલક એક કોપીન જ રાખે છે અને ઐલક વ્રત ધારણને યોગ્ય બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય—આ ત્રણ ઉચ્ચગોત્રવાળા જ હોય છે. શુદ્ર નથી હોતા. તેઓ શૌચને માટે કમંડળ, દયાનું નિમિત્ત પીંછી રાખે છે. પાંચ ઘરોમાં આહારને માટે ભ્રમણ કરે છે. જ્યાં આહારની યોગ્યતા હોય, ત્યાં બેસીને હસ્તપાત્રમા ભોજન કરે છે. તેઓ પાત્રને ગ્રહણ કરતાં નથી. આ શ્રાવક મુનિતુલ્ય છે. જેમને કૌપીન માત્ર પરિગ્રહ છે, તેટલા દેશવ્રતી છે.

મહાવ્રતી છે તેઓ દ્વિજન્મા છે—લોકમાં દ્વિજન્મા બ્રાહ્મણને કહે છે, તે અર્થ અહીં ન સમજવો. અહીં એવો અર્થ છે કે એક તો માતાના રુધિર અને પિતાના વીર્યથી પુદ્‌ગલ પિંડને ગ્રહણ કરીને નગ્ન દિગંબરરૂપમાં જન્મ લીધો, એક તો જન્મ આ થયો—આવો જન્મ તો સમસ્ત સંસારીજીવોને અનાદિકાળથી અજ્ઞાન અવસ્થામાં થઈ રહ્યો છે. પછીથી સંસાર, દેહ,

ભોગોથી ઉદાસ થઈને બાહ્ય-અભ્યંતર ચોવીસ પ્રકારના પરિગ્રહનો ત્યાગ કરી જેનું નગ્ન સ્વરૂપ માતાના ઉદરથી નીકળવાને સમયે હતું, તેવું જ ગ્રહણ કર્યું, તે જ્ઞાનપૂર્વક વ્રત સંસ્કાર કરીને બીજો જન્મ થયો, અહીં દ્વિજન્મા શબ્દનો આ અર્થ છે. જો ક્ષુલ્લક વ્રતના ધારક શુદ્ર જ હોય તો તે એક લોખંડનું પાત્ર રાખે છે, તેનાથી તેમનું શુદ્રકૂળ સ્પષ્ટ જ દેખાય જાય છે. એવી સૂત્રની આજ્ઞા છે કે તે પાત્રમાં ભોજન કરે અને સ્પૃશ્ય શૂદ્રને બીજી પ્રતિમાથી અધિક ગ્રહણ કરવાની આજ્ઞા નથી. તથા વસ્તી વા અનવસ્તિકા આદિમાં જેમનો વાસ છે.

—આ પ્રમાણે **દેશ-સંયમ ભાવ ના** દશ ભેદ કહેવાયા.

ઉપરના ભેદોમાં સદાકાળ બધાની ખાવા-પીવાની, આજીવિકાદિ, વિષયસેવનાદિ બધી દશાઓમાં ગુણશ્રેણી નિર્જરા પોતાના ભાવોની વિશુદ્ધતા અનુસાર નિરંતર થાય છે. આ છઠ્ઠી પ્રતિમા સુધી જાણવું. સાતમી પ્રતિમાવાળા સ્વ-પરના ઘરે ખાવું-પીવું કરે સકે છે. અને નવમી-દશમી પ્રતિમાવાળા તો સ્વ-પરના ઘરે નિમંત્રણ વડે ભોજનને માટે જાય છે તેમજ અગ્યારમી પ્રતિમાવાળા તો અભિગ્રહ લઈને આહારચર્યા માટે નીકળે છે, વિધિ મળતાં શ્રાવકના ઘરે આહાર કરે છે—ઇત્યાદિ બધી દશાઓમાં ગુણશ્રેણી નિર્જરા પોત-પોતાના ભાવોની વિશુદ્ધતા અનુસાર નિરંતર થાય છે.

આવું **અગિયારમી ઉદ્દિષ્ટત્યાગની પ્રતિમા**નું સ્વરૂપ જાણવું. આ ઉદ્દિષ્ટત્યાગ દેશવિરત પ્રતિમાનો અગ્યારમો ભેદ છે અને દેશસંયમનો દશમો ભેદ છે.

આ પ્રમાણે અગિયાર પ્રતિમા સહિત દેશસંયમનું સંક્ષેપ કથન કર્યું. વિશેષ વ્યાખ્યાન શ્રાવકાચારના યોગ્ય મોટા ગ્રંથોથી જાણવું.

દેશસંયમ ક્ષાયોપશમિક ભાવને યોગ્ય ગુણસ્થાન એક પાંચમું/સંયમાસંયમ જ છે. માર્ગણાઓમાં—**ગતિ**—મનુષ્ય, તિર્યંચ-૨, **જાતિ**—પંચેન્દ્રિય-૧, **કાય**—ત્રસ-૧, **યોગ**—૯/મનનાં ચાર, વચનમાં ચાર અને કાયાનો ઔદારિક કાયયોગ-૧, **વેદ**—૩, **કષાય**(અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાન આ આઠ વિના) ૧૭, **જ્ઞાન**—મતિ-શ્રુત-૨ અથવા અવધિ સહિત-૩, **સંયમ**—દેશસંયમ-૧, **દર્શન**—કેવલદર્શન વિના૩, **લેશ્યા**—પીત, પદ્મ, શુક્લ-૩, **ભવ્ય**—૧, **સમ્યક્ત્વ**—ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક-૩, **સંજ્ઞી**—૧, **આહારક**—૧ આમાં હોય છે.

આ દેશસંયમભાવ વર્તમાનમાં પણ સુખરૂપ છે અને આગામી સ્વર્ગ-મોક્ષનું કારણ છે.

આમ શ્રી ભાવદીપિકા ગ્રંથના ક્ષાયોપશમિક ભાવાધિકારમાં છઠ્ઠો દેશસંયમ ભાવાન્તરાધિકાર પૂર્ણ થયો.

૫

# (૭) ક્ષાયોપશમિક ચારિત્ર ભાવાન્તરાધિકાર

મંગલાચરણ (દોહા)

ચારિત્ર ચાપ ચઢાય કે, રત્નત્રય સરસંધ।
મોહ શત્રુ ક્ષય જિન કિયો, નમોં જ્ગાત કરિ વંધ॥

**ક્ષાયોપશમિક ચારિત્ર ભાવાધિકાર લખીએ છીએ–**

જ્યાં સંજ્વલન ચારિત્ર મોહકર્મના સર્વઘાતી સ્પર્ધકોના ઉદયનો અભાવ થાય છે અને ઉદયને પ્રાપ્ત થયેલ જે સર્વઘાતી સ્પર્ધક, તેમનો પ્રદેશ ઉદય નથી થતો, તેને જ ક્ષય કહે છે અને ઉદયમાં નહીં આવેલ એવા સત્તામાં પડેલા સ્પર્ધક તેમનું ઉપશાંતકરણ થાય છે અર્થાત્ તેઓ ઉદીરણા થઈને ઉદયમાં નથી આવતા. અને દેશઘાતી સ્પર્ધકોનો ઉદય હોય, ત્યાં **ક્ષાયોપશમિક ચારિત્ર ભાવ** પ્રગટ થાય છે.

જે સ્વયંબુદ્ધ હોવાથી સંસાર, શરીર, ઘર, કુટુમ્બ, પરિગ્રહ, વિષયભોગાદિથી વિરક્ત થઈને, વનમાં જઈને ૨૮-મૂળગુણોના ધારક, મહાતપસ્વી, સર્વશ્રુતના પારગામી તથા બે ત્રણ, વા ચાર પ્રમાણ/સમ્યક્જ્ઞાનના ધારક મહાઋદ્ધિ આદિ ગુણોથી યુક્ત, સર્વ સંસાર માયાથી નિસ્પૃહ બાહ્ય-અભ્યંતર-૨૪ પરિગ્રહનાં ત્યાગી, પરમ દિગંબર નગ્નમુદ્રાના ધારક, દીક્ષા-શિક્ષામાં દેવામાં પ્રવીણ, સર્વજીવોના હિતકારી–એવા જે શ્રીગુરુની પાસે જઈને દીક્ષાની પ્રાર્થના કરે છે, ત્યારે શ્રીગુરુ તેને દીક્ષાને યોગ્ય દેખીને આજ્ઞા આપે છે.

"હે મહા ભાગ્ય! તે સારો વિચાર કર્યો. આ (દીક્ષા) મહાન અલભ્ય પરમ કલ્યાણને કરવાવાળી, સંસારી કાયર જીવોને ભયંકર (કષ્ટદાયક લાગે છે) મહાપુરુષો દ્વારા સેવ્યમાન/સેવનીય, ત્રિલોકપૂજ્ય, એવી જિનેશ્વરી દીક્ષા તેને તમે અંગીકાર કરો."

જ્યારે આ અષ્ટાંગ નમસ્કાર કરીને હાથ જોડીને, વિનય સહિત શ્રીગુરુની સન્મુખ ઊભો રહે (છે)

ત્યારે શ્રીગુરુ આજ્ઞા કરે છે "વસ્ત્રાભૂષણનો પરિહાર/ત્યાગ કરો" ત્યારે આજ્ઞા થતાં જ આ તત્કાળ હર્ષપૂર્વક બધા વસ્ત્રાભૂષણ એવી રીતે ઉતારી નાંખે છે, જે રીતે શરીરનો મેલ નિકાળી કાઢે છે.

**ચોવીસ પ્રકારનાં પરિગ્રહ :**

ચૌદ પ્રકારનાં આભ્યંતર પરિગ્રહ અને દશપ્રકારનાં બાહ્ય પરિગ્રહનો શ્રીગુરુની આજ્ઞાપૂર્વક ત્યાગ કરે છે. મિથ્યાત્વ, ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, પુરુષવેદ, સ્ત્રીવેદ, નપુંસકવેદ, આ ચૌદ પ્રકારના આભ્યંતર પરિગ્રહ છે અને ક્ષેત્ર, મકાન, હીરા સોનું, ધન, ધાન્ય, દાસી, દાસ, કપડાં, વાસણ—આ દસ પ્રકારનો બાહ્ય પરિગ્રહ—આ રીતે ચોવીસ પ્રકારના પરિગ્રહનો ત્યાગ કરે છે.

તેનું સ્વરૂપ કહે છે—"મૂર્ચ્છા પરિગ્રહઃ" પરદ્રવ્યોમાં મમત્વભાવ, મમત્વ આત્માના પરિણામ છે. તેનું પરદ્રવ્યોમાં એકત્વરૂપ થઈને બંધાઈ જવું. જેમ તાંતુડીગોહ નામનો જળચર જીવ, પોતાના તંતુઓને ચલાવીને ગાંઠ બાંધીને પરદ્રવ્યોને પોતાની તરફ ખેંચીને (તેમનાથી) એકત્વરૂપ થઈ જાય છે, તેવી જ રીતે આત્મા પોતાના મમકાર ભાવરૂપ પરિણામો દ્વારા પરદ્રવ્યોથી ગઠબંધનરૂપ થઈને એકત્વભાવને પ્રાપ્ત થાય છે. તેટલા માટે તેને ગ્રંથી કહે છે.

પરદ્રવ્યોને બાંધવાવાળા આત્માના મમત્વ પરિણામ, તેને અભ્યંતર ગ્રંથ કહે છે અને આત્મપરિણામોને બાંધવામાં જે પરદ્રવ્ય નિમિત્ત છે, તેને બાહ્યગ્રંથ કહે છે.

બાહ્ય-અભ્યંતર પરિણામ/ગ્રંથ પૂર્વોક્ત ચોવીસ પ્રકારના છે. તેનો ત્યાગ કરે ત્યારે નિર્ગ્રંથ પદ પામે છે.

જ્યાં પરદ્રવ્યથી અહંકાર—મમકાર બુદ્ધિરૂપ પરિણમનનો ત્યાગ કરી દે છે, ત્યાં અભ્યંતર મિથ્યાત્વ પરિગ્રહનો ત્યાગ કહેવાય છે અને બાહ્ય શરીર-કુટુંબાદિનો ત્યાગ અને ક્ષેત્રાદિ દશ પ્રકારની વસ્તુઓનો ત્યાગ, તેને બાહ્ય મિથ્યાત્વ પરિગ્રહનો ત્યાગ કહે છે.

તથા ગૃહીત મિથ્યાત્વભાવને ધરવાવાળા મિથ્યા દેવ-ગુરુ-ધર્મ, આપ્ત, આગમ, પદાર્થ વા તેના ધારક એવા ચેતન-અચેતન પદાર્થોમાં રાગનો ત્યાગ કરવો તેને અભ્યંતર મિથ્યાત્વ પરિગ્રહનો ત્યાગ કહે છે અને ચેતન-અચેતન નવ પદાર્થોનો ત્યાગ તેને બાહ્ય મિથ્યાત્વ પરિગ્રહનો ત્યાગ કહે છે. તથા પરદ્રવ્યોમાં ક્રોધનો ત્યાગ, તેને અભ્યંતર ક્રોધ પરિગ્રહનો ત્યાગ કહે છે અને બાહ્ય ક્રોધના કારણભૂત પરદ્રવ્યોનો ત્યાગ, તેને બાહ્યક્રોધ—પરિગ્રહનો ત્યાગ કહે છે.

જ્યાં આઠ પ્રકારના મદાદિરૂપ માનભાવનો ત્યાગ હોય, તેને અભ્યંતર માન

પરિગ્રહનો ત્યાગ કહે છે અને માનના કારણભૂત બાહ્ય પરિગ્રહનો ત્યાગ, તેને બાહ્ય માન-પરિગ્રહનો ત્યાગ કહે છે.

જ્યાં મન-વચન-કાયાની કુટિલતારૂપ જે માયાભાવ અર્થાત્ મનમાં તો કાંઈ બીજું વિચારવું અને વચનથી કાંઈ બીજું કહેવું અને કાયાથી કાંઈ બીજું કરવું તેને મન-વચન-કાયાની કુટિલતા કહે છે. વા સ્વયં તો મન-વચન-કાયાદિ પ્રવૃત્તિ વા જ્ઞાન-ચારિત્રાદિની પ્રવૃત્તિ વા કુળ, જાતિ વિ. નીચલી અવસ્થાને ધરે છે અને કોઈ અન્ય જીવ, પોતાની અવસ્થાથી ઊંચું, વધારીને વર્ણન કરે, ત્યાં પોતાના મનમાં પ્રિય લાગે છે; આમ પોતાની જેવી છે તેવી અવસ્થા પ્રગટ ન કરવી. તે મનની કુટિલતા કહેવાય છે.

પોતે, વચન તો તુચ્છ કાર્યાદિના સાધક વા પોતાની ન્યૂનતાના કારણરૂપ કહ્યાં હતા અને કોઈ અન્ય મનુષ્ય તેના વચનને કોઈ અપેક્ષાથી મોટા કામના સાધક વા ઉચ્ચતાના કારણ બતાવે ત્યારે તેને પોતાના કહેલ વચનની વાસ્તવિકતા છૂપાવીને કહે "અમે તો જેમ તમે સમજો છો તેવા જ વચન કહ્યાં છે"—આમ કહેવું તેને વચનની કુટિલતા કહે છે.

સ્વયં તો કાયની નીચી પ્રવૃત્તિને ધરે છે અને જીવોને જોઈને કાયાની પ્રવૃત્તિ ઉંચી કરવા લાગે, તેને કાયાની કુટિલતા કહેવામાં આવે છે. તેનો ત્યાગ કરવો, તે અભ્યંતર માયા પરિગ્રહનો ત્યાગ કહેવાય છે. અને તેના કારણભૂત બાહ્ય પરદ્રવ્યનો ત્યાગ, તેને બાહ્ય માયા-પરિગ્રહનો ત્યાગ કહે છે.

તથા મોહ ઈચ્છા, કષાય ઈચ્છા, ભોગ ઈચ્છા, રોગ ઈચ્છા—આ ચાર પ્રકારની ઈચ્છાના કારણભૂત જે ઈષ્ટ સામગ્રી તેની પ્રાપ્તિની ઈચ્છારૂપ જે અપ્રશસ્ત લોભ, તેનો ત્યાગ, તેને અભ્યંતર લોભ પરિગ્રહનો ત્યાગ કહે છે અને બાહ્ય કારણભૂત જે પરદ્રવ્યરૂપ બાહ્ય સામગ્રીનો ત્યાગ, તેને બાહ્ય લોભ-પરિગ્રહનો ત્યાગ કહે છે.

આ પ્રકારની ઈચ્છાની સાધન સામગ્રીનો સંગમ થતાં પ્રસન્ન થવું વા પરદ્રવ્યોને હાસ્યના કારણ જાણીને સ્વયં હાસ્યરૂપ પરિણમવું, એવો જે હાસ્યનો ભાવ, તેનો ત્યાગ, તેને અભ્યંતર હાસ્ય પરિગ્રહનો ત્યાગ કહે છે અને હાસ્યના કારણભૂત પરદ્રવ્યરૂપ સામગ્રી, તેનો ત્યાગ, તેને બાહ્ય હાસ્ય પરિગ્રહનો ત્યાગ કહે છે. ચાર પ્રકારની ઈચ્છાના કારણભૂત પરદ્રવ્યરૂપ જે ઈષ્ટ સામગ્રી તેમાં આસક્તિનો ત્યાગ, તેને અભ્યંતર રતિ પરિગ્રહનો ત્યાગ કહે છે અને રતિ-ભાવના કારણભૂત પરદ્રવ્યરૂપ સામગ્રી, તેનો ત્યાગ, તેને બાહ્યરતિપરિગ્રહનો ત્યાગ કહે છે.

જે પોતાને ન ગમે વા દુઃખદાયક હોય, એવી જે પરદ્રવ્યરૂપ બાહ્યસામગ્રી તેનો સંબંધ થતાં જે અરુચિભાવ થાય છે, તેનાથી શીઘ્ર છૂટવાની ભાવનારૂપ અરતિભાવ તેનો ત્યાગ

કરવો, તેને અભ્યંતર અરતિ પરિગ્રહનો ત્યાગ કહે છે અને બાહ્ય અરતિના કારણભૂત પરદ્રવ્યરૂપ બાહ્ય સામગ્રી તેનો ત્યાગ, તેને બાહ્ય-અરતિ પરિગ્રહનો ત્યાગ કહે છે.

ચાર પ્રકારની ઈચ્છાના કારણભૂત બાહ્ય પરદ્રવ્યરૂપ સામગ્રી નો વિયોગ થવાથી નિરુદ્યમી થઈને ચિંતા કરવી, તેને શોક કહે છે, તેનો ત્યાગ તેને અભ્યંતર શોક પરિગ્રહનો ત્યાગ કહે છે અને શોકના કારણભૂત જે પરદ્રવ્યરૂપ બાહ્ય સામગ્રીનો ત્યાગ, તેને બાહ્ય-શોક પરિગ્રહનો ત્યાગ કહે છે.

શરીરાદિ ઈષ્ટ સામગ્રીના બાધક જાણીને ભય-કષાયરૂપ ભાવ કરવો, છૂપાઈ જવું વા ભાગી જવાની બુદ્ધિ, તેનો ત્યાગ તેને ભય પરિગ્રહનો અભ્યંતર ત્યાગ કહે છે અને ભયના કારણ જે પરદ્રવ્ય ચેતન-અચેતન પદાર્થ તેના નિવારણના કારણભૂત જે પરદ્રવ્ય સામગ્રી, તેનો ત્યાગ, તેને બાહ્ય ભય પરિગ્રહનો ત્યાગ કહે છે.

જે પોતાના મનને નહીં ગમવાવાળી પરદ્રવ્યરૂપ સામગ્રી, તેના પ્રતિ જૂઠો ઈર્ષ્યાભાવ કરવો, ગ્લાનિ કરવી, તેને જુગુપ્સા કહે છે. તેનો ત્યાગ, તેને અભ્યંતર જુગુપ્સા પરિગ્રહનો ત્યાગ કહે છે અને જુગુપ્સાના કારણભૂત જે બાહ્ય પરદ્રવ્ય, તેનો ત્યાગ તેને બાહ્ય જુગુપ્સા પરિગ્રહનો ત્યાગ કહે છે.

તથા સ્ત્રીથી કામસેવનની ઈચ્છા, તેનું નામ પુરુષવેદ છે; તેનો ત્યાગ તેને અભ્યંતર પુરુષવેદ પરિગ્રહનો ત્યાગ કહે છે અને બાહ્યમાં સ્ત્રીસંગમનો ત્યાગ, તેને બાહ્ય પુરુષવેદ પરિગ્રહનો ત્યાગ કહે છે.

પુરુષથી કામસેવનની જે ઈચ્છા, તેનું નામ સ્ત્રીવેદ છે; તેનો ત્યાગ, તેને અભ્યંતર સ્ત્રીવેદ પરિગ્રહનો ત્યાગ કહે છે અને બાહ્યમાં પુરુષના સંગમનો ત્યાગ તેને બાહ્ય સ્ત્રીવેદ પરિગ્રહનો ત્યાગ કહે છે. જે સ્ત્રી-પુરુષ બંનેથી કામસેવનની ઈચ્છા છે, તેને નપુંસકવેદ કહે છે તેનો ત્યાગ તેને અભ્યંતર નપુંસકવેદ પરિગ્રહત્યાગ કહે છે અને જ્યાં બાહ્યમાં સ્ત્રી-પુરુષના સંગમનો ત્યાગ, તેને બાહ્ય નપુંસકવેદ પરિગ્રહ ત્યાગ કહે છે.

જે બાહ્ય પરિગ્રહ કહેવામાં આવ્યા છે તેમાં દસ ભેદ છે—ક્ષેત્ર અર્થાત્ ભૂમિ, દેશાદિ, વાસ્તુ અર્થાત્ મંદિર, ઘર, મંડપાદિ, હિરણ્ય અર્થાત્ હેમ-રત્નાદિ, સ્વર્ણ અર્થાત્ હેમ-રૂપાદિ, ધન અર્થાત્ સ્ત્રી, પુત્ર, પરિવારાદિ તથા હાથી, ઘોડા, ભેંસ, ઉંટ, બળદ, ગાય વિ. ધાન્ય અર્થાત્ અન્ન-ધૃતાદિ સર્વ અનાજરૂપ વસ્તુઓ, દાસી અર્થાત્ ઘર કામવાળી સ્ત્રી, દાસ અર્થાત્ નોકર-ચાકર વિ. પુરુષ, કુપ્ય અર્થાત્ કપડાં વા સુગંધિત દ્રવ્ય, ભાંડ અર્થાત્ ભોજન-પાણી-સ્નાન વિ.ના ઉપકરણ-થાલી, કટોરા, લોટા, ઘડા, પરાત વિ. કાંસા, પીત્તળ, લોહ, સુવર્ણ, રૂપાદિના આ દશ પ્રકારના બાહ્ય પરિગ્રહનો ત્યાગ કરે છે.

આ રીતે પૂર્વોક્ત ચોવીસ પ્રકારનાં પરિગ્રહનો ત્યાગ કરવાથી નિર્ગ્રન્થપદને પ્રાપ્ત થાય છે.

આ ચોવીસ પ્રકારના બાહ્ય-અભ્યંતર પરિગ્રહમાંથી કોઈ પણ પ્રકારથી કોઈપણ પરિગ્રહને ગ્રહણ કરે છે, ત્યાં નિર્ગ્રંથપદનો અભાવ છે. આ ચોવીસ પ્રકારનાં બાહ્ય-અભ્યંતર પરિગ્રહનો ત્યાગ દ્રવ્યલિંગી-ભાવલિંગી બંને જાતિનાં મુનિઓમાં હોય છે. આમાંથી એકનો પણ સદ્ભાવ હોય તો પણ તે કુલિંગી છે અને જ્યાં બાહ્યના દસ પ્રકારના પરિગ્રહનો સદ્ભાવ હોય, તે તો અવશ્ય જ કુલિંગી છે. એટલા માટે બાહ્ય અભ્યંતર પરિગ્રહનો સદ્ભાવ હોય તો અથવા આમાંથી કોઈ એકનો સદ્ભાવ હોય તોપણ મુનિલિંગ માનવું, (તે માટે) ભગવાનની આજ્ઞા નથી. સર્વ પ્રકારના પરિગ્રહના ત્યાગમાં જ મુનિલિંગ માનવું.

આ ચોવીસ પ્રકારના પરિગ્રહથી નિસ્પૃહ થઈને, સર્વવિધના કારણભૂત સામાયિક ચારિત્ર, તેને પ્રતિજ્ઞાપૂર્વક ગ્રહણ કરે છે.

**સામાયિક ચારિત્ર કેવું છે?**

તેમાં શત્રુ-મિત્ર, મંદિર અને વન, સુખ-દુઃખ, જીવન-મરણ, રોગ-નિરોગ, રાજા-રંક, સ્વજન-પરજન, ચિંતામણિ રત્ન ઠીકરી/કાંકરાદિ, લાભ-અલાભ, કટુવચન-મિષ્ટવચન, સત્કાર-અનાદર, ગાલી, અસત્ય વચન વિ. જેમને સમાન છે—એવા રાગ-દ્વેષ રહિત સમતાભાવના ધારક ગુરુની આજ્ઞાથી ગ્રહણ કરે છે. ''અને મન, વચન, કાયા, કૃત, કારિત, અનુમોદનાથી સર્વ સાવદ્યનો મારે જીવનપર્યંત ત્યાગ છે'' આવું પ્રતિજ્ઞાવાક્ય મુખથી કહે છે અને દીક્ષાના સમયે જે ક્રિયાઓ યોગ્ય છે, તે બધી સર્વશાસ્ત્રના વેત્તા શ્રીગુરુ શાસ્ત્રોક્તવિધિથી ક્રિયાયુક્ત દીક્ષા ગ્રહણ કરાવે. તે સમયે તે જીવ અઠ્યાવીસ મૂળગુણ સહિત સામાયિક ચારિત્રની પ્રતિજ્ઞા કરે છે.

# મુનિના અઠ્યાવીસ મૂળગુણ

**પાંચ મહાવ્રત પ્રતિજ્ઞાપૂર્વક ગ્રહણ કરે—**ત્રસ-સ્થાવર જીવોની રક્ષા છે જેમાં તેની મન-વચન-કાયા-કૃત-કારિત-અનુમોદનાથી વિરાધના નથી કરતો, ઉદ્યમ દ્વારા શરીરથી સ્વ-પરના દ્રવ્ય-ભાવ પ્રાણોનો નાશ નથી કરતો, સ્વ-પર કોઈના પણ દ્રવ્ય-ભાવ પ્રાણોને કોઈપણ પ્રકારે વચન-કાયથી દુઃખી નથી કરતો અને મનમાં સ્વ-પરના દ્રવ્ય-ભાવપ્રાણોના નાશ કરવાનો કે દુઃખી કરવાનો સંકલ્પ નથી કરતો અને જેણે જીવોની દયાને માટે સર્વ પ્રકારનો આરંભ છોડી દીધો છે; આથી તેનાથી આરંભી હિંસા પણ નથી થતી. આ રીતે અહિંસા મહાવ્રતનું ગ્રહણ કરે છે.

સત્ય મહાવ્રતનું ગ્રહણ કરે છે. જેણે બધા પ્રકારના અસત્ય વચન છોડી દીધાં છે. હિત અર્થાત્ સર્વ જીવોના સુખનું કારણ છે અને મર્યાદિતરૂપે હિત-મિત-વચન બોલે છે કે મૌન રહે છે, કોઈપણ પ્રકારે મિથ્યા અસત્ય વચન નથી બોલતો.

સર્વ પ્રકારથી સર્વથા અદત્તગ્રહણનો ત્યાગ કરે છે, આ રીતે અચૌર્ય મહાવ્રતની પ્રતિજ્ઞા લીધી છે.

સર્વ પ્રકારથી સર્વથા દ્રવ્ય-ભાવથી મૈથુનાદિ કામવિકારનો ત્યાગ છે, તેને બ્રહ્મચર્ય મહાવ્રત કહે છે.

સર્વ પ્રકારથી સર્વથા બાહ્ય-અભ્યંતર ચોવીસ પ્રકારનાં પરિગ્રહનો ત્યાગ કરે છે, તેને પરિગ્રહત્યાગ મહાવ્રત કહે છે.

આ તો નિયમરૂપ પાંચ મહાવ્રત મૂળગુણોની પ્રતિજ્ઞા કરે છે અને આ પાંચ મહાવ્રતોની રક્ષાના નિમિત્તરૂપ ૨૩ મૂળગુણોને પ્રતિજ્ઞા સહિત ગ્રહણ કરે છે.

**તેમાં પાંચ તો સમિતિઓનું ગ્રહણ કરે છે :—**

વિહાર સમય શ્રીમુનિ પોતાની અચળ દૃષ્ટિ જોડાયેલ પ્રમાણ/ચાર હાથ ભૂમિ નિહાળતાં જ ગમન કરે છે, બીજી તરફ દૃષ્ટિ નથી ફેરવતાં. કદાચિત્ અનેક જીવ આવીને સર્વત્ર નમસ્કારાદિ કરે છે. તેમની સાથે પોતાના મુખથી વચનાલાપ નથી કરતા. માર્ગમાં પિપીલાનિકાદિ જીવો પર દૃષ્ટિ પડી જાય તો તેને બચાવીને પગ માંડે છે અને બહુ (જીવ) હોય તો તે માર્ગને છોડીને બીજા માર્ગથી ગમન કરે છે, જો બીજો માર્ગ ન હોય તો ત્યાં જ ઊભા રહી જાય છે અથવા તે માર્ગથી પાછા ફરી જાય છે, જેવો યોગ્ય વ્યવહાર હોય તેવો કરે છે, તે ઈર્યા સમિતિ છે.

જ્યાં ઉપદેશાદિ વચન યોગ્ય કાર્ય હોય ત્યાં વચનની પ્રવૃત્તિ કરે છે તેને હિતરૂપ વચન કહે છે, બધા જીવોના કલ્યાણરૂપ અને મિત અર્થાત્ મર્યાદારૂપ એવા હિત-મિત વચન બોલે છે, તેને ભાષા સમિતિ કહે છે.

તથા ૪૬—દોષ રહિત, ૩૨ અંતરાયરરહિત, શુદ્ધ આહાર ગ્રહણ કરે છે, તેને એષણા-સમિતિ કહે છે.

**હવે છેંતાલીસ દોષોનું વર્ણન કરે છે :—**

તેમાં ૧૬ દોષ દાતાર આશ્રિત છે, તેને ઉદ્ગમ દોષ કહે છે. (૧) જે છ-કાય જીવોની વિરાધના કરીને આહાર બનાવ્યો હોય અથવા આહાર સમયે છ-કાયના જીવોની મન-વચન-કાયા-કૃત-કારિત-અનુમોદનાથી વિરાધના કરતો હોય, તે અધઃકર્મ દોષ કહેવાય છે. (૨)

યતિના માટે વા સ્વયંના માટે બનાવેલ ભોજનમાં ભાતાદિ વધુ ભેળવી દેવા તે અધ્યધિ દોષ કહેવાય છે. (૩) અપ્રાસુક આહાર દેવો તેને પૂતિકર્મદોષ કહે છે. (૪) કુદૃષ્ટિઓ સાથે કરાયેલ રસોઈનું અન્ન, આહાર માટે આપવું વા અસંયમીના ભાગનો આહાર દેવો, તેને મિશ્રદોષ કહે છે. (૫) જે વાસણમાં ભાતાદિ બનાવ્યા હોય તેમાંથી અન્ન કાઢીને (તેમાં બીજો ખાદ્ય પદાર્થ) પકાવવો વા અન્ય વાસણમાં કાઢીને લાવેલ આહાર દેવો, તેને સ્થાપિત દોષ કહે છે. (૬) પિતૃ આદિને માટે બનાવેલ રસોઈ હોય વા અન્યના નિમિત્ત બનાવી હોય, તે રસોઈનું ભોજન દેવું તેને બલિ દોષ કહે છે. (૭) કાળની હીનાધિકતા (જલ્દી વા મોડેથી) સહિત આહાર દેવો તેને પરાવર્તી દોષ કહે છે. (૮) મુનિને આહાર દીધાં પછી ભોજનાદિ બાહર કાઢીને ઢોળવું, તે જગ્યા ધોવી તેને પ્રાચીન ક્રિયા દોષ કહે છે. (૯) તત્કાળ પોતાના-પરાયા દ્રવ્યના સડેલા અન્નનો આહાર દેવો તેને ક્રીત દોષ કહે છે. (૧૦) ઉધાર લઈને આહાર દેવો તેને ઋણ દોષ કહે છે. (૧૧) પોતાનું અન્નાદિ બીજા પાસે બદલી કરીને આહાર દેવો તેને પ્રવર્તિક દોષ કહે છે. (૧૨) બીજા ગ્રામાદિથી મંગાવીને આહાર દેવો તેને અભિઘટ દોષ કહે છે. (૧૩) ડબ્બામાં બાંધીને રાખેલ વા બંધ કરેલને તુરંત ખોલીને આહાર દેવો, તેને ઉદ્‌ભિન્ન દોષ કહે છે. (૧૪) નાળું ઓળંગીને સીડી ચડીને લાવેલ આહાર દેવો, તેને માલારોહણ દોષ કહે છે. (૧૫) જેનો સ્વામી ન હોય એવી કોઈની રસોઈનો આહાર દેવો, તેને અનિશાર્થ દોષ કહે છે. (૧૬) રાજાના ભયથી ડરીને આહાર દેવો, તેને આછેદ્ય[1] દોષ કહે છે.

આ સોળ દોષો સહિત ગૃહસ્થ, યતિને આહાર દેતો નથી અને જો મુનિને ખબર પડી જાય તો તેઓ આહાર લેતા નથી.

**સોળ ઉત્પાદન દોષ યત્યાશ્રિત છે :–**

(૧) જ્યાં ધાઈની સમાન દાતારનાં બાળકોને ખવડાવવું, રમાડવા, તે **ધાત્રી દોષ** છે. (૨) દૂતની જેમ દેશાંતરના સમાચાર દાતારને કહેવા તે **દૂત દોષ** છે. (૩) નિમિત્તજ્ઞાનની વાત દાતારથી કહેવી, તે **નિમિત્તદોષ** છે. (૪) દાતારને સારું લાગે એવું કુપાત્રને દાનાદિ પોષક વચન દાતારથી કહેવા, તે **વનપીક દોષ** છે. (૫) દાતારની નાડી જોવી વિ. વૈદ્યક ક્રિયા કરવી તે **ચિકિત્સા દોષ** છે. (૬) ક્રોધિત થઈને આહાર લેવો, તે **ક્રોધદોષ** કહેવાય છે. (૭) માન સહિત આહાર લેવો તે **માન દોષ** છે. (૮) માયા સહિત આહાર લેવો, તે **માયા દોષ** છે. (૯) લોભના અભિનિવેશ સહિત આહાર લેવો, તે **લોભ દોષ** કહેવાય છે. (૧૦) આહાર લેતા પહેલા (દાતારની) સ્તુતિ કરવી, તે **પૂર્વસ્તુતિ દોષ** છે. (૧૧) આહાર લીધા પછી દાતારની સ્તુતિ કરવી તે **પશ્ચાત્ સ્તુતિ દોષ** છે. (૧૨) કોઈને વિદ્યા શિખવાડીને આહાર

(૧) આછેદ્ય દોષને માટે સાર ચોવીસીમાં એવું કહ્યું છે કે સંયમી જીવોને આહાર હેતુ આવતા જોઈને જે ગૃહસ્થ, રાજા, પંચ વા લોકભયથી સાધુને આહારદાન આપે છે, તેને આછેદ્ય દોષ જાણવો.

લેવો, તે **વિદ્યા નામનો દોષ** છે. (૧૩) મંત્ર ભણીને આહાર લેવો, તે **મંત્ર નામક દોષ** છે. (૧૪) ચૂર્ણ (લોટ) અંજનાદિ દઈને આહાર લેવો, તે **ચૂર્ણાદિ દોષ** છે. (૧૫) વશીકરણ વિ. કરીને આહાર લેવો, તે **મૂળકર્મદોષ** છે. (૧૬) આજીવિકાની વાત દાતારને બતાવવી, તે **આજીવિકા દોષ** કહેવાય છે અને વળી મુનીશ્વર દાતારના ઘરે જઈને કહે કે આજકાલ ભોજનનું નિમિત્ત ઓછું બને છે—વિ. કહીને ભોજન કરે તો મુનીશ્વરને દોષ લાગે છે. આ દોષો સહિત બનેલો આહાર યતિ લેતા નથી.[1]

**એષણા દોષ કહે છે—**

(૧) આહાર સદોષ છે કે નિર્દોષ છે, એવી શંકા સહિત આહાર લેવો, તેને સંભ્રાંત (શંકા) દોષ કહે છે. (૨) ચમચાથી વા અન્ય વાસણ વિ.માંથી આહાર લેવો, તેને મિશ્રિત (ભખસ) દોષ કહે છે. (૩) સચિત્ત વસ્તુ પર રાખેલ આહાર લેવો, તેને નિહિત દોષ કહે છે. (૪) સચિત્ત વસ્તુથી ઢંકાયેલ આહાર લેવો, તેને પિહિત દોષ કહે છે. (૫) સચિત્ત વસ્તુથી મળેલો આહાર લેવો, તેને મિશ્ર દોષ કહે છે. (૬) જે વ્યવહાર બતાવીને આહાર આપે, તે આહારને લેવો, તેને વ્યવહાર દોષ કહે છે. (૭) સૂતકવાળા, રોગી, નપુંસક, બાળક, વૃદ્ધ, ગર્ભવતી સ્ત્રી વા અકેલી સ્ત્રી, અગ્નિઆદિ બાળવાવાળાના ઘરે, મંડપાદિને બનાવવાવાળા વા ધોવાવાળા, વિલેપસ્નાનાદિ કરાવવાવાળા વા રોતા બાળકને છોડીને આવે વા ઊંચા-નીચા ક્ષેત્રમાં બેસેલ સ્ત્રી-પુરુષ, તેમના હાથથી આપવામાં આવેલ આહાર લેવો, તેને દાયક દોષ કહે છે. (૮) જેના રંગાદિ બદલે નહીં, એવા અન્ન-જળાદિકને ગ્રહણ કરવા તેને અપરિણતિ દોષ કહે છે. (૯) ખટાશ વિ. લાગેલ દાતારનો હાથ હોય વા ભાજન હોય, તેનાથી આહાર લેવો, તેને લિપ્ત દોષ કહે છે. (૧૦) જેના રસાદિ ગળી ગયાં છે એવા ભાત વિ. તેવા આહારને ગ્રહણ કરવો, તેને ત્યજનદોષ કહે છે.

**સંયોજન દોષ કહે છે —**

(૧) સ્વાદને માટે ઠંડો, ગરમાદિ વા ક્ષાર, ખાટો, તીખો, ગળ્યો વિ. વસ્તુઓને ભેળવવી, તે સંયોજન દોષ છે. (૨) આસક્તિપૂર્વક આહાર ગ્રહણ કરીને, દાતારના ગુણ ગાવા, તે અંગાર દોષ છે. (૩) સ્વાદ સહિત આહાર ગ્રહણ ન કરે અને તે દાતારની નિંદા કરે તે ધૂમ્ર દોષ છે. (૪) મર્યાદાનું ઉલ્લંઘન કરીને આહાર લેવો તે અપ્રમાણ દોષ છે.

આ પ્રમાણે ૧૬—ઉદ્‌ગમ દોષ, ૧૬-ઉત્પાદન દોષ, ૧૦-એષણા દોષ અને ૪-સંયોજનાદિ દોષ—આમ ૪૬ દોષ આહારના ટાળે છે અને હવે આગળ કહીશું તે ૬૪ અંતરાય ટાળીને આહાર ગ્રહણ કરે છે.

---

૧. આ અંશ શ્રી પાર્શ્વનાથ દિ. જૈન ચૈત્યાલય, બાપુનગર, જયપુરથી પ્રાપ્ત હસ્તલિખિત પ્રતથી લીધો છે.

**અંતરાયનાં દોષ કહે છે :**

(૧) શરીરથી વિષ્ટાપતન(નિકળી જવું) (૨) પીંછા વિ. અશુચિ વસ્તુથી ચોંટેલું દેખે, તે અમેદ્ય અર્થાત્ છર્દિ અર્થાત્ ઉલટી કરે તો, (૩) રોધન અર્થાત્ કોઈ રોકે તો, (૪) લોહી વિ. સાત ધાતુનો સ્પર્શ થઈ જાય વા જોવામાં આવી જાય તો (૫) મળમૂત્રાદિનો સ્પર્શ થઈ જાય વા દેખવામાં આવે તો (૬) અશ્રુપાત અર્થાત્ પોતાને કોઈ મોહાદિનું કારણ મળતાં અશ્રુપાત થઈ જાય વા પોતાની નજીક કોઈ રોવે તો (૭) જાંઘવ પ્રાભૃત અર્થાત્ કોઈ કારણવશ જાંઘની નીચે હાથ લાગી જાય/હાથથી સ્પર્શ થઈ જાય તો (૮) જાનૂ પરવિત કર્મ અર્થાત્ પગોથી કોઈ વ્યતિક્રમ થઈ જાય, (૯) નાભિ અધોનિગમેન અર્થાત્ નાભિની નીચે-નીચેથી નીકળવું થઈ જાય, (૧૦) પ્રત્યાખ્યાન સેવન અર્થાત્ ત્યાગી દીધેલ વસ્તુનું ગ્રહણ થઈ જાય, (૧૨) સ્વયંથી વા બીજાથી કોઈ જીવનું મરણ થઈ જાય (૧૨) કાકાદિ/કૌઆ વિ. કોળિયો લઈ જાય તો, (૧૩) પાણિ-પાત્રાદિ પિંડ પતન અર્થાત્ કરપાત્રથી કોળિયો પડી જાય તો (૧૪) પાણિપાત્રાદિ જંતુબંધ અર્થાત્ કરપાત્રમાં કોઈ જંતુ આવીને મરી જાય, (૧૫) ઉપસર્ગ થાય તો (૧૬) પાદાંતરે જીવગમન અર્થાત્ બંને પગોની વચ્ચેથી કોઈ પંચેન્દ્રિય જીવ નીકળી જાય તો (૧૭) ભાજનસંપાત અર્થાત્ આહાર દેવાવાળાના હાથથી ભાજન જમીન પર પડી જાય. (૧૮) ઉછાટ અર્થાત્ પોતાના પેટથી મળ નીકળી પડે તો (૧૯) મૂત્રસ્રવન અર્થાત્ પોતાના પેટથી મૂત્ર નીકળવા લાગે તો (૨૦) અભોજનગૃહ પ્રવેશ અર્થાત્ ચાંડાલાદિનો ઘરમાં પ્રવેશ થઈ જાય તો (૨૧) પતન અર્થાત્ મૂર્છા વિ.થી પડી જાય તો (૨૨) ઉપવેશન અર્થાત્ કોઈપ્રકારથી બેસવું થઈ જાય તો, (૨૩) શ્વંસદષ્ટિ અર્થાત્ શ્વાનાદિ કરડી જાય તો (૨૪) ભૂમિસ્પર્શ અર્થાત્ ભૂમિનો સ્પર્શ થઈ જાય તો (૨૫) નિષ્ઠીવ અર્થાત્ શ્લેષ્માદિ નીકળવા માંડે તો (૨૬) પોતાના પેટથી કૃમિ વિ. નીકળી પડે તો, (૨૭) અદત્ત ગ્રહણ થઈ જાય છો, (૨૮) ગ્રામ દાહ અર્થાત્ આગ લાગી જાય તો (૨૯) પરિહાર અર્થાત્ પોતાને વા પરને શસ્ત્રાદિનો ઘા લાગી જાય તો, (૩૦) પગથી વસ્તુ ઉઠાવી લેવી, (૩૧) કરગ્રહણ અર્થાત્ હાથથી ભૂમિ પર પડેલ વસ્તુને ઉઠાવી લે તો, (૩૨) દાતારાશ્રિત રોગ, મૃત્યુ આદિનું દુઃખ થઈ જાય તો (૩૩) પડગાહન કરવાવાળાનાં વસ્ત્ર, અયોગ્ય, અશુદ્ધ હોય તો, (૩૪) ચતુર્વિધ સંઘ પર ઉપસર્ગ થઈ જાય તો, (૩૫) સાધર્મીનું સંન્યાસ મરણ થઈ જાય તે સંભળાઈ જાય તો, (૩૬) ચૈત્ય, ચૈત્યાલય, શાસ્ત્રજી પર વિઘ્ન આવી જાય તો, (૩૭) રાજાદિ મહંત પુરુષોનું મરણ થઈ જાય તો, (૩૮) હાથી, ઘોડા વિ. તિર્યંચોનું મરણ જોવામાં આવી જાય તો, (૩૯) ઝઘડો થઈ જાય વા લડાઈ થઈ જાય તો, (૪૦) પ્રજા ભયથી કંપાયમાન થઈ જાય તો, (૪૧) ઘાડ વિ. પડે તો, (૪૨) કરપાત્રમાં નખ-રોમ, વાળાદિ આવે તો, (૪૩) અશુચિ વસ્તુનું સ્મરણ થઈ જાય તો, (૪૪) કોગળા કરી લે તો, (૪૫) ચાંડાળાદિ મનુષ્ય, બિલાડી, શ્વાન, સુવર, સસલું, ઉંદર વિ.નો સ્પર્શ થઈ જાય તો, (૪૬) અંજુલિ મોચન/અંજલિ

છૂટી જાય તો, (૪૭) મૌન મોચન/મૌન છૂટી જાય તો, (૪૮) અશુદ્ધ હિંસક, કર્કશ, વચન સાંભળવામાં આવી જાય તો, (૪૯) ચક્કી ચાલતી હોય તો (૫૦) ચૂલો સળગતો હોય તો (૫૧) કોઈ કાંઈ ખાંડી રહ્યું હોય તો (૫૨) પથ્થર પર કાંઈ વાટતા હોય તો, (૫૩) કપાસ પિલાતો હોય, (૫૪) માટી ખોદતાં હોય તો, (૫૫) શેષ કર્મ કરતા હોય તો, (૫૬) છાણાં થાપતા હોય તે, (૫૭) માટી ગુંદાતી હોય તો, (૫૮) માથે નહાતી હોય તો (૫૯) કેશ ગુંથતી હોય તો, (૬૦) જૂ-વિ. કાઢતી હોય તો, (૬૧) અપ્રાસુક પાણી હોય તો, (૬૨) અનાજ સુકાતું હોય તો, (૬૩) પાણીનું ગળણું ફાટેલું હોય તો, (૬૪) ઘડો ફૂટ્યો હોય તો વિ. પર દૃષ્ટિ પડી જાય તો આ ૬૪ અંતરાયોને ટાળે છે, અને હજી બીજા પણ અયોગ્ય અંતરાય હોય તો તેને ટાળીને પ્રાસુક આહાર લે છે. તે પણ ચારિત્રનું સાધક શરીર તેને ટકાવવા માટે વિષયના(ભાવ) રહિત નીરસ આહાર લે છે. નીરસ અર્થાત્ ઈષ્ટ ભોજનાદિ મળે તો તેમાં રાગ નથી કરતો અને અનિષ્ટ ભોજનાદિ મળે તો તેનાથી દ્વેષભાવ નથી કરતો. આવા અયાચીક (યાચના રહિત) વ્રત ધારકને લાભ-અલાભ બંને બરાબર છે અર્થાત્ બંનેમાં સમભાવ છે.

શ્રાવકના ઘરે જઈને યથાવિધિથી આહાર લે છે, તેને એષણા સમિતિ કહે છે. તથા ત્રણ ધર્મોપકરણ રાખે છે : શૌચક્રિયાને માટે લાકડાનું કે એક પ્રકારના ફળનું કમંડળ રાખે છે, તેને શૌચોપકરણ કહે છે અને દયાના પાલન માટે કોમળ મોરપીંછી રાખે છે, તેને દયાનું ઉપકરણ કહે છે અને જો પહેલા ગૃહસ્થ અવસ્થામાં કોઈ શાસ્ત્ર ન વાંચ્યું હોય અને જ્ઞાન-વૈરાગ્યના જોરથી મુનિપદ અંગીકાર કરી લીધું તો તે મુનિ મુન્યાચારના બોધ માટે મુન્યાચારનું શાસ્ત્ર યથાવિધિથી રાખે છે. તથા મુન્યાચારનો બોધ થઈ જવા બાદ નથી રાખતા. બહુ શાસ્ત્ર નથી રાખતા. આવા ત્રણ ઉપકરણ રાખે છે.

ઉપકરણોને જોઈને સાચવીને રાખવા કે ઉપાડવા, તેને **આદાન-નિક્ષેપણ સમિતિ** કહે છે. તથા શરીરના મળ-મૂત્રાદિ જમીન જોઈને, પારખીને, ક્ષેપણ કરવું તેને **પ્રતિષ્ઠાપના સમિતિ** કહે છે.

**પાંચ ઇન્દ્રિયોના નિરોધનું સ્વરૂપ કહે છે**

જ્યાં આઠ વિષય સ્પર્શન ઈન્દ્રિયનાં શીત, ઉષ્ણ, સ્નિગ્ધ, રુક્ષ, કોમળ, કઠોર, હલકો, ભારે. પાંચ વિષય સ્વાદ ઈન્દ્રિયના ગળ્યો, કડવો, ખાટો, તીખો, તૂરો અને બે વિષય ઘ્રાણ ઈન્દ્રિયના સુગન્ધ, દુર્ગન્ધ અને પાંચ વિષય ચક્ષુ ઈન્દ્રિયના—સફેદ, કાળું, લાલ, લીલું, પીળું તથા સાત વિષય શ્રોતેન્દ્રિયના મધ્યમ, ઋષભ, ગંધાર, પંચમ, ધૈવત, નિષાદ, ખરજ. આ પાંચે ઈન્દ્રિયોના ૨૭ વિષયો—તેઓ પ્રત્યે રાગ-દ્વેષ ન કરવા, તેને પંચેન્દ્રિયોનો નિરોધ કહે છે.

**છ—આવશ્યક કહે છે :** છ આવશ્યક પ્રતિદિન અવશ્ય કરવા. **સમતા** અર્થાત્ બુદ્ધિપૂર્વક સમભાવ રાખવો, સર્વ પદાર્થોને રાગ-દ્વેષ રહિત જાણવા. **વંદના** અર્થાત્ એક તીર્થંકરને નમસ્કારાદિ વા સ્તવન કરવું. **સ્તુતિ** અર્થાત્ ૨૪ તીર્થંકરોનું સ્તવન કરવું. પ્રતિક્રમણ અર્થાત્ આહાર-વિહારાદિમાં પ્રમાદથી કોઈ દોષ લાગી ગયો હોય, તે બધું મારું મિથ્યા થાઓ (એવી ભાવના કરવી) તેને **પ્રતિક્રમણ** કહે છે. આહાર-વિહારાદિમાં પ્રતિદિન કોઈ વસ્તુ વા કોઈ પ્રવૃત્તિનો નિયમરૂપથી ત્યાગ કરવો, તેને **પ્રત્યાખ્યાન** કહે છે. પ્રતિદિન એકવાર શરીરનું મમત્વ છોડીને, નિસ્પૃહી થઈને ઊભા રહેવું/બેસવું તેને **કાયોત્સર્ગ** કહે છે.

## મુનિના સાત શેષ મૂળગુણ કહે છે—

**ભૂમિશયન**—રાત્રિનાં પાછલા પ્રહરમાં પ્રાસુક પૃથ્વી પર અલ્પનિદ્રા સહ સુવે છે. જંતુરહિત પૃથ્વીને જોઈને પીંછીથી પરિમાર્જન કરીને શયન કરે છે. પીંછીથી જીવોને હટાવવા સમયે કદાચિત્ કાંકરા-કાંટાદિને હટાવે છે તો પીંછીનો પરિગ્રહભાવ થઈ જાય છે, ત્યારે મૂળગુણનો છેદ થઈને મુનિપદનો પણ અભાવ થાય છે.

**અસ્નાનવ્રત**—અંતર-બાહ્યથી શુદ્ધ એવા મહામુનિ ક્યારેય સ્નાન નથી કરતાં, જો કદાચ ઉપરથી પક્ષીની વિષ્ટા (ચરક) વિ. શરીર પર પડી જાય તોપણ પોતાના હાથોથી દૂર કરતા નથી. જ્યાં સુધી શરીર પર ચરક વિ. ચોંટેલ રહે, ત્યાં સુધી ધ્યાન-અધ્યયનાદિ સર્વ ક્રિયાઓથી રહિત હોય છે. જ્યારે કોઈ [1]અન્ય મુનિ કે ગૃહસ્થાદિ શરીરથી ચરક વિ. દૂર કરી દે, ત્યારે કમંડળના પ્રાસુક જળથી દંડસ્નાન કરે છે. દંડ સ્નાન અર્થાત્ ઊભા રહીને મસ્તક ઉપર જળની ધારા કરવી, તે જળ મસ્તકથી પગ સુધી સ્પર્શ કરતું પૃથ્વી તળ પર વહી જાય છે. ચાંડાળાદિનો સ્પર્શ થઈ જાય, ત્યારે પણ દંડસ્નાન કરે છે. અન્યથા સ્નાન કરવાનો યમરૂપ ત્યાગ કરે છે. કદાચિત્ સ્નાન કરવામાં વા પાદપ્રક્ષાલન/પગ ધોવામાં જળની ઠંડકથી રાગાદિ થઈ જાય (અર્થાત્ ઠંડુ પાણી સારું કે ખરાબ લાગે) તો કમંડળનું રાખવું પરિગ્રહ ભાવપણાને પ્રાપ્ત થઈ ગયું, ત્યારે મૂળગુણોનો અભાવ થવાથી મુનિપદ ચાલ્યું જાય છે અને જ્યાં સુધી ચરક શરીર પર ચોંટેલી રહે ત્યાં સુધી ગ્લાનિ (જુગુપ્સા) કષાયભાવ નથી કરતા. વસ્તુ સ્વરૂપનો વિચાર કરે છે. આ રીતે સ્નાનત્યાગ—એ મૂળગુણને ગ્રહણ કરે છે—પાળે છે.

**નગ્નતા**—સદાકાળ/જીવનપર્યંત નગ્ન રહે છે. દસે દિશાઓ જેમને વસ્ત્ર સમાન છે, એવા દિગંબર મહામુનિ જેમણે સર્વપ્રકારથી લૌકિક લજ્જા છોડી દીધી છે, બાળકવત્ નગ્નતાને ધારણ કરે છે. આવા નગ્ન સ્વરૂપ મૂળગુણને ગ્રહણ કરે છે/પાળે છે.

**કેશલોંચ**—હાથની આંગળીઓથી પકડી સકવાને યોગ્ય વાળ હોય, ત્યારે જ નિઃશંક

૧. મુનિરાજ જ્યારે સ્વયંની ચરક નથી નિકાળતા, તો અન્ય મુનિની કેવી રીતે નિકાળે?

થઈને પોતાના હાથો દ્વારા વાળને ઉખાડી નાંખે છે. વાળોને ઉખાડવામાં રંચમાત્ર પણ વેદનાગ્રસ્ત થતાં નથી. ઉત્કૃષ્ટ બે માસમાં, મધ્યમ ત્રણ માસમાં, જઘન્ય ચાર માસમાં કેશલોંચ કરે છે, તેને કેશલોચન નામનો મૂળ ગુણ કહે છે. એવા ગુણને ગ્રહણ કરીને પાળે છે.

**એકભુક્તિ**—પ્રતિદિન એક વાર ઉદ્દંડવૃત્તિ રહિત શ્રાવકનાં ઘરે જઈને યાચના રહિત સર્વદોષ-અંતરાય ટાળીને નીરસ અલ્પ ભોજન કરે છે, તેને એકભુક્તિ નામનો મૂળ ગુણ કહે છે.

**ઊભા-ઊભા આહાર ગ્રહણ** : હાથની અંજલીમાં (ખોબામાં) ઊભા રહીને આહાર લેવો, તેને કરપાત્ર કહે છે, પોતાની બંને હાથોની આંગળીઓ મેળવીને પાત્ર બનાવે છે, તેમાં ગૃહસ્થ ભક્તિપૂર્વક કોળિયો રાખે છે, તે કોળિયાને મોં વડે ગ્રહણ કરે છે. આ પ્રમાણે પાણી ગ્રહણ કરે છે, તે પાણીથી અંતરબાહ્ય મુખ અને હસ્તાદિ શુદ્ધ કરીને આહાર પૂર્ણ કરે છે, તેને ઊભા-ઊભા ગ્રહણ નામનો મૂળગુણ કહે છે.

**દંતધોવન પરિહાર** : જીવનપર્યંત જેમણે દાંત સાફ કરવાનો ત્યાગ કર્યો છે. આંગળીથી, દાંતણથી વા અન્ય કોઈપણ રીતે દાંતોની પંક્તિને ધોતા નથીં, રંચમાત્ર ગ્લાનિ મનમાં રાખતા નથી, આવા દંત ધોવન ત્યાગ મૂળગુણને ગ્રહણ કરે છે/પાલન કરે છે.

આ પ્રમાણે ઉપર કહ્યા જે પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, પાંચ ઇન્દ્રિયોનો નિરોધ, છ આવશ્યક અને ભૂમિશયનાદિ સાત ગુણ—આવા ૨૮ મૂળગુણોને જીવનપર્યંત પ્રતિજ્ઞા સહ ગ્રહણ કરે છે, પાલન કરે છે.

તે સમયે ગુરુની આજ્ઞાપૂર્વક કેશોનો લોંચ કરે છે. વિ. મુનિયોગ્ય ક્રિયાને ગ્રહણ કરીને દીક્ષા-લાભને યોગ્ય સમસ્ત ક્રિયાઓને પૂર્ણ કરીને પદ્માસન કે કાયોત્સર્ગ આસન ધારણ કરીને રહે છે. તે સમયે (અંતર્મુહૂર્તની અંદર) અપ્રમત્ત સંયત નામનું સાતમું ગુણસ્થાન પ્રાપ્ત કરે છે. તે સમયથી લઈને અંતર્મુહૂર્ત પ્રતિસમય અનંતગુણી વિશુદ્ધતા થાય છે અને અસંખ્યાત ગુણી કર્મોની નિર્જરા થાય છે. ત્યારબાદ ષટ્સ્થાન પતિત હાનિ-વૃદ્ધિ સહ પ્રતિસમય પરિણામોની વિશુદ્ધતા થાય છે અને તેને અનુસાર સમય-સમય ચતુઃસ્થાન પતિત હાનિ-વૃદ્ધિને લઈને ગુણશ્રેણી કર્મોની નિર્જરા થાય છે. માટે અન્તર્મુહૂર્ત પછી આવા જ વૃદ્ધિરૂપ પરિણામ નથી રહેતા.

તથા તે (વૃદ્ધિરૂપ પરિણામના) સમયે જોવાવાળાં જે સ્વજન, પરજન મનુષ્ય છે, તેઓ અનેક પ્રકારની અવસ્થાને પ્રાપ્ત થાય છે. જે સ્વજન સમ્યગ્જ્ઞાની ધર્માત્મા છે તેઓ તો એમ વિચારે કરે છે કે આમનું મહાભાગ્ય છે, જે સર્વકલ્યાણકારી એવી જિનેશ્વરી દીક્ષા (જે) અમારી જેવા કાયરને અલભ્ય છે અને બીજી અનેક પ્રકારે સ્તુતિ કરે છે અને સ્વયંને ધિક્કારે

છે. અમારું એવું ભાગ્ય ક્યારે આવશે કે અમે પણ આ દશાને પ્રાપ્ત થશું. અમારું પણ મહાભાગ્ય છે, જે અમારા કુળમાં મુનિપદના ધારક પુરુષ થયા.

તથા જે સ્વજન મોહી જીવ છે તેઓ તો મોહથી દુઃખી થઈને, અશ્રુપાત દ્વારા જેમનું પુરું શરીર ભીંજાઈ ગયું છે અને જેઓનું ચિત્ત વ્યાકુળ થઈ ગયું છે તથા શરીર પણ કંપાયમાન થવા માંડ્યું છે અને વારંવાર મુનિને જોઈ-જોઈને અત્યંત મોહને પ્રાપ્ત થાય છે.

અને કોઈ પરજન આશ્ચર્યમાં પડી જાય છે, કોઈ કરુણભાવને પામે છે, કોઈ જ્ઞાનભાવને પ્રાપ્ત કરે છે, કોઈ શોક-મગ્ન થાય છે વિ. અનેક અવસ્થાને પ્રાપ્ત થયેલ બધા પોતાના ઘર તરફ ગમન કરે છે.

**બાર પ્રકારનાં તપ** : છ પ્રકારનાં બાહ્ય તપનું સ્વરૂપ કહે છે—હવે તે મહામુનિ મૂળગુણોનું પાલન કરતાં ઉત્તરગુણોને પ્રાપ્ત કરે છે. તેઓ બાર પ્રકારના તપના ધારક છે, ક્યારેક તો **અનશનતપથી તપે** છે/ધારણ કરે છે. અનશન અર્થાત્ ક્યારેક એક ઉપવાસ, ક્યારેક બે, ત્રણ, ચાર....વિ. એક પક્ષ, એક માસ, બે માસ, ચાતુર્માસ, ષટ્માસ, એક વર્ષ પર્યંત આહાર ત્યાગની પ્રતિજ્ઞા કરી લે છે.

**બીજા ઉણોદર તપને કહે છે :—** ઉણોદર અર્થાત્ ઉદરથી ઓછો આહાર લે છે. ક્યારેક એક કોળિયો, ક્યારેક બે કોળિયા વિ. આઠમો ભાગ, ચોથો ભાગ, અર્ધભાગપર્યંત કરે છે.

**ત્રીજા વૃત્તિ પરિસંખ્યાનને કહે છે :—** અનેક પ્રકારની પ્રવૃત્તિની સંખ્યા (પ્રતિજ્ઞા) ધારણ કરીને આહારચર્યા માટે નીકળે છે. જેમકે આજે અમને આવા દ્રવ્ય, આવા ક્ષેત્રમાં વા આટલા ક્ષેત્ર સુધી વા એટલા સમય સુધી વા એવા પુરુષ કે સ્ત્રી, એવા વેશ ધારણ કરેલ હોય, આવા સંબંધ સહિત પડગાહન કરશે તો આહાર લઈશ, અન્યથા નહીં લઉં.

**ચોથા રસપરિત્યાગ નામના તપને કહે છે :—**અનેક પ્રકારના રસોમાંથી આજે મારે આ રસ લેવાં છે કે નથી લેવાં કે સંપૂર્ણ રસનો ત્યાગ કરવો છે, તેને રસપરિત્યાગ કહે છે.

**પાંચમાં વિવિક્તશય્યાસન નામનાં તપને કહે છે :—**સંઘને છોડીને એકાંત સ્થાનમાં જઈને શય્યાસન કરવું, તેને વિવિક્ત શય્યાસન તપકહે છે.

**છઠ્ઠા કાય-ક્લેશ તપને કહે છે :—**આમાં અનેક પ્રકારનાં કાયક્લેશ કરે છે. અનેક પ્રકારના વિષમ આસન લગાવે છે, ગ્રીષ્મ ૠતુમાં તાપથી તપ્તાયમાન પર્વતના શિખરે, આતાપન યોગ ધારણ કરીને રહે છે; વર્ષાકાળમાં વૃક્ષોની નીચે જ્યાં અનેક પ્રકારનાં ડાંસ-મચ્છરાદિકોના ઉપદ્રવ પ્રવર્તે છે, જે વૃક્ષ (નીચેથી) હમેશા જળ વહેતું હોય ત્યાં જઈને

ધ્યાનાધ્યયન કરે છે અને ક્યારેક શિયાળામાં નદી-સરોવરના કિનારે જઈને બેસે છે કે ઊભા રહે છે, અતિશય ઠંડીને કારણે પાણી બરફ થઈ ગયું હોય અને જ્યાં દાહથી ભસ્મ થઈ ગયા હોય મોટા મોટા વૃક્ષો, એવી ઠંડીના પરિષહયુક્ત ધ્યાનારૂઢ થઈને રહે છે અને અનેક વિષમ કઠોર તપ કરે છે. જાણી બુઝીને અનેક પ્રકારના પરિષહોને ગ્રહણ કરે છે—વિ. પ્રકારે કાયક્લેશ તપ કરે છે, તેને **કાય-ક્લેશ-તપ** કહે છે.

આ પ્રમાણે આ ભાવદીપિકા ગ્રંથમાં બાહ્ય છ પ્રકારના તપોનું વર્ણન કર્યું. તેના ઉત્તરભેદ અનેક પ્રકારના છે, તેમાંથી પોતાની શક્તિ પ્રમાણે શરીર શોષણના નિમિત્ત દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની યોગ્યતા જોઈને ગ્રહણ કરે છે.

**છ પ્રકારના અભ્યંતર તપોનું સ્વરૂપ કહે છે :—**

પ્રથમ **પ્રાયશ્ચિત્ત નામનું તપ** કહે છે—પોતાના ચારિત્રમાં જે દોષ લાગે છે, તેને દોષ સહિત શુદ્ધ કરવા, તે પ્રાયશ્ચિત્ત તપ છે. જેના નવ પ્રકાર છે :—

(૧) ગુરુની સમીપ જઈને પોતાની નિંદા કરવી અને પોતાના ચારિત્રમાં જે દોષ પોતાનાં જ પ્રમાદથી લાગી ગયાં છે, તેને વિનયપૂર્વક કહેવાં, તેને **આલોચના** કહે છે.

(૨) અને પોતે પોતાની જ (દોષોની) નિંદા કરવી, દોષોથી ભયભીત રહેવું, પોતાની પ્રમાદદશાને નીંદવી, પ્રમાદથી આ દોષ મને લાગ્યા છે તે મિથ્યા થાઓ વિ. તેને **પ્રતિક્રમણ** કહે છે.

(૩) તથા આલોચના તેમજ પ્રતિક્રમણ બંને કરવા, તેને ઉભય કહે છે.

(૪) અને પ્રમાદદશાથી પોતાના ચારિત્રને દોષયુક્ત થતું જોઈને પ્રમાદદશાનો નાશ કરી, જ્ઞાન સહિત થઈને તેનો વિચાર કરે કે દોષનો અભાવ કરે, તેને **વિવેક** કહે છે.

(૫) શરીરાદિ પરદ્રવ્યરૂપ બાહ્ય-અભ્યંતર પરિગ્રહથી નિસ્પૃહ થઈને બે પ્રકારથી નિરાકરણ કરવું, કાર્યોત્સર્ગ ધારણ કરીને રહેવું, તેને **વ્યુત્સર્ગ** કહે છે.

(૬) અનેક પ્રકારનાં તપ કરીને દોષોનું નિરાકરણ કરવું; તેને **તપ** કહે છે.

(૭) તથા દીક્ષાગુરુની આજ્ઞાપૂર્વક છેદ કરીને અવશેષને રાખીને દોષોનું નિરાકરણ કરવું, શ્રીગુરુ જે આજ્ઞા કરે કે "તને આ પ્રકારના દોષ લાગવાથી તારી અમુકકાળની દીક્ષાનો છેદ થયો છે, હવે આટલા કાળની (દીક્ષા) બાકી રહી." તેજ દિવસથી તમને બાકી રહેલ કાળ, તેટલાં જ કાળની દીક્ષા માનવામાં આવશે. આ કાળથી પહેલાંના દીક્ષિત મુનિ છે તેમની મુનિદીક્ષાનું છેદન થયું હતું, તેની પહેલા તો એમને (તે પહેલાવાળા) નમસ્કાર કરતાં હતા, હવે આ મુનિ તેમને પહેલાં નમોસ્તુ કરે છે, તેને છેદ કહે છે.

(૮) કોઈ દોષ એવો લાગ્યો હોય કે તેનો શ્રીગુરુ એવો દંડ આપે છે. "તમને આટલા સમય સુધી સંઘથી બહાર રહેવાનું છે. ઊંધી પીંછી હાથમાં ધારણ કરો, તને કોઈ નમોસ્તુ નહીં કરે, તારે બધાને નમોસ્તુ કરવાનું, ૨૮ મૂળગુણ સારી રીતે પાળો. અનેક પ્રકારનાં તપશ્ચરણાદિ ઉત્તરગુણોમાં આરૂઢ થઈને સાવધાનીથી પ્રવર્તો. ત્યારે તારો દોષ નિવૃત્ત થશે" માટે શ્રીગુરુની આજ્ઞા પ્રમાણ કરીને દોષોનું નિરાકરણ કરવું, તેને પરિહાર કહે છે.

(૯) કોઈ દોષ એવો લાગ્યો હોય તેને શ્રીગુરુ દંડ આપે છે કે "જુઓ આટલા સમય સુધી તો તારી દીક્ષાનો અભાવ થયો. હવે નવીન દીક્ષાને ગ્રહણ કરો." આમ શ્રીગુરુ આજ્ઞા પ્રમાણ કરીને ભૂતકાળની દીક્ષાનો અભાવ માની, ફરીથી નવીન દીક્ષાને ગ્રહણ કરીને દોષનું નિરાકરણ કરવું, તેને ઉપસ્થાપન કહે છે.

બીજાં **વિનય તપ**ને કહે છે : વિનય તપ પાંચ પ્રકારનું છે–

(૧) તત્ત્વાર્થ શ્રદ્ધાનમાં સારી રીતે દૃઢ રહેવું, ચળ-મળ-અવગાઢ દોષ ન લાગવા દેવો, તેને **દર્શન-વિનય** કહે છે.

(૨) સંશય, વિપર્યય, અનધ્યવસાય રહિત પદાર્થોને શાસ્ત્રોક્ત યથાર્થ જાણવા, તેને **જ્ઞાનવિનય** કહે છે.

(૩) નિર્મળ અર્થાત્ દોષ રહિત ચારિત્રને પાળવું, તેને ચારિત્ર-વિનય કહે છે.

(૪) મોક્ષને માટે શાસ્ત્રોક્ત તપને યથાવિધિ મન-વચન-કાયાથી નિશ્ચલ થઈને પાળવું તેને **તપ-વિનય** કહે છે.

(૫) દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપના ધારક એવા જે પંચ પરમેષ્ઠી વા શાસ્ત્ર વા શ્રાવક, શ્રાવિકા, આર્યિકા-તેમની ભક્તિ કરવી, વંદના કરવી, સ્તવન-નમસ્કારાદિ કરવા; તેને *ઉપચાર-વિનય* કહે છે.

### હવે, ત્રીજાં વૈયાવૃત્ય નામના તપને કહે છે :—

વૈયાવૃત્ય તપ દશ પ્રકારના છે—

(૧) દીક્ષા-શિક્ષાદાયકને આચાર્ય કહે છે. (૨) શાસ્ત્ર ભણાવવાવાળાને ઉપાધ્યાય કહે છે. (૩) ઉગ્રોગ્ર તપ કરવાવાળાને તપસ્વી કહે છે (૫) પોતાથી દીક્ષિત મુનિને શૈક્ષ્ય કહે છે. (૫) રોગથી ગ્રસિતને ગ્લાન કહે છે. (૬) અન્ય અનેક મુનિઓના સમૂહને ગણ કહે છે. (૭) પોતાના ગુરુના કે પોતાના ગુરુઓના ગુરુના શિષ્યને કુલ કહે છે. (૮) પોતાના સંઘમાં વિચરતા મુનિજનોના સમૂહને સંઘ કહે છે. (૯) લાંબા સમયના દીક્ષિતને સાધુ કહે છે. (૧૦) અને ઋદ્ધિ જ્ઞાનાદિથી યુક્તને મનોજ્ઞ કહે છે—આવા દશ પ્રકારનાં મુનિજનોની

સેવા—સુશ્રુષા કરવી. તેમના પર અનેક પ્રકારના ઉપસર્ગ પરિષહ આવી જાય તો તેને મન-વચન-કાય, કૃત-કારિત-અનુમોદના દ્વારા દૂર કરવાં, અનેક પ્રકારની તેમની સેવા-સુશ્રુષા કરવી. તેને **વૈયાવૃત્ય તપ** કહે છે.

તથા શ્રવણ-ધારણ-વિચારણા-આમ્નાય-અનુપ્રેક્ષા, આ પાંચ અંગો સહિત શાસ્ત્રાભ્યાસ કરવો, તેને ચોથું **સ્વાધ્યાય-તપ** કહે છે.

અને અનેક પ્રકારના આસનાદિ ધારણ કરી કાયાથી નિર્મમત્વ રહેવું તેને પાંચમું **વ્યુત્સર્ગ તપ** કહે છે.

હવે **છઠ્ઠાં ધ્યાન નામના તપને કહે છે** :—તેના ચાર પ્રકાર છે : આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન, શુક્લધ્યાન. એકાગ્રચિંતા નિરોધ, તે ધ્યાન છે. એક પદાર્થ કે તેની પર્યાયને અગ્રેસર કરીને, તેમાં ચિત્તને રોકવું, તેને ધ્યાન કહે છે.

**પ્રથમ આર્ત-ધ્યાનનું સ્વરૂપ કહે છે** : તેના ચાર ભેદ છે—(૧) ઇષ્ટનો વિયોગ થવાથી ચિંતા થવી, તે ઇષ્ટવિયોગજ આર્તધ્યાન છે. (૨) અનિષ્ટનાં સંયોગમાં ચિંતા થવી, તેને અનિષ્ટ સંયોગજ આર્તધ્યાન કહે છે. (૩) શરીરમાં રોગ થવાથી ચિંતા થવી, તેને પીડા-ચિંતવન આર્તધ્યાન કહે છે. (૪) આ ભવ તથા પરભવસંબંધી ભોગોની ઇચ્છા થાય છે, તેને નિદાનબંધ આર્તધ્યાન કહે છે.

**બીજા રૌદ્ર-ધ્યાનનું સ્વરૂપ કહે છે** :—તેના ચાર ભેદ છે (૧) જીવોની હિંસા કરીને આનંદ માનવો, તે હિંસાનંદી રૌદ્રધ્યાન કહેવાય છે. (૨) જૂઠું બોલીને વચન અનુસાર કાર્ય સિદ્ધ થઈ જતાં આનંદ માનવો,તે મૃષાનંદી રૌદ્રધ્યાન છે. (૩) બીજાનું ધન ચોરી કરીને આનંદ માનવો, તે સ્તેયાનંદી રૌદ્રધ્યાન છે. (૪) પરિગ્રહનો સંગ્રહ થતાં આનંદ માનવો, તે પરિગ્રહાનંદી રૌદ્રધ્યાન છે.

**ત્રીજા ધર્મ-ધ્યાનનું સ્વરૂપ કહે છે** :—તેના ચાર ભેદ છે—(૧) કેવળીની આજ્ઞા અનુસાર શ્રદ્ધાન, જ્ઞાનરૂપ પ્રવૃત્તિ કરવી વા પુનઃ પુનઃ જિનેન્દ્રદેવની આજ્ઞાનો વિચાર કરવો. તેમની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને કોઈપણ કાર્ય ન કરવું, તેને આજ્ઞાવિચય ધર્મધ્યાન કહે છે.

(૨) વારંવાર કર્મોના નાશનો ઉપાય વિચારવો, તેને **અપાયવિચય ધર્મધ્યાન** કહે છે.

(૩) જ્યાં જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ અનુભાગ સહિત ઉદયને પ્રાપ્ત થયેલ શુભાશુભ કર્મ, તેના અનુસાર ઉત્પન્ન થયેલ સુખ અને દુઃખ, તેમાં શિથિલ ન થવું, કર્મોના વિપાકનો વિચાર કરવો, બાહ્ય પદાર્થોથી રાગ-દ્વેષ ન કરવા, તેને વિપાક-વિચય ધર્મધ્યાન કહે છે. (૪) અને જિનાજ્ઞાનુસાર ત્રણ લોકનાં સ્વરૂપનો વિચાર કરવો, તેને સંસ્થાન વિચય ધર્મધ્યાન કહે છે.

હવે ચાર પ્રકારનાં શુક્લ-ધ્યાનનું સ્વરૂપ કહે છે : (૧) પૃથક્ અર્થાત્ ભિન્ન ધ્યાતા, ધ્યાન, ધ્યેય, ધ્યાતિભાવને લઈને થયેલ વિતર્ક અર્થાત્ ભાવશ્રુત જ્ઞાનના બળથી દ્રવ્ય-ગુણ-પર્યાયને વિચાર અર્થાત્ સંક્રમણ પરિવર્તન ક્રિયા સહિત, રાગ-દ્વેષથી રહિત ધ્યાવે પછી વચનયોગથી ધ્યાવે, તેને છોડીને કાયયોગથી ધ્યાવે, આ રીતે યોગથી યોગાંતર, શબ્દથી શબ્દાંતર, અર્થથી અર્થાન્તર, ગુણથી ગુણાંતર, પર્યાયથી પર્યાયાન્તર, એવી સંક્રમણરૂપ ક્રિયા સહિત ધ્યાવે, તેને **પૃથક્ત્વ વિતર્કવિચાર નામનું શુક્લધ્યાન** કહે છે.

(૨) અને જ્યાં એકત્વ અર્થાત્ ધ્યાતા, ધ્યાન, ધ્યેય, ધ્યાતિની ભિન્ન ભાવથી રહિત/ તેમાં ભેદભાવને છોડીને અભેદરૂપ, વિતર્ક અર્થાત્ ભાવશ્રુત જ્ઞાનના બળથી, અવિચાર અર્થાત્ સંક્રમણ ક્રિયા રહિત એક દ્રવ્ય-ગુણ-પર્યાયોમાં જેને ધ્યાવે છે, તેને ધ્યાવે છે, તેને છોડીને બીજાને નથી ધ્યાવતા અને જે યોગથી ધ્યાવે છે તે એક યોગથી જ ધ્યાવે છે—આ રીતે રાગ-દ્વેષથી રહિત પદાર્થોને ધ્યાવે છે, તેને **એકત્વ-વિતર્ક-અવિચાર નામનું શુક્લધ્યાન** કહે છે.

(૩) જ્યારે કેવળી આયુના અંતિમ અંતર્મુહૂર્ત પહેલાં મન, વચન, કાયાના યોગોને સૂક્ષ્મ કરે છે, ત્યાં યોગોની પ્રવૃત્તિ મહાસૂક્ષ્મ થઈ જાય છે, તે કેવળીનાં એક કાયયોગથી જ થાય છે. તે સૂક્ષ્મક્રિયાપ્રતિપાતિ નામનું શુક્લધ્યાન છે.

(૪) તથા જ્યારે યોગોની બધી ક્રિયાનો અભાવ થઈ ગયો—એવા અયોગી કેવળી-ગુણસ્થાનમાં યોગરહિત ધ્યાન થાય છે, તેને **વ્યુપરતક્રિયા નિવૃત્તિ નામનું શુક્લધ્યાન** કહે છે.

—આ રીતે આ ચારેય ધ્યાનોના સોળ ભેદ છે.

આ ધ્યાનોમાંથી મિથ્યાત્વ અને સાસાદન આ બે ગુણસ્થાનોમાં તો ચાર આર્તધ્યાન, ચાર રૌદ્રધ્યાન—એવા આઠ ધ્યાન હોય છે અને ત્રીજા મિશ્ર ગુણસ્થાનમાં આર્ત-રૌદ્ર આઠ અને આજ્ઞાવિચય ધર્મધ્યાન એવા નવ ધ્યાન હોય છે અને અસંયત ચોથા ગુણસ્થાનમાં તો આર્ત-રૌદ્ર આઠ અને આજ્ઞાવિચય, અપાયવિચય—આ બે ધર્મધ્યાન—આ રીતે દશ ધ્યાન હોય છે અને દેશસંયમ પાંચમા ગુણસ્થાનમાં તો આર્ત-રૌદ્ર આઠ અને આજ્ઞાવિચય, અપાયવિચય અને સંસ્થાનવિચય એવા ત્રણ ધર્મધ્યાન—આ રીતે અગિયાર ધ્યાન હોય છે. પ્રમત્ત નામના છઠ્ઠા ગુણસ્થાનમાં ઈષ્ટવિયોગજ, અનિષ્ટ સંયોગજ, પીડા-ચિંતવન આ ત્રણ આર્તધ્યાન અને ૪ ધર્મધ્યાન—આ રીતે સાત ધ્યાન હોય છે. અપ્રમત્ત નામના સાતમા ગુણસ્થાનમાં ચાર ધર્મધ્યાન જ હોય છે.

તથા આઠમા અપૂર્વકરણ ગુણસ્થાનથી લઈને ક્ષીણ કષાય બારમા ગુણસ્થાનનાં

સંખ્યાત ભાગમાંથી એક ભાગ છોડીને બહુભાગપર્યંત ઉપશમશ્રેણી વા ક્ષપકશ્રેણીમાં પૃથક્ત્વવિતર્ક વિચાર નામના શુક્લધ્યાનનો પ્રથમ પાયો થાય છે, બાકીના ક્ષીણકષાય ગુણસ્થાનમાં સંખ્યાતમાં એકભાગમાં એકત્વવિતર્ક અવિચાર નામનો શુક્લધ્યાનનો બીજો પાયો થાય છે. સયોગી કેવળી ૧૩મા ગુણસ્થાનમાં સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતિ ત્રીજો પાયો (ભેદ) થાય છે અને અયોગી ૧૪મા ગુણસ્થાનમાં વ્યુપરતક્રિયા નિવૃત્તિ નામના શુક્લધ્યાનનો ચોથો પાયો (ભેદ) થાય છે.

આ રીતે આ બાર પ્રકારનાં બાહ્ય-અભ્યંતર તપ કહ્યાં. તેમાં આ ક્ષાયોપશમિક ચારિત્રવંતને સિવાય બાર તપોમાં, બધા જ સંભવે છે અને ધ્યાન નામના તપમાં ચાર રૌદ્રધ્યાન અને એક નિદાનબંધ નામના આર્તધ્યાન, આ પાંચ ધ્યાન તો સંભવ નથી અને ત્રણ આર્તધ્યાન અને ચાર ધર્મધ્યાન—આમ સાત ધ્યાન થાય છે અને ગુણસ્થાન તો પ્રમત્ત-અપ્રમત્ત આ બે જ હોય છે. આ બે ગુણસ્થાનોનો કાળ એક-એકનો જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અંતર્મુહર્ત છે. તેમનું અપ્રમત્તથી પ્રમત્તમાં અને પ્રમત્તથી અપ્રમત્તમાં ગમનાગમન થાય છે. જ્યારે અપ્રમત્ત ગુણસ્થાનમાં આરૂઢ થાય છે, ત્યાં તો ચાર ધર્મધ્યાન છે અને પ્રમત્તમાં આવે છે, ત્યારે ચાર ધર્મધ્યાન અને નિદાનબંધ સિવાય ત્રણ આર્તધ્યાન—આમ સાત ધ્યાન થાય છે.

પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, મનોગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ—આ તેર પ્રકારના ચારિત્રરૂપ પ્રવૃત્તિ કરે છે.

### બાવીશ પ્રકારના પરિષહનો જયઃ—

બાવીશ પ્રકારના પરિષહો પર વિજય પ્રાપ્ત કરે છે, તે કહે છે (૧) એક ઉપવાસ, બે ઉપવાસ....વિ પક્ષના, મહિનાના, બે માસના, ચાર માસના, છ માસના ઉપવાસ કરીને જ્યારે પારણા નિમિત્ત નગર-ગ્રામાદિમાં ગયા, ત્યારે ભોજનનો લાભ ન થયો, અંતરાય થઈ ગયો ત્યારે ક્ષુધાની વેદના વધે છે, તેને સમભાવોથી સહવી, લાભ-અલાભમાં હર્ષ-વિષાદ ન કરવો, ભૂખની વેદના સહવી તે **ક્ષુધાપરિષહ વિજયી** છે. (૨) તરસની બાધાને સમભાવથી સહેવી તે **તૃષાપરિષહ વિજયી**[૧] કહેવાય છે. જ્યારે ગરમઋતુમાં જેઠ માસમાં પ્રકૃતિ વિરુદ્ધ ભોજનનો લાભ થયો હોય અને પાણીનો અંતરાય થઈ ગયો હોય અને મધ્યાહ્નના સમયે પર્વતના શિખર પર જઈને સૂર્યની સન્મુખ આતાપન યોગ ધારણ કરીને રહેવું અને આઠે દિશાઓથી આવતી ગરમ હવા લાગે અને પગની નીચે તપ્તાયમાન જે પહાડની શિલા અને મસ્તક પર આવેલ સૂર્ય તેનો તીવ્ર આતાપ વિ. દ્વારા જે વધેલી તૃષાની વેદના, તેનાથી નેત્રોની પુતલી ફરવા લાગી જાય તેને (ત્યારે) સમતાભાવથી સહન કરવું, તે **તૃષા પરિષહજય** કહેવાય છે.

**(૩) શીતપરિષહ** :—શીતકાળમાં પોષ મહિનામાં ઠંડીની વેદનાથી દરિદ્રજનોની

દંતપક્તિ એવી ધ્રુજે છે, જાણે પ્રચંડ પવનના દ્વારા વાંસોના પરસ્પર અથડાવાથી જે અવાજ આવે છે, તેની જેમ, અને જે સમયે પ્રચંડ બરફ-વર્ષાથી મોટા મોટા વૃક્ષ ઊભા-ઊભા થીજી જાય છે અને નદી સરોવરનું પાણી જામી જાય છે—આવા શિયાળામાં પણ જે ચાર પ્રકારના વસ્ત્રોને અંગીકાર કરતાં નથી. સુતરના વસ્ત્ર, ઉનના વસ્ત્ર, રેશમના વસ્ત્ર, શણના વસ્ત્ર, વૃક્ષોની વલ્કલ/છાલ, ચર્મ, અગ્નિ વિ.નાં સેવન રહિત વીતરાગી મુનિ નદીનાં તટો પર, સરોવરોના કિનારા પર, સમુદ્રના કિનારા પર જઈને રાત્રિમાં કાયોત્સર્ગ/ઊભા રહીને કે પદ્માસનાદિ આસનો દ્વારા જે પ્રચંડ ઠંડીની વેદના તેને સમભાવથી સહે છે, તે **શીત પરિષહવિજયી** કહેવાય છે. ઠંડીની વેદના થવી (સહેવી) તે શીત પરિષહ છે.

તથા ગ્રીષ્મકાળમાં પર્વતના શિખર પર ધ્યાનરૂઢ વીતરાગી મુનિ, આવવાવાળી ગરમઝાળોની તેમજ પર્વતોના કાંકારાઓની તીણી—તિક્ષ્ણ ધૂળ, જે શરીરમાં તલવારની ધાર સમાન વાગે છે, તેનાથી આખું શરીર ધ્રુજી ઊઠે છે અને શરીર પર થતો જે પરસેવો તેનાથી રજ ચોંટીને એકમેક થઈ જાય છે, તેનાથી શરીરમાં એવી તીવ્ર ખંજવાળ આવે છે, પરંતુ સ્વયં શરીરને ખંજવાળતાં નથી, એવી ઉષ્ણકાળની વેદના, તેને દિગંબર સાધુ સમભાવથી સહે છે, તેઓ **ઉષ્ણ-પરિષહવિજયી**[1] કહેવાય છે. અગ્નિધૂપની વેદના થવી તેને ઉષ્ણ પરિષહ કહે છે.[2]

વર્ષાકાળમાં શ્રાવણ મહિનાની અત્યંત ડરામણી રાત્રિ, તેમાં ચારે બાજુથી વિજળી ચમકી રહી હોય અને મૂશળધાર જળની વર્ષા થઈ રહી હોય, અવાજ કરતો ઝંઝાવાતી પવન આર-પાર થઈને (જાણે) નીકળી રહ્યો હોય; તોપણ તે ધ્યાની, વીતરાગી મુનિ વૃક્ષના મૂળમાં ધ્યાનારૂઢ રહે છે. ત્યાં ડાંસ, મચ્છર, સર્પ, શિયાળ, વિ. જીવો દ્વારા જે ઉપસર્ગ થાય, તેને સમભાવથી સહેવા, શરીર-મનથી ચલાયમાન ન થવું, તેને **દંશમશક-પરિષહવિજયી** કહે છે.

[3]અને અંતઃકરણ મનમાં તો અત્યંત વિષયની ચાહ અને બહારમાં લોકલાજના ભયથી દીન, સંસારી, કાયર જીવ જે નગ્નમુદ્રાને ધારણ નથી કરી શકતા. એવી જે નગ્નમુદ્રા, તેના ધારક વીતરાગી મુનિ, બાળક સમાન વિકાર રહિત અને લોકલાજના ભયથી રહિત પ્રવર્તે છે. તેઓ નગ્ન પરિષહ વિજયી કહેવાય છે તથા નગ્નમુદ્રા રહેવામાં કોઈપણ પ્રકારની લજ્જા ન રાખવી, તેને **નગ્ન પરિષહ** કહે છે.[2]

(૭) અનેક પ્રકારના અનિષ્ટ સંયોગ જે કાંટા વિ. લાગવા વા ધૂળ/રેતીના કણ આંખમાં આવીને લાગવા, વિ. માં અરતિભાવ નથી કરતાં, તે **અરતિ પરિષહ વિજયી** કહેવાય છે.

(૮) અનેક પ્રકારની તરુણી જેઓ અતિ સુંદર—રૂપની ખાણ એવી સ્ત્રીઓ કામચેષ્ટા કરે, તેમાં વિકારભાવને પ્રાપ્ત ન થવું, તે **સ્ત્રી-પરિષહવિજયી** કહેવાય છે.

---

૧-૨-૩. —આ અંશ શ્રી પાર્શ્વનાથ દિ. જૈન ચૈત્યાલય, બાપૂનગર-જયપુરની હસ્તલિખિત પ્રતથી લીધો છે.

(૯) ચાલવાના સમયે જે કાંટા-કાંકરા વિ. ખૂંચે છે વા ગરમી-ઠંડી વિ.માં ધરતી અત્યંત ગરમ કે ઠંડી થઈ જાય છે, તેના પર પગ ધરતાં જે ખેદ નથી માનતાં/કરતાં, તે **ચર્યાપરિષહ વિજયી** કહેવાય છે.

(૧૦) આસન લગાવીને બેઠા હોય છે ત્યાં તેની નીચે અનેક ઉપદ્રવોના કારણભૂત કાંટા, કાંકરાદિ આવી જાય છે, તેમન અતિવેદના થવા છતાં આસનને ચલાયમાન નથી કરતાં, તે **નિષધા-પરિષહ વિજયી** કહેવાય છે.

(૧૧) જ્યારે રાત્રિના પાછલા પહોરમાં પોતાના શરીરને સંકુચિત કરીને, એક પડખાથી અલ્પ નિદ્રા સહિત સુવે છે, ત્યારે શરીરની નીચે કાંટા-કાંકરાની ઘોર વેદના થવા છતાં પણ શરીરને ચળાવતાં નથી, તે **શય્યા-પરિષહ વિજયી** કહેવાય છે.

(૧૨) કોઈ દુષ્ટ જીવ અનેક પ્રકારે ગાળ વિ. કર્કશ વચન, મર્મચ્છેદક વચન કહે છે તેથી ક્રોધભાવને પ્રાપ્ત નથી થતાં, ક્ષમા નથી છોડતાં, તે **આક્રોશ પરિષહજયી** કહેવાય છે.

(૧૩) કોઈ દુષ્ટ જીવ આવીને મારે છે, બાંધે છે, પ્રાણ હરણ કરે છે, તે સમયે ભયંકર વેદના થવા છતાં રંચમાત્ર પણ ક્રોધ નથી કરતાં, તે **વધ-પરિષહવિજયી** કહેવાય છે.

(૧૪) અનેક પ્રકારથી શીત-ઉષ્ણાદિની કે ક્ષુધા-તૃષાદિની કે રોગાદિની વેદના થવા છતાં પણ અયાચીવૃત્તિવંત રહે છે, કોઈ પ્રકારથી બીજા પાસે યાચના નથી કરતા તે **યાચના-પરિષહજયી** કહેવાય છે.

(૧૫) અનેક ઉપવાસો પછી જ્યારે પારણાને માટે કે આહાર માટે ગયા અને તે સમયે પણ આહાર ન મળ્યો, ત્યારે પણ રંચમાત્ર ખેદ નથી કરતા, તે **અલાભપરિષહજયી** કહેવાય છે.

(૧૬) શરીરમાં અનેક પ્રકારનાં ભયંકર કષ્ટપ્રદ રોગ હોવા છતાં પણ કષાયમાન નથી થતાં, વેદનાને જીતે છે, તે **રોગપરિષહજયી** કહેવાય છે.

(૧૭) ચર્યા, શય્યા, આસનમાં અનેક પ્રકારના તીક્ષ્ણ કાંટા શરીરમાં ખૂંચે છે, તે વેદનાને જીતે છે, તે **તૃણસ્પર્શપરિષહજયી** કહેવાય છે.

(૧૮) જેમને જીવનપર્યંત સ્નાનનો ત્યાગ છે અને શરીર પર પરસેવાને કારણે ધૂળથી બહુ મેલ જામી ગયો છે, તેની અત્યંત વેદના થવા છતાં, વિચલિત નથી થતાં, સમભાવરૂપવ્રતને નથી છોડતા, તે **મલપરિષહવિજયી** કહેવાય છે.

(૧૯) કોઈ ધર્માત્મા જીવ, મુનિરાજને સત્કાર-નમસ્કારાદિ કરે છે અને કોઈ જીવ અપમાન કરે છે, તેઓ આ બંનેમાં રાગ-દ્વેષાદિ નથી કરતા, સમભાવરૂપ વ્રતને નથી છોડતા,

તેઓ સત્કાર **પુરસ્કારાદિ પરિષહજયી** કહેવાય છે.

(૨૦) અનેક પ્રકારના શાસ્ત્રોનો અભ્યાસ કરે છે અને શ્રુતજ્ઞાનાવરણ કર્મના ઉદયથી શાસ્ત્રજ્ઞાન સ્ફૂરાયમાન નથી થતું, તે સમયે કર્મના વિપાકનો વિચાર કરીને ખેદ નથી કરતાં, તેઓ **પ્રજ્ઞાપરિષહજયી** કહેવાય છે.

(૨૧) ઘણો કાળ તપ કરતાં થઈ ગયો અને અવધિજ્ઞાનાદિ ઉત્પન્ન ન થયાં, તે સમયે મુનિરાજ ખેદ નથી કરતા, તેઓ **અજ્ઞાન પરિષહજયી** કહેવાય છે.

(૨૨) ઘણાકાળથી મુનિપદમાં પ્રવર્તી રહ્યા છે અને ઘણાં પ્રકારના તપશ્ચરણાદિ કરે છે અને છતાં પણ કોઈ ઋદ્ધિ-ચમત્કારાદિ પ્રગટ ન થયાં, તો પણ તેમના પરિણામોમાં કોઈપણ પ્રકારની ભ્રાંતિ નથી થતી, તે **અદર્શન-પરિષહજયી** કહેવાય છે.

—આ રીતે આ બાવીસ પરિષહજય કહ્યાં.

તેમાં જ્ઞાનાવરણ કર્મના ઉદયથી તો પ્રજ્ઞા અને અજ્ઞાન આ બે પરિષહ ઉત્પન્ન થાય છે અને દર્શનમોહકર્મના ઉદયથી અદર્શન પરિષહ થાય છે અને અંતરાય કર્મના ઉદયથી એક અલાભ પરિષહ થાય છે અને ચારિત્રમોહ કર્મના ઉદયથી નગ્ન, અરતિ, સ્ત્રી, નિષદ્યા, આક્રોશ, યાચના, સત્કાર-પુરસ્કાર આ સાત પરિષહ થાય છે અને ક્ષુધા, તૃષા, ઉષ્ણ, દંશમશક, ચર્યા, શય્યા, વધ, રોગ, તૃણસ્પર્શ, મલ—આ શેષ અગિયાર પરિષહ વેદનીય કર્મના ઉદયથી જાણવા.

આ બાવીસ પરિષહોમાંથી અનિવૃત્તિકરણ નામના નવમા ગુણસ્થાનપર્યંત તો સર્વ પરિષહ સદ્ભાવ હોઈ શકે છે અને સૂક્ષ્મ સામ્પરાય નામના દસમા ગુણસ્થાનમાં તથા ઉપશાંત કષાય અને ક્ષીણ કષાય—આ ત્રણ ગુણસ્થાનોમાં મોહકર્મના ઉદયના અભાવમાં, મોહકર્મ સંબંધી આઠ પરિષહ નથી થતાં, બાકીના ચૌદ જ પરિષહ હોઈ શકે છે તથા જ્ઞાનાવરણ અને અંતરાયકર્મનો નાશ થતાં ત્રણ પરિષહોનો અભાવ થઈ જાય છે.

બાકીના વેદનીય કર્મસંબંધી અગિયાર પરિષહ સયોગ કેવળી, અયોગકેવળી ગુણસ્થાનમાં ઉપચારથી કહેવામાં આવે છે. માટે જ્યાં વેદનીયનાં સહકારી કારણ મોહનીયકર્મનો અભાવ છે વા અસાતાવેદનીયના દ્રવ્યમાં શક્તિના અનુરાગનો અભાવ છે. તે કારણે અસાતાવેદનીયનું કર્મ પ્રદેશોદય થઈને ખરી જાય છે, ફળ સ્વરૂપ પરિષહ કાર્યરૂપ થઈને દુઃખને નથી આપતું.

આ કારણે વેદનીય ઉદયની અપેક્ષાથી, તે સંબંધી અગિયાર પરિષહનો સદ્ભાવ કહ્યો છે; પરંતુ કાર્યભૂત નથી, ઉપચારથી કહેવામાં આવે છે એ પ્રમાણે જાણવું.

તથા બાવીસ પરિષહોમાંથી એકીસાથે એક જીવને એકથી લઈને બે-ત્રણ વિ. ઓગણીસ સુધી થાય છે. શીત-ઉષ્ણમાંથી એક કાળે એક જ થશે અને નિષદ્યા ચર્યા, શય્યા ત્રણ પરિષહોમાંથી એક કાળે એક જ થશે. આ પ્રમાણે એક કાળમાં એકી સાથે અધિકમાં અધિક થઈ શકે તો ઓગણીસ પરિષહ થઈ શકે.

**ઉપસર્ગના ચાર પ્રકાર :**

તથા ચાર પ્રકારના ઉપસર્ગોને સહે છે—દેવકૃત, મનુષ્યકૃત, તિર્યંચકૃત અને અકસ્માત્, અર્થાત્ વજ્રપાત્, પાષાણ, કાષ્ટાદિથી ઉત્પન્ન થયેલ પરિષહ-ઉપસર્ગને સહે છે. મુનિ પોતાના ચારિત્રથી ચ્યુત નથી થતાં. નિરવાંછિક મોહની વાસના રહિત મેરુવત્ અડિગ થઈને સહે છે, તેનાથી કર્મોની નિર્જરા કરે છે. હવે તે મુનિ દ્વાદશ પ્રકારના તપોમાં, વા તેર પ્રકારનાં ચારિત્રમાં પ્રવર્તતા થકાં બાવીસ પ્રકારનાં પરિષહ-ઉપસર્ગ સહવામાં, કર્મના ઉદયથી પ્રમાદ દ્વારા પોતાના સામાયિક ચારિત્રથી પરિણામ ચલિત થઈ જાય તો તે બદલ છેદોપસ્થાપના સંયમને નિરંતર ધારણ કરી રાખે છે, તે છેદોપસ્થાપના સંયમના સ્વરૂપને કહે છે—સામાયિક ચારિત્રના ધારકને પ્રમાદને કારણે સ્ખલિત થઈને સાવદ્યક્રિયાને પ્રાપ્ત થઈ જતાં, તેમનું તે સાવદ્ય પર્યાયને છોડીને પુનઃ પોતાના સામાયિક ચારિત્રમાં આવી જવું, તેને છેદોપસ્થાપના કહે છે વા સાવદ્ય જે પાપ, તેને છેદીને પોતાના સામાયિક ધર્મમાં સ્થાપિત થવું, તેને છેદોપસ્થાપના કહે છે વા પોતાનું સામાયિક ચારિત્ર, તેનો છેદ થયો. તેને પુનઃસ્થાપિત કરવું, તેને છોદોપસ્થાપના કહે છે.

આ પ્રમાણે સામાયિક તથા છેદોપસ્થાપના આ બે સંયમને ધારણ કરતા થકાં, જે પોતાના દશવિશેષણ સહિત આત્માના દશલક્ષણ ધર્મને પુષ્ટ કરે છે, તેની સિદ્ધિ કરે છે :—

## ધર્મનાં દશ લક્ષણ

હવે ધર્મના દશ વિશેષણ અર્થાત્ લક્ષણ કહે છે—ઉત્તમ ક્ષમા, માર્દવ, આર્જવ, સત્ય, શૌચ, સંયમ, તપ, ત્યાગ, આકિંચન્ય અને બ્રહ્મચર્ય.

(૧) કોઈ દુષ્ટ જીવ કે અજ્ઞાની જીવ મુખથી અનેક પ્રકારના કુવચન કહે છે, ઉપસર્ગ કરે છે. વિ. ક્રોધના અનેક કારણ હોવા છતાં પણ રંચમાત્ર ક્રોધ નથી કરતાં અને પોતાના ક્ષમાભાવને નથી છોડતા, આ પ્રથમ **ઉત્તમક્ષમાભાવ**નું લક્ષણ છે.

(૨) અનેક પ્રકારના શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાનને પ્રાપ્ત છે અને જેમને અનેક પ્રકારની ઋદ્ધિઓ ઉત્પન્ન થઈ છે અને ત્રણલોકના જીવ જેમના ચરણારવિંદને પૂજે છે, તો પણ માનકષાયને વશીભૂત થઈને મદનો ભાવ નથી કરતા તેને **માર્દવધર્મભાવ** કહે છે.

(૩) મહા સરળ સ્વભાવના ધારી છે અને જેમણે સર્વપ્રકારના કપટરૂપ વક્રભાવને છોડી દીધાં છે, જેવું મનથી વિચારે છે તેવું જ વચનથી કહે છે અને તેવું જ કાયાથી કરે છે— આવી મન-વચન-કાયાની (સમ્યક્) એકતા છે, તેને **આર્જવધર્મભાવ** કહે છે.

(૪) જેમણે સર્વ પ્રકારથી અસત્ય બોલવાનો ત્યાગ કર્યો છે, જો વચન બોલે છે તો પણ બધા જીવોને માટે હિતરૂપ અને મર્યાદિત બોલે છે વા મૌનધારણ કરી લે છે, તેને **સત્યધર્મ** કહે છે.

(૫) જેમણે આ ભવ અને પરભવ સંબંધી સાંસારિક સુખનો લોભ છોડી દીધો છે, તેને **શૌચધર્મ** કહે છે.

(૬) જેમને વશ કરી લીધી છે, પાંચે ઈન્દ્રિયો અને મનને તેમને વિષય-વાસનામાં વિચરણ નથી કરવા દેતાં અને જે મન, વચન, કાયા, કૃત, કારિત, અનુમોદનાપૂર્વક ષટ્કાય જીવોની દયા પાળે છે, બધા જીવોને પોતા સમાન જાણે છે. તેને **સંયમધર્મ** કહે છે.

(૭) જેઓ પોતાની શક્તિ અનુસાર બાર પ્રકારનાં તપોમાં ઉગ્રોગ્ર તપ કરે છે અને બધા પ્રકારની ઈચ્છાનો નિરોધ કર્યો છે જેમણે, તેમને **તપધર્મ** કહે છે.

(૮) જેઓને સમ્યક્શ્રદ્ધાન-જ્ઞાન દ્વારા પરદ્રવ્ય અને પરભાવોનો બુદ્ધિપૂર્વક ત્યાગ કર્યો છે અને જે કોઈ અબુદ્ધિપૂર્વકનાં કષાયભાવ થાય છે તથા જે શરીરનો સંબંધ બની રહ્યો છે, તેને પણ છોડવાનો નિરંતર ઉપાય કરે છે, અર્થાત્ મમત્વ નથી રાખતાં, તેને **ત્યાગધર્મ** કહે છે.

(૯) જે કિંચિત્ પણ પરદ્રવ્યોમાં મમત્વભાવ નથી કરતાં, એક અખંડ ચિન્મૂર્તિ આત્માનો પોતાનો જ્ઞાનાદિ સ્વભાવ છે, તેનામાં જ અહંકાર-મમકારભાવ કરે છે, તેને આકિંચન્યધર્મ કહે છે.

(૧૦) જેમણે સર્વપ્રકારની સ્ત્રિઓનો ત્યાગ કર્યો છે અને બધા પ્રકારનાં કામ-વિકારભાવને તથા બધા પરદ્રવ્યોમાં રમણ કરવાની ચેષ્ટાને જેમણે ત્યાગ કર્યો છે, પોતાના જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવમાં જે સ્થિર થઈ ગયાં છે અને જેમની સ્વભાવમાં જ ચર્યા છે, તેને બ્રહ્મચર્યધર્મ કહે છે. આવા (ધર્મના દશ ) લક્ષણોને મુનિરાજ સદા ધારણ કરે છે.

**પંચાચારનું સ્વરૂપ વર્ણન :—**

**પંચાચાર**—દર્શનાચાર, જ્ઞાનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચાર—આ રૂપ જેમનું આચરણ છે; એવા ક્ષાયોપશમિક ચારિત્રના ધારક મુનિ તેઓ અનેક ઉત્તરગુણોને વિસ્તારે છે/ પાળે છે. અતુલ પરાક્રમના ધારક હોવાથી પ્રમાદ રહિત થઈને જે સાતમા ગુણસ્થાનમાં આરૂઢ

થયાં છે, ત્યાં તેઓ પદસ્થ, પિંડસ્થ, રૂપસ્થ અને રૂપાતીત—આ ચાર પ્રકારનાં ધર્મધ્યાનને ધ્યાવે છે. કર્મોનો તીવ્ર ઉદય આવી જવાથી, ત્યાંથી નીચે છઠ્ઠા ગુણસ્થાનમાં આવી જાય છે, કે જે કાંઈક પ્રમાદ સહિત છે, તેમાં રહે છે.

પાંચ પ્રકારે શાસ્ત્રાધ્યયન કરે છે—વાંચવું અર્થાત્ દ્રવ્યશ્રુતને કાચી/કમજોર દશામાં આચારના ગ્રંથોને વાંચે અને શાસ્ત્રોને અર્થ વિચારે, તેમાં કોઈ સંદેહ ઉત્પન્ન થાય તો તેના નિવારણને માટે બહુજ્ઞાની આચાર્યાદિની પાસે જઈને પૂછે, પૃછના કહે છે ને ધારણ કરેલ શબ્દ-અર્થનું વારંવાર ચિંતવન કરે, તેને અનુપ્રેક્ષા કહે છે. તથા સર્વદ્રવ્ય અર્થને શુદ્ધ યાદ કરવા, તેને આમ્નાય કહે છે અને જ્યારે ચારે અનુયોગરૂપ શાસ્ત્રોનું સારી રીતે જ્ઞાન પ્રાપ્ત થાય ત્યારે ધર્મોપદેશ આપે—આમ શાસ્ત્રના પાંચે અંગોનું અધ્યયન કરવું.

## બાર અનુપ્રેક્ષા

જ્યારે ઉપસર્ગ-પરિષહ સહિત કર્મોનો તીવ્ર ઉદય હોય, ત્યારે બાર અનુપ્રેક્ષાનું ચિંતવન કરે છે—અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિત્વ, આસ્રવ, સંવર, નિર્જરા, લોક, બોધિદુર્લભ, ધર્મ—અનુપ્રેક્ષા.

(૧) તેઓ એમ ચિંતવન કરે છે—આ અસમાનજાતીય પોતાની મનુષ્યપર્યાય વા સ્ત્રી, પુત્રાદિ યા હાથી, ઘોડા વિ. અને સમાનજાતીય પર્યાય ધન સંપદાદિ, મંદિરાદિક, આ સહુનો તો જીવ સાથે સંયોગ થાય છે અને નિશ્ચયથી વિયોગ થાય છે. અસમાનજાતીય—સમાનજાતીય બધી પર્યાયો વિનાશીક છે, અનિત્ય છે. આ પ્રમાણે "સમસ્ત ઈષ્ટ સામગ્રી અનિત્ય છે" એવું વારંવાર ચિંતવન કરવું, તે **અનિત્યાનુપ્રેક્ષા** કહેવાય છે.

(૨) આ પોતાની મનુષ્યપર્યાય વા સ્ત્રી, પુત્રાદિ, કુટુમ્બ વા દાસી-દાસ વિ. અનુચર વા હાથી, ઘોડા વિ. વા રાજ્યાદિ વિભૂતિ, ધન-સંપદાદિ સંયોગ, જ્યારે કર્મના ઉદયથી અન્યથા પરિણમે છે વા તેમનો વિયોગ થઈ જાય છે, ત્યારે કોઈપણ (ટકાવી) રાખવાને સમર્થ નથી, આ પ્રકારે બધા (સંયોગો) ને અશરણ (છે) તેમ વિચારવું તે **અશરણાનુપ્રેક્ષા** કહેવાય છે.

(૩) જે આ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવ—આ પાંચે પ્રકારના પરિવર્તનરૂપ સંસાર ચક્ર છે. આ ચક્રની મધ્યમાં કર્મરૂપી કુંભાર દ્વારા રાખવામાં આવેલ મોહ-રાગ-દ્વેષભાવરૂપ ઉપાદાન શક્તિ સહિતના સંસારી જીવરૂપ પિંડ, તે અનેક અવસ્થાને પ્રાપ્ત થયા થકો દુઃખી થાય છે. આવું સંસારનું સ્વરૂપ વિચારવું, ચિંતવન કરવું, તે **સંસારાનુપ્રેક્ષા** કહેવાય છે.

(૪) જ્યારે એમ વિચાર કરે કે આ જીવ સદાકાળ એકલો છે, કોઈપણ સમયે, કોઈપણ પ્રકારે પરદ્રવ્યોથી કોઈપણ ક્ષેત્રે, કોઈપણ ભાવથી, તેનો (કાંઈ જ) સંબંધ નથી. જોકે પરદ્રવ્ય જીવની સાથે એકક્ષેત્રાવગાહી થઈને રહ્યાં છે તોપણ બધા ન્યારા-ન્યારા ભિન્ન છે. પાપ, પુણ્ય, કર્મ, સ્વયં એકલો જ બાંધે છે અને તેમના ઉદયકાળમાં એકલો જ દુઃખ-સુખ ભોગવે છે. નરક-સ્વર્ગાદિમાં સ્વયં એકલો જ જાય છે અને પોતાનું પરમહિત જે મોક્ષપ્રાપ્તિ, તેને એકલો જ સાધે છે અને જે સ્વયં એકલાએ જ જે જે ભાવોથી કર્મો બાંધ્યા હતા, તેનો નાશ પણ પોતે સ્વયં એકાકી થઈને કરે છે. એટલા માટે, હું સદા એકલો જ છું, એમ પોતાનામાં એકાકી ભાવના ચિંતવન કરવી, તે **એકત્વાનુપ્રેક્ષા** કહેવાય છે.

(૫) તથા એકક્ષેત્રાવગાહી જે આ શરીર અને સર્વ કુટુંબાદિ પરિવારજન અન્ય છે, મંદિર, ગૃહ, ધન, સંપદાદિ અન્ય છે, હું અન્ય છું, મારું કોઈ પણ નથી, હું પણ કોઈનો નથી—આ પ્રકારે પરદ્રવ્યોને પોતાથી અન્ય ચિંતવન કરે છે, તે **અન્યત્વાનુપ્રેક્ષા** કહેવાય છે.

(૬) જે એવું ચિંતવન કરે છે કે આ સાત ધાતુથી નિર્મિત શરીર મહા ઘૃણાદાયક કૃમિ-કીટકાદિકનું ભાજન, મહા અશુચિમય, તેમાં સ્થાપ્યા છે આયુકર્મ તે નામકર્મરૂપ બંદિગૃહનો રક્ષક, અમૂર્તિક, જ્ઞાનસ્વરૂપ, સુખપિંડ, જીવદ્રવ્યરૂપ આત્મા, તે ત્યાં અનેકપ્રકારનાં દુઃખો ભોગવે છે. આવા શરીરમાં કેમ પ્રીતિ કરે?–આ પ્રકારે શરીરને વારંવાર અશુચિ ચિંતવન કરવું તે **અશુચિત્વાનુપ્રેક્ષા** કહેવાય છે.

(૭) મિથ્યાત્વ, કષાય, અવ્રત, યોગ—આ ચાર પ્રકારનાં આસ્રવભાવથી પરિણત આ સંસારી જીવ, ચાર પ્રકારના પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, અનુભાગ બંધ, પ્રદેશબંધને કરે છે. તેમના ઉદયકાળમાં અનેક પ્રકારનાં દુઃખ-સંકટોને ભોગવે છે. આ આસ્રવો, જીવને મહા અહિતના કારણ છે, માટે હેય છે—આ પ્રકારે તેમનું હેયપણું વારંવાર ચિંતવન કરવું, તે **આસ્રવાનુપ્રેક્ષા** કહેવાય છે.

(૮) આ આસ્રવભાવોને રોકવાવાળો, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતારૂપ એવો જે સંવરભાવ તે જ જીવને ઉપાદેય છે. તેને ગ્રહણ કરવો. આ સંવરભાવ વિના આસ્રવ નથી રોકાતાં અને આસ્રવભાવોના અટક્યા વિનાં કર્માસ્રવ નથી અટકતાં—એવા સંવરભાવનું વારંવાર ચિંતવન કરવું તે **સંવરાનુપ્રેક્ષા** કહેવાય છે.

(૯) સ્થિતિ પૂરી કરીને પોતાનું ફળ દઈને કર્મોનું જે ખરવું થાય છે, તેને સવિપાક નિર્જરા કહે છે. તે તો બધા સંસારી જીવોને થયા જ કરે છે. તેનાથી તો કાંઈ સિદ્ધિ થવાની નથી. માટે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રપૂર્વક જે તપની ભાવના છે, તે વડે પ્રતિસમય અસંખ્યાતગુણી નિર્જરા થાય છે, તે અવિપાક નિર્જરા મોક્ષનો હેતુ છે, આવી નિર્જરાનું સ્વરૂપ વારંવાર વિચારવું, તે **નિર્જરાનુપ્રેક્ષા** કહેવાય છે.

(૧૦) ચૌદ રાજૂ ઊંચો, દક્ષિણ-ઉત્તર સર્વત્ર સાત રાજૂ પહોળો, પૂર્વ-પશ્ચિમ અધોભાગમાં સાત રાજૂ પહોળો અને મધ્યભાગમાં એક રાજૂ પહોળો બ્રહ્મ સ્વર્ગની નજીક પાંચ રાજૂ પહોળો, લોકના અંતમાં એક રાજૂ પહોળો, ત્રણસો તેંતાલીસ રાજૂ ઘનાકાર, ત્રણ વાતવલયોથી વીંટાયેલ, જીવ વિ. છ દ્રવ્યોથી સંપૂર્ણ ભરેલો એવો પુરુષાકાર લોક, તેનું જિનસૂત્રાનુસાર રાગ-દ્વેષ રહિત ચિંતવન કરવું, તે **લોકાનુપ્રેક્ષા** કહેવાય છે.

(૧૧) અનાદિકાળથી ચતુર્ગતિના સંસારમાં ભ્રમણ કરી રહેલાં જીવને દુઃખ-સુખની બધી સામગ્રી અનેકવાર મળી, કોઈપણ સામગ્રી અપ્રાપ્ય ન રહી, પરંતુ એક સમ્યગ્જ્ઞાનથી જ વંચિત રહ્યો, તે કારણે સંસારભ્રમણ પણ ન મટ્યું. આ ઘોર સંસારમાં એક સમ્યગ્જ્ઞાન જ દુર્લભ છે, જે જીવોના કલ્યાણનું કારણ છે, માટે સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવો. આવા દુર્લભ સમ્યગ્જ્ઞાનની ભાવના ભાવવી, તે **બોધિદુર્લભાનુપ્રેક્ષા** કહેવાય છે.

(૧૨) જે પોતાનું (આત્માનું) સ્વરૂપ કહ્યું છે તેને વિચારવું. જૈન ધર્મનું સ્વરૂપ વિચારવું અને ધર્મના દશ લક્ષણ તેમનું સ્વરૂપ વિચારવું વિ. ધર્મનું ચિંતવન કરવું તે **ધર્માનુપ્રેક્ષા** કહેવાય છે.

આ અનુપ્રેક્ષાઓનું ચિંતવન કરવું, વિ. ક્રિયા છઠ્ઠા ગુણસ્થાનમાં હોય છે. આવા ક્ષાયોપશમિક ચારિત્રના ધારક જીવ, અપ્રમત્તથી પ્રમત્ત અને પ્રમત્તથી અપ્રમત્તમાં કેટલાયે સમય સુધી ગમનાગમન કર્યા કરે છે. જ્યારે કર્મનો તીવ્ર ઉદય હોય ત્યારે પ્રમત્ત ગુણસ્થાનને પ્રાપ્ત થઈ જાય છે. આ ક્ષાયોપશમિક ચારિત્રની જઘન્ય સ્થિતિ અન્તર્મુહૂર્ત છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ દેશોનકોટિપૂર્વ/કિંચિત્ ન્યૂન પૂર્વકોટિ છે. તથા કોઈ જીવ ક્ષાયોપશમિક ચારિત્રના ધારક કેવળી-શ્રુતકેવળીના પાદમૂળની નિકટ, અતિ શુદ્ધતા થવાથી સોળકારણ ભાવનાઓને એકીસાથે સંપૂર્ણરૂપથી ભાવીને તીર્થંકર પ્રકૃતિનો બંધ કરે છે. તેનાથી તીર્થંકર પ્રકૃતિના બંધના કારણરૂપ વિશુદ્ધભાવ કેવળી-શ્રુતકેવળીની ભક્તિનાં ભાવ, તેમનાં ચરણારવિંદની સમીપે થાય છે, એવા ભાવ અન્યત્ર નથી થતાં.

### હવે સોળકારણ ભાવનાનું સ્વરૂપ કહે છે—

(૧) પચ્ચીસ દોષોથી રહિત નિર્મળ સમ્યક્ત્વ ભાવ પ્રગટવો, તેને દર્શનવિશુદ્ધિભાવના કહે છે. (૨) વિનયભાવમાં રત/લીન થવું, તેને વિનયસંપન્નતા ભાવના કહે છે. (૩) જ્યાં શીલભાવના સર્વ અતિચાર રહિત પ્રવર્તન થાય છે, તેને શીલવ્રતેષ્વનતિચાર ભાવના કહે છે. (૪) જેનો ઉપયોગ વારંવાર સમ્યક્ શ્રુતજ્ઞાનમાં પ્રવર્તે છે, તેને અભીક્ષ્ણજ્ઞાનોપયોગ ભાવના કહે છે. (૫) જે ચતુર્ગતિરૂપ સંસારથી વૈરાગ્યભાવે પ્રવર્તે છે, તેને સંવેગ ભાવના કહે છે. (૬) જેને પોતાની શક્તિ અનુસાર પરદ્રવ્યોનો ત્યાગ

થયો છે, તેને શક્તિસ્ત્યાગ ભાવના કહે છે. (૭) તથા તપના ભેદોમાંથી કોઈ ભેદરૂપભાવને ધારણ કર્યો છે, તેને શક્તિતસ્તપ ભાવના કહે છે. (૮) જેણે સમ્યગ્જ્ઞાનરૂપ સમાધિભાવને ધારણ કર્યો છે, તેને સાધુ સમાધિ ભાવના કહે છે. (૯) જે દશ પ્રકારની વૈયાવચ્ચ કરવામાં હંમેશા પ્રવર્તે છે, માટે આ ભાવોથી યુક્ત છે, તેને વૈયાવૃત્યકરણ ભાવના કહે છે. (૧૦) જેના હૃદયમાં ભક્તિભાવ વસી રહ્યો છે, તેને અર્હન્ત ભક્તિભાવના કહે છે. (૧૧) જેના હૃદયમાં પોતાના દીક્ષાદાતા આચાર્યગુરુના પ્રતિ ભક્તિ વસેલી છે, તેને આચાર્યભક્તિ ભાવના કહે છે. (૧૨) તે જ પ્રમાણે પોતાને ભણાવવાવાળા (જ્ઞાનદાનના દાતા) જે બહુશ્રુતના ધારક ઉપાધ્યાય ગુરુ, તેમના પ્રત્યે પોતાના હૃદયમાં ભક્તિ છે, તેને બહુશ્રુત ભક્તિ ભાવના કહે છે. (૧૩) જેને દ્વાદશાંગ વાણીમાં ભક્તિ-સહિત અનુરાગ પ્રવર્તી રહ્યો છે, તેને પ્રવચનભક્તિ ભાવના કહે છે. (૧૪) તથા પોતાના પદને યોગ્ય ધારણ કર્યા છે છ આવશ્યકોમાંથી કોઈ આવશ્યકભાવને તેને આવશ્યકાપરિહાણિ ભાવના કહે છે. (૧૫) પોતાના આત્માને સર્વ દોષોથી રહિત કરી લીધો છે અને જિનમાર્ગની ઉચ્ચતા/ મહાનતા દેખાડવામાં જે તત્પર છે, તેને સન્માર્ગપ્રભાવના ભાવના કહે છે. (૧૬) તેમજ પ્રવચન અર્થાત્ આપ્ત, આગમ, પદાર્થ, જિનધર્મ કે ચતુર્વિધ સંઘ—આમાં જેને પ્રીતિ છે, તેને પ્રવચનવાત્સલ્ય ભાવના કહે છે.

પ્રશ્ન :—કોઈ ક્ષાયોપશમિક સંયમવાળાને ત્રીજો પરિહાર વિશુદ્ધિ સંયમ હોય છે તો તે ક્યા જીવને હોય છે?

ઉત્તર :—જે જીવ જન્મથી ૩૦ વર્ષ સુધી સુખી રહીને પછી દીક્ષા ગ્રહણ કરે અને શ્રી તીર્થંકર ભગવાનના પાદમૂલમાં (નિશ્રામાં) આઠ વર્ષ સુધી પ્રત્યાખ્યાન નામના નવમાં પૂર્વનો અભ્યાસ કરે તેને આ પરિહાર વિશુદ્ધિ સંયમ પ્રગટ થાય છે તે સંયમના મહાત્મ્યથી તે સર્વપાપોથી કમળવત્ નિર્લેપ રહે છે, ચોરાસી લાખ ઉત્તરગુણોના પાલક થાય છે. પ્રતિદિન બે કોસ ગમન કરે છે, તથાપિ તેમના ચરણો દ્વારા કોઈપણ જીવની વિરાધના નથી થતી, દિવસના ત્રણે સંધ્યાકાળ (ધ્યાનકાળ) સિવાયના સમયે ગમન કરે છે. રાત્રિમાં ગમન નથી કરતા તથા સંધ્યાકાળે ગમન કરે છે અથવા નથી પણ કરતાં, કોઈ નિયમ નથી. આ પરિહાર વિશુદ્ધિ-સંયમની જઘન્યસ્થિતિ અન્તર્મુહૂર્ત છે. ત્યાર પછી પલટાઈ જાય છે એ કારણે આ સંયમ નથી રહેતો. આ કારણે તેના પ્રમત્ત-અપ્રમત્ત આ બે જ ગુણસ્થાન છે, ઉત્કૃષ્ટ સ્થિતિ આડત્રીસ વર્ષ ન્યૂન પૂર્વકોડ છે. આ મુજબ પરિહાર વિશુદ્ધિ સંયમનું સ્વરૂપ ગોમ્મટસારમાં કહ્યું છે. વિગેરે ક્ષાયોપશમિક ચારિત્રભાવોના ભેદમાત્ર સંક્ષેપમાં કહ્યાં, વળી બીજા પણ અનેક ભેદ છે, તેમને મોટા ગ્રંથોમાંથી જાણી લેવા. આ ચારિત્રના બધા ભેદ કેવળીગમ્ય છે. તે ક્ષાયોપશમિક ચારિત્રભાવ વર્તમાનમાં સુખરૂપ છે અને આગામી સ્વર્ગ-મોક્ષનું કારણ છે.

આ ક્ષાયોપશમિક ચારિત્રભાવ ગુણસ્થાનમાં જોઈએ તો અપ્રમત્ત(૭મું) અને પ્રમત્ત(૬ઠ્ઠું) ગુણસ્થાન—આ બેમાં જ હોય છે.

માર્ગણાઓમાં જોઈએ તો **ગતિ**—મનુષ્ય, **જાતિ**—પંચેન્દ્રિય, **કાય**—ત્રસ, **યોગ**—મનના ચાર, વચનના ચાર, ઔદારિકકાય યોગ, આહારક કાયયોગ, અને આહારક મિશ્ર કાયયોગ આમ—૧૧, **વેદ**—૩, **કષાય**—સંજ્વલન ચતુષ્ક, નવ હાસ્યાદિ—આમ ૧૩, **જ્ઞાન**—કેવલજ્ઞાન વિના ૪, **સંયમ**—સામાયિક, છેદોપસ્થાપના, પરિહાર વિશુદ્ધિ ૩, **દર્શન**—કેવળદર્શન વિના ૩, **લેશ્યા**—પીત, પદ્મ, શુક્લ ૩, **ભવ્ય**-ભવ્ય, **સમ્યક્ત્વ**—ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક—આમ ૩, **સંજ્ઞી**-૧, **આહારક**-૧ વિગેરમાં જોવામાં આવે છે.

આમ, શ્રી ભાવદીપિકાગ્રંથના ક્ષાયોપશમિક ભાવાધિકારમાં સાતમો ક્ષાયોપશમિક ચારિત્રભાવ અતંરાધિકાર તથા ક્ષાયોપશમિક ભાવાધિકાર નામનો પાંચમો અધિકાર સમાપ્ત થયો.

# ૬

# ઔપશમિક ભાવાધિકાર

## (૧) ઔપશમિક સમ્યક્ત્વ ભાવાન્તરાધિકાર

મંગલાચરણ (દોહા)

**અનાદિ દુષ્ટ મિથ્યાત્વ કો, કર ઉપશમ જિન જીવ।**
**શક્તિ ધરિ મોહ મારીયો, કરૂઁ પ્રણામ સદીવ॥**

હવે ઔપશમિક ભાવાધિકાર લખે છે—મોહકર્મનો ઉપશમ થવાથી જે ભાવ ઉત્પન્ન થાય છે, તે ઔપશમિક ભાવ કહેવાય છે. આ ઔપશમિકભાવના બે ભેદ છે—ઔપશમિક સમ્યક્ત્વ અને ઔપશમિક ચારિત્ર.

પ્રથમ ઔપશમિક સમ્યક્ત્વભાવની અંતર્ગત ઔપશમિક સમ્યક્ત્વની ઉત્પત્તિનું વિધાન કહે છે :—

ઔપશમિક સમ્યક્ત્વ સંજ્ઞી, પર્યાપ્ત, ગર્ભજ[1], પંચેન્દ્રિય, ચારેગતિનાં જીવોને પ્રગટે છે. એમાં પણ ક્યા જીવોને થાય છે? ભવિ (જીવ) હોય, મંદકષાયરૂપ વિશુદ્ધતાનો ધારક હોય, ગુણ-દોષના વિચારરૂપ જે સાકાર જ્ઞાનોપયોગ સહિત હોય, નિદ્રા રહિત જાગૃત હોય, તેને ઔપશમિક સમ્યક્ત્વ થાય છે, તે સમ્યક્ત્વના ઉપજવાના બે સ્થાન છે : અનાદિ વા સાદિ મિથ્યાદૃષ્ટિ જીવને મિથ્યાત્વ ગુણસ્થાનથી છૂટવા પર ઔપશમિક સમ્યક્ત્વ થાય છે, તેને **પ્રથમોપશમ સમ્યક્ત્વ** કહે છે તથા ઉપશમશ્રેણી ચડવાને માટે ક્ષાયોપશમિક સમ્યક્ત્વથી (જે ઔપશમિક સમ્યક્ત્વ) થાય છે, તેને **દ્વિતિયોપશમ સમ્યક્ત્વ** કહે છે.

પ્રથમ તો પ્રશમોપશમ, સમ્યક્ત્વનું વિધાન કહે છે, પ્રથમોપશમ સમ્યક્ત્વ થવા પહેલાં મિથ્યાત્વ ગુણસ્થાનમાં પાંચ લબ્ધિઓ પ્રગટે છે—ક્ષાયોપશમ, વિશુદ્ધિ, દેશના,

---

૧. ઉપપાદ જન્મવાળા દેવ અને નારકીઓને પણ ઔપશમિક સમ્યક્ત્વ થાય છે. (અહીં ગર્ભજ મનુષ્ય અને તિર્યંચોની અપેક્ષાએ કહ્યું છે.) ત્રીજી નરક સુધી તો દેશનાલબ્ધિનો સંયોગ પણ થઈ સકે છે.

પ્રાયોગ્ય અને કરણ—આ પાંચ લબ્ધિઓ છે. આમાંથી પહેલાની ચાર લબ્ધિઓ ભવ્ય અને અભવ્ય બંનેને પ્રગટી શકે છે. તથા કરણલબ્ધિ ભવ્યને જ પ્રગટે છે.

જ્ઞાનાવરણાદિ જે અપ્રશસ્ત કર્મપ્રકૃતિઓ, તેમની શક્તિ/અનુભાગ, તે જે સમયમાં પ્રતિસમય અનંતગણો ઘટતો ઘટતો અનુક્રમરૂપથી ઉદયમાં આવે છે, તે સમયે તેને **ક્ષાયોપશમિક લબ્ધિ** કહે છે.

તથા ક્ષાયોપશમિક લબ્ધિ પ્રગટ થવાવાળા જીવને ઉત્પન્ન થયેલ જે સાતાવેદનીય વિ. પ્રશસ્ત પ્રકૃતિબંધના કારણભૂત ધર્માનુરાગરૂપ શુભ પરિણામ, તેની પ્રાપ્તિને **વિશુદ્ધિલબ્ધિ** કહે છે.

છ દ્રવ્ય, નવ પદાર્થનો ઉપદેશ આપવાવાળા આચાર્યાદિ વા તેમના ઉપદેશની પ્રાપ્તિ વા ઉપદેશિત પદાર્થોની ધારણા તેને **દેશનાલબ્ધિ** કહે છે.

જ્યાં નરકાદિમાં ઉપદેશદેવાવાળા ન હોય, ત્યાં પૂર્વભવમાં ધારણ કરેલ તત્ત્વાર્થના સંસ્કારના બળથી સમ્યગ્દર્શન થાય છે. તથા પૂર્વોક્ત ત્રણ લબ્ધિ સંયુક્ત જીવને પ્રતિસમય વિશુદ્ધતાથી વૃદ્ધિગત થઈને આયુકર્મ વિના સાત કર્મોની સ્થિતિ અંતઃક્રોડાક્રોડી માત્ર શેષ રહે છે, તે કાળે જે પૂર્વસ્થિતિ હતી, તેને એક કાંડક ઘાત દ્વારા છેદીને, તે કાંડકના દ્રવ્યને અવશેષ રહેલ સ્થિતિમાં નિક્ષેપણ કરે છે અને ઘાતિયા કર્મોનો દારૂ-લતારૂપ, (અને અપ્રશસ્ત) અઘાતિયા કર્મોનો નીમ-કાંજીરસરૂપ દ્વિસ્થાનગત અનુભાગ અહીં અવશેષ રહે છે. પૂર્વમાં જે અનુભાગ હતો, તેમાં અનંતનો ભાગાકાર કરતાં (જે આવ્યો તેનો) બહુભાગ માત્રને છેદીને અવશેષ રહેલ અનુભાગને પ્રાપ્ત કરે છે. તે કાર્યને કરવાની યોગ્યતાની પ્રાપ્તિને **પ્રાયોગ્યલબ્ધિ** કહે છે.

આ ચાર લબ્ધિઓ તો ભવ્ય-અભવ્ય બંનેને હોય છે. તથા વિશુદ્ધતાની વૃદ્ધિ કરીને વર્ધમાન થયો થકો પ્રાયોગ્ય લબ્ધિના પ્રથમ સમયથી લઈને પૂર્વસ્થિતિ બંધના સંખ્યાતમાં ભાગમાત્ર અંતઃકોડાકોડી સાગર પ્રમાણ આયુ વિના સાત કર્મોનો સ્થિતિબંધ બાદમાં કરે છે. અંતર્મુહૂર્ત પર્યંત સમાનતા લીધી છે તેનાથી પલ્યના સંખ્યાતમો ભાગ માત્ર ઘટતો ઘટતો એવો સ્થિતિબંધ ત્રીજા અંતર્મુહૂર્ત સુધી કરે છે. આજ ક્રમથી એક-એક અંતર્મુહૂર્તમાં પલ્યનો સંખ્યાતમો ભાગ માત્ર સ્થિતિબંધ ઘટાડી-ઘટાડીને કરે છે, તેનું નામ **સ્થિતિ બંધાપસરણ** છે.

જ્યારે સંખ્યાત સ્થિતિ બંધાપસરણ થાય છે ત્યારે પૃથક્ત્વ સો સાગર સ્થિતિબંધ ઘટે છે. ત્યારે પહેલો પ્રકૃતિ બંધાપસરણ થાય છે અને આ અનુક્રમથી પૃથક્ત્વ સો સાગર પ્રકૃતિ સ્થિતિબંધ વધુ ઘટી જાય છે, ત્યારે બીજું પ્રકૃતિ બંધાપસરણ સ્થાન થાય છે. આજ રીતે આ અનુક્રમમાં ચોત્રીસ પ્રકૃતિ બંધાપસરણ સ્થાન થાય છે આ રીતે પૃથક્ત્વ નામ સાતમા કે આઠમાનું છે. માટે પૃથક્ત્વ સો સાગર કહેવાથી સાતસો વા આઠસો સાગર જાણવા.

આ ચોત્રીસ સ્થાનોમાં કઈ કઈ પ્રકૃતિઓનો બંધ વિચ્છેદ થાય છે, તેને કહીએ છીએ. (૧) નરકાયુ, (૨) તિર્યગાયુ, (૩) મનુષ્યાયુ, (૪) દેવાયુ, (૫) નરકગતિ-નરકગત્યાનુપૂર્વી, (૬) સૂક્ષ્મ અપર્યાપ્ત સાધારણ, (૭) સૂક્ષ્મ અપર્યાપ્ત પ્રત્યેક, (૮) બાદર અપર્યાપ્ત-સાધારણ, (૯) બાદર અપર્યાપ્ત પ્રત્યેક, (૧૦) દ્વિ-ઈન્દ્રિયજાતિ અપર્યાપ્ત, (૧૧) ત્રિન્દ્રિય જાતિ અપર્યાપ્ત, (૧૨) ચતુરિન્દ્રિય જાતિ અપર્યાપ્ત, (૧૩) અસંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્ત, (૧૪) સંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્ત, (૧૫) સૂક્ષ્મ પર્યાપ્ત સાધારણ, (૧૬) સૂક્ષ્મ પર્યાપ્ત પ્રત્યેક, (૧૭) બાદર પર્યાપ્ત સાધારણ, (૧૮) બાદર પર્યાપ્ત પ્રત્યેક એકેન્દ્રિય, સ્થાવર, આતપ, (૧૯) દ્વિન્દ્રિય પર્યાપ્ત, (૨૦) ત્રિન્દ્રિય પર્યાપ્ત, (૨૧) ચતુરિન્દ્રિય પર્યાપ્ત, (૨૨) અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત, (૨૩) તિર્યગ્ગતિ–તિર્યગત્યાનુપૂર્વી, ઉદ્યોત, (૨૪) નીચગોત્ર, (૨૫) અપ્રશસ્ત વિહાયોગતિ-દુર્ભગ-દુસ્વર-અનાદેય, (૨૬) હુંડક સંસ્થાન-અસંપ્રાપ્તસૃપાટિકા સંહનન, (૨૭) નપુંસકવેદ, (૨૮) વામન સંસ્થાન, કીલિત સંહનન, (૨૯) કુબ્જક સંસ્થાન, અર્ધનારાચ સંહનન, (૩૦) સ્ત્રીવેદ, (૩૧) સ્વાતિ સંસ્થાન, નારાચ સંહનન, (૩૨) ન્યગ્રોધ પરિમંડળ સંસ્થાન, વજ્રનારાચ સંહનન, (૩૩) મનુષ્યગતિ-મનુષ્યગત્યાનુપૂર્વી ઔદારિક શરીર-ઔદારિક અંગોપાંગ, વજ્રવૃષભનારાચસંહનન, (૩૪) અસ્થિર-અશુભ-અયશસ્કીર્તિ-અરતિ-શોક-અસાતાવેદનીય—આવા ચોત્રીસ સ્થાન તો ભવ્ય-અભવ્ય બંનેને સમાન થાય છે.

આ ૩૪ સ્થાનોમાં ૪૬ પ્રકૃતિઓની બંધ વ્યુચ્છિતિ થાય છે. (આ પ્રકૃતિઓની બંધવ્યુચ્છિતિને નીચેના કોષ્ટકથી પણ સરળતાથી સમજી શકાય છે.)

| બંધાપસરણનું સ્થાન | બંધાપસરણ પ્રકૃતિઓની સંખ્યા | બંધાપસરણ પ્રકૃતિઓના નામનું વિવરણ | |
|---|---|---|---|
| ૧ | ૧ | નરકાયુ, અહીથી લઈને નરકાયુનો બંધ નથી થતો. (આ પ્રમાણે જે સ્થાનમાં જે પ્રકૃતિ લખી છે તેના આગળ આગળના સ્થાનમાં બંધ નથી થતો—એમ સમજવું.) | ૧ |
| ૨ | ૧ | તિર્યંચ આયુનો | ૨ |
| ૩ | ૧ | મનુષ્ય આયુનો | ૩ |
| ૪ | ૧ | દેવ આયુનો | ૪ |
| ૫ | ૨ | નરકગતિ, નરકગત્યાનુપૂર્વીનો | ૫, ૬ |
| ૬ | ૧ | સંયોગરૂપ સૂક્ષ્મ અપર્યાપ્ત સાધારણનો | |
| ૭ | ૧ | સંયોગરૂપ સૂક્ષ્મ અપર્યાપ્ત પ્રત્યેકનો | |
| ૮ | ૧ | સંયોગરૂપ બાદર અપર્યાપ્ત સાધારણનો | |
| ૯ | ૧ | સંયોગરૂપ બાદર અપર્યાપ્ત પ્રત્યેકનો | |

| | | | |
|---|---|---|---|
| ૧૦ | ૧ | સંયોગરૂપ દ્વિ-ઈન્દ્રિયજાતિ અપર્યાપ્તનો | |
| ૧૧ | ૧ | સંયોગરૂપ ત્રિ-ઈન્દ્રિયજાતિ અપર્યાપ્તનો | |
| ૧૨ | ૧ | સંયોગરૂપ ચતુરિન્દ્રિય જાતિ અપર્યાપ્તનો | |
| ૧૩ | ૧ | સંયોગરૂપ અસંજ્ઞી પંચેન્દ્રિય જાતિ અપર્યાપ્તનો | |
| ૧૪ | ૧ | સંયોગરૂપ સંજ્ઞી પંચેન્દ્રિય જાતિ અપર્યાપ્તનો | ૭ |
| ૧૫ | ૧ | સંયોગરૂપ સૂક્ષ્મ પર્યાપ્ત સાધારણનો | |
| ૧૬ | ૧ | સંયોગરૂપ સૂક્ષ્મ પર્યાપ્ત પ્રત્યેકનો | ૮ |
| ૧૭ | ૧ | સંયોગરૂપ બાદર પર્યાપ્ત સાધારણનો | ૯ |
| ૧૮ | ૧ | સંયોગરૂપ બાદર પર્યાપ્ત, એકેન્દ્રિય સ્થાવર, આતપ પ્રત્યેકનો | ૧૦, ૧૧, ૧૨ |
| ૧૯ | ૧ | સંયોગરૂપ દ્વિ-ઈન્દ્રિય પર્યાપ્તનો | ૧૩ |
| ૨૦ | ૧ | સંયોગરૂપ ત્રિ-ઈન્દ્રિય પર્યાપ્તનો | ૧૪ |
| ૨૧ | ૧ | ચતુરિન્દ્રિય પર્યાપ્તનો | ૧૫ |
| ૨૨ | ૧ | અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તનો | |
| ૨૩ | ૩ | સંયોગરૂપ તિર્યંચગતિ, તિર્યંચગત્યાનુપૂર્વી, ઉદ્યોતનો | ૧૬,૧૭,૧૮ |
| ૨૪ | ૧ | નીચગોત્રનો | ૧૯ |
| ૨૫ | ૪ | સંયોગરૂપ અપ્રશસ્ત વિહાયોગતિ, દુર્ભગ, દુસ્વર, અનાદેયનો | ૨૦,૨૧,૨૨,૨૩ |
| ૨૬ | ૨ | હુંડક સંસ્થાન, અસંપ્રાપ્ત સૃપાટિકા સંહનનનો | ૨૪,૨૫ |
| ૨૭ | ૧ | નપુંસકવેદનો | ૨૬ |
| ૨૮ | ૨ | વામન સંસ્થાન, કીલિત સંહનનનો | ૨૭,૨૮ |
| ૨૯ | ૨ | કુબ્જક સંસ્થાન, અર્ધનારાચ સંહનનનો | ૨૯,૩૦ |
| ૩૦ | ૧ | સ્ત્રીવેદનો | ૩૧ |
| ૩૧ | ૨ | સ્વાતિ સંસ્થાન, નારાચ સંહનનનો | ૩૨,૩૩ |
| ૩૨ | ૨ | ન્યગ્રોધપરિમંડળ સંસ્થાન, વજનારાચ સંહનનનો | ૩૪,૩૫ |
| ૩૩ | ૫ | સંયોગરૂપ મનુષ્યગતિ, મનુષ્યગત્યાનુપૂર્વી, ઔદારિક શરીર, ઔદારિક આંગોપાંગ, વજવૃષભ નારાચ સંહનનનો | ૩૬,૩૭,૩૮,૩૯,૪૦ |
| ૩૪ | ૬ | સંયોગરૂપ અસ્થિર, અશુભ અયશસ્કીર્તિ, અરતિ, શોક, અસાતાવેદનીયનો | ૪૧,૪૨,૪૩,૪૪,૪૫,૪૬ |

નોંધ-૧ : આ ચાર્ટની શુદ્ધિ લબ્ધિસાર ગાથા ૧૧-૧૫, પૃ. ૧૦૩–૧૦૫, ષટ્ખંડાગમ, ધવલા પુ. ૬, પૃ. ૧૩૫ થી ૧૩૯ના આધાર પર કરવામાં આવી છે.

નોંધ-૨ : નં. ૧ થી ૪૬મા બતાવેલ ૪૬ પ્રકૃતિની બંધ-વ્યુચ્છિત્તિ થાય છે.

મનુષ્ય-તિર્યંચની બંધયોગ્ય એકસો સત્તર પ્રકૃતિઓમાંથી છેતાલીસની વ્યુચ્છિતિ થઈ. બાકીની એકોતેર પ્રકૃતિઓમાંથીનો બંધ, પ્રાયોગ્યલબ્ધિના અનન્તરવર્તી સમયથી કરે છે. જ્યારે દેવ-નારકી વજ્રવૃષભનારાચ સંહનનનો બંધ આ ઉપરાંત કરે છે. માટે તેમને ૭૨ પ્રકૃતિનો બંધ થાય છે. તથા તેમનું વિશેષ અંતર (ફરક) લબ્ધિસાર શાસ્ત્રજીથી જાણવું અને અપ્રશસ્ત પ્રકૃતિઓનો અનુભાગ તો ઘાતિયાના દારૂ-લતા દ્વિસ્થાનીય અને અઘાતિયાનો નીમ-કાંજી દ્વિસ્થાનને પ્રાપ્ત થઈને સમયે-સમયે અનંતગણો હીન બાંધે છે. પ્રશસ્ત પ્રકૃતિઓનો ચતુસ્થાનીય થઈને સમયે-સમયે અનંતગણો વધતો વધતો બાંધે છે.

કરણ ત્રણ પ્રકારના છે. અધઃપ્રવૃત્તકરણ, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ—આ ત્રણ કરણોને કરે છે. તેમાં પ્રત્યેકનો કાળ અન્તર્મુહૂર્ત છે; પરંતુ અનિવૃત્તિકરણનો કાળ ઓછો છે. તેનાથી અસંખ્યાતગણો કાળ અપૂર્વકરણનો છે. તેનાથી અસંખ્યાતગણો કાળ અધઃપ્રવૃત્તકરણનો છે.

આ **અધઃપ્રવૃત્તકરણ**માં પ્રતિસમય પરિણામોની અનંતગણી વિશુદ્ધતા થાય છે. સાતાવેદનીય વિ. પ્રશસ્ત પ્રકૃતિઓનો પ્રતિસમય અનંતગણો ચતુસ્થાનીય અનુભાગ બંધ કરે છે. અપ્રશસ્ત પ્રકૃતિઓનો પ્રતિસમય અનંતમા ભાગ માત્ર[1] દ્વિસ્થાનીય અનુભાગ બંધ કરે છે અને સ્થિતિબંધ અંતમુહૂર્તપર્યંત પૂર્વ સ્થિતિબંધથી પલ્યના સંખ્યાતમા ભાગ માત્ર ઘટતો ઘટતો બાંધે છે અને ત્યારબાદ અન્તર્મુહૂર્ત પર્યંત[2] પલ્યના સંખ્યાતમા ભાગ માત્ર ઘટતો થકો બાંધે છે—આ પ્રકારે એક-એક અંતર્મુહૂર્તપર્યંત દ્વારા પલ્યના સંખ્યાતમા ભાગ માત્ર સ્થિતિ બંધાપસરણ થાય છે. આ રીતે આમાં બંધાપસરણ[3] સંખ્યાત હજાર[4] થાય છે. આમ થવાથી આ કરણનાં પ્રથમ સમયમાં સ્થિતિબંધ અંતઃકોડાકોડી સાગર પ્રમાણ હતો અને તેના અંતસમયમાં સંખ્યાતગણો હીન થાય છે.

બીજું **અપૂર્વકરણ** કરે છે—આમાં ગુણ સંક્રમણ તો નથી થતું. ત્રણ આવશ્યક બીજા થાય છે. સમય-સમયમાં અસંખ્યાત-અસંખ્યાતગણી સાત કર્મોની ગુણશ્રેણી નિર્જરા થાય છે, ત્યાં ગુણશ્રેણી આયામ અપૂર્વકરણ, અનિવૃત્તિકરણના કાળથી અધિક ગલિતાવશેષ છે, તે અંતર્મુહૂર્ત પ્રમાણ છે.

**સ્થિતિકાંડક** ઘાત કરે છે—અંતર્મુહૂર્તકાળમાં અપૂર્વકરણના પ્રથમ સમયમાં જેટલી જેટલી કર્મોની સ્થિતિ સત્ત્વમાં(સત્તામાં) હોય છે, તેમાંથી જેટલી સ્થિતિ ઘટાડી, તે નિષેકોના દ્રવ્યની બાકી રહી સ્થિતિ, તે નિષેકોમાં પ્રતિસમય અસંખ્યાતગણા કર્મોને લઈને

૧. સમ્યગ્જ્ઞાનચંદ્રિકા (લબ્ધિસાર....) હિંદી—ગાથા ૩૮, પાના નં. ૫૭

૨. સમ્યગ્જ્ઞાનચંદ્રિકા (લબ્ધિસાર....) હિંદી—ગાથા ૩૯, પાના નં. ૫૮

૩-૪. શ્રી પાર્શ્વનાથ દિ. જૈન ચૈત્યાલય, બાપૂનગર, જયપુરની હસ્તલિખિતપ્રતમાં પૃ. ૧૦૫ના પૃષ્ઠ ભાગ અનુસાર.

અંતર્મુહૂર્તપર્યંત આપે છે. ત્યાં જ્યારે સંપૂર્ણ દ્રવ્ય દેવાય (અપાય, પુરું થઈ) જાય છે, ત્યારે એક કાંડક થાય છે. આ પ્રકારે ઔપશમિક સમ્યક્ત્વના અંતસમય સુધી મિથ્યાત્વ વગર અન્ય કર્મોમાં અનેક સ્થિતિ કાંડક ઘાત કરે છે, તેને સ્થિતિકાંડક ઘાત કહે છે. અહીં પલ્યના [1]સંખ્યાતમાં ભાગ માત્ર એક-એક કાંડક દ્વારા સ્થિતિ ધરાવે છે. તથા સત્તામાં રહેલાં અપ્રશસ્ત કર્મોનો અનુભાગ, જેના અનંત સ્પર્ધકો છે, તેમાં અનંતા ઉપરનાં સ્પર્ધકો ઘણા (તીવ્ર) અનુભાગના ધારક છે, તેમના અનુભાગ ઘટાડીને બાકી રહેલ સ્પર્ધક, તેમના અનુસાર (સમાન) એક અંતર્મુહૂર્તમાં કરે છે, તેને અનુભાગ કાંડકઘાત કહે છે. આવા અનંત સ્પર્ધકોના કાંડક, એક-એક અંતર્મુહૂર્તમાં કરે છે, તેને અનુભાગ કાંડકઘાત કહે છે. આવા અનંત સ્પર્ધકોના કાંડક એક-એક અંતર્મુહૂર્તમાં કરે છે, તેને અનુભાગ કાંડકઘાત કહે છે.

આ રીતે ગુણશ્રેણી નિર્જરા, સ્થિતિ-કાંડકઘાત, અનુભાગ કાંડકઘાત—આ ત્રણ આવશ્યક અપૂર્વકરણમાં હોય છે.

હવે ત્રીજું **અનિવૃત્તિકરણ** :

* **અંતરકરણ** : આમાં પલ્યનાં સંખ્યાતમાં ભાગ માત્ર સ્થિતિ કાંડક ઘાત કરે છે. ત્યાં સંખ્યાત હજાર સ્થિતિ બંધાપસરણ થયા બાદ, હવે અંતરકરણ કરે છે. ત્યાં અનિવૃત્તિકરણના અંત સમય સુધી નિષેક છોડીને, ઉપરનાં અંતર્મુહૂર્તના સમય પ્રમાણ સુધીમાં, નિષેકોમાં રહેલ જે મિથ્યાત્વનું દ્રવ્ય, તેમાંથી કેટલાક દ્રવ્યનું ઉત્કર્ષણ કરીને ઉપરિતન સ્થિતિમાં નાંખે છે અને કેટલાક દ્રવ્યનું અપકર્ષણ કરીને નીચેના નિષેકો (અધસ્તન સ્થિતિ)માં નાંખે છે.

* **ઉપશમકરણ** : ત્યાં ઉપશમકરણ કરે છે. ત્યાં હવે દ્વિતીય સ્થિતિમાં રહેલ મિથ્યાત્વના દ્રવ્યને પ્રતિસમય અસંખ્યાત-અસંખ્યાતગણા દ્રવ્યને ઉપશમાવે છે. ઉપશમકરણ અર્થાત્ ઉદીરણા થઈને કર્મ ઉદયમાં ન આવી શકે, આવી સ્થિતિ કર્મની કરે છે. તે અનિવૃત્તિકરણના અંતિમ સમયપર્યંત સર્વ મિથ્યાત્વના દ્રવ્યને ઉપશમાવે છે.

* **અનિવૃત્તિકરણ** : આવી (ઉપશમભાવની) ક્રિયા અનિવૃત્તિકરણના અંતપર્યંત કરે છે. તથા અનિવૃત્તિકરણના અનંતર સમય અને અંતરાયામના પ્રથમ સમયને પ્રાપ્ત થયેલ દર્શનમોહનીય અને અનંતાનુબંધી ચતુષ્ક તેમની પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ, અનુભાગનો સમસ્ત ઉપશમ થતાં જ ઔપશમિક તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ સમ્યગ્દર્શનને પામીને જીવ સમ્યગ્દષ્ટિપણાને પ્રાપ્ત થાય છે.

ત્યાં પ્રથમ સમયમાં ઉપરિતન દ્વિતીય સ્થિતિમાં રહેલ મિથ્યાત્વનું દ્રવ્ય તેને ગુણ

૧. સમ્યગ્જ્ઞાનચંદ્રિકા (લબ્ધિસાર....) હિંદી—ગાથા ૭૭, પાના નં. ૭૯

સંક્રમણના ભાજકનો ભાગ દેતાં(થી ભાગતા) તેના એક ભાગને કાઢીને, તેને અસંખ્યાતનો ભાગ દઈને બહુભાગ દ્રવ્યને તો મિથ્યાત્વરૂપ જ પરિણમાવે છે અને એક ભાગને અસંખ્યાતથી ભાગતાં, તેનો બહુભાગ મિશ્રમોહનીયરૂપ પરિણમાવે છે અને એક ભાગને સમ્યક્ત્વ મોહનીયરૂપ પરિણમાવે છે. આ રીતે સંખ્યાત આવલી પ્રમાણ ગુણ સંક્રમણનો કાળ છે. ત્યાં સુધી તો મિથ્યાત્વના દ્રવ્યને સમય-સમય અસંખ્યાત-અસંખ્યાતગણા દ્રવ્યને ગુણસંક્રમણ ભાજકથી ભાગી ભાગીને, કાઢી-કાઢીને મિથ્યાત્વરૂપ, સમ્યક્-મિથ્યાત્વરૂપ, સમ્યક્-પ્રકૃતિ મિથ્યાત્વરૂપ—પરિણમાવે છે અને ગુણ સંક્રમણકાળના અંતસમયપર્યન્ત મિથ્યાત્વ વિના અન્ય સર્વકર્મોની ગુણશ્રેણી વા સ્થિતિકાંડક-ઘાત વા અનુભાગ-કાંડક ઘાત જોવામાં આવે છે અને ગુણ સંક્રમણની પછી બાકી રહેલ જે મિથ્યાત્વનું દ્રવ્ય, તેને વિધ્યાત સંક્રમણ ભાજકનો ભાગ દેતાં જે પ્રમાણ આવે તેટલા દ્રવ્યને મિશ્રમોહનીય, સમ્યક્ત્વ મોહનીયરૂપ પરિણમાવે છે, અહીં વિશુદ્ધતા મંદ થઈ માટે મોટા ભાજકથી ભાગતાં, દ્રવ્ય થોડું આવે છે, ત્યાં દ્રવ્યને તેરૂપ પરિણમાવે છે. દર્શનમોહનો ઉપશમ કરવાવાળો જે જીવ, તેનું મરણ થતું નથી.

તથા ઔપશમિક સમ્યક્ત્વના કાળમાં ઉત્કૃષ્ટ છ આવલી અને જઘન્ય એક સમય બાકી રહે ત્યારે અનંતાનુબંધી ક્રોધાદિ ચાર કષાયમાંથી કોઈ એક પ્રકૃતિનો ઉદય થતાં સમ્યક્ત્વના વિરોધી મિથ્યાત્વને પ્રાપ્ત નથી થતા; પરંતુ વચમાં સાસાદન થાય છે. અહીં મિથ્યાત્વથી રહિત અનંતાનુબંધીનો ઉદય છે, એટલા માટે સાસાદનનો જઘન્યકાળ એક સમય અને ઉત્કૃષ્ટ છ આવલી પ્રમાણ છે. તે પોતાને યોગ્ય કાળ સુધી સાસાદનમાં રહે છે, પછી નિયમથી મિથ્યાત્વને પ્રાપ્ત થાય છે. જે રીતે વૃક્ષથી તૂટેલું ફળ નિયમથી પોતાના અંતરાળના કાળને વચમાં ભોગવીને પૃથ્વી પર આવી પડે છે. તે જ રીતે સમ્યક્ત્વરૂપ વૃક્ષથી તૂટેલું અર્થાત્ પરિણમન થયું જે અનંતાનુબંધી કષાય ભાવરૂપ આકાશ તેને પ્રાપ્ત કર્યું, ત્યાં પોતાના યોગ્યકાળને ભોગવીને મિથ્યાત્વરૂપ ભૂમિને પ્રાપ્ત થાય છે અને જે જીવને ઔપશમિક સમ્યક્ત્વના કાળમાં જો અનંતાનુબંધીનો ઉદય ન આવે તો સાસાદન ગુણસ્થાનને પ્રાપ્ત નથી થતો.

તથા ઔપશમિક સમ્યક્ત્વનો અંતર્મુહૂર્તકાળ પૂર્ણ થયા બાદ જીવ નિયમથી સંક્લેશને પ્રાપ્ત થાય છે. તેનાથી અંતરાયામને અંતના નિષેકોથી ઉપરના નિષેકોમાં રહેલ ત્રણ પ્રકાર—મિથ્યાત્વ, સમ્યગ્મિથ્યાત્વ, સમ્યક્ પ્રકૃતિરૂપ જે મિથ્યાત્વનું દ્રવ્ય, તેને અપકર્ષણ ભાજકનો ભાગ દેતાં, તેમાંથી એક ભાગ પ્રમાણ દ્રવ્ય અલગ રહે છે, તેમાં બહુ સંક્લેશ ભાવ હોય તો મિથ્યાત્વના દ્રવ્યને તો ઉદયાવલીના પ્રથમ સમયના નિષેકથી લઈને અંતરાયામને ભરીને/પૂરીને—ઉપરના સર્વ નિષેકોમાં (આપી) દે છે અને મિશ્ર મોહનીય, સમ્યક્ત્વ મોહનીયના દ્રવ્યને ઉદયાવલીથી બહારનાં નિષેકોમાં દે છે અને અંતરાયામને મિથ્યાત્વના દ્રવ્યથી ભરે છે. એટલા માટે ઉપશમ સમ્યક્ત્વના કાળથી અંતરાયામનો કાળ સંખ્યાત ગણો છે; માટે અવશેષ

રહ્યો જે અંતરાયામનો કાળ, તેને જેમનો તેમ મિથ્યાત્વના દ્રવ્યને ત્રણ પ્રકૃતિ સહિત કરે છે. તે જીવ તો સમ્યક્ત્વથી છૂટીને મિથ્યાત્વ ગુણસ્થાનને પ્રાપ્ત થાય છે, ત્યાં વિપરીત શ્રદ્ધાની થાય છે. તે સમયથી તેને ધર્મની રુચિનો અભાવ થઈ જાય છે. જેમકે તાવવાળાને મીઠોરસ નથી રુચતો, તે જ રીતે ધર્મમાં અરુચિપણાને પ્રાપ્ત થાય છે. અનેકાંતરૂપ જે વસ્તુનો ધર્મ કે સ્વભાવ કે રત્નત્રયરૂપ તે તેને નથી રુચતો નથી અને તેની અપેક્ષા કોઈ જીવને ઓછો સંક્લેશ હોય, તે જીવ મિશ્ર મોહનીયના દ્રવ્યને તો ઉદયાવલીના પ્રથમ સમયથી લઈને સર્વ અંતરાયામને ભરી દે છે અર્થાત્ ઉપરિતન સ્થિતિમાં દઈ દે છે અને મિથ્યાત્વ મોહનીય, સમ્યક્મોહનીયના દ્રવ્યને ઉદયાવલીની બહારના નિષકોથી લઈને અંતરાયામને ભરીને ઉપરિતન સ્થિતિમાં નાંખી દે છે. તેનું સમ્યક્ત્વ છૂટીને ત્રીજું મિશ્ર ગુણસ્થાન હોય છે. ત્યાં મિશ્રમોહનીયનો ઉદય હોવાથી જીવ એક જ સમયમાં તત્ત્વ અને અતત્ત્વને મિશ્રરૂપે શ્રદ્ધે છે. જેમકે દહીં-ગોળનો મળેલો સ્વાદ કોઈ રસાન્તરરૂપ જ થઈ જાય છે; તેવું જ સત્ત્વ—અસત્ત્વ મળેલું શ્રદ્ધાન જાણવું.

તથા તેનાથી પણ ઓછી સંક્લેશતા કોઈ જીવને હોય, તે જીવ સમ્યક્ત્વ-મોહનીયના દ્રવ્યને તો ઉદયાવલીના પ્રથમ નિષેકોથી લઈને સર્વ અંતરાયામને ભરીને ઉપરિતન સ્થિતિમાં દઈ દે છે અને મિથ્યાત્વ મોહનીય, મિશ્રમોહનીયના દ્રવ્યને ઉદયાવલીથી બહારના પ્રથમ નિષેકથી લઈને સર્વ અંતરાયામને ભરીને ઉપરિતન સ્થિતિમાં દઈ દે છે, ત્યાં સમ્યક્ત્વ મોહનીયનો ઉદય થાય છે. તે ક્ષાયોપશમિક સમ્યક્ત્વને પ્રાપ્ત કરે છે. તેને ચલ, મલ, અગાઢરૂપ તત્ત્વાર્થશ્રદ્ધાન થાય છે. સમ્યક્ત્વમોહનીયના ઉદયથી શ્રદ્ધાનમાં ચંચલપણું થાય છે વા મળ લાગે છે વા શિથિલભાવ થાય છે. પરંતુ મૂળ શ્રદ્ધાનનો ઘાત નથી થતો. આ કારણે જ જીવ સ્વયં વિશેષ નહીં જાણતો હોવાથી અજ્ઞાની ગુરુના નિમિત્તથી સ્વયં અસત્યનું પણ શ્રદ્ધાન કરીલે છે, પરંતુ "અહીં સર્વજ્ઞની આજ્ઞા આવી છે."—આમ જાણીને શ્રદ્ધાન કરે છે એ કારણે સમ્યગ્દૃષ્ટિ રહે છે અને જો કદાચિત્ કોઈ જ્ઞાનીગુરુ સૂત્ર દ્વારા સમ્યક્ સ્વરૂપ દેખાડે અને આ હઠાદિથી શ્રદ્ધાન ન કરે તો તે સમયે મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે. આવું ઔપશમિક સમ્યક્ત્વભાવનું સ્વરૂપ કહ્યું છે. (આ પ્રમાણે ક્ષાયોપશમિક સમ્યક્ત્વનું સ્વરૂપ પણ માનવું.)

## ઔપશમિક સમ્યક્ત્વ-ભાવ કેવો છે?

અનાદિથી લાગેલું જે મહા-ઉદ્ધત મિથ્યાત્વ નામનું કર્મ, તેના ઉદયનો અભાવ કરીને પ્રગટ થયો છે. અને કેવો છે? ચલ, મલ, અવગાઢ· દોષથી રહિત નિર્મળ છે અને કેવો છે? જેણે સંસારની સાંકળને તોડી નાંખી છે અને સર્વ સિદ્ધિનું કારણ છે.

તથા કોઈ જીવ વેદક સમ્યક્દૃષ્ટિ થઈને ક્ષાયોપશમિક સકલચારિત્રને ગ્રહણ કરીને ઉપશમશ્રેણી ચઢવાને સન્મુખ હોય તો ફરી દ્વિતીયોપશમ સમ્યક્ત્વને (પ્રાપ્ત) કરે છે. ત્યાં અપ્રમત્ત એવા ત્રણે કરણ કરે છે. ત્યારે અધઃપ્રવૃત્તકરણમાં અનંતગણી વિશુદ્ધતા, સ્થિતિ

બંધાપસરણ, પ્રશસ્ત પ્રકૃતિઓનો અનુભાગ બંધ પ્રતિસમય અનંતગણો વધે તેવો કરે છે, અપ્રશસ્ત પ્રકૃતિઓનો અનુભાગ બંધ પ્રતિસમય અનંતમો ભાગ કરે છે—આવા ચાર આવશ્યક કરે છે.

અપૂર્વકરણમાં ગુણશ્રેણી નિર્જરા, સ્થિતિકાંડકઘાત, અનુભાગકાંડકઘાત—આ ત્રણ આવશ્યક કરે છે તથા અનિવૃત્તિકરણમાં અંતરકરણ અને ઉપશમકરણાદિ વિધાન બધા પ્રથમોપશમ સમ્યક્ત્વવત્ જ કરે છે. અહીં એટલું વિશેષ છે કે પ્રથમોપશમ સમ્યક્ત્વમાં તો એક મિથ્યાત્વનું જ કરે છે અને દ્વિતીયોપશમ સમ્યક્ત્વમાં મિથ્યાત્વ, સમ્યક્મિથ્યાત્વ અને સમ્યક્ પ્રકૃતિ મિથ્યાત્વ—આ ત્રણે પ્રકૃતિઓનું અંતર કરે છે, બાકી બધું સમાન જાણવું.

તથા અનિવૃત્તિકરણ[1]ના અનંતર સમયમાં દ્વિતીયોપશમ સમ્યક્ત્વને પ્રાપ્ત થાય છે અને ત્યાં બધા વિધાન સમાન છે; પરંતુ પ્રથમ ઔપશમિક સમ્યક્ત્વમાં ગુણસંક્રમણ ભાજકના ભાગ સહિત મિથ્યાત્વના દ્રવ્યનું અપકર્ષણ કરીને તેને ત્રણ પ્રકૃતિરૂપ કર્યા હતા અને તેમાં વિધ્યાતાદિનો ભાગ જાણવો. આવો આ ઔપશમિક સમ્યક્ત્વભાવ, વેદક સમ્યગ્દષ્ટિ જીવને ઔપશમિક ચારિત્રભાવની સન્મુખ એવા અપ્રમત્ત ગુણસ્થાનવર્તી જીવને થાય છે, તેને દ્વિતીયોપશમ સમ્યક્ત્વ કહે છે.

ઔપશમિક સમ્યક્ત્વભાવ વર્તમાનમાં પણ સુખનું કારણ છે અને આગામીકાળમાં પણ સ્વર્ગ–મોક્ષનું કારણ છે. આ ઔપશમિક સમ્યક્ત્વભાવવાળા અસંયત સમ્યગ્દષ્ટિથી લઈને ઉપશાંત કષાય ગુણસ્થાનપર્યંત આઠ ગુણસ્થાનમાં હોય છે. અને માર્ગણાઓમાં **ગતિ**–૪, **જાતિ**–પંચેન્દ્રિય-૧, **કાય**–ત્રસ-૧, **યોગ**–૪-મનનાં, ૪-વચનના, ૪-કાયાના-ઔદારિક વૈક્રિયક, વૈક્રિયક મિશ્ર, કાર્માણ-કાયયોગ–આમ ૧૨, **વેદ**–૩, **કષાય**–અનંતાનુબંધી ચતુષ્ક વિના ૨૧, **જ્ઞાન**–મતિ, શ્રુત અવધિ-૩, **સંયમ**–પરિહાર વિશુદ્ધિ સંયમ વિના ૬, **દર્શન**–કેવળદર્શન વિના-૩, **લેશ્યા**–૬, **ભવ્ય**–૧, **સમ્યક્ત્વ**–સ્વકીય-૧, **સંજ્ઞી**–૧, **આહાર**–આહારક-અનાહારક-૨ આમાં હોય છે.

આમ શ્રી ભાવદીપિકા ગ્રંથના ઔપશમિક ભાવાધિકારમાં પ્રથમ સમ્યક્ત્વભાવ અંતરાધિકાર પૂર્ણ થયો.

---

૧. ઉપશમશ્રેણી ચઢતા સમયે ક્ષાયોપશમિક સમ્યક્ત્વથી જે ઉપશમ સમ્યક્ત્વ થાય છે, તેનું નામ દ્વિતીયોપશમ સમ્યક્ત્વ છે. લબ્ધિસાર ગાથા-૨, પૃષ્ઠ-૧૦૦, સ્વસ્થાન અપ્રમત્ત ગુણસ્થાનમાં અંતર્મુહૂર્ત વિશ્રામ કરીને ત્રણ કરણ, વિધિ કરીને યુગપત્ દર્શનમોહનો ઉપશમ કરે છે. આ 'અનિવૃત્તિકરણ' જે પ્રથમોપશમની પહેલા અધઃકરણ, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ થાય છે, તે અનિવૃત્તિકરણનું કથન છે. નવમા ગુણસ્થાન નામના અનિવૃત્તિકરણનું નહીં. (ગો. ગાથા ૨૦૬, પૃષ્ઠ-૨૦૬)

# (૨) ઔપશમિક ચારિત્ર ભાવાન્તરાધિકાર

મંગલાચરણ (દોહા)

ઉપશમ શ્રેણી માંડ કર, કિયો મોહ બેહાલ।
તોર જોર ક્ષણ મેં ચઢે, તિન પદ ધોક ત્રિકાલ॥

**ઔપશમિક ચારિત્ર ભાવાન્તરાધિકાર નિરૂપણ કરીએ છીએ :—**

ઔપશમિક ચારિત્રભાવ દ્વિતિયોપશમ સમ્યક્ત્વ સહિત પણ હોય છે અને ક્ષાયિક સમ્યક્ત્વ સહિત પણ હોય છે. એટલા માટે ઉપશમશ્રેણી દ્વિતીયોપશમ સમ્યગ્દષ્ટિ પણ ચડે છે અને ક્ષાયિક સમ્યક્દૃષ્ટિ પણ ચડે છે. ત્યાં અપ્રમત્ત ગુણસ્થાનમાં પરિણામોની અત્યંત વિશુદ્ધિ થાય છે. અનંતાનુબંધી ચતુષ્ક સિવાય શેષ એકવીસ ચારિત્રમોહની પ્રકૃતિઓને ઉપશમ કરવાનો ઉદ્યમ કરે છે. અન્ય પ્રકૃતિઓનો ઉપશમ થતો નથી, માટે તેમનું ઉપશમકરણ નથી થતું. સાતમાં ગુણસ્થાનથી દશમા ગુણસ્થાન સુધી આ આઠ કરણ થાય છે—(૧) અધઃપ્રવૃત્તકરણ (૨) અપૂર્વકરણ (૩) અનિવૃત્તિકરણ—આ ત્રણ અને (૪) સ્થિતિબંધાપસરણ (૫) ક્રમકરણ (૬) દેશઘાતિકરણ (૭) અંતરકરણ (૮) ઉપશમકરણ આ પાંચ—આ પ્રમાણે કુલ આઠ કરણ કરે છે. આનાથી કુલ આઠ અધિકાર ચારિત્રમોહના ઉપશમ વિધાનમાં હોય છે.

ત્યાં અધઃપ્રવૃત્તકરણના લક્ષણ અને તેનાથી થયેલ જે કાર્ય, જેવા ઔપશમિક સમ્યક્ત્વના સન્મુખ હોતાં કહ્યાં છે, તેના જ અહીં પણ જાણવા.

અપૂર્વકરણના પ્રથમ સમયમાં સ્થિતિબંધ અને સ્થિતિ સત્ત્વ અંતઃકોડાકોડી સાગર પ્રમાણ છે. ત્યાં એટલું વિશેષ છે કે સ્થિતિબંધથી સ્થિતિ સત્ત્વ સંખ્યાતગણું છે. અહીં ઉદયાવલીથી બાહ્ય ગલિતાવશેષ ગુણશ્રેણીનો આરંભ થયો અને ગુણ સંક્રમણ, સ્થિતિકાંડકઘાત, અનુભાગકાંડકઘાત—આ આવશ્યક થાય છે. આ અપૂર્વકરણના પ્રથમ સમયથી લઈને અંતિમ સમય સુધી સંખ્યાત હજાર **સ્થિતિ-બંધાપસરણ** થાય છે.

જ્યારે અનિવૃત્તિકરણને પ્રાપ્ત થાય છે ત્યારે બધા કર્મોનાં ઉપશમ, નિધત્તિ, નિકાચન, આ ત્રણ કરણોનો અભાવ થાય છે, બધા કર્મો ઉદીરણા, સંક્રમણ, અપકર્ષણ, ઉત્કર્ષણ ને યોગ્ય થાય છે.

અહીં પલ્યના સંખ્યાતમાં ભાગ માત્ર પ્રમાણ સ્થિતિ બંધાપસરણ કરતા થકા સંખ્યાત હજાર સ્થિતિ બંધાપસરણ કરીને અનિવૃત્તિકરણના કાળનો સંખ્યાતમો ભાગ અવશેષ રહે, ત્યાં **ક્રમકરણ** થાય છે.

ક્રમકરણ એટલે કર્મોનો સ્થિતિબંધ પૂર્વમાં જે અનુક્રમથી થતો હતો, તે અનુક્રમથી થયો. આ રીતે અનેક પ્રકારે અનુક્રમ સ્થાપીને બંધ કરે છે. જેમકે પહેલા મોહનીયનો સ્થિતિબંધ અધિક થતો હતો, અન્ય પ્રકૃતિઓનો હીન થતો હતો અને હવે તેની સમાન થાય છે. આવો અનુક્રમ સ્થાપિત કરે છે. તથા ક્યારેક તેનાથી પણ હીન અનુક્રમ સ્થાપિત કરે છે; તેનાથી હીન સ્થિતિબંધ કરે છે, તેને અવરોધીને અધિક કરે છે. ક્રમકરણનાં અંતમાં બધા કર્મોનો સ્થિતિબંધ પલ્યનો અસંખ્યાત ભાગ પ્રમાણ થાય છે. તેમાં સૌથી અલ્પસ્થિતિ બંધ ચારિત્રમોહનીય (પુરુષવેદ+સંજ્વલન-૪)માં થાય છે. તેનાથી અસંખ્યાતગણો સ્થિતિબંધ જ્ઞાનાવરણાદિ ત્રણ ઘાતિકર્મોનો થાય છે, તેનાથી અસંખ્યાતગણો નામ-ગોત્રમાં થાય છે, તેનાથી દોઢગણો સ્થિતિ બંધ વેદનીયમાં શાતા કર્મમાં થાય છે. તેને **ક્રમકરણ** કહે છે.

**દેશઘાતિકરણ** કરે છે—ઘાતિયા કર્મોનો દારૂ, લત્તા, દ્વિસ્થાનીય સર્વઘાતિ તથા દેશઘાતિરૂપ સ્પર્ધકોનો અનુભાગ બંધ થતો હતો. તેને નષ્ટ કરી દારૂ, લત્તા દ્વિસ્થાનીય દેશઘાતિ સ્પર્ધકોનો અનુભાગ બંધ કરે છે, તેને દેશઘાતિ કરણ કહે છે.

**અંતરકરણ**ને કહે છે—ચારિત્રમોહની અનંતાનુબંધી ચતુષ્ક વિના એકવીસ પ્રકૃતિઓનું અંતરકરણ કરે છે. સંજ્વલન ક્રોધ અને પુરુષવેદની પ્રથમ સ્થિતિ અંતર્મુહૂર્ત પ્રમાણ હોય છે. તે તેના વેદકકાળથી એક આવલી પ્રમાણ વધુ હોય છે. શેષ ઓગણીસ (૧૯) અનુદયરૂપ પ્રકૃતિઓની પ્રથમસ્થિતિ આવલી માત્ર હોય છે, અર્થાત્ તેમાં અંતર મોટું હોય છે. દ્વિતીય સ્થિતિ એકવીસ (૨૧) પ્રકૃતિની એકસરખી છે, તેને અંતરકરણ કહે છે.

**ઉપશમકરણ** કરે છે—ઉદીરણા થઈને ઉદયમાં ન આવે એવા કરે છે. ત્યાં પ્રથમ જ અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાન આ આઠ કષાયોને ઉપશમાવે છે, બાદમાં નપુંસકવેદ, સ્ત્રીવેદ, પુરુષવેદ, હાસ્યાદિ-૬, ક્રોધ-૩, માન-માયા-૨, લોભ—આ અનુક્રમથી નવમા ગુણસ્થાનમાં ઉપશમાવે છે.

અપૂર્વ સ્પર્ધકોના અનંતમા ભાગે અતિસૂક્ષ્મ અનુભાગ રહે છે. બાકી રહેલ સૂક્ષ્મલોભની સૂક્ષ્મકૃષ્ટિ કરીને ૧૦માં તે સૂક્ષ્મસાંપરાય ગુણસ્થાનને પ્રાપ્ત થાય છે, ત્યાં જેમાં

લોભકષાયની અનુભાગ શક્તિ સૂક્ષ્મ છે, એવી સૂક્ષ્મ સંજ્વલન લોભ પ્રકૃતિ ભોગવે છે.

અને ૧૦માં સૂક્ષ્મ સાંપરાયને સમાપ્ત કરીને ૧૧માં ઉપશાંત કષાય ગુણસ્થાનને પ્રાપ્ત થાય છે. ત્યાં યથાખ્યાત ચારિત્રને અંગીકાર કરે છે. મોહભાવરહિત થઈ જાય છે. સિદ્ધસમાન આત્મિક સુખદશાને પ્રાપ્ત થાય છે.

પછી ત્યાંથી પડે છે. ત્યાંથી પડવાના બે જ કારણ છે—ભવક્ષય અને કાળક્ષયથી. જો આયુષ્યનો અંત થતાં જ મરણને પ્રાપ્ત કરીને પડે તો તે દેવગતિને પ્રાપ્ત થાય છે. ત્યાં અસંયમ ગુણસ્થાન હોય છે. આ ભવક્ષયથી પડવાનું થયું અને જ્યાં ઉપશાંત કષાય ગુણસ્થાનનો કાળ પૂરો થવાથી પડે છે, તે કાળક્ષયથી પડવાનું થયું. આ સિવાય કોઈ સંક્લેશાદિ પડવાના કારણ નથી. કાળક્ષયથી પડે છે તો અનુક્રમથી પડે છે, તે અનુક્રમ હવે કહે છે.

પ્રથમ ઉપશાંત કષાયથી સૂક્ષ્મસાંપરાય ગુણસ્થાનને પ્રાપ્ત થાય છે, ત્યાં સૂક્ષ્મ લોભને ભોગવે છે. ત્યાં જ્ઞાનાવરણની ૫, દર્શનાવરણની ૪, અંતરાયની ૫, ઉચ્ચગોત્ર, યશસ્કીર્તિ— આ સોળ પ્રકૃતિઓના બંધનો અભાવ થઈ ગયો હતો. તેઓ પુનઃ બંધાવા લાગી. ચડતા સમયે તે સ્થાનમાં જેટલો સ્થિતિબંધ કરતો હતો, પડતા સમયે તે સ્થાનથી બમણો સ્થિતિબંધ થવા લાગ્યો. તે જ રીતે અપ્રશસ્ત પ્રકૃતિઓનો અનુભાગ બંધ સમય-સમયમાં અનંતમાં ભાગે કરતો હતો, તે હવે સમયે-સમયે અનંતગણો થવા લાગ્યો અને પ્રશસ્ત પ્રકૃતિઓનો અનુભાગ બંધ સમય-સમયમાં અનંતગણો થતો હતો, તે અનંતમે ભાગે થવા લાગ્યો.

તથા અનિવૃત્તિકરણને પ્રાપ્ત થાય છે, ત્યાં ઉપશમકરણનો અભાવ થઈ જાય છે. ત્યાં સંજ્વલન ચતુષ્ક અને પુરુષવેદનો ઉદય થાય છે. ત્યાં બાદર અનુભાગ સહિતને ભોગવે છે તથા દેશાઘાતિકરણનો અભાવ થઈ જવાથી દેશઘાતિ તથા સર્વઘાતિરૂપ અનુભાગ બંધ કરે છે અને ક્રમકરણ ઉલ્ટું થાય છે. ચડતે સમયે, જે અનુક્રમથી સ્થિતિબંધ કરતો હતો, તેનાથી ઉલ્ટાક્રમે કરવા લાગ્યો. સ્થિતિ બંધાપસરણ વિપરિત થઈ જાય છે, ઘટતો સ્થિતિબંધ કરતો હતો, તેને અધિક-અધિક કરવા લાગ્યો. તેમજ સ્થિતિકાંડક ઘાત, અનુભાગ કાંડકઘાત વિપરીત થવા લાગ્યો. પહેલા સ્થિતિ-અનુભાગ ઘટાડી-ઘટાડીને કાંડક કરતો હતો તે વધુને વધુ સ્થિતિ-અનુભાગ સહિત કાંડક કરવા લાગ્યો અને ગુણ સંક્રમણ, ગુણશ્રેણી નિર્જરા અસંખ્યાત-અસંખ્યાતગણી થતી હતી, તે સમય-સમયમાં અસંખ્યાતમાં ભાગે થવા લાગી—વિ. ઉપશમશ્રેણી ચડતા સમયે જે ક્રિયાઓ થતી હતી, ઉતરતા સમયે બધી ક્રિયાઓ ઉલ્ટી(ઉંધી) હોય છે.

તથા અનિવૃત્તિકરણનો અભાવ અપૂર્વકરણને પ્રાપ્ત થાય છે અને અપૂર્વકરણનો

અભાવ કરીને અધઃપ્રવૃત્તકરણમાં આવે છે. અહીં (પ્રમત્તસંયત)[૧] પર્યંત તો અનુક્રમથી ઉતરીને આવે છે. ત્યારબાદ કોઈ નિયમ નથી. જો ફરી વિશુદ્ધતા વધી જાય તો પુનઃશ્રેણી માંડીને ઉપરના ગુણસ્થાનોને પ્રાપ્ત થઈ જાય છે. એક જીવ એક પર્યાય/ભવમાં અધિકવાર ચડે તો બે વાર ઉપશમ શ્રેણી માંડી સકે છે અને અનેક પર્યાયો (જ્યારે મુક્તિ પ્રાપ્ત કરશે ત્યાં સુધી)માં ચારવાર ઉપશમશ્રેણી માંડી શકે છે.

પ્રત્યાખ્યાનાવરણ કષાયનો ઉદય આવી જાય તો દેશસંયમ ગુણસ્થાનને પ્રાપ્ત થઈ જાય છે અને (તેનાથી પણ નીચે ઉતરવાની સ્થિતિમાં) અપ્રત્યાખ્યાનાવરણ કષાયનો ઉદય આવી જાય તો અસંયત ચોથા ગુણસ્થાનને પ્રાપ્ત થઈ જાય છે અને અનંતાનુબંધી ચતુષ્કનો ઉદય આવી જાય તો સાસાદન ગુણસ્થાન સંપન્ન થઈ જાય છે. (પરંતુ આમ થાય જ) વિ. નિયમ નથી.

તથા ક્રોધાદિ ચાર કષાયોમાંથી કોઈ એક કષાય અને ત્રણવેદોમાંથી કોઈ એક વેદ સહિત શ્રેણી માંડે છે, માટે શ્રેણી માંડવાવાળા બાર પ્રકારના હોય છે. (પ્રકૃતિઓના ઉદયની અપેક્ષા બાર પ્રકારના કહ્યા છે) આ તો લોભ કષાય અને પુરુષવેદના ઉદય સહિત શ્રેણી માંડવાવાળાની અપેક્ષાએ સંક્ષેપ કથન કર્યું છે. અન્ય પ્રકાર/અન્ય પ્રકૃતિઓના ઉદયથી શ્રેણી માંડવાવાળાની કોઈ-કોઈ ક્રિયાવિશેષ છે. ઉપરના બધા વિધાનોનું કથન લબ્ધિસાર નામના ગ્રંથથી જાણવું.

આ પ્રમાણે ઔપશમિક ચારિત્રભાવનું કથન કર્યું. આ ઔપશમિક ચારિત્રભાવ જગતપૂજ્ય તથા વર્તમાનમાં પણ સુખરૂપ છે અને આગામી સૌધર્માદિ સ્વર્ગથી લઈને સર્વાર્થસિદ્ધિ સુધીનું કારણ છે તથા પરંપરાથી મોક્ષનું કારણ છે.

આ ઔપશમિક ચારિત્રભાવના ગુણસ્થાન અપૂર્વકરણથી લઈને ઉપશાંતકષાય સુધી ચાર છે અને માર્ગણામાં **ગતિ**—મનુષ્યગતિ, **જાતિ**—પંચેન્દ્રિય, **કાય**—ત્રસ, **યોગ**—મનના-૪, વચનના-૪, અને ઔદારિક કાયયોગ-૧=૯, **વેદ**—૩, અપગત, **કષાય**-સંજ્વલનના ૪, હાસ્યાદિ-૯, **જ્ઞાન**—કેવલજ્ઞાન વિના-૪, **સંયમ**—સામાયિક, છેદોપસ્થાપના, સૂક્ષ્મ સાંપરાય (ઉપશમ), યથાખ્યાત-૪, **દર્શન**—કેવળ દર્શન વિના-૩, **લેશ્યા**—શુક્લલેશ્યા, **ભવ્ય, સમ્યક્ત્વ**—ઔપશમિક, ક્ષાયિક-૨, **સંજ્ઞી, આહારક** વિગેરે હોય છે.

આમ શ્રી ભાવદીપિકા ગ્રંથના ઔપશમિક ભાવાધિકારમાં બીજા ઔપશમિક ચારિત્ર ભાવાંતરાધિકાર પૂર્ણ થયો—આમ બે અંતરાધિકારોમાં ઔપશમિક ભાવાધિકાર નામનો છઠ્ઠો અધિકાર પૂર્ણ થયો.

૧. પ્રમયસંયતપર્યંત અનુક્રમથી આવે છે.

# ૭ ક્ષાયિક ભાવાધિકાર

હવે ક્ષાયિક ભાવાધિકારનો પ્રારંભ કરે છે : કર્મનો ક્ષય થવાથી આત્મામાં જે ભાવ પ્રગટ થાય છે, તેને ક્ષાયિકભાવ કહે છે. આ ક્ષાયિકભાવના નવ ભેદ છે—કેવળજ્ઞાન, કેવળદર્શન, ક્ષાયિક સમ્યક્ત્વ, ક્ષાયિક ચારિત્ર તેમજ દાન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્ય આ પાંચ ક્ષાયિક લબ્ધિ, આમ નવ ભાવ છે. આમાંથી પ્રથમ ક્ષાયિક સમ્યક્ત્વ ભાવાધિકાર લખીએ છીએ.

## (૧) ક્ષાયિક સમ્યક્ત્વ ભાવાન્તરાધિકાર :

(મંગલાચરણ)

(દોહા)

અનંતાનુબંધી ચતુષ્ક, દર્શનમોહ મહંત।
તિનકો ક્ષયકરી ધારી બલ, ચારિતમોહ દહંત॥
તિનકે પદ મન વચ કર, સીસ ધારિ પરિણામ।
કરૂઁ ત્રિકાલ મંગલ કરન, સબ વિધિ પૂરન કામ॥

જે મનુષ્ય કર્મભૂમિમાં ઉત્પન્ન થયા હોય અને કેવળી-શ્રુતકેવળીના ચરણારવિંદનું સાંનિધ્ય પ્રાપ્ત હોય, તે જ દર્શનમોહની ક્ષપણા પ્રારંભ કરે છે. કારણ કે અન્યત્ર આવી વિશુદ્ધતા હોતી નથી. અધઃકરણના પ્રથમ સમયથી લઈને જ્યાં સુધી મિથ્યાત્વમોહનીય અને મિશ્રમોહનીય દ્રવ્યને સમ્યક્ત્વ પ્રકૃતિરૂપ સંક્રમણ કરે છે, ત્યાં સુધી અંતર્મુહૂર્તકાળ સુધી દર્શનમોહનીયની ક્ષપણાનો પ્રારંભ કહેવાય છે. તે દર્શનમોહની ક્ષપણાના ત્રણ કરણરૂપ વિધાન કરીને અનંતાનુબંધી ચતુષ્કની વિસંયોજના કરે છે તેના (અનંતાનુબંધીના) દ્રવ્યને ચારિત્રમોહની અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાન, સંજ્વલનરૂપ બાર કષાય અને છ હાસ્યાદિ ત્રણ વેદ આ પ્રકૃતિઓમાં ગુણસંક્રમણરૂપ ભાજકનો ભાગ દઈ-દઈને અપકર્ષણ કરીને સમયે

સમયે અસંખ્યાતગણા ક્રમથી સંક્રમણ કરીને તદ્‌રૂપ કરે છે. (૨૧ પ્રકૃતિઓરૂપ કરે છે) આ પ્રકારે અંતર્મુહૂર્ત સુધી સંક્રમણ વિધાન કરીને પરિણમાવે છે. અનંતાનુબંધી ચતુષ્કનો અનિવૃત્તિકરણના અંતમાં અભાવ કરી દે છે. તેનું નામ વિસંયોજન કહેવાય છે.

આ વિસંયોજનને અસંયત, દેશસંયત, પ્રમત્ત, અપ્રમત્ત આ ચાર ગુણસ્થાનવર્તી વેદક સમ્યગ્દષ્ટિ જીવ કરે છે. ત્યાં પ્રથમ અધઃકરણ કરે છે તેમાં પ્રતિસમય અનંતગણી પરિણામોની વિશુદ્ધતા કરતો થકો સર્વ-વિધાન સ્થિતિબંધાપસરણ, અનુભાગ બંધાપસરણાદિ સર્વ ક્રિયા કરતો થકો સંખ્યાત હજાર સ્થિતિબંધાપસરણ કરીને અધઃપ્રવૃત્તકરણને સમાપ્ત કરીને અપૂર્વકરણને પ્રાપ્ત થાય છે. ત્યાં ગુણસંક્રમણ, ગુણશ્રેણિ નિર્જરા, સ્થિતિકાંડક ઘાત, અનુભાગ કાંડક ઘાત, વિ. આવશ્યકાદિ ક્રિયા કરતો થકો અપૂર્વકરણનો અંતર્મુહૂર્ત કાળ પૂરો કરીને અનિવૃત્તિકરણને પ્રાપ્ત થાય છે. અહીં ગુણસંક્રમણ અનંતાનુબંધીનું જ થાય છે. અન્ય પ્રકૃતિઓનું નહીં. અહીં અનંતાનુબંધીના સ્થિતિ સત્ત્વના ચાર પર્વ થાય છે. સ્થિતિ ઘટાડીને મર્યાદાના ચાર વિધાન હોય છે. અપૂર્વકરણના પ્રથમમાં અંતઃકોડાકોડી પ્રમાણ કર્મોના સ્થિતિસત્ત્વને અનેક સ્થિતિ કાંડક ઘાત દ્વારા ઘટાડીને અનિવૃત્તિકરણના પહેલા સમયે અનંતાનુબંધીના સ્થિતિસત્ત્વ પૃથક્ત્વ લાખ સાગર પ્રમાણ રાખે છે. એક પર્વ તો આ થયું.

પછીથી સંખ્યાત હજાર સ્થિતિકાંડક ઘાત થતાં અસંજ્ઞી પંચેન્દ્રિયના સ્થિતિબંધ સમાન હજાર સાગર રાખે છે. પછી ફરી સંખ્યાત હજાર સ્થિતિ ખંડ થતાં, ચૌઇન્દ્રિયના સ્થિતિબંધ સમાન સો સાગર સુધી (લાવી) રાખે છે, એ જ રીતે ત્રિન્દ્રિયનું પચાસ સાગર, દ્વીન્દ્રિયનું પચ્ચીસ સાગર, એકેન્દ્રિયનું એક સાગર પ્રમાણ સ્થિતિબંધ રહે છે. તથા પલ્ય પ્રમાણ સ્થિતિ બંધ રહે છે. આ બીજું પર્વ થયું.

તથા હજારો સ્થિતિખંડ થતાં પલ્યનાં અસંખ્યાતમાં ભાગ માત્ર સ્થિતિ સત્ત્વ રહી જાય, એવું આ ત્રીજું પર્વ થયું.

ફરી સંખ્યાત હજાર સ્થિતિખંડ થવાથી ઉચ્છિષ્ટાવલી જેનું નામ છે એવું આવલીમાત્ર અનંતાનુબંધીનું સ્થિતિ સત્ત્વ રહે છે. આ ચોથું પર્વ થયું.

અહીં સુધી તો સમય-સમયમાં અસંખ્યાત-અસંખ્યાતગણું દ્રવ્ય, ગુણ સંક્રમણ દ્વારા અનંતાનુબંધીને એકવીસ પ્રકૃતિઓરૂપે સંક્રમણ કરીને પરિણમાવે છે અને ઉચ્છિષ્ટાવલી માત્ર નિષેકોના દ્રવ્યને એક-એક સમયમાં એક-એક નિષેકને બાર કષાય (અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાન અને સંજ્વલન ચોકડી) તેમજ નવ નોકષાયરૂપ પરિણમાવીને અભાવ કરે છે– આવું અનંતાનુબંધીનું વિસંયોજન કરે છે. પછીથી અંતર્મુહૂર્ત કાળ વિશ્રામ કરીને અન્ય ક્રિયા કરીને, ત્યાં પછીથી ત્રણ કરણ કરીને અનિવૃત્તિકરણના કાળમાં મિથ્યાત્વ, મિશ્ર મિથ્યાત્વ, સમ્યક્ત્વ પ્રકૃતિ મિથ્યાત્વ આ ત્રણ પ્રકારરૂપે મોહનીયનો ક્રમથી નાશ કરે છે. તેને જ કહે

છે—દર્શનમોહની ક્ષપણાની સન્મુખ થયેલ જીવ સમયે-સમયે અનંતગણી વિશુદ્ધતા સહિત હોય છે. દર્શનમોહના ઉપશમનમાં જેવું વિધાન કહ્યું હતું, તેવું જ બધુ અહીં જાણવું થાય છે. અધઃપ્રવૃત્તકરણ કરીને પછીથી અપૂર્વકરણને પ્રાપ્ત થાય છે, અનિવૃત્તિકરણને પ્રાપ્ત થાય છે, ત્યાં મિથ્યાત્વ મોહનીય અને મિશ્રમોહનીયના દ્રવ્યને ગુણસંક્રમણ દ્વારા સમ્યક્ત્વ મોહનીયરૂપ પરિણમાવે છે. અહીં દર્શનમોહની સ્થિતિ પૃથક્ત્વ લાખ-સાગર પ્રમાણ છે.

તથા આનાથી આગળ દર્શનમોહની સ્થિતિ પલ્ય પ્રમાણ રહે છે, ત્યાં સુધી સ્થિતિ કાંડકાયામનું પ્રમાણ પલ્યના સંખ્યાતમો ભાગ માત્ર રહે છે, ત્યાં સંખ્યાત હજાર, સંખ્યાત હજાર કાંડક કરતા-કરતા અસંજ્ઞી પંચેન્દ્રિય, ચૌન્દ્રિય, ત્રિન્દ્રિય, દ્વીન્દ્રિય, એકેન્દ્રિય ક્રમથી હજારસાગર, સો સાગર, પચાસ સાગર, પચ્ચીસ સાગર, એક સાગર પ્રમાણ દર્શનમોહનું સ્થિતિ સત્ત્વ રાખે છે. આ રીતે (આવા) ચાર પર્વ કરે છે.

ત્યાં દર્શનમોહનીયના દ્રવ્યની ઉદીરણા કરીને અસંખ્યાત-અસંખ્યાત સમય પ્રબદ્ધ પ્રમાણ દ્રવ્ય ઉદયાવલીમાં આપે છે તથા સંખ્યાત હજાર સ્થિતિકાંડક થવાથી મિથ્યાત્વની સ્થિતિ ત્યાં ઉચ્છિષ્ટાવલી માત્ર અવશેષ રહે છે અને સંખ્યાત હજાર સ્થિતિકાંડ થવાથી મિથ્યાત્વની સ્થિતિના અંતિમ કાંડકનો અંતકાળ થઈ જાય છે. તે સમયે મિશ્રમોહનીયની સ્થિતિ ઉચ્છિષ્ટાવલી માત્ર અવશેષ રહે છે. સમ્યક્ત્વ મોહનીયની સ્થિતિ આઠ વર્ષ પ્રમાણ રહે છે અને મિથ્યાત્વ પ્રકૃતિના અંતિમ કાંડકની અંતિમ ફાલિ જે સમયે મિશ્રમોહનીયમાં સંક્રમિત થાય છે, તે સમયે મિથ્યાત્વનો તો અભાવ થઈ જાય છે અને મિશ્રમોહનીયનું દ્રવ્ય ઉત્કૃષ્ટ થઈ જાય છે તથા મિશ્રમોહનીયના અંતિમ કાંડકની અંતિમ ફલિનું દ્રવ્ય સમ્યક્ત્વમોહનીયમાં સંક્રમણ થઈ જાય છે, તે સમયે મિશ્રમોહનીયનો અભાવ થઈ જાય છે. તે સમયે સમ્યક્ત્વ મોહનીયનું દ્રવ્ય ઉત્કૃષ્ટ થઈ જાય છે. કિંચિત્ ન્યૂન દોઢગુણહાનિ ગુણિત સમયપ્રબદ્ધ પ્રમાણ થાય છે અને ગુણશ્રેણી, સ્થિતિકાંડકઘાતાદિ અનેક ક્રિયાઓ થવાથી સમ્યક્ત્વ મોહનીયની સ્થિતિ અંતર્મુહૂર્ત રહી જાય છે. ત્યાં બધી ક્રિયાઓનો અભાવ થાય છે અને અનિવૃત્તિકરણની સમાપ્તિ થાય છે. ગલિતાવશેષ ગુણશ્રેણી આયામ કૃતકૃત્યવેદકના કાળપ્રમાણ રહે છે. ત્યાં આ જીવ કૃતકત્યવેદક સમ્યગ્દષ્ટિ થાય છે. (માટે) જેણે કરવાયોગ્ય કાર્ય કર્યું છે, તે કારણે કૃતકૃત્યવેદક નામ પામે છે. અહીં સુધી દર્શનમોહની ક્ષપણા પ્રારંભ કરી છે, અહીં સુધી મરણ નથી થતું અને કૃતકૃત્યવેદકના કાળમાં જ પોતાની આયુના અંતને વશ થઈ મરણ[1]ને પ્રાપ્ત થાય છે, તો સમ્યક્ત્વ પ્રાપ્ત કરતા પહેલાં જો આયુબંધ થઈ ગયો હોય, તો તે કારણે મરણ કરીને ચારે ગતિઓમાં ઉત્પન્ન થઈ શકે છે.

કૃત-કૃત્યવેદકકાળના ચાર ભાગ એક-એક અંતર્મુહૂર્તમાત્ર કહ્યાં છે. ત્યાં પ્રથમ ભાગમાં

૧. ગો.જી.કા. ગા. ૫૨૨નો ભાવાર્થ જુઓ.

મરણકરવાવાળો જીવ દેવગતિમાં ઉત્પન્ન થાય છે, બીજા ભાગમાં મરણ કરવાવાળો જીવ દેવ-મનુષ્ય બે ગતિમાં (થી કોઈપણ એક ગતિમાં) ઉત્પન્ન થાય છે. ત્રીજા ભાગમાં મરણ કરવાવાળો જીવ દેવ, મનુષ્ય, તિર્યંચ આ ત્રણ ગતિઓમાં(થી કોઈપણ એકમાં) ઉત્પન્ન થાય છે અને ચોથા ભાગમાં મરણ કરવાવાળો જીવ ચારે ગતિઓમાં (થી કોઈ એકમાં) ઉત્પન્ન થઈ શકે છે, જે ગતિપૂર્વમાં બાંધી લીધી હોય, તેના અનુસાર પરિણામ થાય છે, તેના જ યોગ્યકાળમાં મરણ થાય છે. અને અધઃકરણના પ્રથમ સમયમાં દર્શનમોહની ક્ષપણાને આરંભ કરવાવાળા જીવને પીત-પદ્મ-શુક્લ લેશ્યા હોય તો સમય-સમય અનંતગણી વિશુદ્ધતાના ક્રમથી અનિવૃત્તિકરણના અંત સમયમાં તે લેશ્યાનો ઉત્કૃષ્ટ અંશ સંપૂર્ણ થાય, તેના પહેલાં દેવાયુ બાંધ્યું હોય, તેના ચારેય ભાગમાં મરે તો લેશ્યા[1] બદલાતી નથી. બધા (સર્વ) ભાગમાં મરે તો કલ્પવાસી થાય છે અને જેને અન્ય ત્રણ આયુ બંધાયું હોય અને તે બીજા, ત્રીજા, ચોથા ભાગમાં મરે, તો શુભ લેશ્યાની ક્રમથી હાનિ થઈને મરણ થાય છે. તે સમયે કાપોત લેશ્યાનો જઘન્ય અંશ હોય છે તેથી અહીં જેને પહેલાં મનુષ્ય, તિર્યંચ આયુનો બંધ થયો હોય તો ભોગભૂમિના મનુષ્ય-તિર્યંચ થાય છે અને જેણે પહેલાં નરકાયુ બાંધ્યું હોય તો તે ચોથા ભાગમાં મરણ કરીને પ્રથમ નરકમાં ઉત્પન્ન થાય છે. આગળના નરકોમાં ઉત્પન્ન થતો નથી. તે જે ગતિમાં ઉત્પન્ન થાય છે, તે ગતિમાં નિષ્ઠાપન કરીને ક્ષાયિક સમ્યક્ત્વને પ્રાપ્ત કરે છે અને મરણ ન થયું તો ત્યાં જ અંતર્મુહૂર્ત કાળ પ્રમાણ કૃતકૃત્ય વેદકદશાને ભોગવીને નિષ્ઠાપન કરીને ક્ષાયિક સમ્યક્ત્વને પામે છે, આ પ્રમાણે અનંતાનુબંધી (ચાર) ચતુષ્ક, દર્શનમોહનીયની (ત્રણ) ત્રિક—આ સાતે પ્રકૃતિઓના ક્ષયથી ક્ષાયિક સમ્યક્ત્વ થાય છે.

**કેવું છે તે ક્ષાયિક સમ્યક્ત્વ?** નિષ્કંપ છે, નિશ્ચલ છે અને નિર્મળ છે. શંકાદિમળ રહિત છે, અક્ષય છે, શિથિલતા રહિત હોવાથી ગાઢ છે, અનંત અર્થાત્ અંત રહિત છે. (દર્શનમોહનો ક્ષય થવાથી ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવ તે ભવમાં કે ત્રીજા ભવમાં કે ચોથા ભવમાં નિયમથી સિદ્ધપદને પ્રાપ્ત કરે છે.) આવો આ ક્ષાયિક લબ્ધિરૂપ ક્ષાયિક સમ્યક્ત્વ ભાવ છે. આ ભાવ વર્તમાનમાં સુખનું કારણ છે અને આગામી મોક્ષસુખનું કારણ છે.

ગુણસ્થાન તો અસંયત સમ્યગ્દષ્ટિથી લઈને અયોગકેવળીપર્યંત અગિયાર ગુણસ્થાનો સુધી પ્રાપ્ત હોય છે. માર્ગણાઓમાં **ગતિ**—૩, **જાતિ**—પંચેન્દ્રિય, **કાય**—ત્રસ, **યોગ**—૧૫, અયોગ **વેદ**—૩, અપગત, **કષાય**—૨૧, અકષાય, **જ્ઞાન**—સુજ્ઞાન-૫, **સંયમ**—૭, **દર્શન**—૪, **લેશ્યા**—૬, અલેશ્યા, **ભવ્ય**—૧, **સમ્યક્ત્વ**—સ્વકીય/ક્ષાયિક-૧, **સંજ્ઞી**—૧, અનુસંજ્ઞી, **આહાર**—આહારક, અનાહારક, આમાં હોય છે.

(આ પ્રમાણે શ્રી ભાવદીપિકાના ક્ષાયિક ભાવાધિકારમાં ક્ષાયિકસમ્યક્ત્વ અંતરાધિકાર પૂર્ણ થયો.)

૧. ગો.જી.કા. ગા. ૫૨૨નો ભાવાર્થ જુઓ.

૭

# (૨) ક્ષાયિક ચારિત્રભાવ અંતરાધિકાર

મંગલાચરણ

(દોહા)

**મોહ અરી કો ક્ષય કરન, ધ્યાવેં સિદ્ધ સુધીર।**
**માર લિયો ક્ષણ એક મેં, નમૂઁ મહંત બરવીર॥**

હવે ક્ષાયિક ચારિત્ર ભાવાધિકાર લખીએ છીએ :—

ચારિત્ર મોહનીયની એકવીસ પ્રકૃતિયોનો ક્ષય થતાં જે ભાવ ઉત્પન્ન થાય છે, તેને ક્ષાયિક ચારિત્રભાવ કહેવામાં આવે છે. ચારિત્રમોહની ક્ષપણામાં સોળ કરણ થાય છે. (૧) અધઃકરણ, (૨) અપૂર્વકરણ, (૩) અનિવૃત્તિકરણ, (૪) બંધાપસરણ કરણ (૫) સત્વાપસરણ કરણ (૬) ક્રમ કરણ (૭) આઠ કષાય—સોળ પ્રકૃતિયોનું ક્ષપણાકરણ (૮) દેશઘાતિકરણ (૯) અંતરકરણ (૧૦) સંક્રમણકરણ (૧૧) અપૂર્વસ્પર્ધકકરણ(૧૨) બાદરકૃષ્ટિ કરણ, (૧૩) સૂક્ષ્મકૃષ્ટિકરણ, (૧૪) કૃષ્ટિ અનુભવન કરણ (૧૫) જ્ઞાનાવરણાદિ ક્ષપણાકરણ (૧૬) યોગનિરોધ કરણ.

મોહની સાત પ્રકૃતિયોનો નાશ કરીને ક્ષાયિક સમ્યક્દૃષ્ટિ ચારિત્રમોહની એકવીસ પ્રકૃતિયોના સત્ત્વ સહિત હોય છે. તે એકવીસ પ્રકૃતિયો આ પ્રમાણે છે :—અપ્રત્યાખ્યાન ચતુષ્ક-૪, પ્રત્યાખ્યાન ચતુષ્ક-૪, સંજ્વલન ચતુષ્ક-૪, હાસ્યાદિ-૬, વેદ-૩. તે જીવ સંસારમાં ઓછામાં ઓછું રહે છે તો અંતર્મુહૂર્ત રહે છે, તેનાથી વધુ નથી રહેતો અને વધુમાં વધુ રહે તો આઠ વર્ષ અંતર્મુહૂર્ત કમ (ઓછું) બે કરોડ પૂર્વ અધિક તેત્રીસ સાગર કાળપ્રમાણ સુધી રહે છે, તેનાથી વધુ નથી રહેતો. તે જીવ કોઈપણ સમયે ચારિત્રમોહની ક્ષપણાને યોગ્ય જે વિશુદ્ધ પરિણામ સહિત હોય છે.

## તે ક્ષપક કેવી રીતે થાય છે?

મુનિપદને અંગીકાર કરીને અપ્રમત્ત ગુણસ્થાનને પ્રાપ્ત થાય છે અને અપ્રમત્ત થી પ્રમત્તમાં હજારોવાર ગમનાગમન કરે છે. આ મહામુનિ જ થયા ચક્રવર્તી, જેઓ યથાખ્યાત ચારિત્રરૂપ એક છત્રરાજ કરવાને માટે ક્ષપકશ્રેણીરૂપ દિગ્વિજય કરવાને તૈયાર (સન્મુખ) થયા થકાં, પ્રથમ સાતિશય અપ્રમત્ત ગુણસ્થાનમાં અધઃકરણરૂપ પ્રસ્થાન કરે છે. તથા કેવું છે **ક્ષપણાકરણ** ? જેના પરિણામ અતિવિશુદ્ધ છે, મનના ચાર યોગોમાંથી કોઈ એક યોગ, વચનના ચાર યોગોમાંથી કોઈ એક વચનયોગ અને ઔદારિકકાય યોગ થાય છે અને વળી કેવું છે? સંજ્વલન ચાર કષાયોમાંથી કોઈ એક હીયમાન (ઘટતો જતો) કષાય હોય છે. વળી કેવું છે? ઘણાં મુનિઓને પ્રસિદ્ધ ઉપદેશ કરવાવાળો શ્રુતજ્ઞાન ઉપયોગ હોય છે. શુક્લ લેશ્યા હોય છે તથા ત્રણ (ભાવ) વેદોમાંથી કોઈપણ એક વેદ હોય છે,. જેને દ્રવ્યથી પુરુષવેદ હોય, દીક્ષા તેને આપવામાં આવે છે. વળી કેવું છે? દર્શનમોહનીયની ૩ પ્રકૃતિ, અનંતાનુબંધી ચતુષ્ક, ભુજ્યમાન મનુષ્યાયુ વિના ત્રણ આયુ, આવી દસ પ્રકૃતિયોના સત્ત્વ રહિત થાય છે, અહીં કર્મોનું સ્થિતિસત્ત્વ અંતઃકોડાકોડી સાગર પ્રમાણ રહે છે અને પ્રશસ્ત પ્રકૃતિઓનો અનુભાગ ગોળ, ખાંડ, સાકર અને અમૃતરૂપ ચતુઃસ્થાનીય તથા અપ્રશસ્ત પ્રકૃતિયોમાં ઘાતિયાનું, દારુ, લતા અને અઘાતિયાનું નીમ, કાંજીરરૂપ દ્વિસ્થાન સત્ત્વ હોય છે. પ્રદેશ અજઘન્ય કે અનુત્કૃષ્ટ હોય છે. વિ. ભાવોરૂપ સામગ્રી સહ જીવ ચારિત્રમોહની ક્ષપણાનો આરંભ કરે છે, તે પ્રથમ અધઃપ્રવૃત્તકરણ કરે છે.

ત્યાં પ્રશસ્ત પ્રકૃતિયોની સમયે-સમયે અનંતગણા ક્રમ વડે વિશુદ્ધતાની વૃદ્ધિ કરીને વર્ધમાન થાય છે અને સમય-સમયમાં અનંતગણા ક્રમથી ચતુઃસ્થાનીય અનુભાગ બંધ કરે છે. અપ્રશસ્ત પ્રકૃતિયોનો સમય-સમયમાં અનંતમાં ભાગે દ્વિસ્થાનક અનુભાગ બંધ કરે છે. અને પૂર્વ સ્થિતિબંધમાં પલ્યના સંખ્યાતમાં ભાગ પ્રમાણ માત્ર સ્થિતિબંધ ઘટાડીને એક અંતર્મુહૂર્ત કાળ સુધી સમયે સમયે સમાન બંધ થાય છે. આ એક સ્થિતિ બંધાપસરણ થયો. આવા સંખ્યાત હજાર સ્થિતિ બંધાપસરણ અધઃપ્રવૃત્તિકરણમાં થાય છે.

આગળ અપૂર્વકરણનું વર્ણન કરે છે—અહીં પૃથક્ત્વ વિતર્કવિચાર નામના શુક્લધ્યાનનો પ્રથમ પાદ (ભેદ) પ્રગટ થાય છે અને અહીં ગુણશ્રેણી, ગુણસંક્રમણ મહા, સ્થિતિખંડન, અપ્રશસ્ત પ્રકૃતિયોનું અનુભાગ ખંડન—આ ચાર આવશ્યક થાય છે તથા અધઃપ્રવૃત્તકરણના અંતસમયમાં જે સ્થિતિબંધ થતો હતો, માટે પલ્યનો સંખ્યાતમો ભાગ ઘટતાં બીજા સ્થિતિ બંધાપસરણનો પ્રારંભ થાય છે.

તથા ગુણશ્રેણી આયામનું પ્રમાણ અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ, સૂક્ષ્મસાંપરાય, ક્ષીણ કષાય—આ ચાર ગુણસ્થાનોનાં કાળના સરવાળાથી અધિક છે. તે ઉદયાવલીથી બાહ્ય

ગલિતાવશેષરૂપ જે આ ગુણશ્રેણી આયામ તેમાં ગુણશ્રેણીનું અપકર્ષણ કરી દ્રવ્યના અસંખ્યાતગણા કર્મને લઈને સમયે-સમયે નિક્ષેપણ કરે છે.

અને ગુણસંક્રમણ કરે છે, જે પ્રકૃતિયોનો અહીં બંધ નથી થતો, એવી જે અપ્રશસ્ત પ્રકૃતિયો, તેમના દ્રવ્યનો સમય-સમય અસંખ્યાતગણા ક્રમથી જેમનો અહીં બંધ થાય છે. એવી જે પ્રશસ્ત પ્રકૃતિયોમાં સંક્રમણ કરે છે. તદ્રૂપ પરિણમે છે. જેમકે અસાતાવેદનીયનું દ્રવ્ય શાતાવેદનીયરૂપે પરિણમાવે છે, એ જ રીતે અન્ય પ્રકૃતિઓનું જાણવું, સ્થિતિકાંડક ઘાત કરે છે. તેનો આયામ પલ્યના સંખ્યાતમાં ભાગ માત્ર છે, તોપણ જઘન્યથી ઉત્કૃષ્ટ સંખ્યાતગણો છે.

તથા અનુભાગકાંડક ઘાત કહે છે. એક સ્થિતિકાંડક ઘાતના કાળમાં સંખ્યાત હજાર અનુભાગ કાંડક ઘાત થાય છે. તે એક-એક અનુભાગકાંડકમાં અનુભાગ સત્ત્વ અનંતમાં ભાગે, અપ્રશસ્ત પ્રકૃતિયોના ખંડ કરી નાંખે છે. પ્રશસ્ત પ્રકૃતિયોનું અનુભાગ ખંડન નિયમથી નથી થતું, કારણ કે વિશુદ્ધ પરિણામોથી શુભ પ્રકૃતિયોના અનુભાગનો ઘટાડો સંભવ નથી.

હવે **અનિવૃત્તિકરણ**ને કહે છે. અહીં અપૂર્વકરણના અંતસમયથી ઘટતા થકા બીજા જ સ્થિતિકાંડક, અનુભાગકાંડક ઘાત થાય છે, તથા અહીં પ્રકૃતિયોના ઉપશમ, નિધત્તિ, નિકાચિત આ ત્રણ કરણોનો અભાવ થઈ ગયો. હવે બધા જ કર્મ ઉદીરણા, સંક્રમણ, ઉત્કર્ષણ, અપકર્ષણ કરવા યોગ્ય થયાં.

હવે **ક્રમકરણ**ને કહે છે—અનિવૃત્તિકરણમાં સંખ્યાત હજાર સ્થિતિ બંધાપસરણ થયાં ત્યાં અનિવૃત્તિકરણના કાળનો સંખ્યાત બહુ ભાગ તો વ્યતીત થઈ ગયો અને સંખ્યાતમો એક ભાગ અવશેષ રહ્યો, ત્યાં કર્મોનો સ્થિતિબંધ અસંજ્ઞી પંચેન્દ્રિયની સમાન હજાર સાગર હોય છે. તથા સંખ્યાત હજાર સ્થિત બંધાપસરણ થતાં-થતાં ચૌઇન્દ્રિયના પ્રમાણ સો સાગર, ત્રિન્દ્રિયના પ્રમાણ પચાસ સાગર, દ્વિન્દ્રિયના પ્રમાણ પચીસ સાગર, એકેન્દ્રિયના એક સાગર હોય છે. ત્યાં સુધી તો કર્મોનો સ્થિતિબંધ પૂર્વોક્ત પ્રમાણ થયો. દર્શનમોહથી ચારિત્રમોહના ચારનો સાતમો ભાગ માત્ર, જ્ઞાનાવરણાદિ ચાર પ્રકૃતિયોનો ત્રણનો સાતમો ભાગ માત્ર, નામ ગોત્રના બેનો સાતમો ભાગ માત્ર અનુક્રમ હતો, તે થયો, કારણ કે કર્મોનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સિત્તેર કોડાકોડી સાગર દર્શનમોહ બાંધે છે, ત્યાં નિયમથી ચારિત્રમોહનો ચાલીસ કોડાકોડી, જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, અંતરાય આ ચાર કર્મોનો ત્રીસ કોડાકોડી, નામ-ગોત્રના વીસ કોડા-કોડી સાગર બાંધે છે. તેના અનુસાર જ્યાં દર્શનમોહનો જેટલો સ્થિતિબંધ હોય, તેમાં સાતનો ભાગાકાર કરતાં જે પ્રમાણ આવે, તેને સાતથી ગુણતાં જે પ્રમાણ આવે, તેટલો દર્શનમોહનો અને ચારથી ગુણતાં જે પ્રમાણ આવે, તે ચારિત્રમોહનો, અને ત્રણથી ગુણતાં જે

પ્રમાણ આવે, તે તીસીયોનો[૧]—જ્ઞાનાવરણ, વેદનીય અને અંતરાયનો અને બેથી ગુણતાં જે પ્રમાણ આવે તે વીસીયો[૨]નો નામ અને ગોત્રકર્મનો સ્થિતિબંધ થાય છે; અહીં સુધી તો આવો જ અનુક્રમ રહ્યો.

ત્યારબાદ સંખ્યાત હજારો સ્થિતિ બંધાપસરણ વધુ થયા. ત્યાં નામ-ગોત્ર બંનેનો પલ્ય માત્ર સ્થિતિબંધ થયો, ત્યાં જ્ઞાનાવરણ, વેદનીય, અંતરાય ત્રણેનો દોઢગણો, ચારિત્રમોહનો બમણો, આવા અનુક્રમથી સ્થિતિબંધ થવા લાગ્યો. આ રીતે અનેક પ્રકારથી અનુક્રમ પલટીને સ્થિતિબંધ થાય છે. એવો જ સ્થિતિસત્ત્વનો અનુક્રમ થાય છે અને જ્યાં પલ્યના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિસત્ત્વ થાય, ત્યાં અસંખ્યાત સમયપ્રબદ્ધોની ઉદીરણા થાય છે.

હવે **ક્ષપણાધિકાર**ને કહે છે—અનિવૃત્તિકરણના ક્ષપણાભાગોમાંથી પ્રથમભાગમાં સ્ત્યાનગૃદ્ધિ, નિદ્રા-નિદ્રા, પ્રચલા-પ્રચલા આ ત્રણ તો દર્શનાવરણની, નરકગતિ, નરકગત્યાનુપૂર્વી, તિર્યંચગતિ, તિર્યંચગત્યાનુપૂર્વી, એકેન્દ્રિય, દ્વીન્દ્રિય, ત્રિન્દ્રિય, ચૌઇન્દ્રિય આ ચાર જાતિ અને આતપ, ઉદ્યોત, સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ આ તેર નામકર્મની આવી સોળ પ્રકૃતિયોના સત્ત્વનો અભાવ થયો.

તથા બીજા ભાગમાં અપ્રત્યાખ્યાન-પ્રત્યાખ્યાન ચારિત્રમોહની આઠ પ્રકૃતિના સત્વનો અભાવ થયો.

હવે **દેશઘાતિકરણ**ને કહે છે. મનઃપર્યયજ્ઞાનાવરણથી લઈને બાર પ્રકૃતિયોનો પૂર્વમાં દ્વિસ્થાનગત સર્વઘાતિરૂપ અનુભાગ બંધ થતો હતો, હવે દ્વિસ્થાનગત દેશઘાતિ બંધ થવા લાગ્યો.

હવે **અંતરકરણ**ને કહે છે—દેશઘાતિ કરણથી ભિન્ન સંખ્યાત હજાર સ્થિતિકાંડક થયા, ચાર સંજ્વલન અને નવ નોકષાય આ તેર પ્રકૃતિયોનું અંતર કરે છે, અન્યનું અંતર નથી કરતો. નીચે ઉપરના નિષેકોને છોડીને, અંતર્મુહૂર્તની વચ્ચેના નિષકોનો અભાવ કરવો, તેને અંતરકરણ જાણવું. તે એક સ્થિતિકાંડકોત્કરણ માત્ર કાળમાં અંતરને પૂર્ણ કરે છે. સંજ્વલન ચતુષ્કમાંથી કોઈ એક કષાય અને ત્રણ વેદમાંથી કોઈ એક વેદ સહિત શ્રેણી માંડે છે, આ તો ઉદય પ્રકૃતિયો છે, તેમની તો અંતર્મુહૂર્ત પ્રમાણ પ્રથમ સ્થિતિ હોય છે. અવશેષ જેનો ઉદય નથી થતો એવી અગિયાર પ્રકૃતિયો, તેમની આવલીમાત્ર પ્રથમ સ્થિતિ સ્થાપે છે, તે વર્તમાન સમય સંબંધી નિષેકથી લઈને પ્રથમ સ્થિતિપ્રમાણ નિષેકોને નીચે છોડીને તેમની ઉપરના નિષેકોનું અંતર કરે છે. તે અંતરરૂપ નિષેકોના દ્રવ્યને અંતરકરણ કાળના પ્રથમ સમયથી

૧. ત્રીસ કોડા-કોડી—જ્ઞાનાવરણ, વેદનીય અને અંતરાયનો

૨. વીસ કોડા-કોડી—નામ અને ગોત્રનો

લઈને અંતસમય સુધી સમય-સમયમાં અસંખ્યાતગણા ક્રમથી કરે છે. તેમાંથી કેટલીય પ્રકૃતિયોના દ્રવ્યને પ્રથમ સ્થિતિમાં દઈ દે છે અને કેટલીય પ્રકૃતિયોના દ્રવ્યને અંતકરણના અંતસમયના અનન્તરવર્તી સમયથી લઈને ઉપરિતન સ્થિતિમાં દઈ દે છે અને કેટલીય પ્રકૃતિયોના દ્રવ્યને પ્રથમ સ્થિતિ વા ઉપરિતન સ્થિતિ બંનેમાં દે છે. અંતર્મુહૂર્તકાળમાં અંતર્મુહૂર્ત પ્રમાણ અન્તરાયામ મોહનીયના દ્રવ્યરહિત કરે છે.

હવે **સંક્રમણકરણ**ને કહે છે—અહીં સાત કરણનો પ્રારંભ યુગપત્ (એકીસાથે) થાય છે. મોહનીયનો બંધ અને ઉદય તો કેવળ લતાભાગરૂપ થાય છે. બે કરણ તો આ થયા અને મોહનીયનો સ્થિતિબંધ પલ્યના અસંખ્યાતમાં ભાગ પ્રમાણ થતો હતો તે ઘટીને સંખ્યાત વર્ષમાત્ર થવા લાગ્યો, તથા મોહનીયની પ્રકૃતિઓનું પૂર્વમાં જ્યાં-ત્યાં સજાતીય પ્રકૃતિયોમાં સંક્રમણ થતું હતું, તે આનુપૂર્વી સંક્રમણ થવા લાગ્યું અને પૂર્વમાં લોભનું અન્ય પ્રકૃતિયોમાં સંક્રમણ થતું હતું, હવે નથી થતું તથા નપુંસકવેદને આવ્રત સંક્રમણ કરી તેને અન્ય પ્રકૃતિરૂપ પરિણમાવીને નાશ કરવા માટે ઉદ્યમી થયા અને પૂર્વમાં કર્મબંધ પછી આવલી કાળ વ્યતીત થતાં જ ઉદીરણા થતી હતી તે હવે છ આવલી વ્યતીત થયા પછી ઉદીરણા થાય છે. સ્ત્રીવેદ, નપુંસકવેદનું દ્રવ્ય તો પુરુષવેદમાં સંક્રમણ થઈ જાય છે. પુરુષવેદ અને છ હાસ્યાદિ—આ સાત નોકષાયોનું દ્રવ્ય સંજ્વલન ક્રોધમાં સંક્રમણ થાય છે અને ક્રોધનું માનમાં, માનનું માયામાં, માયાનું લોભમાં સંક્રમણ થાય છે. આ રીતે પ્રકૃતિયોનું દ્રવ્ય અન્ય-અન્ય પ્રકૃતિયોમાં સંક્રમણ થઈને સ્વયં નાશને પ્રાપ્ત થાય છે. આ જ આનુપૂર્વી સંક્રમણ જાણવું અને જ્યાં બત્રીસ વર્ષ માત્ર સ્થિતિબંધ થવા લાગે, ત્યાં સ્થિતિબંધાપસરણ અંતર્મુહૂર્ત માત્ર છે.

હવે **પૂર્વ સ્પર્ધક વિધાન(સ્વરૂપ)** કહે છે–કર્મરૂપ પરિણમ્યા જે પુદ્‌ગલ પરમાણુ, તે એક-એક પરમાણુમાં પોત-પોતાની રસદેવાની શક્તિના અવિભાગ પ્રતિચ્છેદ અનંતાનંત છે, પરંતુ અધિકહીન પ્રમાણને લઈ રાખ્યું છે, સર્વ (બધા જ) પરમાણુઓમાં અવિભાગ પ્રતિચ્છેદ સમાન નથી, આનાથી અનેક ઘણા પ્રકારે ગણનારૂપ શક્તિના અવિભાગ પ્રતિચ્છેદને ધરવાવાળા પરમાણુઓને **વર્ગ** કહે છે. ત્યાં સમાન અવિભાગ પ્રતિચ્છેદના ધારક વર્ગોના સમૂહનું નામ **વર્ગણા** કહેવાય છે. કારણ કે એક-એક વર્ગણામાં અનંતાનંત વર્ગ છે. વર્ગણાઓના સમૂહનું નામ **સ્પર્ધક** છે એટલે કે એક-એક સ્પર્ધકમાં અનંત વર્ગણાઓ છે જે વર્ગમાં ઓછામાં ઓછી શક્તિનો અવિભાગ પ્રતિચ્છેદ હોય છે, તેને જઘન્યવર્ગ કહે છે. જઘન્ય વર્ગના સમૂહનું નામ જઘન્ય વર્ગણા છે. જઘન્યવર્ગથી એક-એક અવિભાગ પ્રતિચ્છેદ જે વર્ગોમાં વધે છે, તેમના સમૂહનું નામ બીજી વર્ગણા છે, તેનાથી પણ એક-એક અવિભાગ-પ્રતિચ્છેદ જે વર્ગોમાં વધે છે, તેના સમૂહનું નામ ત્રીજી વર્ગણા છે. આવી અનંત વર્ગણાઓ હોય છે અને જ્યાં જઘન્ય વર્ગણામાં જેટલા અવિભાગ પ્રતિચ્છેદવાળા વર્ગ છે, તેનાથી

બમણાં અવિભાગ પ્રતિચ્છેદ જે વર્ગોમાં હોય છે, તેમના સમૂહવાળી બીજા સ્પર્ધકની જઘન્ય વિ. વર્ગણા છે.

આનાથી આગળ બીજા સ્પર્ધકનો આરંભ થયો. અહીં પહેલી-પહેલી પ્રથમ પ્રથમ સ્પર્ધકની વર્ગણા કહીએ છીએ. આ જ રીતે બે ગણાં, ત્રણ ગણાં, ચાર ગણાં, પાંચગણાં વિ. પ્રમાણનાં ધારક જઘન્ય વર્ગોથી જ્યાં જ્યાં વર્ગોના સમૂહરૂપ વર્ગણા હોય, ત્યાંથી અન્ય અન્ય સ્પર્ધક જાણવા. આવા પ્રથમ સ્પર્ધકનું નામ જઘન્ય સ્પર્ધક છે અને અંતના સ્પર્ધકનું નામ ઉત્કૃષ્ટ અનુભાગના ધારક ઉત્કૃષ્ટ સ્પર્ધક કહેવાય છે. મધ્યના અનંત ભેદ છે. આવા એક એક સ્પર્ધકમાં અનંતી વર્ગણાઓ છે અને એક-એક વર્ગણાઓમાં અનંત વર્ગ છે અને એક એક વર્ગમાં અનંતાનંત શક્તિના અવિભાગ પ્રતિચ્છેદ છે. પ્રથમ જઘન્ય વર્ગણાના વર્ગમાં જે અવિભાગ પ્રતિચ્છેદ છે, તેનાથી છેલ્લા સ્પર્ધકની ઉત્કૃષ્ટ વર્ગણાના વર્ગમાં અનંતગણા અવિભાગ પ્રતિચ્છેદ છે અને જે પ્રથમ જઘન્ય વર્ગણામાં અવિભાગ પ્રતિચ્છેદ હોય છે તેનાથી અનંતગણા અવિભાગ પ્રતિચ્છેદ છેલ્લા સ્પર્ધકની છેલ્લી ઉત્કૃષ્ટ વર્ગણામાં હોય છે તથા જઘન્ય સ્પર્ધકમાં જે અવિભાગ પ્રતિચ્છેદ જેટલા પ્રમાણમાં રહેલાં છે, તેનાથી અનંતગુણા અવિભાગ પ્રતિચ્છેદ, છેલ્લા ઉત્કૃષ્ટ સ્પર્ધકમાં હોય છે અને પ્રત્યેક વર્ગણામાં જઘન્યથી લઈને ઉત્કૃષ્ટ સુધી ચય-ચય પ્રમાણ ઘટે છે. આવા સ્પર્ધકરૂપ શક્તિને ધારણ કરેલાં કર્મ સર્વ સંસારીજીવોના સત્ત્વમાં જોવામાં આવે છે. આ પ્રમાણે અપૂર્વ સ્પર્ધકનું સ્વરૂપ કહ્યું.

અહીં **અપૂર્વ સ્પર્ધકકરણ** કહીએ છીએ—ચારે સંજ્વલન કષાયોના યુગપત અપૂર્વ સ્પર્ધક દેશ-ઘાતિ જઘન્ય સ્પર્ધકથી નીચે અનંતગણાં ઘટતાં અનુભાગરૂપ કરે છે. પૂર્વ સ્પર્ધકોમાં જઘન્ય સ્પર્ધકના જેવી જઘન્ય વર્ગણા હતી, તેના નીચે ઘટતા અનુભાગવાળી કોઈ વર્ગણા નહોતી. તે જ હવે અહીં જઘન્ય સ્પર્ધકની જઘન્ય વર્ગણાથી પણ અપૂર્વસ્પર્ધકોની ઉત્કૃષ્ટ વર્ગણામાં અનુભાગના અવિભાગ પ્રતિચ્છેદ અનંતમા ભાગમાત્ર છે. આવા અપૂર્વ સ્પર્ધકોનું અનંત પ્રમાણ[1] છે. અર્થાત્ તેના અનુભાગ અનંતગણા હીન થાય છે. જઘન્ય અપૂર્વ સ્પર્ધકથી ઉત્કૃષ્ટ અપૂર્વ સ્પર્ધકમાં અનુભાગ (અવિભાગ)ના પ્રતિચ્છેદ અનંતગણા જાણવા. આ પ્રમાણે અપૂર્વસ્પર્ધકકરણ કહ્યું.

હવે **બાદરકૃષ્ટિકરણ** કહીએ છીએ—અહીં અપૂર્વ સ્પર્ધકોને ભોગવતો જીવ બાદરકૃષ્ટિ કરે છે. જ્યાં કર્મોનો અનુભાગ (ક્રમથી) હીન કરે છે, તે કૃષ્ટિ કહેવાય છે. પૂર્વ-અપૂર્વ સ્પર્ધકોરૂપ સત્તામાં રહેલ જે દ્રવ્ય, તેનો અપકર્ષણ ભાજકનો ભાગ દેતાં, દ્રવ્યનું અપકર્ષણ કરીને, તેને પલ્યના અસંખ્યાતમાં ભાગનો ભાગ આપીને બહુભાગમાત્ર દ્રવ્યની તો બાદરકૃષ્ટિ કરે છે અને એક ભાગમાત્ર દ્રવ્ય પૂર્વ-અપૂર્વ સ્પર્ધકરૂપે પરિણમાવે છે. તે એક સ્પર્ધકમાં જે

૧. ગો.જી.કા. ગાથા—૫૯ જુઓ.

વર્ગણાઓનું પ્રમાણ રહેલું છે તેના (ઘટતાં ઘટતાં) અનંતમા ભાગમાત્ર કૃષ્ટિ કરે છે, તે પ્રત્યેક દષ્ટિમાં ચય-ચય પ્રમાણ દ્રવ્ય ઘટે છે અને અનુભાગની પ્રત્યેક કૃષ્ટિમાં અનંતગણું વધે છે. જઘન્ય અપૂર્વ સ્પર્ધકમાં જે અનુભાગ છે, તેના અનંતમાં ભાગ કૃષ્ટિ (કૃશ કરીને હીન કરવા) અનુભાગ ઉત્કૃષ્ટ બાદરકૃષ્ટિમાં છે તેના અનંતમાં ભાગે અનુભાગ જઘન્ય બાદર કૃષ્ટિમાં છે. આ કારણે કૃષ્ટિઓનું પ્રમાણ અનંત જાણવું.

અહીં ચારે કષાયોમાં એક-એક કષાયની ત્રણ-ત્રણ તો સંગ્રહ કૃષ્ટિઓ છે અને એક-એક સંગ્રહકૃષ્ટિમાં અંતરકૃષ્ટિ અનંતાનંત છે. ત્યાં નીચે ને નીચે લોભની કૃષ્ટિ છે. તેની ઉપર માયાની અને તેની ઉપર માનની અને તેના ઉપર ક્રોધની કૃષ્ટિ હોય છે, આવી કૃષ્ટિ રચના હોય છે અને નવ નોકષાયોના દ્રવ્યની કૃષ્ટિ થાય છે, તે ક્રોધની કૃષ્ટિઓમાં મળેલી હોય છે. માટે નોકષાયનું બધું દ્રવ્ય સંજ્વલન ક્રોધરૂપ સંક્રમિત થયું છે. તથા જે જીવ ક્રોધના ઉદય સહિત શ્રેણી ચડે તો તે બાર સંગ્રહ કૃષ્ટિ કરે છે અને જે માનના ઉદય સહિત શ્રેણી ચડે તો તે ક્રોધની ત્રણ સંગ્રહકૃષ્ટિ નથી કરતો; કારણ કે ક્રોધનો તો પહેલેથી જ સંક્રમણ કરીને ક્ષય કરે છે અને તે જ રીતે જો માયાના ઉદય સહિત શ્રેણી ચડે, તેને ક્રોધ-માનનું પહેલેથી જ સંક્રમણ થઈને ક્ષય થઈ જાય છે, માટે બે કષાયોની સંગ્રહકૃષ્ટિ કરે છે અને જો લોભના ઉદય સહિત શ્રેણી ચડે, તેના ક્રોધ-માન-માયાનો પહેલેથી જ સંક્રમણ થઈને ક્ષય થઈ જાય છે. માટે એક લોભની જ ત્રણ સંગ્રહકૃષ્ટિયાં થાય છે. ત્યાં જે ત્રણ સંગ્રહકૃષ્ટિયા થાય છે. તેમાં પણ કૃષ્ટિ પ્રમાણનો વિભાગ યથાસંભવ જાણવો. તે જ રીતે ક્રોધની પ્રથમ કૃષ્ટિથી લઈને લોભની અંતિમકૃષ્ટિ પર્યંત અનુભાગ અનંતગણો ઘટતો જાણવો અને લોભની અંતિમકૃષ્ટિથી લઈને ક્રોધની પ્રથમ કૃષ્ટિપર્યંત અનુભાગ અનંતગણો વધતો જાય છે.

હવે **બાદરકૃષ્ટિ અનુભવ અને સૂક્ષ્મકૃષ્ટિ કરણ** કહીએ છીએ—અહીં બાદરકૃષ્ટિને ભોગવે છે. બીજી સ્થિતિના નિષકોમાં રહેલ કૃષ્ટિઓને પ્રથમ સ્થિતિના નિષકોમાં લાવીને ભોગવે છે. પ્રથમ સમયમાં ચાર સંજ્વલનરૂપ મોહસ્થિતિ બંધ ચાર માસ છે, અને સ્થિતિ સત્ત્વ આઠ વર્ષ માત્ર છે અને ત્રણ ઘાતિયાના સંખ્યાત હજાર વર્ષ માત્ર અને ત્રણ અઘાતિયોના અસંખ્યાત હજાર વર્ષ માત્ર અહીં સ્થિતસત્ત્વ જાણવા. તેના પછી બાદરકૃષ્ટિને ભોગવતો જીવ પૂર્વોક્ત અનેક વિધાન કરીને કર્મોના ચારે પ્રકારના સત્ત્વને ઘટાડીને, જે ક્રોધ કષાય અને પુરુષવેદ સહિત શ્રેણી માંડે, તે પ્રથમ નપુંસકવેદના દ્રવ્યને પુરુષવેદાદિના દ્રવ્યમાં સંક્રમણ કરીને ક્ષયને પ્રાપ્ત કરે છે. તે જ પ્રકારે પછીથી સ્ત્રીવેદને, પછીથી હાસ્યાદિ છને, પછીથી પુરુષવેદને, પછીથી સંજ્વલન ક્રોધને, પછીથી સંજ્વલન માનને, પછીથી સંજ્વલન માયાને ક્ષય કરે છે અને જો સ્ત્રીવેદ સહિત શ્રેણી માંડે, તે પણ પહેલાં નપુંસકને, પછીથી સ્ત્રીવેદ અને બાદમાં પુરુષવેદનો ક્ષય કરે છે અને જો નપુંસકવેદ સહિત શ્રેણી માંડે, તે તો પહેલાં સ્ત્રીવેદને,

બાદમાં નપુંસકવેદને ત્યારબાદ પુરુષવેદનો ક્ષય કરે છે. આવા બીજા પણ અનેક વિશેષ છે, તેમને અન્ય ગ્રંથો દ્વારા જાણવા.

તથા લોભની બીજી બાદરકૃષ્ટિ ભોગવતો જીવ લોભની સૂક્ષ્મકૃષ્ટિ કરે છે, તે પણ અનંત પ્રમાણ તેનો અનુભાગ અનંતગણો હીન થાય છે.[1] લોભની બાદરકૃષ્ટિનો જે જઘન્ય અનુભાગ છે, તેના અનંતમા ભાગે અનુભાગ ઉત્કૃષ્ટ સૂક્ષ્મકૃષ્ટિમાં થાય છે. તેના પણ અનંતમા ભાગે અનુભાગ જઘન્ય સૂક્ષ્મકૃષ્ટિમાં થાય છે. આ પ્રમાણે અનિવૃત્તિકરણના અંતપર્યન્ત સૂક્ષ્મકૃષ્ટિ કરે છે અને અનિવૃત્તિકરણની સમાપ્તિ કરીને સૂક્ષ્મસામ્પરાય ગુણસ્થાનને પ્રાપ્ત થાય છે. ત્યાં સૂક્ષ્મકૃષ્ટિને પ્રાપ્ત થયેલો જે લોભ, તેનો અનુભવ કરે છે તથા અંતર્મુહૂર્ત પ્રમાણ સૂક્ષ્મ સામ્પરાયના સમયે સૂક્ષ્મલોભને ભોગવતો સૂક્ષ્મસામ્પરાય સંયમવર્તી જીવ અંતમાં લોભના સત્ત્વનો સર્વ પ્રકારથી અભાવ કરીને ક્ષીણકષાય ગુણસ્થાનને પ્રાપ્ત કરે છે.

તથા સમસ્ત ચારિત્રમોહના ક્ષય થવાથી પોતાના કાળે ક્ષીણ થઈ ગયાં છે દ્રવ્ય ભાવરૂપ સમસ્ત કષાયો જેના, એવો ક્ષીણકષાયી થાય છે.

જેની સ્થિતિ-અનુભાગબંધ રહિત યોગના નિમિત્તથી પ્રકૃતિ-પ્રદેશબંધ સાતા-વેદનીયનો થાય છે, તે ઈર્યાપથ બંધ છે. પ્રથમ સમયમાં બાંધેલ (પ્રકૃતિની) અનન્તર સમયમાં નિર્જરા થઈ જાય છે. અહીં છ કર્મોની ગુણશ્રેણીનિર્જરા થાય છે, તે સૂક્ષ્મ સામ્પરાય ગુણસ્થાનમાં અસંખ્યાતગુણા દ્રવ્યનું અપકર્ષણ કરીને ગુણશ્રેણી આયામમાં અસંખ્યાતગણા ક્રમથી દ્રવ્યને આપે છે અને જેટલા દ્રવ્યનું પ્રથમ સમયમાં અપકર્ષણ કરે છે, તેટલા જ દ્રવ્યને દ્વિતીયાદિ સમયોમાં સમાન અપકર્ષણ કરે છે, માટે અહીં પરિણામ સમાન હોય છે, માટે અહીં ગુણશ્રેણી બીજી જ જોવામાં આવે છે. તેનો ગુણશ્રેણી આયામ પ્રથમ ગુણશ્રેણી આયમનાં સંખ્યાતમાં ભાગે ક્ષીણકષાય ગુણસ્થાનના કાળથી સંખ્યાતમો ભાગ અધિક છે અને સ્થિતિ સત્ત્વ ઘાતિયાની ત્રણ પ્રકૃતિનું અંતર્મુહૂર્તમાત્ર છે. તે ક્ષીણકષાયના કાળથી સંખ્યાતગણું છે અને આયુ વિના ત્રણ અઘાતિયાનું સ્થિતિસત્ત્વ અસંખ્યાત વર્ષમાત્ર છે. આવો જીવ યથાખ્યાત ચારિત્રને પ્રાપ્ત થઈને, સિદ્ધોની સમાન આત્મિક સુખનો ભોક્તા થાય છે.

તથા ક્ષીણકષાય ગુણસ્થાન કાળના સંખ્યાત ભાગ કરવા, ત્યાં બહુભાગપર્યંત તો પૃથક્ત્વ વિતર્કવિચાર નામનું પ્રથમ શુક્લધ્યાન વર્તે છે અને સંખ્યાતનાં એક ભાગમાં એકત્વવિતર્ક અવિચાર નામનું બીજું શુક્લધ્યાન પ્રવર્તે છે.

અહીં ત્રણ ઘાતિયાના અંત કાંડકને પ્રાપ્ત થાય છે. અહીં ક્ષીણકષાયનો કાળ જેટલો

૧. ગો. જી.કા.ગાથા-૫૯ જુઓ.

અવશેષ રહ્યો; તેના વિના ઘાતિયાની અવશેષ રહેલ સમસ્ત સ્થિતિને અંતિમ કાંડક દ્વારા ઘાત કરે છે. તેના દ્રવ્યને લાંછિત કરે છે. તેને ક્ષીણ કષાયકાળ પ્રમાણ અવશેષ રહેલા નિષેકને, તેના કાળ દ્વારા સમય-સમય અસંખ્યાતગણા ક્રમ વડે નિક્ષેપણ કરે છે. ત્યાં અંતની ફાલિનું પતન કરીને અંતિમ કાંડકની સમાપ્તિ થતાં જ કૃતકૃત્ય છદ્મસ્થ કહેવાય છે.

અવશેષ આવલીમાત્ર નિષેક કરે છે, તેમને એક-એક સમયમાં એક-એકને ભોગવતો ક્ષીણ કષાયના બે સમય અવશેષ રહે છે, ત્યાં નિદ્રા-પ્રચલા બે કર્મના સત્વ અને ઉદયનો વ્યુચ્છેદ થયો. અહીં શુક્લધ્યાનના કારણમાં પણ અવ્યક્ત નિદ્રા અને પ્રચલાનો ઉદય સંભવ હતો, તેનો પણ નાશ થઈ ગયો.

તથા અંત/ચરમ સમયમાં પાંચ જ્ઞાનાવરણની, ચાર દર્શનાવરણની, પાંચ અંતરાયની–આ ચૌદ પ્રકૃતિઓના સત્ત્વ અને ઉદયનો અભાવ થઈ જાય છે અને ક્ષીણ કષાયના પ્રથમ સમયથી લઈને શરીરમાં રહેવાવાળા અનંતા નિગોદિયા જીવ મરવાના શરૂ થઈ જાય છે. બીજા વિ. સમયોમાં અધિક અધિક મરે છે વા ક્ષીણ કષાયના પાછલા ભાગોમાં અસંખ્યાતગણા ક્રમથી જીવ મરતાં જાય છે. અંતિમ સમયે સર્વ નિગોદ જીવોનો અભાવ હોવાથી કેવળીનું શરીર નિગોદ રહિત થઈ જાય છે. અહીં શુક્લધ્યાનના બળથી તેમના ઉત્પન્ન થવાનો નિરોધ જ છે અને પહેલાં ઉત્પન્ન થતાં હતાં, તેઓ સ્વયં જ પોતાની આયુનો અંત થતાં જ મરે છે. જ્યાં સુધી નિગોદજીવની જઘન્ય આયુ માત્ર કાળ ક્ષીણકષાયનો અવશેષ રહે છે, ત્યાં સુધી નિગોદજીવોની જઘન્ય આયુમાત્ર કાળ ક્ષીણકષાયનો અવશેષ રહે છે. ત્યાં સુધી નિગોદ જીવ ત્યાં ઉત્પન્ન પણ થાય છે અને પહેલાં ઉત્પન્ન થયેલા જીવ મરે પણ છે, તે પછી ફરી ઉત્પન્ન નથી થતાં, આયુક્ષયથી કેવળ મરે જ છે. આ રીતે ક્ષીણકષાયના અંતિમ સમયમાં ઘાતિયા કર્મોનો ક્ષય કરીને ત્યારબાદ સયોગકેવળી જિન જ સર્વજ્ઞ-સર્વદર્શી થઈ જાય છે.

ચાર ઘાતિયાં કર્મોનો ક્ષય થવાથી અનંત ચતુષ્ટયની ઉત્પત્તિ થઈ જાય છે–અનંતજ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ અને અનંતવીર્ય–આવા વિશેષગુણોને પ્રાપ્ત કરે છે. જ્ઞાનાવરણ અને દર્શનાવરણ આ બંનેનો નાશ કરીને કેવળજ્ઞાન અને કેવળદર્શન થાય છે.

### કેવું છે આ કેવળજ્ઞાન?

ઇન્દ્રિય, મન અને પ્રકાશાદિની સહાયતા રહિત છે. (તે કેવળીજ્ઞાનથી કેવળી-સર્વજ્ઞ) સૂક્ષ્મ, અંતરિત, દૂર આદિ સર્વ પદાર્થોને પ્રત્યક્ષ યુગપત્ જાણે છે અને કેવળદર્શનથી તે જ રીતે દેખે છે. જેમ ચંદ્રબિમ્બમાં શીત સ્પર્શ અને શ્વેત વર્ણપણું યુગપત્ છે, તે જ રીતે જિનેન્દ્રદેવને કેવળજ્ઞાન, કેવળદર્શન યુગપત હોય છે તથા વીર્યાન્તરાયના કર્મનો ક્ષય કરીને

અનંતવીર્ય થાય છે. સમસ્ત જ્ઞેયપદાર્થોને સદાકાળ જાણવાથી પણ ખેદ નથી થતો અને કોઈના દ્વારા ઘાતી નથી શકાતું—એવા સામર્થ્યના (અનંતવીર્ય)ના ધારક છે.

તથા નવ નોકષાય અને દાનાદિ અંતરાય ચતુષ્કના ક્ષયથી અનંતસુખ ઉપજે છે. કેવું સુખ ઉપજે છે? બીજે એવું નથી હોતું એટલે અનુપમ છે અને કોઈથી બાધિત નથી, તેથી અવ્યાબાધ છે. તથા આત્માકર ઉત્પન્ન છે, તેથી આત્મસમુત્થ છે અને ઇન્દ્રિય, વિષય તથા પ્રકાશાદિની અપેક્ષા રહિત છે માટે નિરપેક્ષ છે. આવી જ્ઞાન-વૈરાગ્યની ઉત્કૃષ્ટતાને પ્રાપ્ત થયા જે કેવળી જિન અનાકુળતા દયાળુ[1] જેનું લક્ષણ છે એવા અનંતસુખને પ્રાપ્ત કરેલ છે. અહીં નવ ક્ષાયિકભાવ સંપૂર્ણપણે પ્રગટ થાય છે.

પહેલાં તો ચોથા, પાંચમા, છઠ્ઠા કે સાતમા ગુણસ્થાનમાં ત્રણ દર્શનમોહ અને અનંતાનુબંધી ચતુષ્ક—આ સાત પ્રકૃતિયોનો ક્ષય કરીને ક્ષાયિક સમ્યક્ત્વ ભાવ પ્રગટ થયો હતો, તે અહીં પરમાવગાઢતાને પ્રાપ્ત થઈ ગયો અને ત્રિકાળવર્તી સર્વત્ર વ્યાપ્ત દ્રવ્ય, ગુણ, પર્યાયને યુગપત્ દેખવા—જાણવાવાળું—કેવળજ્ઞાન અને કેવળદર્શન એવા બે ભાવ પ્રગટ થયાં.

તથા ચારિત્રમોહની એકવીસ પ્રકૃતિઓના સંપૂર્ણ ક્ષયથી સંપૂર્ણપણે પોતાના સ્વભાવમાં (સ્થિત) સ્થિરીભૂત—એવું ક્ષાયિક ચારિત્ર પ્રગટ થઈ ગયું.

તથા પાંચ ક્ષાયિક લબ્ધિભાવ પ્રગટ થયાં. દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય. જેમણે પરદ્રવ્ય અને પરભાવને ત્યાગી દીધો છે અને અનંતસંસારના નાશનો ઉપદેશ કરે છે જેનાથી, તેને ક્ષાયિક દાનલબ્ધિ કહે છે, જે અનંત સુખનો લાભ થયો તેને ક્ષાયિક લાભ લબ્ધિ કહે છે, જેનાથી સ્વાભાવિક આત્મજન્ય સુખને પ્રતિસમય અનુભવે છે, આસ્વાદે છે, આ ક્ષાયિક ભોગલબ્ધિ કહેવાય છે. તથા તે જ સુખને નિરંતર વારંવાર આસ્વાદન કરે છે તેના ધારક છે. આ ક્ષાયિક ઉપભોગ લબ્ધિ કહેવાય છે અને અંતરહિત શક્તિના ધારક છે, તે જ ક્ષાયિક વીર્યલબ્ધિ કહેવાય છે. આવા નવ ક્ષાયિક ભાવ પ્રગટ થયા છે.

અહીં કોઈ આશંકા કરે કે કેવળીને અસાતાવેદનીયના ઉદયથી ક્ષુધાદિ પરિષહ હોય છે માટે એમને આહારાદિ ક્રિયા સંભવ છે?

તેનો ઉત્તર : નોકષાય અને અંતરાય ચતુષ્ક તેમના ઉદયના બળથી દુઃખરૂપ અસાતાવેદનીય આદિ અશુભ પ્રકૃતિયોના ઉદયથી ઉત્પન્ન એવા, ઇન્દ્રિયો દ્વારા થયેલ ખેદ-આકુળતા તેનું નામ દુઃખ છે, તે કેવળીને સંભવે નહીં અને નોકષાયનો ઉદય અને અંતરાય ચતુષ્ક ક્ષયોપશમના બળથી સાતાવેદનીય વિ. શુભ પ્રકૃતિયોના ઉદયથી ઉત્પન્ન જે ઇન્દ્રિયોકૃત સંતોષ—કાંઈક નિરાકુળતા, તેનું નામ છે ઇન્દ્રિયજનિત સુખ, તે પણ કેવળીને

૧. સંસારી દુઃખી જીવોના દુઃખ દૂર કરવાનો માર્ગ બતાવવાવાળા હોવાથી દયાળું છે.

સંભવ નથી; કેમકે રાગ-દ્વેષ નષ્ટ થઈ ગયા છે અને ઈન્દ્રિયજનિત જ્ઞાન પણ નષ્ટ થઈ ગયું છે, માટે સાતા-અસાતા વેદનીયના ઉદયથી ઉત્પન્ન જે ઈન્દ્રયજનીત સુખ-દુઃખ, તે કેવળીને નથી. આ હેતુથી એમ સિદ્ધ થયું કે જે કારણના સદ્‌ભાવથી કેવળીને અસાતાવેદનીયના ઉદયથી ઉત્પન્ન જે પરિષહ કહ્યાં છે, તે ઉપચાર માત્રથી કહેવામાં આવ્યા છે, તેનાથી તેમને દુઃખ નથી થતું; કારણ કે ઘાતિયા કર્મોના ઉદયના બળથી સુખ-દુઃખ થાય છે. જેમકે—ઉપઘાત-પરઘાત નામના નામકર્મના ઉદયથી પણ ઘાતિકર્મના ઉદય બળવિના પોતાનો કે અન્યનો ઘાત નથી થતો. જો આમ ન હોય તો પરિષહના નિમિત્તથી કેવળીને પણ દુઃખ થશે. ત્યારે કામ તો લોભપૂર્તિ ને માટે કરે અને મૂળનો જ નાશ થાય, તેવું જ આ કાર્ય થયું. પણ તે તે અસંભવ છે. આથી "કેવળીને આહાર હોય છે" આ વચન/કહેવું અસંભવ છે.

કેવળીને માત્ર એક સમયની સ્થિતિવાળો સાતાવેદનીયનો બંધ થાય છે. તે ઉદયરૂપ જ છે આથી તેમને અસાતાનો ઉદય પણ સાતારૂપ થઈને પરિણમે છે, માટે અહીં પરમ વિશુદ્ધતાથી સાતાના અનુભાગની ખૂબ અધિકતા થઈ જાય છે. આથી અસાતાજનિત ક્ષુધાદિ પરિષહની વેદના નથી અને જ્યારે વેદના જ નથી તો તેના પ્રતિકારરૂપે (મટાડવાને માટે) આહાર કેવી રીતે સંભવે છે? તથા કેવળીને આહારક કહે છે, તે તો ઔદારિક શરીર સંબંધી જે સમય પ્રબદ્ધને બાંધે છે, ગ્રહણ કરે છે તે તો નોકર્મ વર્ગણાનું જ ગ્રહણ છે, તેનું નામ આહારવર્ગણા છે, તેનો સદ્‌ભાવ કેવળીને છે, કારણ કે ઓજ, લેપ, માનસિક કવળાહાર, કર્મ, નોકર્મના ભેદથી આહાર છ પ્રકારનો છે, તેમાંથી કેવળીને કર્મ-નોકર્મ આ બે પ્રકારનો આહાર જ સંભવે છે.

હવે **કેવળીને સમુદ્‌ઘાત** ક્યારે થાય છે તે કહીએ છીએ—ઈર્યાપથબંધનું કારણ એવો યોગ, તેનાથી સહિત તીર્થંકર કેવળી છે, તેઓ સમોસરણમાં મંડપની મધ્ય ત્રણ પીઠિકાની ઉપર જે સિંહાસન છે, તેમાં (અંતરિક્ષમાં) બિરાજે છે, આઠ પ્રાતિહાર્ય, ચોત્રીસ અતિશય સહિત છે. ધાતુ, મળ રહિત, પરમ ઔદારિક શરીર સહિત, લોકપૂજ્ય છે. તેમની જે દિવ્યધ્વનિ, તે અઢાર મહાભાષા અને સાતસો લઘુભાષા તે રૂપે પરિણમી દિવ્યધ્વનિ એક યોજન દૂર સુધી રહેવાવાળા તિર્યંચ, મનુષ્ય અને દેવગતિના આસન્નભવ્યજીવોને સંસાર સમુદ્રથી પાર કરાવે છે. જે રીતે વિના ઈચ્છા, ચંદ્રમા સમુદ્રને ઉછાળે છે તે જ રીતે અબુદ્ધિપૂર્વક કેવળી જગતનું હિત કરે છે. તથા ભગવાન જ્યારે વિહાર કરે છે ત્યારે આકાશમાં બસો પચ્ચીસ કમળોની ઉપર/અદ્ધર સ્વયમેવ ગમન કરે છે. આ પ્રકારે ઉત્કૃષ્ટ તો કિંચિત્‌ન્યૂન પૂર્વકોટિ અને જઘન્ય પૃથક્ત્વ વર્ષ પ્રમાણ(૮ વર્ષ ન્યુન અંતર્મુહૂર્ત) તીર્થંકર કેવળીની સ્થિતિ સયોગ ગુણસ્થાનમાં જાણવી. સામાન્ય કેવળીના અતિશય વિ. યથાસંભવ જાણવા. જઘન્યસ્થિતિ અંતર્મુહૂર્ત જાણવી. ત્યાં સયોગીના પ્રથમ સમયથી લઈને ઉદયાદિ

અવસ્થિત ગુણશ્રેણી આયામ થાય છે. જ્યારે અંતર્મુહૂર્ત આયુ અવશેષ રહે, ત્યાં સુધી સમય-સમય સમાન દ્રવ્યનું અપકર્ષણ કરીને ગુણશ્રેણી આયામ, તેમનામાં અસંખ્યાતગણા કર્મ આપે છે, તેઓ ક્ષીણકષાયથી અસંખ્યાતગણા છે.

જ્યારે કેવળીની આયુ અંતર્મુહૂર્ત અવશેષ રહે છે, ત્યારે કેવળી સમુદ્‌ઘાત ક્રિયા કરે છે. ત્યાં દંડ, કપાટ, પ્રતર, લોકપૂરણરૂપ સમુદ્‌ઘાત ક્રિયા કરે છે. દંડ સમુદ્‌ઘાત કરવાના અંતર્મુહૂર્ત કાળ પહેલા આવર્જિત નામકરણ થાય છે. જિનેન્દ્રદેવનું સમુદ્‌ઘાત ક્રિયાની સન્મુખ થવું, તે જ આવર્જિતકરણ કહેવાય છે. આવર્જિતકરણ કરતાં પહેલાં જે સ્વસ્થાન તેમાં અને આવર્જિતકરણમાં પણ સયોગી કેવળીના કાંડકાદિ વિધાનથી સ્થિતિ-અનુભાગનો ઘાત નથી થતો તથા આવર્જિતકરણના પહેલા સ્વસ્થાન કેવળીએ અપકર્ષણ કરેલ ગુણશ્રેણીના દ્રવ્યથી આવર્જિતકરણયુક્ત કેવળીનું અપકર્ષણ કરેલું દ્રવ્ય અસંખ્યાતગણું છે અને ગુણશ્રેણી આયામ સંખ્યાતમાં ભાગ પ્રમાણ છે.

તથા આવર્જિતકરણકાળમાં અંતર્મુહૂર્તકાળ પછી સમુદ્‌ઘાત ક્રિયા થાય છે, તે અઘાતિયા કર્મોની સ્થિતિ સમાન કરવા માટે જીવના પ્રદેશોનું સમુદ્‌ગમન ફેલાવું તેનું નામ સમુદ્‌ઘાત છે. તે દંડ, કપાટ, પ્રતર, લોકપૂરણના ભેદથી ચાર પ્રકારના છે. સમુદ્‌ઘાત કરવાવાળા જીવ બે પ્રકારના છે—પૂર્વસન્મુખ અને ઉત્તર સન્મુખ અને પદ્માસન સહિત વા કાયોત્સર્ગ આસનયુક્ત. તેઓ પ્રથમ સમયમાં દંડ સમુદ્‌ઘાત કરે છે, ત્યાં કાયોત્સર્ગ સ્થિત ઉત્કૃષ્ટ અવગાહનયુક્ત કેવળીનું શરીર એકસો આઠ પ્રમાણાંગુલ પ્રમાણ ઉંચું થાય છે. તેના નવમા ભાગ પ્રમાણ પહોળું થાય છે તે બાર અંગુલની પહોળાઈની સૂક્ષ્મ પરિધિ તેત્રીસ અંગુલ અને એક અંગુલના એકસો તેરમાં ભાગના પંચાણુમાં ભાગમાત્ર હોય છે અને પદ્માસનની સ્થિતિની પહોળાઈનું પ્રમાણ તેનાથી ત્રણગણા છત્રીસ અંગુલ છે. તેની સૂક્ષ્મ પરિધિનું પ્રમાણ એકસો તેર અંગુલ અને એક અંગુલના એકસો તેરમાં ભાગના સત્યાવીસ ભાગ માત્ર હોય છે અને કિંચિત્ ન્યૂન ચૌદ રાજુ ઉંચા પ્રદેશ હોય છે. અહીં નીચે—ઉપરનાં વાતવલયોમાં જીવનાં પ્રદેશ નથી ફેલાતાં, માટે કિંચિત્‌ન્યૂન કહ્યાં છે, આવું દંડ સમુદ્‌ઘાતનું સ્વરૂપ કહ્યું છે.

અને બીજા સમયે કપાટ સમુદ્‌ઘાત કરે છે. ત્યાં પૂર્વદિશા સન્મુખ કાયોત્સર્ગ આસનયુક્ત કેવળીનાં પ્રદેશ કિંચિત્‌ન્યૂન ચૌદ રાજુ ઉંચા અને ચૌદ રાજુ પહોળા, બાર અંગુલ જાડા હોય છે અને પૂર્વદિશા સન્મુખ પદ્માસન સ્થિત કેવળીના પ્રદેશ ઊંચા—પહોળાં, પૂર્વોક્ત જાડાં, છત્રીસ અંગુલ હોય છે અને ઉત્તર સન્મુખ કાયોત્સર્ગ સ્થિત કેવળીના પ્રદેશ કિંચિત્‌ન્યૂન ચૌદ રાજુ ઉંચા, સાત રાજૂ ક્રમથી ઘટીને મધ્યલોકની નજીક એક રાજૂ અને ફરી ક્રમથી વધતાં વધતાં બ્રહ્મસ્વર્ગની નજીક પાંચ રાજુ, ક્રમથી ઘટીને ઉપર એક રાજુ પહોળાં અને બાર અંગુલ

જાડા પ્રદેશ હોય છે. અને ઉત્તર સન્મુખ પદ્માસન સ્થિત કેવળીનાં પ્રદેશ ઉંચા, પહોળાં તેટલાં જ જાડા છત્રીસ અંગુલ હોય છે. આવું કપાટ સમુદ્‌ઘાતનું સ્વરૂપ કહ્યું.

તથા ત્રીજા સમયે પ્રતર સમુદ્‌ઘાત કરે છે. ત્યાં વાતવલય વિના અવશેષ સર્વલોકમાં આત્માના પ્રદેશ ફેલાય છે તથા તેમનું બીજું નામ મથાન પણ છે અને ચોથા સમયમાં ત્રણ લોકમાં લોકપૂરણ થાય છે. વાતવલય સહિત ત્રણ લોકમાં આત્માના પ્રદેશ ફેલાય છે. આમ ચાર સમયમાં દંડ, કપાટ, પ્રતર, લોકપૂરણ થાય છે.[૧]

અહીં સ્થિતિકાંડક થાય છે. તેનો આયામ અંતર્મુહૂર્ત માત્ર છે અને અહીં સમય-સમયમાં અપરિવર્તન થાય છે. સમય-સમયમાં સ્થિતિ, અનુભાગ ઘટે છે. પાંચમા સમયમાં લોકપૂરણ સમેટીને પ્રતરરૂપ આત્મપ્રદેશોને કરે છે અને છઠ્ઠા સમયે પ્રતરને સમેટીને કપાટરૂપ આત્મપ્રદેશોને કરે છે અને સાતમા સમયે કપાટને સમેટીને દંડરૂપ આત્મપ્રદેશોને કરે છે અને આઠમા સમયે દંડને સમેટીને સર્વ પ્રદેશ મૂળ શરીરમાં પ્રવેશ કરે છે.

ત્યાં ફેલાવાની અને સમેટવાની અપેક્ષા દંડના બે સમયોમાં ઔદારિક કાયયોગ છે. કપાટના બે સમયોમાં ઔદારિક મિશ્ર કાયયોગ છે અને પ્રતરના બે સમય અને લોકપૂરણનો એક સમય, આ ત્રણ સમયોમાં કાર્મણ કાયયોગ છે. અહીં નોકર્મનું ગ્રહણ નથી થતું. આનાથી અનાહારક છે એમ જાણવું. આ પ્રકારે સંક્ષેપમાં સમુદ્‌ઘાત ક્રિયાનું વર્ણન કર્યું.

હવે શરીરમાં પ્રવેશ થયા બાદ, અંતર્મુહૂર્ત કાળ ત્યાં વિશ્રામ કરીને ત્યાં સંખ્યાત હજાર સ્થિતિકાંડક કરે છે. પછીથી યોગોનો નિરોધ કરે છે. અહીં નિરોધ નામ નાશનું છે એવો ભાવાર્થ જાણવો. બાદર-કાયયોગરૂપ થઈને બાદર મનોયોગ, બાદર વચનયોગ, ઉચ્છ્‌વાસ, કાયયોગ—આ ચારેયને ક્રમથી નાશ કરે છે, તે કહે છે.

કેવળી ભગવાન બાદર કાયયોગરૂપ પ્રવર્તના થકા, પહેલા બાદર મનોયોગને નષ્ટ કરીને સૂક્ષ્મરૂપ કરે છે. પછીથી બાદર વચનયોગને નષ્ટ કરી સૂક્ષ્મરૂપ કરે છે. પછી બાદર ઉચ્છ્‌વાસને નષ્ટ કરી સૂક્ષ્મરૂપ કરે છે. પછી બાદર કાયયોગને નષ્ટ કરી સૂક્ષ્મરૂપ કરે છે. આ પ્રમાણે જે બાદરરૂપ તેમની શક્તિ પહેલાં હતી, તેને ઘટાડીને સૂક્ષ્મ કરીને, કેવળી સૂક્ષ્મ કાયયોગરૂપ પ્રવર્તતા થકા પહેલા સૂક્ષ્મ મનોયોગને પછી સૂક્ષ્મ વચનયોગને બાદમાં સૂક્ષ્મ ઉચ્છ્‌વાસને, તે પછી સૂક્ષ્મકાયયોગને નષ્ટ કરે છે. ત્યાં એક-એક બાદર વા સૂક્ષ્મ

---

નોંધ (૧) દંડ-કપાટ-પ્રતર-લોકપૂરણ સમુદ્‌ઘાતના પ્રત્યેક સમયમાં એક-એક સ્થિતિ કાંડકઘાત થાય છે, ત્યાં કાંડકનો આયામ સ્થિતિ સત્ત્વના અસંખ્યાત બહુભાગ માત્ર હોય છે. પ્રત્યેક સમયમાં થવાવાળા અપ્રશસ્તકર્મોનો અનુભાગ કાંડકઘાત અનંત બહુભાગ હોય છે. લોકપૂરણ પછી સ્થિતિકાંડક તથા અનુભાગ કાંડકઘાતને માટે એક-એક અંતર્મુહૂર્ત કાળ લાગે છે.

મનોયોગાદિનો નિરોધ કરવાનો કાળ, પ્રત્યેકનો અંતર્મુહૂર્ત માત્ર જાણવો. તથા સૂક્ષ્મકૃષ્ટિરૂપ કાયયોગના વેદક જે સયોગી જિન છે, તેઓ અહીં ત્રીજું શુક્લધ્યાન સૂક્ષ્મ ક્રિયાપ્રતિપાતિ તેને ધ્યાવે છે. અહીં સૂક્ષ્મકૃષ્ટિને પ્રાપ્ત કાયયોગજનિત પરિસ્પંદન ક્રિયા થાય છે અને અપ્રતિપાતિ અર્થાત્ પડતું/છૂટતું નથી, આથી આ ધ્યાનનું નામ સાર્થક છે. આ ધ્યાનનું ફળ યોગ-નિરોધ થવો જ જાણવું. જો કે પ્રત્યક્ષ નિરંતર કેવળજ્ઞાનીને ચિંતાનિરોધ લક્ષણરૂપ ધ્યાન સંભવ નથી; તોપણ યોગોનો નિરોધ થતાં જ આસ્રવ નિરોધ થવારૂપ ધ્યાન ફળને દેખીને ઉપચારથી કેવળીને ધ્યાન કહ્યું છે અથવા છદ્મસ્થોને ચિંતાનું કારણ યોગ છે, માટે કારણમાં કાર્યનો ઉપચાર કરીને યોગનું નામ પણ ચિંતા છે અને યોગનો અહીં નિરોધ થઈ જાય છે; તેથી પણ તેનું નામ ધ્યાન કહેવું સંભવે છે. **છદ્મસ્થોને ચિંતા નિરોધનું નામ ધ્યાન છે, કેવળીને યોગનિરોધનું નામ ધ્યાન છે—એવો નિયમ જાણવો.**

સયોગી ગુણસ્થાનનો અંતર્મુહૂર્તકાળ અવશેષ રહેતાં વેદનીય, નામ, ગોત્રના અંતિમ સ્થિતિકાંડકને ગ્રહણ કરે છે. તેનાથી સયોગીનો અવશેષ રહેલ કાળ તે અયોગીનો સર્વકાળ મેળવીને જે પ્રમાણ થાય છે, તેટલાં નિષેકોને છોડીને અવશેષ સર્વસ્થિતિની ગુણશ્રેણી સહિત જે ઉપરિતન સ્થિતિના નિષેક, તેમને લાંછિત કરે છે/નષ્ટ કરવાનું શરૂ કરે છે. ત્યાં અંતિમ કાંડકના દ્રવ્યને અપકર્ષણ કરીને અસંખ્યાતગણું કરીને અસંખ્યાતગણાક્રમથી ઉદયરૂપ નિષેકથી લગાવીને અંતિમ નિષેક સુધી આપે છે. તે સમયે ફાલીરૂપ કરેલ દ્રવ્યનું નિક્ષેપણ કરે છે, ત્યાં સયોગીના અંતિમ સમયમાં તેમના અંતિમ ફાલિનું પતન થાય છે. આમ સયોગીના અંતિમ સમયમાં અઘાતિયા કર્મોના અંતિમ કાંડકની અંતિમ ફાલિનું પતન અને યોગનો નિરોધ અને સયોગી ગુણસ્થાનની સમાપ્તિ યુગપત્ થાય છે. તેના ઉપર અયોગ ગુણસ્થાનના કાળમાં ગુણશ્રેણી અને સ્થિતિ અનુભાગનો ઘાત નથી થતો. અધઃસ્થિતિગલન કરીને એક-એક નિષેક ક્રમથી ઉદયરૂપ થાય છે. અહીં અયોગી-જિનની આયુની સમાન ત્રણ અઘાતિયાની સ્થિતિ થાય છે, તે અયોગી-જિન ચોથા સમુચ્છિન્નક્રિયાનિવૃત્તિ નામના શુક્લધ્યાનને ધ્યાવે છે. સમુચ્છિન્ન અર્થાત્ મન, વચન, કાયાની ક્રિયાનો ઉચ્છેદ થઈ ગયો છે અને નિવૃત્તિ જે પ્રતિપાત તેનાથી રહિત આ ધ્યાન છે, માટે તેનું નામ સાર્થક છે. અહીં પણ ધ્યાનનો ઉપચાર પૂર્વોક્ત પ્રકારથી જાણવો. અહીં પણ સમસ્ત આસ્રવ રહિત કેવળીના અવશેષ કર્મનિર્જરાના કારણ જે સ્વાત્મામાં પ્રવૃત્તિ, તેનું નામ ધ્યાન છે. સમસ્ત શીલગુણનું સ્વામીપણું થઈ જવાથી શૈલેશ્ય અવસ્થાને પ્રાપ્ત થઈ ગયાં છે. જો કે સયોગીજિનને સમસ્ત શીલગુણનું સ્વામીપણું સંભવ છે, પરંતુ યોગોનો આસ્રવ થયા કરે છે, એથી સકલ સંવર ન હોવાથી તેમને શૈલેશ્ય અવસ્થાનો અભાવ છે. અયોગીને યોગાસ્રવ પણ નથી હોતો માટે સકલ સંવરણ હોવાથી તેમને શૈલેશ્ય અવસ્થા હોય છે, આ પ્રમાણે જેમણે સમસ્ત આસ્રવનો નિરોધ કર્યો છે—એવા અયોગી જિન છે.

**કેવા છે અયોગી-જિન?**

કર્મબંધરૂપી રજથી રહિત છે. પાંચહ્રસ્વ અક્ષર ઉચ્ચારણ કરવામાં જેટલો કાળ લાગે છે, તેટલો કાળ અયોગી-જિનનો છે. ત્યાં એક-એક સમયમાં એક-એક નિષેક ગલનરૂપ જે અધઃસ્થિતિગલન, તેનાથી ક્ષીણ થઈ તે કાળના દ્વિચરમ સમયમાં બોંતેર પ્રકૃતિઓ અને અંતસમયમાં તેર પ્રકૃતિયોને શુક્લ ધ્યાનરૂપી અગ્નિથી ભસ્મ કરે છે. વેદનીય, દેવગતિ, દેવગત્યાનુપૂર્વી, ૫-શરીર, ૫-બંધન, ૫-સંઘાત, ૬-સંસ્થાન, ૩-અંગોપાંગ, ૬-સંહનન, ૨૦-વર્ણાદિ, અગુરુલઘુ, ઉપઘાત, પરઘાત, ઉચ્છવાસ, ૨-વિહાયોગતિ, અપર્યાપ્ત, પ્રત્યેક, સ્થિર, અસ્થિર, શુભ, અશુભ, સુસ્વર, દુઃસ્વર, દુર્ભગ, અનાદેય, અયશસ્કીર્તિ, નિર્માણ, નીચગોત્ર, આવી (૭૨) બોંતેર પ્રકૃતિનો દ્વિચરમસમયમાં ક્ષય થઈ ગઈ. વેદનીય, મનુષ્યગતિ, મનુષ્યગત્યાનુપૂર્વી, મનુષ્યાયુ, પંચેન્દ્રિય જાતિ, ત્રસ, બાદર, પર્યાપ્ત, સુભગ, આદેય, યશસ્કીર્તિ, તીર્થંકર, ઉચ્ચગોત્ર આ તેર પ્રકૃતિઓ અંત સમયમાં ક્ષય થઈ. આ પ્રકારે ક્ષય કરીને તેના બીજા સમયમાં **સિદ્ધ** થાય છે.

જેમ કાલિમા રહિત શુદ્ધ સુવર્ણ(નિષ્પન્ન)/ ઉત્પન્ન થાય છે, તેમ સર્વકર્મમળ રહિત કૃત-કૃત્ય દશારૂપ નિષ્પન્ન આત્મા થાય છે. તે જીવ ઉર્ધ્વગમન સ્વભાવથી ત્રણલોકના શિખર ઉપર જેનું નામ ઈષત્પ્રાગ્ભાર છે—એવી આઠમી પૃથ્વી, તેની ઉપર એક સમય માત્ર કાળમાં જઈને તનુવાતવલયના અંતમાં બિરાજમાન થાય છે.

**તે પૃથ્વી કેવી છે?**

સમસ્ત લોકના શિરોમણિરૂપ આભૂષણ છે. તથા મનુષ્ય પૃથ્વીની જેમ પિસ્તાલીસ (૪૫) લાખ યોજન પહોળી ગોળાકાર અને આઠ યોજન ઊંચી છે, સ્થિર છે, તથા છત્રના આકારે શ્વેતવર્ણની છે અને વચમાં જાડી, આદિ અંતમાં પાતળી અને મનોહર છે. ઈષત્પ્રાગ્ભાર નામની આઠમી પૃથ્વી ઘનોદધિ વાતવલય પર્યન્ત છે. આ પૃથ્વીની વચમાં રહેલ સિદ્ધશિલા, તેનું સ્વરૂપ આવું છે. ધર્માસ્તિકાયના અભાવથી ત્યાંથી ઉપર ગમન નથી થતું. ત્યાં જ ચમરશરીરથી કિંચિત્ ન્યૂન પ્રમાણ આકાર સ્વરૂપ જીવદ્રવ્ય અનંત જ્ઞાનાનંદમય બિરાજે છે.

**કેવા છે સિદ્ધ ભગવાન?**

ત્રિભુવન વડે પૂજિત અને બુદ્ધ અર્થાત્ સર્વના જ્ઞાતા અને નિરંજન અર્થાત્ કર્મમળ રહિત, નિત્ય અર્થાત્ વિનાશરહિત એવા જે સિદ્ધ ભગવાન, તેઓ મને ઉત્કૃષ્ટ જ્ઞાન, દર્શન, ચારિત્રની શુદ્ધતા અને સમાધિ અર્થાત્ અનુભવદશા વા સંન્યાસ મરણ પ્રદાન કરો. અહીં મોક્ષ અવસ્થા, સર્વકર્મના સર્વથા નાશથી પરિપૂર્ણ આત્મસ્વરૂપની પ્રાપ્તિરૂપ જાણવી.

આ પ્રકારે નવ ક્ષાયિક ભાવનું સંક્ષેપ કથન કર્યું. વિશેષ કથન ક્ષપણાસાર ગ્રંથથી જાણવું. આ ક્ષાયિકભાવ વર્તમાનમાં પણ પરમસુખના કારણ છે અને આગામી મોક્ષનું કારણ છે. ક્ષાયિક ચારિત્રભાવ, ગુણસ્થાન-અપૂર્વકરણથી લઈને અયોગી કેવળી ગુણસ્થાન પર્યન્ત છ ગુણસ્થાનોમાં હોય છે.

માર્ગણાઓમાં—**ગતિ**—મનુષ્યગતિ, **જાતિ**—પંચેન્દ્રિય, **કાય**—ત્રસ, **યોગ**—મનના ૪, વચનના-૪, ઔદારિક, મિશ્ર, કાર્મણ-૩ —એમ ૧૧, અયોગ, **વેદ**—અનિવૃત્તિકરણ ગુણસ્થાન સુધી ત્રણ, ઉપર અપગત વેદી, **કષાય**—આઠમા ગુણસ્થાનમાં ૧૩, અનિવૃત્તિકરણ (ના પાંચમા ભાગ)માં અને સૂક્ષ્મ સામ્પરાય ગુણસ્થાનમાં સૂક્ષ્મ લોભ, ઉપરના ૧૨, ૧૩, ૧૪ ગુણસ્થાનમાં કષાયનો અભાવ, **જ્ઞાન**—સુજ્ઞાન-૫, **સંયમ**—સામાયિક, છેદોપસ્થાપના, સૂક્ષ્મ સામ્પરાય, યથાખ્યાત-૪, **દર્શન**—૪, **લેશ્યા**—શુક્લ, અલેશ્યા, **ભવ્ય**—૧, **સમ્યક્ત્વ**—ક્ષાયિક, **સંજ્ઞી**—૧, અનુસંજ્ઞી, **આહાર**—આહારક-અનાહારક-૨ આમાં હોય છે.

આ પ્રમાણે ભાવદીપિકા ગ્રંથના સાતમા અધિકારના (૫૨) બાવન ભાવો સહિત ક્ષાયિક ભાવાધિકારમાં બીજો ક્ષાયિક ચારિત્ર ભાવાન્તરાધિકાર પૂર્ણ થયો.

# ૮
# ચૂલિકા અધિકાર

મંગલાચરણ

(દોહા)

**અનાદિકાલ સે જો ભયે, સિદ્ધશિલા સિદ્ધ થોક।**
**સહજાનન્દ જગ મુકુટમણિ, અંતરહિત નિત ઢોક॥**

**હવે ચૂલિકા અધિકાર લખીએ છીએ–**

આ પ્રમાણે અનેક વિશેષણ સહિત જીવનાં જે ત્રેપન ભાવ કહ્યાં, તે ત્રણ પ્રકારના (સ્વભાવ, વિભાવ અને શુદ્ધભાવ) છે. ત્રણ પ્રકારના પારિણામિક છે, તે તો જીવના સ્વાભાવિક ભાવ છે, માટે તે કર્મની સાપેક્ષતા રહિત સ્વભાવથી જ ઉત્પન્ન છે અને એકવીસ ઔદયિકભાવ, અઢાર ક્ષાયોપશમિક ભાવ અને બે ઔપશમિક ભાવ–આ એકતાલીસ વિભાવભાવ છે, માટે તે કર્મોની સાપેક્ષતા સહિત છે. તેઓ શુભાશુભના ભેદથી બે પ્રકારનાં છે.

ઔદયિકભાવોમાં મનુષ્યગતિભાવ, દેવગતિભાવ અને પીત, પદ્મ, શુક્લ ત્રણ લેશ્યા– આ પાંચ ભાવ અને ક્ષાયોપશમિકભાવોમાં ત્રણ કુજ્ઞાન વિના પંદરભાવ અને ઔપશમિક ભાવના બંને–આમ બાવીસ તો શુભભાવ છે. અવશેષ સોળ ઔદયિકભાવ અને ક્ષાયોપશમિકના ત્રણ કુજ્ઞાન આમ ઓગણીસ અશુભભાવ છે.

તથા નવ ક્ષાયિકભાવ, તે શુદ્ધભાવ છે.

આ પ્રમાણે સ્વભાવ, વિભાવ અને શુદ્ધભાવ–આ ત્રણ પ્રકારનાં સ્વરૂપવાળાં જીવના ત્રેપન(૫૩) ભાવ છે. માટે સારી રીતે જાણીને, શ્રદ્ધાન કરવું, ત્યાગ-ગ્રહણ કરવાં અથાત્ અશુભભાવોને છોડવા, શુભભાવોને ગ્રહણ કરવા, કારણકે આ ભાવોનું જ નિમિત્ત મળતાં કર્મ દશ પ્રકારની અવસ્થાને પામે છે, તેને જ કહીએ છીએ—

**કર્મની દશ અવસ્થાઓ–**

(૧) બંધ, (૨) સત્ત્વ, (૩) ઉદય, (૪) ઉદીરણા, (૫) ઉત્કર્ષણ, (૬) અપકર્ષણ, (૭) સંક્રમણ, (૮) ઉપશાંત, (૯) નિધત્તિ, (૧૦) નિકાચના—આ દશ કર્મની અવસ્થાઓ છે. તે જીવના ભાવના નિમિત્તે થાય છે.

**(૧) પ્રથમ કર્મની બંધ–અવસ્થા કહે છે–**

નવીન કર્મ પરમાણુઓનો, જીવનાં પ્રદેશો સાથે એકક્ષેત્રાવગાહ સંબંધ થવો, તેને બંધ કહે છે. તે બંધ ચાર પ્રકારનો છે–પ્રદેશ બંધ, પ્રકૃતિ બંધ, સ્થિતિબંધ, અનુભાગ બંધ.

જે સિદ્ધરાશિના અનંતમાં ભાગ અને અભવ્યરાશિથી અનંતગણા પ્રમાણ માત્ર એવા કર્મરૂપ થવાયોગ્ય પુદ્‌ગલ પરમાણુઓનું સમય-સમય ગ્રહણ થાય છે, તેને સમય પ્રબદ્ધ કહે છે. તેનું ગ્રહણ થઈને આત્મપ્રદેશોની સાથે એકક્ષેત્રાવગાહરૂપ સંબંધ થવો, તેને **પ્રદેશબંધ** કહે છે.

જે પુદ્‌ગલ કર્મ પરમાણુ જ્ઞાનાવરણાદિ મૂળ–ઉત્તર પ્રકૃતિરૂપ પરિણમે છે, તેને **પ્રકૃતિબંધ** કહે છે.

જે પોતે-પોતાની જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ સ્થિતિ સહિત રહે છે, તેને **સ્થિતિબંધ** કહે છે.

જે પોતે-પોતાના કાર્યરૂપ રસ દેવાની શક્તિના જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ અવિભાગ અર્થાત્ અંશનું ઉત્પન્ન થવું, તેને **અનુભાગ બંધ** કહે છે. આ પ્રમાણે ચાર પ્રકારથી બંધનું સ્વરૂપ જાણવું.

તેમાં પ્રદેશબંધ અને પ્રકૃતિબંધ યોગોથી થાય છે. નામકર્મના ઉદયથી ઉત્પન્ન થયેલ (દ્રવ્ય) મન, વચન, કાયાની ચેષ્ટાનું નિમિત્ત પામીને આત્માના પ્રદેશોનું ચંચળ/કંપન થવું, તે વડે આત્મામાં કર્મ ગ્રહણ કરવાની શક્તિ થાય છે, તેનું નામ **યોગ** છે. તેનાથી પૌદ્‌ગલિક કર્મવર્ગણાઓનું ગ્રહણ થવું, તેને **પ્રદેશબંધ** કહે છે.

તે મન, વચન, કાયાની ચેષ્ટા શુભાશુભ પ્રવૃત્તિરૂપથી બે પ્રકારની છે, તે આત્માના શુભાશુભ ભાવોથી થાય છે. જ્યારે આત્મા શુભ લેશ્યાદિ બાવીસ શુભભાવોરૂપે પરિણમે છે, ત્યારે મન-વચન-કાયા દ્વારા જે શુભકાર્યરૂપ પ્રવૃત્તિ થાય છે, તેનું નામ શુભયોગ છે.

જ્યારે અશુભ લેશ્યાદિ ઓગણીસ અશુભભાવોરૂપે પરિણમે છે, ત્યારે ત્યાં મન-વચન-કાયાની અશુભ કાર્યરૂપ પ્રવૃત્તિ હોય છે તેનું નામ અશુભયોગ છે.

જ્યારે શુભયોગ હોય તો શુભકર્મ પરમાણુઓનો બંધ થાય છે. ત્યારે શુભરૂપ સાતાવેદનીય વિગેરે કર્મ પ્રકૃતિયોનો જ બંધ થાય છે અને જો અશુભયોગ હોય તો અશુભકર્મ પરમાણુઓનો બંધ થાય છે, ત્યારે અશુભરૂપ અસાતાવેદનીય વિ. કર્મ પ્રકૃતિયોનો બંધ થાય છે. અને સ્થિતિબંધ, અનુભાગ બંધ **કષાયથી** થાય છે. માટે આત્માના શુભાશુભ ભાવોના અનુસાર જ કષાયોની તીવ્ર-મંદ પ્રવૃત્તિ થાય છે.

જ્યારે આત્મા શુભ લેશ્યાદિ શુભભાવોરૂપ પરિણમે છે, ત્યારે કષાય મંદરૂપ થઈને પ્રવર્તે છે; ત્યારે સાતાવેદનીય વિ. પુણ્ય પ્રકૃતિયોનો સ્થિતિબંધ અલ્પ બંધાય છે અને અનુભાગબંધ ઘણો થાય છે અને જ્ઞાનાવરણાદિ ચાર ઘાતિયા કર્મોની અને અસાતાવેદનીય આદિ અઘાતિયા કર્મની પાપ પ્રકૃતિયોનો સ્થિતિ-અનુભાગબંધ અલ્પ થાય છે. મંદ કષાયમાં આયુસ્થિતિ અધિક પડે છે.

તથા જ્યારે આત્મા અશુભ લેશ્યાદિ અશુભભાવોરૂપ પરિણમે છે અને ત્યાં તીવ્ર કષાયરૂપ પ્રવર્તે છે; ત્યારે જ્ઞાનાવરણાદિ ચાર ઘાતિયાની અને અસાતાવેદનીય આદિ અઘાતિયાની પાપ પ્રકૃતિયોનો સ્થિતિ-અનુભાગ બંધ ઘણો થાય છે અને સાતાવેદનીય આદિ પુણ્ય પ્રકૃતિઓનો સ્થિતિ બંધ અધિક હોય છે અને અનુભાગ બંધ અલ્પ થાય છે.

જેવા-જેવા ઉત્કૃષ્ટ, મધ્યમ, જઘન્ય અનુભાગ સહિતના શુભાશુભ ભાવોરૂપ આત્મા પરિણમે છે, તે અનુસાર ઉત્કૃષ્ટ, મધ્યમ, જઘન્ય, સ્થિતિ-અનુભાગ સહિતનાં શુભાશુભ-કર્મબંધ થાય છે.

જ્યારે આત્મા નિઃકષાય ભાવરૂપ થાય છે, ત્યારે સ્થિતિબંધ-અનુભાગબંધનો અભાવ થઈ જાય છે અને જ્યારે આત્મા યોગ રહિત થઈને પ્રવર્તે છે, ત્યારે પ્રદેશબંધ-પ્રકૃતિબંધનો પણ અભાવ થઈ જાય છે. આત્માના જે-જે ભાવોનું નિમિત્ત પામીને જે-જે કર્મનો બંધ થાય છે, ત્યાં (જ્યારે) તે તે ભાવોનો અભાવ હોવાથી તે-તે કર્મના બંધનો પણ અભાવ થઈ જાય છે. માટે કર્મબંધનું કારણ, તો (પોતાના) આત્માના ભાવ જ છે એમ જાણવું.

## (૨) કર્મની સત્ત્વ અવસ્થા કહે છે—

બંધ સમયથી લઈને પોતાની સ્થિતિના અંત સુધી જ્યાં સુધી કર્મત્વશક્તિ ધારી રાખીને પુદ્‌ગલ પરમાણુ રહે છે, ઉદયમાં નથી આવતા, ત્યાં સુધી કર્મની સત્ત્વરૂપ અવસ્થા કહેવાય છે. જે સમયે ચાર પ્રકારના વિશેષને લઈને કર્મબંધ થાય છે, તે સમયથી લઈને પોત-પોતાના યોગ્ય અબાધાકાળને છોડીને નિષેક રચના થાય છે.

જેટલી—જેટલી સ્થિતિ પડે છે, તેમાં તેટલો-તેટલો સમય હોય છે, તે સમયોના પ્રથમ

સમયથી લઈને અંત સમય સુધી ગુણહાનિ રચનાના અનુક્રમ મુજબ ચય-ચય પ્રમાણ હીન દ્રવ્ય અને વર્ગણા, સ્પર્ધક, ગુણહાનિના અનુક્રમ અનુસાર અનુભાગ પ્રતિવર્ગણા વધતો રહે છે, તેનું નામ નિષેક રચના કહેવાય છે. ત્યાં પ્રથમ નિષેકની સ્થિતિ એક સમય અધિક અબાધાકાળ પ્રમાણ છે, બીજા નિષેકની સ્થિતિ બે સમય અધિક આબાધાકાળ પ્રમાણ છે, આ પ્રમાણે પ્રત્યેક નિષેકની એક-એક સમયની સ્થિતિ અધિક છે. અંતના નિષેકની સ્થિતિ પોત-પોતાના આબાધાકાળ અધિક સંપૂર્ણ સ્થિતિપ્રમાણ છે. માટે જ્યાં સુધી જે-જે કર્મની સ્થિતિ પૂર્ણ થઈને ઉદયને પ્રાપ્ત ન થાય, ત્યાં સુધી કર્મના સંચયરૂપ રહેવું, તેને સત્ત્વ કહે છે.

**તે સત્ત્વ પણ ચાર પ્રકારનાં છે—પ્રદેશસત્ત્વ, પ્રકૃતિસત્ત્વ, સ્થિતિસત્ત્વ, અનુભાગસત્ત્વ,** તે સ્થિતિસત્ત્વ વિ. ચારે પ્રકારનાં સત્ત્વનું કારણ પણ જીવના શુભાશુભભાવ જ છે. જીવના ભાવનું નિમિત્ત પામીને ચારેય પ્રકારના સત્ત્વ ઘટે છે. ઉત્કૃષ્ટથી મધ્યમ-જઘન્ય, મધ્યમથી ઉત્કૃષ્ટ, જઘન્યથી ઉત્કૃષ્ટ-મધ્યમ—આ પ્રકારે અનેક અવસ્થાને પ્રાપ્ત થાય છે. શુભભાવ થતાં સાતાવેદનીય વિ. અઘાતિયાની શુભપ્રકૃતિયોના અનુભાગાદિ સત્ત્વમાં વૃદ્ધિ થઈ જાય છે. જ્ઞાનાવરણાદિ ચાર ઘાતિયાની અને અસાતાવેદનીયાદિ અઘાતિયાની અશુભ પ્રકૃતિયોના અનુભાગાદિ ઘટી જાય છે. અશુભભાવ થતાં અશુભ પ્રકૃતિયોના અનુભાગાદિ સત્ત્વ વધી જાય છે અને સાતાવેદનીયાદિ શુભપ્રકૃતિના અનુભાગાદિ સત્ત્વ ઘટી જાય છે.

### (૩) કર્મની ઉદય અવસ્થા કહીએ છીએ—

જ્યાં કર્મ પોતાની સ્થિતિ પૂરી કરી, ફળ આપીને ખરવાની સન્મુખ થાય, તેને ઉદય કહે છે. તે ઉદય પણ ચાર પ્રકારનાં છે—પ્રદેશ ઉદય , પ્રકૃતિ ઉદય, સ્થિતિ ઉદય અને અનુભાગ-ઉદય.

ત્યાં પણ જીવના પરિણામોનું નિમિત્ત પામીને ફળ આપીને વા ફળ દીધા વિના જ કર્મ પરમાણુઓનું ખરી જવું, તેને પ્રદેશ ઉદય કહે છે અને મૂળથી કર્મપ્રકૃતિયોનું ખરી જવું, તેને પ્રકૃતિ ઉદય જાણવો તેમજ સ્થિતિનું ક્ષીણ થઈ જવું, તેને સ્થિતિ ઉદય કહે છે. તથા જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટરૂપ પોત-પોતાનો રસ દઈને ખરી જવું, તેને અનુભાગ ઉદય જાણવો. એક-એક સમયમાં એક-એક નિષેક પોતપોતાનું ફળ આપીને ઉદયને પ્રાપ્ત થાય છે અને ફળ આપીને ખરી જાય છે, તેને સવિપાક નિર્જરા કહે છે. જે જીવ સમ્યક્ત્વ-ચારિત્રાદિ વિશુદ્ધ ભાવોરૂપ પરિણમે, ત્યાં એક-એક સમયમાં અસંખ્યાત અસંખ્યાત નિષેકોનો ઉદય આવીને, ફળ દીધા વિના જ પ્રદેશ ઉદય થઈને ખરી જાય છે, તેને અવિપાક નિર્જરા કહે છે.

અસંખ્યાત-અસંખ્યાત સમય પ્રબદ્ધથી બંધાયેલ દ્રવ્ય એક-એક નિષેકમાં ભેગું થઈને ઉદયમાં આવે છે, તે નિષેકમાં બધા જ શુભ-અશુભ કર્મોનું સત્ત્વ છે, પરંતુ જીવના

ગત્યાદિભાવો અનુસાર મુખ્યતા, ગૌણતા થઈને શુભાશુભ કર્મોનો ઉદય થાય છે. જે જીવ નરકગતિમાં રહે છે, ત્યાં નરકગતિ ભાવનો પ્રારંભ કરી સર્વ નરકગતિ સંબંધી અતિ સંક્લેશ ભાવોરૂપ આત્મા પરિણમે છે. ત્યાં અસાતાવેદનીય આદિ અશુભકર્મોના ઉદયની તો મુખ્યતા છે અને સાતાવેદનીય આદિ શુભકર્મોની અત્યંત ગૌણતા છે. તથા જે જીવ દેવગતિમાં છે, ત્યાં દેવગતિના ભાવ પ્રારંભ કરીને બધા દેવગતિસંબંધી મંદકષાયાદિ ભાવોથી યુક્ત થાય છે; ત્યાં સાતાવેદનીય આદિ શુભકર્મોના ઉદયની મુખ્યતા છે તથા અસાતાવેદનીય આદિ અશુભ કર્મોના ઉદયની અત્યંત ગૌણતા છે અને જે જીવ તિર્યંચગતિમાં છે, ત્યાં તિર્યંચગતિના ભાવથી પ્રારંભ કરીને બધા તિર્યંચ સંબંધી ભાવરૂપ પરિણમે છે, ત્યાં વધુકાળ સુધી તો અસાતાવેદનીય આદિ અશુભકર્મોના ઉદયની મુખ્યતા છે અને થોડા સમય સુધી કોઈ વખતે કિંચિત્ અનુભાગવાળા સાતાવેદનીય આદિ શુભકર્મોના ઉદયની મુખ્યતા થાય છે.

તથા જે જીવ મનુષ્યગતિમાં છે, ત્યાં મનુષ્યગતિરૂપ ભાવથી પ્રારંભ કરી બધા મનુષ્યગતિ સંબંધી ભાવોરૂપે પરિણમે છે, ત્યાં ઉદયને પ્રાપ્ત એવા જે નિષેક તેમાં અશુભકર્મોનો અનુભાગ વધુ હોય તો અસાતાવેદનીયાદિ અશુભ કર્મોના ઉદયની મુખ્યતા રહે છે, અશુભ કર્મોનો ઉદય થાય છે અને શુભકર્મોનો પ્રદેશ ઉદય થાય છે.

અને જો ઉદયરૂપ નિષેકમાં શુભકર્મોનો અનુભાગ અધિક હોય તો સાતાવેદનીય આદિ શુભકર્મોના ઉદયની મુખ્યતા હોય છે; અશુભકર્મોનો ઉદય હોય અને અસાતાવેદનીય અઘાતિયા અશુભ કર્મોનો પ્રદેશ ઉદય થાય તથા જ્ઞાનાવરણાદિ ઘાતિયા કર્મોનો યથાયોગ્ય ઉદય હોય તથા શુભલેશ્યાદિ વિશુદ્ધ ભાવોરૂપ પરિણમેલ જીવને સાતાવેદનીય આદિ શુભકર્મોના ઉદયની મુખ્યતા પણ હોય વા અસાતાવેદનીય આદિ અશુભકર્મોની પણ અત્યંત અનુભાગના જોરથી મુખ્યતા હોય તો કંઈક અનુભાગ ક્ષીણ થઈને ઉદયને પ્રાપ્ત થાય છે અને સાતાવેદનીય આદિ શુભકર્મોનો અનુભાગ અધિક થઈને ઉદયને પ્રાપ્ત થાય છે.

તથા કદાચિત્ અત્યંત વિશુદ્ધભાવરૂપ પરિણમે છે તો તે જીવને અસાતાવેદનીય આદિ અશુભકર્મોનું સાતાવેદનીય આદિ શુભકર્મોરૂપ પરિણમન થઈ જાય છે અથવા પ્રદેશ ઉદય થઈને ખરી જાય છે. તથા કૃષ્ણાદિ અશુભ લેશ્યાદિ અશુભભાવોરૂપ પરિણમતા જીવને અસાતાવેદનીય આદિ અશુભ કર્મોના ઉદયની મુખ્યતા હોય વા સાતાવેદનીય આદિ શુભકર્મોની પણ અત્યંત અનુભાગના જોરની મુખ્યતા હોય તો કોઈ અનુભાગ ક્ષીણ થઈને ઉદયને પ્રાપ્ત થાય છે અને અસાતાવેદનીય આદિ અશુભકર્મોના અનુભાગ અધિક થઈને ઉદયને પ્રાપ્ત થાય છે અને કદાચિત્ અત્યંત સંક્લેશ ભાવરૂપ પરિણમતા જીવને અસાતાવેદનીય આદિના અશુભકર્મોનો ઉદય આવે છે અથવા પ્રદેશ ઉદય આવીને ખરી જાય છે, આવી અનેક પ્રકારે કર્મોની ઉદય અવસ્થા પણ જીવભાવોનું નિમિત્ત પામીને થાય છે.

## (૪) કર્મોની ઉદીરણારૂપ અવસ્થા કહે છે—

ઉપરના નિષેકોનું કર્મસ્વરૂપ પુદ્ગલદ્રવ્ય, ઉદયાવલીમાં આવીને પ્રાપ્ત થાય છે, તેને ઉદીરણા કહે છે. જે કર્મ અધિક સમયની સ્થિતિવાળા થઈને, નિષેકરૂપ સત્તામાં રહેલા હતા,તે જીવના ભાવોનું નિમિત્ત પામીને ઉદયરૂપ નિષેક વડે આવલી પ્રમાણ (સ્થિતિવાળા) નિષેક (રૂપ થયા) તેને ઉદયાવલી કહે છે, તેમાં આવીને પ્રાપ્ત થઈ આવલીકાળ પર્યંત ઉદયરૂપ થાય છે, તેને ઉદીરણા કહે છે.

તે કર્મોની ઉદીરણા યોગ્ય જીવનાં ભાવ બે પ્રકારના છે—એક તો અંતરંગ તીવ્ર-મંદ અનુભાગ સહિતના મોહાદિકર્મોનો ઉદય થાય, તેના અનુસાર તીવ્ર-મંદ કષાયાદિ ભાવ થાય છે, તેનાથી કર્મોની ઉદીરણા થાય છે. અને એક બાહ્ય કર્મોની ઉદીરણાને યોગ્ય પરદ્રવ્યરૂપ સામગ્રીનું મળવું અને તેનું નિમિત્ત પામીને તે અનુસાર ઉદીરણા યોગ્ય જીવના કષાયભાવ થાય તો કર્મોની ઉદીરણા થાય છે. ત્યાં તીવ્ર અનુભાગ સહિતનાં મોહાદિ મોહકર્મોનો ઉદય હોય, ત્યારે આત્માના તીવ્ર કષાયરૂપ સંક્લેશ ભાવ થાય છે. જ્યારે આત્મા કૃષ્ણાદિ અશુભ લેશ્યાદિ અશુભભાવોરૂપ પ્રવર્તે છે, ત્યારે સાતાવેદનીય આદિ શુભકર્મનો ઉદય મટી જાય છે અને અસાતાવેદનીય આદિ અશુભ કર્મની ઉદીરણા થાય છે. જ્યારે જેવા દુઃખના કારણરૂપ પદાર્થોનું અવલંબન કરે છે ત્યારે જીવ સુખીથી દુઃખી થઈ જાય છે, રાગીથી દ્વેષી થઈ જાય છે, દ્વેષીથી રાગી થઈ જાય છે, જ્ઞાનીથી અજ્ઞાની થઈ જાય છે, સંયમીથી અસંયમી થઈ જાય છે, ક્રોધી, માની, માયાવી, લોભીથી અન્ય ક્રોધાદિ કષાયરૂપ થઈ જાય છે. પ્રસન્નતાથી શોકાકુળ થઈ જાય છે, રતિભાવથી અરતિભાવને પ્રાપ્ત થઈ જાય છે, અવેદભાવથી સંવેદભાવને પ્રાપ્ત થાય છે, ક્ષુધા-તૃષાદિ સહિત ભાવથી ક્ષુધા-તૃષાદિ સહિત ભાવને પ્રાપ્ત થાય છે—વિ. ઉદીરણા થવાથી કર્મોના પલટાવાથી જ ભાવોનો પણ પલટો થઈ જાય છે અને ભાવોના બદલવાથી કર્મ પણ બદલી જાય છે, આવો કર્મના ઉદયનો અને જીવના ભાવોનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે.

તથા જ્યાં મંદ અનુભાગ સહિત મોહાદિ કર્મોનો ઉદય હોય, ત્યારે આત્માના મંદ કષાયરૂપ વિશુદ્ધભાવ થાય છે, ત્યારે આત્મા શુક્લાદિ શુભ લેશ્યાદિ શુભભાવોરૂપ પરિણમે છે, ત્યારે અસાતાવેદનીય આદિ અશુભકર્મનો ઉદય નષ્ટ થઈ જાય છે અને સાતાવેદનીય આદિ શુભકર્મોની ઉદીરણા થઈને ઉદય થાય છે. જ્યારે પણ સુખના કારણરૂપ પદાર્થોનું અવલંબન કરે છે, ત્યારે જીવ દુઃખી થી સુખી થાય છે, રાગીથી વિરાગી, અજ્ઞાનીથી જ્ઞાની, અસંયમીથી સંયમી થાય છે, ક્રોધાદિ અન્ય કષાયરૂપ થઈ જાય છે. શોકભાવ મટીને હર્ષભાવરૂપ થઈ જાય છે, અરતિભાવથી રતિભાવ, સવેદથી અવેદભાવ, ક્ષુધા-તૃષાદિ સહિત ભાવથી રહિત ભાવને પ્રાપ્ત થાય છે. ઉદીરણા થતાં જ બધા ભાવ બદલી જાય છે, આ પ્રકારે

તો અંતરંગમાં શુભ-અશુભકર્મનો ઉદય થવા પર શુભ-અશુભભાવ થાય છે, તે અનુસાર શુભ-અશુભ કર્મની ઉદીરણા થાય છે. જે જીવને કર્મની ઉદીરણા થઈને ઉદય થાય છે, તે અનુસાર જીવનો ભાવ થાય છે.

તથા શુભાશુભ કર્મની ઉદીરણાના કારણ એવા બાહ્ય શુભાશુભ પદાર્થનું નિમિત્ત પામીને શુભાશુભ કર્મની ઉદીરણા થઈને ઉદય થાય છે, તેની અનુસાર જીવનો ભાવ થાય છે.

તથા સ્વયં શાસ્ત્ર વાંચ્યા છે, બીજાને વંચાવ્યા છે, તેનો મદ કરવાથી વા અન્ય સમ્યગ્જ્ઞાની પંડિતોથી ઈર્ષ્યા કરવાથી કુપથને ગ્રહણ કરવાથી, કુપથનું ગ્રહણ કરીને સમ્યગ્જ્ઞાનીથી વિવાદ કરીને અન્યને કુપથ ગ્રહણ કરાવવા માટે હઠ કરવી, જૈન આમ્નાયની વિરુદ્ધ ઉપદેશ આપવાથી વા મિથ્યા શાસ્ત્ર, કાવ્ય, શ્લોકાદિ બનાવવાથી વા શાસ્ત્ર સમજાવવાવાળા ઉપાધ્યાયનો અવિનય કરવાથી વા જ્ઞાન-ચારિત્રને ઢાંકવા વા ધાત કરવાથી વા પોતાના વિદ્યાગુરુને છુપાવવાથી વા યથાર્થ દોષ લગાડવાથી વા મૂર્ખોની સંગતિથી વા અધિક વિકથારૂપ પ્રલાપ કરવાથી, અધિક વિકથાસક્ત થવાથી વા આળસુ-પ્રમાદી થવાથી વા અધિક ક્રોધ-લોભાદિ કષાયોના અભિનિવેશથી અને અધિક હસવાથી વા રતિ, અરતિ, શોક, ભય, ગ્લાનિના અધિક અભિનિવેશથી વા બહુ કામાસક્ત થવાથી, બહુ આરંભ કરવાથી વા કામોદ્દીપક આહાર કરવાથી વા અમલયુક્ત વસ્તુ ખાવાથી ઈત્યાદિ બાહ્ય કારણોથી જ્ઞાનાવરણ, દર્શનાવરણ કર્મની ઉદીરણા થઈને ઉદયને પ્રાપ્ત થાય છે. તત્કાળ જ્ઞાનનો નાશ થાય છે વા આ પૂર્વોક્ત બાહ્ય કારણોથી દર્શનાવરણ કર્મની ઉદીરણા થાય છે. વા ઈષ્ટ અર્થાત્ અનુકૂળ ન હોવું અભિપ્રેત છે. તે અભિપ્રેતમાં ઉપયોગને જોડવાથી વા દહીં વિ. નિદ્રાને કારણભૂત વસ્તુઓ ખાવાથી વા નિદ્રાની કારણરૂપ સુખ-શય્યાદિ સામગ્રી મળવાથી વા નિદ્રાની ઈચ્છા કરીને પગ પ્રસારીને સૂઈ જવાથી, પાંચ નિદ્રા આદિ દર્શનાવરણ કર્મની ઉદીરણા થઈને ઉદયને પ્રાપ્ત થાય છે, ત્યારે જાગ્રત અવસ્થાનો અભાવ હોય છે.

તથા દુઃખ-શોકના કારણરૂપ પદાર્થોને દેખવાથી, યાદ કરવાથી, વા દુઃખ-શોકાદિના કારણરૂપ બાહ્ય પદાર્થોનો પોતાની બુદ્ધિપૂર્વક, પોતાથી સંબંધ જોડવાથી અસાતાવેદનીય કર્મની ઉદીરણા થઈને ઉદયને પ્રાપ્ત થાય, ત્યારે જીવ સુખીથી દુઃખી થાય છે.

તથા સુખના કારણ ઈષ્ટ પદાર્થો દેખવાથી, પવનાદિ કરવાથી, વા અસાતાના ઉદયમાં પોતાની બુદ્ધિપૂર્વક પોતાના સુખના કારણરૂપ પદાર્થોથી સંબંધ કરવાથી વા દેવ-ગુરુ-ધર્માદિથી સંબંધ કરવાથી વા સ્મરણ, ધ્યાન, ચિંતવન, જાપ, આદિ કરવાથી સાતાવેદનીય કર્મની ઉદીરણા થઈને ઉદયને પ્રાપ્ત થાય છે, ત્યારે જીવ દુઃખીથી સુખી થાય છે.

તથા કેવળી દેવ-શાસ્ત્ર-ગુરુ-ધર્મ, ચતુર્વિધ સંઘ અને જીવાદિ તત્ત્વ તેમનું સ્વરૂપ

જાણવા છતાં પણ અન્યથા કહેવાથી અને કુગુરુ, કુદેવ, કુધર્મના ધારક તેમની પ્રશંસા કરવાથી વિ.થી દર્શનમોહ જે મિથ્યાત્વકર્મની ઉદીરણા થઈને ઉદયને પ્રાપ્ત થાય છે, ત્યારે આ જીવ તત્કાળ સમ્યગ્દષ્ટિથી મિથ્યાદષ્ટિ થઈ જાય છે.

તથા ક્રોધાદિ તેર કષાયના બાહ્ય કારણરૂપ પદાર્થોને યાદ કરવાથી વા દષ્ટિથી જોવાથી, વાચક (કહેવારૂપ) સંબંધ કરવાથી તેર પ્રકારના ભેદ-સહિતનું ચારિત્ર મોહનીય નામનું કર્મ, તેના જે-જે ભેદના કારણરૂપ પદાર્થોનો સંબંધ કરવાથી, તેના તે-તે ભેદ (રૂપકર્મ)ની ઉદીરણા થઈને ઉદયને પ્રાપ્ત થાય છે, ત્યાં તે ભાવરૂપ આત્મા પરિણમે છે.

ક્રોધના કારણથી વા પોતાનું કાર્ય બગાડવાવાળાં વા પોતાનાં માનાદિ કષાયને ભંગ કરવાવાળા વા પોતાની આજ્ઞાનો લોપ કરવાવાળા વિ. પોતાને દુઃખદાયક (એવા) પદાર્થોને યાદ કરવાથી વા દષ્ટિગોચર થવાથી વા સંબંધ કરવાથી તત્કાળ ક્રોધ નામના ચારિત્રમોહની ઉદીરણા થાય છે, તે સમયે જીવ ક્રોધભાવને પ્રાપ્ત થાય છે.

તે જ રીતે માનના કારણરૂપ પદાર્થોના સંબંધ(થવા)થી માનનો, માયાના કારણરૂપ પદાર્થોથી માયાનો વા લોભના કારણ દાનાદિ ઈષ્ટ સામગ્રીથી સંબંધાદિ થવાથી લોભનો, વા હાસ્યના કારણ નકલી સ્વાંગ આદિ વા રતિના કારણ ઈષ્ટ સ્ત્રી-પુત્ર વા ઈષ્ટ ભોજનાદિ વા પાંચેય ઈન્દ્રિયોના મનોજ્ઞ વિષયાદિ વા અરતિના કારણ અનિષ્ટ સ્ત્રી-પુત્રાદિ વા અનિષ્ટ ભોજનાદિ વા પાંચેય ઈન્દ્રિયોના અનિષ્ટ વિષયાદિ વા શોકના કારણરૂપ પદાર્થોથી શોક વા ભયના કારણરૂપ પદાર્થોથી ભયનો વા ગ્લાનિના કારણ દુર્ગંધાદિ સુંઘવા, વિષ્ટા આદિ દ્રવ્ય વા અપ્રિય પદાર્થોથી જુગુપ્સાનો વા રૂપવાન સ્ત્રિઓને યાદ કરવાથી વા દષ્ટિગોચર થવાથી વા મનને ચલાયમાન કરવાવાળા સંબંધથી પુરુષવેદનો વા રૂપવાન તરૂણ વસ્ત્ર-ભૂષણાદિથી યુક્ત પુરુષને જોવાથી સ્ત્રીવેદનો વા સ્ત્રી-પુરુષ બંનેના સંબંધાદિથી નપુંસકવેદનો વિ. જે-જે ચારિત્રમોહ કર્મના ઉદયના કારણભૂત પદાર્થોનો સંબંધાદિ થાય, તે જ કર્મની ઉદીરણા થઈને ઉદય આવે છે. તે અનુસાર જીવના ભાવોની ઉત્પત્તિ થાય છે.

તથા ભોજન-પાણી વિ. ન મળવાથી વા રોગાદિ થવા પર ઔષધાદિ પ્રતિકારો ન મળવા પર વા અન્યથા મળવાથી વા અન્યથા ક્રિયાથી વા પ્રકૃતિ વિરુદ્ધ ભોજન-પાનાદિ વા વિષાદિ ખાવાથી વા શસ્ત્રાદિના ઘાતથી વા જળ-અગ્નિ વિ. ના સંબંધથી વિ. ઘાતના અનેક કારણભૂત પદાર્થોનો સંબંધ થવાથી વા દષ્ટિગોચર થવાથી વા સ્મરણ થવાથી આયુકર્મની ઉદીરણા થઈને મરણને પ્રાપ્ત થાય છે. માટે આ પદાર્થોનો સંબંધાદિ થવાથી વા ન થવાથી જીવને તેવા જ, ઉદીરણા યોગ્ય ભાવ થાય છે, ત્યાં આયુકર્મની ઉદીરણા થાય છે.

તેમજ જ્યાં અનેક પ્રકારે ધાતના કારણ મળવા પર વા ઘાતથી જ જીવના આયુકર્મની

ઉદીરણા થવા યોગ્ય ભાવ ન થાય તો ઉદીરણા નથી થતી, ત્યારે અનેક ઘાતાદિ થવા છતાં પણ મરણ નથી થતું.

આ પ્રમાણે નામકર્મની, ગોત્રકર્મની ઉદીરણાના બાહ્ય કારણ મળે છે અને નામકર્મની વા ગોત્રકર્મની ઉદીરણા થાય છે.

તથા અંતરાયકર્મની ઉદીરણાના બાહ્ય કારણ મળવાથી અંતરાયકર્મની ઉદીરણા થાય છે. દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્યરૂપ કાર્ય થતાં જ ભયાદિના કારણભૂત પદાર્થોનું નિમિત્ત પામીને દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય અને વીર્યાંતરાય—આ પાંચ પ્રકારના અંતરાયકર્મની ઉદીરણા થઈને ઉદયને પામે છે. ત્યાં દાનાદિ કાર્યોનો અભાવ થાય છે. જે દાનાંતરાય આદિ કર્મોની ઉદીરણા થઈને ઉદયને પ્રાપ્ત થાય છે, તે-તે દાનાદિ કાર્યોનો જ અભાવ થાય છે. જે સુખ-દુઃખના કારણ બાહ્ય પદાર્થ અબુદ્ધિપૂર્વક (વિના પ્રયત્ને) દુર્નિવાર પોતામેળે(આપોઆપ) જ પ્રાપ્ત થાય છે, ત્યાં તો અંતરાયકર્મનો જઘન્ય ઉદય જાણવો. અને જ્યાં સુખ-દુઃખના કારણભૂત પદાર્થોનો બુદ્ધિપૂર્વક (પ્રયત્નપૂર્વક) સંબંધ થવાથી જે કાર્ય થાય છે, તેને ઉદીરણા થઈને કર્મનો ઉદય આવ્યો (તેમ) જાણવું, માટે જેવા કર્મનો ઉદય થાય છે, તેવો જ બાહ્ય પદાર્થોનો સંબંધ થાય છે. તે તો કર્મની સ્થિતિ પૂર્ણ થઈને કર્મનો ઉદય આવ્યો (તેમ) જાણવું અને જ્યાં પહેલાં બાહ્ય પદાર્થોનું નિમિત્ત થવાથી કર્મનો ઉદય થયો, તેને કર્મની ઉદીરણા થઈને ઉદય આવ્યો જાણવો. જેમકે—પહેલા પુરુષવેદનો ઉદય થવાથી કામાસક્ત થઈને સ્ત્રીથી સંબંધ કરવો, તે તો વેદના ઉદયથી જાણવો અને જે પહેલાં જ સ્ત્રીને જોઈને વિકારભાવ થાય છે, તેને ઉદીરણા થઈને વેદ(કર્મ)નો ઉદય છે. આ પ્રકારે બધા કર્મોનાં ઉદય-ઉદીરણા જાણવાં.

તથા ઉદીરણા, ઉદયને પ્રાપ્ત કર્મોની થાય છે. જે ગતિમાં જે કર્મોનો ઉદય થતો દેખાય છે, તે કર્મોની ઉદીરણા થાય છે અને જે કર્મોનો ઉદય નથી થતો. તે કર્મોની ઉદીરણા નથી થતી. વેદનીય અને આયુની ઉદીરણા તો છઠ્ઠા ગુણસ્થાન સુધી જ થાય છે અને અન્ય કર્મોની ઉદીરણા જ્યાં સુધી પોતાના (તે-તે કર્મોનો) ઉદય થાય છે, ત્યાં સુધી જ થાય છે.

**(૫-૬) કર્મની ઉત્કર્ષણ અને અપકર્ષણ અવસ્થા કહે છે—**

સત્તામાં પડેલાં જે જ્ઞાનાવરણાદિરૂપ દ્રવ્યકર્મ, તેમની સ્થિતિ અને અનુભાગનું જીવના ભાવોનું નિમિત્ત પામીને વધી જવું—અધિક થઈ જવું તેને ઉત્કર્ષણ કહે છે અને તેમનું ઘટી જવું—હીન થવું તેને અપકર્ષણ કહે છે.

જ્યારે પીત-પદ્મ-શુક્લ લેશ્યાદિ શુભભાવોરૂપ જીવ પરિણમે છે, ત્યારે સાતાવેદનીય વિ. શુભપ્રકૃતિયોની સ્થિતિ અને અનુભાગનું ખૂબ ઉત્કર્ષણ થઈ જાય છે અને જ્ઞાનાવરણાદિ

ચાર ઘાતિયાના અને અસાતાવેદનીય વિ. અઘાતિયારૂપ અશુભપ્રકૃતિયોના સ્થિતિ-અનુભાગ અપકર્ષણથી અલ્પ થઈ જાય છે.

તથા જ્યારે કૃષ્ણ લેશ્યાદિ અશુભભાવોરૂપ જીવ પરિણમે છે, ત્યારે જ્ઞાનાવરણાદિ ચાર ઘાતિયા અને અસાતાવેદનીય આદિ અઘાતિયારૂપ અશુભ પ્રકૃતિયોના સ્થિતિ-અનુભાગ ઉત્કર્ષણથી વધી જાય છે અને સાતાવેદનીય વિ. શુભપ્રકૃતિયોના સ્થિતિ-અનુભાગ અપકર્ષણથી અલ્પ રહી જાય છે.

નીચેના નિષકોમાં જઘન્યાદિ અલ્પસ્થિતિ સહિત હતા, જે જ્ઞાનાવરણ વિ. કર્મત્વરૂપ શક્તિવાળા કર્મરૂપ પુદ્‌ગલ, તેમની સ્થિતિ વધીને ઉપરનાં નિષેકોમાં ઉત્કૃષ્ટાદિ સ્થિતિ સહિત છે જે કર્મ, તેમના સમાન અધિક થઈ જાય છે, તેને સ્થિતિ ઉત્કર્ષણ કહે છે.

તથા ઉપરનાં નિષેકોમાં ઉત્કૃષ્ટાદિ અધિક સ્થિતિ સહિતના જે કર્મસ્વરૂપ પુદ્‌ગલ, તેમની સ્થિતિ ઘટીને, નીચેના નિષેકોમાં જ જઘન્યાદિ સ્થિતિ સહિત જે કર્મ હતાં, તેમની સમાન હીન થઈ જાય, તેને સ્થિતિ અપકર્ષણ કહે છે. આવું ઉત્કર્ષણ-અપકર્ષણનું સ્વરૂપ જાણવું.

**(૭) કર્મની સંક્રમણ અવસ્થા કહે છે—**

અન્ય પ્રકૃતિયોના પરમાણુ, બીજી અન્ય પ્રકૃતિઓરૂપ થઈને પરિણમે, તેને સંક્રમણ કહે છે.

જે મતિજ્ઞાનાવરણાદિના પરમાણુ, શ્રુતજ્ઞાનાવરણરૂપ થઈને પરિણમે, શ્રુતજ્ઞાનાવરણના અવધિજ્ઞાનાવરણરૂપ અને અવધિજ્ઞાનાવરણના મનઃપર્યયજ્ઞાનાવરણરૂપ તથા મનઃપર્યયજ્ઞાનાવરણના કેવળજ્ઞાનાવરણરૂપ, કેવળજ્ઞાનાવરણના મનઃપર્યય વિ. જ્ઞાનાવરણરૂપ થઈને પરસ્પર પરિણમે છે અને મતિજ્ઞાનાવરણાદિ, શ્રુતજ્ઞાનાવરણાદિરૂપ પરિણમે, શ્રુતજ્ઞાનાવરણાદિ મતિજ્ઞાનાવરણાદિરૂપ થઈને પરિણમે. આ પરસ્પર સજાતીય દ્રવ્યનું સજાતીયમાં સંક્રમણ થયું, વિજાતીયમાં સંક્રમણ નથી થતું, આ જ પ્રમાણે, દર્શનમોહનીયની ત્રણ પ્રકૃતિયોનું દર્શન મોહનીયની પ્રકૃતિરૂપ, ચારિત્રમોહનીયની પચ્ચીસ પ્રકૃતિયોનું ચારિત્રમોહનીયની પ્રકૃતિરૂપ, અંતરાયની પાંચપ્રકૃતિયોનું પોતાની અંતરાય પ્રકૃતિયોરૂપ, વેદનીયની બે પ્રકૃતિયોનું સાતાવેદનીયનું અસાતાવેદનીયરૂપ, અસાતાવેદનીયનું સાતાવેદનીયરૂપ, નામકર્મની ૯૩ પ્રકૃતિ પરસ્પર નામકર્મની પ્રકૃતિરૂપ, ગોત્રકર્મની— નીચગોત્રનું ઉચ્ચગોત્ર અને ઉચ્ચગોત્રનું નીચગોત્રરૂપ થઈને પોતપોતાની સજાતીય પ્રકૃતિયોરૂપ થઈને પરસ્પર સંક્રમણ થાય છે. વિજાતીય પ્રકૃતિરૂપ પરિણમન થતું નથી.

આ રીતે આયુકર્મ સિવાય સાતેય કર્મોનું પરસ્પરમાં સંક્રમણ થાય છે. આયુકર્મનું સંક્રમણ કરણ નથી થતું. માટે આયુકર્મમાં સંક્રમણ કરણ વિના નવકરણ જ થાય છે. આ રીતે

સત્તારૂપ રહેલાં આયુકર્મ વિનાના (બાકીના) સાત કર્મ, તેમનું પોત-પોતાની પ્રકૃતિયોની પોત-પોતાની પ્રકૃતિયોમાં સંક્રમણ થાય છે. આ પ્રમાણે સંક્રમણકરણ પણ આત્માના ભાવોના અનુસાર જ થાય છે.

જ્યારે જે જીવ શુભ લેશ્યાદિ શુભભાવોરૂપ પરિણમે છે, ત્યારે અસાતાવેદનીય આદિ અશુભ પ્રકૃતિયોના દ્રવ્યનું સાતાવેદનીય આદિ શુભ પ્રકૃતિયોમાં સંક્રમણ થાય છે. અને જ્યારે (જીવ) અશુભ લેશ્યાદિ અશુભભાવોરૂપ પરિણમે છે ત્યારે સાતાવેદનીય આદિ શુભ પ્રકૃતિયોનું દ્રવ્ય અસાતાવેદનીય આદિ અશુભ પ્રકૃતિરૂપ પરિણમે છે. આ પ્રમાણે સંક્રમણનું વિધાન (સ્વરૂપ) જાણવું.

## (૮) કર્મનું ઉપશાંતકરણ કહે છે :–

પોત-પોતાની સ્થિતિને રાખીને સત્તામાં રહેલા જ્ઞાનાવરણાદિ કર્મોનું દ્રવ્ય, જેમાં જેનો જેટલા કાળ સુધી ઉદય નથી થતો, તેટલા સમય સુધી **ઉપશાંતકરણ** કહેવાય છે.

જે શુભાશુભ કર્મ આત્માના તીવ્ર-મંદ કષાયોના અનુભાગ સહિત શુભાશુભભાવોથી જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ સ્થિતિ સહિત બંધરૂપ છે, તે તો દ્રઢરૂપથી રહે છે. જ્યાં સુધી તેની ઉદીરણા થવા યોગ્ય હીન અધિક અનુભાગવાળાં આત્માના ભાવ ન થાય, ત્યાં સુધી તે કર્મની ઉદીરણા કરવાને માટે સમર્થ નથી, જ્યારે તેવા જ તીવ્ર-મંદ અનુભાગ સહિત આત્માના ઉદીરણાયોગ્ય ભાવ થાય, ત્યારે તે કર્મની ઉદીરણા કરવામાં સમર્થ થાય છે. માટે જેટલો કાળ સુધી, જે કર્મની ઉદીરણા નથી થતી, બીજા-બીજા કરણ થાય છે, તેટલો કાળ સુધી ઉપશાંતકરણ કહેવાય છે.

## (૯) કર્મનું નિધત્તિકરણ કહે છે :–

સત્તામાં રહેલા જ્ઞાનાવરણાદિ કર્મ, તેમાંથી જે કર્મના દ્રવ્યની જેટલા કાળ સુધી ઉદીરણા પણ ન થાય અને સંક્રમણ પણ ન થાય, તેટલા કાળ સુધી નિધત્તિકરણ કહેવાય છે. જે કર્મ જેવી સ્થિતિ-અનુભાગ સહિત આત્માના શુભાશુભભાવોથી બંધાયેલ છે, તેવા જ તેટલા કાળ સુધી અતિદ્રઢ થઈને નિધત્તિકરણરૂપ થઈને રહે છે, તેની જેટલા કાળ સુધી ઉદીરણા અને સંક્રમણ નથી થઈ શકતું તેટલા કાળ સુધી તે કર્મની **નિધત્તિ-અવસ્થા** કહેવાય છે.

## (૧૦) કર્મની નિકાચિત અવસ્થા કહે છે :—

સત્તામાં રહેલ જ્ઞાનાવરણાદિ કર્મ, તેમાં જે કર્મના દ્રવ્યની જેટલા કાળ સુધી ઉદીરણા ન થાય, સંક્રમણ ન થાય અને ઉત્કર્ષણ-અપકર્ષણ પણ ન થાય, તેટલા સમય સુધી કર્મની **નિકાચિત-અવસ્થા** કહેવાય છે જે કર્મ જેવી સ્થિતિ-અનુભાગ સહિત આત્માના શુભાશુભ

ભાવો દ્વારા બંધરૂપ છે, તેવા જ અત્યંત દૃઢ છે. નિકાચિત અવસ્થારૂપ થઈને રહે છે, જ્યાં સુધી તેમાં ઉદીરણા, સંક્રમણ, અપકર્ષણ, ઉત્કર્ષણ આ ચારે કરણ કરવાને માટે આત્માના પરિણામ અસમર્થ હોય, તેટલો કાળ સુધી તે કર્મની નિકાચિત અવસ્થા જાણવી.

આ પ્રમાણે આ કર્મની દસ અવસ્થાઓ થાય છે. તેમાં પણ જીવનાં ભાવ જ કારણ છે. અપૂર્વકરણ, અષ્ટમ ગુણસ્થાન સુધી તો બધા દસેય કરણ થાય છે. ઉપર અનિવૃત્તિકરણ, સૂક્ષ્મ સાંપરાય ગુણસ્થાનોમાં ઉપશાંતકરણ, નિધત્તિકરણ, નિકાચિતકરણ આ ત્રણ કરણ નથી થતાં, ત્યાં સાત કરણ જ છે. ઉપર સંક્રમણ કરણનો અભાવ થઈ ગયો, ત્યાં છ પ્રકારનાં જ કરણ છે. ઉપશાંતકષાય અગિયારમાં ગુણસ્થાનમાં સંક્રમણકરણ કરે છે. તે કારણે ત્યાં સાત કરણ છે, કારણ કે ત્યાં મિથ્યાત્વનું સંક્રમણ થાય છે. તેનાથી ઉપર અયોગીમાં સત્ત્વ અને ઉદય બે જ કરણ થાય છે.

નીચેના ચાર્ટમાં નંબર (૧) કરણબંધ, (૨) ઉત્કર્ષણ, (૩) સંક્રમણ, (૪) અપકર્ષણ, (૫) ઉદીરણા, (૬) સત્ત્વ, (૭) ઉદય, (૮) ઉપશમ, (૯) નિધત્તિ, (૧૦) નિકાચિતને દર્શાવે છે.

| ગુણસ્થાન | | કર્મની ૧૦ અવસ્થા | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧. | મિથ્યાત્વથી | હા | હા | હા | હા | હા | હા | હા | હા | હા | હા |
| ૮. | અપૂર્વકરણ સુધી | હા | હા | હા | હા | હા | હા | હા | હા | હા | હા |
| ૯ | અનિવૃત્તિકરણ | હા | હા | હા | હા | હા | હા | હા | ના | ના | ના |
| ૧૦. | સૂક્ષ્મ સાંપરાય | હા | હા | હા | હા | હા | હા | હા | ના | ના | ના |
| ૧૧. | ઉપશાંતમોહ | હા | હા | હા | હા | હા | હા | હા | ના | ના | ના |
| ૧૨. | ક્ષીણમોહ | હા | હા | હા | હા | હા | હા | હા | ના | ના | ના |
| ૧૩. | સયોગ કેવલી | હા | હા | હા | હા | હા | હા | હા | ના | ના | ના |
| ૧૪. | અયોગ કેવલી | ના | ના | ના | ના | ના | હા | હા | ના | ના | ના |

નોંધ :–(૧) ઉપશાંત કષાય ગુણસ્થાનમાં સંક્રમણ માત્ર મિથ્યાત્વ તેમજ મિશ્ર પ્રકૃતિનું જ થાય છે. અન્ય કર્મોનું સંક્રમણ દસમા ગુણસ્થાનમાં જ ચાલ્યું ગયું.

(૨) એટલું વિશેષ છે કે જયધવલા અનુસાર ઉપશાંત કષાય વિ. ગુણસ્થાનોમાં બંધ તેમજ ઉત્કર્ષણ કરણ પણ નથી થતું માન્યું. જ.ધ. ૧૪/૩૭-૩૮

(૩) ''દસકરણી સંગ્રહ'' ગ્રંથમાં પણ અગ્યારમાં વિ. ગુણસ્થાનોમાં પ્રકૃતિબંધની સંભાવનાની અપેક્ષા કરીને બંધકરણ પણ કહ્યું છે. પણ ઉત્કર્ષણકરણ તો ત્યાં પણ નથી કહ્યું. જ.ધ. ૧૪/૩૮

**હવે પાંચ સામાન્યભાવ અને ત્રેપન વિશેષ-ભાવ, ગુણસ્થાન અને માર્ગણાસ્થાનમાં લાગુ પાડે છે.**

**પ્રથમ ગુણસ્થાનમાં લખીએ છીએ** :—સામાન્ય પાંચ ભાવોમાંથી મિથ્યાત્વ, સાસાદન, મિશ્ર આ ત્રણ ગુણસ્થાનોમાં ઔદયિક, ક્ષાયોપશમિક, પારિણામિક ત્રણ ભાવ કહ્યાં છે અને અસંયતથી અપ્રમત્ત પર્યંત ચારમાં અને ઉપશમ શ્રેણીના અપૂર્વકરણાદિ ઉપશાંતકષાય પર્યંત ચારમાં, આ રીતે આઠેયમાં ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક, ઔદયિક અને પારિણામિક—આ પાંચ ભાવ હોય છે અને અપૂર્વકરણાદિથી ક્ષીણકષાયપર્યંત ચાર ગુણસ્થાનોમાં ઔપશમિકભાવ સિવાય ચાર ભાવ હોય છે. સયોગી-અયોગી બેમાં ઔદયિક, ક્ષાયિક, પારિણામિક આ ત્રણ ભાવ હોય છે.

ગુણસ્થાન અને માર્ગણાસ્થાનમાં ૫૩ ભાવોને ધવલા પુ.૨ અનુસાર સુધારવામાં આવ્યા છે.

**પ્રથમ ગુણસ્થાનોમાં વિશેષભાવ કહે છે :—**

**(૧) મિથ્યાત્વ ગુણસ્થાનમાં :—ઔદયિક**-૨૧, **પારિણામિક**-૩, **ક્ષાયોપશમિક**-૧૦, કુમતિ, કુશ્રુત, કુઅવધિ-૩, ચક્ષુદર્શન, અચક્ષુદર્શન-૨ અને પાંચ ક્ષાયોપશમિક લબ્ધિઓ- દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય (૨૧+૩+૧૦=૩૪) આમ ચોત્રીસ ભાવ હોય છે.

**(૨) સાસાદન ગુણસ્થાનમાં** :—પૂર્વોક્ત ચોત્રીસ ભાવોમાંથી મિથ્યાત્વ, અભવ્ય આ બે સિવાય (૨૦+૨+૧૦=૩૨) બત્રીસ ભાવ હોય છે.

**(૩) મિશ્ર ગુણસ્થાનમાં** :—મિથ્યાત્વભાવ વિના **ઔદયિક**ના ૨૦ અને **ક્ષાયોપશમિક**ના ૧૦, મતિ, શ્રુત-અવધિ— આ મિશ્રજ્ઞાન-૩ ચક્ષુ, અચક્ષુ-૨, ક્ષાયોપશમિક લબ્ધિઓ-૫ અને **પારિણામિક**ના જીવત્વ, ભવ્યત્વ-૨—આમ કુલ (૨૦+૧૦+૨=૩૨) બત્રીસભાવ હોય છે.

**(૪) અસંયત ગુણસ્થાનમાં** :—મિથ્યાત્વ વિના **ઔદયિક**ના ૨૦, અને **ક્ષાયોપશમિક**ના ૧૨=મતિ-શ્રુત-અવધિ-૩, કેવલદર્શન વિના ૩, લબ્ધિ-૫, ક્ષાયોપશમિક સમ્યક્ત્વ-૧ અને **પારિણામિક**ના જીવત્વ-ભવ્યત્વ-૨, **ઔપશમિક** સમ્યક્ત્વ-૧, **ક્ષાયિક** સમ્યક્ત્વ-૧ આમ (૨૦+૧૨+૨+૧+૧=૩૬) કુલ છત્રીસ ભાવ હોય છે.

**(૫) દેશસંયત ગુણસ્થાનમાં :—ઔદયિક**ના ૧૪, મનુષ્યગતિ, તિર્યંચગતિ-૨, કષાય-૪, વેદ-૩, લેશ્યા પીત, પદ્મ, શુક્લ ૩, અજ્ઞાન-૧, અસિદ્ધત્વ-૧, **ક્ષાયોપશમિકના**-૧૩ મતિ, શ્રુત, અવધિજ્ઞાન-૩, કેવલદર્શન વિના ૩, લબ્ધિ-૫, ક્ષાયોપશમિક સમ્યક્ત્વ-૧

દેશસંયમ-૧ **પારિણામિક**ના જીવત્વ, ભવ્યત્વ-૨ અને **ઔપશમિક** સમ્યક્ત્વ-૧, **ક્ષાયિક** સમ્યક્ત્વ-૧ આમ કુલ (૧૪+૧૩+૨+૧+૧=૩૧) કુલ એકત્રીસ હોય છે.

**(૬) પ્રમત્તસંયત ગુણસ્થાનમાં :—ઔદયિક**ના પૂર્વોક્ત ૧૪માંથી તિર્યંચગતિ વિના ૧૩, **ક્ષાયોપશમિક**ના પૂર્વોક્ત ૧૩માંથી દેશસંયમ વિના ૧૨ અને મનઃપર્યયજ્ઞાન-૧ તથા ક્ષાયોપશમિક ચારિત્ર-૧ આ (મેળવવાથી ૧૪) **પારિણામિક**ના ૨, **ઔપશમિક** સમ્યક્ત્વ-૧, **ક્ષાયિક** સમ્યક્ત્વ-૧ આમ (૧૩+૧૪+૨+૧+૧=૩૧) કુલ એકત્રીસ ભાવ હોય છે.

**(૭) અપ્રમત્તસંયમત ગુણસ્થાનમાં :—**પ્રમત્ત સંયત ગુણસ્થાનની સમાન ૩૧ ભાવ જાણવા.

**(૮) અપૂર્વકરણ ગુણસ્થાનમાં :—ઔદયિક**ના ૧૧, મનુષ્યગતિ, કષાય-૪, વેદ-૩, શુક્લલેશ્યા, અજ્ઞાન, અસિદ્ધત્વ. **ક્ષાયોપશમિક**ના ૧૨ કેવળજ્ઞાન વિના સુજ્ઞાન-૪, કેવળદર્શન વિના ૩, લબ્ધિ-૫. **પારિણામિક**ના ૨, **ઔપશમિક** સમ્યક્ત્વ-૧, **ઔપશમિક** ચારિત્ર-૧ (પ્રારંભ થઈ ગયાની અપેક્ષાથી) અને **ક્ષાયિક**-૨, ક્ષાયિક સમ્યક્ત્વ-૧, ક્ષાયિક ચારિત્ર-૧ (પ્રારંભ થઈ ગયાની અપેક્ષાથી) આમ ઓગણત્રીસ ભાવ છે. (૧૧+૧૨+૨+૨+૨=૨૯) આટલા કુલ ભાવ હોય છે.

**(૯) અનિવૃત્તિકરણ ગુણસ્થાનમાં :—**અપૂર્વકરણ ગુણસ્થાનની સમાન પૂર્વોક્ત ૨૯ ભાવ હોય છે.

**(૧૦) સૂક્ષ્મસાંપરાય ગુણસ્થાનમાં :—ઔદયિક**ના-૫, મનુષ્યગતિ, લોભકષાય, શુક્લલેશ્યા, અજ્ઞાન, અસિદ્ધત્વ, **ક્ષાયોપશમિક**ના પૂર્વોક્ત ૧૨, **પારિણામિક**ના ૨, **ઔપશમિક**ના ૨, **ક્ષાયિક**ના ૨ (૫+૧૨+૨+૨+૨=૨૩) આમ કુલ ત્રેવીસ હોય છે.

**(૧૧) ઉપશાંતમોહ ગુણસ્થાનમાં :—ઔદયિક**ના—૪, મનુષ્યગતિ, શુક્લલેશ્યા, અજ્ઞાન, અસિદ્ધત્વ. **ક્ષાયોપશમિક**ના પૂર્વોક્ત ૧૨, **પારિણામિક**ના ૨, **ઔપશમિક**ના ૨, **ક્ષાયિક**નો ૧ (૪+૧૨+૨+૨+૧=૨૧) આમ કુલ એકવીસ ભાવ હોય છે.

**(૧૨) ક્ષીણકષાય ગુણસ્થાનમાં :—ઔદયિક**ના-૪, **ક્ષાયોપશમિક**ના ૧૨, **પારિણામિક**ના ૨, **ક્ષાયિક**ના ૨ (૪+૧૨+૨+૨=૨૦) આમ કુલ વીસ ભાવ હોય છે.

**(૧૩) સયોગ કેવળી ગુણસ્થાનમાં :—ઔદયિક**ના ૩—મનુષ્યગતિ, શુક્લલેશ્યા, અસિદ્ધત્વ, **પારિણામિક**ના ૨, **ક્ષાયિક**ના ૯ (૩+૨+૯=૧૪) આમ ૧૪ ભાવ હોય છે.

**(૧૪) અયોગ કેવળી ગુણસ્થાનમાં :—**પૂર્વોક્ત ૧૪માંથી લેશ્યા વિના ૧૩ ભાવ હોય છે.

**સિદ્ધભગવાનને** :—ગુણસ્થાનાતીત સિદ્ધોને કેવળદર્શન, કેવળજ્ઞાન, ક્ષાયિક સમ્યક્ત્વ અનંતવીર્ય—આવા ચાર તો ક્ષાયિકના અને પારિણામિકના ૧ જીવત્વ—આમ પાંચ ભાવ હોય છે.

આ પ્રકારે ગુણસ્થાનોમાં ભાવોનું નિરૂપણ પૂર્ણ થયું.

નોંધ :— આ જે ગુણસ્થાનોમાં પાંચ ભાવોનું નિરૂપણ છે તે અધિકની અપેક્ષાએ છે, તેમાં કહેવામાં આવેલ સંખ્યામાં હીનાધિક પણ હોય છે. જેમકે કોઈને અવધિજ્ઞાન હોય, મનઃપર્યયજ્ઞાન હોય, કોઈને બંને હોય, માટે જ્યાં જે લાગુ પડે તેને ત્યાં તેમ સમજવું.

## હવે ચૌદ માર્ગણાઓમાં વિશેષભાવ લગાવે છે :—

**(૧) ગતિમાર્ગણામાં—નરકગતિમાર્ગણા**માં તેત્રીસ ભાવ હોય છે. **પારિણામિક**ના-૩, **ઔદયિક**ના ૧૩ (નરકગતિ-૧, કષાય-૪, નપુંસકવેદ-૧, અશુભલેશ્યા-૩, મિથ્યાત્વ-અજ્ઞાન-અસંયમ-અસિદ્ધત્વ-૪=૧૩) **ક્ષાયોપશમિક**ના મનઃપર્યયજ્ઞાન, ક્ષાયોપશમિક ચારિત્ર, દેશસંયમ—આ ત્રણ વિના ૧૫, **ઔપશમિક**નો ઔપશમિક સમ્યક્ત્વ-૧, **ક્ષાયિક**નો ક્ષાયિક સમ્યક્ત્વ-૧. આમ (૩+૧૩+૧૫+૧+૧=૩૩) તેત્રીસ ભાવ છે.

**તિર્યંચગતિ માર્ગણામાં**—૩૯ ભાવ છે. **પારિણામિકના** ૩, **ઔદયિકના** ત્રણ ગતિ વિના ૧૮, **ક્ષાયોપશમિકના** મનઃપર્યયજ્ઞાન અને ક્ષાયોપશમિક ચારિત્ર વિના ૧૬, **ઔપશમિકનો** ઔપશમિક સમ્યક્ત્વ-૧ **ક્ષાયિકનો** ક્ષાયિક સમ્યક્ત્વ-૧ આમ (૩+૧૮+૧૬+૧+૧=૩૯) ઓગણચાલીસ ભાવ છે.

**મનુષ્યગતિ માર્ગણામાં** ત્રણ ગતિ વિના બધા ૫૦ ભાવ છે.

**દેવગતિ માર્ગણામાં—પારિણામિક**-૩, **ઔદયિક**ના ૧૪, (ગતિ-૩, નપુંસકવેદ-૧, અશુભલેશ્યા-૩, આ ૭ વિના) **ક્ષાયોપશમિક**ના ૧૫ (મનઃપર્યયજ્ઞાન, ક્ષાયોપશમિક ચારિત્ર, દેશસંયમવિના) **ઔપશમિકના**—ઔપશમિક સમ્યક્ત્વ-૧, **ક્ષાયિકના**—ક્ષાયિક સમ્યક્ત્વ-૧— આમ (૩+૧૪+૧૫+૧+૧=૩૪) ચોત્રીસ ભાવ છે.

**(૨) ઇન્દ્રિય માર્ગણામાં—પારિણામિકના** ૩, **ઔદયિકના** ૧૩, (તિર્યંચગતિ-૧, કષાય-૪, નપુંસકવેદ-૧, અશુભલેશ્યા-૩, મિથ્યાત્વ-અજ્ઞાન-અસંયમ-અસિદ્ધત્વ-૪) **ક્ષાયોપશમિકના** ૮, (કુમતિ, કુશ્રુતજ્ઞાન-૨, અચક્ષુદર્શન-૧, લબ્ધિ-૫=૮) **એકેન્દ્રિય**ના (૩+૧૩+૮=૨૪) ૨૪ ભાવ છે.

**દ્વિઇન્દ્રિય-ત્રિઇન્દ્રિય**ના પણ પૂર્વોક્ત (૩+૧૩+૮=૨૪) ચોવીસ ભાવ છે.

**ચતુરેન્દ્રિય**ના પૂર્વોક્ત ૨૪ અને ચક્ષુદર્શન-૧, પીતલેશ્યા-૧=૨૬ ભાવ હોય છે. (**અસંજ્ઞી પંચેન્દ્રિયના પારિણામિક**-૩, **ઔદયિક**-૩ ગતિ, પદ્મ, શુક્લ લેશ્યા—આ પાંચ વિના

૧૬, **ક્ષાયોપશમિકના**-કુમતિ, કુશ્રુતજ્ઞાનના-૨, ચક્ષુ-અચક્ષુદર્શન-૨, લબ્ધિ-૫=૯ આમ (૩+૧૬+૯=૨૮) ૨૮ ભાવ હોય છે. **સંજ્ઞી પંચેન્દ્રિયના** બધા ત્રેપન—**પારિણામિક**-૩ (જીવત્વ, ભવ્યત્વ, અભવ્યત્વ), **ઔદયિક**-૨૧ (ગતિ-૪, કષાય-૪, વેદ-૩, લેશ્યા-૬, મિથ્યાત્વ-અજ્ઞાન-અસંયમ-અસિદ્ધત્વ-૪) ક્ષાયોપશમિકના ૧૮ (સુજ્ઞાન ૪, કુજ્ઞાન-૩, દર્શન-૩, લબ્ધિ-૫, સમ્યક્ત્વ, ચારિત્ર તથા દેશસંયમ) ઔપશમિક-૨ (ઔપશમિક સમ્યક્ત્વ તથા ચારિત્ર), **ક્ષાયિક**-૯ (જ્ઞાન, દર્શન, સમ્યક્ત્વ, ચારિત્ર, લબ્ધિ-૫)—આમ (૩+૨૧+૧૮+૨+૯=૫૩) ત્રેપન ભાવ હોય છે.

**(૩) કાયમાર્ગણામાં** :—૫-સ્થાવરકાય—પ્રત્યેકમાં એકેન્દ્રિયવત્ ૨૪ ભાવ છે અને ત્રસકાયમાં સર્વ ૫૩ ભાવ હોય છે.

**(૪) યોગમાર્ગણામાં :—સત્યમનોયોગ, અનુભય મનયોગ, સત્ય વચનયોગ, અનુભય વચનયોગ**—આ ચારે યોગોમાં પ્રત્યેકને બધા ૫૩ ભાવ હોય છે.

**અસત્ય મનોયોગ, ઉભય મનોયોગ, અસત્ય વચનયોગ, ઉભય વચનયોગ** આ ચાર યોગોમાં ક્ષાયિક સમ્યક્ત્વ અને ક્ષાયિક ચારિત્રને છોડીને શેષ સાત ભાવ વિના પ્રત્યેકમાં ૪૬ ભાવ હોય છે.

**ઔદયિકકાયયોગમાં** દેવ-નરકગતિ વિના એકાવન ભાવ હોય છે.—

**ઔદારિક મિશ્રકાયયોગમાં** ૪૫ ભાવ હોય છે : **ઔપશમિક**-૨, **ક્ષાયોપશમિકના** ૪, (મનઃપર્યય અને કુઅવધિજ્ઞાન, સંયમાસંયમ, ક્ષાયોપશમિક ચારિત્ર) આ છ સિવાય પૂર્વોક્ત ૫૧માંથી ૪૫ ભાવ હોય છે.

**વૈક્રિયક કાયયોગ**માં ૩૯ ભાવ હોય છે : **પારિણામિક**ના ૩, **ઔદયિકના** મનુષ્ય, તિર્યંચ બે ગતિ વિના ૧૯, **ક્ષાયોપશમિકના** મનઃપર્યયજ્ઞાન, ક્ષાયોપશમિક ચારિત્ર, દેશસંયમ—આ ત્રણ વિના ૧૫, **ઔપશમિક સમ્યક્ત્વ**-૧ અને **ક્ષાયિક સમ્યક્ત્વ**-૨—આ પ્રમાણે કુલ (૩+૧૯+૧૫+૧+૧=૩૯) ઓગણચાલીસ ભાવ હોય છે.

**વૈક્રિયક મિશ્રમાં** પૂર્વોક્ત ૩૯ ભાવોમાં વિભંગ વિના ૩૮ ભાવ હોય છે.

**આહારક-આહારકમિશ્રમાં** પ્રત્યેકમાં ૨૭ ભાવ હોય છે. **પારિણામિકના** અભવ્ય વિના ૨, **ઔદયિકના** ૧૧ (મનુષ્યગતિ, ચાર કષાય, પુરુષવેદ, ત્રણે શુભ લેશ્યા, અજ્ઞાન અને અસિદ્ધત્વ. **ક્ષાયોપશમિકના** ૧૩ (સુજ્ઞાન ૩, દર્શન-૩, લબ્ધિ-૫, **ક્ષાયોપશમિક સમ્યક્ત્વ**-૧ અને **ક્ષાયોપશમિક ચારિત્ર**-૧) અને **ક્ષાયિકના સમ્યક્ત્વ**-૧,—આ સત્યાવીસ[1] (૨+૧૧+૧૩+૧=૨૭) ભાવ હોય છે.

---

૧. ઉપશમશ્રેણીથી ઉતરીને ૬-૭મું ગુણસ્થાન આવે તો આહારક કાયયોગની સાથે દ્વિતિયોપશમનો વિરોધ નથી.

[૨]**કાર્મણ કાયયોગમાં** ૫૦ ભાવ હોય છે**—પારિણામિક**ના ૩, **ઔદયિક**ના ૨૧, **ક્ષાયોપશમિક**ના મનઃપર્યય અને વિભંગ આ બે જ્ઞાન વિના ૧૬, **ઔપશમિક-સમ્યક્ત્વ** ૧, **ક્ષાયિક**ના ૯, આ રીતે કુલ (૩+૨૧+૧૬+૧+૯=૫૦) ભાવ હોય છે.

**(૫) વેદમાર્ગણામાં :—પુરુષવેદ**માં ૪૩ ભાવ હોય છે. **પારિણામિક**ના ૩, **ઔદયિક**ના ૧૮, (નરકગતિ, સ્ત્રીવેદ, નપુંસકવેદ આ ત્રણ વિના), **ક્ષાયોપશમિક**ના ૧૮, **ઔપશમિક**ના ૨, **ક્ષાયિક** ૨, (ક્ષપકશ્રેણી પ્રારંભ કરી દીધી છે માટે ભાવી નૈગમનયથી ક્ષાયિક ચારિત્ર લીધું, આગળ જઈને પુરું કરશે.)

આ પ્રકારે કુલ (૩+૧૮+૧૮+૨+૨=૪૩) તેતાલીસ ભાવ હોય છે.

**સ્ત્રીવેદમાં—**૪૨ ભાવ હોય છે. **પારિણામિક**-૩, **ઔદયિક**-૧૮ (નરકગતિ, પુરુષવેદ, નપુંસકવેદ આ ત્રણ વિના) **ક્ષાયોપશમિક**, મનઃપર્યયજ્ઞાન વિના પૂર્વોક્ત ૧૭, **ઔપશમિક**-૨, **ક્ષાયિક**-૨ (ક્ષપકશ્રેણી પ્રારંભ કરી દીધી છે, ભાવી નૈગમનયથી ક્ષાયિક ચારિત્ર લીધું. આગળ જઈને પુરુ કરશે.) આ પ્રકારે કુલ (૩+૧૮+૧૭+૨+૨=૪૨) બેંતાલીસભાવ હોય છે.

**નપુંસકવેદમાં—**૪૨ ભાવ હોય છે. **ઔદયિક**-૧૮ (નરકગતિ, પુરુષવેદ, સ્ત્રીવેદ આ ત્રણ વિના) બાકી ઉપર પ્રમાણે સમાન ભાવો હોય છે. કુલ (૩+૧૮+૧૭+૨+૨=૪૨) બેંતાલીસભાવ હોય છે.

---

૨. મિથ્યાત્વ, સાસાદન, અસંયત સમ્યક્દૃષ્ટિ, સયોગ કેવલી ગુણસ્થાનની અપેક્ષા કાર્મણકાય યોગનું વર્ણન ધ.પુ.-૨ પૃ.-૬૭૦ થી ૬૭૩ અનુસાર અહીં નીચે વિશેષરૂપથી આપવામાં આવે છે.

卐 **મિથ્યાદૃષ્ટિ : ઔદયિક**ના ૨૧ (ગતિ-૪, કષાય-૪, વેદ-૩, લેશ્યા-૬, મિથ્યાત્વ, અજ્ઞાન, અસંયમ, અસિદ્ધત્વ) **ક્ષાયોપશમિક**ના ૯— (અજ્ઞાન-૨, દર્શન-૨ ક્ષાયોપશમિક લબ્ધિ-૫) **પારિણામિક**ના ૩ (જીવત્વ, ભવ્યત્વ, અભવ્યત્વ). આ પ્રમાણે (૨૧+૯+૩=૩૩) તેત્રીસ ભાવ હોય છે.

卐 **સાસદનના : ઔદયિક**ના ૧૯ (નરકગતિ વિના ૩ ગતિ, કષાય-૪, વેદ-૩, લેશ્યા-૬, અજ્ઞાન, અસંયમ, અસિદ્ધત્વ.) **ક્ષાયોપશમિક**ના ૯ (અજ્ઞાન-૨, દર્શન-૨, લબ્ધિ-૫) **પારિણામિક**ના ૨, (જીવત્વ, ભવ્યત્વ-૨) આ પ્રકારે (૧૯+૯+૨=૩૦) ત્રીસ ભાવ હોય છે. જુઓ—ધ.પુ. ૨, પૃ. ૬૭૨

卐 **અસંયત સમ્યગ્દૃષ્ટિ**ના **ઔદયિક**ના ૧૯ (નરકગતિ વિના ૩ ગતિ, કષાય-૪, વેદ-૩, લેશ્યા-૬, અજ્ઞાન, અસંયમ, અસિદ્ધત્વ) **ક્ષાયોપશમિક**ના ૧૨ (૩ જ્ઞાન, ૩ દર્શન, લબ્ધિ-૫, ક્ષાયોપશમિક સમ્યક્ત્વ-૧=૧૨) **ઔપશમિક સમ્યક્ત્વ**-૧, **ક્ષાયિકસમ્યક્ત્વ** ૧, **પારિણામિકના** ૨ (જીવત્વ, ભવ્યત્વ-૨) આ પ્રકારે (૧૯+૧૨+૧+ ૧+૨=૩૫) પાંત્રીસ ભાવ હોય છે. જુઓ ધ.પુ. ૨, પૃ. ૬૭૨.

卐 **સયોગ કેવળીનાં—ઔદયિક**-૩ (મનુષ્યગતિ, શુક્લલેશ્યા, અસિદ્ધત્વ) **ક્ષાયિકના** ૯, **પારિણામિક**-૨ આ પ્રમાણે (૩+૯+૨=૧૪) ચોદ ભાવ હોય છે. ધ.પુ. ૨૫-૬૭૩

**(૬) કષાય માર્ગણામાં :–**ક્રોધ, માન, માયા, લોભમાં પ્રત્યેકમાં (૪૩) તેતાલીસ ભાવ હોય છે. **પારિણામિક**-૩, **ઔદયિક** સ્વકીય કષાય સહિત શેષ ૩ કષાય વિના=૧૮, **ક્ષાયોપશમિક** ૧૮, **ઔપશમિક**-૨, **ક્ષાયિક**-૨ આમ (૩+૧૮+૧૮+૨+૨=૪૩) તેતાલીસ ભાવ હોય છે.

**(૭) જ્ઞાનમાર્ગણામાં :–**કુમતિ, કુશ્રુત, કુઅવધિમાં પ્રત્યેકના૩૪ ભાવ છે, મિથ્યાત્વ ગુણસ્થાનવત્ **પારિણામિક**-૩, **ઔદયિક**-૨૧, **ક્ષાયોપશમિક**-૧૦, (કુજ્ઞાન-૩, દર્શન-૨, લબ્ધિ-૫.) આમ (૩+૨૧+૧૦=૩૪)

મતિ-શ્રુત-અવધિ ત્રણ સુજ્ઞાનમાં પ્રત્યેકમાં ૪૧ ભાવ છે—**પારિણામિક** અભવ્યત્વ વિના ૨, **ઔદયિક**-મિથ્યાત્વ વિના ૨૦, **ક્ષાયોપશમિક**-૩–કુજ્ઞાન વિના ૧૫, **ઔપશમિક**-૨, **ક્ષાયિક**-૨, (૨+૨૦+૧૫+૨+૨=૪૧કુલ ભાવ)

મનઃપર્યયજ્ઞાનમાં ૩૦ ભાવ છે–**પારિણામિક**-૨, **ઔદયિક**-૧૧, (મનુષ્યગતિ, કષાય-૪, પુરુષવેદ લેશ્યા શુભ-૩, અજ્ઞાન, અસિદ્ધત્વ), **ક્ષાયોપશમિકના** ૧૪, (જ્ઞાન-૪, દર્શન-૩, લબ્ધિ-૫, ક્ષાયોપશમિક સમ્યક્ત્વ-૧, ક્ષાયોપશમિક ચારિત્ર-૧), **ઔપશમિક**-૧, **ક્ષાયિક**-૨ આમ (૨+૧૧+૧૪+૧+૨=૩૦) કુલ ૩૦ ભાવ હોય છે.

કેવળજ્ઞાનમાં ૧૪ ભાવ હોય છે–**પારિણામિક**-૨, **ઔદયિક**-૩ (મનુષ્યગતિ, શુક્લલેશ્યા, અસિદ્ધત્વ) **ક્ષાયિક**-૯ (૨+૩+૯=૧૪ કુલ ભાવ હોય છે.)

**(૮) સંયમ માર્ગણામાં :**

સામાયિક, છેદોપસ્થાપનામાં ૩૩ ભાવ છે–**પારિણામિક**-૨, **ઔદયિક**-૧૩ (મનુષ્યગતિ-૧ કષાય-૪, વેદ-૩, લેશ્યા શુભ-૩, અજ્ઞાન, અસિદ્ધત્વ, **ક્ષાયોપશમિક**-૧૪ કેવળજ્ઞાન વિના ૪, દર્શન-૩, **લબ્ધિ**-૫, ક્ષાયોપશમિક સમ્યક્ત્વ-૧, ક્ષાયોપશમિક ચારિત્ર-૧, **ઔપશમિક**-૨, **ક્ષાયિક**-૨ કુલ (૨+૧૩+૧૪+૨+૨=૩૩) ભાવ છે.

**પરિહાર વિશુદ્ધિ સંયમમાં** ૨૭ ભાવ છે. **પારિણામિક**-૨, **ઔદયિક**-૧૧, (મનુષ્યગતિ-૧, કષાય-૪, પુરુષવેદ, શુભલેશ્યા-૩, અજ્ઞાન, અસિદ્ધત્વ), **ક્ષાયોપશમિક**-૧૩, (પ્રથમ-૩, સુજ્ઞાન, દર્શન-૩, લબ્ધિ-૫, ક્ષાયોપશમિક સમ્યક્ત્વ-૧, ક્ષાયોપશમિક ચારિત્ર-૧), કુલ (૨+૧૧+૧૩=૨૬) ભાવ છે.

**સૂક્ષ્મ સાંપરાય સંયમમાં** ૨૩ ભાવ છે–સૂક્ષ્મ સાંપરાય ગુણસ્થાનની જેમ. **યથાખ્યાત-સંયમ**માં ૨૯ ભાવ છે–**પારિણામિક**-૨, **ઔદયિક**-૪, મનુષ્યગતિ, શુક્લ લેશ્યા, અજ્ઞાન, અસિદ્ધત્વ, **ક્ષાયોપશમિક**-૧૨, (કેવળજ્ઞાન વિના જ્ઞાન ૪ (૧૩-૧૪ ગુણસ્થાનમાં તો માત્ર

કેવળજ્ઞાન અને કેવળદર્શન જ હોય છે, માટે યથાસ્થાન યથાયોગ્ય જાણવું જોઈએ.) દર્શન-૩, લબ્ધિ-૫), **ઔપશમિક**-૨, **ક્ષાયિક**-૯ આમ કુલ (૨+૪+૧૨+૨+૯=૨૯) હોય છે.

**સંયમાસંયમમાં** ૩૧ ભાવ છે—દેશસંયમ ગુણસ્થાનવત્.

**અસંયમમાં** ૪૧ ભાવ છે—**પારિણામિક**-૩, **ઔદયિક**-૨૧, **ક્ષાયોપશમિક**-૧૫, (મનઃપર્યયજ્ઞાન, ક્ષાયોપશમિક—ચારિત્ર, દેશસંયમ—આ ત્રણ વિના બાકી ૧૫). **ઔપશમિક સમ્યક્ત્વ, ક્ષાયિક સમ્યક્ત્વ** આમ કુલ (૩+૨૧+૧૫+૧+૧=૪૧) ભાવ છે.

**(૯) દર્શનમાર્ગણામાં**

ચક્ષુદર્શનમાં ક્ષાયિકના ૭ વિના શેષ ૪૬ ભાવ છે.

અચક્ષુદર્શનમાં પણ ૪૬ ભાવ છે.

અવધિદર્શનમાં મતિ, શ્રુત, અવધિજ્ઞાનવત્ ૪૧ ભાવ છે.

કેવળદર્શનમાં કેવળજ્ઞાનવત્ ૧૪ ભાવ છે.

**(૧૦) લેશ્યા માર્ગણામાં** કૃષ્ણ, નીલ, કાપોત ત્રણ અશુભ લેશ્યાઓમાં પ્રત્યેક-પ્રત્યેકના ૩૬ ભાવ છે. **પારિણામિક**-૩, **ઔદયિક**-પાંચ લેશ્યા વિના ૧૬, **ક્ષાયોપશમિક**-૧૫ (મનઃપર્યયજ્ઞાન, ક્ષાયોપશમિક ચારિત્ર, દેશસંયમ—આ ત્રણ વિના) **ઔપશમિક સમ્યક્ત્વ**-૧, **ક્ષાયિક સમ્યક્ત્વ**-૧ આમ કુલ (૩+૧૬+૧૫+૧+૧=૩૬) ભાવ પ્રત્યેકમાં હોય છે.

પીત-પદ્મ બે લેશ્યામાં પ્રત્યેના ૩૮ ભાવ છે. **પારિણામિક**-૩, **ઔદયિક**ના નરકગતિ અને પાંચ લેશ્યા—આ ૬ વિના ૧૫ **ક્ષાયોપશમિક**-૧૮, **ઔપશમિક સમ્યક્ત્વ**-૧, **ક્ષાયિક સમ્યક્ત્વ**-૧ આમ (૩+૧૫+૧૮+૧+૧=૩૮) ભાવ બંને લેશ્યામાં હોય છે. શુક્લલેશ્યામાં નરકગતિ, પાંચ લેશ્યા—આ ૬ ઔદયિક વિના ૪૭ ભાવ હોય છે.

**(૧૧) ભવ્યમાર્ગણામાં :—ભવ્ય**ને અભવ્યત્વ વિના બાવન (૫૨), **અભવ્ય**ને ભવ્યત્વ ભાવ વિના ૩૩, મિથ્યાત્વગુણસ્થાનવત્ ભાવ હોય છે.

**(૧૨) સમ્યક્ત્વ માર્ગણામાં :—ઔપશમિક સમ્યક્ત્વ**-૩૮, **પારિણામિક**-૨, **ઔદયિક**-મિથ્યાત્વ વિના ૨૦, **ક્ષાયોપશમિક**-૧૪, (કેવળજ્ઞાન વિના સુજ્ઞાન-૪, દર્શન-૩, લબ્ધિ-૫, ક્ષાયોપશમિક ચારિત્ર-૧, દેશસંયમ-૧) ઔપશમિક-૨ આમ (૨+૨૦+૧૪+૨=૩૮)

**ક્ષાયોપશમિક સમ્યક્ત્વ**—૩૭ ભાવ છે :—**પારિણામિક**-૨, **ઔદયિક**-૨૦ (મિથ્યાત્વ વિના), **ક્ષાયોપશમિક**-૧૫ (૩-કુજ્ઞાન વિના) આમ (૨+૨૦+૧૫=૩૭) ભાવ હોય છે.

**ક્ષાયિક સમ્યક્ત્વ-૪૬ ભાવ** છે :– **પારિણામિક**-૨, **ઔદયિક**-મિથ્યાત્વ વિના ૨૦, **ક્ષાયોપશમિક**-૩, કુજ્ઞાન + ક્ષાયોપશમિક સમ્યક્ત્વ વિના ૧૪, **ઔપશમિક ચારિત્ર**-૧, **ક્ષાયિક**-૯. આમ (૨+૨૦+૧૪+૧+૯=૪૬) ભાવ હોય છે.

મિથ્યાત્વ-સમ્યક્ત્વમાં ૩૪ ભાવ છે–મિથ્યાત્વ ગુણસ્થાનની જેમ.

સાસાદન-સમ્યક્ત્વમાં ૩૨ ભાવ છે–સાસાદન ગુણસ્થાનની જેમ.

મિશ્ર સમ્યક્ત્વમાં ૩૨ ભાવ છે–મિશ્ર ગુણસ્થાનની જેમ.

**(૧૩) સંજ્ઞી માર્ગણામાં** :–સંજ્ઞીમાં બધા ૫૩ ભાવ હોય છે. (ગુણસ્થાનની અપેક્ષા ૪૬ પણ હોય છે. તેને ગુણસ્થાન પ્રકરણમાં જુઓ) અસંજ્ઞીમાં ૨૮ ભાવ હોય છે. **પારિણામિક**-૩, **ક્ષાયોપશમિક**-૯ : (કુજ્ઞાન-૨, દર્શન-૨, લબ્ધિ-૫), **ઔદયિક**-મનુષ્ય, નરક, દેવ ત્રણ ગતિ અને પીત-પદ્મ-શુક્લ ત્રણ[1] લેશ્યા આ છ સિવાય ૧૫.

**(૧૪) આહાર માર્ગણામાં** : આહારકના બધા ૫૩ ભાવ હોય છે.

અનાહારકમાં ૪૮ ભાવ હોય છે, કુઅવધિ, મનઃપર્યયજ્ઞાન–એ બે, ક્ષાયોપશમિક ચારિત્ર અને દેશસંયમ આ બે–આ પ્રમાણે આ ચાર વિના શેષ **ક્ષાયોપશમિક**ના -૧૪, **દ્વિતીય ઔપશમિક સમ્યક્ત્વ**-૧, **ક્ષાયિક**-૯, **પારિણામિક**-૩, **ઔદયિક**-૨૧ કુલ (૧૪+૧+ ૯+૩+૨૧=૪૮) ભાવ હોય છે.

આ પ્રમાણે આહાર (સહિત બધી ૧૪) માર્ગણાઓનું વર્ણન પુરું થયું. આ પ્રમાણે ગુણસ્થાન અને માર્ગણાસ્થાનમાં સંભવીત ભાવ કહ્યાં છે.

**હવે એક કાળમાં એક જીવના અઢાર ભાવ કહીએ છીએ :–**

**પારિણામિકભાવનાં** ત્રણમાંથી બે હોય છે–જીવત્વ-૧, ભવ્યત્વ-૧, અથવા જીવત્વ-૧, અભવ્યત્વ-૧, **ઔદયિકભાવમાં** ૭ હોય છે–ચાર ગતિમાં ૧ ગતિ, ચાર કષાયમાંથી ૧ કષાય, ત્રણવેદમાંથી ૧ વેદ, છ-લેશ્યાઓમાંથી ૧ લેશ્યા, મિથ્યાત્વ, અજ્ઞાન, અસિદ્ધત્વ અને પાંચ સંયમમાં–અસંયમ, દેશસંયમ, ક્ષાયોપશમિક ચારિત્ર[2], ઔપશમિક ચારિત્ર[3] અને ક્ષાયિક ચારિત્ર–આ પાંચમાંથી એક હોય છે. આઠ જ્ઞાનમાંથી ૧ જ્ઞાન (વ્યાપારરૂપ), ચાર દર્શનમાંથી ૧-દર્શન, **ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક**–ત્રણ સમ્યક્ત્વમાંથી ૧, લબ્ધિ-૫–આ રીતે ૧૮ ભાવ હોય છે. કુલ (૨+૭+૧+૧+૧+૧+૫=૧૮)

---

૧. ધવલા પુ. ૨, પૃષ્ઠ-૩૪, પીતાદિ ૩ લેશ્યાઓ ભાવ અને દ્રવ્યથી ૬ માની છે.

૨. આમાં સામાયિક છેદોપસ્થાન, પરિહારવિશુદ્ધિ અને સૂક્ષ્મ સાંપરાય સંયમનો સમાવેશ કરી દીધો છે–એવું લાગે છે.

૩. સામાયિક, છેદોપસ્થાપના, સૂક્ષ્મ સાંપરાય અને ઉપશમ યથાખ્યાતસંયમને ગર્ભિત કર્યા એમ લાગે છે.

**નરકગતિમાં** એક સાથે એક કાળમા એક જીવને ૧૮ ભાવ હોય છે. પારિણામિક-૨, ત્રણ કુજ્ઞાન કે સુજ્ઞાનમાંથી-૧, ત્રણ દર્શનમાંથી-૧, નરકગતિ-૧, કષાય-૧, વેદ-નપુંસક-૧, ત્રણ અશુભ લેશ્યામાંથી-૧, મિથ્યાત્વ, અજ્ઞાન, અસંયમ, અસિદ્ધત્વ, લબ્ધિ-૫, ત્રણ સમ્યક્ત્વમાંથી ૧, આમ ૧૮ ભાવ હોય છે. કુલ (૨+૨+૮+૫+૧=૧૮)

મિથ્યાત્વ ગુણસ્થાનમાં સમ્યક્ત્વ વિના ૧૭, સાસાદન અને મિશ્રમાં મિથ્યાત્વ વિના ૧૬, અસંયતમાં સુજ્ઞાન ત્રણ માંથી ૧, ત્રણ સમ્યક્ત્વમાં ૧, સમ્યક્ત્વ—આ પ્રમાણે ૧૭ ભાવ જ હોય છે.

**તિર્યંચગતિમાં**—પારિણામિકના ૨, તિર્યંચગતિ-૧, ત્રણવેદમાંથી-૧, કષાય-૧, છ લેશ્યામાંથી-૧, મિથ્યાત્વ, અજ્ઞાન, અસિદ્ધત્વ, સંયમ, અસંયમ, દેશસંયમમાંથી ૧, આઠ જ્ઞાનમાંથી ૧, દર્શન-૧, લબ્ધિ-૫, ત્રણ સમ્યક્ત્વમાંથી-૧ ભાવ હોય છે. એક, એકકાળમાં જીવને આ ૧૮ ભાવ હોય છે.

તેમાંથી મિથ્યાત્વ ગુણસ્થાનમાં, સમ્યક્ત્વ વિના અસંયમ સહિત ૧૭, સાસાદન ૧૬ હોય છે. **મિશ્ર**માં પણ ૧૬, અસંયતમાં ૧, સમ્યક્ત્વ તેમજ સુજ્ઞાન સહિત ૧૭, દેશસંયતમાં દેશસંયત સહિત, ત્રણ શુભ લેશ્યામાંથી-૧, કુલ ભાવ ૧૭ હોય છે.

**મનુષ્યગતિમાં**—પારિણામિક-૨, મનુષ્યગતિ-૧, ત્રણવેદમાંથી-૧, (વા અપગત વેદ), ૪ કષાયમાંથી ૧ (વા અકષાય), છ લેશ્યામાંથી ૧, મિથ્યાત્વ, અજ્ઞાન, અસંયમ, અસિદ્ધત્વ, તથા સંયમમાંથી ૧, આઠ જ્ઞાનમાંથી-૧, દર્શન-૧, લબ્ધિ-૫, ત્રણ સમ્યક્ત્વમાંથી-૧, આ પ્રકારે ૧૯ ભાવ હોય છે.

**મિથ્યાત્વ ગુણસ્થાનમાં**—સમ્યક્ત્વ વિના ૧૭, **સાસાદન**માં—મિથ્યાત્વ વિના ૧૬, મિશ્રમાં-૧૬, અસંયતમાં-૧, સમ્યક્ત્વ સહિત ૧૭, **દેશસંયત**માં—અસંયત રહિત અને દેશસંયમ સહિત અને ત્રણ શુભ લેશ્યામાંથી ૧ કુલ ૧૭, **પ્રમત્ત-અપ્રમત્ત**માં—ચાર જ્ઞાનમાંથી-૧, ત્રણ દર્શનમાંથી-૧, ક્ષાયોપશમિક ચારિત્ર સહિત-૧૭, **અપૂર્વકરણ—અનિવૃત્તિકરણ, ઉપશમશ્રેણિમાં**—ઔપશમિક સમ્યક્ત્વ કે ક્ષાયિક સમ્યક્ત્વમાંથી ૧, ઔપશમિક ચારિત્ર, શુક્લલેશ્યા સહિત ૧૭, **અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ ક્ષપકશ્રેણી**માં—ક્ષાયિક સમ્યક્ત્વ, ક્ષાયિક ચારિત્ર સહિત ૧૭ ભાવ હોય છે. અને **સૂક્ષ્મ સાંપરાય ઉપશમશ્રેણીમાં**—વેદ રહિત ૧૬ ભાવ હોય છે. **ઉપશાંત કષાય**માં કષાય વિના ૧૫ ભાવ હોય છે અને સૂક્ષ્મ સાંપરાય ક્ષપકશ્રેણીમાં વેદ વિના ૧૬ ભાવ હોય છે, **ક્ષીણ કષાય**માં કષાય વિના ૧૫ ભાવ હોય છે, **સયોગકેવળીમાં**—મનુષ્યગતિ, શુક્લલેશ્યા, અસિદ્ધત્વ, કેવળજ્ઞાન, કેવળદર્શન, ક્ષાયિક સમ્યક્ત્વ, ક્ષાયિક ચારિત્ર અને પાંચ ક્ષાયિક લબ્ધિ, પારિણામિકના ૨ આમ ૧૪ ભાવ હોય

છે. **અયોગકેવળીમાં**—લેશ્યા વિના ૧૩ ભાવ હોય છે. આ ભાવ એક કાળમાં એક સાથે એક જીવમાં હોય છે.

**દેવગતિમાં**—પારિણામિકના ૨, દેવગતિ સહિત-૧ અને પુરુષ-સ્ત્રી વેદમાંથી ૧ વેદ, સહિત, ૪ કષાયમાંથી ૧, છ લેશ્યામાંથી ૧, મિથ્યાત્વ, અજ્ઞાન, અસંયમ, અસિદ્ધત્વ, આઠ જ્ઞાનમાંથી ૧, ૩ દર્શનમાંથી ૧, લબ્ધિ-૫, ત્રણ સમ્યક્ત્વમાંથી ૧, આવા ૧૮ ભાવ હોય છે. મિથ્યાત્વ ગુણસ્થાનમાં સમ્યક્ત્વ વિના ૧૭, સાસાદનમાં મિથ્યાત્વ વિના ૧૬, મિશ્રમાં ૧૬, અસંયતમાં સુજ્ઞાનમાંથી ૧ અને ત્રણ સમ્યક્ત્વમાંથી ૧—આમ ૧૭ ભાવ હોય છે.

આ પ્રમાણે એક કાળમાં, એકીસાથે, એક જીવને ચારે ગતિઓમાં થવાવાળા ભાવોનું નિરૂપણ કર્યું.

આ પ્રમાણે સર્વ ભાવોના અંતર્યામી, સર્વદર્શી સર્વજ્ઞ એવા જિનેન્દ્ર, તેમણે જીવોનો સંસારથી ઉદ્ધાર કરાવવા માટે જીવોના ભાવોની સંખ્યા, ભાવોનું સ્વરૂપ, ભાવોની પ્રવૃત્તિ, ભાવોનું કાર્ય, ભાવોનું ફળ હેય-ઉપાદેય સહિત દેખાડ્યું. એવા ભગવાનનું વચન સાંભળીને જે વિવેકી પુરુષ બુદ્ધિમાન જીવ છે તેણે જે ભાવ હેય છે, તેનો તો ત્યાગ કરવો અને જે ભાવ ઉપાદેય છે, તેનું ગ્રહણ કરવું.

અહીં શિષ્ય પ્રશ્ન કરે છે—હે સ્વામી! આમાંથી હેય ભાવ ક્યા ક્યા છે અને ઉપાદેય ભાવ ક્યા છે? અને તેમનો ત્યાગ-ગ્રહણ અમારા જેવા અશક્ત જીવોને ક્યા માર્ગે થઈ શકે છે? તેનો સંક્ષેપમાં ઉપદેશ કૃપા કરીને કરો.

આવો પ્રશ્ન થવા પર શ્રીગુરુ ઉત્તર આપે છે—એક જીવનાં જ ત્રેપન ભાવ છે, તેમાંથી પારિણામિક ભાવને ગ્રહણ કરવો, કારણ કે આ જીવના કર્મોની સાપેક્ષતા રહિત સ્વભાવ ભાવ છે. કર્મથી ઉત્પન્ન થયેલ જે વિભાવભાવ, તેરૂપ થઈને જીવ અનાદિકાળથી પ્રવર્તી રહ્યો છે, આ કારણે આ પારિણામિક ભાવોની ગૌણતા થઈ ગઈ છે. તેરૂપ (સ્વભાવભાવરૂપ) પ્રવૃત્તિ અનાદિથી છૂટી ગઈ છે, તે રૂપે (સ્વભાવભાવરૂપે) પરિણમન ક્યારેય થયું નથી, આ કારણથી જ સંસાર સાગરમાં ડૂબેલો રહીને, જેનો અંત નથી દેખાતો એવા અનેક પ્રકારનાં દુઃખ સહન કરી રહ્યો છે અને તેમાં રહીને અનેક પ્રકારના કર્મ બાંધીને, તેનું અનેક પ્રકારનું ફળ ભોગવીને પારિણામિક ભાવની દૃષ્ટિ અતિ ક્ષીણ થઈ ગઈ છે, તોપણ નાશ નથી થયો. એવો જે તું સ્વયમેવ જ કર્મની ઉથલ-પાથલ થવાથી મનુષ્યભવને પ્રાપ્ત થયો છે, ઉપદેશગ્રહણ કરવાયોગ્ય થયો છે. એથી ચેતના ત્રણ પ્રકારની છે—કર્મફળ ચેતના, કર્મચેતના, જ્ઞાનચેતના.

પોતાના શુભાશુભ પરિણામો દ્વારા પૂર્વના બાંધેલા જે પુણ્ય-પાપ કર્મોની સત્તા હતી તે

પોતાની સ્થિતિ ક્ષીણ થતાં આ મનુષ્યભવને પ્રાપ્ત થયેલ શુભાશુભકર્મ, તેના કારણે સુખ-દુઃખના કારણભૂત પદાર્થોનો સંબંધ થયો, તેનાથી ઉત્પન્ન થયા સુખ-દુઃખ કર્મઉદયનું ફળ, તેને પુરુષાર્થ રહિત ભોગવતાં જીવનું જ્ઞાન, તેને કર્મફળ ચેતના કહે છે.

તે કર્મફળ ચેતનાના ધારક એકેન્દ્રિય છે, તેમને સુખ-દુઃખના કારણભૂત પદાર્થોને જાણવારૂપ જ્ઞાન નથી અને નથી સુખના કારણભૂત પદાર્થોને મેળવવાની ઈચ્છા નથી તેનામાં શક્તિ તથા જેને દુઃખના કારણભૂત પદાર્થોને દૂર કરવાની અને ત્યાથી ભાગી જવાની ઈચ્છા નથી, શક્તિ નથી—એવા એકેન્દ્રિય જીવ કર્મના ઉદયથી ઉત્પન્ન થયેલ સુખ-દુઃખના ફળ તેને શક્તિહિન પણે ભોગવે છે. માટે તેમને કર્મફળ ચેતના કહેવામાં આવી છે.

તથા પુણ્ય-પાપ કર્મોદયના સબંધને પ્રાપ્ત થયેલ વા ઉત્પન્ન થયેલ સુખ-દુઃખના કારણભૂત શુભાશુભ પદાર્થ, તેમને મેળવવા કે છોડવાની કે ભાગી જવાની ઈચ્છા અને શક્તિ સહિત જ્ઞાન, તેને કર્મચેતના કહે છે. તે કર્મચેતનાના ધારક દ્વિઇન્દ્રિય થી લઈને સંજ્ઞી પંચેન્દ્રિય સુધીના ત્રસ જીવ છે. માટે તેઓ સુખના કારણભૂત પદાર્થોને મેળવવાની અને સુખી થવાની ઈચ્છા કરે છે અને શક્તિ પણ છે, તેનાથી સુખના કારણભૂત પદાર્થોને મેળવે છે અને દુઃખના કારણભૂત પદાર્થોને છોડવાની વા તેમનાથી દૂર ભાગી જવાની કે દુઃખથી છૂટવાની ઈચ્છા કરે છે અને શક્તિથી/પ્રયત્નપૂર્વક જોડે છે અને છોડે છે અને ભાગી જાય છે. માટે તેમને કર્મચેતના કહેવામાં આવી છે.

તથા જેમને શક્તિ રહિત થયાં છે અને નાશને પ્રાપ્ત થયાં છે સુખ-દુઃખના કારણભૂત પુણ્ય-પાપ અઘાતિયા કર્મ અને મોહાદિ ઘાતિયા કર્મક્ષયને પ્રાપ્ત થયા છે, તેનાથી સર્વજ્ઞ અને સર્વદર્શી, રાગ-દ્વેષ રહિત અનંત શક્તિવાન છે, જ્ઞાતા—દ્રષ્ટાપણાને પ્રાપ્ત થયું છે જેમનું જ્ઞાન, તેને જ્ઞાનચેતના કહે છે.

માટે જ્ઞાનચેતનાના ધારક સંસારમાં રહેલા એવા સયોગ-અયોગ કેવળી ભગવાન છે. આ પ્રમાણે ચેતનાનું સ્વરૂપ ત્રણ પ્રકારનું છે.

જે કર્મફળ ચેતનાના ધારક સંસારમાં રહેવાવાળા એવા એકેન્દ્રિયા જીવ એઓ તો સર્વપ્રકારથી અસમર્થ છે, માટે ઉપદેશને યોગ્ય જ નથી અને કર્મચેતનાના ધારક એવા બેઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય, ચારઇન્દ્રિય, અસંજ્ઞી—પંચેન્દ્રિયને મન વિ.થી રહિત હોવાથી સુખી થવાની, દુઃખી ન થવાની ઈચ્છા વર્તે છે તથા કિંચિત્ ભાગી જવાની શક્તિ પણ છે. વધુ શક્તિનો અભાવ છે. માટે તુચ્છ બુદ્ધિ—શક્તિયુક્ત હોવાથી પણ ઉપદેશને ગ્રહણ કરવાને અયોગ્ય છે. તથા શક્તિયુક્ત કર્મચેતનાના ધારકોમાં સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચોમાં અધિકાંશ જીવ તો હીનશક્તિના ધારક, હીન જ્ઞાનના ધારક, અત્યંત ક્રુર સ્વભાવી હોવાથી, તેઓ પણ ઉપદેશને ગ્રહણ કરવા યોગ્ય નથી.

તથા બહુ ઓછા જીવ ઉપદેશને યોગ્ય છે. તેમનામાં સામાન્ય ઉપદેશ ગ્રહણ કરવાની શક્તિ છે. વિશેષ ઉપદેશ ગ્રહણ કરવાને યોગ્ય નથી અને નારકી છે તેઓ તે સદાયે દુઃખી છે, ઉપદેશનું ક્ષેત્ર નથી અને ઉપદેશનો અવસર નથી અને કોઈ નારકીઓને દેવોના કિંચિત્ ઉપદેશનો યોગ બને છે. તથા જે દેવ છે તેમાં અધિક તો સદા વિષયાસક્ત છે તેમને તો ઉપદેશ ગ્રહણ કરવાની ઇચ્છા જ નથી અને કોઈ મોટા દેવ છે તેઓ ઉપદેશ ગ્રહણ કરવાને યોગ્ય છે.

તથા મનુષ્યોમાં ઘણા જીવો તો ઉપદેશને યોગ્ય જ નથી અને ઘણા જીવોને જિનપ્રણીત ઉપદેશ સાંભળવા માટે સમાગમ જ નથી મળતો. જ્યારે તને તો સર્વ યોગ મળ્યા છે અને તારી સમાન અન્ય મનુષ્યોને સર્વ અવસર પ્રાપ્ત થયો છે. તેમને એવો ઉપદેશ છે કે—જે સ્વજીવતત્ત્વ પારિણામિક સ્વભાવભાવ, જ્ઞાતા-દૃષ્ટાપણા સહિતનો એક જાણનમાત્ર જ્ઞાનભાવ છે, તેને પુષ્ટ કરવો, તેને પુષ્ટ કરવામાં કારણભૂત જે શક્તિ તેનામાં હોય છે એવા સમ્યક્ત્વભાવ અને ચારિત્રભાવ તેને પ્રગટ કરવા તથા તેને નાશ કરવામાં કારણભૂત જે એકવીસ ઔદયિકભાવ અને કુમતિ, કુશ્રુત, કુઅવધિ ત્રણ ક્ષાયોપશમિક ભાવ—આ ચોવીસ ભાવોને હેય જાણીને છોડવા, મન, વચન, કાયા, કૃત, કારિત, અનુમોદનાથી તેમના કારણોને તેના કાર્ય સહિત ત્યાગ કરવો.

તથા તેમને પુષ્ટ કરવામાં કારણભૂત ત્રણ કુજ્ઞાન વિના પંદર જે ક્ષાયોપશમિક ભાવ અને બે ઔપશમિક ભાવ અને ક્ષાયિક સમ્યક્ત્વ અને ક્ષાયિક ચારિત્ર— આ બે ક્ષાયિક ભાવ— આ ઓગણીસ ભાવોને ગ્રહણ કરવા.

હવે તેઓનાં ત્યાગ-ગ્રહણ કઈ રીતે કરવા? તેને જ કહે છે—જેના દ્વારા આ સંસારી જીવ બહિરાત્મા થઈ રહ્યાં છે, એવા જે પાંચ વિશેષો સહિતનો એવો મિથ્યાત્વ ભાવ અને અનંતાનુબંધી વિશેષો સહિત એવો ક્રોધ, માન, માયા, લોભ—આ ચાર કષાયભાવ, જેમને પૂર્વમાં કહેવામાં આવ્યા છે, તેમના કારણ-કાર્ય સહિત તેમનો સર્વથા ત્યાગ કરવો. જ્યાં સુધી આ ભાવોરૂપ આત્મા પરિણમે છે, ત્યાં સુધી જીવ બહિરાત્મા છે. આ મિથ્યાત્વને ત્યાગવાનો ઉપાય તો તત્ત્વજ્ઞાન છે અને તત્ત્વજ્ઞાનનું કારણ શાસ્ત્રાભ્યાસ છે. માટે ધર્માર્થી થઈને પાંચ અંગો સહિત શાસ્ત્રાભ્યાસ કરવો. પ્રથમ તો આ પાંચે અંગો સહિત જ અભ્યાસ કરવો—એ આ પ્રકારે છે—શ્રવણ, ધારણા, વિચારવું, આમ્નાય, અનુપ્રેક્ષા.

શ્રવણ અર્થાત્ સાંભળવાની ઇચ્છા સહિત રુચિપૂર્વક શાસ્ત્ર સાંભળવું. ધારણા અર્થાત્ ભૂલવું નહીં. વિચારવું અર્થાત્ સાંભળેલાં અર્થને સારી રીતે વિચારવા. આમ્નાય અર્થાત્ શુદ્ધ દોહરાવવું/યાદ કરવું અથવા પૂર્વાચાર્યોની આમ્નાય મેળવવી, અનુપ્રેક્ષા અર્થાત્ વારંવાર ચિંતવન કરવું.

આ પાંચે અંગો દ્વારા જ્ઞાનને પુષ્ટ કરવું અને આ પાંચે અંગોને પ્રગટ કરવા—વાંચવું, પૂછવું, આમ્નાય, અનુપ્રેક્ષા, અને ધર્મોપદેશ. વાંચવું અર્થાત્ ધર્માર્થી થઈને વિનય સહિત શાસ્ત્ર વાંચવું અને વાંચીને વિશિષ્ટ જ્ઞાનીને પૂછવું અને પરંપરાથી જિનમતની આમ્નાય મેળવી શુદ્ધ યાદ કરવું અને તેના અર્થનું વારંવાર ચિંતવન કરવું તથા શાસ્ત્રના સંબંધમાં રાગ-દ્વેષ રહિત થઈને વિશિષ્ટ જ્ઞાનીના મુખથી ધર્મોપદેશ સાંભળવો તથા આમ્નાયની સંશય, વિપર્યય, અનધ્યવસાય રહિત શાસ્ત્રોના અર્થની જ્યારે સિદ્ધિ થઈ જાય, ત્યારે ધર્મોપદેશ આપવો. **આ અંગો સહિત સંશય, વિપર્યય, અનધ્યવસાય રહિત તત્ત્વજ્ઞાનની સિદ્ધિ થઈ જાય, તે સમયે દર્શનમોહનો ઉપશમ થાય છે, ત્યારે મિથ્યાત્વભાવનો અભાવ થઈ જાય છે અને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે.**

પૂર્વોક્ત અન્યાયનો ત્યાગ કરવો અને ન્યાયરૂપ જિનધર્મમાં પ્રવર્તવું, તેનાથી અનંતાનુબંધી ચતુષ્કનો અભાવ થાય છે; ત્યારે સમ્યગ્દર્શન સહિત થાય છે આ પ્રમાણે, મિથ્યાત્વ અને અનંતાનુબંધી ચતુષ્કનો તથા કુમતિજ્ઞાનાદિ પ્રકૃતિ સહિત તેમનો ત્યાગ થાય છે; ત્યારે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. તે સમયથી **જીવ અંતરાત્મા** બની જાય છે.

ત્યારે અંતરાત્મા થયેલ જીવ શેષ રહેલાં જે ઔદયિકભાવ, તેમને આ પ્રકારે છોડે છે– પ્રથમ તો સાંસારિક કષાય કાર્યોમાં અને વિષયોના કાર્યોમાં વિપરીત પરિણમન કરી રહેલા તન, મન, ધન, વચન, જ્ઞાન, વિષય કષાય–આ સાત ભાવોને દેવ, ગુરુ, ધર્માદિની ભક્તિ વિ. ધર્મકાર્યોમાં લગાવીને પલટવા (અર્થાત્ સાંસારિક કાર્યોને ધાર્મિક કાર્યોમાં પલટવા) તથા સ્વચ્છંદવૃત્તિ છોડીને મર્યાદિત દ્રવ્ય, ક્ષેત્ર,કાળ, ભાવની યોગ્યતા જોઈને કષાય કાર્યોમાં વા વિષયકાર્યોમાં ન પ્રવર્તવું, આનાથી સર્વદોષોને સિમિત કરવા અને શીલ, સંયમની પ્રતિજ્ઞા વા અગિયાર પ્રતિમારૂપ દેશસંયમાદિને ગ્રહણ કરવા, તેના દ્વારા વિષય-કષાયના કાર્યોને ઘટાડવા અને મુનિપદ ધારણ કરી શ્રેણીમાં આરૂઢ થઈને તેમનો નાશ કરવો. આવા ચાર પ્રકારે અનુક્રમથી તેમનો નાશ કરવો.

આ પ્રકારે ચોવીસ ભાવોનો તો ત્યાગ કરવો અને ઓગણીસ ભાવોને ગ્રહણ કરવા. પ્રથમથી જ મતિજ્ઞાન-શ્રુતજ્ઞાનને પુષ્ટ કરવા. તેમની પુષ્ટતાના કારણ અને ક્ષાયોપશમિક ચારિત્ર ભાવરૂપ મુનિપદના કારણભૂત સમ્યક્ત્વ સહિત દેશસંયમને ગ્રહણ કરવો તથા મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનની અત્યંત પુષ્ટતાનું કારણ અને ચક્ષુ, અચક્ષુ, અવધિદર્શનની ઉત્પત્તિ અને પુષ્ટતાનું કારણ, અવધિ, મનઃપર્યયજ્ઞાનની ઉત્પત્તિનું કારણ એવું ક્ષાયોપશમિક ચારિત્ર ભાવરૂપ મુનિપદ, તેને ગ્રહણ કરવું અને ક્ષાયિક સમ્યક્ત્વ અને ક્ષાયિક ચારિત્રના કારણભૂત ઔપશમિક સમ્યક્ત્વ અને ઔપશમિક ચારિત્રને ગ્રહણ કરવાં. (આ કથન ઉપશમશ્રેણીથી પડવાવાળાને ભૂતનૈગમનયથી કરવામાં આવ્યું છે. પરંતુ જે પ્રથમવારમાં જ ક્ષપકશ્રેણી ચડી

ગયા, તેમને ક્ષાયિક ચારિત્રને માટે ઔપશમિક ચારિત્રની કોઈ જરૂરત નથી.) અને કેવળદર્શન, કેવળજ્ઞાન, પાંચ ક્ષાયિક લબ્ધિ—આ સાત કાર્યરૂપ ભાવોના કારણ ક્ષાયિક—સમ્યક્ત્વ અને ચારિત્ર ગ્રહણ કરવા. આ ભાવો સુધી જીવ અંતરાત્મા છે.

તથા ક્ષાયિક ચારિત્ર ભાવના બળથી ચાર ઘાતિયા કર્મોનો નાશ કરીને કેવળજ્ઞાન, કેવળદર્શન, ૫—લબ્ધિ—આ સાત ભાવોને પ્રગટ કરે છે, ત્યારે આ **જીવ પરમાત્મા** થાય છે.

જ્યાં સુધી આ જીવને મિથ્યાત્વ અને અનંતાનુબંધી ચતુષ્કનો ઉદય હોય છે, ત્યાં સુધી જીવ પર્યાયદૃષ્ટિવાળો છે. કર્મના ઉદયજન્ય જેવી પર્યાય સ્વયં પામે છે વા જેવી અન્ય જીવ—પુદ્‌ગલની પર્યાયનો સંબંધ મેળવે છે, અથવા જેવો યથાર્થ—અયથાર્થ દેવ-ગુરુ-ધર્મ, આપ્ત-આગમ પદાર્થોનો સંબંધ મેળવે છે, તે રૂપે થઈને પ્રવર્તે છે. માટે તેની બહિર્દૃષ્ટિ છે. અંતર્‌દૃષ્ટિ નથી; તેને મિથ્યાજ્ઞાન છે, સમ્યક્‌જ્ઞાન નથી. મિથ્યાદર્શન છે, સમ્યક્-શ્રદ્ધાન નથી, મિથ્યા પ્રવૃતિ છે, સમ્યક્ પ્રવૃત્તિ નથી; ત્યાં સુધી **બહિરાત્મા** કહેવાય છે.

તથા જે સમયથી તેને તત્ત્વજ્ઞાન થયું, સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ, તે સમયથી બાહ્ય પર્યાયદૃષ્ટિ છૂટી ગઈ અને અંતરદ્રવ્યદૃષ્ટિ થઈ ગઈ, યથાર્થ શ્રદ્ધાન, જ્ઞાન તથા પ્રવૃત્તિ થઈ ગઈ. યથાર્થ-અયથાર્થ દેવ-ગુરુ, ધર્મ, આપ્ત, આગમ, પદાર્થોનું સાચું જ્ઞાન થયું, તે સમયથી ચતુર્થગુણસ્થાનથી લઈને ક્ષીણકષાય બારમા ગુણસ્થાન પર્યંત **અંતરાત્મા** કહેવાય તથા મળરૂપ ચાર ઘાતિયા કર્મોનો નાશ થતાં જ પોતાના અનંત ચતુષ્ટયરૂપ સ્વ-સ્વભાવ પ્રગટ થયો, ત્યારથી લઈને સિદ્ધ ભગવાન સુધી **પરમાત્મા** કહેવાય છે.

શિષ્યને માટે ગુરુનો ઉપદેશ, પરમ કલ્યાણનું કારણ થયો. આ પ્રમાણે જીવના સ્વભાવભાવ, વિભાવભાવ, શુદ્ધભાવ—આ ત્રણ ભાવોના અને પરભાવ—વર્ણાદિ પુદ્‌ગલના ભાવોમાં પ્રકાશક એવું આ સાર્થક નામના ધારક **''ભાવદીપિકા''** નામના ગ્રંથની રચના થઈ, આ કપોળ કલ્પિત નથી.

સર્વભાવોના અન્તરયામી એવા **શ્રી દેવાધિદેવ વર્ધમાનસ્વામી**, તેમના મુખરૂપ ચંદ્રમાથી ઉત્પન્ન થયેલ દિવ્યધ્વનિરૂપ ચાંદની તેનાથી પ્રકાશિત થયા જીવના પરમકલ્યાણના કારણભૂત રત્ન, તેને સર્વસંઘના નાયક એવા શ્રી ગૌતમગણધરદેવને દ્વાદશાંગની રચનામાં મુખ્યરૂપથી કહ્યાં છે.

એટલા માટે સંપૂર્ણ મોક્ષમાર્ગમાં ભાવ જ પ્રધાનરૂપ છે. તેનાથી જ સ્વ-પરના ભાવથી જ વિભાવ (વિશેષભાવ) થાય છે, ભાવ વિના સ્વ-પરનું જાણવું નથી થતું, સ્વ-પરને જાણ્યા વિના સ્વભાવ, વિભાવ, પરભાવનું જ્ઞાન નથી થતું અને સ્વભાવ-પરભાવને જાણ્યા વિના પરભાવોનો ત્યાગ કરીને પોતાના સ્વભાવમાં સ્થિર થઈને કેવી રીતે રહેશે? તથા સ્વભાવમાં

સ્થિર થયા વિના રાગાદિ વિભાવભાવનું અને જ્ઞાનાવરણાદિ પરભાવોનું રોકવું કેવી રીતે થશે? સત્તામાં પડેલ કર્મોની નિર્જરા કેવી રીતે થશે? અને કર્મોની નિર્જરા થયા વિના મોક્ષ ક્યાંથી થશે? માટે ભાવોને જાણવા તે જ ઉત્કૃષ્ટ કારણપણું છે.

તેનાથી જ મોક્ષના કારણ જીવાદિ સાત તત્ત્વોમાં જીવ, અજીવ, આ બે જ દ્રવ્યરૂપ મૂળતત્ત્વ કહ્યાં અને આસ્રવાદિ પાંચ ભાવ તત્ત્વ કહ્યાં છે તથા મોક્ષમાર્ગના કારણભૂત બાહ્ય દેવ, ગુરુ, ધર્મ, આપ્ત, આગમ, પદાર્થ તેમના યથાર્થ સ્વરૂપને જાણવાં તેમનામાં યથાર્થ શ્રદ્ધાન કે તેમનામાં યથાર્થ પ્રવૃત્તિ, ભાવોને (યથાર્થ) જાણવાથી જ થાય છે.

તથા પૂજા, દાન, શીલ, તપ, સંયમ, જપ, ધર્મના બધા અંગો ભાવોના જ્ઞાન વિના વૃથા છે. ધર્મના અંગ સ્વભાવભાવ સહિત હોવાથી સ્વર્ગ-મોક્ષના કારણ થાય છે, માટે સફળ છે. પરભાવ સહિત હોવાથી નિષ્ફળ છે. વિભાવભાવ સહિત હોવાથી નરક-નિગોદરૂપ ખરાબફળને આપે છે.

માટે તે ભાવોને જાણવા મુખ્ય છે—એમ જાણીને ગણધરસ્વામીએ દ્વાદશાંગમાં તેમની મુખ્યરૂપથી રચના કરી છે, તે અનુસાર સમ્યગ્જ્ઞાની મોટા-મોટા આચાર્ય-મુનિ વિ. ગ્રંથોમાં રચના કરતા આવ્યા છે. તેમના અનુસાર શ્રી નેમિચંદ્રાદિ દ્વારા રચિત ચાર અનુયોગરૂપ જેમની હમણાં પ્રવૃત્તિ જોવામાં આવે છે—એવા ગોમ્મટસારાદિ શાસ્ત્ર, તેઓના અનુસાર રચના કરી છે. આમ જો મારી બુદ્ધિની મંદતાને વશ અન્યથા પણ રચના થઈ ગઈ તો મેં કષાયોને વશ થઈને અન્યથા રચના નથી કરી. મારી અજ્ઞાનતાનો દોષ જાણીને જે સમ્યગ્જ્ઞાની પંડિતજન છે તેઓ મારી ઉપર અનુગ્રહ કરીને શુદ્ધ કરી લેજો. અજ્ઞાની સમજીને (મારા પર) રોષ ન કરશો. જે મહાન, મોટા પુરુષ છે તેઓ બાળકોની અનેક પ્રકારની કુચેષ્ટા થવા છતાં પણ રોષ નથી કરતાં.

''આ **ભાવદીપિકા**'' ગ્રંથની ભાષા વચનિકા રચના કરી છે. જેથી અમારી જેવા અલ્પબુદ્ધિઓને વાંચવા માટે વા આનાથી સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરવા માટે વા સુગમતાથી યાદ રહી જવા માટે, વિસ્મરણ થવાથી પણ શીઘ્ર યાદ કરવા માટે કરી છે. કોઈ ક્રોધ, માન, માયા, લોભ, યશ, બડાઈ વિ. કષાયોને પોષવા માટે નથી કરી.

તથા મુર્ખોને માટે પણ નથી કરી. સમ્યગ્જ્ઞાની પંડિતોને માટે કરી છે વા ભદ્ર પરિણામી પોતાના કલ્યાણના ઈચ્છુક અજ્ઞાનીઓને જ્ઞાન પ્રાપ્ત થાય તે માટે કરી છે.

**મૂરખ** કેવાં છે? તેઓ જૈનમતના રહસ્યને નથી જાણતાં, આમ્નાય અને કિંચિત્ શબ્દજ્ઞાન થવાથી પંડિતાઈના માનમાં બળી રહ્યાં છે, જેમનો ક્રૂર સ્વભાવ છે તેઓ બીજાના ગુણો જોઈ સકતા નથી અને દોષને જ ગ્રહણ કરે છે, પરનું કર્તવ્ય જેમને ગમતું નથી,

જોયા-જાણ્યા વિના, વિના વિચારે જ પર ગુણરૂપ કાર્યને દૂરથી જ છોડી દે છે અને તેમને દોષ લગાવે છે, એવા રૌદ્રકષાયી છે. સ્વ-પરના અકલ્યાણને માટે આ ભાવદીપિકાની રચના નથી કરી. અને વળી કેવાં છે મૂરખ મિથ્યાદષ્ટિ? કુબુદ્ધિ પંડિતો દ્વારા બતાવેલ અર્થ, તે અર્થોને અનેક પ્રકારથી પંડિતો દ્વારા સીખે છે, વિપરીતતા પર જેમની દષ્ટિ જ નથી હોતી, જે માત્ર તેમણે કહેલ અર્થ અનુસારને જ સત્ય માને છે, તેમના માટે ભાવદીપિકાની રચના નથી કરી.

વળી કેવાં છે મૂરખ? જે કુબુદ્ધિ મિથ્યાદષ્ટિઓના પક્ષમાં ફસાય ગયા છે, જેમને ગુણ-દોષનું જ્ઞાન નથી, તેમના માટે ભાવદીપિકાની રચના નથી કરી.

વળી કેવાં છે મૂરખ? પોતાના જ્ઞાનાદિ ગુણનો અંશ પણ પ્રગટ નથી તોપણ પોતાને ગુણવાન માને છે. પોતાને ગુણવાન બતાવવા માટે મૂર્ખોથી ચર્ચા કર્યા કરે છે, ઝગડે છે, જ્ઞાનીઓ સાથે લડે, ઝઘડે છે, તેમના માટે પણ ભાવદીપિકાની રચના નથી કરી.

વળી કેવાં છે મૂરખ? જેમને પરભવની આસ્થા નથી, આ ભવનાં કાર્યોમાં સંતુષ્ટ છે, સિદ્ધાંતના વચન સાંભળવા માટે તૈયાર નથી થતાં, તેમના માટે પણ ભાવદીપિકાની રચના નથી કરી.

વળી કેવાં છે મૂરખ? જ્ઞાનથી હીન છે. અનેક પ્રકારનો ઉપદેશ આપવા છતાં પણ રંચમાત્ર પણ સમજતાં નથી, તેમના માટે ભાવદીપિકાની રચના નથી કરી.

વળી કેવાં છે મૂરખ? જેમણે માન-મહંતતાને માટે વા પેટ ભરવાને માટો ખોટો વેષ ધારણ કરી અયથાર્થ જિનમતથી જોડી છે પોતાની આજીવિકાને, તે માટે સ્વયં મહંત બનીને મિથ્યા ઉપદેશ આપે છે, ભોળા જીવોના તન, મન, ધન, વચન, જ્ઞાન, શ્રદ્ધાન ખોટા ધર્મમાં લગાડે છે. તેનાથી તેમનું અકલ્યાણ કરે છે. આવા કુબુદ્ધિ મૂર્ખોને માટે આ ભાવદીપિકાની રચના નથી કરી. વિ. આઠ પ્રકારાદિ મૂર્ખોને સત્યધર્મનું ગ્રહણ સર્વથા નથી હોતું.

તો પછી કોનાં માટે રચના કરી છે?

જે સમ્યગ્જ્ઞાની છે, ગુણ-દોષને જાણવાવાળાં છે, જેમને કોઈથી રાગ-દ્વેષ નથી. જિનમતના રહસ્ય આમ્નાયને જાણવાવાળા પંડિત પુરુષોને માટે કરી છે. અથવા જે પોતાના કલ્યાણને માટે જિનમતમાં લાગેલાં છે, એવા ભદ્ર પરિણામી મંદ કષાયી છે, તેમના જ્ઞાન હેતુ આ ભાવદીપિકાની રચના કરી છે.

અહીં પ્રશ્ન કરે છે કે—તમે તો આ ભાવોની રચના કરી નથી, તેની રચના સમ્યગ્જ્ઞાની પંડિતો દ્વારા સંસ્કૃત-પ્રાકૃતરૂપ મહાન ગ્રંથોમાં તો પહેલાંથી કરવામાં આવેલી છે, હવે તેમને

ભાષા વચનિકામાં શા માટે કરી? અથવા મહાન ગ્રંથોની બીજા જીવો દ્વારા કરવામાં આવેલ દેશભાષા, તેને કરવાનું શું પ્રયોજન છે? સંસ્કૃત-પ્રાકૃતરૂપ ભાષા ત્રણ લોકમાં પ્રસિદ્ધ છે, તેને છોડીને આપે ભ્રમરૂપ દેશભાષામાં શાસ્ત્રરચના શા માટે કરી?

**તેનું સમાધાન** :—કાળદોષને કારણે સમ્યગ્જ્ઞાની, વીતરાગી પ્રવૃત્તિઓના ધારક યથાર્થ વક્તાઓનો તો અભાવ થઈ ગયો અને અવસર્પિણી કાળના નિમિત્તે જિનમતમાં કુલિંગના ધારક છે તથા તેમને ક્રોધ, માન, માયા, લોભાદિની પ્રચંડતા છે અને જેમને પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં આસક્તિભાવ છે, જિનમતમાં વક્તા બનીને સાક્ષાત્ ગૃહીત મિથ્યાત્વને પોષે છે, જિનસૂત્રોના અર્થ વિપરીત કરે છે. તેથી ભોળા પ્રાણી તેમની બતાવેલ પ્રવૃત્તિમાં પ્રવર્તે છે, તેમને ન તો સૂત્રોના સત્ય અર્થની ખબર છે અને ન તો તેમને સંસ્કૃતનું જ્ઞાન છે, આ કારણે મહાન ગ્રંથોનું જ્ઞાન તેમને અગોચર છે, તેથી મૂઢતાને પ્રાપ્ત થઈ, હીનશક્તિ થઈ ગયાં છે. જિનોક્તસૂત્રના સાચા અર્થ ગ્રહણ કરવાવાળાં કોઈ સત્ય વક્તા રહ્યાં નહીં, માટે સત્ય જિનમતનો તો અભાવ થયો, ત્યારે ધર્મથી પરાંમુખ થઈ ગયા. ત્યારે કોઈ-કોઈ ગૃહસ્થ સુબુદ્ધિ સંસ્કૃત-પ્રાકૃતના જાણકાર થયા. તેમણે તે સૂત્રોનું અવગાહન કર્યું, ત્યારે એમ જાણવામાં આવ્યું કે સૂત્રની અનુસાર એક પણ શ્રદ્ધાન, જ્ઞાન અને પ્રવૃત્તિ નથી કરતા અને ઘણા સમયથી મિથ્યા શ્રદ્ધાન, જ્ઞાન, આચરણની પ્રવૃત્તિ કરે છે; માટે (મિથ્યા શ્રદ્ધા) અતિ દઢ થઈ ગઈ છે. આ કારણે મુખથી કહેવા છતાં માનતા નથી. ત્યારે જીવોનું અકલ્યાણ થતું જાણીને, કરુણાબુદ્ધિથી દેશભાષામાં શાસ્ત્રરચના કરી, ત્યારે કોઈ સુબુદ્ધિઓને સાચું જ્ઞાન થયું, તથા આ અવસરમાં તો જ્ઞાનની વધુ શક્તિ-હીનતા થઈ ગઈ કે ભાષારૂપ શાસ્ત્રોથી પણ જ્ઞાન નથી કરી શકતા માટે તે મહાન શાસ્ત્રોમાંથી પ્રયોજનભૂત વસ્તુ કાઢી-કાઢીને નાના પ્રકરણ કરીને એકત્રિત કરીએ છીએ. માટે આવા કાળે સમ્યગ્જ્ઞાનનું કારણ ભાષાશાસ્ત્ર જ છે તથા આવા શાસ્ત્રોથી સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરીને શબ્દવિદ્યા, ન્યાયવિદ્યાનું જ્ઞાન કરીને તે સંસ્કૃત-પ્રાકૃતરૂપ મહાન શાસ્ત્રોનો અભ્યાસ કરવો યોગ્ય જ છે.

પરંતુ સમ્યગ્જ્ઞાનના ઇચ્છુક થવા સાથે શબ્દવિદ્યા, ન્યાયવિદ્યાનું વા સંસ્કૃત, પ્રાકૃતરૂપ શાસ્ત્રોનો અભ્યાસ કરવો. શબ્દવિદ્યા, ન્યાયવિદ્યા, કારણરૂપ છે; કાર્યરૂપ નથી. સમ્યગ્જ્ઞાન કાર્યરૂપ છે, તેને જે રીતે પણ પ્રાપ્ત કરવું, પરંતુ ભાષારૂપ ગ્રંથોથી સમ્યગ્જ્ઞાનની સિદ્ધિ કરીને પાછળથી સંસ્કૃત-પ્રાકૃતરૂપ શાસ્ત્રોનો અભ્યાસ કરવો સરળ હોય છે. તથા (આ) પર્યાયનો ભરોસો નથી, માટે સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરીને પછી અભ્યાસ કરવો. **સમ્યગ્જ્ઞાન વધુ કઠિન નથી. શાસ્ત્રોના થોડાક જ્ઞાનથી પણ સમ્યગ્જ્ઞાનની સિદ્ધિ થઈ જાય છે.** એટલા માટે **જેઓ સંસ્કૃત, પ્રાકૃતરૂપ શાસ્ત્રોમાં (અને ભાષારૂપ શાસ્ત્રોમાં) ભેદ માને છે, તેઓ દુર્બુદ્ધિ છે. સંસ્કૃત-પ્રાકૃત ભાષારૂપ સઘળાં શાસ્ત્ર સમ્યગ્જ્ઞાનના કારણ છે.**

હવે, અંતમાં સર્વમંગળરૂપ એવા સિદ્ધ ભગવાન, તેમને નમસ્કાર કરીને ગ્રંથને પૂર્ણ કરીએ છીએ.

**કેવા છે સિદ્ધ ભગવાન?**

૧. ચૌદ ગુણસ્થાનોથી પાર થઈ ગયા છે.

૨. માર્ગણાઓમાંથી ચાર ગતિના પરિભ્રમણનો અભાવ કરીને પંચમગતિને પ્રાપ્ત થયા છે.

૩. જેમને ઇન્દ્રિયોનું આધીનપણું છૂટી ગયું છે અને સ્વાધીન જ્ઞાનનો ઉદય થયો છે.

૪. જેમને છ કાયનો (છ કાયમાં ઉત્પન્ન થવાનો) સંબંધ છૂટી ગયો છે.

૫. સર્વયોગોથી રહિત અયોગી થઈ ગયાં છે.

૬. જેમને વેદકૃત વિકાર નથી, પોતાનાં જ સ્વભાવમાં સ્થિર થઈ ગયાં છે.

૭. મોહાદિ કષાયભાવ દૂર થઈ જવાથી, સંપૂર્ણ ભાવોની સિદ્ધિ થઈ ગઈ છે અને મતિજ્ઞાનાદિ જે ખંડજ્ઞાન છે, તેમનો અભાવ કરીને યુગપતદર્શી કેવળજ્ઞાન પ્રગટ થઈ ગયું છે.

૮. સંયમરૂપ માર્ગનો અંત કરીને મોક્ષરૂપી મંદિરમાં બિરાજે છે.

૯. અલ્પદર્શનનો અભાવ કરીને કેવલદર્શનને પ્રાપ્ત સર્વદર્શી થઈ ગયાં છે.

૧૦. સર્વ લેશ્યાભાવોનો અભાવ કરીને અલેશ્યાભાવના ધારક થઈ ગયાં છે.

૧૧. ભવ્ય-અભવ્યભાવનો નાશ કરી ભવ્ય-અભવ્ય રહિત ભાવને પ્રાપ્ત થયાં છે.

૧૨. જેમણે ક્ષાયિક સમ્યક્ત્વને ગ્રહણ કર્યું છે.

૧૩. સંજ્ઞી-અસંજ્ઞીપણાથી રહિત થઈ ગયાં છે.

૧૪. તથા જેમણે સદા અનાહારકદશાને પ્રાપ્ત કરી છે. આ રીતે સર્વકર્મ રહિત થઈને, અવિનાશી કૃતકૃત્યદશાને પ્રાપ્ત થયાં છે. પોતાના સ્વાભાવિક સુખમાં જ મગ્ન છે એવા સિદ્ધ ભગવાન, તેમને મન, વચન, કાયાથી નમસ્કાર કરું છું.

(આ પ્રમાણે શ્રી ભાવદીપિકાનો આઠમો ચૂલિકા અધિકાર પૂર્ણ થયો.)

(દોહા)

निज-पर भाव विभाव युत, शुद्धभाव बतलाय।
भावदीपिका किरण ने दीना मोह नशाय॥

(સવૈયા)

भ्रम को भगावै ज्ञानदीप तो जलाबै;
मोक्षमार्ग में चलाबै, जाको साँचो परकास है।
निज-पर को दिखाबै, मोक्षघर को दिलाबै;
निजरस को पिलाबै, अभी तेरे जावास है॥
पाप को भगाबै, जाजाल को हटाबै;
राग-द्वेष को नशाबै, जाके स्वर्ग सुख दास है।
विवेक को कराबै, निज श्रद्धा को दिढाबै;
सर्वसिद्धि रो कराबै, धरे ताके मोक्ष पास है॥

(છપ્પય)

भावदीपिका सुनत बढे आनंद का सागर।
जिसको भाषै लहै वही निज गुण रत्नाकर॥
मिथ्यातिमिर निवार, ज्ञान का सूर्य उगावै।
जग अरण्य से नीकल, फैरि शिवलक्ष्मी पावै॥
महिमा अपार कैसे कहूँ, स्वर्ग मोक्ष कौ बीज ये।
करी प्रतीति याको भजो, जलांजलि दीजिये॥

(દોહા)

भावदीपिका शरण ले, ज्ञानखड्ग गहि धीर।
कर्मशत्रु को क्षय करे, जे योधा वरवीर॥
अष्टाध्यायी ग्रंथ यह, प्रतिपद अर्थ रसाल।
बालबुद्धि अरु बहुमति, सबको करत निहाल॥
यशोगान हो जगत में, जिनशक्ति गुणधाम।
पूरण कियो प्रमोद करि, करके पंचप्रणाम॥
पढो-पढावो सुबुद्धि जन, करहु सु मन में ध्यान।
बालबुद्धि रचना करी, धरि वर-भक्ति सुजान॥

॥ આમ શ્રી ભાવદીપિકા ગ્રંથ ભાષા-વચનિકામય પૂર્ણ થયો ॥